विश्वकर्मा पूजनम्

नमामि विश्वकर्माणं सर्व सूत्रप्रवर्त्तकम् ।
प्रासादादि प्रसिद्धयर्थं सर्व सिद्धि समृद्धिम् ॥ ३ ॥

સર્વસૂત્રના પ્રવર્તક એવા વિશ્વકર્માને હું નમસ્કાર કરું છું. પ્રાસાદ આદિ પ્રસિદ્ધ અર્થ સર્વ સિદ્ધિથી સમૃદ્ધ છે. ૩.

"Aho Shrutgyanam"

सर्वलोक हितार्थाय प्रणीतं विश्वकर्मणा।
वास्तुशास्त्रमिदं पूर्वं सुरलोके प्रतिष्ठितम् ॥४॥

પૂર્વે દેવલોકમાં જે વાસ્તુશાસ્ત્ર પ્રતિષ્ઠિત હતું તે સર્વલોકના હિત અર્થે વિશ્વકર્માએ કહેલ છે. ૪.

सृष्टयाद्य सूत्रधारस्य प्रासादाद्विश्वकर्मणः।
जिनप्रासाद ब्रूते सूत्रधारेषु नंदलाल ॥५॥

સૃષ્ટિના આદિ સૂત્રધાર શ્રી વિશ્વકર્માની કૃપાથી સૂત્રધાર **શ્રી નંદલાલ** જિનપ્રાસાદ નામના ગ્રંથને કહે છે. ૫.

गृहेषुयो विधिः प्रोक्तो विनिवेशप्रवेशने।
स एव विदुषा कार्यो देवतायतनेष्वपि ॥६॥

ગૃહ બનાવવાની તથા તેમાં પ્રવેશ કરવાની વિધિ વાસ્તુ શાસ્ત્રમાં વિદ્વાનોએ બતાવી છે. તે જ વિધિ પ્રમાણે દેવાલયમાં પણ કાર્ય કરવું. ૬.

પૂ. આ. શ્રી પાદલિપ્તસૂરીશ્વરજી મ. સા. ને મતે–

પ્રતિષ્ઠાનું મહત્ત્વ

પ્રતિષ્ઠાકલ્પો અને વિધિવિધાન ઉપર દૃષ્ટિપાત–

પ્રતિષ્ઠાકલ્પ એ વિધિશાસ્ત્રનો એક મહત્ત્વપૂર્ણ વિભાગ છે. 'વ્રતવિધિ' 'તપવિધિ' કે 'મંત્રવિધિ' આદિ વિધિઓ પ્રાયઃ વ્યક્તિ વિશેષની સાથે સંબદ્ધ હોય છે, જ્યારે 'પ્રતિષ્ઠાવિધિ' નો સંબન્ધ ઘણે ભાગે સંઘ સાથે હોય છે, ભલે પ્રતિષ્ઠાકારક વ્યક્તિ વિશેષ હોય છતાં પ્રતિષ્ઠા વસ્તુ જ એવી છે કે એનો પ્રભાવ સંઘ ગામ, અને કદાચિત્ દેશ ઉપર પણ પડી શકે છે, આથી 'પ્રતિષ્ઠાશાસ્ત્ર' કેટલું મહત્ત્વપૂર્ણ છે, એ સમજાવવાની ભાગ્યે જ આવશ્યકતા હોઈ શકે.

પ્રતિષ્ઠાનો શબ્દાર્થ–

જે વસ્તુના નિરૂપણમાં આટલા બધા ગ્રન્થો રચાયા છે અને જેના વિધાનમાં હજારો અને લાખો રૂપિયા જૈન સંઘ ખર્ચે છે. તે પ્રતિષ્ઠાનો અર્થ આપણે સમજી લેવો જોઈએ. 'નિર્વાણકલિકા' નામક પ્રતિષ્ઠા પદ્ધતિના કર્તા આચાર્ય શ્રી પાદલિપ્તસૂરિજી નિર્વાણકલિકામાં પ્રતિષ્ઠા શબ્દનો અર્થ નીચે પ્રમાણે લખે છે.

तत्र स्थाप्यस्य जिनबिम्बादेर्भद्र पीठादौ विधिनान्यसने प्रतिष्ठा।

અર્થાત્ સ્થાપનીય જિનપ્રતિમા આદિનું યોગ્ય આસને વિધિપૂર્વક સ્થાપન કરવું તે પ્રતિષ્ઠા છે.

"Aho Shrutgyanam"

પ્રતિષ્ઠાના મુખ્ય તન્ત્રવાહકો–

પ્રતિષ્ઠા કલ્પકારોએ પોતપોતાના કલ્પમાં પ્રતિષ્ઠાના મુખ્ય તંત્રવાહકોનું વર્ણન કર્યું છે. તેમાં સર્વથી પ્રાચીન "નિર્વાણકલિકા" નામની પોતાની પ્રતિષ્ઠાવિધિ પદ્ધતિમાં શ્રી પાદલિપ્તાચાર્યજી મહારાજે ૧. શિલ્પી, ૨ ઇન્દ્ર અને ૩ આચાર્ય નામથી પ્રતિષ્ઠાના મુખ્ય અધિકારીઓ ત્રણ ગણાવ્યા છે. બીજા પ્રતિષ્ઠાકલ્પકારોએ માત્ર ૪ ઔષધિ વાટનારી સ્ત્રીઓનું નિરૂપણ કર્યું છે. પ્રતિષ્ઠાચાર્ય તો છે જ પણ શિલ્પી અંગે કંઈપણ જણાવ્યું નથી. નિર્વાણકલિકાનું શિલ્પી આદિનું વર્ણન નીચે પ્રમાણે છે.

૧ શિલ્પી–તત્રાદ્ય સર્વાવયવ રમણીય ક્ષાન્તિમાર્દવાર્જવસત્ય શૌચ સમ્પન્નઃ મદ્યમાંસાદિભોગરહિતઃ કૃતજ્ઞો વિનીતઃ શિલ્પી સિદ્ધાન્તવાનવિચક્ષણઃ ધૃતિમાન્ વિમલાત્મા શિલ્પીનાં પ્રધાનો જિતાદિડવર્ગઃ કૃતકર્મા નિરાકુલ ઇતિ ૧ ॥

અર્થ–તે ત્રણમાં શિલ્પી (સૂત્રધાર) સર્વાંગ સુંદર, ક્ષમાશીલ, નમ્ર, સરલ, સત્યભાષી, વિચાર સંપન્ન, મદિરા માંસાદિ અભક્ષ્ય ખાનપાનનો ત્યાગી, કદરદાન, વિનયી, શિલ્પની ક્રિયાઓમાં પ્રવીણ, શિલ્પશાસ્ત્રનો જ્ઞાતા, ચતુર, ધીરજવાન, નિર્મલાત્મા, શિલ્પી સમાજમાં અગ્રેસર મોહાદિ છ શત્રુઓને જીતનાર, સ્થાપત્યના કામોમાં સિદ્ધહસ્ત અને સ્થિર બુદ્ધિવાળો હોવો જોઈએ.

૨ ઇન્દ્રઃ ઇન્દ્રોપિ વિશિષ્ટજાતિ કુલાન્વિતો યુવા કાન્તશરીરઃકૃતજ્ઞો રૂપલાવણ્યાદિ ગુણાધાર સકલજનનયનાનન્દકારી સર્વલક્ષણોપેતો દેવતાગુરુભક્ત સમ્યગ્રત્નાલંકૃતઃ વ્યસના સંગપરાંમુખઃ શીલવાન્ પઞ્ચણુવ્રતાદિ ગુણયુક્ત ગંભીર સિતદુકૂલ પરિધાનઃ કૃતચન્દનાંગરાગો માલતીરચિતશેખરઃ તારહારવિભૂષિતવક્ષસ્થલ સ્થપતિ ગુણાન્વિતશ્ચેતિ ।૨।"

અર્થ:– ઇન્દ્રપણુ, ઉત્તમજાતિ અને કુલવાન, યુવાવસ્થાવાલો, મનોહર શરીરધારી, કદરદાન, રૂપલાવણ્યાદિ ગુણોનો આધાર, સર્વ લોકપ્રિય, સર્વ શુભલક્ષણ સંપન્ન, દેવગુરુભક્ત, ધર્મશ્રદ્ધાલુ, સર્વ પ્રકારના વ્યસનોથી મુક્ત, સદાચારી, પંચઅણુ વ્રતાદિ ગુણધારક, ગંભીર પ્રકૃતિનો, શ્વેત વસ્ત્રધારી, અંગે ચંદનાદિના વિલેપનવાળો, મસ્તકે માલતીના પુષ્પોની રચનાવાલો, સુવર્ણમય કંકણાદિવડે ભૂષિત, હૃદયસ્થલમાં સુંદરહારે કરી શોભિત અને સ્થાપત્ય કલાનો જાણનાર હોવો જોઈએ.

૩ આચાર્ય–સૂરિશ્વાર્યદેશ સમુત્પન્નઃ, ક્ષીણ પ્રાયકર્મમલો, બ્રહ્મચર્યાદિગુણગણાલંકૃતઃ, પઞ્ચવિધાચારયુતો રાજાદિનામ દ્રોહકારી શ્રુતાધ્યયનસંપન્નઃ, તત્વજ્ઞો, ભૂમિ–ગૃહવાસ્તુનાંજ્ઞાતા, દીક્ષાકર્મણિ પ્રવિણો, નિપુણઃ સૂત્રપાતાદિ વિજ્ઞાને, સ્રષ્ટા સર્વતો

"Aho Shrutgyanam"

भद्रादिमण्डलानाम्, असमः प्रभावे, आलस्यवर्जितः, प्रियवदो, दीनानाथवत्सलः, सरल स्वभावो सर्व गुणान्वितश्चेति ॥ ३ ॥

અર્થ :- પ્રતિષ્ઠાચાર્ય આર્યદેશમાં જન્મેલ, હળુકર્મી, બ્રહ્મચર્યાદિ ગુણવડે કરી શોભિત, પંચાચારપાલક, રાજાદિકનો અદ્રોહી, આગમાભ્યાસી, તત્ત્વજ્ઞાની, ભૂમિ તથા ગૃહવાસ્તુનાં લક્ષણો જાણનાર, દીક્ષાવિધિમાં હુશિયાર, સૂત્રપ્રતાદિના જ્ઞાનમાં પારંગત, સર્વતોભદ્ર આદિ મંડલોની રચના કરનાર, અતુલ પ્રભાવી, અપ્રમાદી–પ્રિયભાષી–દીન-દુઃખીની દયા કરનાર, સરલ સ્વભાવી અને સર્વગુણસંપન્ન હોવો જોઇએ.

શિલ્પી, ઈન્દ્ર અને આચાર્યનું વર્ણન નિર્વાણકલિકામાં સર્વ પ્રતિષ્ઠાકલ્પો કરતા વધારે આપ્યું છે, જે ઉપરથી સમજાય છે કે પાદલિપ્તસૂરિના મનમાં એ વસ્તુ ચોક્કસપણે બેઠેલી હતી કે પ્રતિષ્ઠામાં જો કોઈ પણ પ્રભાવ કરનાર હોય તો ઉક્ત શિલ્પી આદિની ત્રિપુટી જ છે. એ ત્રિપુટી જેટલે અંશે ગુણાદિક હશે તેટલે અંશે પ્રતિષ્ઠિત બિમ્બમાં અધિક પ્રભાવ–કલા ઉત્પન્ન થશે.

भूमिग्रहण विधिः-

परीक्षितापि चैत्यार्हा, भूमिग्राह्या विधानतः ।
येन तत्र कृतं वेश्म, निर्विघ्नं शान्तिदं भवेत् ॥

ચૈત્યને યોગ્ય પરીક્ષિત ભૂમિનો સ્વીકાર વિધિપૂર્વક કરવો જોઇએ કે જેથી તેમાં નિર્વિઘ્નપણે જિનઘર બની શકે અને તે શાન્તિદાયક થાય, પૂર્વોક્ત પ્રકારે વર્ણ, ગન્ધ, રસાદિકે કરી પરીક્ષા કરી પછી તે ભૂમિ વિધિપૂર્વક પોતાના અધિકારમાં લેવી, પ્રાસાદ ભૂમિ ઉપર અધિકાર સારા મુહૂર્તે અને શુભ લગ્નમાં કરવો, અને તેજ મુહૂર્તે તેમાં ખાતમુહૂર્ત કરીને ભૂમિ શુદ્ધિ કરવી જોઇએ, પ્રાસાદ કરાવનાર ગૃહસ્થ અથવા શિલ્પી પ્રથમ સ્નાન કરી, શુદ્ધ વસ્ત્ર ધારણ કરી. અક્ષત્ મિશ્રિતવાસ પુષ્પાદિ પૂજોપરકર લઇ, તે પરીક્ષિત ભૂમિમાં જઈ વાસ્તુ ભૂમિના મધ્યભાગે પંચરત્નાદિ યુક્ત કુંભ સ્થાપિત કરે પછી પૂર્વાદિ દિશા સામે ઉભા રહી.

१ ॐ इन्द्राय आगच्छ २ अर्घं प्रतीच्छ २ स्वाहा ।
२ ॐ अग्नये आगच्छ २ अर्घं प्रतीच्छ २ स्वाहा ।
३ ॐ यमाय आगच्छ २ अर्घं प्रतीच्छ २ स्वाहा ।
४ ॐ नैर्ऋताय आगच्छ २ अर्घं प्रतीच्छ २ स्वाहा ।
५ ॐ वरुणाय ,, ,, ,, ,,

"Aho Shrutgyanam"

૬	ॐ वायव्ये	आगच्छ	२	अर्घं प्रतीच्छा	२	स्वाहा	
૭	ॐ कुबेराय	,,	,,	,,	,,	,,	,,
૮	ॐ ईशानाय	,,	,,	,,	,,	,,	,,
૯	ॐ नागाय	,,	,,	,,	,,	,,	,,
૧૦	ॐ ब्रह्मणे	,,	,,	,,	,,	,,	,,

આ પ્રમાણે દરેક દિક્પાળને અર્ઘ નિવેદન કરી પછી પીળા સરસવ હાથમાં લઈને નીચેના મંત્ર બોલી ભૂમિનો સ્વીકાર કરવો.

अपक्रामन्तु भूतानि, देवदानवराक्षसाः ।
वासान्तरं वज्रन्त्वस्मात्, कुर्या भूमि परिग्रहम् ॥ १ ॥
यदत्र संस्थितं भूतं, स्थानमाश्रित्य सर्वदा ।
स्थानं त्यक्त्वातु तत्सर्वं यत्रस्थं तत्र गच्छतु ॥ २ ॥
अपक्रामन्तु भूतानि, पिशाचाः सर्वतोदिशम् ।
सर्वेषाम विरोधेन, चैत्यकर्म समारंभे ॥ ३ ॥

આ શ્લોક બોલીને પૂર્વાદિ ચારે દિશામાં સરસવ ફેંકી ભૂતાદિ સત્ત્વને દૂર કરવા પછી ત્યાં પંચ ગવ્ય અને સુવર્ણ જલ છાંટવું તે પછી ગૃહપતિએ પૂર્ણ કલશ ખાંધે લઇ ગીત વાજિંત્રોના નાદપૂર્વક પ્રથમ પૂર્વ દિશામાં તે ભૂમિ સીમા પર્યંત જવું ત્યાં ક્ષણભર રોકાઈ અગ્નેયકોણમાં ત્યાંથી દક્ષિણ દિશામાં થઈ નૈઋત્ય કોણમાં ત્યાંથી પશ્ચિમ સીમા પર થઈ વાયવ્ય કોણમાં અને ત્યાંથી ઉત્તર સીમામાં થઈ ઇશાનકોણ પર્યન્ત તે ભૂમિમાં ફરી ભૂમિની ચતુર્દિક સીમા નિયત કરવી. સૂત્રધાર ત્યાં શંકુ (ખીલીઓ) અને દોરી લઇને હાજર રહે. પ્રાસાદ વાસ્તુની સીમા નિશ્ચિત કરવા માટે અગ્નેયકોણથી સૃષ્ટિક્રમે ચાર કોણોમાં ૮ ખીલિઓ રોપી. બે બે ખીલીઓ વચ્ચે એક એક દોરી બેંચીને બાંધે આ પ્રમાણે ભૂમિની ચાર સીમા નિશ્ચિત કરી સોના, રૂપા, મોતી, દહી, અક્ષતાદિ માંગલિક પદાર્થો વડે તેની પ્રદક્ષિણા કરાવવી, અને સંક્રાન્ત્યાનુસારે જે કોણમાં ખાત સ્થાન આવતું હોય ત્યાં લગ્ન સમય આવતા વિધિપૂર્વક ખાતમુહૂર્ત કરવું.

खातविधि

વાસ્તુભૂમિના મધ્યભાગ ઉપર કુંભ સ્થાપન કરી તેની સામે પાટલો મૂકી તે ઉપર પ્રથમ વાસ્તુપુરુષનું આહ્વાનપૂર્વક સ્થાપન કરવું.

"Aho Shrutgyanam"

आह्वान

ॐ वास्तोष्पतये ब्रह्मणे नमः। ॐ वास्तोष्पते इहागच्छ २ स्वाहा ॐ वास्तोष्पते इह तिष्ठ २ स्वाहा। ॐ वास्तोष्पते पूजा प्रतीच्छ २ स्वाहा। ॐ वास्तोष्पतये नमः।

मुद्रापूर्वक आह्वानस्थापन करी नीचेना मंत्रोच्चारपूर्वक द्रव्यो चढाववा.

१ ॐ वास्तोष्पतये धूप समर्पयामि स्वाहा।
२ ॐ वास्तोष्पतये चन्दनादिकं समर्पयामि स्वाहा।
३ ॐ वास्तोष्पतये पुष्पाणि समर्पयामि स्वाहा।
४ ॐ वास्तुष्पतये वस्त्र समर्पयामि स्वाहा।
५ ॐ वास्तुष्पतये फलं समर्पयामि स्वाहा।
६ ॐ वास्तुष्पतये दीप समर्पयामि स्वाहा।
७ ॐ वास्तुष्पतये नैवेद्य समर्पयामि स्वाहा।
८ ॐ वास्तुष्पतये अक्षतादिकं समर्पयामि स्वाहा।

नमस्कार

वास्तुपुरुष! नमस्तेस्तु भूमिशय्यारत प्रभो।
मद्गृह धनधान्यादि-समृद्धं कुरु सर्वदा।

चैत्य कर्म समारम्भे, प्रवेश समयेऽपि च वास्तुपूजा यथाशक्ति, विधेय शान्तिमिच्छता॥

प्रासाद निर्माण वखते प्रवेश करवाना समयमां अने प्रतिष्ठा समये शान्ति इच्छता दरेके शक्ति अनुसार वास्तु पूजा करवी.

शिल्प शास्त्रना मत मुजब दरेक पदोमां देवोनुं स्थापन करी पूजन करवुं.

ईशानथी अग्निकोण पर्यंत पूर्वमां देवोनी पूजा–

ॐ इशानाय नमः। ॐ पर्जन्यायनमः २। ॐ जयाय नमः ३। ॐ माहेन्द्राय नमः ४। ॐ खये नमः ५। ॐ सत्याय नमः ६। ॐ भृशाय नमः ७। ॐ व्योम्ने नमः ८।

"Aho Shrutgyanam"

અગ્નિકોણથી નૈઋત્યકોણ સુધી દક્ષિણગત દેવોની પૂજા–

ॐ પાવકાય નમઃ ૯। ॐ પૂષ્ણે નમઃ ૧૦। ॐ વિતથાય નમઃ ૧૧। ॐ ગૃહક્ષતાય નમઃ ૧૨। ॐ યમાય નમઃ ૧૩। ॐ ગન્ધર્વાય નમઃ ૧૪। ॐ ભૃંગાય નમઃ ૧૫। ॐ મૃગાય નમઃ ૧૬।

નૈઋત્યકોણથી વાયવ્યકોણ સુધીના પશ્ચિમ દિશાગતદેવોની પૂજા–

ॐ પિતૃભ્યો નમઃ ૧૭। ॐ દૌવારિકાય નમઃ ૧૮। ॐ સુગ્રીવાય નમઃ ૧૯। ॐ પુષ્પદંતાય નમઃ ૨૦। ॐ વરુણાય નમઃ ૨૧। ॐ અસુરાય નમઃ ૨૨। ॐ શોષાય નમઃ ૨૩। ॐ રોગાય નમઃ ૨૪।

વાયવ્યકોણથી ઇશાન સુધીના ઉત્તર દિશાના દેવોની પૂજા।

ॐ વાયવ્યે નમઃ ૨૫। ॐ નાગાય નમઃ ૨૬। ॐ મુખાય નમઃ ૨૭। ॐ ભલ્લાટાય નમઃ ૨૮। ॐ સોમાય નમઃ ૨૯। ॐ શેષાય નમઃ ૩૦। ॐ અદિતયે નમઃ ૩૧। ॐ દિતયે નમઃ ૩૨।

અભ્યંતર કોણગત ૮ દેવોની પૂજા—

ઇશાન કોણ ॐ અદભ્યો નમઃ ૩૩। ॐ આપવત્સાય નમઃ ૩૪। અગ્નેયકોણ ॐ સવિત્રે નમઃ ૩૫। ॐ સાવિત્રાય નમઃ ૩૬। નૈઋત્યકોણે ॐ ઇન્દ્રાય નમઃ ૩૭। ॐ ઇન્દ્રજયાય નમઃ ૩૮। વાયવ્યકોણે ॐ રુદ્રાય નમઃ ૩૯। ॐ રુદ્રદાસાય નમઃ ૪૦॥ પૂર્વમાં ॐ મરીચયે નમઃ ૪૧। દક્ષિણમાં ॐ વિવસ્વતે નમઃ ૪૨। પશ્ચિમમાં ॐ મિત્રાય નમઃ ૪૩। ઉત્તરમાં ધરાધરાય નમઃ ૪૪। મધ્યમા ॐ બ્રહ્મણે નમઃ ૪૫।

મણ્ડલ બાહ્યે ઇશાને ॐ ચરકયે નમઃ ૧। પૂર્વમાં ॐ સ્કન્દાયે નમઃ ૨। અગ્નિકોણે ॐ વિદાર્યે નમઃ ૩। દક્ષિણમાં ॐ અર્યમાયૈ નમઃ ૪। નૈઋત્ય ॐ લલનાયે નમઃ ૫। પશ્ચિમે ॐ જૃંભાયે નમઃ ૬। વાયવ્ય કોણે ॐ પૂતનાપાપરાક્ષસ્ય નમઃ ૭। ઉત્તરે પિલિપિચ્છાય નમઃ ૮।

'બૃહત્સંહિતાદિક' ગ્રંથોમાં ચરકી–વિદારી–પૂતના–પાપરાક્ષસી આ ચાર વિદિક્ સ્થિત દેવીઓનો ઉલ્લેખ છે. પણ દક્ષિણાત્ય પદ્ધતિના શિલ્પ ગ્રંથોમાં ઉક્ત ચાર ઉપરાંત પૂર્વાદિ દિશાઓમાં સર્વસ્કન્દ, અર્યમા, જૃંભક અને પિલિપિચ્છિકઃ એ નામક ચાર પુરુષદેવોનું પણ મંડલ બહાર પૂજા કરવાનું વિધાન છે, નિર્વાણકલિકામાં દિશાદેવોને પણ સ્ત્રીલિંગમાં જ લખ્યા છે. તેથી અમોએ ઉક્ત વાસ્તુ પૂજનને કેટલાક પ્રતિષ્ઠાકાર સ્થંડિલવાસ્તુ નામ આપે છે.

"Aho Shrutgyanam"

જ્યારે વાસ્તુ ભૂમિમાં ખાડો ખોદીને તેમાં કરાતા વાસ્તુપૂજનને પાતાલ વાસ્તુ કહેલ છે. પાદલિપ્તસૂરિએ ઉક્ત એકજ વાસ્તુ માન્યું છે, અને તેનું વિધાન શિલાન્યાસના સમયે કરવું તેમ જણાવ્યું છે.

આમ પ્રાર્થના કરી શુદ્ધ જલ અંજલિમાં લઈને–

"ॐ वास्तोष्पतये ब्रह्मणे विसर विसर पुनरागमनाय स्वाहा"

આ મંત્રથી વિસર્જન મુદ્રાએ વિસર્જન કરવું. તે પછી ખાતસ્થાને જઇ ગંધ પુષ્પ ફલાક્ષતાદિનું પાત્ર હાથમાં લઈને નીચેના મંત્રથી પૃથ્વીને અર્ઘ્ય આપવું.

आगच्छा सर्व कल्याणि ! वसुधे लोकधारिणि ! पृथिवि । हेमगर्भाऽसिकाश्यपेनाऽभिवन्दिता ॥ चैत्य तु कारयाम्यद्य, त्वदूर्ध्वं शुभ लक्षणम्, गृहणार्घ्यं मया दत्तं, प्रसन्ना शुभदाभव ॥

पृथ्वी क्षमायाचना

क्षमे ! क्षमस्व भत्याधं, मेदिनी ! मनुजाम्बिके ।
चैत्यकर्म समारंभे, करिष्ये तव घट्टनम् ॥

આ પ્રાર્થના કર્યા પછી કોદાલી આદિ ખાતોપકરણો ઉપર સુવર્ણ જલ છાંટી કેસર ચંદનાદિ સુગંધી પદાર્થો છાંટવા અને લગ્ન સમય આવતા વાજિંત્રનાદો અને જયઘોષોપૂર્વક ખાતમુહૂર્ત કરવું. ઓછામાં ઓછો એક હસ્ત ઊંડો ચોરસ ખાડો ખોદવો.

प्रासाद निर्माण भूमि

महेन्द्रो मलयश्चैव सिंहश्च विक्रमस्तथा ।
समुद्रः पारिजातश्च श्री शैलश्च तथार्बुदः ॥ १९ ॥
नीलश्च श्वेतशृङ्गश्च चन्द्रः प्रभास सम्भवः ।
गन्धमादनो जयन्तौ प्राप्ता श्वेतसम्भवः ॥ २० ॥
गङ्गाया यमुनायाश्च नर्मदायास्तटे तथा ।
गोदावर्याः सरस्वत्याः सिन्धौ पृष्ट तथवच ॥ २१ ॥
तापी मही तुङ्गभद्रा कावेरी चन्द्रभागिका ।
पयस्वती साभ्रमती कृष्णानीरा च निर्मला ॥ २२ ॥
मीमाक्षी सिंहिकाख्याता नीलोद्भवा च वेत्रकी ।
रेवती मधुराख्याता विश्वामित्री चमू लका ॥ २३ ॥

"Aho Shrutgyanam"

कुरुक्षेत्रे च गङ्गायामन्तर्वेद्या तथैव च ।
नैमिषे कुब्जाम्रकेषु महाकाल वने तथा ॥ २४ ॥
सिद्धायतन तीर्थेषु नदीनां सङ्गमेषु च ।
उर्वरीषु स्मशानेषु चत्वरे उदकाश्रिते ॥ २५ ॥
सुप्रदेशे शुभे रम्ये गन्हरे गिरिमांश्रिते ।
वनेचोपवने चैव यत्र वा रोचते मनः ॥ २६ ॥
नगर ग्रामपुर्मध्ये खेटके चैव कर्वटे ।
तडाग कूप माश्रित्य प्रसिद्ध नृप मार्गके ॥ २७ ॥

મહેન્દ્ર, મલયગિરિ, સિંહ, વિક્રમ તથા સમુદ્રતટ, પારિજાત, શ્રીશૈલગિરિ તથા અર્બુદ, નીલગિરિ, શ્વેતશૃંગ, ચંદ્રક્ષેત્ર, પ્રભાસ, ગન્ધમાદન, જયંત, શ્વેતગિરિ ઉપર, ગંગા, યમુના નર્મદા તટે, ગોદાવરી, સરસ્વતી, સિન્ધુ પૃષ્ટે, તાપી, મહી, તુંગભદ્રા, કાવેરી, ચંદ્રભાગા, પયસ્વતી, સાભ્રમતી, કૃષ્ણા, નીરા અને નિર્મલા, ભીમા, સિંહકા, ખ્યાતા, નીલોદ્ભવા, વૈતરણી, રેવતી, મધુરા, વિશ્વામિત્રી અને મૂલકા, કુરૂક્ષેત્રે અને ગંગા, યમુના સંગમે, નૈમિષ્યાવને, વૃન્દાવને, મહાકાલ વને અને સિદ્ધપુરુષોના આશ્રમે, નદીના સંગમે, સ્મશાન ભૂમિમાં, જળાશયે, સુંદર સ્થળે, શુભ રમ્ય ભૂમિમાં, ગુફામાં પર્વતના આશ્રયે, વને અને ઉપવને, મનને રૂચે તે સ્થળે, નગર, ગામ, પુરની મધ્યે, નાના ગામે અને કર્વટે (તાલુકે), તળાવ તથા કૂવાના આશ્રયે, પ્રસિદ્ધ રાજ્યમાર્ગે, શુભ દિને તથા શુભ નક્ષત્રે, સારા લગ્ને સુમુહૂર્તે, પહેલા ભૂમિ પરીક્ષા કરવી, શુભ શુકન જોવા, સૂત્રધાર શાસ્ત્રનો જાણકાર, વાસ્તુવેદોના લક્ષણ જાણનાર, સૂત્ર અને હસ્તનું પ્રમાણ જાણનાર, સર્વ શાસ્ત્રમાં કુશળ હોવો જોઇએ. ૧૯થી૨૯.*

*** जैनं चैत्यालयं चैत्यमुत निर्मापयनशुभम् ।**
वांछन् स्वस्य नृपादेश्च वास्तुशास्त्र न लंघयेत् ॥ १७ ॥

આપણું તથા રાજા અને પ્રજાનું કલ્યાણ ચાહતા હોય તેણે વાસ્તુશાસ્ત્ર અનુસાર જિનમંદિર અને જિનપ્રતિમા બનાવવા. પ્રતિષ્ઠા સારોદ્ધાર-૧૭

रम्ये स्निग्धं सुगंधादि दूर्वाद्यादयां स्वतः शुचिम् ।
जिन जन्मादिना वास्ये स्वीकुर्यादभूमिमुत्तमाम् ॥ ३८ ॥

મંદિર નિર્માણ માટે એવી ભૂમિ પસંદ કરવી કે ચીકણી, સુગંધી અથવા દ્રો વિગેરે ઘાસ યુક્ત અને સ્વયં શુદ્ધ હોય અથવા જિનેન્દ્રના જન્માદિ કલ્યાણકથી પવિત્ર હોય.

પ્રતિષ્ઠાસારોદ્ધાર-૧૮

"Aho Shrutgyanam"

शुभदिने शुभऋक्षे सुलग्ने सुमुहूर्तके ।
आदौच भूपरीक्षायां शकुंनहि विलोकयेत् ॥ २८ ॥
सूत्रधार शास्त्र युक्ता वास्तु वेदो पलक्षकः ।
सूत्रकंबी समायुक्तः सर्व शास्त्रसुकौशल ॥ २९ ॥

प्रासादारंभे देवपूजनम्

तदा क्षेत्रे प्रतिष्ठा तु पुण्यस्थाने सुशोभने ।
आचार्य सूत्रधारैश्च पूजा महोदिता ॥ ३० ॥
आदौतु पूजयेददेवं गणनाथ विनायकम् ।
सिद्धि बुद्धि समायुक्तं मुदा विधि विधानतः ॥ ३१ ॥
ब्रह्मा विष्णुश्च रूद्रश्च पूजनीया प्रयत्नत् ।
येषां स्मरणमात्रेण सर्वसिद्धिः प्रजायते ॥ ३२ ॥
क्षेत्रपालं ततोऽभ्यर्चेत् लाभार्थी सुजटाधरम् ।
योगिनीर्बटुकं देवीः कुमारीः सविशेषत् ॥ ३३ ॥
सर्वदेवा स्ततः पूज्या दिक्पालाश्चततोऽर्चयेत् ।
प्रतिदिक्पालदेवांश्च तज्जातीय सपर्यवा ॥ ३४ ॥
वास्तुपूजा विधानं तु कर्तव्यं दिशकात्तमै ।
निर्विघ्नं च भवेतत्र हेतुकादि समर्चने ॥ ३५ ॥
वरुणार्चा विधानं तु विशेषात्कारयेत्तत् ।
आचार्यं पूजयेद्वत्स विप्रैश्च सुन्दरम् ॥ ३६ ॥
सूत्रधारं ततोऽभ्यर्चे अष्ट सूत्र प्रबोधकम् ।
हस्तपूजा विधानं तुदकर्तव्यं त्वपराजित ॥ ३७ ॥
भूमिदानं ततो द्याद गोमहिष्यश्च संयुतम् ।
हिरण्य वस्त्र छत्राद्यैर्महादानैक्षमापयेत् ॥ ३८ ॥
पूजा बलि विधानं च कृत्वा कर्म समारंभेत् ।
सर्व सिद्धयति तत्कर्म सर्वकाम फलप्रदम् ॥ ३९ ॥

તે જ ક્ષેત્રમાં સુશોભન અને પૂણ્યસ્થાને આચાર્ય અને સૂત્રધારે પ્રતિષ્ઠા કરી પૂજા મહોત્સવ કરવો.

પ્રથમ ગણનાથ વિનાયકનું સિદ્ધિ બુદ્ધિ સહિત વિધિવિધાનપૂર્વક પૂજન કરવું.

"Aho Shrutgyanam"

બ્રહ્મા, વિષ્ણુ અને શિવનું પ્રયત્ને કરી પૂજન કરવું, તેમના સ્મરણ માત્રથી સર્વ પ્રકારની સિદ્ધિ મળે છે.

લાભાર્થે જટાધારી ક્ષેત્રપાલનું પૂજન કરવું. યોગિની, બટુક અને સરસ્વતીનું વિશેષે કરી પૂજન કરવું, સર્વ દેવો સહિત દિક્પાલનું પૂજન અર્ચન કરવું. પ્રતિદિક્પાલ બ્રહ્મા તથા શેષનું પણ પૂજન કરવું. વાસ્તુપૂજન દિશા ઉત્તમ જોઈ વિધિપૂર્વક પૂજન કરવું. આચાર્ય અને વિપ્રનું સુંદર રીતે પૂજન કરવું. હે અપરાજીત ! સૂત્રધારે અષ્ટસૂત્ર તથા હસ્તપૂજન વિધિ-વિધાનપૂર્વક કરવું.

ગૃહપતિએ ભૂમિદાન, ગૌ, ભેંશ અને અશ્વ સહિત સુવર્ણ, વસ્ત્ર, છત્ર આદિ મહાદાન આપી ક્ષમા માંગવી, પૂજા બલી કાર્ય આરંભે કરવા, એ સર્વ સિદ્ધિ અને સર્વ કાર્યમાં ફલ આપનાર છે. ૩૦ થી ૩૯.

सूत्रधार लक्षण

विश्वकर्मोवाच

शृणु वत्स यथान्यायं सूत्रधारस्य लक्षणम् ।
शास्त्रज्ञः कुशलो दक्षो वास्तु विद्याविबोधक ॥ ४० ॥
सूत्रधारो महाप्राज्ञः पटकर्मसुनिरन्तरम् ।
भूवन कोश विज्ञानं प्रमाणं सूत्र कर्मणि ॥ ४१ ॥
नगर ग्राम खेटाद्यं वास्तुवेद समुद्भवम् ।
कूटकर्वट कूप्यादि ज्ञायते सूत्रकर्मणा ॥ ४२ ॥
पुरप्राकार परिज्ञा प्रतोलीमार्ग गोपुरम् ।
गृहं च राजवेरमाद्यं ज्ञायते सूत्रकर्मणा ॥ ४३ ॥
प्रासाद प्रतिमालिङ्ग जगती पीठ मण्डपम् ।
वेदी कुण्डं स्त्रुची चैव ज्ञायते सूत्रकर्मणा ॥ ४४ ॥
प्रासाद विविधाकारा वैराज्य कुलसम्भवाः ।
विभक्त्युर्ध्व तलच्छंद ज्ञायते सूत्रकर्मणा ॥ ४५ ॥
रेखानां विविधाकारा प्रासाद शिखरोत्तमाः ।
घण्टा कलश ध्वजाद्यं ज्ञायते सूत्रकर्मणा ॥ ४६ ॥
द्वारशाखा विधिं ज्ञात्वा मूल प्रासादच्छन्दजय ।
द्वारपाल विधिश्चैव ज्ञायते सूत्रकर्मणा ॥ ४७ ॥

"Aho Shrutgyanam"

द्वारदृष्टिपद स्थानं तथाग्रे वाहनादिकम् ।
दृष्टिस्थानं चान्तरं तु ज्ञायते सूत्रकर्मणा ॥ ४८ ॥
लक्षणं च द्वारविधिं शिवलिङ्गेषु सर्वत ।
मानोन्मान प्रमाणं च ज्ञायते सूत्रकर्मणा ॥ ४९ ॥
वितानानि विचित्राणि क्षिप्ता न्युत्क्षिप्तकानिच ।
मन्दारसभा पद्मानि ज्ञायन्ते सूत्रकर्मणा ॥ ५० ॥
वितानानां संवरणा घण्टा कूट समाकुलाः ।
सिंह संघटनाकीर्णा ज्ञायन्ते सूत्रकर्मणा ॥ ५१ ॥

વિશ્વકર્મોવાચ :–

હે વત્સ ! ન્યાયે કરીને સૂત્રધાર લક્ષણ કહું છું. શાસ્ત્રજ્ઞ કુશળ–ચતુર, વાસ્તુવિદ્યાનો બોધ કરી શકે તેવા મહાજ્ઞાનવાળો, નિત્ય ષટકર્મ કરનાર, ગૃહાદિના સૂત્ર પ્રમાણ જાણનાર સૂત્રધાર જાણવો. નગર, ગામ, ખેટ, કુટ, કર્વટ અને કૂપાદિના વાસ્તુવેદ સૂત્ર જાણનાર, નગરના દુર્ગ અને ભીતિજ્ઞાન, પ્રતોલીયા અને ગોપુરમાર્ગ, ગૃહ અને રાજ્ય પ્રાસાદના સૂત્રને જાણનાર, પ્રાસાદ, પ્રતિમાલિંગ, જગતી, પીઠ, મંડપ, વેદીકુંડ શુચિ આદિ જ્ઞાનસૂત્ર જાણનાર, પ્રાસાદના વિવિધ આકારો, વૈરાજ્યાદિ કુલજાતિના ભેદ જાણનાર, વિભક્તિ, ઊંચાઈ અને તલછંદના સૂત્રજ્ઞાન જાણનાર, પ્રાસાદ રેખાના વિવિધ આકાર અને ઉત્તમ શિખર, ઘંટા (આમલસારા), કલશ ધ્વજાદિ જ્ઞાન જાણનાર, દ્વાર શાખાની વિધિ, મૂલ પ્રાસાદ છંદ મુજબ દ્વારપાળની વિધિ જ્ઞાનસૂત્ર જાણનાર, દ્વાર દૃષ્ટિ અને પદસ્થાન અને આગળ વાહનાદિના દૃષ્ટિ સ્થાન અને અંતરજ્ઞાન જાણનાર દ્વાર લક્ષણે લિંગમાનોન્માન પ્રમાણ જ્ઞાનસૂત્ર જાણનાર, વિતાનના વિચિત્ર ક્ષિપ્તા ન્યુક્ષિપ્તાના લક્ષણ, મંદાર સભા, પદ્માદિ જ્ઞાનસૂત્ર, વિતાનાદિના સંવરણા, ઘંટા, કૂટની પંક્તિ, સિંહ, કલશ જ્ઞાનસૂત્ર જાણનાર સૂત્રધાર જાણવો. ૪૦ થી ૫૧.

कर्म–कृत

आचार्यः सूत्रधारैश्च यजमानैश्च संयुतः ।
त्रयश्च साधकैश्चैव कर्मकारादि संयुता ॥ ५२ ॥

આચાર્ય, સૂત્રધાર, અને યજમાન એ ત્રણ સંયુક્ત કર્મકાર્યના સાધક છે. ૫૨.

आचार्यश्च स्वयं ब्रह्मा शिल्पीचैवजनार्दनः ।
यजमानस्तु शक्रः स्यात् त्रिभिः कर्म प्रवर्तत् ॥ ५३ ॥

"Aho Shrutgyanam"

આચાર્ય એ પોતે બ્રહ્મા છે, શિલ્પી એ જનાર્દન–વિષ્ણુ છે અને યજમાન ઈન્દ્ર છે. એ ત્રણે કર્મના પ્રવર્તક છે. ૫૩.

स्थपति सूत्रग्राही तक्षक संज्ञश्च वर्धकि क्रमश ।
स्वोचित कर्मणि दक्षा ग्राह्यास्ते कारवश्च तुर्धेति ॥ ५४ ॥

સ્થપતિ, સૂત્રગ્રાહી, તક્ષક અને વર્ધકિ ક્રમે આ ચાર શિલ્પકારો પોતપોતાના કામમાં દક્ષ હોવા જોઇએ. ૫૪.

शिल्पीना कर्तव्यो

સ્થાપત્ય કર્મનો સંપૂર્ણ અનુભવી તે 'સ્થપતિ.' સ્થપતિ પુત્ર અથવા શિષ્ય સૂત્રગ્રાહી જાણવો અને તે સ્થપતિની આજ્ઞાનું પાલન કરનારો અને સર્વ કાર્યમાં નિપૂણ હોવો જોઇએ. સૂત્ર, દંડ અને પ્રમાણને જાણનાર અને સ્થૂલ તથા સૂક્ષ્મ પાષાણોને ઘડનાર તક્ષક જાણવો. પત્થરને જોડનાર, કામની વૃદ્ધિ કરનાર વર્ધકિ જાણવો. આ ચાર સિવાય કાર્ય સિદ્ધ થઈ શકે નહિ માટે આ ચાર શિલ્પકારોની સદા માન પ્રતિષ્ઠા કરવી.

एक हस्ते तु कल्याणं द्वि हस्ते मृत्युरेव च ।
गृह देवैक शिल्पिनं भाषितं विश्वकर्मणा ॥ ५५ ॥

એક હાથે થયેલ કાર્ય કલ્યાણકારી થાય છે, બે હાથે કરેલા કાર્યમાં મૃત્યુનો સંભવ છે, ગૃહકાર્ય દેવકાર્ય એક જ શિલ્પીના હાથે કરાવવું તેમ શ્રી વિશ્વકર્માએ કહેલ છે.

नगराणां भूषणार्थं देवाना निलयाय च ।
लोकानां धर्महेत्वर्थं सुरयोषिताम् ॥ ५६ ॥
आलयं सर्व भूतानां विजयायजितात्मनाम् ।
धर्मार्थं काम मोक्षाणां प्राप्ति हेतुश्च कामदः ॥ ५७ ॥

દેવમંદિરો કે પ્રાસાદોની રચના, નગરોની શોભા, દેવોના નિવાસ, લોકોની ધર્મવૃદ્ધિ અને દેવાંગનાઓની ક્રીડા માટે હોય છે, વળી પ્રાસાદ પ્રાણીમાત્રનું આશ્રય સ્થાન છે. વીરપુરુષોની કીર્તિ તથા ધર્મ, અર્થ, કામ અને મોક્ષની પ્રાપ્તિના કારણભૂત તેમજ સર્વ કામનાને આપનાર છે. ૫૬, ૫૭.

गीत नृत्यैश्च वादित्रै, पेक्षणीयैर्मनोहरैः ।
नानाध्वज पताकैश्च तोरणश्च विभूषिताः ॥
पुरराज्य प्रजादीनां सर्व कालं तु शान्तिदाः ।
सर्वकाम प्रदाश्चैते नित्यं कल्याण कारकाः ॥ ५८ ॥

"Aho Shrutgyanam"

ગીત, નૃત્ય અને વાદ્યોથી નિત્ય ગુંજાયમાન, દર્શનીય અને મનોહર નાના પ્રકારની ધ્વજાઓ, પતાકાઓ તથા તોરણોથી અલંકૃત પ્રાસાદો, નગર, રાજા અને પ્રજા વિગેરેને સર્વકાલ સુખ, શાંતિ આપનારા, સર્વ કામનાઓને સફલ કરનારા, નિત્ય કલ્યાણ કરનાર છે. ૫૮.

भू–परीक्षा

माधुर्य मृतिका भूमिर्देव विप्रहित प्रदा ।
तथोदुम्बर वृक्षाढ्या श्वेतवर्णा च भूरपि ॥ ५९ ॥

મધુસ્વાદવાળી ભૂમિ, દેવકાર્ય તથા વિપ્ર માટે શુભાવહ છે તથા ઉદંબરના વૃક્ષવાળી સફેદ ભૂમિ શુદ્ધ છે. ૫૯.

मधुगन्धा पुष्पगन्धा सर्पिर्गन्धा च भूरपि ।
स्थिरवर्णा च भूरशस्ता सर्व वास्तुषु कीर्तिता ॥ ६० ॥

મીઠી ગંધવાળી, પુષ્પ જેવી ગંધવાળી અને સરસવ જેવી ગંધવાળી સ્થિર વર્ણની ભૂમિ સર્વ વાસ્તુકર્મ માટે પ્રસશ્યા–કીર્તિદાયક છે. ૬૦.

पूर्व–प्लव भूमि

भूमिनामष्टप्लवादि गुणदोषान् ब्रवीमि ते ।
पूर्वप्लवा धराश्रेष्ठा ह्यायुः श्री बलवर्द्धिनी ॥ ६१ ॥
सर्व संपत्करी पुंसां प्रासादानां विभूतिदा ।
राज्य पूज्या सदानंदा प्राक्प्लवा चेद्भवेन्मही ॥ ६२ ॥

પૂર્વ તરફ નીચી ભૂમિ, સંપૂર્ણ ગુણયુક્ત શ્રેષ્ઠ આયુષ્ય અને બળ આપનાર છે, તે સર્વ પ્રકારની સંપત્તિને આપનાર છે. પ્રાસાદ માટે વિશેષ શ્રેષ્ઠ, રાજ્યમાં સન્માન આપનાર અને આનંદકારી પૂર્વપ્લવ ભૂમિ છે. ૬૧, ૬૨.

उत्तर–प्लव भूमि

पूज्या लाभकारी नित्यं पुत्र पौत्र विवर्धनी ।
कामदा भोगदा चैव धनदा चोत्तरप्लवा ॥ ६३ ॥

ઉત્તરપ્લવભૂમિ–પૂજ્ય, નિત્ય લાભદાયી. પુત્રપૌત્રાદિની વૃદ્ધિ કરનાર, સર્વ પ્રકારના સુખ, વૈભવ અને ધન સંપત્તિ આપનાર છે. ૬૩.

"Aho Shrutgyanam"

ईशान–प्लव भूमि

नर सौख्य सती सत्य सौभाग्यादिविवर्द्धिनी ।
धनायैश्वर्य संपन्ना धर्मदेशानकप्लवा ॥ ६४ ॥

ઇશાનપ્લવ ભૂમિ–પતિ પત્નિને સુખ સૌભાગ્ય આપનારી, ધન અને ઐશ્વર્ય સંપન્ન, ધર્મને આપનારી છે. ૬૪.

अन्यान्यपि भूमि लक्षणानि

दक्षिणे पश्चिमेचैव नैऋत्ये वायुकोणके ।
एभिरुच्चा भवेद् भूमिर्गज पृष्ठोऽभिधीयते ॥ ६५ ॥
गजपृष्ठे भवेद्वासः सलक्ष्मी धन पूरितः ।
आयुर्वृद्धि करी नित्यं जायते नात्र संशयः ॥ ६६ ॥

દક્ષિણ, પશ્ચિમ, નૈરૂત્ય અને વાયવ્યકોણ તરફ ઊંચી ભૂમિ 'ગજપૃષ્ઠ' ભૂમિ કહેવાય છે. ગજપૃષ્ઠ ભૂમિ ઉપર નિવાસ કરનાર મનુષ્યને પૂર્ણ લક્ષ્મી લાભ થાય અને આયુષ્યની વૃદ્ધિ થાય તેમાં સંશય નથી. ૬૫, ૬૬.

कूर्म पृष्ठ भूमि

मध्येतच्चं भवेद्यत्र नीचं चैव चतुर्दिशम् ।
कूर्मपृष्ठं विजानीयात्तत्र वासं समाचरेत् ॥ ६७ ॥
कूर्मपृष्ठं भवेद्वासो नित्योत्साह सुखप्रदः ।
धन धान्यं भवेतस्य निश्चितं विपुलं धनम् ॥ ६८ ॥

વચ્ચે ઊંચી હોય અને ચારે બાજુ નીચી હોય તેને 'કૂર્મપૃષ્ઠ' ભૂમિ કહે છે. કૂર્મપૃષ્ઠ ભૂમિ ઉપર વાસ કરનાર મનુષ્યને પ્રતિદિન ઉત્સાહની વૃદ્ધિ, સુખ, ધનધાન્યનો વિપુલ લાભ થાય છે. ૬૭, ૬૮.

प्रशस्ता भूमि

शस्तौषधिद्रुमलता मधुरा सुगन्धा ।
स्निग्धा समा न सुषिराच महीनराणाम् ॥ ६९ ॥
अभ्यध्वनि श्रमविनोद मुपागतानां ।
धत्ते श्रियं किमुत शाखतमन्दिराणाम् ॥ ७० ॥

"Aho Shrutgyanam"

જ્યાં ઉત્તમોત્તમ ઔષધીઓ, વૃક્ષલતા, ખૂબ લીલી ભરી રહે છે, માટી સમત્વ સરખી (સમથલ) મધુર અને સુગંધી, ચીકણી હોય એ ભૂમિ મનુષ્યોના માટે નિવાસ કરવા લાયક ઉત્તમ ભૂમિ છે. રસ્તા પર જતાં મનુષ્યોને વિશ્રામ સ્થાન કરનાર પથિકને પણ લક્ષ્મી પ્રદાન કરે છે, નિરન્તર નિવાસ કરવા માટે મકાન બનાવનાર માટે તો શું કહેવું ? અર્થાત્ આવી ભૂમિ ઉપર ગૃહ મંદિર બનાવનારને કદી ધન, જન ઇત્યાદિ વસ્તુની કમી ન રહે. ૬૯, ૭૦.

निषिद्धा भूमिः

स्फुटिताच्च सशल्या च वल्मीकाऽऽरोहिणी तथा ।
दुरतः परिहर्तव्या कर्तुरायुर्धनापहा ॥ ७१ ॥
स्फुटिता मरणं कुर्या दुपरा धननाशिनी ।
सशल्या क्लेशदानित्यं विषमा शत्रु वर्धिनी ॥ ७२ ॥

ફાટેલી, શલ્યયુક્ત, રાફડાવાળી, ઊંચીનીચી એવી ભૂમિનો દૂરથી ત્યાગ કરવો કારણકે આવી ભૂમિ કર્તાને આયુ અને ધનનો નાશ કરવાવાળી છે, ફાટેલી ભૂમિ મરણ કરનાર, શલ્યયુક્ત ભૂમિ સર્વદા કલેશ કરાવનાર છે, ઉંચી–નીચી ભૂમિ શત્રુને વધારનાર છે. ૭૧. ૭૨,

भूमेर्जीवित, मृतादि लक्षणम्

यत्रवृक्षाः परोहन्ति शस्यं हर्षात्प्रवर्धते ।
सा भूमि जीविता ज्ञेया मृता वाचाऽन्यथाबुधैः ॥ ७३ ॥

જે ભૂમિ વૃક્ષ આદિ વનસ્પતિથી લીલી રહે અને ખેતીની ઉત્પત્તિ ઉત્તમોત્તમ થાય તે ભૂમિ જીવિત સમજવી અને તેથી અતિરિક્ત ભૂમિને મૃત જાણવી. ૭૩.

हस्त कम्वो प्रमाण

हेतु समस्तवास्तुनामाधारः सर्व कर्मणाम् ।
मानोन्मान विभागादि निर्णयैक निबन्धनम् ॥ ७४ ॥

હસ્ત–હસ્ત સંપૂર્ણ વાસ્તુ કૃત્યો અને કલાના હેતુ તથા અખીલ વાસ્તુ-કર્મોના આધારરૂપ છે. માન–ઉન્માન અને વિભાગાદિ નિર્ણય માટે આ એક નિબંધન છે.

हस्त लक्षण मानं च गायत्री मान सम्भवः ।
मानोन्मान–प्रमाणं च सर्व कर्मसु कारणम् ॥ ७५ ॥

નોટઃ-ભૂપરીક્ષા શિલ્પ સ્મૃતિ વાસ્તુ વિદ્યાયામ્ પૂર્વાર્ધમાં ઘણી જ વિગતવાર આપેલ છે.

"Aho Shrutgyanam"

भास्करोदयनाद् दिष्टः किरणैश्च प्रकाशितः ।
जालान्तागते रश्मौ सूक्ष्मरेण्वष्टमांशकः ॥ ७६ ॥
परमाणु प्रमाणं तत् समुदिष्टं समन्ततः ।
परमाणु रष्टगुण मेकत्र पिण्ड लक्षणम् ॥ ७७ ॥
रजोभिरष्टगुणितं केशाग्रं च प्रसिद्धयति ।
केशाग्रैरष्टगुणितैर्लिक्षा क्रमं तु योजयेत् ॥ ७८ ॥
लिक्षा भिरष्ट भियुका युकाभिश्चाष्टभिर्यवः ।
तथाष्टगुणितेश्चैव यवैर्मानं प्रसिद्धयते ॥ ७९ ॥
निर्दोषं मानमेतं च स्यात्परमाणुमूलकम् ।
उत्तममध्यमाधमं त्रिविधो मान निर्णयः ॥ ८० ॥
जेष्ट चाष्ट यवैः प्रोक्तं मध्यमं सप्तभिर्यवैः ।
स्यात्कनिष्टं षड्य वैस्तुश्चतुर्विंशतिभिः करः ॥ ८१ ॥
एवं मानोद्भवो हस्त उदितश्चत्रिधा क्रमात् ।
अङ्गुष्टाग्रे पर्व रेखा पुष्पकं त्रिभिरङ्गुलैः ॥ ८२ ॥

હસ્તનું લક્ષણ તથા પ્રમાણ ગાયત્રી મંત્રના વર્ણ (અક્ષર) સંખ્યા (૨૪)માંથી ઉદ્ભવેલ છે. માન અને પ્રમાણ સર્વ કર્મનું કારણ છે. સૂર્યોદય થયા પછી કિરણો પ્રકાશિત થાય છે. ગૃહના જાળીયામાંથી જે રશ્મિમાં સૂક્ષ્મ રજકણ જોવામાં આવે છે, તે રેણુ (છાંયા). આઠ રેણુનો એક પરમાણું, આઠ પરમાણુંનો એક રજ, આઠ રજનો એક કેશાગ્ર જાણવો, આઠ કેશાગ્રની એક લીક્ષા (લીખ) જાણવી, આઠ લીક્ષાની એક યુકા થાય, આઠ યુકાનું એક યવમાન જાણવું, આઠ યવનો એક અંગુલ. નિર્દોષમાન પરમાણુથી અંગુલ સુધીનું જાણવું. ૭૫ થી ૮૨.

જેષ્ઠ, મધ્ય અને કનિષ્ઠ એ ત્રણ પ્રકારના માન જાણવા, જેષ્ઠ આઠ યવે, મધ્યમ સાત યવે, કનિષ્ઠ છ યવેથી જાણવા, આ પ્રમાણે ચોવીશ આંગળનો હસ્ત પ્રમાણ જાણવો. પૂર્વમાનથી ત્રણ પ્રકારના હસ્ત ઉદ્ભવેલ છે, દરેક અંગુલે પર્વ, રેખા કરવી અને ત્રણ અંગુલે ફૂલ કરવા.

હસ્ત રચના

रक्त चंदन काष्ठस्य मधुक खदिरौ तथा ।
वंशजो धातुजः कार्यः शिल्पशास्त्र विशारदे ॥ ८३ ॥

"Aho Shrutgyanam"

શિલ્પશાસ્ત્રના વિદ્વાન શિલ્પીઓએ રક્તચંદન, મહુડો, બેર, વાંસ અને ત્રાંબા ચાંદી અને સોનાનો ગજ બનાવવો. ૮૩.

ફૂલ પર્વના દેવતા

रुद्रो वायु विश्वकर्मा हुताशो ब्रह्मा कालस्तोपयः सोम विष्णु ॥८४॥

હસ્તમાં ત્રણ ત્રણ આંગુલે રેખામાં ફૂલ કરવાં. આ નવ પર્વના દેવતાઓ છે. ૧ રૂદ્ર, ૨ વાયુ, ૩ વિશ્વકર્મા, ૪ અગ્નિ, ૫ બ્રહ્મા, ૬ કાલ, ૭ વરૂણ, ૮ કુબેર, ૯ વિષ્ણુ. ૮૪.

હસ્તમાં આદ્ય, મધ્ય અંત્ય દેવો

अग्रे रुद्रो विधिर्मध्ये विष्णुरन्ते प्रतिष्ठितः ॥ ८५ ॥

આગળ રૂદ્ર, મધ્યભાગે બ્રહ્મા અને અંતમાં વિષ્ણુ. આ રીતે હસ્તમાં દેવો સ્થાપવા. ગાયત્રી મંત્રના એ ત્રણે બીજરૂપ છે. ૮૫.

હસ્ત માત્રાના દેવો

ईशो मारुत विश्व वह्नि विधयः सूर्योश्च रुद्रोयमः।
वैरुपो वसुवोप्टदंति वरुणो षडचक्र इच्छा क्रिया ॥
ज्ञानवित्त पति निशापति जयोश्री वासुदेवो हली।
कामो विष्णुरिति क्रमेण मरुतो हस्ते त्रयोर्विंशति ॥ ८६ ॥

૧ ઈશ, ૨ વાયુ, ૩ વિશ્વદેવ ૪ અગ્નિ, ૫ બ્રહ્મા, ૬ સૂર્ય, ૭ રૂદ્ર, ૮ યમ, ૯ વિશ્વકર્મા, ૧૦ અષ્ટવસુ, ૧૧ ગણેશ, ૧૨ વરૂણ, ૧૩ કાર્તિકસ્વામી, ૧૪ ઈચ્છાદેવી, ૧૫ ક્રિયાદેવી, ૧૬ જ્ઞાન, ૧૭ કુબેર, ૧૮ ચંદ્ર, ૧૯ જય, ૨૦ વાસુદેવ, ૨૧ બલભદ્ર, ૨૨ કામદેવ, ૨૩ વિષ્ણુ. આ દરેક માત્રાના દેવ જાણવા. અનુક્રમે જ્યાં જેનું સ્થાન હોય ત્યાં તેનું પૂજન કરવું. ૮૬.

જ્યેષ્ઠ મધ્યમ અને કનિષ્ઠ હસ્તમાન

अष्टयवोदरैर्ज्येष्ठोमध्यमो यवसप्तभिः ॥
सुद्भिश्चैव लघुर्ज्ञेयः त्रिविधं हस्त लक्षणम् ॥८७॥

ઉત્તમ આઠ આડા જવના અંગુલ પ્રમાણથી બનેલો ચોવીશ માત્રાનો હસ્ત જેષ્ઠ સાત આડા જવથી મધ્યમ અને છ આડા જવથી કનિષ્ટ માનનો હસ્ત જાણવો. આ પ્રમાણે વિવિધ હસ્તમાન બનાવવામાં આવે છે. ૮૭

"Aho Shrutgyanam"

नगर ग्राम खेटादीन् कोशादि योजनादिकम् ।।
वनोपवन मार्गादीना ज्येष्ठहस्तेन मापयेत् ॥ ८८ ।।

નગર, ગ્રામ, ખેટ, કોશ અને યોજન તેમજ વન, ઉપવન (બગીચાઓ) તથા માર્ગાદિ જ્યેષ્ઠ ગજથી માપવા. ૮૮.

प्रासाद प्रतिमालिङ्गं जगतीपीठ मंडपान् ।
राज्ञां निवासहम्याणि मध्यमेन च मापयेत् ॥ ८९ ।।

દેવપ્રાસાદ, પ્રતિમા-મૂર્તિ, શિવલિંગ, જગતી, પીઠ, મંડપ, રાજમહેલ અને હવેલીઓ મધ્યમ ગજથી માપવા. ૮૯.

शय्यासने च यानानि छत्र सिंहासनादिकम् ।
शस्त्रास्त्र कूप पात्राणि कनिष्ठेन च मापयेत् ॥ ९० ॥

શય્યા આસન, યાન (રથ-પાલખી) આદિ, છત્ર, સિંહાસન, શસ્ત્રાસ્ત્ર, કૂવો વાવ, તથા પાત્રાદિ કનિષ્ટ ગજથી માપવા. ૯૦.

अष्टविध सूत्रो

दृष्टिः करस्तथा मौञ्जं कार्पासञ्चावलंकम् ।
काष्ट सृष्टि विलेख्यानि सूत्राण्ययष्ट वदन्ति च ॥ ९१ ॥

૧ દૃષ્ટિ, ૨ ગજ, ૩ મુંજની દોરી, ૪ સુતરની દોરી, ૫ અવલંબક, ૬ કાષ્ઠ (કાટખૂણો) ૭ સૃષ્ટિ (સાધણી) ૮ વિલેખ્ય અથવા પ્રકાર, આ આઠ સૂત્રોના નામ છે. આ પ્રમાણે શિલ્પશાસ્ત્રના વિદ્વાનોએ એ આઠ પ્રકારના સૂત્રોનું કથન કરેલ છે. ૯૧.

इति श्री विश्वकर्मा वास्तु कलाचिंतन हरविद्या गुण कीर्ति प्रकाश जिनप्रासाद मार्तण्ड शिल्पाचार्य नंदलाल चुनीलाल सङगृहीते प्रासादोत्पत्ति नाम्नो प्रथमोऽध्यायः संपूर्ण ॥



"Aho Shrutgyanam"

शिलान्यास नाम्नो द्वितीयोऽध्याय

आयादि एकवीश अंगो

आयश्च क्षेत्र नक्षत्रे नक्षत्रगण क स्तथा ।
ऋक्ष भोगस्तु चंद्रस्य नक्षत्रवैर शोधनम् ॥ १ ॥
व्ययस्तारास्तथा नाडी राशिस्तत्स्वामि मित्रता।
नामाक्षरफलञ्चापि त्वंशो लग्नं तिथि स्तथा ॥ २ ॥
वाराः करण योगाश्च वर्गस्तत्त्व विचारणम्।
गृहादीनां तथाऽयुष्यं संशोध्य भवनादिषु ॥ ३ ॥
आयादि क्रमतः क्षेत्रे चांगानिकत्वे विंशतिः।
प्रासादे भवने चैव मतिमान् गणयेत्सुधीः ॥४॥

१ आय, २ क्षेत्रफल, ३ नक्षत्र, ४ नक्षत्रगण, ५ नक्षत्रचंद्र, ६ नक्षत्रवैर. ७ व्यय, ८ तारा, ९ नाडी, १० राशि, ११ राशिस्वामी मित्रता, १२ नामाक्षर, १३ अंशक, १४ लग्न, १५ तिथि, १६ वार, १७ करण, १८ योग, १९ वर्ग, २० तत्त्व, २१ आयुष्य १ थी ४.

आयादि मेळववाना स्थान

पाषाणे पूर्ण गेहानि भिति मध्येतु इष्टिका ।
मृतका गर्भ मात्रेण विज्ञेया नाऽत्र संशय ॥ ५ ॥

पाषाणना गृहादिने बहारथी, ईंटना वास्तुने भीति मध्ये अने माटीना वास्तुने अंदरना भागथी गणित मेळववुं. एमां संशय करवो नहिं. ५

भिति मध्ये गृहे मानं तन्मध्ये शयनासने।
प्रासादे भित्ति बाह्येषु मंडपे च सुरालये ॥ ६॥

गृहादिमां भितिनी अंदरथी, शयनासने पण अंदरथी. देवताओना प्रासाद तथा मंडपने भितिनी बहारनी बाजुथी कर्णोए गणित मेळववुं. ६

नोट-१. आयतत्त्वाधिकार अने गणत्री शिल्पस्मृति वास्तु विद्यायाम्. पूर्वार्धमां विगतवार आपेल छे.

"Aho Shrutgyanam"

साधना करेल क्षेत्र

सूत्रधारेण यच्छुद्धं कृतं यत्स्थान साधनम् ।
तत्स्थानं सर्व जन्तुनां सुखदं स्यान्न संशय ॥ ७ ॥

સૂત્રધારે જે સ્થાનની સાધના સર્વ પ્રકારે શુદ્ધ કરી હોય તે સ્થાન સર્વ પ્રાણીઓને સુખદાય થાય તેમાં લેશ પણ સંશય નહિ. ૭

सूत्रारंभ नक्षत्र

सूत्रारम्भो गृहादीना मुत्तरायां करत्रये ।
ब्राह्मे पुष्ये मृगे मैत्र्ये पौष्णे वासववारुणे ॥ ८ ॥

પ્રાસાદ અને ગૃહાદિના સૂત્રનો આરંભ ઉત્તરાફાલ્ગુન, ઉત્તરાષાઢા, ઉત્તરાભાદ્રપદ, હસ્ત, ચિત્રા, સ્વાતી, રોહિણી, મૃગશિર્ષ, અનુરાધા, રેવતી, ધનિષ્ઠા અને શતભિષા આ નક્ષત્રમાં કરવો. ૮ (પ્રાસાદમંડન ૯૩)

उत्तरात्रय रोहिण्य आर्द्रा चैव पुनर्वसु ।
पुष्यानुराधा श्रवणं मृगास्वात्यौचहस्तकम् ।
मूल च नक्षत्राणि हि गृहे विष्टि विवर्जितम् ॥ ९ ॥

ઉત્તરાફાલ્ગુન, ઉત્તરાષાઢા, ઉત્તરાભાદ્રપદ, રોહિણી, આર્દ્રા, પુનર્વસુ, પુષ્ય, અનુરાધા, શ્રવણ, મૃગશિર્ષ સ્વાતી, હસ્ત અને મૂલ, આ તેર નક્ષત્રોમાં સૂત્રારંભ કરવો. પણ વિષ્ટિયોગ તજવો. ૯ (અપરાજિત. ૯૫)

खनन मुहूर्त

अधो मुखे खनेत् सुधी प्रपूरयेत्दूर्ध्वमे ।
दिशं प्रसाध्य शास्त्रतो दिशाविमूढके मृति ॥ १० ॥

ભૂમિ–ગૃહપ્રાસાદાદિ ખનન અધોમુખ નક્ષત્રમાં કરવું, ૧ ભરણી, ૨ કૃતિકા, ૩ અશ્લેષા, ૪ મઘા, ૫ પૂર્વાફાલ્ગુન, ૬ પૂર્વાષાઢા, ૭ પૂર્વાભાદ્રપદ, ૮ મૂલ અને ૯ વિશાખા. આ નક્ષત્રોમાં ખનન કરી ખાડો જલથી પરિપૂર્ણ ભરવો. જ્યાં ગૃહાદિ બનાવવાના હોય તે શાસ્ત્રથી વિધિપૂર્વક દિક્‌સાધન કરી શરૂઆત કરવી. વિમૂઢ દિશામાં મૃત્યુ થાય. ૧૦ (વાસ્તુમુક્તાવલી ૯૫)

अधो मुखे च नक्षत्रे शुभेऽन्हि शुभवासरे ।
चन्द्रतारानुकूल्पे च खननारंभणं शुभम् ॥ ११ ॥

નોટઃ–શલ્યશોધન, દિક્‌સાધનવિધિ, શિલ્પ સ્મૃતિ વાસ્તુ વિદ્યાયામ્ પૂર્વાર્ધમાં આપેલ છે.

"Aho Shrutgyanam"

૧ ભરણી, ૨ કૃતિકા, ૩ અશ્લેષા, ૪ મઘા, ૫ પૂર્વાફાલ્ગુન, ૬ પૂર્વાષાઢા, ૭ પૂર્વાભાદ્રપદ, ૮ મૂલ અને ૯ વિશાખા એ અધોમુખ નક્ષત્રમાં શુભવાર અને ચંદ્ર તથા તારાબલ જોઈ ખનન (પાયો ખોદવાનું) કરવું. (મુહૂર્તમાર્તંડ. ૧૧)

सूत्रारंभे वारा

सौरीन्दु जीव सोम्यानां मार्गवस्य च वासरे ।
सूत्रपातादिकं कार्यं मिष्ट समभिवाञ्छता ॥ १२ ॥

સૂર્ય, ચંદ્ર, બૃહસ્પતિ, બુધ અને શુક્ર એ વારોમાં સૂત્રપાતાદિક કાર્ય કરવું. આ વારો શુભ મનવાંચ્છિત ફળ આપનાર છે. ૧૨.

सूत्रारंभ रेखा

कं वक्षस्थल मुरु पादयुगलं संस्पृश्य विप्रादिको ।
रेखा सूत्र वदग्निजेन स्वयेत्तद्धच मिति शिला ॥ १३ ॥

બ્રાહ્મણાદિવર્ણ અનુક્રમે માથે, છાતીએ, બન્ને જંઘાએ, બે પગે, હાથ લગાડી (ન્યાસ કરી) હાથમાં સુવર્ણશલાકા (સોનાની સળી) લઈ સૂત્ર બાંધેલ મુજબ અગ્નિ-કોણથી સવ્ય માર્ગે રેખા કરે. પ્રાસાદ તથા ગૃહાદિની રચના મૂજબ સૂત્ર બાંધવું. ૧૩.
—મુહૂર્તમાર્તંડ

सूत्रारंभे दोष परिहार

शालादोष्णा साधने सूत्रपात्रे छेदोऽत्यैंचैद् ग्रंथिरात्वैच कर्त्तुः ।
कैलोभंग स्याद्भूजे क्ष्मानिमग्नः कीलः शून्यंविस्मयः खातदेशे ॥१४॥

ગૃહાદિની ભુજા દોરતા સૂત્ર તૂટી જાય તો ગૃહાદિ કરનારને પીડા થાય, ખાત કરવાના ભાગમાં રોપેલ કીલક (ખીલી) તૂટી જાય તો રોગ ઉત્પન્ન થાય, તેમજ તે કીલક (ખીલી) જમીનમાં પેસી જાય તો ગૃહ શૂન્ય રહે. ૧૪.

खनन फलानि

काष्ठेष्टिका तुषाङ्गार पाषाणऽस्थिसरी सृपान् ।
हलाग्रेणोद् धृतान्दृष्टवा तत्र विद्या दिदं फलम् ॥ १५ ॥
काष्टेष्वग्निभयं विद्यादिष्टिकासु धनागमः ।
अङ्गारेषु तथा रोगं तुषेष्वेत धनक्षयः ॥ १६ ॥

નોટઃ-માસ, સંક્રાંતિ આદિ શુભાશુભ ફલાનિ શિલ્પ સ્મૃતિ વાસ્તુ વિદ્યાયામ્. પૂર્વાર્ધમાં વિગતવાર જણાવેલ છે.

"Aho Shrutgyanam"

पाषाणेष्वपि कल्याणं कुलनाशं तथाऽस्थिषु ।
सरी सृपेषु सर्वेषु तादृग्यो भयमा दिशेत् ॥ १७ ॥

ખનન કરતાં, હલથી ખોદતાં. કાષ્ઠ, ઈંટ, ભુસો, રાખ, પત્થર, હાડકાં અને સર્પ એ પ્રમાણે ભૂમિની અંદર દેખાય તો નીચે મુજબ ફલ જાણવું. કાષ્ઠ નીકળે તો અગ્નિ ભય, ઈંટ મળે તો ધન પ્રાપ્તિ, રાખ, કોલસા નીકળે તો ધન નાશ, પાષાણ નીકળે તો કલ્યાણ, હાડકાં નીકળે તો કુલ નાશ, સાપ, વીંછી આદિ જીવો નીકળે તો સાપ વીંછી આદિ જનાવરનો ભય. ૧૫, ૧૬, ૧૭.

खनन–विशेषः शुभाशुभ फलानि

खाते यदाश्मा लभते हिरण्यं तथेष्टि कार्या च समृद्धिश्च ।
द्रव्यं च रम्याणि सुखानि धत्ते ताम्रादि धातुर्यदितत्र वृद्धि ॥ १८ ॥
पिपीलिकाः षोडश पक्ष निद्रा भवन्तिचे तत्र वसेन्न कर्ता ।
तुषास्थि चीराणि तथैव भस्मान्यएडानि सर्पा मरण प्रदाःस्यु ॥१९॥
वराटका दुःख फलिप्रदात्री कार्पास एवाति ददाति दुःखम् ।
काष्ठ प्रदग्धंत्वति रोग भीतिर्भवत्फलिः खर्पर दर्शनेन ॥ २० ॥
लोहेन कर्तुर्मरणं निगद्यं विचार्य वास्तु प्रवदन्ति धीरा ॥ २१ ॥

ખનન કરતાં પાષાણ મળે તો સુવર્ણ સિદ્ધિ, ઈંટ મળે તો નાના પ્રકારની સંપત્તિ, દ્રવ્ય મળે તો સુખ, ત્રાંબા આદિ ધાતુ મળે તો અનેક પ્રકારની વૃદ્ધિ, પિપીલીકા (કીડીઓ) નીકળે તો સોળ પક્ષ સુધી સુવર્ણવાળા રહે. દેડકો નીકળે તો સુખપૂર્વક નિવાસ ન કરી શકે, ભૂસી, હાડકાં ચિથરા, ભસ્મ, ઈંડા, સર્પ આદિ નીકળે તો મરણ, કોડી નીકળે તો દુઃખ અને ઝઘડાની પ્રાપ્તિ, કપાસ નીકળે તો અત્યંત દુઃખ, કોલસા મળે તો રોગનો અધિક ભય, વાંસ નીકળે તો લડાઈ ઝઘડાની પ્રાપ્તિ, લોહ મળે તો ગૃહપતિનું મૃત્યુ. આ બધી વસ્તુનો વિચાર કરી ગૃહ પ્રાસાદ આદિ બાંધવા. ૧૮ થી ૨૧.

भूमि शुद्धि

सम्मार्जने नाक्षनेन शेकेनोल्लेखनेन च ।
गवां च सन्निवासेन भूमिः शुद्धयति पञ्चमि ॥ २२ ॥

સંમાર્જન, પોતના, સીંચના, ખોદના અથવા ગાયોને બેસારવી એ પાંચ પ્રકારે ભૂમિ શુદ્ધ કરવી. ૨૨.

"Aho Shrutgyanam"

खनन–राहु दिक्–

देवालये गेहविधौ जलाशये राहुर्मुखं शुभदिशो विलोमतः ।
मीनार्क सिंहार्क मृगार्क तस्त्रिभे खाते मुखात् पृष्ट विदिक् भवेत् ॥२३॥

પ્રાસાદ બનાવવાના પ્રારંભમાં મીન, મેષ અને વૃષભનો સૂર્ય હોય ત્યારે રાહુ મુખ ઈશાનકોણમાં હોય. મિથુન, કર્ક અને સિંહનો સૂર્ય હોય ત્યારે રાહુ મુખ વાયવ્ય કોણમાં. કન્યા, તુલા અને વૃશ્ચિકનો સૂર્ય હોય ત્યારે નૈઋત્યમાં અને ધન મકર અને કુંભના સૂર્યમાં અગ્નિકોણે રાહુનું મુખ હોય.


ગૃહારંભ

સિંહ, કન્યા અને તુલાના સૂર્યમાં ઈશાનમાં. વૃશ્ચિક, ધન અને મકરના સૂર્યમાં વાયવ્યમાં. કુંભ, મીન અને મેષના સૂર્યમાં નૈઋત્યમાં. વૃષભ, મિથુન અને કર્કના સૂર્યમાં અગ્નિકોણમાં રાહુમુખ જાણવું.


જલાશય

કુવા, તળાળ આદિના પ્રારંભમાં મકર, કુંભ અને મીનના સૂર્યમાં ઈશાનમાં. મેષ, વૃષભ અને મિથુનના સૂર્યમાં વાયવ્યમાં. કર્ક, સિંહ અને કન્યાના સૂર્યમાં નૈઋત્યમાં. તુલા, વૃશ્ચિક અને ધનના સૂર્યમાં અગ્નિકોણમાં રાહુ મુખ જાણવું.

वृषचक्र



"Aho Shrutgyanam"



"Aho Shrutgyanam"

જે દિશામાં મુખ હોય તેની પાછળની દિશા (વિદિશા) કોણમાં ખાત કરવું પાછળની દિશામાં ખાલી કુક્ષિ હોય છે.

જ્યોતિષ શાસ્ત્રમત—

પ્રાસાદ ખાત		ગૃહ ખાત		જલાશય ખાત	
સંક્રાંતિ	દિશા	સંક્રાંતિ	દિશા	સંક્રાંત	દિશા
મીન, મેષ, વૃષભ	અગ્નિ	સિંહ, કન્યા તુલા	અગ્નિ	મકર, કુંભ, મીન	અગ્નિ
મિથુન, કર્ક સિંહ	ઈશાન	વૃશ્ચિક, ધન, મકર	ઈશાન	મેષ, વૃશ્ચિક, મિથુન	ઈશાન
કન્યા, તુલા, વૃશ્ચિક	વાયવ્ય	કુંભ, મીન, મેષ	વાયવ્ય	કર્ક સિંહ, કન્યા	વાયવ્ય
ધન, મકર કુંભ	નૈઋત્ય	વૃષભ, મિથુન, કર્ક	નૈઋત્ય	તુલા, વૃશ્ચિક, ધન	નૈઋત્ય

શિલ્પ શાસ્ત્ર મત—

પ્રાસાદ ખાત		ગૃહ ખાત		જલાશય ખાત	
સંક્રાંતિ	દિશા	સંક્રાંતિ	દિશા	સંક્રાંતિ	દિશા
મીન, મેષ, વૃષભ	અગ્નિ	સિંહ કન્યા, તુલા	અગ્નિ	મકર, કુંભ, મીન	અગ્નિ
મિથુન, કર્ક સિંહ	નૈઋત્ય	વૃશ્ચિક, ધન, મકર	નૈઋત્ય	મેષ, વૃષભ, મિથુન	નૈઋત્ય
કન્યા, તુલા વૃશ્ચિક	વાયવ્ય	કુંભ મીન, મેષ	વાયવ્ય	કર્ક, સિંહ, કન્યા	વાયવ્ય
ધન, મકર, કુંભ	ઇશાન	વૃષભ, મિથુન, કર્ક	ઇશાન	તુલા, વૃશ્ચિક, ધન	ઈશાન

गृह–प्रासादाऽरंभे मास फलानि

चैत्रे शोक करं गृहादि रचितं स्यान्माधवेऽर्थप्रदं ।
ज्येष्ठे मृत्युकरं शुचो पशुहरं तद वृद्धिदं श्रावणे ॥
शुन्ये भाद्रपदे त्विषे कलिकरं भृत्यक्षयं कार्तिके ।
धान्य मार्ग सहस्यर्दहन भीर्माघेश्रियं फाल्गुने ॥ २४ ॥

ચૈત્ર માસમાં ગૃહાદિ આરંભ કરવાથી શોક ઉત્પન્ન થાય, વૈશાખે ધન લાભ થાય, જેષ્ઠમાસમાં મૃત્યુ થાય, અષાઢે પશુનો નાશ થાય, શ્રાવણે દરેક પ્રકારની વૃદ્ધિ થાય,

"Aho Shrutgyanam"

ભાદ્રપદે શૂન્ય રહે, અશ્વિની માસે ક્લેશ થાય, કાર્તિકે નોકરનો નાશ થાય, માગશીર્ષે ધાન્ય પ્રાપ્તિ થાય, પોષમાં કામ સંપદા, માઘે અગ્નિ ભય અને ફાલ્ગુન માસે લક્ષ્મી પ્રાપ્તિ થાય. ૨૪.

गृह–प्रासादाऽरंभे राशि फलानि

गृहसंस्थापनं सूर्ये मेषस्थे शुभदं भवेत् ।
वृषस्थे धन वृद्धिः स्यान्मिथुने मरणं ध्रुवम् ॥ २५ ॥

कर्कटे शुभदं प्रोक्तं सिंहं भृत्य विवर्धनम् ।
कन्यायां रुक तुले सोख्यं वृश्चिके धनवर्धनम् ॥ २६ ॥

कार्मुके च महाहानिर्मकरे स्याद्दनागमः ।
कुम्भे तु रत्न लाभः स्यान्मीने सदम भयावहम् ॥ २७ ॥

મેષ રાશિના સૂર્યમાં ગૃહાદિ આરંભ શુભ, વૃષરાશિના સૂર્યમાં ધન વૃદ્ધિ, મિથુન રાશિમાં સ્વામીનું મરણ, કર્ક રાશિમાં શુભ ફલ પ્રાપ્તિ, સિંહ રાશિમાં નોકરની વૃદ્ધિ, કન્યા રાશિમાં રોગ, તુલા રાશિમાં સુખ, વૃશ્ચિક રાશિના સૂર્યમાં ધન વૃદ્ધિ, ધન રાશિમાં મોટી હાનિ, મકર રાશિમાં ધન લાભ. કુંભ રાશિમાં રત્ન લાભ, મીન રાશિના સૂર્યમાં ગૃહારંભ ભયકારક થાય. ૨૫ થી ૨૭.

गृह–प्रासादाऽरंभे वत्स दिशा

कन्यादित्रिषु पूर्वतो यमदिशि त्याज्यं च चापादितः ।
द्वारं पश्चिमतस्त्रिके जल चरात् सौम्ये खौ युग्मतः ॥ २८ ॥

तस्माद्वत्स मुखं दिशासु भवन द्वारा दिकं हानि कृत् ।
सिंहचाथ वृषं च वृश्चिक घटंते हिते सर्वदा ॥ २९ ॥

કન્યા, તુલા અને વૃશ્ચિક એ ત્રણ રાશિના સૂર્યમાં વત્સનું મુખ પૂર્વ દિશામાં હોય છે. ધન, મકર અને કુંભ રાશિમાં વત્સમુખ દક્ષિણે હોય છે. મીન, મેષ અને વૃષભ રાશિના સૂર્યમાં વત્સમુખ પશ્ચિમે હોય છે. મિથુન, કર્ક અને સિંહ એ રાશિના સૂર્યમાં વત્સમુખ ઉત્તરમાં હોય છે. માટે જે દિશામાં વત્સમુખ હોય તે દિશામાં દ્વાર મૂકવામાં આવે તો હાનિ થાય અને વત્સની પાછળ દ્વાર મૂકાય તો આયુષ્યનો ક્ષય થાય. માટે બંને બાજુ દ્વાર મૂકવું પણ સિંહ, વૃષ, વૃશ્ચિક અને કુંભ રાશિના સૂર્યમાં ચારે બાજુ દ્વાર મૂકી શકાય. તેમાં વત્સ દોષ લાગે નહીં. ૨૮, ૨૯.

"Aho Shrutgyanam"

॥ वत्स चक्र ॥

પૂર્વ

કન્યા તુલા વૃશ્ચિક

ઈશાન	૫	૧૦	૧૫	દિવસ ૩૦	૧૫	૧૦	૫	અગ્નિ
૫								૫
૧૦								૧૦
૧૫								૧૫
૩૦				ગૃહ પ્રાસાદ ભૂમિ				૩૦
૧૫								૧૫
૧૦								૧૦
૫								૫
વાયવ્ય	૫	૧૦	૧૫	૩૦	૧૫	૨૦	૫	નૈઋત્ય

સિંહ

ઉત્તર કર્ક

મિથુન


ધન

મકર દક્ષિણ

કુંભ

વૃષભ મેષ મીન

પશ્ચિમ



"Aho Shrutgyanam"

૬૪ પદ ભદ્રક વાસ્તુ

પૂર્વ

સ્કંધ

ઇશાન

અગ્નિ

ઉત્તર
પિલિપિચ્છા

દક્ષિણ
અર્યમા

વાયવ્ય

નૈઋત્ય

જાંભક

પશ્ચિમ




"Aho Shrutgyanam"

૮૧ पद कामद वास्तु

પૂર્વ

સ્કંધ

ઈશાન અગ્નિ



ઉત્તર દક્ષિણ

પિલિપિચ્છા અર્યમા

વાયવ્ય નૈઋત્ય

જાંભકે

પશ્ચિમ

નોટ :- શિલાસ્થાપન વિધિ-ગણપતિ પૂજન, પૃથ્વીપૂજન, કૂર્મ, અનંત વાસ્તુપદપૂજન, શિલાપૂજન, દિક્પાળ આદિ સંપૂર્ણ પૂજનવિધિ શિલ્પ સ્મૃતિ વાસ્તુ વિદ્યાયામ્ પૂર્વાર્ધમાં આપેલ છે.

"Aho Shrutgyanam"

भूमि खनन

सूत्रधारो महाप्राज्ञ शुक्लाम्बर धरः शुचिः ।
करे गृहीत्वा कुदालं दृढश्चैकाग्रमानसः ॥ ३० ॥
तूरि वादित्रनिर्घोषे मङ्गलैः शब्द संकुलम् ।
प्रहार दाययेत्तत्र तत्कूक्षौ वह्नि गोचरे ॥ ३१ ॥

બુદ્ધિમાન સૂત્રધારે સફેદ વસ્ત્ર પહેરી હાથમાં કુદાલ લઈ દૃઢ અને એકાગ્ર મનથી, શરણાય આદિ વાદ્યિત્રના ઘોષ, મંગલ ગીત આદિ શબ્દોના નાદ વચ્ચે અગ્નિકોણે ખાલી કુક્ષિમાં કોદાલનો પ્રહાર કરી ખાત કરવું. ૩૦, ૩૧

रेणु-दिक् फल

उद्धृतेचैव कुदाले तत्तोरेणु निरीक्षयेत् ।
उत्तरेतु भवेत्क्षेमं पश्चिमे पुत्र पौत्रकम् ।
पूर्वतथोत्तमं विद्या ईशाने मोक्षदायकम् ।
इतरासुचतुर्दिशु सर्व दोष समुद्भवः ॥ ३३ ॥

કુદાલથી ખોદતાં રેણુ ઉડે તેનું નિરીક્ષણ કરવું-ઉત્તરે ક્ષેમ, પશ્ચિમે પુત્ર-પૌત્ર-કારક, પૂર્વે ઉત્તમ, ઇશાને મોક્ષદાયક, આ સિવાય બીજી ચારે દિશા સર્વે દોષકારક જાણવી. ૩૨. ૩૩

भूमि खनन निर्णय

पाषाणन्त जलान्त वा वालुकान्त द्रढ भूमि ॥ ३४ ॥

પાષાણ, જલ, વાલુકા (રેતી) અથવા દૃઢ ભૂમિ સુધી ખોદવું. ૩૪ ક્રિપાર્ણવ

शिलान्तं वा जलान्त वा खात्वा शल्यं समुद्धरेत् ॥ ३५ ॥

શિલા-પાષાણ તથા જલ સુધી અથવા શલ્ય ન રહે ત્યાં સુધી ખોદવું.

અપરાજિત.

कर्करान्तं जलान्तं वा शल्यदोषजिघांसया ।
खानयेद्भूकुमारी चेद्विधिना शल्यमुद्धरेत् ॥ ३६ ॥


કઠણ જમીન અથવા જલ સુધી, શલ્યદોષ ન રહે ત્યાં સુધી ભૂમિ કુમારી એટલે શુદ્ધ આવે ત્યાં સુધી શલ્ય કાઢી શુદ્ધ કરવી. અગ્નિપુરાણ.

"Aho Shrutgyanam"

क्षिप्त्वा चंद्रकलाङ्गुलीरधिभुवोद्वाभ्यामथापित्रिभि ।
अष्टाब्धियुगराम-अङ्गुलमितौ रामाब्धिहस्तान्त ।
तस्योर्ध्वं च शतार्धके च मुनिभिर्वृद्ध्याङ्गुलीः षोडशकम् ।
पादमानमिदं वुवन्ति मुनयः शून्यंद्वयं चाष्टमि ॥ ३७ ॥

ભૂમિખનન

એક હાથના પ્રાસાદને સોળ આંગળ ઉંડી ભૂમિ ખોદવી, બે ગજે ૩૨ અંગુલ, ત્રણ ગજે ૪૮ અંગુલ, ચાર ગજે ૬૪ અંગુલ, ચાર ગજથી પચાસ ગજ સુધી દર ગજે સોળ સોળ અંગુલ વૃદ્ધિ કરવી, આઠસો અંગુલ અથવા તેત્રીશ ગજ આઠ અંગુલ પાયા ખનન પ્રમાણ મુનિજનોએ કહેલું જે. ૩૭. –પ્રાસાદતિલક



"Aho Shrutgyanam"

यद्येवं शिथिला महीच तदध पूर्तिं स्ततः स्था शिला ।
दीर्घपाणि वसु प्रयुक्तमपि तन्छुद्धार्य्य संयुक्तकम् ॥
शुद्रायामत एव शिल्प रचने कार्या तथा पुष्पिका ।
प्राय शर्करिकाख्य आलय विधौव्या चष्ट विद्यानिधि ॥ ३८ ॥

જે ભૂમિ શિથિલ–નરમ હોય અને શુદ્ધ વર્ણની હોય તો બ્યાશી અંગુલની ઊંડાઈ કરી નીચે શર્કરા, પત્થરની કાંકરીના થરો નાખી પાયો પૂરવો. તે ઉપર ખુર શિલા મૂકવી, એ રીતે શિલ્પ રચનાના વિષયમાં ભવન નિર્માણનો પ્રારંભ કરવો તેવું વિદ્યાનિધિએ કહેલ છે. –પ્રાસાદતિલક.

शिला नामानि

नंदा भद्रा जया रिक्ता चाजितावापराजिता ।
शुक्ला सौभागिनी चैव धरणी नवमी शिला ॥ ३९ ॥

૧ નંદા, ૨ ભદ્રા, ૩ જયા, ૪ રિક્તા, ૫ અજિતા, ૬ અપરાજિતા, ૭ શુક્લા, ૮ સૌભાગિની, ૯ ધરણી. એ નવ શિલાના નામ જાણવા. –ક્ષીરાર્ણવ.

नन्दा भद्रा जया पूर्णा विजया पञ्चमी शिला ।
मंगलाह्यजिताऽपराजिता च धरणी भवा ॥ ४० ॥

૧ નંદા, ૨ ભદ્રા, ૩ જયા, ૪ પૂર્ણા, ૫ વિજયા, ૬ મંગલા, ૭ અજિતા, ૮ અપરાજીતા, ૯ ધરણી. –અપરાજિત.

नन्दा भद्रा जया रिक्ता पूर्णाख्यापञ्चमी मता ।
प्रासादेस्म शिला शैल इष्टका इष्टका मये ॥ ४१ ॥

૧ નંદા, ૨ ભદ્રા, ૩ જયા, ૪ રિક્તા, ૫ પૂર્ણા, એ પાંચ શિલા જાણવી. પત્થરના પ્રાસાદને પાષાણ અને ઈંટના પ્રાસાદને ઈંટની શિલા કરવી.
–પંચશિલાપ્રમાણ અગ્નિપુરાણ.

नन्दा भद्रा जया पूर्णा अजिताचापराजिता ।
विजया मङ्गलाख्या च धरणी नवमी शिला ॥ ४२ ॥

૧ નંદા, ૨ ભદ્રા, ૩ જયા, ૪ પૂર્ણા, ૫ અજિતા, ૬ અપરાજિત, ૭ વિજયા, ૮ મંગલા, ૯ ધરણી. –અગ્નિપુરાણ

"Aho Shrutgyanam"

कूर्मशिला प्रमाण

श्री विश्वकर्मा उवाच–

एक हस्ते तु प्रासादे शिला वेदाङ्गुला भवेत् ।
द्वयंगुला भवेद् वृद्धि यावत्दशहस्तकं ॥ ४३ ॥
दशोर्धविंश पर्यंत हस्तहस्तेकमंगुलं ।
अर्धांगुलं भवेद् वृद्धिर्यावत्हस्त शतार्द्धकं ॥ ४४ ॥

વિશ્વકર્મા નારદજીને કહે છે કે, પ્રાસાદની કૂર્મશિલાનું માન કહું છું–એક હસ્તના પ્રાસાદને ચાર અંગુલની કૂર્મશિલા કરવી, બે થી દશ હસ્ત સુધી પ્રત્યેક હસ્તે બબ્બે અંગુલ વૃદ્ધિ કરવી, અગિયાર થી વીશ હસ્ત સુધી અકેક અંગુલ વૃદ્ધિ કરવી અને એકવીશથી પચાસ હસ્તના પ્રાસાદ સુધી અર્ધા આંગળની વૃદ્ધિ કરવી. –क्षीरार्णव.

तृतीयांश कृते पिंड स्तदोर्धांक्षोभमामकं ।
पूष्परम्य यदाकारं शिला मध्येमलंकृतम् ॥ ४५ ॥
लहेर च मच्छ मंडूकं मकरै ग्रासमेव च ।
शंख सर्प घटयुक्तं शिला मध्ये मलंकृतम् ॥ ४६ ॥

ઉપર કહેલ માનથી સમચોરસ કરવી અને ત્રીજે ભાગે જાડી કરવી, તેના ઉપરના ભાગમાં રમ્ય એવી પુષ્પના આકારે આકૃતિ કરવી, નવ ખાના પાડી અલંકૃત કોતરવી, તે નવ ખાનામાં ૧ જળની લહેર, ૨ માછલી, ૩ દેડકો, ૪ મગર, ૫ ગ્રાસ, ૬ શંખ, ૭ સર્પ, ૮ કુંભ, ૯ કૂર્મ, મધ્યે ભાગે કરવો.

मतान्तरे कूर्मशिला प्रमाण

एक हस्ते तु प्रासादे शिला वेदाङ्गुला भवेत् ।
षडङ्गुला द्विहस्ते च त्रिहस्ते च ग्रहाङ्गुला ॥ ४७ ॥
चतुर्हस्ते च प्रासादे शिला स्याद् द्वादशाङ्गुला ।
तृतीयांशोदयः कार्यो हस्तादौ च युगान्तत् ॥ ४८ ॥
ततः परेष्टहस्तान्त वृद्धिरूयङ्गुलतो भवेत् ।
पुनर्दधङ्गुलतो वृद्धि पञ्चाशद्धस्तकावधि ॥ ४९ ॥

એક હસ્તના પ્રાસાદને શિલા ચાર અંગુલની કરવી, બે હસ્તને છ અંગુલ, ત્રણ હસ્તને નવ અંગુલ, ચાર હસ્તને બાર અંગુલ શિલા કરવી, ત્રીજે ભાગે જાડી કરવી, પાંચથી આઠ હસ્ત સુધી અકેક અંગુલ વૃદ્ધિ કરવી. નવથી પચાસ હસ્ત સુધી અર્ધા અંગુલ વૃદ્ધિ કરવી. –अपराजित.

"Aho Shrutgyanam"

प्रासादमान कूर्म

एक हस्ते तु प्रासादे कूर्मः स्याच्चतुरङ्गुलं ।
अर्धाङ्गुला भवेद् वृद्धिः प्रतिहस्तं दशावधि ॥ ५१ ॥
पाद वृद्धिः पुनः कुर्याद्विंशति हस्ततः करे ।
ऊर्ध्वं वै त्रिंशद्धस्तान्तं वसु हस्ते कमङ्गुलम् ॥ ५२ ॥
ततः परं शतार्धन्त सूर्य हस्तकमङ्गुलम् ।
अनेन क्रमयोगेन मन्वङ्गुल शतार्धके ॥ ५३

એક હસ્તના પ્રાસાદને કૂર્મ ચાર આંગળ કરવો, દશ હસ્ત સુધી અર્ધા અર્ધા અંગુલ વૃદ્ધિ કરવી, વીશ હસ્ત સુધી પા અંગુલની વૃદ્ધિ કરવી અને ત્રીશ હસ્ત સુધી દરેક હસ્તે ½ અંગુલની વૃદ્ધિ કરવી, ૩૧ થી ૫૦ હસ્ત સુધી ¼ ભાગની વૃદ્ધિ કરવી, પચાસ હસ્તે ચૌદ આંગળ શિલામાન થયું.

कनिष्ट पादहीनं च ज्येष्ठ पादाधिकं तथा ।
साधारण मिदंमानं त्रिविधं कूर्म मानतः ॥ ५४ ॥

ચોથો ભાગ હીન કરવાથી કનિષ્ઠ માન અને ચોથો ભાગ વૃદ્ધિ કરવાથી જ્યેષ્ઠ માન થાય, સાધારણ રીતે કૂર્મના ત્રણ માન જાણવા.

हैमो रोप्यश्च कर्त्तव्यः सर्व पाप प्रणाशनः ।
इत्यं कूर्म यः करोति सर्व यज्ञ फलं भवेत् ॥ ५५ ॥

કૂર્મ–સુવર્ણ અથવા રૂપાનો કરવો. સર્વ પાપનો નાશ કરનાર અને સર્વયજ્ઞનું ફલ આપનાર છે. –અપરાજિત.

प्रासादमान कूर्म

अर्धाङ्गुलो भवेत्कूर्म एक हस्त सुरालये ।
अर्धाङ्गुला ततो वृद्धिः कार्या तिति करावधि ॥ ५६ ॥
एकत्रिंशत्करान्तश्च तदर्धा वृद्धि रिष्यते ।
तत्तोऽर्धापि शतार्धान्तं कुर्यादङ्गुल मानतः ॥ ५७ ॥

એક હસ્તના પ્રાસાદને (સુવર્ણ તથા રૌપ્યનો) કૂર્મ અર્ધા અંગુલનો કરવો, પછી દરેક હસ્તે પંદર હસ્ત સુધી અર્ધા અંગુલ વૃદ્ધિ કરવી, સોળથી ત્રીશ હસ્ત સુધી તેનાથી અર્ધ એટલે ¼ અંગુલ વૃદ્ધિ કરવી અને બત્રીશથી પચાસ હસ્ત સુધી તેનાથી અર્ધ એટલે ½ અંગુલની પ્રત્યેક હસ્તે વૃદ્ધિ કરવી.

"Aho Shrutgyanam"

चतुर्थां साधिको ज्येष्ठः कनिष्ठो हीन योगतः ।
सुवर्ण रूप्यजो वापि स्नाप्यः पञ्चामृतेन वै ॥ ५८ ॥

કૂર્મના કહેલ પ્રમાણથી ચોથે ભાગે અધિક કરવાથી જ્યેષ્ઠમાન અને ચોથે ભાગે ન્યૂન કરવાથી કનિષ્ઠમાન જાણવો, સુવર્ણ તથા રોપ્યનો કૂર્મ કરવો, કૂર્મને પંચામૃત સ્નાન કરાવી સ્થાપન કરવો. –પ્રાસાદમંડન

शिलामान कूर्म

मध्ये कूर्मश्च दातव्यो रत्नालङ्कार संयुतः ।
हेम रूप्यमयः कार्यो दृढरुप मयो भवेत् ॥ ५९ ॥
शिलाया पञ्चमांशेन कर्तव्यं कूर्म उत्तमः ।
सर्वालङ्कार संयुक्तो दिव्य पूजा सपूजितः ॥ ६० ॥
वस्त्र वैडूर्य संयुक्त इन्द्रनील समन्वितः ।
पुष्प रागेश्च गौमेदैः प्रवाले परि वेष्टितः ॥ ६१ ॥

ખનન કરેલ ભૂમિના મધ્ય ભાગે રત્નો અને અલંકારોથી વિભૂષિત સુવર્ણ અથવા રૌપ્યનો દૃઢ નક્કર કૂર્મ કરવો. શિલાના પાંચમા અંશે કૂર્મ કરવો ઉત્તમ છે, સર્વ અલંકાર સંયુક્ત અને દિવ્ય પૂજાની સામગ્રીથી પૂજવો. વસ્ત્ર અને વૈડૂર્ય, ગોમેદ, ઇંદ્રનીલ, પુષ્પરાગ, પ્રવાલ આદિ રત્નોથી આચ્છાદિત કરવો.

अष्ट शिला प्रमाण

एक हस्ते च प्रासादे शिला सप्ताङ्गुल भवेत् ।
ततः पञ्चकरं यावद् वृद्धि कार्या च द्वयङ्गुला ॥ ६२ ॥
पञ्चोद्व दश पर्यन्तं वृद्धि रेकाङ्गुला स्मृता ।
दशोर्ध्वं विंशपर्यन्तं पादोना वृद्धिरङ्गुला ॥ ६३ ॥
विंशोर्ध्वश्च शतार्धान्तं वृद्धिरर्धाङ्गुला करे ।
चतुरस्त्रा समा कार्या स्थूला वै चतुरंशत् ॥ ६४ ॥

એક હસ્તના પ્રાસાદને સાત અંગુલ શિલા કરવી અને પછી બે થી પાંચ સુધી બે અંગુલ વૃદ્ધિ કરવી. છ થી દસ હસ્ત સુધી એક અંગુલ વૃદ્ધિ, અગિયારથી વીશ હસ્ત સુધી પોણો અંગુલ વૃદ્ધિ અને એકવીશથી પચાસ હસ્ત સુધી અર્ધાઅંગુલ વૃદ્ધિ કરવી, શિલામાન પ્રમાણે ચોરસ કરવી અને ચોથા ભાગે જાડી કરવી. –શિલ્પરત્નાકર

"Aho Shrutgyanam"

અષ્ટશિલા–બૃહદ શિલ્પ શાસ્ત્ર :—

એક હસ્ત પ્રાસાદને શિલા સાત અંગુલ, બે થી પાંચ હસ્ત સુધી બબ્બે અંગુલ વૃદ્ધિ, છ થી દશ હસ્ત એક અંગુલ વૃદ્ધિ, અગિયારથી પચાસ હસ્ત સુધી અર્ધા-અંગુલ વૃદ્ધિ કરવી, લંબાઈના અર્ધમાને પહોળી અને પહોળાઇના અર્ધમાને જાડી કરવી.

પ્રાચીન હસ્ત લિખીત શિલ્પ ગ્રંથ પ્રમાણ

કૂર્મશિલા

પ્રાસાદ હસ્ત

૧ શિલા અંગુલ ૪
૨ શિલા અંગુલ ૬
૩ શિલા અંગુલ ૮
૪ શિલા અંગુલ ૧૦
૫ શિલા અંગુલ ૧૨

છ થી દશ હસ્ત સુધી બે અંગુલ વૃદ્ધિ કરવી. અગિયારથી વીશ હસ્ત અકેક અંગુલ વૃદ્ધિ કરવી. એકવીશથી પચાસ હસ્ત અર્ધા અંગુલ વૃદ્ધિ કરવી.

અષ્ટશિલા પ્રમાણ

૧ નંદા, ૨ ભદ્રા, ૩ જયા, ૪ રિક્તા, ૫ અજિતા, ૬ અપરાજિતા, ૭ શુક્લા, ૮ સૌભાગ્યની.

પ્રાસાદ હસ્ત	શિલા	અંગુલ	લંબાઇ	પહોળાઇ	જાડાઇ
૧	શિલા	,,	૪	૨	૧
૨	શિલા	,,	૬	૩	૧½
૩	શિલા	,,	૮	૪	૨
૪	શિલા	,,	૧૦	૫	૨½
૫	શિલા	,,	૧૨	૬	૩

હસ્ત છ થી દશ બે અંગુલ વૃદ્ધિ, અર્ધ પહોળી, ચોથે ભાગે જાડી. જાડાઇના અર્ધ ભાગે સ્વરૂપનું ખોદાણ કરવું.

હસ્ત અગિયારથી વીશ સુધી અકેક અંગુલ વૃદ્ધિ, અર્ધ પહોળી, ચોથે ભાગે જાડી કરવી.

હસ્ત એકવીશથી પચાસ સુધી અર્ધા અંગુલ વૃદ્ધિ કરવી અને અર્ધ ભાગે પહોળી, ચોથે ભાગે જાડી કરવી.

"Aho Shrutgyanam"

	શિલા	આયુધ	વસ્ત્ર
૧	પૂર્વ	વજ્ર	પીળું વસ્ત્ર
૨	અગ્નિ	શક્તિ	લાલ વસ્ત્ર
૩	દક્ષિણ	દંડ	શ્યામ વસ્ત્ર
૪	નૈઋત્ય	ખડ્ગ	વાદળી વસ્ત્ર
૫	પશ્ચિમ	પાશ	ગુલાબી વસ્ત્ર
૬	વાયવ્ય	અંકુશ	સફેદ વસ્ત્ર
૭	ઉત્તર	ગદા	લીલું વસ્ત્ર
૮	ઈશાન	ત્રિશુલ	સફેદ વસ્ત્ર
૯	ધરણી શિલાને	—	પીળું વસ્ત્ર

शैलजे शैलजा कार्या एष्टिके चेष्टी कामथी ॥ ६५ ॥

પાષાણના પ્રાસાદને પાષાણની અને ઈંટના પ્રાસાદને ઈંટની શિલા કરવી.

अष्टशिला

नन्दा भद्रा जया पूर्णा विजया पञ्चमीशिला ।
मङ्गला ह्यजिताऽपराजिता च धरणी भवा ॥ ६६ ॥
शिला निवेशयेत्पूर्व पश्चात्पीठ निबन्धनम् ।
जङ्घाया शिखरे चैव वेदिका कलशान्तरे ॥ ६७ ॥
शिलोपरि समस्तं तच्छिलाधश्चोप पीठकम् ।
इति युक्तिर्विधातव्या शिलान्त शुभ लक्षणा ॥ ६८ ॥

૧ નંદા, ૨ ભદ્રા, ૩ જયા, ૪ પૂર્ણા, ૫ વિજ્યા-પંચમી શિલા જાણવી, ૬ મંગલા, ૭ અજિતા, ૮ અપરાજિતા, અને ધરણી નવમી શિલા જાણવી. આ શિલા પૂર્વ-પશ્ચિમ આદિ દિશાઓમાં પાયા નીચે મૂકવી, તેના ઉપર જંઘા શિખર વેદી અને કલશના અંત સુધી પીઠ બંધન સમસ્ત પ્રાસાદની રચના થશે. માટે યુક્તિ અને વિધિએ કરી શિલા સ્થાપન કરવું એ શુભ લક્ષણ છે.

शिला स्वरूप

शिलाः कृत्वा प्रमाणेन शिलानामुपरिततः ।
अग्निकोणात् समारभ्य स्वरुपाणि प्रकल्पयेत् ॥ ६९ ॥

"Aho Shrutgyanam"

शक्ति दण्डं तथा खड्ग पाशाङ्कुश गदा स्तथा ।
त्रिशूलं वज्रकञ्चैव आयुधानि प्रकल्पयेत् ॥ ७० ॥
रक्तं श्याम तथा नीलं पाण्डुरं श्वेत वर्णकम् ।
हरितं शुक्ल पीते च वस्त्राणि परिदापयेत् ॥ ७१ ॥

પ્રાસાદમાને શિલાઓ કરવી અને અગ્નિકોણથી આરંભી શિલાઓમાં નીચે મૂજબ સ્વરૂપો કરવાં, અગ્નિકોણની શિલામાં શક્તિ, દક્ષિણ દિશાની શિલામાં દંડ, નૈઋત્ય કોણની શિલામાં ખડ્ગ, પશ્ચિમની શિલામાં પાશ, વાયવ્યકોણની શિલામાં અંકુશ, ઉત્તરદિશાની શિલામાં ગદા, ઇશાનકોણની શિલામાં ત્રિશુલ, પૂર્વદિશાની શિલામાં વજ્ર કરવું. આ પ્રમાણે આયુધો કરવાં અને ઉપરના ક્રમથી શિલાઓને રાતું, કાળું, આસમાની પાંડુ રંગ, ધોળું, લીલું, સફેદ, પીળું, એ રંગના વસ્ત્રો પરિધાન કરાવવાં.

शिलोर्ध्वं तु न दातव्या इष्टिका च कदाचन ।
दिक्पालोभ्यो बलिं दद्याद् दिव्य वस्त्रं च शिल्पिने ॥ ७२ ॥
अर्चयित्वा प्रयत्नेन होमकर्मादि मंगलम् ।
अनेन विधिनाचैव सर्वपाप क्षयो भवेत् ॥ ७३ ॥

પાષાણની શિલા ઉપર ઇંટની શિલા કદાપી પણ સ્થાપિત કરવી નહિં. (અર્થાત્ પાષણની શિલા ઉપર પાષાણની શિલા સંપુટની જેમ ઢાંકવી) દિક્પાલોનું પૂજન કરી બલીદાન આપવું. દિવ્ય વસ્ત્રાભૂષણ આપી શિલ્પીને સંતુષ્ટ કરવા. પૂજન વગેરે પ્રયત્નથી કરી હોમ વગેરે માંગલિક કાર્ય કરવું. આ પ્રમાણે અનેક વિધિ-વિધાનથી શિલાઓ સ્થાપિત કરવાથી સર્વ પાપનો નાશ થાય છે.

નવ નિધિ કુંભો

अधः खाते सम्पुटेषु निधि कुम्भांश्च योजयेत् ।
पद्मश्चाथ महापद्म शङ्खो मकर कच्छपौ ॥ ७४ ॥
मुकुंद कुन्द नीलाश्च खर्वश्च निधयो नव ।
सुभद्रश्च विभद्रश्च सुनन्दः पुष्पदन्तकः ॥ ७५ ॥
जयोऽथ विजयश्चैवं कुम्भ पूर्ण स्तथोत्तम ।
इत्येवं नव कुम्भाश्च नियोज्या स्तत्र वैक्रमात् ॥ ७६ ॥

ભૂમિમાં ખોદી નવ નિધિ કુંભો સંપુટ સહિત સ્થાપવા. ૧ પદ્મ, ૨ મહાપદ્મ, ૩ શંખ, ૪ મકર, ૫ કચ્છપ, ૬ મુકુંદ, ૭ કુંદ, ૮ નીલ, ૯ ખર્વ. અને નવ કુંભો ૧ સુભદ્ર, ૨ વિભદ્ર, ૩ સુનંદ, ૪ પુષ્પદંત, ૫ જય, ૬ વિજય, ૭ કુંભ, ૮ પૂર્ણ, ૯ ઉત્તમ. એ નવ કુંભો યોજનાપૂર્વક ક્રમે સ્થાપવા.

"Aho Shrutgyanam"

कूर्मशिला स्वरूपो विधान

कूर्मो मध्यस्थले तु गर्भ रचना वन्हे शिलायाजलं ।
याम्ये मीन मुखश्च नैऋतदिशि स्थाप्यं तथा दर्दुरम् ॥
वारुण्यां मकरश्च वायुदिशि वैग्रासश्वसोम्येध्वनिः ।
नागंशङ्कर दिक्षु पूर्वविषये कुंभ शिला वह्नित ॥ ७७ ॥

કૂર્મશિલાના મધ્ય ભાગમાં કૂર્મ કરવો, અગ્નિકોણે જલતરંગ, દક્ષિણ દિશામાં મચ્છ, નૈઋત્યકોણે દેડકો, પશ્ચિમ દિશાએ મકર, વાયવ્યમાં ગ્રાસ, ઉત્તરમાં શંખ, ઇશાનમાં સર્પ, પૂર્વમાં કલશ કરવો, આ સ્વરૂપો અગ્નિકોણથી શિલામાં સવ્ય પ્રદક્ષિણાએ કરવાં.

कूर्म मुख

हेमजं तारजं कूर्म वृष वा द्वार समन्वितः ॥ ७८ ॥

સોનાના અથવા રૂપાના બનાવેલ કાચબા અથવા વૃષને દ્વાર સામે સ્થાપવો.

अष्ट शिला स्थापन माटे मतान्तर

नंदा पूर्वां प्रदातव्या शिलाः शेषाः प्रदक्षिणा ॥ ७९ ॥

નંદાશિલા પૂર્વદિશામાં સ્થાપવી. બાકી શેષ શિલા પ્રદક્ષિણાએ સ્થાપવી.

–क्षीरार्णव–अपराजित.

ઉપરોક્ત મત અગ્નિપુરાણનો છે, તેમાં અગ્નિકોણે નંદાશિલા અને અગ્નિદેવનું આયુધ અસિ સ્પષ્ટ કરેલ છે, આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે નવશિલા સ્થાપનમાં નંદા અગ્નિકોણે સ્થાપવી અને બાકીની સવ્ય પ્રદક્ષિણાએ શિલાઓ સ્થાપી, મધ્યે નવમી ધરણી શિલાનું સ્થાપન કરવું.

કૂર્મશિલામાં પૂર્વે લહેર કરવાની પરાપૂર્વ પદ્ધતિ છે પણ શાસ્ત્રકારોએ દિશા સ્પષ્ટ કરેલ નથી. પણ વાસ્તુરાજમાં સૂત્રધાર વીરપાળે સ્પષ્ટ કરેલ છે.

कूर्मो मध्य स्थले गर्भ रचना वन्हे शिलाया जलं ॥ ८० ॥

શિલાના ગર્ભ મધ્યે કૂર્મ કરવો અને અગ્નિકોણે જલતરંગ કરવા. આ સ્પષ્ટ કરેલ છે.

कूर्म प्रतिष्ठा महाफल

कृत कूर्म प्रतिष्ठायां खाते पूर्ण सुसंस्थिते ।
भूर्लोके लभते राज्यं सर्व जन्मसु शाश्वत्तम ॥ ८१ ॥

"Aho Shrutgyanam"

કૂર્મ પ્રતિષ્ઠા કરી ખાતનો નાભિનાલ પૂર્ણ રીતે ચણી લેવાથી જન્મોજન્મ ભૂલોકમાં શાશ્વત રાજ્ય પ્રાપ્ત થાય.

अष्ट शिला प्रतिष्ठा फल

शिला प्रतिष्ठ मानासु दैवतैस्त्र शुचते ।
स्वर्गे चामीप्सितं स्थानं राज्यं च जन्मजन्मनि ॥ ८२ ॥

અષ્ટશિલાઓનું અષ્ટદિશામાં સ્થાપન કરવાથી દેવો વિચારમાં પડે છે અને સ્થાપન કરનાર સ્વર્ગમાં ઇચ્છિત સ્થાન મેળવે છે અને જન્મોજન્મ રાજ્ય પ્રાપ્ત કરે છે.

शिला प्लव दिक्

શિલાન્યાસમાં શિલા કઈ તરફ ઢળતી રાખવી તેનો સ્થપતિએ પહેલા નિર્ણય કરવો. શિલા સ્થાપિત કર્યા પછી ચલાયમાન કરવી તે અશુભ છે, શિલાનો ઢાળ પૂર્વ-ઉત્તર તરફ કરવો શુભદાયક છે, વાસ્તુ દ્વાર પૂર્વ તરફ હોય તો પૂર્વ તરફ ઢાળ રાખવો અને ઉત્તર તરફ દ્વાર હોય તો ઉત્તર તરફ ઢાળ રાખવો, પણ પશ્ચિમ મુખ વાસ્તુ હોય તો ઉત્તર તરફ અને દક્ષિણ મુખ વાસ્તુ હોય તો પૂર્વ તરફ ઢાળ રાખવો કારણ કે પશ્ચિમ દક્ષિણ ઢાળવાળી શિલા અશુભ છે.

प्रार्थना

धरणि लोकधारिणी त्वामत्र स्थापयाम्यहम् ।
निर्विघ्नं धारयत्वमे प्रासाद सर्वदा शुभे ॥ ८३ ॥

કૂર્મ સ્થાપન મંત્ર

અભિષેક કરી તૈયાર રાખેલ સુવર્ણ, રૌપ્ય, તામ્રમય કૂર્મને લઈ ૐ કૂર્મ ઇહાऽऽગચ્છ ઇહ તિષ્ઠ ૐ કૂર્માય નમઃ આ મંત્ર ભણી કૂર્મને મધ્યશિલા ઉપર પ્રતિષ્ઠિત કરવો. કેસર, ચંદન, અક્ષત, પુષ્પથી પૂજન કરવું.

प्रार्थना

सर्व लक्षण संपन्न कूर्म भूधरणं क्षम् ।
चैत्यंकर्त्तु महीपृष्ठे, ममाज्ञांदातु महंसि ॥ ८४ ॥

પ્રાર્થના કરી કૂર્મ ઉપર પુષ્પાંજલી અર્પવી. ગીત વાજિંત્ર વગડાવવા, દિક્પાલોને બલી અર્પવું. ગૃહસ્વામીએ યથાશક્તિ યાચકોને દાન આપવું. શિલ્પીનો સત્કાર કરવો.

"Aho Shrutgyanam"

शिलान्यास पछी शुभकर्मो

विन्यस्य चैव पुनरिष्टकांच गंधोदकैः संपरिपूर्यगर्तम् ।
कृत्वा प्रसुनानि परीक्षयेच्च, निक्षिप्य चावर्तमयाक्षतानि ॥ ८५ ॥

तदक्षिणा वर्तमतीव शस्तं, वामं तु निंद्यं खलु दुःखदत्वात् ।
शाल्यादिभिः क्षेत्रज मृतिका भिस्तन्मध्यगर्तं परिपूर्य रक्षेत ॥ ८६ ॥

ઉક્ત વિધિથી શિલાન્યાસ કરીને, તે ખાડાને શુદ્ધ સુગંધી જલવડે પુરીને ઉપર પુષ્પો તથા અક્ષતો નાખીને, આવર્તોની પરીક્ષા કરવી, જો તે ખાતના જલમાં દક્ષિણાવર્ત ઉત્પન્ન થાય એટલે પુષ્પ અક્ષતાદિ સૃષ્ટિ ક્રમે ફરતાં દેખાય તો નિમિત્ત બહુ જ ઉત્તમ સમજવું, જલમાં એથી વિપરીત વામાવર્ત્ત ઉત્પન્ન થાય તો નિમિત્ત અશુભ જાણવું. દક્ષિણાવર્ત્ત કે વામાવર્ત્ત કંઈ ન થાય તો નિમિત્ત મધ્યમ જાણવું. અશુભ નિમિત્ત દૃષ્ટિગોચર થાય તો શિલાન્યાસ શુભ મુહૂર્ત જોઈ ફરી કરવો.

पद्मनाल–

सुवर्ण कृशरायुक्तं पद्मनालं ततो न्यसेत् ।
देव देवेश शक्त्यादि मूर्ति पर्य्यन्त मासनम् ॥ ८७ ॥

...નાની અથવા મિશ્રસ ધાતુ યુક્ત પદ્મનાલ કરવી, તે દેવ, દેવાધિદેવ અથવા શક્તિ જે મૂર્તિ હોય ત્યાં સુધી લઈ જવી.

योगनाल

भावि देव मुखं कूर्मं सुवर्णरौप्यनिधापयेत् ।
तत्पाद दषदोर्मध्य समायामं प्रणालकम् ॥ ८८ ॥


कूर्म स्योपरि संस्थाप्य कारयेत गर्तं पुरणम् ।
सशर्करैर्वालुकैश्च, मृद्भिश्च दषदादिभिः ॥ ८९ ॥

दृढं प्रपुरयेच्छुद्धैर्जलैराप्लाप्य मुद्गरैः ।
मुशलै बृहच्छिरस्कैस्तु, निहत्यदृढतांनयेत् ॥ ९० ॥

गज संचारणं तत्र बहुश कारयेत् पुनः ।
एवदृढतरं कृत्वा, समी कृत्य जलादिभि ॥ ९१ ॥

दिग्ज्ञान प्रक्रियादक्षः सतत्कर्म समाचरेत् ॥ ९२ ॥

"Aho Shrutgyanam"



શ્રી ચેન્નુર જૈન દેરાસર હસ્તિન દર્શન (એન. સી. સોમપુરા)

"Aho Shrutgyanam"



રાણી રૂપમતિની મસ્જીદની જાળી

"Aho Shrutgyanam"

ભાવિ દેવ જે તરફ આવતાં હોય તે તરફ મુખ રાખી સુવર્ણ અથવા રૌપ્યનો કૂર્મ સ્થાપવો અને તે ઉપર યોગનાલની સ્થાપના કરી ખાડો શુદ્ધ રેતી, માટી, ખડી પાષાણથી પુરી, પાણી નાખી મુદ્ગર અથવા મુશળથી કૂટિ મજબુત કરવો, અનેકવાર હાથી ચલાવી વાસ્તુ તલ અતિ દૃઢ કરવું. વાસ્તુભૂમિને દૃઢ અને સમતલ કર્યા પછી દિશા જ્ઞાનની પ્રક્રિયા જાણનાર ચતુર શિલ્પિએ વાસ્તુભૂમિમાં પૂર્વાદિ દિશાઓ નિશ્ચિત કરવાનું કાર્ય શરૂ કરવું.

नालं संस्थापनम्

नालमेवं प्रकर्तव्यं सौम्यं प्रासाद मध्यगम् ।
स्थापयित्वा विषेषण अनेन विधिना तथा ।। ९३ ।।
नालं गन्धोदकैर्दिव्यैः स्थापयित्वाहृदाबुधः ।
शान्ति होमं तु कुर्वीत वारूण सक्त मुश्चरन् ।। ९४ ।।
स्थापकः सुप्रसन्नात्मा सु मुहूर्ते सुलग्नके ।
सर्वालंकार संयुक्तं सर्व तोय समन्वितम् ।। ९५ ।।

નાલને અનેક વિધિએ કરીને વિશેષે પ્રાસાદની મધ્યે સ્થાપવી, નાલને સુગંધી દિવ્ય જલથી અભિષેક કરી સ્થાપવી, શાન્તિ હોમ કરવો અને વરૂણ સુક્ત બોલવો. સ્થાપકે સુપ્રસન્ન દીલથી, સારા મુહૂર્તે, શુભ લગ્ને સર્વ અલંકાર યુક્ત અને જલોનો સમન્વય કરીને નાલનું સ્થાપન કરવું.

शुभ वारा

आदित्य भौम वर्जन्तु सर्ववाराः शुभावहाः ।। ९६ ।।

રવિ અને ભૌમ વાર તજવા, બીજા સર્વ વારો શુભકારક છે.

शिलान्यास नक्षत्र

शिलान्यासतु रोहिण्या श्रवणे हस्त पुष्ययोः ।
मृगशिर्ष च रेवत्या-मुतरात्रितये शुभ ।। ९७ ।।

રોહિણી, શ્રવણ, હસ્ત, પુષ્ય, મૃગશિર્ષ, રેવતી, ઉ. ફા., ઉ. ષા., ઉ. ભા., આ નક્ષત્રોમાં શિલાન્યાસ કરવો શુભ છે. - પ્રાસાદમંડન

शिलान्यासः प्रकर्त्तव्यो गृहाणां श्रवणे मृगे ।
पौष्णे हस्ते च रोहिण्यां पुष्याश्वनि न्युत्तरात्रये ।। ९८ ।।

શ્રવણ, મૃગશિર્ષ, રેવતી, હસ્ત, રોહિણી, પુષ્ય, અશ્વિની, તથા ત્રણ ઉત્તરામાં શિલાન્યાસ કરવો. -મુહૂર્તમાર્તણ્ડ

"Aho Shrutgyanam"

शिलान्यास प्रकर्त्तव्योः—

उत्तरेपि च रोहिण्यां पुष्ये मैत्रे करद्वये ।
धनिष्ठा द्वितये पोष्णे गृहारम्भ प्रशस्यते ॥ ९९ ॥

શિલાન્યાસમાં ત્રણ ઉત્તરા, રોહિણી, પુષ્ય, અનુરાધા, હસ્ત, ચિત્રા, ધનિષ્ઠા, શતભિષા અને રેવતી આ નક્ષત્રો ગૃહારંભે પ્રશસ્ત છે. —વાસ્તુ રત્નાકર

अश्विनी रोहिणी मूलमुत्तरात्रय मैदवम् ।
स्वाती हस्तोऽनुराधा च गृहारंभे प्रशस्यते ॥ १०० ॥

અશ્વિની, રોહિણી, મૂલ, ત્રણ ઉત્તરા, સ્વાતી, હસ્ત અને અનુરાધા એ નક્ષત્રોમાં ગૃહારંભ પ્રશંસનીય છે. —વાસ્તુ પ્રતિષ્ઠાકલ્પ

उत्तरात्रय रोहिण्या आर्द्रा चैव पुनर्वसू ।
पुष्यानुराधा श्रवणं मृगस्वात्यो च हस्तकम् ॥ १०१ ॥
मूलं च नक्षत्राणि हि गृहे विष्टि विवर्जितम् ।
एतन्नोक्तं प्रतिष्ठादौ देवान्तदेव वेश्मनाम् ॥ १०२ ॥

ત્રણ ઉત્તરા, રોહિણી, આર્દ્રા, પુનર્વસુ, પુષ્ય, અનુરાધા, શ્રવણ, મૃગશિર્ષ, સ્વાતી, હસ્ત, મૂલ એ નક્ષત્રો ગૃહ અને દેવપ્રાસાદોમાં શિલા આદિ પ્રતિષ્ઠામાં શુભ છે. વિષ્ટિયોગ તજવો. —અપરાજિત

वास्तु चक्र–

आरंभे वृषभचक्र स्तंभे ज्ञेय तु कूर्मकम् ।
प्रवेशे कलशचक्र वास्तुचक्र बुधै स्मृतम् ॥ १०३ ॥

ગૃહારંભમાં 'વૃષભ ચક્ર' સ્તંભ સ્થાપન કરવામાં 'કૂર્મ ચક્ર' પ્રવેશમાં 'કલશ ચક્ર' આ પ્રમાણે ત્રણ વાસ્તુચક્ર જોવાનું વિદ્વાનોએ કહેલ છે.

वृषवास्तु चक्र

गेहाद्यारंभेऽर्क भाद्वत्सशीर्षे रामै ३ र्दाहो वेद ४ मैरग्रपादे शुन्यं वेदैः ।
४ पृष्टपाटे स्थिरत्वं रामैः ३ पृष्टे श्रीर्युगै ४ र्दक्ष कुक्षौ ॥१०४॥
लाभो रामैः ३ पुच्छरौः स्वामीनाशो वेदै ४ नैष्टवं वाम कुक्षौ मुखस्यै ।
रामैः ३ पीडा संततंवार्क धिष्णादश्वै, रुद्रेदिग्भि ११ रुत्कद्य संत्सत् ॥१०५॥

જે નક્ષત્ર ઉપર સૂર્ય હોય તે નક્ષત્રથી દિનના નક્ષત્ર સુધી ગણીને ૩ નક્ષત્રો વૃષના મસ્તકમાં સ્થાપવા. ફલ : તે નક્ષત્રમાં ગૃહારંભ કરવાથી ગૃહ અગ્નિથી બળી જાય.

"Aho Shrutgyanam"

૪ નક્ષત્રો આગલા પગમાં શૂન્ય, ૪ નક્ષત્રો પાછલા પગમાં સ્થિરતા કરનાર છે, ૩ નક્ષત્રો પીઠમાં લક્ષ્મી આપનાર, ૪ નક્ષત્રો જમણી કૂક્ષિમાં લાભ, ૩ નક્ષત્રો પુંછમાં સ્વામીનો નાશ, ૪ નક્ષત્રો ડાબી કૂક્ષિમાં દરિદ્રતા, ૩ નક્ષત્રો મુખમાં મૂકવા તે પીડા કરે, અભિજિત સહિત ૨૮ નક્ષત્રો ગણવા. ૭ અશુભ, ૧૧ શુભ, ૧૦ અશુભ જાણવા.

वृषचक्र साभिजित

रवि भात्सप्त नेष्टानि शुभान्येकादशाष्टमात् ।
दश शेषाण्य निष्टानि साभिजिद वृषवास्तुनि ॥ १०६ ॥

જે નક્ષત્ર ઉપર સૂર્ય હોય તે નક્ષત્રથી ચંદ્ર નક્ષત્ર સુધી ગણતાં ૭ નક્ષત્ર અશુભ, ૧૧ શુભ અને ૧૦ નક્ષત્રો અશુભ ફલ આપે છે.

निर्वाणकलिकाना मते शिलान्यास विधि

तत्र प्रासाद क्षेत्रमष्टधा विभज्य चतुष्षष्टिकान् कृत्वाचैशाननैऋत्य मूर्ध्ववंश आग्रेयाश्च वायव्यान्तं तिर्यग्वंशद्वयंदत्वा द्विपदं षडुपदं च रक्षाष्टकं विन्यस्य मर्माणिज्ञात्वा इशानेकोणार्धे इशंदत्त्वा पर्जन्य जयमाहेन्द्र रवि सत्य मृशान्पदिकान् सम्पूज्य

अग्निकोण कोष्टके व्योमपावकौ विन्यस्य पूषा वितथ ग्रहक्षत यम गन्धर्व भृङ्गान् पदिकान् दत्त्वा

नैऋत्यकोण कोष्टके मृगपितरौ विन्यस्य दौवारिक सुग्रीव पुष्पदन्त वरुण असुर शेषान् पदिकान सम्पूज्य तदन्तु ॥

वायव्यकोण कोष्टके रोग वायु विन्यस्य नाग मुख्य भल्लाट सोम शैल अदित्यन्तान् पदिकान् सम्पूज्य । इशानकोणे दिति संपूजयेत् ॥

પ્રાસાદ ક્ષેત્રના આઠ આઠ ભાગ કરી ચોસઠ પદ કરવા. તેમાં ઇશાનથી નૈઋત્ય તિર્યંગ રેખા કરવી અને અગ્નિથી વાયવ્ય તિર્યંગ રેખા કરવી. તેમાં બે પદ, છ પદ આઠ પદનો મર્મ જાણવો. ઇશાનના અર્ધાપદમાં ઇશ, પર્જન્ય, જય મહેન્દ્ર, રવિ, સત્ય, અને ભૃશ એ દરેકને પદમાં પૂજવા.

અગ્નિકોણથી વ્યોમ, પાવક, પૂષા, વિતથ, ગ્રહક્ષત, યમ, ગંધર્વ ભૃંગ પદોમાં સ્થાપવા. નૈઋત્ય કોણે મૃગ, પિતરો, દૌવારિકા, સુગ્રીવ, પુષ્પદન્ત, વરૂણ, અસુર, શેષ, પદોમાં પૂજવા.

નોટ :-શિલાન્યાસ, ગૃહારંભમુહૂર્તો તથા શિલાન્યાસ વિધિ, ગણેશચંડી, દિક્પાલ, વાસ્તુ, આદિ પૂજનવિધિ શિલ્પ સ્મૃતિ વાસ્તુ વિદ્યાયામ્ પૂર્વાર્ધમાં સંપૂર્ણ રીતે જણાવેલ છે.

"Aho Shrutgyanam"

વાયવ્ય કોણે રોગ, વાયુ, નાગ, મુખ્ય, ભલ્લાટ, સોમ, શૈલ, અદિતિ પદોમાં પૂજવા.

ઇશાન કોણે દિતિનું પૂજન કરવું.

मध्ये पद चतुष्टये ब्रह्माणं तस्यैशान्यां पदिको आपवत्सौ प्रायापटपद मरीचि आग्नेय्यां सविता सावित्रौ पदिकौ दक्षिणंस्यां षट्पदं विवस्वन्तं नैऋत्या-मिन्द्रजयौ पदिकौ वारुण्या षट्पदं मित्रम् वायव्यां रुद्र रुद्रदासौ पदिकौ उत्तरस्यां षट्पदं धराधरं इति इति आपवत्सादिक्रमेणदुर्वादध्यक्षतादिभिः सम्पूज्य इशानादि दिक्षु चरकी स्कन्दा विदारी अर्यमा ललना जृंभा पुतना पापाराक्षसी पिलि-पिच्छान्तैर्बहिर्देवताष्टकं पूजयेदिति ।

મધ્યે ચાર ભાગના બ્રહ્મા, ઇશાને આપ, પૂર્વે છ પદ મરીચિ, અગ્નિએ સવિતા સાવિત્ર પદમાં, દક્ષિણે છ પદ વિવસ્વન્ત, નૈઋત્યે ઇન્દ્ર, ઇન્દ્રજય, પશ્ચિમે છ પદ મિત્ર-ગણ, વાયવ્યે રૂદ્ર, રૂદ્રદાસ, ઉત્તરે છ પદ ધરાધર, ઇશાને આપવત્સ ક્રમે જાણવા. એ સર્વેને પૂજવા. ઇશાનથી અષ્ટ દિશા. આઠ દેવો બહાર પૂજવા. ઇશાન ચરકી, પૂર્વ સ્કન્ધ, અગ્નિ વિદારિકા, દક્ષિણ અર્યમા, નૈઋત્ય પુતના, પશ્ચિમ જૃંભક, વાયવ્ય પાપા, ઉત્તર પિલિપિચ્છા.

शिला प्रतिष्ठा विधि


एकाशीतिपदे गृह्वास्तौ मध्ये ब्रह्मा नवपदे मरीचाद्याः षट्पदा ईशानाद्याः आपचन्द्राद्या द्विपदाः पदिका वटि देवताश्च पूर्ववाद सरक्षादिकं चेति एवं वास्तुं सम्पूज्य मर्माणि परिहत्य शिला प्रतिष्ठादिकं विदध्यात् ॥

એકાશી પદનો વાસ્તુ ગૃહે પૂજવો. મધ્યે નવપદ બ્રહ્મા મરીચિ આદિ. છ પદના ઇશાન કોણાદિ દેવ. બે પદના બહારના દેવો એકેક પદના પૂર્વ પ્રમાણે શિલા પ્રતિ-ષ્ઠામાં વાસ્તુનું પૂજન કરવું.

स्थापकत्रयं आचार्य, ब्रह्मा, शिल्पी जनार्दन, गृहपति इंद्र.
आचार्य लक्षण–सर्वाङ्गवयवरमणीयः क्षान्तिमार्दवार्जव सत्यशौच संपन्नः
मद्यमांसादि भोग रहितः कृतज्ञो विनीतः


આચાર્ય લક્ષણ :–સમાનવયનો, રમણીક, શાન્તિવાન, ક્ષમાવાન, સત્ય બોલનાર, શુદ્ધ, મદ્ય માંસાદિના ભોગ રહિત, કૃતજ્ઞ, વિવેકી.

"Aho Shrutgyanam"



કેસરિયાજી

"Aho Shrutgyanam"



વઢવાણ સિટી સમવસરણ મંદિર (એન.સી.સોમપુરા)

"Aho Shrutgyanam"

शिल्पी-सिद्धान्तवान् विचक्षणः कृतवर्मा भूमिगृह-वास्तु लक्षणना ज्ञाता सूत्रपातादि विज्ञान स्पष्टा सर्वतोभद्रादि मण्डलनामसमः प्रभावे आलस्यवर्जित प्रियंवदो दीनानाथवत्सलः सरल स्वभावो वा सर्व गणान्वितश्चेति ।

સિદ્ધાંતવાદી, વિચક્ષણ, બુદ્ધિમાન, કાર્યરત, ભૂમિ ગૃહ વાસ્તુ લક્ષણ જાણનાર, સૂત્રપાતાદિ જ્ઞાનવાળો, સર્વતોભદ્ર આદિ મંડલ જાણનાર, પ્રભાવશાલી, આળસ રહિત પ્રિય બોલનાર, ગરીબ ઉપર દયા રાખનાર, સરલ સ્વભાવવાળો, સર્વગુણ સંપન્ન જાણવો.

गृहपति इन्द्र लक्षण

विशिष्ट जाति कुलवन्तो युवा कान्तशरीरः कृतज्ञो रूपलावण्यादि गुणाधारः सकलजन नयनानन्दकारी सर्व लक्षणोपेतो देवता गुरु भक्तः सम्यक् रत्नालङ्कृतः व्यसना सङ्गपराह मुखं शीलवान पञ्चाणु व्रतादि गुणयुतो गम्भीर कनक कुण्डलादि भूषित शरीरस्तार हार विराजितवक्षस्थलः

ગૃહપતિ ઇન્દ્ર :-ઉચ્ચજાતિનો, કુલવાન, યુવાન, કાન્તિવાન, કૃતજ્ઞ, રૂપવાન, ગુણવાન સકલજનને પ્રિય લાગે તેવો, સર્વ લક્ષણ યુક્ત, દેવ-ગુરુનો ભક્ત, સમદૃષ્ટિવાળો, રત્નાદિ અલંકારવાળો, વ્યસનથી દૂર રહેનાર, શીલવાન, પંચાણુવ્રતના ગુણવાળો, ગંભીર, કનક કુંડલ અને વક્ષસ્થલમાં હાર વિભૂષિત શ્રેષ્ઠ જાણવો.

शिलाभिषेक

શિલાઓનો અભિષેક કરી પછી યથાસ્થાન પ્રતિષ્ઠિત કરવી. શિલાઓ કરેલ પીઠીકા ઉપર, લાકડાના પાટલા અથવા પાટ પર પધરાવવી. ગંગા, જમના, નર્મદા, સરસ્વતી આદિ મહાનદીઓનું જલ કલશમાં ભરી અભિષેક કરવો, જલમાં સર્વોષધિ ચૂર્ણ, સુવર્ણરજ, સુગંધી દ્રવ્યો, સુગંધી પુષ્પો નાખવા, જલ ભરેલ પાત્ર પર વસ્ત્રાચ્છાદન કરી, હાથ દઈ બૃહદ્ગશાન્તિ પાઠ કરવો, પછી તે જલવડે અભિષેક કરવો.

સ્નાનવિલિપ્ત સ્થપતિ અથવા ગૃહપતિ હાથમાં જલ કલશ લઇને—

ॐ हिरण्यगर्भाः पावित्र्यः शुचयो दुरितच्छिदः ।
पुनन्तु शान्ताः श्रीमत्य, आपो युष्मान् मधुच्युतः ॥ १०७ ॥

આ પ્રમાણે મંત્ર બોલી દરેક શિલાનો અભિષેક કરવો, ઉપશિલા તથા નિધિકુંભોનો પણ ઉપર મૂજબ અભિષેક કરવો. શિલાઓ શુદ્ધ કપડાથી કોરી કરી ચંદન, કેસર, યક્ષકર્દમ, પુષ્પ, સુવર્ણ, રૌપ્ય, વરખથી પૂજા કરી વસ્ત્રો પરિધાન કરવા.

"Aho Shrutgyanam"

रत्न धात्वौषधिनि न्यास

अनेन क्रमयोगेन रत्नन्यासं तथोत्तमम् ।
पूर्वादि क्रमयोगेन, रत्नधात्वौष धामि च ॥ १०८ ॥
वज्र-वैडुर्य मुक्ताश्च, इन्द्रनील सुनीलकम् ।
पुष्परागं च गोमेदं प्रवाल पूर्वतः क्रमात् ॥ १०९ ॥
हेमं रौप्यं ताम्र कांस्ये, रीतिकां नाग वङ्गकौ ।
पूर्वादि क्रमतश्चैव, आयसं चैवमन्ततः ॥ ११० ॥

પૂર્વાદિ ક્રમે યોગથી રત્ન, ધાતુ અને ઔષધિનો ન્યાસ કરવો.

રત્નો :–૧ હીરો, ૨ વૈડુર્ય (અકીક), ૩ મોતી, ૪ ઇન્દ્રનીલ, ૫ મહાનીલ, ૬ પુષ્પરાગ (પુખરાજ), ૭ ગોમેદ, ૮ પ્રવાલ. પૂર્વાદિ દિશાથી આઠે દિશામાં ખનનમાં સ્થાપવા.

ધાતુઓ :–૧ સોનું, ૨ રૂપુ, ૩ ત્રાંબુ, ૪ કાંસુ ૫ પિત્તલ, ૬ સીસું, ૭ કલઈ, ૮ લોહ. પૂર્વાદિ ક્રમથી સ્થાપવા.

वचा वह्निः सहदेवी, विष्णुक्रान्ता च वारुणी ।
संजीवनी ज्योतिष्मती, ईश्वरी पूर्वतः क्रमात् ॥ १११ ॥
यवो व्रीहिस्तथा कंगु–जूर्णाद्याश्च तिलैर्युताः ।
शाली मुद्गाः समाख्याता, गोधूमाश्च क्रमेण तु ॥ ११२ ॥

ઔષધિઓ :–૧ વચા (ઘોડાવજ), ૨ ચિત્રક, ૩ સહદેવી, ૪ વિષ્ણુક્રાન્તા, ૫ વારૂણી, ૬ સંજીવની, ૭ જ્યોતિષ્મતી (માલ કાકણી) અને ૮ ઈશ્વરી (શિવલિંગી) આ ઔષધિઓ પૂર્વ ક્રમે સ્થાપવી.

ધાન્યો :–૧ જવ, ૨ વ્રીહી, ૩ કાંગ, ૪ જુર્ણા (જુઆર), ૫ તલ, ૬ શાલિ, ૭ મગ અને ૮ ગેહુ. આ ધાન્યો પૂર્વાદિ ક્રમે સ્થાપવા. અને મધ્ય ખાતમાં સર્વ રત્નો, સર્વ ધાતુઓ, ઔષધિ, સર્વ ધાન્યો સ્થાપી શિલા પ્રતિષ્ઠિત કરવી.

शिलान्यास अने रत्नादिन्यास मंत्रो

१ ॐ इन्द्रस्तु महतां दीप्तः सर्वदेवाधिपो महान् ।
वज्रहस्तो गजारूढ-स्तमैनित्यं नमो नमः ॥ ११३ ॥

२ ॐ अग्नितु महतां दीप्तः सर्व तेजोधिपो महान् ।
मेषारूढः शक्तिहस्तं-स्तमै नित्यं नमोनमः ॥ ११४ ॥

"Aho Shrutgyanam"

૩ ॐ यमस्तु महतां दीप्तः सर्व प्रेताधिपो महान् ।
महिषस्थो दण्डहस्तस्तमै नित्यं नमोनमः ॥ ११५ ॥
૪ ॐ निऋतिस्तु महादीप्तः सर्वक्षेत्राधिपो महान् ।
खड्गहस्त शिवारूढ–स्तमैनित्यं नमोनमः ॥ ११६ ॥
૫ ॐ वरुणस्तु महादीप्तः सर्ववार्यधिपो महान् ।
नक्रारूढः पाशहस्त–स्तमैनित्यं नमोनमः ॥ ११७ ॥
૬ ॐ वायुस्तु महतांदीप्तः सर्वमण्डलपो महान् ।
ध्वजाहस्तो मृगारूढ–स्तमै नित्यं नमोनमः ॥ ११८ ॥
૭ ॐ कुबेरस्तु महादीप्तः सर्वयक्षाधिपो महान् ।
निधिहस्तो गजारूढ–स्तमै नित्यं नमोनमः ॥ ११९ ॥
૮ ॐ इशानस्तु महादीप्त सर्व योगाधिपो महान् ।
शूलहस्तो वृषारूढ–स्तमै नित्यं नमोनमः ॥ १२० ॥
૯ ॐ धरणस्तु महादीप्तः सर्व सर्पाधिपो महान् ।
पद्मारूढो नागहस्त–स्तमै नित्यं नमोनमः ॥ १२१ ॥

ઉપર કહેલ રત્નો, ધાતુઓ, ઔષધિઓ, ધાન્યો પૂર્વાદિ દિશાથી ક્રમે મંત્ર બોલી સ્થાપિત કરવાં અને પછી ઉપરના મંત્રથી નિધિકુંભો તથા શિલાઓ પ્રતિષ્ઠિત કરવી.

चतुः शिला प्रतिष्ठा

૧ નંદા શિલા–ॐ आधार शिले ! सुप्रतिष्ठिताभव ।

આ મંત્ર બોલી અગ્નિ કોણે આધાર શિલા સ્થાપવી,

ॐ पद्म ! इहाऽऽगच्छा इहतिष्ठ, ॐ पद्मनिधये नमः

આ મંત્ર બોલી પદ્મ નિધિની સ્થાપના કરવી.

ॐ नन्देः इहाऽऽगच्छ, इह, ॐ नन्दायै नमः

આ મંત્ર બોલી નંદા શિલાનો ન્યાસ કરવો અને વાસક્ષેપ કરવો, સુગંધી દ્રવ્યો છાંટવા, અને નીચે પ્રમાણે પ્રાર્થના કરવી.

प्रार्थना

वीर्येण दिवराहस्य, वेदायैस्त्वमि मंत्रिताम् ।
वसिष्ठ नन्दिनी नन्दा, प्राक प्रतिष्ठापयाम्यहम् ॥ १२२ ॥

"Aho Shrutgyanam"

सुमुहूर्ते सुदिवसे, सात्वं नन्दे निवेशिता ।
आयुः कारयितुर्दीर्घं श्रियां चाग्यामिहाऽऽनय ॥ १२३ ॥

२ भद्राशिला

ॐ आधारशिलेः सुप्रतिष्ठिताभव ।

ॐ महापद्म ! इहाऽऽगच्छ, इहतिष्ठ, ॐ महापद्म निधये नमः ॐ भद्रे ! इहागच्छ, इहतिष्ठ, ॐ भद्राये नमः ।

આ પ્રમાણે મંત્રથી આધારશિલા નિધિકુંભ અને ભદ્રાશિલાને સ્થાપવી. નંદા શિલાની જેમ વાસક્ષેપ આદિ અર્પવા.

प्रार्थना

भद्रासि सर्वतोभद्रा, भद्रे ! भद्रं विधीयताम् ।
कश्यपस्य प्रिय सुते ! श्री रस्तु गृहमेधिन ॥ १२४ ॥

३ जया शिला–ॐ आधार शिले सुप्रतिष्ठिता भव । ॐ शंख ! इहागच्छ, इहतिष्ठ, ॐ शंखनिधये नमः ॐ जये ! इहागच्छ, इहतिष्ठ, ॐ जयायै नमः

આ મંત્રોથી જયાને વાયવ્ય કોણમાં સુપ્રતિષ્ઠિત કરવી. વાસક્ષેપ આદિ અર્પવા.

प्रार्थना

जये ! विजयतांस्वामी, गृहस्याऽस्य माहात्म्यतः ।
आचन्द्रार्कं यशश्चास्य भूम्यामिट विगेहतु ॥ १२५ ॥

४ पूर्णा शिला–ॐ आधार शिले सुप्रतिष्ठिता भवः ।" ॐ सुभद्र ! इहा गच्छ, इह तिष्ठ, ॐ सुभद्रनिधये नमः । ॐ पूर्णे ! इहाऽऽऽगच्छ, इह तिष्ठ, ॐ पूर्णाये नमः ।"

प्रार्थना

त्वयि संपूर्ण चन्द्राभे ! न्यस्तायां वास्तु नस्तले ।
भवत्वेष गृहस्वामी, पूर्णे ! पूर्ण मनोरथः ॥ १२६ ॥

ઉપરના મંત્ર બોલી આધાર શિલા, નિધિ, કુંભ અને પૂર્ણા શિલાને સુપ્રતિષ્ઠિત કરી. વાસક્ષેપ, ચંદન, કેસર સુગંધી દ્રવ્યો અક્ષત પુષ્પ અર્પણ કરવા.

पंच शिला प्रतिष्ठा

१ नन्दा–" ॐ आधारशिले ! सुप्रतिष्ठा भव " ॐ पद्म ! इहाऽऽगच्छ, इह तिष्ठ पद्मनिधये नमः । ॐ नन्दे ! इहाऽऽगच्छ, इह तिष्ठ, ॐ नन्दायै नमः ।

"Aho Shrutgyanam"

આ મંત્રથી નન્દાને અગ્નિકોણમાં સ્થાપન કરી નીચેના શ્લોકથી પ્રાર્થના કરવી.

प्रार्थना

नन्दे ! त्वं नन्दिनी पुसां त्वामत्र स्थापयाम्यहम् ।
वेश्मनि त्विह संतिष्ठ, यावच्चन्द्रार्कं तारकाः ॥ १२७ ॥
आयुः कामं श्रियं देहि, देववासिनिः नन्दिनि ! ।
अस्मिन रक्षा त्वया कार्या, सदा वेश्मनि यत्नतः ॥ १२८ ॥

૨ ભદ્રા શિલા–ॐ आधार शिले ! सुप्रतिष्ठिता भव । ॐ महापद्म ! इहाऽऽगच्छ, इह तिष्ठ ॐ महापद्म निधये नमः ।

ॐ भद्रे ! इहाऽऽगच्छ, इह तिष्ठ. ॐ भद्रायै नमः

આ મંત્ર બોલી નૈઋત્ય કોણમાં ભદ્રાની સુપ્રતિષ્ઠા કરવી.

प्रार्थना

भद्रे ! त्वं सर्वदा भद्रं, लोकानां कुरू काश्यपि ! ।
आयुदा कामदा देवि ! सुखदा च सदा भव ॥ १२९ ॥
त्वामत्र स्थापयाम्यद्य, गृहेऽस्मिन भद्र दायिनि ॥ १३० ॥

૩ જયા શિલા–"ॐ आधार शिले ! सुप्रतिष्ठिता भव ।" ॐ शंख ! इहाऽऽगच्छ, इह तिष्ठ, ॐ शंख निधिये नमः । ॐ जये ! इहाऽऽगच्छ, इह तिष्ठ, ॐ जयायै नमः ।"

આ મંત્ર બોલી વાયવ્ય કોણમાં જય શિલાને પ્રતિષ્ઠિત કરી ષટ્પદી વડે પ્રાર્થના કરવી.

प्रार्थना

गर्गगोत्र समुद्भूतां, त्रिनेत्रां च चतुर्भुजाम् ।
गृहेऽस्मिन् स्थापयाम्यद्य, जयां चारू विलोचनाम् ॥ १३१ ॥
नित्यं जयाय भूत्यै च, स्वामिनो भव भार्गवि ॥ १३२ ॥

૪ રિક્તા શિલા–ॐ आधार शिखे ! सुप्रतिष्ठिता भव । ॐ मकर ! इहाऽऽगच्छ, इह तिष्ठ, ॐ मकर निधये नमः । ॐ रिक्ते ! इहाऽऽगच्छ, इह तिष्ठ, ॐ रिक्तायै नमः ।"

આ મંત્રથી ઇશાન કોણે રિક્તા શિલાને સુપ્રતિષ્ઠિત કરવી.

"Aho Shrutgyanam"

Side elevation.

Ground Plan.

"Aho Shrutgyanam"

प्रार्थना

रिक्ते ! त्वं रिक्तदोषघ्ने ! सिद्धि मुक्ति स्दे ! शुभे ।
दो सर्वदा सर्वदोषघ्नि ! तिष्टऽस्मिन् तत्रनंदिनि ॥ १३३ ॥

पूर्णाशिलाः–" ॐ आधारशिले ! सुप्रतिष्ठिता भव " । ॐ सुभद्र इहाऽऽगच्छ, इह तिष्ठ, ॐ सुभद्रनिधये नमः ॐ पूर्णे ! इहाऽऽगच्छ, इह तिष्ठ ॐ पूर्णाये नमः ।

આ મંત્ર બોલી વાસ્તુના મધ્ય ભાગમાં આધાર શિલા, નિધિ કુંભ, અને પૂર્ણા શિલા પ્રતિષ્ઠિત કરી પાસે દિપક મૂકી પ્રાર્થના કરવી.

प्रार्थना

पूर्णे ! त्वं सर्वदा पूर्णान्, लोकान्, संकुरु काश्यपि ।
आयुर्दा कामदा देवि ! धनदा सुतदा भव ॥ १३४ ॥

गृहधारा वास्तुमयी, वास्तु दीपेन संयुता ।
त्वामृते नास्ति जगता–माधारश्च जगत्प्रिये ॥ १३५ ॥

नव शिला प्रतिष्ठा

१ नन्दा शिला–ॐ आधारशिले ! सुप्रतिष्ठिता भव । ॐ पद्म ! इहाऽऽगच्छ, इह तिष्ठ, ॐ पद्मनिधये नमः । " ॐ अग्नेये नमः ॐ शक्तये नमः । " ॐ नन्दे ! इहाऽऽगच्छ इह तिष्ठ ॐ नन्दायै नमः । "

આ મંત્ર દ્વારા આગ્નેય કોણમાં નન્દાને પ્રતિષ્ઠિત કરી પ્રાર્થના કરવી.

प्रार्थना

नन्दे ! त्वं नन्दिनी पुंसां, त्वामत्र स्थापयाम्यहम् ।
प्रासादे त्विह संतिष्ठ, यावश्चन्द्रार्कतारकाः ॥ १३६ ॥

२ भद्राशिला–" ॐ आधारशिले ! सुप्रतिष्ठिता भव । " ॐ महापद्म ! इहाऽऽगच्छ, इह तिष्ठ, ॐ महापद्म निधये नमः । " ॐ यमाय नमः ॐ दण्डाय नमः " " ॐ भद्रे ! इहाऽऽगच्छ, इह तिष्ठ, ॐ भद्रायै नमः । "

આ મંત્ર દ્વારા દક્ષિણ દિશામાં ભદ્ર શિલાને પ્રતિષ્ઠિત કરી પ્રાર્થના કરવી.

"Aho Shrutgyanam"

प्रार्थना

भद्रे ! त्वं सर्वदा भद्रं, लोकाना कुरू काश्यपि ! ।
त्वामत्र स्थापयाम्यद्य, प्रासादे भद्र दायिनि ! ॥ १३७ ॥

३ जयशिला–"ॐ आधारशिले ! सुप्रतिष्ठिता भव ।" ॐ शंखे ! इहाऽऽगच्छ, इह तिष्ठ, ॐ शंखनिधये नमः ।

આ મંત્રોથી નૈઋત્ય કોણમાં જયાની પ્રતિષ્ઠા કરી પ્રાર્થના કરવી.

प्रार्थना

गर्गगोत्रसमुद्भूतां, त्रिनेत्रां च चतुर्भुजाम् ।
प्रासादे स्थापयाम्यद्य जयां चारु विलोचनाम् ॥ १३८ ॥

४ रिक्ता–ॐ आधारिशिले ! सुप्रतिष्ठिता भव ।" ॐ मकर ! इहाऽऽगच्छ, इह तिष्ठ, ॐ मकर निधये नमः । ॐ वरुणाय नमः, ॐ पाशाय नमः । ॐ रिक्ते ! इहाऽऽगच्छ, इह तिष्ठ, ॐ रिक्तायै नमः ।

આ મંત્રો દ્વારા રિક્તાને પશ્ચિમ દિશામાં સુપ્રતિષ્ઠિત કરવી.

प्रार्थना

रिक्ते ! त्वं रिक्तदोषघ्ने ! ऋद्धि वृद्धि प्रदे शुभा ! ।
सर्वदा सर्वदोषघ्ने ! तिष्ठऽस्मिन् तत्र नंदिनी ॥ १३९ ॥

५ अजिता शिला–ॐ आधार शिले ! सुप्रतिष्ठिता भव । ॐ कुन्द ! इहाऽऽगच्छ इह तिष्ठ, ॐ कुन्द निधये नमः । ॐ वायव्ये नमः, ॐ अंकुशाय नमः । ॐ अजिते ! इहाऽऽगच्छ, इह तिष्ठ, ॐ अजिते नमः ।

આ મંત્રબોલી વાયવ્ય કોણમાં અજિતાને પ્રતિષ્ઠિત કરવી.

प्रार्थना

अजिते ! सर्वदा त्वं मां, कामानाम जितंकुरु ।
प्रासादे तिष्ठ संहृष्टा, यावच्चन्द्रार्कतारकाः ॥ १४० ॥

६ अपराजिता–ॐ आधारशिले ! सुप्रतिष्ठिता भव । ॐ नील ! इहाऽऽगच्छ, इह तिष्ठ, ॐ नील निधये नमः । ॐ कुबेराय नमः । ॐ गदायै नमः । ॐ अपराजिते ! इहाऽऽगच्छ, इह तिष्ठ, ॐ अपराजितायै नमः ।

આ મંત્ર બોલી ઉત્તર દિશામાં અપરાજિતાને સ્થાપવી.

"Aho Shrutgyanam"

प्रार्थना

स्थिराऽपराजिते भूत्वा, कुरु मामपराजितम् ।
आयुर्दा धनदा चात्र, पुत्रपौत्रप्रदा भव ॥ १४१ ॥

૭ શુક્લા શિલા–"ॐ अधारशिले ! सुप्रतिष्ठिता भव !" ॐ कच्छप ! इहाऽऽगच्छ, इह तिष्ठ, ॐ कच्छप निधये नमः ।" ॐ ईशानाय नमः, ॐ त्रिशूलाय नमः । "ॐ शुक्ले ! इहाऽऽगच्छ, इह तिष्ठ, ॐ शुक्लायै नमः ।

આ મંત્રથી ઇશાન કોણમાં શુક્લાને સુપ્રતિષ્ઠિત કરવી.

प्रार्थना

शुक्ले ! त्वं देहि मे स्थैर्यं, स्थिरा भूत्वाऽत्र सर्वदा ।
आयुः कामं श्रियं चापि, प्रासादेऽत्रममाऽनघे ! ॥ १४२ ॥

૮ સૌભાગિની શિલા–" ॐ आधारशिले ! सुप्रतिष्ठिता भव ।" ॐ मुकुन्द ! इहाऽऽगच्छ, इह तिष्ठ, ॐ मुकुन्द निधये नमः । ॐ इन्द्राय नमः । ॐ वज्राय नमः ॐ सौभागिनि ! इहाऽऽगच्छ, इह तिष्ठ, ॐ सौभागिन्यै नमः

આ મંત્રથી સૌભાગિની શિલાને પૂર્વમાં પ્રતિષ્ઠિત કરવી.

प्रार्थना

" प्रासादेऽत्रस्थिरा भूत्वा, सौभागिनि ! शुभकुरु ।
धनधान्य समृद्धिं च, सर्वदा कुरु नन्दिनि ॥ १४३ ॥

૯ ધરણી શિલા–" ॐ आधारशिले ! सुप्रतिष्ठिता भव ।" ॐ खर्व । इहाऽऽगच्छ, इह तिष्ठ, ॐ खर्वनिधये नमः । " ॐ नागाय नमः, ॐ उत्तराय नमः ॐ धरणि ! इहाऽऽगच्छ । इह तिष्ठ, ॐ धरण्यै नमः ।"

આ મંત્ર બોલી મધ્યભાગમાં ધરણી શિલા સુપ્રતિષ્ઠિત કરવી.

प्रार्थना

धरणी ! लोकधरणीं, त्वामत्र स्थापयाम्यहम् ।
निर्विघ्नं धारय त्वं मे, प्रासादं सर्वदा शुभे ॥ १४४ ॥

પછી અભિષેક કરીને તૈયાર કરેલ કૂર્મ સુવર્ણ, રૌપ્ય કે તામ્રમય હાથમાં લઈ

ॐ कूर्म ! इहाऽऽगच्छ, इह तिष्ठ, ॐ कूर्माय नमः

આ મંત્ર વડે મધ્ય શિલા ઉપર કૂર્મને સુપ્રતિષ્ઠિત કરી વાસક્ષેપપૂર્વક કેસર, ચંદન, પુષ્પ, ધૂપ, દીપ આદિથી પૂજન કરવું.

"Aho Shrutgyanam"

प्रार्थना

सर्व लक्षण संपन्न ! कूर्म ! भूधरणंक्षम ! ।
चैत्यं कर्तुं महीपृष्ठे ममाज्ञां दातुमर्हसि ॥ १४५ ॥

પ્રાર્થના બોલ્યા પછી નીચેના મંત્રથી વાસક્ષેપ નાંખવો—

"ॐ ह्रूँ श्रीं कूर्म तिष्ठ तिष्ठ देवगृहं धारय धारय स्वाहा"

આ મંત્રથી કૂર્મ ઉપર વાસક્ષેપ કરવો. વાસક્ષેપ કર્યા પછી ૧ સૌભાગ્ય, ૨ સુરભી, ૩ પ્રવચન, ૪ કૃતાંજલિ, ૫ ગરૂડ મુદ્રા દેખાડવી. પછી ચૈત્યવંદન કરવું. શિલા સ્થાપન કરી વાસક્ષેપ પુષ્પાંજલી નાખવી. વાજિંત્રો વગડાવવાં, માંગલિક ગીત ગાવા, દિક્પાલોને બલિ આપવું, ગૃહસ્વામીએ યથાશક્તિ યાચકોને દાન આપવું, સાધર્મિક ભક્તિ પ્રભાવનાદિક કરવું, શિલ્પીનો સત્કાર કરવો.

आग्नेयामादितो नन्दा स्थापयंत क्रमश शिलाम ।

समरांगण सूत्रधार पृ. ८६

पद्मादिषुनन्दाद्या कोणेवग्नयादिषु क्रमात् ।

अग्निपुराण अ. ६४

ॐ पद्मनिधयेनमः ॐ अग्नयेनमः ॐ नन्दायैनमः ।

कल्याणकलिका, शिलास्थापन अध्याय

નંદા આદિ નવ શિલાઓ છે તે પ્રાસાદ અને ગૃહના બીજરૂપ છે. તેમાંથી કલ્પવૃક્ષ ફાલેફુલે અને જીવંત બને. શિલા સ્થાપન કર્યા વગરના ગૃહો–પ્રાસાદો નિર્જીવ છે તે ફલદાયી થતા નથી. માટે પ્રાસાદ ગૃહોમાં શિલા બીજરૂપે હોવાથી અવશ્ય સ્થાપિત કરવી જોઇએ.

दक्षिण पूर्वेकोणे कृत्वा नंदा शिलान्यसेत्प्रथमाम् ।

અગ્નિકોણે પૂજા કરી નંદા શિલા પહેલી સ્થાપન કરે પછી બધી શિલા પ્રદક્ષિણા ક્રમથી સ્થાપન કરવી.

शिलान्यास विश्वकर्मा विद्याप्रकाश ।

शिला प्रतिष्ठिताः न चालयेत :—

प्रतिष्ठितास्ताः प्रथमं, भूतले सुस्थिताः समाः ।
न चालयेच्चालने तुस्याद्, गृह भर्तुर्महद्भयम् ॥ १४६ ॥
कंपने च भयं विद्या–देतासांस्थिता पुनः ।
स्थपतेर्गृह भर्तुश्च, मङ्गलं परमं विदुः ॥ १४७ ॥

"Aho Shrutgyanam"

प्राग्दक्षिणायाश्चलने, गृहभर्तुर्महद भयम् ।
भार्या विनाशो नैऋत्यां, शून्यं भीतिर्मरुदिशि ॥ १४८ ॥
गुरोश्च भयमैशान्यां, मध्यचारेऽपि तद्भवेत् ।
प्रथमं स्थापिता नेवं. स्तंभानपि न चालयेत् ॥ १४९ ॥
नोद्धरेत प्रणुद्याच्च, विधि स्तुभ्योयतोऽनयोः ।
विन्यासं प्रथमं तस्मात् कुर्यात्सम्यग्समाहितः ॥ १५० ॥
शिलानां स्थपतिस्तद्वत स्तंभा नामपि सर्वथा ॥ १५१ ॥

ભૂમિતલમાં પ્રથમ સારી રીતે પ્રતિષ્ઠિત કરેલી સમ અને સુસ્થિત શિલાઓને પાછળથી ચલિત ન કરવી, એમ કરવું તે ગૃહસ્વામીના માટે ભયકારક છે, એટલું જ નહિ પણ શિલાઓને કંપાયમાન કરવાથી પણ ગૃહકારકને ભય ઉત્પન્ન કરે છે, એથી વિપરીત શિલાઓની સ્થિરતા શિલ્પી તેમ જ ગૃહપતિને પરમ મંગલકારક છે.

અગ્નિકોણમાં પ્રતિષ્ઠિત શિલાને ચલાયમાન કરવાથી ગૃહસ્વામીને ભય, નૈઋત્ય કોણની શિલાને ચલાવવાથી સ્ત્રીનું મૃત્યુ, વાયવ્ય કોણની શિલાને ચલાવવાથી શૂન્યતા તથા ભય, ઇશાન કોણની શિલા ચલાવવાથી ગુરૂને ભય ઉપજાવે છે, એ જ રીતે પ્રથમ વિધિપૂર્વક પ્રતિષ્ઠિત કરેલા સ્તંભોને પણ પોતાના સ્થાનથી વિચલિત કરવાથી અશુભ ફળ આપે છે, કારણ કે શિલાન્યાસ અને સ્તંભન્યાસનો વિધિ સમાન છે, સ્થપતિએ પ્રથમથી જ મનને સ્થિર કરી શિલાન્યાસ અને સ્તંભરોપ એવી ખૂબીથી કરવો કે પાછળથી તેને ચલાયમાનની આવશ્યકતા ન રહે.

शिलान्यास शुभाशुभ निमित्तो—

विन्यस्य चैवं पुनरिष्टकां च, गंधोदकैः संपरिपूर्य गर्तम् ।
कृत्वा प्रसूनानि परीक्षयेच्च, निक्षिप्यचावर्तमथाक्षतानि ॥ १५२ ॥
तदक्षिणा वर्तमतीव शस्तं, वामं तु निंद्यं खलु दुःख दत्वात् ।
शाल्यादिभिः क्षेत्रजमृत्तिकाभिस्तन्मध्यगर्तं परिपूर्यरक्षेत् ॥ १५३ ॥

ઉક્ત વિધિથી શિલાન્યાસ કરીને તે ખાડાને શુદ્ધ સુગંધી જલ વડે ભરી ઉપર પુષ્પો તથા અક્ષત નાખીને આવતોની પરીક્ષા કરવી. જો તે ખાતોના જલમાં દક્ષિણાવર્ત ઉત્પન્ન થાય એટલે પુષ્પઅક્ષતાદિ સૃષ્ટિક્રમે ફરતાં દેખાય તો નિમિત્ત ઘણું જ ઉત્તમ જાણવાં પણ જલમાં એથી વિપરીત વામાવર્ત ઉત્પન્ન થાય તો નિમિત્ત અશુભ સમજવું. પરિણામ સારૂં નથી એમ જાણવું. દક્ષિણાવર્ત કે વામાવર્ત કંઈ ન થાય તો નિમિત્ત મધ્યમ જાણવું. જો અશુભ નિમિત્ત દૃષ્ટિગોચર થાય તો શિલાન્યાસ ફરી શુભમુહૂર્ત કરવો.

॥ अनन्तलब्धिनिधानाय श्रीमते गौतमगणधराय नमः ॥

"Aho Shrutgyanam"

शिलान्जास विधि

સૌ પ્રથમ ભૂમિ શુદ્ધ કરવી. પછી વિધિ સહિત સ્નાત્ર ભણાવવું. અષ્ટપ્રકારી પૂજા કરી, નવગ્રહપટ્ટનું પૂજન કરવું. તે પછી કોરા બલિથી દશદિક્પાલનું આહ્વાન કરવું. અને પછી દિક્પાલનું પૂજન કરવું, અને નૈવેદ્ય નીચે પ્રમાણે દેવું. રોટલી શેર ૧૦, મોદક ૭, પુરી શેર ૧૦ તેથી વિશેષ થાય તેમ કરી શાન્તિઉદ્ઘોષણાની ૧૦ ગાથા કહીને આરતિ ઉતારવી.

શિલ્પીને સ્નાનાદિકથી શુદ્ધ કરી નૂતન વસ્ત્ર, તથા ઉપવસ્ત્ર પહેરાવી, કંકણ દોરા બાંધી, તિલક કરી હથીયારને શુદ્ધ કરી સર્વને વજ્રપંજરથી અંગરક્ષા કરવી.

अथ वज्रपञ्जर स्तोत्रम्

ॐ परमेष्ठिनमस्कारं, सारंनवपदात्मकम् ।
आत्मरक्षाकरं वज्र–पञ्जराभं स्मराम्यहम् ॥ १ ॥

ॐ नमो अरिहंताणं, शिरस्कं शिरसिस्थितम् ।
ॐ नमो सव्व सिद्धाणं, मुखे मुखपटाम्बरम् ॥ २ ॥

ॐ नमो आयरियाणं, अंगरक्षातिशायिनी ।
ॐ नमो उवज्झायाणं, आयुधं हस्तयोर्दृढम् ॥ ३ ॥

ॐ नमो लोए सव्वसाहूणं, मोचके पादयोः शुभे ।
एसो पंचनमुक्कारो, शिला वज्रमयी तले ॥ ४ ॥

सव्वपावप्पणासणो, वप्रोवज्रमयोबहिः ।
मंगलाणं च सव्वेसिं, खादिरांगारखातिका ॥ ५ ॥

स्वाहान्तं च पदं ज्ञेयं, पढमं हवइ मंगलम् ।
वप्रोपरि वज्रमयं, पिधानं देह रक्षणे ॥ ६ ॥

महाप्रभावा रक्षेयं, क्षुद्रोपद्रवनाशिनी ।
परमेष्ठि पदोद्भुता, कथिता पूर्व सूरिभिः ॥ ७ ॥

यश्चैनां कुरुते रक्षां, परमेष्ठिपदैः सदा ।
तस्य न स्याद् भयं व्याधि–राधिश्चापि कदाचन ॥ ८ ॥

इति वज्रपञ्जर कवच

"Aho Shrutgyanam"

ભગવાનની જમણી બાજુ નવગ્રહનો અને ડાબી બાજુ દિક્પાલનો પાટલો રાખી પૂજન કરવું.

૧ પંચરત્ન, ૨ પારો, ૩ ગાયનું ઘૃત, ૪ સાકરની ચાસણી, ૫ કોડી, ૬ સપ્ત-ધાન્ય, દાભ, ધરો, ત્રાંબાના સોનાથી રસેલા પાંચ કલશ તે મધ્યે ઉપર મુજબની વસ્તુ પધરાવવી, પાંચ કલશ, અગ્નિ, નૈઋત્ય, વાયવ્ય અને ઇશાન ખૂણે પધરાવવા અને એક કલશ મધ્યે પધરાવવો. પૂર્વ આદિ ચાર દિશાઓ ત્રાંબાના સંપૂટ ઉપર, ઉપર મુજબ વસ્તુ મૂકી પધરાવવા અને પાંચ કલશ ઉપર પાંચ સંપૂટ પધરાવી શિલા સ્થાપન કરવી. મધ્યે કૂર્મ શિલા ઉપર યક્ષ કર્દમથી નીચે મુજબ લખવું.

ॐ कूर्म निजपृष्ठे प्रासादं धारय धारय स्वाहा ।

સૂર્ય સંક્રાંતિ મુજબ જે દિશામાં શિલાન્યાસ આવતો હોય ત્યાંથી પ્રારંભ કરી સૃષ્ટિક્રમે શિલા સ્થાપવી અને પછી મધ્ય શિલા સ્થાપવી. મંગલગીત વાજિંત્ર અને ઉદ્-ઘોષણાથી શિલા સ્થાપન કરવું.

ॐ ह्रीं श्रीं कूर्म तिष्ठ तिष्ठ जिनगृहं धारय धारय स्वाहा ।

કહી વાસક્ષેપ નાખવો.

પ્રથમથી ગોધૂમ શેર ૧૦ ના બાકળા કરાવી તેમાં ગોળ, ટોપરૂં ભેળવી સર્વેને વહેંચવા.

ચીજોની યાદી

૧ કૂર્મ શિલા, ૮ દિશાની અષ્ટશિલા, વજ્રઃ–પૂર્વ પીળું, અગ્નિ રાતુ, દક્ષિણ કાળું, નૈઋત્ય વાદળી, પશ્ચિમ ગુલાબી, વાયવ્ય સફેદ, ઉત્તર લીલું, ઇશાન સફેદ, મધ્ય શિલા પીળું, સંપૂટ માટે પાંચ ત્રાંબાના કલશ, તથા ત્રાંબાના ૧૮ કોડીયા, નવગ્રહ દિક્પાલના પાટલા, સોનાના વરખ; ચાંદીના વરખ; નાડાછડી, પંચરત્ન પોટલી ૧૫, પારો ભાર–૫, યક્ષકર્દમ, કેસર, કંકુ, અબીલ, ગુલાલ, અક્ષત, સરસવ, ગાયનું ઘી, સાકરની ચાસણી, પંચામૃત, કોડી ૧૫, મીંઢળ, મરડાશીંગી, દાભ, ધરો, પુષ્પ, આસો-પાલવના તોરણ, નાગરવેલના પાન ૨૫, સોપારી શેર ૧।, બદામ, કમળકાંકરી, તજ, લવીંગ, એલચી, રોપ્ય ભસ્મ તોલો–૧।, દીપક, ધૂપ, ફળ, મિષ્ટાન, નૈવેદ્ય, શ્રીફળ ૫.

સાત ધાન્ય–૧. જવ શેર ०।।।, ૨. ઘઉં શેર ०।।।, ૩. જુવાર શેર ०।।।, ૪. ચણા શેર ०।।।, ૫. ચોળા શેર ०।।।, ૬. મગ શેર ०।।।, ૭. અડદ શેર ०।।।.

પુરી શેર ૧।, રોટલી શેર ૧।, લાડવા ૭, સાત ધાનથી દેવ આહ્વાન કરવું અને વિધિ સંપૂર્ણ થયે બલી આપવા.

प्रशस्ति

इति **श्री विश्वकर्सा वास्तुकला चिंतन हरविद्या गुणकीर्ति प्रकाश जिनप्रासादमार्तण्ड शिल्पाचार्य नंदलाल चुनीलाल सोमपुरा संग्रहिते शिलान्यास नाम्नो द्वितियोऽध्यायः संपूर्ण ॥**

"Aho Shrutgyanam"

तृतीयो अध्याय.

आयतत्त्वाधिकार

જ્યોતિષવિદ્યા એ આ સૃષ્ટિના જીવોના જીવનવહનને સ્પર્શતી બાબત છે. તેમ જ્યોતિષવિશારદો કહે છે. સૂર્ય આદિ ગ્રહો નક્ષત્ર વગેરે જ્યોતિષગણોને આ સૃષ્ટિના જીવોમાં શું રસ હશે તે અણ ઉકેલ પ્રશ્ન છે. જીવન સાથે જ્યોતિષ મંડળનો સંબંધ છે ગ્રહ નક્ષત્ર આદિ જ્યોતિષગણોના સંચાલનની અસર મનુષ્ય આદિ જીવો પર પડે છે તેમ માનીએ તો ગૃહ પ્રાસાદ એ જીવનનું એક અંગ છે. પૂર્વાચાર્યોએ જણાવ્યા મુજબ જીવનને સ્પર્શતી બાબત છે તેથી ગૃહો પ્રાસાદ આદિ પણ જ્યોતિષ ચક્રના આધારે બનાવવા જોઇએ. તેની અસર બનાવનાર સમાજ ગામ અને દેશ પર પડે છે માટે ગૃહ પ્રાસાદ આદિ વાસ્તુ શાસ્ત્રોક્ત વિધિસર ગણિત યુક્ત થાય તો વિશેષ ફલદાયી છે.

छाया वाणुं रणुं केशाग्र लीक्षा यूका प्रोक्ता स्याद्यवंस्त्वगुलश्च ।
छायादि भ्योष्टघ्नमानस्यवृद्धिः प्रोक्तो हस्तौ जैन संख्या गुलश्च ॥ १ ॥

છાયાદિકના અનુક્રમે આઠ આઠ ગણા કરવાથી માપ થાય છે. આઠ છાયા એક અણુ, આઠ અણુ એક રેણુ, આઠ રેણુ એક કેશાગ્ર, આઠ કેશાગ્ર એક લીક્ષા, આઠ લીક્ષા એક યૂકા, આઠ યૂકા એક આડા જવ, આઠ આડા જવ એક આંગળ તેવા ચોવીશ આંગળ એક હસ્ત. (જિન સંખ્યા પ્રમાણે)

॥ આંગળથી પ્રમાણો ॥

૧ આંગળ ૧ માત્રા, ૨ આં. કળા, ૩ આં. પર્વ, ૪ આં. મુષ્ટી, ૫ આં. તલ, ૬ આં. કરપાદ (૦ ગજ) ૭ આં. દૃષ્ટિ, ૮ આં. તૂણી, ૯ આં, પ્રાદેશ, ૧૦ આં. શય-તાલ, ૧૧ આં. ગોકર્ણ, ૧૨ આં. વિસ્તતી, ૧૪ આં. અનાહપદ, ૨૧ આં. રત્ની, ૨૪ આં. અરત્ની–એક ગજ, ૪૨ આં. કિષ્કુ, ૮૪ આં પુરૂષ, ૯૬ આં. ધનુષ્ય અથવા દંડ. ૧૦૦૦ ધનુષ્ય કોષ. ૨ કોષ ગવ્યુતિ, ૨ ગવ્યુતિ જોજન.

॥ હસ્તના ત્રિવિધ પ્રમાણ ॥

ज्येष्टं चाष्टयवैः प्रोक्तं मध्यमं सप्तभिर्यवै ।
स्यात्कनिष्टं षड् यवै स्तच्चतुर्विंशतिभिः करः ॥ २ ॥

આઠ યવનો એક આંગળ તે જેષ્ઠ, સાત યવનો એક આંગળ તે મધ્યમ અને છ યવનો એક આંગળ તે કનિષ્ઠ આ પ્રમાણે ચોવીશ આંગળનો હસ્ત.

"Aho Shrutgyanam"

नगर ग्राम खेटादीन् क्रोशादि योजनादिकम् ।
वनोपवन मार्गादीन् ज्येष्ट हस्तेन मापयेत् ॥ ३ ॥

નગર, ગામ, ખેટ, (ખેડુતને રહેવાનું ગામડું), કોશ અને યોજન, વન-ઉપવન (બાગ), માર્ગ. આદિ જ્યેષ્ઠગજથી માપવા.

प्रासाद प्रतिमालिङ्ग जगती पीठ मंडपान् ।
राज्ञा निवास हर्म्याणि मध्य मानेन मापयेत् ॥ ४ ॥

દેવપ્રાસાદ, પ્રતિમા, લિંગ, જગતી, પીઠ, મંડપ, રાજ્યપ્રાસાદ અને ગૃહો મધ્યમ ગજથી માપવા.

शय्यासने चयानानि छत्र सिंहासनादिकम् ।
शस्त्रार्थ कूप पात्राणि कनिष्टेन च मापयेत् ॥ ५ ॥

શય્યા (પલંગ-ખાટલો), આસન યાન (ખ્યાના પાલખી), છત્ર, સિંહાસન, શસ્ત્રો, કુવા આદિ જળપાત્ર કનિષ્ટ ગજથી માપવા.

उत्तमा मध्यमाधमं त्रिविधो मान निर्णयः ।
न्युनाधिके कृते हस्ते दोषं स्याच्च महाभयम् ॥ ६ ॥

ઉત્તમ મધ્ય અને કનિષ્ટ એ ત્રણ પ્રકારનું માન જાણવું. કહેલ પ્રમાણથી નાનો અથવા મોટો હસ્ત વાપરે તો દોષ અને મહાભય ઉપજે.

आयव्ययांशका ऋक्षं तारा चंद्र बलं गृहे ।
जीवितं मरणं ज्ञेयं वास्तु विज्ञान पूर्वकम् ॥ ७ ॥

આય, વ્યય, અંશક, નક્ષત્ર, તારા ચંદ્રબલ અને આયુષ્ય એ ગૃહ આદિ વાસ્તુ-કર્મમાં જ્ઞાનપૂર્વક જોવું.

मान देवं गृहादि भूपसदने शास्त्रोक्त हस्तेन तत् ।
गेहे कर्मकस्य नाथ करतः स्यात्तार्ण छाद्ये गृहे ॥ ८ ॥

आयो दंड करांगुलादि मपितो स्तंऽगुलैरशतं ।
क्षेत्रस्याप्यनुमानतोपि नगरे दंडे न मानं पुरे ॥ ९ ॥

દેવમંદિર અને રાજાના ઘર વિષે શાસ્ત્રમાં કહેલા હસ્ત વડે માપ કરવું અને સાધારણ લોકના ઘરનું માપ શિલ્પીના હાથે કરવું. પણ ઘાસ અને પાંદડાની છાદ્યવાળા ઘરનું માપ ઘરધણીના હસ્તથી લેવું. દંડ હસ્ત તથા આંગળથી માપ કરીને ગણત્રી પ્રમાણે આય મેળવવા પણ નગર અને પુરનું ક્ષેત્રફળ દંડથી કાઢવું.

"Aho Shrutgyanam"

यावद् भूरिगुणं हृदि स्फुरति तत्तावद्विचार्यं करैं ।
श्वेतैर्नौं तनुयादि हां गुरु मुखं क्षिप्त्वा विहायाथवा ॥ १० ॥

પોતાના અંતઃકરણને આનંદ આપે એવું ઘણા શુભ ગુણવાળું જ્યાં સુધી લંબાઈ ને પહોળાઈમાં હસ્તોના માપથી જ આયાદિક આવે ત્યાં સુધી હાથથી જ ગણત્રી કરવી. પરંતુ તેમ ન મળે તો લંબાઈ-પહોળાઈમાં આંગળો ઉમેરી અથવા ઘટાડીને ક્ષેત્રફળ કાઢી આયાદિ મેળવવા.

पाषाणे पूर्णं गेहानि भितिर्मध्ये तुऐष्टिका ।
मृतिका गर्भ मात्रेण विज्ञेया नाऽत्र संशयः ॥ ११ ॥

પાષાણના ગૃહાદિને બહારથી, ઈંટના (વાસ્તુ આદિને) ઓસારના મધ્યેથી અને માટીના કામને અંદરના ભાગથી ગણવું. એમાં સંશય કરવો નહિ.

काष्ठ पाषाणयोर्बाह्या मिष्टकायां तदर्धकम् ।
मृतिका गर्भ मात्रं इति प्राह पराशरः ॥ १२ ॥

લાકડા અને પાષાણને બહારથી, ઈંટને અર્ધ ઓસારે અને માટીને અંદરથી ક્ષેત્ર ગણવું તેમ પારાશરનો મત છે.

प्रासादे भित्ति संयुक्तो गृहे भितिस्तु बाह्यतः ।
कर्त्तव्यो मंडपे युक्तो जगत्या याम एव च ॥ १३ ॥

પ્રાસાદને ભીતિ સહિત, ગૃહોને ભીંત વગર, મંડપ તથા જગતીને ભીતિ સહિત ગણવું.

प्रमाणं कुम्भके मूले नासिके भिति बाह्यतः ॥ १४ ॥

ભીંતની બહાર ~~ભુણે કુંભાના~~ મૂળમાં પ્રમાણ જાણવું.

પ્રાસાદને મેળવવાના એકવિશ અંગો ૧ ક્ષેત્રફળ, ૨ આય, ૩ નક્ષત્ર, ૪ નક્ષત્ર-ગણ, ૫ ચંદ્ર, ૬ નક્ષત્રવૈર, ૭ વ્યય, ૮ તારા, ૯ નાડી, ૧૦ રાશિ, ૧૧ રાશિવૈર, ૧૨ નામાક્ષર, ૧૩ અંશક, ૧૪ લગ્ન, ૧૫ તિથિ, ૧૬ વાર, ૧૭ કરણ, ૧૮ યોગ, ૧૯ વર્ગ, ૨૦ તત્ત્વ, ૨૧ આયુષ્ય.

૧ ક્ષેત્રફળ ચોરસ :-લંબાઈ ગજ અને પહોળાઈ ગજના ગુણાકાર કરતા જે આવે તે ચોરસનું ક્ષેત્રફળ જાણવું.

૨ ગોળનું ક્ષેત્રફળ :-લંબાઈ પહોળાઈ તે વ્યાસ કહેવાય. વ્યાસને ત્રણગણું કરવું. તેમાં સાતમો ભાગ ઉમેરવો (વ્યાસનો) તે પરિધ થયું. તેને અર્ધું કરવું અને વ્યાસને અર્ધું કરી બન્નેનો ગુણાકાર કરવો જે આવે તે ગોળનું ક્ષેત્રફળ જાણવું. સમસ્ત પરિધને વ્યાસના ચોથા ભાગે ગુણવાથી પણ ગોળનું ક્ષેત્રફળ આવે.

"Aho Shrutgyanam"

૩ અષ્ટાંશનું ક્ષેત્રફળ :–લંબાઈ પહોળાઇનો ગુણાકાર કરવો. તેમાંથી છઠ્ઠો ભાગ બાદ કરવો અને છઠ્ઠા ભાગનો અડતાલીશમો ભાગ બાદ કરવો, બાકી રહે તે અષ્ટાંશનું ક્ષેત્રફળ જાણવું.

૪ ષષ્ટાંશ ક્ષેત્રફળ :–લંબાઈ પહોળાઇનો ગુણાકાર કરી તેમાંથી છઠ્ઠો ભાગ હિન કરવો બાકી રહે તે ષષ્ટાંશનું ક્ષેત્રફળ જાણવું.

૫ સોડાંષનું ક્ષેત્રફળ :-લંબાઇ પહોળાઇનો ગુણાકાર કરી તેમાંથી છઠ્ઠો ભાગ તથા છઠ્ઠા ભાગનો ચૌદમો ભાગ બાદ કરવો. બાકી રહે તે સોળાંશનું ક્ષેત્રફળ જાણવું.

૬ ત્રિકોણ ક્ષેત્રફળ:–એક ભાગની લંબાઈ પુરા છેડા સુધી લેવી અને બીજા ભાગની લંબાઇના અર્ધ ભાગ કરી બન્નેનો ગુણાકાર કરવો. જે આવે તે ત્રિકોણનું ક્ષેત્રફળ જાણવું.

૭ અર્ધ ચંદ્ર ક્ષેત્રફળ :–લંબાઈ ને પહોળાઇનો ગુણાકાર કરવો. તેમાંથી ચોથો ભાગ હિન કરવો, બાકી રહે તે અર્ધચંદ્ર ક્ષેત્રનું ક્ષેત્રફળ જાણવું.

૨–આયાધિકાર

धामस्य दीर्घतोव्यास गुणय चाष्ट भाजिते ।
ध्वजादिनं शेषमायं लभ्यते नात्र संशयः ॥ १५ ॥

ક્ષેત્રની લંબાઈ પહોળાઈને ગુણી આઠે ભાગવા, જે શેષ વધે તે ધ્વજાદિ આયો જાણવા તેમાં શંકા નહિ.

ध्वजो धूम्र स्तथा सिंहः श्वानो वृष खरोगजः ।
ध्वांऽक्ष चैव समदृष्टाः प्राच्या दिशु प्रदक्षिणाः ॥ १६ ॥

૧ ધ્વજ, ૨ ધુમ્ર, ૩ સિંહ, ૪ શ્વાન, ૫ વૃષ, ૬ ખર, ૭ ગજ, ૮ ધ્વાંક્ષ એ આઠ આય પૂર્વ આદિ દિશાઓથી અનુક્રમે પ્રદક્ષિણાએ સામસામી દૃષ્ટિ કરીને રહેલ છે.

ध्वजः सिंहो वृषगजौ शस्यन्ते सुर वेश्मनि ।
अधमानां खरध्वाङ्क धूम्रश्वानः सुखावहा ॥ १७ ॥
ध्वजः प्रायः कृतयुगे त्रेतायां सिंह एव च ।
द्वापरे वृष बाहुल्यं गज एव कलौ युगे ॥ १८ ॥

દેવપ્રાસાદોમાં ધ્વજ, સિંહ, વૃષ ને ગજ ઉત્તમ છે. અધમ લોકોને ત્યાં ખર, ધ્વાંક્ષ ધૂમ્ર તથા શ્વાન સુખકારી છે. ધ્વજ આય વિશેષે સત્યયુગે ત્રેતાયુગમાં સિંહ આય, દ્વાપરે ઘણું કરીને વૃષ આય અને કલિયુગે ગજ આય શ્રેષ્ઠ છે.

"Aho Shrutgyanam"

कल्याणं कुरुते सिंहो नृपाणां च विशेषतः ।
ध्वजः प्रशस्यते विप्रैर्वृषो वैश्ये मुदाहृतः ॥ १९ ॥
उत्तरोत्तर माख्याताश्चतुर्वर्ण फलप्रदाः ।
ध्वजे चैवार्थ लाभश्च धूमे संताप एव च ॥ २० ॥

રાજ્યપ્રાસાદોમાં સિંહાય વિશેષ કલ્યાકારી છે. બ્રાહ્મણના ઘર વિષે ધ્વજાય, વૈશ્યના ઘર વિષે વૃષાય, ક્ષુદ્રના ઘર વિષે ગજાય એમ ઉત્તરોત્તર ચારે વર્ણને ફળદાયક જાણવા. ધ્વજાય અર્થ લાભ આપનાર, ધૂમ્રાય સંતોષકારક છે.

॥ हस्त प्रमाण ॥

यव	अंगुल	हस्त अंगुल प्रमाण	हस्त	उपयोग
८	१	२४	१ ज्येष्ठ	नगर, ग्राम, खेट, कोश, योजन, वन, उपवन, मार्ग आदि ज्येष्ठ गजे मापवा.
७	१	२४	१ मध्यम	देवप्रासाद, प्रतिमा, लिंग, जगती, पीठ, मंडप, राज्यप्रासाद अने गृहो मध्यम गजथी मापवा.
६	१	२४	१ कनिष्ठ	शय्या, आसन, यान, (म्याना पालखी) छत्र, सिंहासन, शस्त्रो, कुवा आदि जळाशयो, कनिष्ठ गजथी मापवा.

॥ आयादि अंग गणित अंगो स्थान ॥

पाषाणु, काष्ट	બહારના ખુણે આયાદિ અંગો મેળવવા.
प्रासाद, जगती, मंडप,	
ઈંટના ગૃહને	ઓસારના મધ્યે આયાદિ અંગો મેળવવા.
માટીના ગૃહને	અંદરના ભાગમાં આયાદિ અંગો મેળવવા.

॥ आयादि स्थान ॥

	आय	दिशा	शुभ स्थानो
१	ध्वज	पूर्व	બ્રાહ્મણના ઘરે, પ્રાસાદ, પ્રતિમા, લિંગ, જગતી, પીઠ, મંડપ, વેદી, કુંડ, શુચિ, ધ્વજા, છત્ર, ચામર, વાવ, કુવા. તળાવ, કુંડ આદિ જળાશયે અને ધ્વજ ધ્વજદંડ રાખવાનું સ્થાન, દેવપીઠિકા, વસ્ત્ર, અલંકાર આદિ આભૂષણો કેયુર, મુકુટ આદિ સ્થાને ધ્વજ આય આપવો શુભ છે.

"Aho Shrutgyanam"

૨	ધૂમ્ર	અગ્નિ	અગ્નિ કર્મ ઉપર જીવનારને ત્યાં યજ્ઞશાખા, રસોઈઘર, હોમ-કુંડ અને હોમ કરવાના ઘરમાં ધૂમ્રાય દેવો.
૩	સિંહ	દક્ષિણ	સમસ્ત આયુધો રાખવાના સ્થાને, રાજ્યમહેલમાં, રાજ્ય સિંહાસને, સિંહદ્વારે સિંહાય આપવો અને ક્ષત્રીઓના ઘરે શુભ છે.
૪	શ્વાન	નૈઋત્ય	મ્લેચ્છ જાતિના ઘરે, શ્વાન ઉપર આજીવિકા કરનારને ત્યાં, ચાંડાલના ઘરે તથા અશુદ્ધ સંડાસ વિગેરે સ્થળે શ્વાનાય દેવો શુભ છે.
૫	વૃષ	પશ્ચિમ	વેપાર કરનારને ત્યાં, દુકાને તથા ઘરે, ભોજન પાત્ર તથા મંડપે, અશ્વશાળા, ગૌશાળા અને ગોવાળના ઘરે વૃષાય દેવો શુભ છે.
૬	ખર	વાયવ્ય	વણકરને ત્યાં જંત્ર આદિ સ્વર નીકળે તેવા વાજીંત્રને કલાલ, ધોબી અને ગધેડા ઉપર આજીવિકા કરનારને ત્યાં ખરાય શુભ છે.
૭	ગજ	ઉત્તર	હસ્તિશાલા, પાલખી, સુખપાલ, રથ, પલંગ, તંબુ, વહાણ, કોચ, રાણીવાસ, પેંડાર આદિના ઘરે (ઢોર ચારનાર) ક્ષુદ્રના ઘરને વિષે, ક્રિડા ગૃહમાં ગજાય દેવો.
૮	ધ્વાંક્ષ	ઈશાન	સંન્યાસીઓના મઠે, યંત્રશાલાએ, જિનશાલાએ અને શિલ્પ કર્મ કરનારને ઘરે ધ્વાંક્ષાય દેવો.

ફુટનોટ

आय व्ययांशका ऋक्षं तारा चन्द्र बलं गृहे ।
जीवितं मरणं ज्ञेयं वास्तु विज्ञान पूर्वकम् ॥ १ ॥

આય, વ્યય, અંશક, નક્ષત્ર, તારા, ચંદ્રબલ, આયુષ્ય, ગૃહે વાસ્તુ વિજ્ઞાનપૂર્વક જોવા.

नगरे वा पुरे चैव मानं दण्डैर्विधीयते ।
वास्तु दण्ड इति प्रोक्तं सोऽत्र वै वास्तु सङ्ख्याया ॥ २ ॥

નગર તથા પુરે દંડથી ગણિત વિધિવત્ કરવું ચાર હસ્ત ઉપરના ગૃહાદિને હસ્તથી ગણિત કરવું.

चतुर्हस्तं च यत्क्षेत्र मगुङ्गुलैश्च फलप्रदम् ।
चस्वङ्गुलैश्च क्षेत्रं तु पादैर्वा प्रति शोधयेत् ॥ ३ ॥

ચાર હસ્તના ક્ષેત્રને અંગુલથી ગણિત ફલદાયક છે. અંગુલાદિ ક્ષેત્રને પા અંગુલ અથવા યવથી ગણિત શોધન કરવું.

पादैर्वापि यवैर्वापि गृहक्षेत्रानुसारतः ।
तृणच्छन्दे स्वामिहस्तैर्हर्म्यादौ कर्मि हस्ततः ॥ ४ ॥

"Aho Shrutgyanam"

અંક	નક્ષત્ર	મૂલરાશિ	ગણ	ચંદ્ર	વ્યય	નક્ષત્ર વૈર	યોનિ	યોનિ વૈર	નાડી
૧	અશ્વિની	૧૭	દેવ	ઉત્તર	૧	ઉ. ફા.	અશ્વ	મહિષ	આદ્ય
૨	ભરણી	૭	મનુષ	ઉત્તર	૨	સ્વાતી	હસ્તી	સિંહ	મધ્ય
૩	કૃતિકા	૨૪	રાક્ષસ	પૂર્વ	૩	૦	અજ	કપિમૃગ	અંત્ય
૪	રોહિણી	૧૪	મનુષ	પૂર્વ	૪	ઉ. પા.	સર્પ	નકુલ	અંત્ય
૫	મૃગશીર્ષ	૪	દેવ	પૂર્વ	૫	૦	સર્પ	નકુલ	મધ્ય
૬	આર્દ્રા	૨૧	મનુષ	પૂર્વ	૬	૦	શ્વાન	કપિ	આદ્ય
૭	પુનર્વસુ	૧૧	દેવ	પૂર્વ	૭	શ્રવણ	માર્જાર	મૂષક	આદ્ય
૮	પુષ્ય	૧	દેવ	પૂર્વ	૮	અશ્લેષા	અજ	કપિમૃગ	મધ્ય
૯	અશ્લેષા	૧૮	રાક્ષસ	પૂર્વ	૯	પુષ્ય	માર્જાર	મૂષક	અંત્ય
૧૦	મઘા	૮	રાક્ષસ	દક્ષિણ	૨	૦	મૂષક	માર્જાર	અંત્ય
૧૧	પૂ. ફાલ્ગુન	૨૫	મનુષ	દક્ષિણ	૩	૦	મૂષક	માર્જાર	મધ્ય
૧૨	ઉ. ફાલ્ગુન	૧૫	મનુષ	દક્ષિણ	૪	અશ્વિની	ગાય	વ્યાઘ્ર	આદ્ય
૧૩	હસ્ત	૫	દેવ	દક્ષિણ	૫	ચિત્રા	મહિષ	અશ્વ	આદ્ય
૧૪	ચિત્રા	૨૨	રાક્ષસ	દક્ષિણ	૬	હસ્ત	વ્યાઘ્ર	ગૌ	મધ્ય
૧૫	સ્વાતિ	૧૨	દેવ	દક્ષિણ	૭	ભરણી	મહિષ	અશ્વ	અંત્ય
૧૬	વિશાખા	૨	રાક્ષસ	દક્ષિણ	૮	જ્યેષ્ઠા	વ્યાઘ્ર	ગૌ	અંત્ય
૧૭	અનુરાધા	૧૯	દેવ	પશ્ચિમ	૧	૦	મૃગ	અજ	મધ્ય
૧૮	જ્યેષ્ઠા	૯	રાક્ષસ	પશ્ચિમ	૨	વિશાખા	મૃગ	અજ	આદ્ય
૧૯	મૂળ	૨૬	રાક્ષસ	પશ્ચિમ	૩	૦	શ્વાન	કપિ	આદ્ય
૨૦	પૂ. ષાઢા	૧૬	મનુષ	પશ્ચિમ	૪	૦	કપિ	શ્વાન	મધ્ય
૨૧	ઉ. ષાઢા	૬	મનુષ	પશ્ચિમ	૫	રોહિણી	નકુલ	સર્પ	અંત્ય
૨૨	શ્રવણ	૨૩	દેવ	પશ્ચિમ	૬	પુનર્વસુ	કપિ	શ્વાન	અંત્ય
૨૩	ધનિષ્ઠા	૧૩	રાક્ષસ	પશ્ચિમ	૭	૦	સિંહ	હસ્તિ	મધ્ય
૨૪	શતભિષા	૩	રાક્ષસ	ઉત્તર	૮	૦	અશ્વ	મહીષ	આદ્ય
૨૫	પૂ. ભાદ્રપદ	૨૦	મનુષ	ઉત્તર	૧	૦	સિંહ	હસ્તિ	આદ્ય
૨૬	ઉ. ભાદ્રપદ	૧૦	મનુષ	ઉત્તર	૨	૦	ગૌ	વ્યાઘ્ર	મધ્ય
૨૭	રેવતી	૨૭	દેવ	ઉત્તર	૩	૦	ગજ	સિંહ	અંત્ય

ફુટનોટ ચાલુ

ગૃહક્ષેત્રાનુસાર—પા અંગુલે અને યવે ગણિત કરવું. તૃણ છંદના ગૃહને સ્વામીના હસ્તથી અને ગૃહોને કામ કરનારના હસ્તથી ગણિત કરવું.

राजवेश्म पुरादीनां वापी कूपादिकस्य च ।
प्रासादेषु च देवानां शास्त्र हस्ते न केवलम् ॥ ६ ॥

રાજ્ય પ્રાસાદ, નગર, વાવ, કુવા, આદિ અને દેવપ્રાસાદને શાસ્ત્ર હસ્તથી કેવળ માપવું.

—આયાધિકાર અપરાજિતપૃચ્છા.

"Aho Shrutgyanam"

सिंहे च विपुला भोगाः कलहः श्वाने सदा भवेत् ।
धन धान्यं वृषेचैव स्त्रीमरणं तु रासभे ॥ २१ ॥
गजे भद्राणि पश्यन्ति ध्वाङ्क्षे च मरणं ध्रुवम् ।
स्वस्व स्थाने स्थिताः सर्वे सर्वदा शुभकारकाः ॥ २२ ॥

સિંહાય અથાગ ભેાગ આપનાર છે. શ્વાનાયથી સદા ક્લેશ રહે. વૃષાય ધન ધાન્યને આપે. ખરાય આપવાથી સ્ત્રીનું મરણ થાય. ગજાય કલ્યાણકારક છે. ધ્વાંક્ષાયથી નિશ્ચય મરણ થાય. પેાતપેાતાના સ્થાને આપવાથી સર્વે આયેા શુભકારક છે.

प्रासाद प्रतिमा लिङ्गे जगती पीठ मंडपे ।
वेदि कुण्ड शुचिचैव पताका छत्र चामरे ॥ २३ ॥
वापी कूप तडागानां कुण्डानां च जलाशये ।
ध्वजोच्छ्रयस्य संस्थाने ध्वजं तत्र निवेशयेद् ॥ २४ ॥
आसने देव पीठेषु वस्त्रालंकार भूषणे ।
केयूर मुकुटाद्यं च निवेशयेच्च ध्वजंशुभः ॥ २५ ॥

પ્રાસાદ પ્રતિમા લિંગે તેમજ જગતી પીઠ મંડપ વેદી કુંડ શુચિ ધ્વજા, છત્ર, ચામર, વાવ, કુવા, તળાવ, કુંડ આદિ જળાશયે ધ્વજદંડ (ધ્વજ રાખવાનું સ્થાન) તે સ્થાને ધ્વજામય દેવેા બેસવાના આસને દેવપીઠિકા વસ્ત્ર અલંકાર આદિ આભૂષણે કેયુર મુકુટ આદિને ધ્વજાય દેવેા શુભ છે.

अग्नि कर्मसु सर्वेषु होम शाला महानसे ।
धूमोऽग्नि कुण्ड संस्थाने होम कर्म गृहेऽपिवा ॥ २६ ॥

અગ્નિ કર્મ ઉપર જીવનારને ત્યાં હેામશાળા, રસેાઈ ઘર, હેામ કુંડ તથા હેામ કરવાના ઘરમાં ધૂમ્રાય દેવેા.

आयुधानां समस्तानां नृपाणां भवनेषु च ।
नृपासने सिंहद्वारे सिंह तत्र निवेशयेत् ॥ २७ ॥

સમસ્ત આયુધેા રાખવાના સ્થાને, રાજાના મહેલે, રાજ્ય સિંહાસને, સિંહ દ્વારે સિંહાય આપવેા.

श्वानश्च म्लेच्छजातौ ज गेहे श्वानोप जीविताम् ।
तथा चाऽशुद्ध संस्थाने प्रशस्त श्वानको मतः ॥ २८ ॥

"Aho Shrutgyanam"

શ્વાનાય મ્લેચ્છ જાતીના ઘરે, શ્વાન ઉપર આજીવિકા કરનારને ત્યાં, ચાંડાલ તથા અશુદ્ધ (સંડાસ વિગેરે સ્થળે) એટલા સ્થળે શ્વાનાય દેવો શ્રેષ્ઠ છે.

वणिक्कर्मसु सर्वेषु भोज्य पात्रेषु मण्डपे ।
वृषस्तुरङ्ग शालायां गोशालायां च गोकुले ॥ २९ ॥

વેપાર કરનારની દુકાને તથા ઘરે,ભોજનપાત્ર તથા મંડપે, અશ્વશાળા, ગૌશાળા અને ગોવાળના ઘરને વિષે વૃષાય દેવો.

तत ततादि स्वरे वादित्रे विविधे तथा ।
कुलाल रजकादीनां खरो गर्दभ जीविनाम् ॥ ३० ॥

વણકરોને ત્યાં, જંત્ર આદિ સ્વર નીકળે તેવા વાજીંત્રને, કલાલ ધોબી અને ગધેડા ઉપર આજીવિકા કરનારના ઘરને વિષે ખરાય દેવો.

गजश्च गजशालायां यान झम्पानयोरथे ।
शय्यायां शिबिकायां च गजमुद्रा चतुष्कतः ॥ ३१ ॥
अन्तःपुरे गृहे प्रोक्तः पिण्डां वोस्यादिकोद्भवः ।
अन्योपस्कर कादौ च मदनागारके गजः ॥ ३२ ॥

હસ્તિશાળા, પાલખી, સુખપાલ, રથ, પલંગ, તંબુ, વહાણ, કોચ, રાણીવાસ, પેંડાર (ઠોર ચારનાર) આદિના ઘરે શુદ્રના ઘરને વિષે અને ક્રીડા ગૃહમાં ગજાય દેવો.

मठेषु यंत्रशालासु जिन शालादि केषु च ।
ध्वाङ्क्ष कल्याण कृच्चैवं शिल्पकर्मोपजीविनाम् ॥ ३३ ॥

સંન્યાસીઓના મઠે, યંત્રશાલાએ, જિનશાળાએ અને શિલ્પ કર્મ કરનાર શિલ્પીઓના ઘરોમાં ધ્વાંક્ષાય કલ્યાણકારી છે.

स्वके स्वके वैस्थाने च सर्वे कल्याणकारकाः ।
मित्र स्नेह्यानुगाश्चैव ते सर्वे कल्याणकारकाः ॥ ३४ ॥

આઠે આયો પોતપોતાના અનુકૂળ સ્થાને કલ્યાણકારી છે. એક બીજાની પરસ્પર સ્નેહ અને મૈત્રી જોઈ આપવાથી સર્વ પ્રકારે હિત અને કામનાઓને સફળ કરનાર છે.

वृष स्थाने गजंदद्यात् सिंहं वृषभ हस्तिनोः ।
ध्वजः सर्वेषुदातव्यो वृषा नाऽन्यत्र दीयते ॥ ३५ ॥

વૃષાયના સ્થાને ગજાય દેવો પણ વૃષાય તથા ગજાય સિંહાય સાથે ન દેવો. ધ્વજાય સર્વ સાથે દેવો પણ વૃષાય બીજે ન દેવો.

"Aho Shrutgyanam"

પૂર્વે ચ ધ્વજંદદ્યાત્ ધૂમ્રં ચૈવાગ્નિ સંસ્થિતા ।
યામ્યાયાં ચ તથા સિંહં નૈઋત્યે શ્વાન મેવચ ॥ ૩૬ ॥

પશ્ચિમાયાં વૃષદદ્યાત્ વાયવ્યે ખર મુચ્યતે ।
ઉત્તરે ચ ગજં દદ્યાત્ ઇશાને ધ્વાઙ્ક્ષ મેવ ચ ॥ ૩૭ ॥

ધ્વજાય પૂર્વ દિશામાં, ધૂમ્રાય અગ્નિકોણમાં, સિંહાય દક્ષિણ દિશામાં, શ્વાનાય નૈઋત્ય કોણમાં, વૃષાય પશ્ચિમ દિશામાં, ખરાય વાયવ્ય કોણમાં, ગજાય ઉત્તર દિશામાં, ધ્વાંક્ષાય ઇશાન કોણમાં આ રીતે આઠે દિશામાં આઠ આયો રહેલા છે તે દિશાના તે અધિપતિ છે.

સર્વે તુ સિંહગ્રીવાશ્ચ પ્રબલાશ્ચ મહોત્કટાઃ ।
મહા ગુણેશ્વરાઃ પ્રોક્તાઃ અષ્ટદિક્ ક્ષેત્રપાલકાઃ ॥ ૩૮ ॥

વાસ્તુકર્મસુ સર્વેષુ ચાષ્ટાવાયાદિ સંપદઃ ।
પૂજિતાઃ પ્રતિ પૂજ્યંતે નિર્વિઘ્નં ચ પદે સ્થિતાઃ ॥ ૩૯ ॥

સર્વે આયોનું સિંહ જેવું ગળું છે. ઘણા પ્રબળ તેજસ્વી અને મોટા ગુણવાન છે. આઠે દિશામાં ક્ષેત્રપાલ તરીકે રહેલ છે. સર્વ પ્રકારના વાસ્તુકર્મોમાં આ આઠ આયોનું પૂજન કરવાથી પોતાના સ્થાનમાં રહી નિર્વિઘ્ન કામની સમાપ્તિ કરાવી મનોરથો સફળ કરે છે.

૩–નક્ષત્રાધિકાર

આયાનાં યત્તુ ક્ષેત્રં ચ ગુણિતવ્યં પ્રતિષ્ટયેત્ ।
તત્ક્ષેત્રસ્ય ફલં સાધ્યં ગુણિતં દૈર્ઘ્યં વિસ્તરૈઃ ॥ ૪૦ ॥

ફલેચાષ્ટ ગુણે તસ્મિન્ સપ્તવિંશતિ ભાજિતે ।
યચ્છેષં લભ્યતે તત્ર નક્ષત્રં તદ્‌ગૃહસ્ય ચ ॥ ૪૧ ॥

લંબાઈ અને પહોળાઇને ગુણવાથી ક્ષેત્રફળ સિદ્ધ થાય, તેને આઠે ગુણી સત્તાવીશે ભાગવાથી જે શેષ રહે તે ગૃહનું નક્ષત્ર જાણવું.

બીજી રીત

આયામં ક્ષેત્ર સંભૂતં વિસ્તારં ગુણયેદથ ।
સપ્તવિંશૈર્હરેદ્ભાગં શેષં સ્યાત્ફલં નિશ્ચયઃ ॥ ૪૨ ॥

ક્ષેત્રની લંબાઈ અને પહોળાઇને ગુણી સત્તાવીશે ભાગવા. શેષ રહે તે ફળ નક્કી જાણવું. જે ફળ આવ્યું તે નક્ષત્રની મૂળ રાશિ જાણવી.

"Aho Shrutgyanam"

મૂળરાશિ.	૧૭	૭	૨૪	૧૪	૪	૨૧

નક્ષત્ર. ૧ અશ્વિની. ૨ ભરણી. ૩ કૃતિકા. ૪ રોહિણી. ૫ મૃગશીર્ષ ૬ આર્દ્રા

મુળરાશિ.	૧૧	૧	૧૮	૮	૨૫

નક્ષત્ર. ૭ પુનર્વસુ. ૮ પૂષ્ય. ૯ અશ્લેખા. ૧૦ મઘા. ૧૧ પૂર્વાફાલ્ગુન

મૂળરાશિ.	૧૫	૫	૨૨	૧૨	૨

નક્ષત્ર. ૧૨ ઉત્તરાફાલ્ગુન. ૧૩ હસ્ત. ૧૪ ચિત્રા. ૧૫ સ્વાતિ. ૧૬ વિશાખા.

મૂળરાશિ.	૧૯	૯	૨૬	૧૬	૬

નક્ષત્ર. ૧૭ અનુરાધા. ૧૮ જ્યેષ્ઠા. ૧૯ મૂળ. ૨૦ પૂર્વાષાઢા. ૨૧ ઉત્તરાષાઢા.

મૂળરાશિ.	૨૩	૧૩	૩	૨૦

નક્ષત્ર. ૨૨ શ્રવણ. ૨૩ ધનેષ્ઠ. ૨૪ સતતારા. ૨૫ પૂર્વાભાદ્રપદ.

મૂળરાશિ.	૧૦	૨૭

નક્ષત્ર. ૨૬ ઉત્તરાભાદ્રપદ. ૨૭ રેવતિ.

ઉપર આવેલ શેષ તે મૂળરાશિ આવી. મૂળરાશિ સત્તાવીશ નક્ષત્રમાંથી દશ હીન કરવાથી ૧૭ અશ્વિની તેમ દરેક આંકમાંથી દશ દશ હીન કરતા જવું અને શેષ ઓછી રહે તો સત્તાવીશ ભેળવવાં પછી દસ બાદ કરવા એ રીતે મૂળરાશિ ઉત્પત્તિ થાય.

फलेचाष्ट गुणे तस्मिन् सप्तविंशति भाजिते ।
यच्छेषं लभ्यते तत्र नक्षत्रं तद् गृहेषु च ॥ ४३ ॥

મૂળરાશિને આઠે ગુણી સત્તાવીશે ભાગતા જે શેષ આવે તે ગૃહ આદિનું નક્ષત્ર જાણવું.

૪—નક્ષત્ર ગણાધિકાર

देवनृ राक्षसानां च नक्षत्राणां त्रिधागणः ।
यस्ययस्याऽनुगा मैत्री वैरंस्याच्च परस्परम् ॥ ४४ ॥

દેવ, મનુષ્ય અને રાક્ષસ એ નક્ષત્રના ત્રણ પ્રકારના ગણ છે. પ્રયત્ને કરીને મરણ, અનુરાગ મૈત્રી, વૈર, પરસ્પર જોવા.

स्वगुणे परम प्रीति मर्ध्यमा दैव मानुषे ।
मर्त्य राक्षस यो मृत्युः कलहो देव राक्षसोः ॥ ४५ ॥

એક જ ગણ હોય તો પરમ પ્રીતિ, મનુષ્ય અને દેવગણ હોય તો મધ્યમ, મનુષ્ય અને રાક્ષસગણ હોય તો મૃત્યુ, દેવ અને રાક્ષસગણ હોય તો કલેશ રહે.

"Aho Shrutgyanam"

नव देव गणाः प्रोक्ता मानुषा नव कीर्तिताः ।
नव रक्षो गणाश्चैव नक्षत्राणां त्रिधा गणः ॥ ४६ ॥

નવ નક્ષત્ર દેવગણા જાણવા, નવ મનુષ્યાગણા, નવ રાક્ષસ ગણા એ પ્રમાણે નક્ષત્રના ત્રણ ગણ જાણવા.

कृतका मघा विशाखा अश्लेखा शततारका ।
चित्रा युक्ता धनेष्ठा च ज्येष्ठा मूलं च राक्षसाः ॥ ४७ ॥

૧ કૃતિકા, ૨ મઘા, ૩ વિશાખા, ૪ અશ્લેખા, ૫ શતતારા, ૬ ચિત્રા, ૭ ધનેષ્ઠા, ૮ જ્યેષ્ઠા, ૯ મૂલ. એ નવ રાક્ષસગણ જાણવા.

मृगोऽश्विनी रेवती च हस्त स्वातिः पुनर्वसु ।
पुष्यानुराधा श्रवण एते देवगण स्मृतः ॥ ४८ ॥

૧. મૃગશિર્ષ, ૨. અશ્વિની, ૩. રેવતી, ૪. હસ્ત, ૫. સ્વાતિ, ૬. પુનર્વસુ, ૭. પુષ્ય, ૮. અનુરાધા. ૯. શ્રવણ. એ નવ દેવગણ જાણવા.

॥ નક્ષત્ર ગણ ॥

દેવ:—મૃગશિર્ષ, અશ્વિની, રેવતી, હસ્ત, સ્વાતી, પુનર્વસુ, પુષ્ય, અનુરાધા, શ્રવણ.

મનુષ્ય—ભરણી, પૂર્વાષાઢા, પૂર્વાફાલ્ગુની, પૂર્વાભાદ્રપદ, ઉત્તરાષાઢા, ઉત્તરાફાલ્ગુની, ઉત્તરાભાદ્રપદ, આર્દ્રા, રોહિણી.

રાક્ષસ:—કૃત્તિકા, મૂળ, અશ્લેખા, મઘા, ચિત્રા, વિશાખા, ધનિષ્ઠા, સતભિષા, જ્યેષ્ઠા.

॥ ચંદ્રાધિકાર દિકૂ ॥

પૂર્વ:— ૧ કૃત્તિકા, ૨ રોહિણી, ૩ મૃગશિર્ષ, ૪ આર્દ્રા, ૫ પુનર્વસુ, ૬ પુષ્ય, ૭ અશ્લેખા,
દક્ષિણ:— ૧ મઘા, ૨ પૂર્વા ફા. ૩ ઉત્તરા ફા. ૪ હસ્ત, ૫ ચિત્રા, ૬ સ્વાતી, ૭ વિશાખા.
પશ્ચિમ:— ૧ અનુરાધા, ૨ જ્યેષ્ઠા, ૩ મૂળ, ૪ પૂર્વાષાઢા, ૫ ઉત્તરાષાઢા, ૬ શ્રવણ ૭ ધનિષ્ઠા.
ઉત્તર:— ૧ શતભિષા, ૨ પૂર્વાભાદ્રપદ, ૩ ઉત્તરાભાદ્રપદ, ૪ રેવતી, ૫ અશ્વિની, ૬ ભરણી.

॥ નક્ષત્ર વૈર ॥

નક્ષત્ર	વૈર	નક્ષત્ર	વૈર	નક્ષત્ર	વૈર
અશ્વિની	ઉ. ફાલ્ગુન	મઘા	૦	મૂળ	૦
ભરણી	સ્વાતી	પૂ. ફાલ્ગુન	૦	પૂ. ષાઢા	૦
કૃત્તિકા	૦	ઉ. ફાલ્ગુન	અશ્વિની	ઉ. ષાઢા	રોહિણી
રોહિણી	ઉ. ષાઢા	હસ્ત	ચિત્રા	શ્રવણ	પુનર્વસુ
મૃગશિર્ષ	૦	ચિત્રા	હસ્ત	ધનિષ્ઠા	૦
આર્દ્રા	૦	સ્વાતી	ભરણી	સતભિષા	૦
પુનર્વસુ	શ્રવણ	વિશાખા	જ્યેષ્ઠા	પૂ. ભાદ્રપદ	૦
પુષ્ય	અશ્લેખા	અનુરાધા	૦	ઉ. ભાદ્રપદ	૦
અશ્લેખા	પુષ્ય	જ્યેષ્ઠા	વિશાખા	રેવતી	૦

"Aho Shrutgyanam"

અંક	નક્ષત્ર	અંક	વ્યય	અંક	નક્ષત્ર	અંક	વ્યય	અંક	નક્ષત્ર	અંક	વ્યય
૧	અશ્વિની	૧	શાન્તા	૧૦	મઘા	૨	પ્રૌર	૧૯	મૂળ	૩	પ્રદ્યોત
૨	ભરણી	૨	પ્રૌર	૧૧	પૂ. ફા.	૩	પ્રદ્યોત	૨૦	પૂ ષાઢા	૪	શ્રિયાનંદ
૩	કૃત્તિકા	૩	પ્રદ્યોત	૧૨	ઉ ફા.	૪	શ્રિયાનંદ	૨૧	ઉ. ષાઢા	૫	મનોહર
૪	રોહિણી	૪	શ્રિયાનંદ	૧૩	હસ્ત	૫	મનોહર	૨૨	શ્રવણ	૬	શ્રીવત્સ
૫	મૃગશિર્ષ	૫	મનોહર	૧૪	ચિત્રા	૬	શ્રીવત્સ	૨૩	ધનિષ્ટા	૭	વિભવ
૬	આર્દ્રા	૬	શ્રીવત્સ	૧૫	સ્વાતી	૭	વિભવ	૨૪	શતભિષા	૮	ચિન્તાત્મક
૭	પુનર્વસુ	૭	વિભવ	૧૬	વિશાખા	૮	ચિન્તાત્મક	૨૫	પૂ. ભા.	૧	શાન્તા
૮	પુષ્ય	૮	ચિતાત્મક	૧૭	અનુરાધા	૧	શાન્તા	૨૬	ઉ. ભા.	૨	પ્રૌર
૯	અશ્લેખા	૧	શાન્તા	૧૮	જ્યેષ્ઠા	૨	પ્રૌર	૨૭	રેવતી	૩	પ્રદ્યોત

तिस्रः पूर्वाश्च भरणी आर्द्रा वै रोहिणी तथा ।
उत्तरात्रय सम्यक्तः कीर्तितो मानुषो गणः ॥ ४९ ॥

ત્રણ પૂર્વા–૧ પૂર્વા ફાલ્ગુન, ૨ પૂર્વાષાઢા, ૩ પૂર્વાભાદ્રપદ, ૪ ભરણી, ૫ આર્દ્રા, ૬ રોહિણી. ત્રણ ઉત્તરા :–૭ ઉત્તરાફાલ્ગુન, ૮ ઉત્તરાષાઢા, ૯ ઉત્તરાભાદ્રપદ એ નવ મનુષ્ય ગણ જાણવા.

૫–ચંદ્રાધિકાર

कृत्तिकादि सप्त सप्त पूर्वाद्याश्च प्रदक्षिणाः ।
सप्तविंशति युक्तानां तत्र चंद्रमुनिं हरेत् ॥ ५० ॥

કૃતિકાથી સાત સાત નક્ષત્ર પૂર્વથી પ્રદક્ષિણાએ જાણવા. ઉત્તરે પહેલા બે અને છેલ્લા ચાર મળી છ જાણવા, જે દિશાએ નક્ષત્ર આવે તે ચંદ્ર જાણવો.

પૂર્વ :–૧ કૃતિકા, ૨ રોહિણી, ૩ મૃગશિર્ષ, ૪ આર્દ્રા, ૫ પુનર્વસુ, ૬ પૂષ્ય, ૭ અશ્લેખા.

દક્ષિણ :–૧ મઘા, ૨ પૂર્વાફાલ્ગુન, ૩ ઉત્તરાફાલ્ગુન, ૪ હસ્ત, ૫ ચિત્રા, ૬ સ્વાતિ, ૭ વિશાખા.

પશ્ચિમ :–૧ અનુરાધા, ૨ જ્યેષ્ઠા, ૩ મૂળ, ૪ પૂર્વાષાઢા, ૫ ઉત્તરાષાઢા, ૬ શ્રવણ, ૭ ધનિષ્ઠા.

ઉત્તર :–૧ શતતારા, ૨ પૂર્વભાદ્રપદ, ૩ ઉત્તરભાદ્રપદ, ૪ રેવતિ, ૫ અશ્વિની, ૬ ભરણી.

આ પ્રમાણે પૂર્વ આદિ ક્રમથી નક્ષત્રની દિશા જાણવી. તે જ ચંદ્ર જાણવો.

गृहाग्रे च यदाचंद्रो क्षयं वेश्म करोतिहि ।
राट् चौराग्नि भयं घोरं चंद्रे वै पृष्ट भागते ॥ ५१ ॥

"Aho Shrutgyanam"

ધન ધાન્ય ક્ષમારોગ્યં કુરુતે દક્ષિણ સ્થિતે ।
શ્રી સ્ત્રી પુત્રા ઉત્તમાશ્ચ ચંદ્રે વૈ ઉત્તરે સ્થિતા ॥ ૫૨ ॥

ગૃહની સન્મુખ ચંદ્ર આપવાથી ઘરધણીનો નાશ થાય, પાછળ ચંદ્ર આપવાથી બ્રહ્મરાક્ષસ, ચોર, અગ્નિ સર્પનો ભય ઉત્પન્ન થાય, જમણા અંગે ચંદ્ર આપવાથી ધન ધાન્ય, ભૂમિ વિગેરે મળે અને આરોગ્ય રહે અને ડાબા અંગે ચંદ્ર આપવાથી લક્ષ્મી, સ્ત્રી, પુત્રાદિકનો ઉત્તમ લાભ થાય.

પ્રાસાદે રાજ્ય વેશ્મસુ ચંદ્રોદદ્યાત્ અગ્રતઃ ।
અન્યેષાં ચ ન દાતવ્ય શ્રીમદાદિ ગૃહેષુ ચ ॥ ૫૩ ॥

દેવ, પ્રાસાદો તથા રાજ્ય મહેલમાં ચંદ્ર સન્મુખ દેવો. પરંતુ બીજા કોઇ શ્રીમંતને પણ આગળ ચંદ્ર આપવો નહિ.

૬–નક્ષત્ર વૈરાધિકાર

વૈરં ચોત્તર ફાલ્ગુનીશ્વિયુગલે સ્વાતિભરણ્યોર્દ્વયોઃ ।
રોહિણ્યુત્તરષાઢ્યોઃ શ્રુતિ પુનર્વસ્વોર્વિરોધ સ્તથા ॥ ૫૪ ॥
ચિત્રા હસ્ત મયોશ્ચ પુષ્યફણિનો જ્યેષ્ઠા વિશાખદ્વયોઃ ।
પ્રાસાદે ભવનાઽઽસને ચ શયને નક્ષત્ર વૈરં ત્યજેત્ ॥ ૫૫ ॥

ઉત્તરા ફાલ્ગુન અને અશ્વિની, સ્વાતિ અને ભરણી, રોહિણી અને ઉત્તરાષાઢા, શ્રવણ અને પુનર્વસુ, ચિત્રા અને હસ્ત, પુષ્ય અને અશ્લેષા, જ્યેષ્ઠા અને વિશાખા એ નક્ષત્રોને પરસ્પર શત્રુતા છે. માટે પ્રાસાદ, ગૃહ, આસન, શય્યા વિગેરેમાં નક્ષત્ર વૈર તજવું.

૭–વ્યયાધિકાર

નક્ષત્રે વસુભિર્ભક્તે યચ્છેષં વ્યયમાદિશેત્ ।
અષ્ટૌ વ્યયાસ્તથા પ્રોક્તા આયેષ્વષ્ટસુયોજિતા ॥ ૫૬ ॥
આયાશ્ચ કથિતા પૂર્વં વ્યયાનાં લક્ષણં શૃણુ ।
એકૈકા યસ્ય સંસ્થાને વ્યયાશ્ચ ત્રિવિધાઃ સ્મૃતાઃ ॥ ૫૭ ॥

જે નક્ષત્રનો અંક આવ્યો હોય તેને આઠે ભાગતા જે શેષ વધે તે વ્યય જાણવો. આઠ આયની સાથે આઠ વ્યય યોજના પૂર્વક આપવા. આયો પહેલા કહેલ છે. હવે વ્યયના લક્ષણ સાંભળો. એકેક આય સાથે વ્યય ત્રણ પ્રકારે આવી શકે.

સમો વ્યયઃ પિશાચશ્ચ રાક્ષસસ્તુ વ્યયોઽધિકઃ ।
વ્યયો ન્યૂનો યક્ષશ્ચૈવ ધન ધાન્ય કરઃ સ્મૃતઃ ॥ ૫૮ ॥

"Aho Shrutgyanam"

આય અને વ્યય સરખા આવે તો પિશાચ, વ્યયનો આંક અધિક આવે તો રાક્ષસ, વ્યય ઓછો આવે તો યક્ષ ધન ધાન્યને આપનાર જાણવો.

ધ્વજાદિષ્વષ્ટસ્વાયેષુ અષ્ટો શાન્તાદિકવ્યયાઃ ।
પ્રત્યેકવ્યય સંસ્થાને આયો ન્યુનેતરઃ સ્મૃતઃ ॥ ૫૯ ॥

શાન્તઃ પૌરઃ પ્રદ્યોતશ્ચ શ્રિયાનંદો મનોહરઃ ।
શ્રીવત્સો વિભવશ્ચૈવ ચિન્તાત્મ ચ વ્યયાઃ સ્મૃતાઃ ॥ ૬૦ ॥

ધ્વજાદિ આઠ આયો અને આઠ શાન્તાદિ. વ્યય પ્રત્યેક વ્યય આયના સ્થાને ઓછા આપવા. ૧ શાન્તા, ૨ પૌર, ૩ પ્રદ્યોત, ૪ શ્રિયાનંદ, ૫ મનોહર, ૬ શ્રીવત્સ, ૭ વિભવ, ૮ ચિંતાત્મક એ આઠ વ્યય જાણવા.

સ્મૃતો ધ્વજે શુભઃ શાન્તઃ નિત્યં કલ્યાણ કારકઃ ।
ભોજ્યં પૂજાફલં શાન્તિ નૃત્યં ગીત સુરાલયે ॥ ૬૧ ॥

ધ્વજાયની સાથે શાન્ત વ્યય શ્રેષ્ઠને કલ્યાણકારી છે. દેવપ્રાસાદમાં આપવાથી ભોગ બલી, પૂજા, ફળ, શાન્તિ, ગીત અને નૃત્યને આનંદ આપે.

ધૂમ્રસ્થાને યદા શાન્તો હેમરત્નાદિ સમ્ભવઃ ।
અગ્ન્યુપજીવકાનાં ચ ધાતુ દ્રવ્ય ફલ પ્રદઃ ॥ ૬૨ ॥

ધૂમ્રાય સાથે જ્યારે શાન્ત વ્યય આપવામાં આવે તો સોનું રત્ન આદિ મળે. અગ્નિ કર્મ પર જીવનારને ધાતુ દ્રવ્ય આદિનો લાભ થાય.

સિંહ સ્થાને ચ પૌરશ્ચેત્ સિંહ વચ્ચ પરાક્રમૈઃ ।
નિહન્તિ રિપુ સૈન્યાનિ હ્યાત્મ સ્થાને મહોત્સવાઃ ॥ ૬૩ ॥

સિંહાય સાથે પૌર વ્યય આપવાથી સિંહના જેવો પરાક્રમી થાય અને દુશ્મનના સૈન્યનો નાશ કરી પોતાના સ્થાને મહોત્સવ થાય.

પ્રદ્યોતઃ શ્વાન સંસ્થાને નિત્યં ભોગ સુખાવહઃ ।
શય્યાસુ વેશ્મનિ તથા નેક ભોગાદિ કામદઃ ॥ ૬૪ ॥

શ્વાનાય સાથે પ્રદ્યોત વ્યય આપે તો નિત્ય ભોગ આદિ સુખ મળે. ઘર, શય્યા તથા અનેક કામાદિ ભોગ મળે.

શ્રિયાનંદો વૃષસ્થાને નિત્યં શ્રી સુખ શાન્તિદમ્ ।
વ્યવહારો પસ્કરં ચ ગુરુ દેવાર્ચને રતિમ્ ॥ ૬૫ ॥

"Aho Shrutgyanam"

વૃષાયના સ્થાને શ્રિયાનંદ વ્યય આપે તો હંમેશા સુખ, શાન્તિ અને લક્ષ્મી મળે. વ્યવહારમાં કુશળ થાય અને ગુરૂ તથા દેવ અર્ચનનો અતિ લાભ મળે.

मनोहरः खरे युक्तः सर्व मनोरथ प्रदः ।
समस्त भोग युक्ताना तीर्थ यात्रा प्रकाशकः ॥ ६६ ॥

ખરાય સાથે મનોહર વ્યય આપે તો સર્વ મનોરથ સિદ્ધ થાય અને સર્વ જાતના ભોગ મળે ને પ્રસિદ્ધ તીર્થ યાત્રા થાય.

श्री वत्सो गज संस्थाने स्त्रीणां क्रीडात्मनः स्मृताः ।
शृंगार भोग युक्तानां बल पुष्टि प्रदायकः ॥ ६७ ॥

ગજાય સાથે શ્રીવત્સ વ્યય આપે તો સ્ત્રી આદિના ભોગો મળે. શૃંગાર ભોગ-યુક્ત મળે. બલ અને પુષ્ટિની વૃદ્ધિ થાય.

विभवो ध्वाङ्क्ष संस्थाने शिल्पिनां हित कामदः ।
सूत्र शास्त्रार्थ सम्पन्ना भोग शृङ्गार निश्चलाः ॥ ६८ ॥

ધ્વાંક્ષાય સાથે વિભવ વ્યય આપે તો શિલ્પિને હિતકર્તા છે, સૂત્ર તથા શાસ્ત્રમાં નિપૂણ થાય, શૃંગાર અને ભોગ નાશ ન થાય તેવા મળે.

सर्वेषु शान्त आयेषु प्रशस्तः सर्व कामदः ।
षट्सु सिंहादिषु शुभः पौरो धूम्र ध्वजौविना ॥ ६९ ॥

બધા આયોની સાથે શાન્ત વ્યય શ્રેષ્ઠ અને સર્વ કામને આપવાવાળો છે, ધ્વજાય અને ધૂમ્રાય સિવાય સિંહાયથી છએ આયોને પૌર વ્યય શુભ છે.

॥ વ્યયાધિકાર શુભ સ્થાનો ॥

અંક	આય	વ્યય	ફલ
૧	ધ્વજાય	શાન્ત	શ્રેષ્ઠ કલ્યાણકારી દેવપ્રાસાદમાં આપવાથી ભોગ બલી, પૂજા, ફલ, શાંતિ, ગીત અને નૃત્યનો આનંદ આપે.
૨	ધૂમ્રાય	શાન્ત	સોનું, રત્ન અને અગ્નિકર્મ પર જીવનારને ધાતુ દ્રવ્ય મળે.
૩	સિંહાય	પૌર	સિંહના જેવા પરાક્રમી થાય. દુશ્મનના સૈન્યનો નાશ કરી પોતાના સ્થાને મહોત્સવ થાય.
૪	શ્વાનાય	પ્રદ્યોત	નિત્ય ભોગ આદિ સુખ મળે. ગૃહ લાભ કામાદિ ભોગ મળે.
૫	વૃષાય	શ્રિયાનંદ	હંમેશા સુખ, શાન્તિ, લક્ષ્મી, વ્યવહાર કુશળતા અને ગુરુ તથા દેવ અર્ચનનો અતિ લાભ મળે.

"Aho Shrutgyanam"

૬	ખરાય મનોહર	મનોરથ સિદ્ધ થાય અને સર્વ જાતના ભોગ મળે. પ્રસિદ્ધ તીર્થયાત્રા થાય.
૭	ગજાય શ્રીવત્સ	સ્ત્રી આદિના ભોગ શૃંગાર, ભોગયુક્ત, બલ અને પુષ્ટિની વૃદ્ધિ થાય.
૮	ધ્વાંક્ષાય વિભવ	શિલ્પીને હિતકર્તા, સૂત્ર તથા શાસ્ત્રમાં નિપુણ થાય. શૃંગાર ભોગ નાશ ન થાય તેવા મળે.

।। તારાધિકાર ।।

અંય	તારા	ફલ
૧	શાન્તા	હંમેશા શાન્તિ આપનાર.
૨	મનોહરા	મનને ઉલ્લાસ આપનાર.
૩	ક્રૂરા	ચોર અગ્નિ આદિ ભય કરનાર.
૪	વિજયા	જય અને કલ્યાણકારી.
૫	કલોદ્ભવા	કલહ કરનાર.
૬	પદ્મિની	સુખ આપવાવાળી, મોટા તીર્થોનું ફલ આપનાર.
૭	રાક્ષસી	ભયંકર રાત્રીમાં ભય ઉત્પન્ન કરનાર.
૮	વીરા	સૌમ્ય ભોગ આપનાર,
૯	આનંદા	આનંદકારી.

।। નક્ષત્ર નાડી–અધિકાર ।।

આદ્ય :—અશ્વિની આર્દ્રા પુનર્વસુ ઉ. ફા. હસ્ત જેષ્ઠા મૂલ શતભિષા પૂ. ભા.

મધ્ય :—ભરણી મૃગશિર્ષ પુષ્ય પૂ. ફા. ચિત્રા અનુરાધા પૂ. ષાઢા ધનિષ્ઠા ઉ. ભા.

અન્ત્ય:—કૃત્તિકા રોહિણી અશ્લેષા મઘા સ્વાતી વિશાખા ઉ. ષાઢા શ્રવણ રેવતી.

ધ્વજે ધૂમ્રે તથા સિંહે પ્રદ્યોતાદીન્ વિવર્જયેત્ ।
શેષાણાં સુપ્રદસ્તાશ્ચ તથા સ્થાનેષુ પઞ્ચસુ ।। ૭૦ ।।

ધ્વજ ધૂમ્ર તથા સિંહાયને તજીને બાકીના પાંચ આયોના સ્થાને પ્રદ્યોત્ત વ્યય આપવો વિશેષ શ્રેષ્ઠ છે.

ખરે વૃષે શ્રિયાનંદો ગજે ધ્વાઙ્ક્ષે ચ શોભનઃ ।
મનોહરં ત્યજેત્સોઽય ખરે ધ્વાઙ્ક્ષે ગજે શુભઃ ।। ૭૧ ।।

ખર વૃષ ગજ અને ધ્વાંક્ષાય સાથે શ્રિયાનંદ શુભ છે. મનોહર વૃષાય તજીને ખરાય ગજાય અને ધ્વાંક્ષાય સાથે શુભ છે.

શ્રી વત્સશ્ચ ગજે ધ્વાઙ્ક્ષે વિભવો ધ્વાઙ્ક્ષ કે શુભઃ ।
વ્યયો ન્યુનતરઃ શ્રેષ્ઠો હ્યધિક શ્વૈવ રાક્ષસઃ ।। ૭૨ ।।

"Aho Shrutgyanam"

શ્રીવત્સ ગજાય અને ધ્વાંક્ષાય વિભવ-ધ્વાંક્ષાય સાથે શુભ છે. આય કરતા વ્યય ઓછો હોવો જોઇએ. અધિક હોય તો રાક્ષસ અશુભ જાણવો.

चिन्तात्मकं व्ययं चापि आयेष्वष्टसु वर्जयेत् ।
पिशाचकमाय समं न कुर्याच्छुभ कर्मसु ॥ ७३ ॥

ચિંતાત્મક વ્યય આઠે આયો સાથે વર્જવો તે પિશાચ સમ છે માટે શુભ કર્મમાં આપવો નહિ.

८ ताराधिकार—

गणयेत्स्वामि नक्षत्राद्यावद्दर्क्षं गृहस्य च ।
नवभिस्तु हरेद्भागं शेषा स्ताराः प्रकीर्तिताः ॥ ७४ ॥

ગૃહસ્વામિના નક્ષત્રથી ગૃહના નક્ષત્ર સુધી ગણતાં જે અંક આવે તેને નવે ભાંગતાં જે શેષ રહે તે તારા સમજવી.

शान्ता मनोहरा क्रूरा विजया च कुलोद्भवा ।
पद्मिनी राक्षसी वीरा ह्यानन्दा नवमी स्मृता ॥ ७५ ॥

૧ શાન્તા, ૨ મનોહરા, ૩ ક્રૂરા, ૪ વિજયા, ૫ કુલોદ્ભવા, ૬ પદ્મિની, ૭ રાક્ષસી, ૮ વીરા, ૯ આનંદા. એ નવ તારા જાણવી.

शान्ता शान्तिकरी नित्यं मनोह्लादा मनोहरा ।
क्रूरा प्रवर्जिता प्राज्ञै श्चौराग्त्यादि भयंकरी ॥ ७६ ॥

શાન્તા હંમેશ શાન્તિ આપનાર છે. મનોહરા મનને ઉલ્લાસ આપનાર છે. ક્રૂરા ડાહ્યા પુરુષે વર્જવી. ચોર અગ્નિ આદિ ભયકારી છે.

॥ राश्याधिकार ॥

નક્ષત્ર	ચરણ	નક્ષત્ર	ચરણ	નક્ષત્ર	ચરણ	કુલચરણ	રાશિ
અશ્વિની	૪	ભરણી	૪	કૃતિકા	૧	૯	મેષ
કૃતિકા	૩	રોહિણી	૪	મૃગશિર્ષ	૨	૯	વૃષભ
મૃગશિર્ષ	૨	આર્દ્રા	૪	પુનર્વસુ	૩	૯	મિથુન
પુનર્વસુ	૧	પુષ્ય	૪	અશ્લેખા	૪	૯	કર્ક
મઘા	૪	પૂ. ફા.	૪	ઉ. ફા.	૧	૯	સિંહ
ઉ. ફા.	૩	હસ્ત	૪	ચિત્રા	૨	૯	કન્યા
ચિત્રા	૨	સ્વાતી	૪	વિશાખા	૩	૯	તુલા
વિશાખા	૧	અનુરાધા	૪	જ્યેષ્ઠા	૪	૯	વૃશ્ચિક
મૂળ	૪	પૂ. ષા.	૪	ઉ. ષા.	૧	૯	ધન
ઉ. ષા.	૩	શ્રવણ	૪	ધનિષ્ઠા	૨	૯	મકર
ધનિષ્ઠા	૨	શતભિષા	૪	પૂ. ભા.	૩	૯	કુંભ
પૂ. ભા.	૧	ઉ. ભા.	૪	રેવતી	૪	૯	મીન

"Aho Shrutgyanam"

।। રાશ્ય વૈરાધિકાર ।।

		૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨
	રાશિ	મેષ	વૃષભ	મિથુન	કર્ક	સિંહ	કન્યા	તુલા	વૃશ્ચિક	ધન	મકર	કુંભ	મીન
૧	મેષ	શ્રેષ્ટ	શત્રુ	મૈત્રી	પુષ્ટિ	અનિષ્ટ	મૃત્યુ	પ્રીતિ	મૃત્યુ	અનિષ્ટ	પુષ્ટિ	મૈત્રી	શત્રુ
૨	વૃષભ	શત્રુ	શ્રેષ્ઠ	શત્રુ	મૈત્રી	પુષ્ટિ	અનિષ્ટ	મૃત્યુ	પ્રીતિ	મૃત્યુ	અનિષ્ટ	પુષ્ટિ	મૈત્રી
૩	મિથુન	મૈત્રી	શત્રુ	શ્રેષ્ટ	શત્રુ	મૈત્રી	પુષ્ટિ	અનિષ્ટ	મૃત્યુ	પ્રીતિ	મૃત્યુ	અનિષ્ટ	પુષ્ટિ
૪	કર્ક	પુષ્ટિ	મૈત્રી	શત્રુ	શ્રેષ્ટ	શત્રુ	મૈત્રી	પુષ્ટિ	અનિષ્ટ	મૃત્યુ	પ્રીતિ	મૃત્યુ	અનિષ્ટ
૫	સિંહ	અનિષ્ટ	પુષ્ટિ	મૈત્રી	શત્રુ	શ્રેષ્ટ	શત્રુ	મૈત્રી	પુષ્ટિ	અનિષ્ટ	મૃત્યુ	પ્રીતિ	મૃત્યુ
૬	કન્યા	મૃત્યુ	અનિષ્ટ	પુષ્ટિ	મૈત્રી	શત્રુ	શ્રેષ્ટ	શત્રુ	મૈત્રી	પુષ્ટિ	અનિષ્ટ	મૃત્યુ	પ્રીતિ
૭	તુલા	પ્રીતિ	મૃત્યુ	અનિષ્ટ	પુષ્ટિ	મૈત્રી	શત્રુ	શ્રેષ્ટ	શત્રુ	મૈત્રી	પુષ્ટિ	અનિષ્ટ	મૃત્યુ
૮	વૃશ્ચિક	મૃત્યુ	પ્રીતિ	મૃત્યુ	અનિષ્ટ	પુષ્ટિ	મૈત્રી	શત્રુ	શ્રેષ્ટ	શત્રુ	મૈત્રી	પુષ્ટિ	અનિષ્ટ
૯	ધન	અનિષ્ટ	મૃત્યુ	પ્રીતિ	મૃત્યુ	અનિષ્ટ	પુષ્ટિ	મૈત્રી	શત્રુ	શ્રેષ્ટ	શત્રુ	મૈત્રી	પુષ્ટિ
૧૦	મકર	પુષ્ટિ	અનિષ્ટ	મૃત્યુ	પ્રીતિ	મૃત્યુ	અનિષ્ટ	પુષ્ટિ	મૈત્રી	શત્રુ	શ્રેષ્ટ	શત્રુ	મૈત્રી
૧૧	કુંભ	મૈત્રી	પુષ્ટિ	અનિષ્ટ	મૃત્યુ	પ્રીતિ	મૃત્યુ	અનિષ્ટ	પુષ્ટિ	મૈત્રી	શત્રુ	શ્રેષ્ટ	શત્રુ
૧૨	મીન	શત્રુ	મૈત્રી	પુષ્ટિ	અનિષ્ટ	મૃત્યુ	પ્રીતિ	મૃત્યુ	અનિષ્ટ	પુષ્ટિ	મૈત્રી	શત્રુ	શ્રેષ્ટ

"Aho Shrutgyanam"

॥ રાશ્ય વર્ણાધિકાર ॥

બ્રાહ્મણઃ—	વૃશ્ચિક	કર્ક	મીન	ઉત્તમ વર્ણની સ્ત્રી
ક્ષત્રીયઃ—	ધન	મેષ	સિંહ	તથા ગૃહ ડાહ્યા
વૈશ્યઃ—	વૃષ	કન્યા	મકર	પુરૂષોએ તજવા.
શુદ્રઃ—	મિથુન	તુલા	કુંભ	

विजया जय कल्याणा कलिका कलहप्रदा ।
पद्मया प्राप्यते सौख्यं महतीर्थ फलं तथा ॥ ७७ ॥
राक्षसी च तथा घोरा निशायां भयदायिनी ।
वीरा सौम्या भोगदा च ह्यानन्दा नंद कारिणी ॥ ७८ ॥

વિજયા અને જય કલ્યાણકારી છે, કલોદ્ભવા કલહ કરવાવાળી, પદ્મિની સુખ આપવાવાળી તથા મોટા તીર્થનું ફળ આપવાવાળી, રાક્ષસી ભયંકર રાત્રીમાં ભય ઉત્પન્ન કરવાવાળી, વીરા સૌમ્ય અને ભોગ આપનાર, આનંદા આનંદકારી છે.

क्षीणश्चंद्रो यदावारे भवे-तारा बल प्रदा ॥ ७९ ॥

જ્યારે ચંદ્ર ક્ષીણ હોય ત્યારે તારા બળદાયક જાણવી.

क्रूरा च कलिका चैव राक्षसी तु तृतीयका ।
क्रूराद्या इति वै तिस्रो वर्जयेच्छुभ कर्मसु ॥ ८० ॥
शान्ता मनोहरा चैव विजया पद्मिनी तथा ।
वीरा नन्देति षट् तारा नित्यं कल्याणकारिकाः ॥ ८१ ॥

ક્રૂરા, કલોદ્ભવા અને રાક્ષસી એ ત્રણ ક્રૂરા આદિ ત્રણ તારા, શુભ કર્મમાં તજવી, શાન્તા, મનોહરા, વિજયા, પદ્મિની, વીરા અને આનંદા એ છ તારા હંમેશા શુભ ફળ આપવાવાળી છે.

૯ નક્ષત્ર નાડ્યાધિકાર—

આદ્ય–અશ્વિની, આર્દ્રા, પુનર્વસુ, ઉત્તરાફાલ્ગુન, હસ્ત, જ્યેષ્ઠા, મૂલ, સતતારા, પૂર્વાભાદ્રપદ.

મધ્ય–ભરણી, મૃગશિર્ષ, પુષ્ય, પૂ. ફાલ્ગુન, ચિત્રા, અનુરાધા, પૂ. ષાઢા, ધનેષ્ઠા, ઉત્તરાભાદ્રપદ.

અન્ત્ય–કૃત્તિકા, રોહિણી, અશ્લેખા, મઘા, સ્વાતિ, વિશાખા, ઉ. ષાઢા, શ્રવણ,રેવતી.

सेव्य सेवकयोश्चैव गृहत्स्वामिनोरपि ।
परस्परं मित्रयोश्च एकानाडी प्रशस्यते ॥ ८२ ॥

સ્વામી અને સેવક ગૃહ તથા સ્વામીની એકનાડી પરસ્પર મૈત્રીકારક પ્રશંસનીય છે.

"Aho Shrutgyanam"

૧૦ રાશ્યાધિકાર—

गृहक्षेत्रेषु यद्दक्षं षष्टिभिर्गुणितं तथा
पंचत्रिंशत्शतैभक्ते शेष वै मेषकादयः ॥ ८३ ॥

ક્ષેત્રનું જે નક્ષત્ર આવ્યું હોય તેને સાઠે ગુણવા અને તેને એકસો પાંત્રીશે ભાગવા શેષ રહે તે મેષાદિ ઘટીકા જાણવી.

સાઠ ઘટીનું એક નક્ષત્ર તેથી નક્ષત્રને સાઠે ગુણિ ઘટી કરવી અને રાશિના ઘટી એકસો પાંત્રીશ હોવાથી એકસો પાંત્રીશે ભાંગવા. ભાગમાં આવે તે રાશિ અને શેષ વધે તે ઘટીકા જાણવી. શેષની પણ એકરાશિ ગણી ભાગ સાથે ભેળવવી કારણ કે તે પછીની રાશિની ઘટી છે માટે એક ગણવું.

स्युर्मेषाद्या राशयश्च अश्विन्यादिक्रमेषु च ।
वास्तुकर्मेषु सर्वेषु ग्रहवेधविशोधनैः ॥ ८४ ॥

અશ્વિનાદિ નક્ષત્રની ક્રમે મેષાદિ રાશિ જાણવી. દરેક વાસ્તુ કર્મમાં ગ્રહ વેધ પણ જોવો.

अश्विन्यादि त्रयं मेषे सिंहे प्रोक्तं मघात्रयम् ।
मूलादित्रितयंचापे शेषभेषु द्वयं द्वयम् ॥ ८५ ॥

અશ્વિની, ભરણી, કૃતિકા એ ત્રણ નક્ષત્રની મેષ રાશિ. મઘા, પૂર્વાફાલ્ગુન અને ઉત્તરાફાલ્ગુનની સિંહરાશિ. મૂલ પૂર્વાષાઢા અને ઉત્તરાષાઢા એ ત્રણ નક્ષત્રની ધન રાશિ બાકીના બબ્બે નક્ષત્રની રાશિ જાણવી.

રોહિણી ને મૃગશિર્ષની વૃષભરાશિ, આર્દ્રા ને પુનર્વસુની મિથુન રાશિ, પુષ્ય ને અશ્લેખાની કર્કરાશિ, હસ્ત ને ચિત્રાની કન્યારાશિ, સ્વાતિ ને વિશાખાની તુલારાશિ, અનુરાધા ને જ્યેષ્ઠાની વૃશ્ચિકરાશિ, શ્રવણ ને ધનેષ્ઠાની મકરરાશિ, શતતારા ને પૂર્વાભાદ્રપદની કુંભરાશિ, ઉત્તરાભાદ્રપદ ને રેવતિની મીન રાશિ જાણવી.

૧૧ રાશિવૈરાધિકાર—

षडष्टके ध्रुवं मृत्युः प्रीतिः स्यात् सममप्तमै ।
अनिष्ट पंच नवमे पुष्टिर्दश चतुर्थके ॥ ८६ ॥
तृतियैकादशे मैत्री द्वितीये द्वादशे रिपुः ।
राशयः षड्विधा एव मन्योन्यं पति वेश्मनो ॥ ८७ ॥

છઠ્ઠી અને આઠમી રાશિ આવે તો નિશ્ચય મૃત્યુ, સાતમી ઉત્તમ પ્રીતિ કરનાર, પાંચમી અને નવમી અનિષ્ટ, દશમી અને ચોથી પુષ્ટિકારક, ત્રણ અને અગિયાર મૈત્રીકારક, બે અને બાર શત્રુતા ઉત્પન્ન કરે. આ પ્રમાણે છ રીતે ગૃહ તથા ગૃહપતિને અન્યોઅન્ય જોવું.

"Aho Shrutgyanam"

વૃશ્ચિકઃ કર્કટો મીનો બ્રાહ્મણાઃ પરિકીર્તિતાઃ ।
ધનુર્મેષ સ્તથા સિંહો રાજન્યાશ્ચ શુભા સ્મૃતાઃ ॥ ૮૮ ॥
વૃષઃ કન્યા ચ મકર એતે વૈશ્યા ઉદાહૃતાઃ ।
મિથુનં ચ તુલા કુમ્ભ સ્ત્રયં શૂદ્રા પ્રકીર્તિતાઃ ॥ ૮૯ ॥

વૃશ્ચિક, કર્ક તથા મીન એ બ્રાહ્મણ વર્ણની જાણવી. ધન, મેષ ને સિંહ ક્ષત્રિય વર્ણની, વૃષ-કન્યા ને મકર એ વૈશ્ય વર્ણની, મિથુન-તુલા ને કુંભ એ ત્રણ શૂદ્ર વર્ણની રાશિ જાણવી.

વર્ણનોત્તમ કામિની ચ ભવનં વર્જ્યં બુધૈ યત્નતઃ ॥ ૯૦ ॥

ઉત્તમ વર્ણની સ્ત્રી તથા ગૃહ યત્નપૂર્વક ડાહ્યા પુરુષે તજવું.

ભવેદ્ દ્વાદશાભિર્વિપ્રઃ ક્ષત્રિયો નવભિસ્તથા ।
ષડ્ રાશીભ્યો ભયેદ્ વૈશ્ય સ્ત્રિભિઃ શૂદ્રઃ પ્રશસ્યતે ॥ ૯૧ ॥

બ્રાહ્મણને બારે રાશિનું ગૃહ કરવું, ક્ષત્રિયને ત્રણ બ્રાહ્મણ રાશિ છોડીને નવ રાશિનું, વૈશ્યને છ વિપ્ર તથા ક્ષત્રિય રાશિ છોડીને, શૂદ્રને ત્રણ રાશિનું બ્રાહ્મણ ક્ષત્રિય તથા વૈશ્ય રાશિ તજીને ગૃહ કરવું તેજ પ્રશંસનિય છે.

મેષ વૃશ્ચિકયો ર્ભૌમઃ શુક્રો વૃષ તુલાધિપઃ ।
બુધ કન્યા મિથુન પ્રોક્તો કર્કસ્ય ચંદ્રમા સ્મૃતઃ ॥ ૯૨ ॥
સિંહસ્યાધિપતિઃ સૂર્યો ધન મીનાધિપો ગુરુઃ ।
શનિર્મકર કુંભસ્ય હ્યેતે રાશ્યધિપા મતાઃ ॥ ૯૩ ॥

મેષ અને વૃશ્ચિક રાશિનો સ્વામી મંગળ, વૃષ ને તુલાનો સ્વામી શુક્ર, કન્યા અને મિથુનનો સ્વામી બુધ, કર્કનો સ્વામી ચંદ્ર, સિંહનો સ્વામી સૂર્ય, ધન અને મીનનો સ્વામી ગુરુ, મકરને કુંભનો સ્વામી શનિ, આ પ્રમાણે રાશિઓત, અધિપતિ જાણવા.

આત્મક્ષેત્રેન પીડયન્તિ સ્વસ્થા વૈ ક્ષેત્રપાલકાઃ ।
રિપુગૃહં પીડયન્તિ ભસ્મી કુર્વન્તિ વિગ્રહે ॥ ૯૪ ॥

પોતાના ક્ષેત્રમાં સ્થિર રહેવાથી ક્ષેત્રપાલક પીડા કરતા નથી. પણ શત્રુના સ્થાનમાં પીડા કરે છે અને વિગ્રહથી નાશ કરે છે.

મિત્રાણિ દ્યુમણે કુજેજ્ય રાશિન શુક્રાર્કજોવૈરિણૌ ।
સૌમ્યશ્ચાસ્યસમો વિધોર્બુધ રવિ મિત્રે ન ચાઽસ્યદ્વિષત્ ॥ ૯૫ ॥
શેષાશ્ચાસ્ય સમાકુજસ્ય સુહૃશ્ચન્દ્રેજ્ય સૂર્યા બુધઃ ।
શત્રુ શુક્રશનિ સમૌ ચ શશભૃત્સ્વનોઃ સિતાઽહસ્કરૌ ॥ ૯૬ ॥

"Aho Shrutgyanam"

मित्रे चाऽस्य रिपुः शशी गुरु शनि क्ष्माजाः समा गीष्पते ।
मित्राए यर्क कुजेन्दवो बुध सितौ शत्रू समः सूर्यजः ॥ ९७ ॥
मित्रे सौम्य शनि कवेः शशी रवि शत्रू कुजेज्यौ समा ।
मित्रे शुक्र बुधो शनैः शशी रविक्ष्माजाद्विषोऽन्यः समः ॥ ९८ ॥

સૂર્યના–મંગળ, બૃહસ્પતિ ને ચંદ્રમા–મિત્ર, શુક્ર, શનિ–શત્રુ બુધ–સમ.
ચંદ્રમાના–બુધ, સૂર્ય–મિત્ર, મંગળ, બૃહસ્પતિ શુક્ર ને શનિ–સમ, શત્રુ કોઈ નથી.
મંગળને–ચંદ્ર, બૃહસ્પતિ ને સૂર્ય–મિત્ર, બુધ–શત્રુ, શુક્ર ને શનિ–સમ.
બુધને–શુક્ર ને સૂર્ય–મિત્ર ચંદ્ર–શત્રુ, બૃહસ્પતિ શનિ, મંગળ–સમ ઉદાસીન.
બૃહસ્પતિ–સૂર્ય, ચંદ્ર ને મંગળ–મિત્ર, બુધ ને શુક્ર–શિત્રુ, શનિશ્ચર–સમ.
શુક્ર–બુધ ને શનિશ્ચર–મિત્ર, સૂર્ય ને ચંદ્ર–શત્રુ મંગળ, બૃહસ્પતિ–સમ.
શનૈશ્ચર–શુક્ર, બુધ–મિત્ર, સૂર્ય, ચંદ્ર ને મંગળ–શત્રુ, બૃહસ્પતિ–સમ ઉદાસીન.
આ પ્રમાણે રાશિના સ્વામીનો મિત્ર-શત્રુ–સમ ભાવ જોવો.

૧૨ क्षेत्रनामाक्षराधिकार—

चतुभिर्गुणितं क्षेत्रं फलं षोडशभिर्भजेत् ।
शेषं ध्रुवादिकं ज्ञेयं तन्नामानि यथाक्रमम् ॥ ९९ ॥

જે ક્ષેત્રફળ આવ્યું હોય તેને ચારે ગુણવા અને સોળે ભાગવા શેષ વધે તે ક્રમે ધ્રુવાદિ નામ જાણવા.

ध्रुव धान्य जयं नंद खरं कान्त मनोहरम् ।
सुमुखं दुर्मुखं क्रूरं सुपक्ष धनदं क्षयम् ॥ १०० ॥
आक्रन्द विपुलं चैव विजयं षोडशोत्तमम् ।
कथितालिंद मेदेन ध्रुवादि नाम षोडश ॥ १०१ ॥

૧ ધ્રુવ, ૨ ધાન્ય, ૩ જય, ૪ નંદ, ૫ ખર, ૬ કાન્ત, ૭ મનોહર, ૮ સુમુખ, ૯ દુર્મુખ, ૧૦ ક્રૂર, ૧૧ સુપક્ષ, ૧૨ ધનદ, ૧૩ ક્ષય, ૧૪ આક્રંદ, ૧૫ વિપુલ, ૧૬ વિજય. આ પ્રમાણે સોળ નામ છે. તે અલિંદ (ઓસરીના) ભેદે ધ્રુવાદિ નામ ધારણ કરે છે તેના પોતપોતાના નામ પ્રમાણે શ્રેષ્ટ નેષ્ટ જાણવા.

૧૩ अंशकाधिकार—

मूलराशो व्ययं क्षिप्त्वा गृहनामाक्षराणि च ।
त्रिभिरेवं हरेद्भागं यच्छेष मंशक स्मृतः ॥ १०२ ॥

"Aho Shrutgyanam"

મૂળરાશિનો અંક, વ્યયનો અંક અને ઘરના નામાક્ષરનો અંક તે ત્રણેનો સરવાળો કરી ત્રણે ભાગતા, શેષ વધે તે અંશક જાણવા.

इन्द्रो यमश्च राजा च त्रिभिर्नामभिरंशकाः ।
त्रि प्रमाणं त्रिधोत्कार्श्च ज्येष्ठ मध्य कनिष्टिकाः ॥ १०३ ॥

૧ ઇંદ્રાંશ, ૨ યમાંશ, ૩ રાજાંશ ત્રણ ત્રણ નામના અંશક જાણવા, તે પોતાના નામ પ્રમાણે જેષ્ઠ મધ્ય અને કનિષ્ઠ છે.

ઇંદ્રાંશ ઉત્તમ, યમાંશ કનિષ્ઠ અને રાજાંશ મધ્યમ જાણવા.

प्रासाद प्रतिमा लिङ्गे जगती पीठ मण्डपे ।
वेदि कुण्डश्रुक्षु चैव इन्द्रश्चैव ध्वजादिषु ॥ १०४ ॥

स्वर्गादि भोग युक्तेषु नृत्य गीत महोत्सवे ।
अन्येषु शुभ कार्येषु शुभ इन्द्रांशको मतः ॥ १०५ ॥

પ્રાસાદ પ્રતિમા, લિંગ, જગતી, પીઠ, મંડપ, વેદિકુંડ, ઇંદ્રિ, ધ્વજ, પતાકા, સ્વર્ગ સમાન સુખ ભોગવાના સ્થળે, નૃત્યશાળા, ગીતશાળા, મહોત્સવ સ્થાને અને બીજા શુભ કાર્યોમાં ઇંદ્રાંશક આપવો શુભ છે.

॥ રાશ્યાધિપતિ ॥

અધિપતિ	રાશિઓ.
સૂર્ય	સિંહ
ચંદ્ર	કર્ક
મંગળ	મેષ, વૃશ્ચિક,
બુધ	કન્યા, મિથુન,
ગુરૂ	ધન, મીન,
શુક્ર	વૃષ, તુલા,
શનિ	મકર, કુંભ,

"Aho Shrutgyanam"

।। ગ્રહાદિ મૈત્રી સમ શત્રુ ।।

ગ્રહ	રાશિ ભોગ	ગ્રહ વૈર	મિત્ર	મધ્યમ	પરસ્પર મૈત્રિ	શત્રુ	પરસ્પર બળ
સૂર્ય	૧ માસ	શુક્ર શનિ	સોમ, મંગળ, ગુરૂ	બુધ	સો. મં. ગુ.	શુક્ર શનિ	૭
ચંદ્ર	૨। દિવસ	૦	રવિ, બુધ	મં. ગુ. શુ. શ.	૨. મં. ગુ.	૦	૬
મંગળ	૧।। માસ	બુધ શુક્ર	રવિ, ગુરૂ, ચંદ્ર	શુક્ર શનિ	૨. સો. ગુ.	બુધ	૨
બુધ	૧ માસ	ચંદ્ર	રવિ. શુક્ર,	મં. ગુ. શ.	શુ. શ ૨.	ચંદ્ર	૩
ગુરૂ	૧૩ માસ	બુધ શુક્ર	રવિ, ચંદ્ર મંગળ	શનિ	૨. સો. મં.	બુ શુ.	૪
શુક્ર	૧ માસ	સૂર્ય ચંદ્ર	બુધ શનિ	મં. ગુ.	બુ. શ. ૨.	૨. સો.	૫
શનિ	૩૦ માસ	સૂર્ય, ચંદ્ર મંગળ	બુધ શુક્ર	ગુરૂ	બુ. શુ. ૨.	૨. સો. મંગળ	૧

।। ક્ષેત્ર નામાક્ષરાધિકાર ।।

૧	૨	૩	૪	૫	૬	૭	૮
ધ્રુવ	ધાન્ય	જય	નંદ	ખર	કાન્ત	મનોહર	સુમુખ
૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬
દુર્મુખ	ક્રૂર	સુપક્ષ	ધનદ	ક્ષય	આક્રંદ	વિપુલ	વિજય

।। અંશકનામાધિકાર ।।

ઇંદ્રાંશક ।। ૧ ।। યમાંશક ।। ૨ ।। રાજાંશક ।। ૩ ।।

ઉત્તમ. કનિષ્ટ. મધ્યમ.

ઇંદ્રાંશક–પ્રાસાદ, પ્રતિમા, લિંગ, જગતી, પીઠ, મંડપ, વેદીકુંડ, ઇંદ્રધ્વજ, પતાકા, સ્વર્ગ સમાન સુખ ભોગવવાના સ્થળે, નૃત્યશાળા, ભોજનશાળા, ગીતશાળા, મહોત્સવ સ્થાને અને બીજા શુભ કામોમાં ઇંદ્રાંશક શુભ છે.

યમાંશક–ભૈરવ, ક્ષેત્રપાલ, બાણ આદિ શસ્ત્રાગારે, ગ્રહ માતૃકાના મંદિરે, દરેક પ્રકારના વેપારીની દુકાને, મદ્યમાંસાદિ વેચવાના સ્થાને, સમસ્ત આયુધો રાખવાના સ્થળે યમાંશક આપવો શુભ છે.

"Aho Shrutgyanam"

રાજાંશક–સિંહાસને, શય્યા, અશ્વશાળા, ગજશાળા રથાદિ વાહનો, રાજ્યની નાનાપ્રકારની સામગ્રી રાખવાના સ્થળે અને નગરના વિષે રાજાંશક આપવો શ્રેષ્ઠ છે.

॥ લગ્નાધિકાર ॥

૧ મેષ, ૨ વૃષભ, ૩ મિથુન, ૪ કર્ક, ૫ સિંહ, ૬ કન્યા, ૭ તુલા, ૮ વૃશ્ચિક, ૯ ધન, ૧૦ મકર, ૧૧ કુંભ, ૧૨ મીન. આ બાર લગ્નો જાણવા.

॥ તિથિ અધિકાર ॥

નંદા	૧	૬	૧૧	બ્રાહ્મણના ગૃહોને શુભ.
ભદ્રા	૨	૭	૧૨	ક્ષત્રીઓના ગૃહોને શુભ.
જયા	૩	૮	૧૩	વૈશ્યના ગૃહોને શુભ.
રિક્તા	૪	૯	૧૪	શૂદ્રના ગૃહોને શુભ.
પૂર્ણા	૫	૧૦	૧૫	સર્વ પ્રકારના શુભ સ્થાનોમાં યોજવાથી પૂર્ણ સુખ આપે.

॥ વારાધિકાર ॥

વાર	ફળાફળ	ફળ
રવિ	શુભ કર્મમાં વર્જવો.	અશુભ
સોમ	દરેક શુભ કર્મમાં લેવો.	શુભ
મંગળ	શુભ કર્મમાં તજવો.	અશુભ
બુધ	શુભ કર્મમાં શ્રેષ્ઠ.	શુભ
ગુરૂ	સર્વ શ્રેષ્ઠ.	શુભ
શુક્ર	શ્રેષ્ઠ	શુભ
શનિ	મધ્યમ	મધ્યમ

भैरवे क्षेत्रपाले च वाणागारे तथैव च ।
ग्रहमातृगणादीनां संस्थानेषु तथैव हि ॥ १०६ ॥
वणिक् कर्म विधौचैवं मद्यमांसादिकोद्भवे ।
आयुधाना समस्तानां यमांशकं प्रदापयेत् ॥ १०७ ॥

ભૈરવ, ક્ષેત્રપાલ, બાણઆદિ શસ્ત્રાગારે, ગ્રહમાતૃકાના મંદિરે, દરેક પ્રકારના વેપારીની દુકાને, મદ્ય–માંસાદિ વેચવાના સ્થાને, સમસ્ત આયુધો રાખવાના સ્થાને યમાંશક આપવો.

"Aho Shrutgyanam"

सिंहासने च शय्यायां अश्वादि गज वाहने ।
राज्योपस्कर हर्म्येषु राजांशक पुगदिषु ॥ १०८ ॥

સિંહાસને, શય્યા, અશ્વશાળા ગજશાળા, રથાદિ વાહનો, રાજ્યની નાના પ્રકારની સામગ્રી રાખવાના સ્થાને અને નગરને વિષે રાજાંશક આપવો શ્રેષ્ઠ છે.

૧૪ લગ્નાધિકાર—

आयमृक्षं व्ययं तारा मंशकं तु तथैव च ।
तत्सर्वं भानुना भक्तं शेषं लग्न मुदीरितम् ॥ १०९ ॥

આય, નક્ષત્ર, વ્યય, તારા ને અંશક એ પાંચના અંકોનો સરવાળો કરવો તેને બારે ભાગતા જે શેષ વધે તે મેષાદિ બાર લગ્ન જાણવાં.

૧૫ તિથિ અધિકાર—

आय मृक्षं व्ययं तारा मंशकं तु तथैव च ।
एकी कृत्य तु त्रिंशद्भिर्भक्तं शेषं तिथिर्भवेत् ॥ ११० ॥
नंदाद्यास्तिथयो ज्ञेयाः स्वनाम सदृशं फलम् ।
नंदा च ब्राह्मणे प्रोक्ता भद्रा चैव हि क्षत्रिये ॥ १११ ॥
वैश्यलोके जया ज्ञेया रिक्ता शूद्रे प्रदीयते ।
शुभ स्थानेषु सर्वेषु पूर्णा चैव नियोजयेत् ॥ ११२ ॥

આય, નક્ષત્ર, વ્યય, તારા ને અંશક એનો સરવાળો કરી ત્રીશે ભાગતાં જે શેષ વધે તે તિથિ જાણવી. નંદાદિ તિથિઓ પોતાના નામ પ્રમાણે ફળ આપનાર છે. બ્રાહ્મણોને નંદા, ક્ષત્રિયોને ભદ્રા, વૈશ્ય લોકોને જયા અને શૂદ્રોને રિક્તા તિથિ આપવી સારી છે. પૂર્ણા તિથિ સર્વ પ્રકારનાં શુભ સ્થાનોમાં યોજવાથી પૂર્ણ સુખ આપનાર છે.

૧૬ વારાધિકર—

क्षेत्रं रुद्रगणं कृत्वा सप्तभिर्भागमा हरेत् ।
शेषं रव्यादयो वारा रवि भौमौ विवर्जितौ ॥ ११३ ॥

ક્ષેત્રફળને અગિયારે ગુણી સાતે ભાગતા જે શેષ રહે તે અનુક્રમે રવિ આદિ વારો જાણવા. તેમાં રવિ મંગળ તજવા.

૧૭ करणाधिकार—

क्षेत्रं नंद गुणं कृत्वा रुद्रैश्च भागमाहरेत् ।
करणं जायते शेषं बवादीनि विलोकयेत् ॥ ११४ ॥

"Aho Shrutgyanam"

ક્ષેત્રફળને નવે ગુણી અગિયારે ભાગતાં જે શેષ વધે તે ભવાદિ કરણો જાણવા.

૧ ભવ, ૨ બાલવ, ૩ કૌલવ, ૪ તૈતિલ, ૫ ગર, ૬ વણિજ, ૭ વિષ્ટિ, ૮ શકુનિ, ૯ ચતુષ્પદ, ૧૦ નાગ ૧૧ કિંસ્તુઘ્ન. મુખ્ય કરણો સાત છે. ચાર સ્થિર કરણો મળી અગિયાર થાય છે. તેમાં ૬ શ્રેષ્ઠ જાણવા. ૧ ભવ, ૨ બાલવ, ૩ કૌલવ, ૪ તૈતિલ, ૫ ગર, ૬ વણિજ. તે શુભ કામમાં લેવા.

૧૮ યોગાધિકાર—

क्षेत्रं विश्वगुणं कृत्वा सप्तविंशतिभाजिते ।
यच्छेषं जायते योगो विष्कुमादिर्विनिर्दिशेत् ॥ ११५ ॥

ક્ષેત્રની મૂળરાશિને તેરે ગુણી સત્તાવીશે ભાગતા શેષ વધે તે વિષ્કુંભાદિ યોગ જાણવા.

विष्कुंभः प्रीतिरायुष्मान्सौभाग्यः शोभन स्तथा ।
अतिगण्डः सुकर्मा च धृतिः शूल स्तथैव च ॥ ११६ ॥
गण्डो वृद्धिर्ध्रुव श्चैव व्याघातो हर्षण स्तथा ।
वज्र सिद्धि व्यतीपातो वरीयान्परिघः शिवः ॥ ११७ ॥
सिद्धः साध्यः शुभः शुक्लो ब्रह्मेन्द्रो वैधृति स्तथा ।
सप्तविंशति योगास्तु कुर्युर्नाम समं फलम् ॥ ११८ ॥

૧ વિષ્કુંભ, ૨ પ્રીતિ, ૩ આયુષ્યમાન, ૪ સૌભાગ્ય, ૫ શોભન, ૬ અતિગંડ, ૭ સુકર્મા, ૮ ધૃતિ, ૯ શૂલ, ૧૦ ગંડ, ૧૧ વૃદ્ધિ, ૧૨ ધ્રુવ, ૧૩ વ્યાઘાત, ૧૪ હર્ષણ, ૧૫ વજ્ર, ૧૬ સિદ્ધિ, ૧૭ વ્યતીપાત, ૧૮ વરીયાન, ૧૯ પરિઘ, ૨૦ શિવ, ૨૧ સિદ્ધિ, ૨૨ સાધ્ય, ૨૩ શુભ, ૨૪ શુક્લ, ૨૫ બ્રહ્મા, ૨૬ ઇંદ્ર, ૨૭ વૈધૃતિ. એ સત્તાવીશ યોગો જાણવા. તેના નામ પ્રમાણે શુભાશુભ ફળ આપનાર છે. ૧ અતિગંડ, ૨ ગંડ, ૩ વ્યાઘાત, ૪ વજ્ર, ૫ વ્યતિપાત, ૬ પરિઘ, ૭ શૂલ, ૮ વૈધૃતિ. એ આઠ યોગો અશુભ જાણવા.



"Aho Shrutgyanam"

।। કરણાધિકાર ।।

૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧
બવ	બાલવ	કૌલવ	તૈતિલ	ગર	વણિજ	વિષ્ટિ	શકુનિ	ચતુષ્પદ	નાગ	કિસ્તુઘ્ન
શુભ	શુભ	શુભ	શુભ	શુભ	શુભ	નેષ્ટ	નેષ્ટ	નેષ્ટ	નેષ્ટ	નેષ્ટ

।। યોગાધિકાર ।।

	૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯
યોગ	વિષ્કુંભ	પ્રીતિ	આયુષ્યમાન	સૌભાગ્ય	શોભન	અતિગંડ	સુકર્મા	ધૃતિ	શુભ
ફળ	શુભ	શુભ	શુભ	શુભ	શુભ	અશુભ	શુભ	શુભ	અશુભ

	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬	૧૭	૧૮
યોગ	ગંડ	વૃદ્ધિ	ધ્રુવ	વ્યાઘાત	હર્ષણ	વજ્ર	સિદ્ધિ	વ્યતીપાત	વરીયાણ
ફળ	અશુભ	શુભ	શુભ	અશુભ	શુભ	અશુભ	શુભ	અશુભ	શુભ

	૧૯	૨૦	૨૧	૨૨	૨૩	૨૩	૨૫	૨૬	૨૭
યોગ	પરિઘ	શિવ	સિદ્ધ	સાધ્ય	શુભ	શુકલ	બ્રહ્મા	ઇંદ્ર	વૈધૃતિ
ફળ	અશુભ	શુભ	શુભ	શુભ	શુભ	શુભ	શુભ	શુભ	અશુભ

।। વર્ગાધિકાર ।।

૧	ગદેડ	અ–ઈ–ઊ–એ–
૨	માર્જાર	ક–ખ–ગ–ઘ–ઙ–
૩	સિંહ	ચ–છ–જ–ઝ–
૪	શ્વાન	ટ–ઠ–ડ–ઢ–ણ

।। વૈરાધિકાર ।।

૫	સર્પ	ત–થ––દ–ધ–ન
૬	મુષક	પ–ફ–બ–ભ–મ
૭	મૃગ	ય–ર–લ–વ–૦
૮	મેષ	શ–ષ–સ–હ–૦

"Aho Shrutgyanam"

।। તત્ત્વાધિકાર ।।

૧	૨	૩	૪	૫
તત્ત્વ	પૃથ્વીતત્ત્વ	જલતત્ત્વ	અગ્નિતત્ત્વ	વાયુતત્ત્વ	આકાશતત્ત્વ
વિનાશ	ભૂકંપથી	વર્ષાથી	આગથી	પવનથી	વીજળીથી

૧૯ વર્ગાધિપત્યાધિકાર—

दैर्ध्यपृथुत्वेन च योजनीयं तयोर्यदैक्यं पुनरुच्छ्येण ।
शेषोऽधिनाथो वसुभाजितेऽस्मिन् समः प्रशस्तो विषमस्तुनैव ॥११९॥

ક્ષેત્રની લંબાઈ પહોળાઈને ગુણીને તેમાં પ્રાસાદ અથવા ગૃહની ઊંચાઈ આંક ભેળવી તેને આઠે ભાગતા શેષ રહે તે અધિપતિ વર્ગ જાણવો. એકી સંખ્યાવાળા શુભ જાણવા. એકી સંખ્યાવાળા અશુભ જાણવા.

अ वर्गो गरुडो ज्ञेयो विलाडः स्यात् क वर्गकः ।
च वर्गः सिंहनामा स्याट्ट वर्ग कुक्कुरः स्मृतः ॥१२०॥
सर्पाख्यः स्यात् त वर्गोऽपि प वर्गो मूषकःस्मृतः ।
य वर्गो मृगनामा स्यात्तथा मेशः श वर्गकः ॥ १२१ ॥
स्ववर्गात्पञ्चमे शत्रुं श्चतुर्थे मित्र संज्ञकः ।
उदासीने तृतीयश्च वर्ग भेदा त्रिधोच्यते ॥ १२२ ॥

૧ ૨ ૩

અ વર્ગનો ગરૂડ અધિપતિ. ક. વર્ગનો માર્જાર અધિપતિ. ચ. વર્ગનો સિંહ અધિપતિ.

૪ ૫ ૬

ટ. વર્ગનો શ્વાન અધિપતિ. ત. વર્ગનો સર્પ અધિપતિ. ૫. વર્ગનો મુષક અધિપતિ.

૭ ૮

ય. વર્ગનો મૃગ અધિપતિ. શ. વર્ગનો મેષ અધિપતિ જાણવો. પોતાના વર્ગથી પાંચમો વર્ગ શત્રુ જાણવો. ચોથો વર્ગ મિત્ર અને ત્રીજો વર્ગ ઉદાસીન. આ પ્રમાણે વર્ગના ત્રણ ભેદ છે.

૨૦ तत्त्वाधिकार—

अष्टभिश्चहतेक्षेत्रे फले षष्टि विभाजिते ।
लब्धे दशगणे जीवो मृत्युर्वै भूत भाजिते ॥ १२४ ॥

"Aho Shrutgyanam"

पृथ्वी व्यापस्तथा तेजो वायुराकाश मेव च ।
पंच तत्त्वानि प्रोक्तानि विभक्तानि स्युरन्तके ॥ १२४ ॥

ક્ષેત્રફળને આઠે ગુણી સાઠે ભાગવા. તેને દશ ગણા કરી પાંચે ભાગવા. શેષ વધે તે પૃથ્વી આદિ તત્ત્વ જાણવા. ૧ પૃથ્વી, ૨ જળ, ૩ અગ્નિ, ૪ વાયુ, ૫ આકાશ. એ પાંચ તત્ત્વો છે અને જે તત્ત્વ ઘરમાં આવ્યું હોય તે જ તત્ત્વથી ગૃહ આદિનો વિનાશ જાણવો.

૨૧ आयुष्याधिकार—

फलनागतृणं षष्टया हृतं लब्धं फलं भवेत् ।
मृन्मये कर्करा युक्ते गृहे जीवःसुनिश्चलः ॥ १२५ ॥

ક્ષેત્રફળને આઠે ગુણી સાઠે ભાગતા જે શેષ અંક રહે તેટલા વર્ષનું માટી અને કાંકરીના બનાવેલ ગૃહો આદિનું આયુષ્ય નિશ્ચયપૂર્વક જાણવું.

दश गुणं भवेदायुरिष्टिका मृत्सुधामये ।
चुर्ण पाषाण जेत्रिंशद् गुणश्च स्थितिरुत्तमा ॥ १२६ ॥

ઉપર આવેલ અંકને દશ ગુણા કરવાથી ઈંટ. માટી અને ચુનાથી બનેલા ગૃહ અથવા પ્રાસાદનું આયુષ્ય જાણવું. તે ફળને ત્રીસ ગણું કરવાથી ચુના અને પત્થરથી બનેલા ગૃહ આદિનું આયુષ્ય જાણવું. ઉત્તમ સ્થિતિ આ ફળમાં છે.

नवतिघ्ने फले नागैं युक्त पाषाण जं गृहे ।
धातुजे भवने खाद्रिलोचनघ्ने फले भवेत् ॥ १२७ ॥

ઉપરના ફળને નેવું ગણા કરવાથી સીસાથી ચોડેલ પાષાણના ગૃહનું આયુષ્ય જાણવું. તે જ ફળને ત્રણસો સીતેર ગણું કરવાથી ધાતુથી નિર્મિત ગૃહો પ્રાસાદ આદિનું આયુષ્ય જાણવી.

आय व्यांशनक्षत्रं तारा चन्द्र मैत्र्यादिकम् ।
प्रीतिरायुश्च मृत्युश्च चिरंनन्दतिवेच्छुभाः ॥ १२८ ॥

આય, વ્યય, અંશક, નક્ષત્ર, તારા, ચંદ્ર મૈત્રી, પ્રીતિ, આયુષ્ય, મૃત્યુ, સ્થિર, નંદાદિ, તિથિ એ શુભ છે.

त्रिभिःश्रेष्टस्तु श्रेष्ट स्यात् पञ्चभिश्चोत्तमोत्तमम् ।
सप्तभिः सर्व कल्याणं नवभिर्जय संपदा ॥ १२९ ॥

"Aho Shrutgyanam"

એકવીશ અંગોમાંથી ત્રણ મળે તો પણ શ્રેષ્ટમાં શ્રેષ્ટ. પાંચ મળે તો ઉત્તમમાં ઉત્તમ. સાત સર્વ કલ્યાણકારી. નવ જય અને સંપત્તિ આપનાર છે.

नषट्काष्टकं त्रिकोणं द्वादशी द्वितीयाष्टमी ।
नचाष्ट द्वादशे राशी तारा त्रिपञ्च सप्तमी ॥ १३० ॥
नद्वितीयांशकं कुर्यात् तथा चाष्टममायकम् ।
नपृष्टतस्तथा चन्द्रं नव वास्तुक कर्मणि ॥ १३१ ॥

છ, આઠમા સ્થાને તથા ત્રિકોણનું લગ્ન, બારશ બીજ ને આઠમ, આઠમી, બારમી રાશિ, ત્રીજી, પાંચમી, સાતમી તારા, બીજો અંશક, આઠમો આય, પાછળ ચંદ્ર એ સઘળું વાસ્તુકર્મમાં તજવું.

अल्पदोषं गुणश्रेष्ठं दोषायतं न तद्गृहम् ।
आय व्ययौ प्रयत्नेन विरुद्धञ्चविवर्जयेत् ॥ १३२ ॥

થોડો દોષ હોય અને ગુણ વધારે હોય તો તે ગૃહ દોષકારક ગણાય નહિ. પ્રયત્ને કરીને આય-વ્યય મેળવવા અને વિરૂદ્ધ અંગોનો ત્યાગ કરવો.

अल्पदोषार्धमाधिक्यं प्रासाद मठ मंदिरम् ।
लिङ्गवा प्रतिमा चैव न तद् दोष करं भवेत् ॥ १३३ ॥

રાજ્યપ્રાસાદ, મઠ, દેવપ્રાસાદ, લિંગ ને પ્રતિમા એ બધા જો અલ્પદોષથી અર્ધ ગુણાધિક્ય હોય તો પણ દોષકારક નથી.

सूत्रधारेण यच्छुद्धं कृतं यत्स्थान साधनम् ।
तत्स्थानं सर्व जन्तूनां सुखदं स्यान्न संशयः ॥ १३४ ॥

સૂત્રધારે જે સ્થાનની સાધના શુદ્ધ કરી હોય તે સ્થાન સર્વ જીવોને સુખદાયી થાય છે. તેમાં લેશ પણ સંશય નથી.

—x—

पुरुषाधिकार

विश्वकर्मा उवाच–

अथातः संप्रवक्ष्यामि आयानां च विशेषतः ।
यस्य यस्य भवेच्चायु–र्वपुषः पुरुषस्य च ॥ १३५ ॥

"Aho Shrutgyanam"

શ્રી વિશ્વકર્મા કહે છે :-હવે હું પુરુષના શરીરનો જે આય હોય, તેને વિશેષ પ્રકારે કહું છું.

सचायुस्तद् विजानीया–दन्यथा निष्फलं भवेत् ।
नक्षत्रं देहसंज्ञात्वा–दंशकं च महामुने ! ॥ १३६ ॥

ताराः पञ्च महाशुक्ला–स्तदत्र गृहमेधिनः ।
एकान्तेषु प्रदातव्यो ध्वजादिराय उत्तमः ॥ १३७ ॥

હે મહામુનિ, એ રીતે આય ઉપજાવવા, બાકી અન્ય સર્વ નિષ્ફલ જાણવું. મનુષ્યના દેહની સંજ્ઞાથી નક્ષત્ર, અંશક, તારા, જેમાં પાંચ શુભ છે, બીજા અંગો ઊપજાવી ગૃહમાં લેવા. ઉપજેલા આય ધ્વજાદિથી એકાન્તરે દેવા તે ઉત્તમ જાણવા.

रुद्र भागायते क्षेत्रं विस्तारे भूत भागिके ।
विन्यसे तत्र देवांश्च एभिः स्युश्च विलक्षयेत् ॥ १३८ ॥

ક્ષેત્રની લંબાઇના અગિયાર ભાગ અને વિસ્તારના પાંચ ભાગ કરવાં, તેમાં નીચે મુજબ અંકો અને અક્ષરો લખવા.

इन्द्राङ्कं प्रथमे भागे नक्षत्राणि द्वितीयके ।
तृतीये लोचनं देय चतुर्थे तु रविस्तथा ॥ १३९ ॥

पञ्चमे तु तिथिः प्रोक्तो वसुं षष्ठे नियोजयेत् ।
सप्तमे भागे वेदाश्च लोकश्चैवाष्टमे तथा ॥ १४० ॥

इषु संख्या नवमे च दशमे च रस स्तथा ।
एकादशे ग्रहसंख्या कथितं मुनि पुंगवैः ॥ १४१ ॥

કોષ્ટકની ઉપરની પ્રથમ પંક્તિના અગિયાર ખાનાઓમાં અનુક્રમે ૧૪, ૨૭, ૨, ૧૨, ૧૫, ૮, ૪, ૩, ૫, ૬, ૯ એમ લખવાં, એવું મહામુનિઓએ કહેલ છે.

कोष्ठेषु कथिता अंका मातृकान् वर्णान योजयेत् ।
नपुंसकं विसर्गश्च त्यजेच्च योगमक्षरम् ॥ १४२ ॥

અંકોની નીચેની ચાર પંક્તિના કોઠાઓમાં અનુક્રમે માતૃકા અક્ષરો લખવાં, તેમાં ऋ, ॠ ऌ ॡ, अः સ્વરોને, વિસર્ગને તથા સંયુક્ત (જોડીયા) અક્ષરો क्ष, ज्ञ એ વ્યંજનોને છોડી દેવા.

"Aho Shrutgyanam"

કોષ્ટક

૧૪	૨૭	૨	૧૨	૧૫	૮	૪	૩	૫	૬	૯
અ	આ	ઈ	ઇ	ઉ	ઊ	એ	ઐ	ઓ	ઔ	અં
ક	ખ	ગ	ઘ	ઙ	ચ	છ	જ	ઝ	ઞ	ટ
ઠ	ડ	ઢ	ણ	ત	થ	દ	ધ	ન	પ	ફ
બ	ભ	મ	ય	ર	લ	વ	શ	ષ	સ	હ

स्वामिनामाक्षरांकेन गुणये दूर्ध्व पंक्तिगान् ।
फलं हरेदष्टभिस्तु शेषमायो मनुष्यस्य ॥ १४३ ॥
ध्वजादीनां चतुर्णां तु चत्वारो वृषभादयः ।
भक्षका भवने वर्ज्या गृहस्वाम्याय भक्षकः ॥ १४४ ॥

ગૃહસ્વામીના નામનો પહેલો અક્ષર હોય તે શોધીને નામના જેટલા અક્ષરો હોય તેટલી સંખ્યાને પહેલી પંક્તિમાં જે અંક હોય તેટલાથી ગુણી અને તેનો આઠે ભાગ દેતાં જે શેષ રહે તે ઘરધણીનો ધ્વજાદિ આય જાણવો, ધ્વજાદિ (ધ્વજ, ધૂમ્ર, સિંહ અને શ્વાન) એ ચાર આયોના અનુક્રમે ચાર (વૃષ, ખર, ગજ અને ધ્વાંક્ષ) આયો પર-સ્પર ભક્ષક છે તે ભક્ષક આય ગૃહ સ્વામિના આયનો ભક્ષક હોય તો ગૃહસ્વામિનું મૃત્યુ થાય. માટે આય સામે ભક્ષક આવે તે તજવા.

॥ પરસ્પર ભક્ષક આયો ॥

૧	૨	૩	૪
ધ્વજ	ધૂમ્ર	સિંહ	શ્વાન
૫	૬	૭	૮
વૃષ	ખર	ગજ	ધ્વાંક્ષ

॥ ભિતિ આયનિર્ણય ॥

अग्रभित्तौ गजंदधात् वामदक्षिणयोर्ध्वजः ।
पृष्ठभित्तौ तथा सिंह सुख सौभाग्य दायकाः ॥ १४५ ॥

ગૃહની આગળની ભિતિમાં ગજાય, ડાબી અને જમણી ભિતિમાં ધ્વજાય તથા પાછળની ભિતિમાં સિંહાય આપવો તે સુખ અને સૌભાગ્યને આપનાર છે.

"Aho Shrutgyanam"


ઉદાહરણઃ–

૧. ગૃહસ્વામિનું નામ ભવાનીશંકર છે તો "ભ" અક્ષરનો ઉપલી પંક્તિમાં ૨૭ અંક આવ્યા. ભવાનીશંકર નામના ૬ અક્ષરો થયા. ૨૭×૬=૧૬૨ તેને ૮ ભાગતાં ૨ શેષ વધે તો ભવાનીશંકરનો ધૂમ્રાય આવ્યો. હવે જો ઘરનો આય ખરાય હોય તો ભક્ષક છે, તો મૃત્યુ નિપજે. આ સિવાય બીજો આય હોય તો દોષ નથી. જો ભક્ષક આય આવે તો ગૃહનો આય ગણત્રી કરી બદલવો.

।। એકવીશ અંગો ।।

૧	ક્ષેત્રફલ	૨	આય ફલ	૩	નક્ષત્ર ફલ	૪	નક્ષત્ર ગણ
૫	નક્ષત્ર ચંદ્ર દિશા	૬	નક્ષત્ર વૈર	૭	વ્યય	૮	તારા
૯	નાડી	૧૦	રાશિ	૧૧	રાશિસ્વામી	૧૨	ગૃહનામાક્ષર
૧૩	અંશક	૧૪	લગ્ન	૧૫	તિથિ	૧૬	વાર
૧૭	કરણ	૧૮	યોગ	૧૯	વર્ગ	૨૦	તત્ત્વ
૨૧	આયુષ્ય						

।। इतिश्री विश्वकर्मा वास्तुकलाचिन्तन हरविद्या गुणकीर्तिप्रकाश जिनप्रासाद मार्तण्ड शिल्पाचार्य नंदलाल चुनीलाल सोमपुरा संग्रहिते आयतत्त्वाधिकार नाम्नो तृतीयोऽध्याय संपूर्ण ।।



"Aho Shrutgyanam"

प्रासादनिरुपण नाम्नो चतुर्थोऽध्याय

काष्ठे मृदिष्टके चैव पाषाणे धातु रत्नजे ।
उत्तरोत्तर दृढं द्रव्यं लोहकर्म विवर्जयेत् ॥ १ ॥

કાષ્ઠ, ઈંટ, પાષાણ, ધાતુ અને રત્ન, આ દ્રવ્યો એક બીજાથી ઉત્તમોત્તમ છે પણ લોહ કર્મ કરવું નહિ.

उत्तमोत्तम धात्वादि पाषाणेष्टिकाष्टकम् ।
श्रेष्ठमध्याधमं द्रव्यं लोहं चैवाधमाधमम् ॥ २ ॥

ધાતુ આદિ દ્રવ્યો ઉત્તમોઉત્તમ છે, પાષાણ, ઈંટ અને કાષ્ઠ એ ત્રણ દ્રવ્યો અનુક્રમે, શ્રેષ્ઠ, મધ્યમ અને કનિષ્ઠ છે પણ લોહ દ્રવ્ય તો અધમાધમ એટલે કનિષ્ઠમાં કનિષ્ઠ છે. એટલે અત્યંત હીન દ્રવ્ય છે.

शिलेष्टिका सुधादारुमृत्स्नामृल्लोष्ट लोहकाः ।
एतानि शिल्पद्रव्याणि मुख्यत्वेन निरूपिताः ॥ ३ ॥

પાષાણ, ઈંટ, ચુનો, કાષ્ઠ માટી અને અષ્ટધાતુ આ વસ્તુઓ મુખ્યત્વે શિલ્પ વાસ્તુમાં ઉપયોગી દ્રવ્યો જાણવા.

प्रासाद प्रतिमा राजगृह वाप्यादि सत्कृतिः ।
कथिता यत्रतच्छिल्प शास्त्र मुक्तं महर्षिभि ॥ ४ ॥

દેવમંદિર, પ્રતિમા, રાજગૃહ, વાવ આદિ જળાશયો, નગર, કિલ્લા આદિ રચનાની વિદ્યાને મહર્ષિઓએ શિલ્પશાસ્ત્ર કહેલ છે.

शिल्पशास्त्रना ज्ञाता :–

भृगुरत्रिर्वसिष्ठश्च विश्वकर्मा मयस्तथा ।
नारदो नग्नजित्वैव विशालाक्षः पुरंदर ॥ ५ ॥
ब्रह्मा कुमारो नंदीशः शौनकोगर्ग एव च ।
वासुदेवोऽनिरुद्धश्च तथा शुक्र बृहस्पति ॥ ६ ॥
अष्टादशैने विख्याताः शिल्प शास्त्रोपदेशकाः ।

૧ ભૃગુ, ૨ અત્રિ, ૩ વસિષ્ઠ, ૪ વિશ્વકર્મા, ૫ મય, ૬ નારદ, ૭ નગ્નજિત, ૮ વિશાલાક્ષ, ૯ પુરંદર, ૧૦ બ્રહ્મા, ૧૧ કુમાર, ૧૨ નંદીશ, ૧૩ શૌનક, ૧૪ ગર્ગ ૧૫ વાસુદેવ, ૧૬ અનિરૂદ્ધ, ૧૭ શુક્ર, ૧૮ બૃહસ્પતિ. એ શિલ્પશાસ્ત્રના ઉપદેશક તથા વિખ્યાત આચાર્યો છે.

"Aho Shrutgyanam"

शिल्पिनः हृदये ब्रह्मा हस्तयेर्विष्णु शंकरौ ।
चंद्रादित्यौ च चक्षुषोः सर्वांगे मात्र देवता ॥ ७॥

શિલ્પીના હૃદયમાં બ્રહ્મા વસે છે, તેના બન્ને હાથમાં વિષ્ણુ અને શંકર રહેલ છે બે આંખોમાં સૂર્ય અને ચંદ્ર બિરાજે છે અને તેના સર્વાંગે દેવતાઓ વસે છે.

प्रासादो देवरूपः स्यात् पादौ पाद शिलास्तथा ।
गर्भश्चैवोदरं ज्ञेयं जंघा पादोर्ध्व मुच्यते ॥ ८॥
स्तंभाश्चजानवोज्ञेया घंटा जिह्वा प्रकीर्तिता ।
दीपः प्राण रूपो ज्ञेया ह्यपाने जल निर्गतः ॥ ९॥
ब्रह्म स्थानं यदैतच्च तन्नाभि परिकीर्तिता ।
हृदय पीठिका ज्ञेया प्रतिमा पुरुषः स्मृतः ॥ १०॥

પ્રાસાદની રચનાને દેવશરીર રૂપ કલપ્યું છે, પાયાની શિલા પગ રૂપે, ગર્ભગૃહ ઉદર–પેટ રૂપે, પાયા પરની જગતી જાંઘ રૂપે, થાંભલા રૂપે ઢીંચણ, ઘંટા જીભ રૂપે, દીપક પ્રાણ રૂપે, ગુદા રૂપે પ્રવાલ, દેવનું બ્રહ્મ સ્થાન નાભી, પીઠિકા રૂપે હૃદય અને પ્રતિમા પુરુષ રૂપે જાણવાં.

पादचारस्त्वहंकारो जोतिस्तच्चक्षुरुच्यते ।
तदर्ध्वं प्रकृतिस्तस्य प्रतिमात्मा स्मृतौ बूधैः ॥ ११॥
तल कुंभा दधो द्वारं तस्य प्रजननं स्मृतम् ।
शुकनाशा भवेन्नासा गवाक्षः कर्ण उच्यते ॥ १२॥
कायापाली स्मृतः स्कंधे ग्रीवा चामलसारिका ।
कलशस्तु शिरो ज्ञेयो मज्जादित्पर संयुतं ॥ १३॥

પગનો સંચાર અહંકાર, દીપનો પ્રકાશ ચક્ષુ રૂપે, ઉપરનો ભાગ તેની પ્રકૃતિ, પ્રતિમા આત્મા રૂપે બુદ્ધિમાને જાણવા. દ્વારના કુંભીના તલથી નીચેનો ભાગ લિંગ રૂપે જાણવો, શિખરનો શુકનાશ એ નાસિકા રૂપ, ગવાક્ષ–જરૂખા કાન રૂપ, શિખરનો સ્કંધ તે ખભો અને આમલસારાનું ગળું તે કંઠરૂપ, આમલસારાને કલશ મસ્તક રૂપે જાણવાં, ચુનાનું પ્લાસ્ટર તે ચામડી રૂપે જાણવું.

मेदश्च वसुधा विंद्यात् प्रलेपो मांस मुच्यते ।
अस्थिनो च शिलास्तस्य स्नायु कीलादयः स्मृताः ॥ १४॥
चक्षुषि शिखरा स्तस्य ध्वजाकेश प्रकीर्तिताः ।
एव पुरुषरूपं तु ध्यायेच्च मनसा सुधीः ॥ १५॥

"Aho Shrutgyanam"

પૃથ્વી મેદ રૂપે, ચુનાનો લેપ માંસ રૂપે, શિલાઓ હાડકાં રૂપે, ખીલા પાગરૂપે કુકરા સ્નાયુ રૂપે, શૃંગ ચક્ષુ રૂપ, ધ્વજા કેશ રૂપે. આ રીતે પ્રાસાદના સર્વ અંગોનું પુરુષ રૂપે ધ્યાન કરવું.

नागरा द्राविडाश्चैव लतिनाश्च विमानका ।
मिश्रकाश्च वराटाश्च सान्धारा भूमिना स्तथा ॥ १६ ॥
विमान नागरच्छंदा विमान पुष्पकाथवा ।
वल्लभा फांसनाकारा सिंहावलोका रथरूहा ॥ १७ ॥

પ્રાસાદના જાતિચ્છંદઃ- ૧ નાગરાદિ, ૨ દ્રાવિડાદિ, ૩ લતિનાદિ, ૪ વિમાનાદિ, ૫ મિશ્રકાદિ, ૬ વરાટાદિ, ૭ સાન્ધારાદિ, ૮ ભૂમિજાદિ, ૯ વિમાનનાગરાદિ, ૧૦ વિમાનપુષ્પકાદિ, ૧૧ વલ્લભાદિ, ૧૨ ફાસનાકારાદિ, ૧૩ સિંહાવલોકનાદિ, ૧૪ રથારૂહાદિ. એમ પ્રાસાદની ચૌદ જાતિ જાણવી.

एते चतुर्दश विख्याता प्रासादजातया स्मृताः ।
मृत्साकाष्टेष्टकाशैल धातु रत्नभवाः सुधीः ॥ १८ ॥
कुर्यात स्वशक्ति प्रासादश्चातु वर्गफलं भवेत् ।
पांसुनादि सुरागारे क्रीडया विहित श्रितः ॥ १९ ॥

એ ચૌદ જાતિના વિખ્યાત પ્રાસાદો માટીના, કાષ્ઠના, ઈંટના, પાષાણના ધાતુ-રત્નાદિ વાસ્તુ દ્રવ્યાદિના પોતાની શક્તિ અનુસાર કરવાથી ચાર વર્ગ (ધર્મ, અર્થ, કામ અને મોક્ષ)ના ફળની પ્રાપ્તિ થાય છે. દેવાલયે લક્ષ્મી ક્રીડા કરે છે.

कोटि वर्षं तृणच्छन्दे दशकोटयस्तु मृण्मये ।
इष्टिकायां दशगुणं पुण्यं शैलेष्वनन्तरा ॥ २० ॥

કોટિ વર્ષ તૃણનું, દશ કોટિ માટીનું, તેથી દશગણું ઈંટનું અને પાષાણના પ્રાસાદ કરવાથી અનંત ગણું પૂણ્ય મળે.

पद्मशिला द्वारे चैव तच्छिलापुरुषे तथा ।
कलशध्वजे प्रतिष्ठा सप्तगुणं पुण्यं भवेत् ॥ २१ ॥

૧ પદ્મશિલા, ૨ દ્વાર, ૩ શિલા, ૪ ધ્વજપુરુષ, ૫ કલશ, ૬ ધ્વજ, ૭ પ્રતિષ્ઠા. આ રીતે સાત ગણું પૂણ્ય મળે છે.

"Aho Shrutgyanam"

मणि मुक्ता प्रवालाढ्यै भूषणैः सुविभूषिताः ।
सौवर्णै राजतैश्चैव देवानां सततं प्रियाः ॥ २२ ॥

મણિ, માણેક, મોતી અને પ્રવાલાદિ અલંકારોથી સારી રીતે અલંકૃત કરાયેલા સુવર્ણ તથા રૌપ્યના પ્રાસાદો દેવલોકોને નિત્યપ્રિય છે.

रीतिका स्ताम्र युक्ताश्च पिशाचोरगरक्षसाम् ।
देवलोके भवन्येते काम स्वच्छंद चारिण ॥ २३ ॥

પિત્તળ અને ત્રાંબાના પ્રાસાદો પિશાચ, નાગ અને રાક્ષસોને પ્રિય છે. આ પ્રાસાદો દેવલોકમાં કામનાની યથેષ્ટા સિદ્ધિ કરનાર છે.

पातालेऽपि विनिर्दिष्टा पाषाणैः स्फटीकै स्तथा ।
इष्टका काष्ठ पाषाणै र्मृत्युलोके त्वनिन्दिता ॥ २४ ॥

પાતાલમાં પાષાણ અને સ્ફટિકના પ્રાસાદો કરવા કહેલ છે, અને મૃત્યુલોકમાં ઈંટ, કાષ્ઠ અને પાષાણના પ્રાસાદો કરવામાં આવે તો આનંદ આપનાર છે.

नगराणां भूषणार्थं देवानामालयाय च ।
लोकानां धर्महेतोश्च क्रीडार्थं सुरयोषिताम् ॥ २५ ॥

आलयः सर्वभूतानां विजयाय जितात्मनाम् ।
धर्मार्थ काम मोक्षाणां प्राप्ति हेतुश्च कामदः ॥ २६ ॥

પ્રાસાદ, નગરોની શોભા, દેવતાઓના નિવાસ, લોકોના કલ્યાણ તેમજ ધર્મ હેતુ માટે, દેવાંગનાઓની ક્રીડા માટે અને ધાર્મિક પુરુષોની વિજય કીર્તિ માટે હોય છે. તેમજ પ્રાણીમાત્રને આશ્રય રૂપ ધર્મ, અર્થ, કામ અને મોક્ષની પ્રાપ્તિના કારણ રૂપ તથા સર્વકામનાઓને આપનાર છે.

शुद्धच्छंदाष्ट प्रासादो :–

नागरा द्राविडाश्चैव वराटकाश्चमिश्रकाः ।
लतिनाश्चैवसान्धारा विमाना भूमिजा स्तथा ॥ २७ ॥
एते चाष्टान्वये रास्ताः शुद्धच्छन्दाः प्रकीर्तिताः ।
देशजाति कुल स्थान वर्णभेदे स्तथापरे ॥ २८ ॥

૧ નાગરાદિ, ૨ દ્રાવિડાદિ, ૩ વરાટકાદિ, ૪ મિશ્રકાદિ, ૫ લતિનાદિ, ૬ સાન્ધારાદિ, ૭ વિમાનાદિ, ૮ ભૂમિજાદિ. એ આઠ પ્રકારના પ્રાસાદો શુદ્ધ છંદના કીર્તિદાયક છે. દેશ, જાતિકુલ, સ્થાન, વર્ણ ભેદે સ્થાપવા.

"Aho Shrutgyanam"

प्रासाद देशानुक्रमो

जातयोऽष्टो प्रवर्तन्ते गंगातीरेषु सर्वदा ।
अहि राजेषु सान्धारो नागरश्च प्रशस्यते ॥ २९ ॥

गोडथङ्गकामरूपे सान्धारो लतिनस्तथा ।
तुरकोडहालेषु गङ्गोदधौ विमानक ॥ ३० ॥

ઉપર કહેલ આઠ જાતિના પ્રાસાદો ગંગાના તીરે કરવા સર્વદા કલ્યાણકારી છે. સાન્ધારાદિ અને નાગરાદિ અહિ રાજ્યમાં કરવા શુભ છે. ગોડ, બંગ અને કામરૂપ દેશમાં સાન્ધારાદિ અને લતિનાદિ તથા તુર કોડ અને હાલમાં તેમજ ગંગા સાગરના પ્રદેશોમાં વિમાનાદિ પ્રાસાદો કરવા પ્રશસ્ત છે.

चौलदेशे महानीले श्रीनीले पर्वते तथा ।
मल्यकलिङ्ग कर्णाटे कान्य कुब्जनिवासके ॥ ३१ ॥

वैराज्येषु विराटे च कोंकणे दक्षिणापथे ।
नागराद्राविडाश्छन्दा वराटा भूमिजास्तथा ॥ ३२ ॥

लतिनाश्चैव सान्धारा मिश्रकाश्च विमानका ।
अष्टऽछन्दा स्तथा चैते प्रासादाः परिकीर्तिता ॥ ३३ ॥

ચૌલદેશે મહાનીલ તથા શ્રી નીલપર્વતે, મલય, કલિંગ, કર્ણાટક, કાન્યકુબ્જ, વૈરાજ્ય, વિરાટ, કોંકણ અને દક્ષિણ પ્રદેશોમાં નાગરાદિ, દ્રાવિડાદિ, વરાટાદિ, ભૂમિજાદિ તથા લતિનાદિ, સાન્ધારાદિ, મિશ્રકાદિ અને વિમાનાદિ. આ આઠ છંદના પ્રાસાદ કરવા શુભદાયક છે.

जयन्त्यां मालवेदेशे काञ्चया कलिञ्जरेतथा ।
अन्तर्वेद्या च मगधे मथुरायां हिमाश्रये ॥ ३४ ॥

दण्डकारण्य सह्या–द्यो श्रत्वारच्छन्दकाइमे ।
लतिना नागराश्चैव सान्धारा भूमिजास्तथा ॥ ३५ ॥

જયંતી (ઉજ્જયિની) માળવાદેશ, કાંચી, કલિંજરદેશ, અન્તર્વેદપ્રદેશ (ગંગા જમના વચ્ચેનો પ્રદેશ), મથુરા અને હિમાલયના આશ્રયભૂત પ્રદેશો, તેમજ દંડકારણ્ય સહિત સમુદ્રકિનારાના પ્રદેશમાં લતિનાદિ, નાગરાદિ, સાન્ધારાદિ અને ભૂમિજાદિ ચતુઃ છંદપ્રાસાદો કરવા હિતાવહ છે.

"Aho Shrutgyanam"

सिन्धौ च खुरषाणे च तेजो गक्षणकादिषु ।
सर्वमोहनमादि युक्ते ? पश्चिमे पार्श्वमण्डले ।
सौराष्ट्रे गुर्ज्जरे देशे काश्मीरे च स्वयंभरे ॥ ३६ ॥

સિંધ, ખુરષાણે તથા તેજોગક્ષણુકાદિ પ્રદેશોમાં, પશ્ચિમ પ્રદેશ તથા પાર્શ્વ-મંડલમાં, સૌરાષ્ટ્ર, ગુર્જરપ્રદેશ, કાશ્મીરમાં અને સ્વયંભૂ (બ્રહ્માવર્ત) ઉપર કહેલ ચતુઃષ્ઠંદ પ્રાસાદો યુક્તિએ કરીને કરવા.

विमान नागरांच्छन्दान् कुर्याद्विमान पुष्पकान् ।
सिंहावलोक वलभी फांसनाश्च रथारुहान ॥ ३७ ॥
प्रवर्तन्ते सर्वदेशे व्योम चैकं न वर्त्तते ।
एतासु भरत क्षेत्राद्यं देशानुक्रम कथ्यताम् ॥ ३८ ॥

વિમાનનાગારાદિ, વિમાનપુષ્પકાદિ, સિંહાવલોકનાદિ, ફાંસનાદિ અને રથારૂહાદિ એ સર્વ પ્રાસાદો સર્વ દેશોમાં પ્રવર્તે છે, પરંતુ ભરતક્ષેત્રમાં આ પ્રાસાદો દેશાનુસાર કરવા તેમ કહેલ છે.

प्रासाद विप्रादि ज्ञाति निर्णय :-

नागरो विप्रज्ञातिः स्याद् द्राविडः क्षत्रियोद्भवः ।
व्यंतरो वैश्यजातिश्च वेशर स्तत्र संभवः ॥ ३९ ॥

નાગરાદિ-વિપ્રજ્ઞાતિ, દ્રાવિડાદિ-ક્ષત્રિયજ્ઞાતિ, વ્યંતરાદિ (નપુસકાદિ) તથા વૈશરાદિ (વૈરાજ્યાદિ) વૈશ્ય જ્ઞાતિ જાણુવા.

प्रासाद वर्ण निर्णय

नागराः श्वेतवर्णानो द्राविडो रक्तवर्णकः ।
व्यन्तरः पीत संकाशो वेशरो हरितोपमः ॥ ४० ॥

નાગરાદિ-શ્વેત, દ્રાવિડાદિ-રક્ત, વ્યંતરાદિ-પીત, અને વેશરાદિ લીલા વર્ણના પ્રાસાદો જાણુવા.

सात्विक राजस तामस प्रासाद :-

सात्विकं नागरं विद्याद्राजसं द्राविडं तथा ।
तामसं वेशरञ्चेति त्रयो ब्रह्मादि दैवताः ॥ ४१ ॥
राजसं तामसं चैव सात्विकं च तृतीयकम् ।
धर्मस्य त्रिविधं ज्ञानं संसारे सं प्रवर्तते ॥ ४२ ॥

"Aho Shrutgyanam"

નાગરાદિ-સાત્વિક, દ્રાવિડાદિ-રાજસ અને વેસરાદિ પ્રાસાદો તામસ પ્રકૃતિના જાણવા. આ ત્રણે પ્રાસાદો બ્રહ્મા, વિષ્ણુ અને શંકર ત્રણે દેવરૂપ છે. રાજસ, તામસ અને સાત્વિક એ ત્રણે ધર્મના ત્રિવિધજ્ઞાનરૂપ સંસારમાં પ્રવર્તેલ છે.

समन्तादन्य द्रव्येषु राजसे दिगगुणाधिकम् ।
तामसे शतधा पुण्यमनन्तं सात्विके तथा ॥ ४३ ॥

શક્તિ પ્રમાણે દ્રવ્ય ખર્ચવાથી, રાજસ દસગણું, તામસ સો ગણું અને સાત્વિક અનંત ગણું પૂણ્ય આપે છે.

यश्चदेवालयं कुर्यात स्वर्गलोके लभते ध्रुवम् ।
क्रीडां सह सुरस्त्रीभिर्मानवो देवता भवेत् ॥ ४४ ॥

દેવાલય કરવાથી દેવલોક નિશ્ચિત પ્રાપ્ત થાય છે. દેવતાઓ, દેવીઓ માનવો સહિત ક્રીડા કરે છે.

नागरः सात्विके देशे राजसे द्राविडस्तथा ।
वेशर स्तामसे देशे क्रमेण परिकीर्तिताः ॥ ४५ ॥

नागरो भूसुरोजात्या वेशरो वैश्य उचते ।
द्राविडस्तु नृपो ज्ञेय आकृतिः कथ्यतेऽधुना ॥ ४६ ॥

સાત્વિક દેશમાં નાગરાદિ, રાજસ દેશમાં દ્રાવિડાદિ અને તામસ દેશમાં વેશરાદિ પ્રાસાદો કરવા કહેલા છે, નાગરાદિ બ્રાહ્મણ, વેશરાદિ વૈશ્ય અને દ્રાવિડાદિ ક્ષત્રિય જાતિના પ્રાસાદો સમજવા. હવે આગળ પ્રાસાદોની આકૃતિ કહેવામાં આવશે.

एते समस्त प्रासादा देशानुक्रम संस्थिताः ।
यथाक्रम स्तथा कार्याः प्रासादानां तु सर्वतः ॥ ४७ ॥

विभक्ति स्तल छंदेषु शिखरोर्ध्वंञ्च कारवेत् ।
अभिधानो र्ध्वभाख्यातं यथोक्तं तल छंदयो ॥ ४८ ॥

यदि वै छंदछंदोन चाद्यर्थं न प्रतिष्टयेत् ।
तत्प्रासाद फलं नास्ति मोक्षश्चापि न विद्य ते ॥ ४९ ॥

ઉપર કહેલા સમસ્ત પ્રાસાદો દેશાનુક્રમે સ્થિતિ કરી રહેલા છે. અને જે પ્રાસાદોનો જેવો ક્રમ કહેલ છે તે ક્રમ પ્રમાણે તે પ્રાસાદો કરવા, ક્ષેત્રના વિભાગ અને તલછંદથી શીખર પર્યંત જે પ્રાસાદોનું જે જે તલછંદ હોય તે પ્રમાણે પ્રાસાદો

"Aho Shrutgyanam"

કરવા, જો પ્રાસાદોમાં છંદે છંદ મળતો ન આવે તો જે જે અંગોની અનુક્રમે પ્રતિષ્ઠા કરવાની હોય તેની પ્રતિષ્ઠા કરવી નહિ. છંદ રહિત કરેલા પ્રાસાદનું ફળ મળતું નથી. અને તેવા પ્રાસાદથી મોક્ષ પણ થતો નથી.

प्रासादानाञ्च सर्वेषां जायते दश भेदता ।
चतुर्दश प्रवर्तन्ते ज्ञेया लोकानु सारतः ॥ ५० ॥

સમસ્ત પ્રાસાદોના ભેદ સામાન્ય રીતે દસ પ્રકારે થાય છે. તેમજ પહેલા કહેલા ચૌદ જાતિના પ્રાસાદો પણ દશ ભેદે કરી લોકમાં પ્રવર્તે છે. તે બીજા શાસ્ત્રો લોકાચાર અને વિદ્વાન પુરૂષો દ્વારા જાણી લેવા.

प्रासाद न्युनाधिक लक्षणात्मकं

हीनमाने तुये दोषाः कथयेतान् समासतः ।
आयुर्हानिं द्वारहीने नालिहीने धनक्षय ॥ ५१ ॥

કહેલ માન પ્રમાણે કરવું, હિન કરવાથી દોષ ઉત્પન્ન થાય છે, દ્વારહિન કરવાથી આયુષ્યની હાનિ થાય છે, નાલીહિન કરવાથી ધનનો ક્ષય થાય છે.

अपदस्थापितैः स्तम्भैर्महारोगं विनिर्दिशेत् ।
स्तम्भव्यासोदयेहीने कान्ता तत्र विनश्यति ॥ ५२ ॥

પદ સ્થાન તજી સ્તંભ સ્થાપવાથી મહારોગ ઉત્પન્ન થાય, સ્તંભ જાડાયમાં હિન કરવાથી સ્ત્રીનો નાશ થાય.

प्रासादे पीठहीने तु नश्यति गजवाजिनः ।
रथोपरथहीने तु प्रजापीडां विनिर्दिशेत् ॥ ५३ ॥

પ્રાસાદ પીઠહીન કરવાથી ગજ અશ્વનો નાશ થાય, રથ ઉપરથ હિન કરવાથી પ્રજામાં પીડા ઉત્પન્ન થાય.

कर्णहीनो यदा वास्तुरयुक्त फलमादिशेत् ।
क्रीडन्ति राक्षसास्तत्र फलं कापि न विद्यते ॥ ५४ ॥

વાસ્તુરેખા હિન કરવાથી અફલ મળે, રાક્ષસો ક્રીડા કરે કદાપી શુભફળ મળે નહિ.

जङ्घाहीने भवेद् वन्धुकर्त्तृकावरनाशनम् ।
शिखरे हीनमाने तु नश्यन्ति पुत्रपौत्रकाः ॥ ५५ ॥

જંઘા હિન કરવાથી કરનારના ભાઇનો નાશ થાય, શિખર હિન માન કરવાથી પુત્ર પૌત્રાદિનો નાશ થાય.

"Aho Shrutgyanam"

मानाधिको न कर्तव्यो मानहीनं नकारयेत् ।
शास्त्रोक्त विधिमानेन शुभदं सर्व कर्मसु ॥ ५६ ॥

માનથી અધિક કરવું નહિ અને માન હિન પણ ન કરવું. શાસ્ત્રોક્તવિધિમાને કરવું. સર્વકાર્ય શુભ છે.

जगत्यङ्ग समुदायो

सुरालयविभूत्यर्थं भूषणार्थं पुरस्य तु ।
नराणां मुक्ति मुक्त्यर्थं सत्यार्थं चैव सर्वदा ॥ ५७ ॥

लोकानां धर्महेतुश्च क्रीडा हेतुश्चस्वर्भूवाम् ।
कीर्तिरायुर्यशोऽर्थं व राज्ञां कल्याणकारकेः ॥ ५८ ॥

દેવાલય નગરની વિભૂતિ અર્થે ભૂષણરૂપ છે, મનુષ્યોને ભક્તિ અને મુક્તિ અર્થે છે, એ સર્વદા સત્ય છે. લોકોના ધર્મ, અર્થ, યશ કીર્તિ આયુષ્ય માટે છે, દેવાલય દેવોની ક્રીડા અર્થે અને રાજાને કલ્યાણકારક છે.

जगत्या लक्षणं वत्स शृणु वक्ष्यामि साम्प्रतम् ।
सा चामूढ दिशाभागा मनोज्ञा सर्वतः प्लवा ॥ ५९ ॥

હે વત્સ ! તું જગતીના લક્ષણ સાંભળ, મનોજ્ઞા ચારે દિશાએ (પ્લવ) ઢાળવાળી કરવી.

चतुरश्रा तथायता वृत्ता वृत्तायता तथा ।
अष्टाश्रा च तथा कार्या प्रासादस्यानु रूपतः ॥ ६० ॥

ચોરસ, લંબચોરસ, ગોળ, લંબગોળ અને અષ્ટાંશ પણ પ્રાસાદના રૂપ પ્રમાણે કરવી.

जेष्ठा कनिष्ठ प्रासादे मध्यमे मध्यमा तथा ।
जेष्ठे कनिष्ठा व्याख्याता जगती मानसङ्ख्यया ॥ ६१ ॥

જેષ્ઠમાનની કનિષ્ઠમાનના પ્રાસાદને કરવી. મધ્ય માનના પ્રાસાદને મધ્ય માનની અને જેષ્ઠ માનના પ્રાસાદને કનિષ્ઠ માનની જગતી કરવી.

कनिष्ठे भ्रमणी चैका मध्यमे भ्रमणी द्वयम् ।
ज्येष्ठे तिस्रो भ्रमण्यश्च साङ्गोपाङ्गिक सङख्यया ॥ ६२ ॥

કનિષ્ઠ માનના પ્રાસાદને એક ભ્રમણી કરવી, મધ્યમાને બે ભ્રમણી અને જેષ્ઠ માનના પ્રાસાદને ત્રણ ભ્રમણી ચારે બાજુ કરવી.

"Aho Shrutgyanam"

प्रासाद पृथुमानेन द्विगुणा चोत्तमातथा ।
मध्यमा चतुर्गुणा याधमा पञ्चगुणोच्यते ॥ ६३ ॥

ઉત્તમ જ્યેષ્ઠ માનના પ્રાસાદને બે ગણી, મધ્ય માને ચાર ગણી અને અધમ કનિષ્ઠ માનના પ્રાસાદને પાંચ ગણી ભ્રમણી કરવી.

षटसप्तगुणाख्याता च युक्ति पर्याय संस्थिता ।
यत्र त्रिपुरुषा यद्वा द्वारिकायां निगद्यते ॥ ६४ ॥

યુક્તિએ કરીને છ અને સાતગણી કરવી. તે ત્રિપુરૂષ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશને અને દ્વારિકાપ્રાસાદની રચનામાં કરવી.

समा सपादा सार्द्धोंचा द्विगुणा वा मुखायते ।
अपराजित कर्णाढ्या पूर्वमण्डपानु क्रमेः ॥ ६५ ॥

હે અપરાજિત ! કર્ણથી સમ, સવાઇ, દોઢી અને બમણી ભ્રમણી કરવી. આગળ મંડપના ક્રમે કરવી.

चतुरश्रा सूर्यकर्णा विंशकर्णाष्टविंशतिः ।
तथा षटत्रिंशत्कर्णा च भ्रमण्यः पञ्चकीर्तिता ॥ ६६ ॥

૧ ચાર કોણુવાળી, ૨ બારકોણુવાળી, ૩ વીશ કોણુવાળી, ૪ અઠ્ઠાવીશ કોણુવાળી, ૫ છત્રીશ કોણુવાળી. એ પાંચ પ્રકારની ભ્રમણી કીર્તિદાયક છે.

भ्रमणी त्रिभागोत्सेधे यावन्मूल प्रासादकम् ।
कर्णो देवकुलाशतायतन तत्स्मृतम् ! ॥ ६७ ॥

મૂલ પ્રાસાદથી ભ્રમણી ત્રણ ગણી કરવી, કર્ણોએ દેવકુલોના આયતાન દેવો કરવાં.

तथैं वानुक्रमेवृद्धिर्भ्रमण्यो यावतषोडश ।
भद्रनिष्काशस्तद् बाह्ये शेषाः कर्णैव सङ्ख्यया ॥ ६८ ॥

એમ અનુક્રમે વૃદ્ધિ સોળ ગણી ભ્રમણીની કરવી. ભદ્રના બહાર નીકળેલી રેખાથી કરવા અને કોણુ સંખ્યા ગણવી.

चतुर्द्वारं समायुक्तैश्चतुर्भिमण्डपैस्तथा ।
दिग्दिगद्वार समायुक्तं सहस्त्राय ततोत्तम ॥ ६९ ॥

ચાર દ્વાર સરખી યુક્તિએ કરીને મૂકવા અને મંડપે પણ ચાર દ્વાર મૂકવા, દિશાએ સરખાં દ્વાર મૂકવા પૂર્વાદિ ઉત્તમોત્તમ જાણવું.

प्रासाद स्यानुमानेन बहुदेव कुलानि च ।
प्राकारां कुर्यात्विहानीं षडविधं च सलक्षणम् ॥ ७० ॥

"Aho Shrutgyanam"

પ્રાસાદના માને બધા દેવકૂલો કરવા. પ્રાકાર છ પ્રકારના લક્ષણ યુક્ત વિધવિધ કરવા.

कर्णजा भ्रमजाश्चैव भद्रजागर्भजा स्तथा ।
मध्यजाः पार्श्वजाश्चैव भेदा वै षड् भवन्ति च ॥ ७१ ॥

૧ કર્ણજા, ૨ ભ્રમજા, ૩ ભદ્રજા, ૪ ગર્ભજા, ૫ મધ્યજા અને ૬ પાર્શ્વજા એ ભ્રમણીના છ ભેદો જાણવા.

कर्णेषु कर्णजा ख्याता भ्रमजा च परिभ्रमे ।
भद्रजा भद्रसम्भूता गर्भजा गर्भमानतः ॥ ७२ ॥

કર્ણયુક્ત કર્ણજા, ભ્રમયુક્ત ભ્રમજા, ભદ્રયુક્ત ભદ્રજા, અને ગર્ભમાને કરેલ ગર્ભજા.

परिभ्रमस्य मध्याणो मध्यजा सा प्रकीर्तिता ।
चतुः पार्श्वेषु तस्याश्च पार्श्वजा साभिधीयते ॥ ७३ ॥

મધ્ય અંગે પરિભ્રમ યુક્ત મધ્યજા જાણવી. ચારે બાજુ ભ્રમણયુક્ત પાર્શ્વજા જાણવી.

प्रतोलीचारातः कार्या कपाटपुट संयुता ।
द्रढार्गलऽच कर्तव्या कथ्यतेऽथ तथोच्छ्यः ॥ ७४ ॥

જગતી આગળ પ્રતોલી કમાડ સંયુક્ત દઢ અર્ગલા કરવા તેમ કહેલ છે.

एक हस्ते तु प्रासादे जगत्या उच्छ्यः समः ।
द्विहस्ते हस्त सार्धस्तु त्रिहस्ते तु द्विहस्तकम् ॥ ७५ ॥

એક હસ્તના પ્રાસાદને જગતીની ઉંચાઇ એક હસ્ત કરવી, બે હસ્તે દોઢ હસ્ત, ત્રણ હસ્તે બે હસ્ત કરવી.


सार्धं द्विकर मुत्सेधः प्रासादे वेद हस्तके ।
चतुर्हस्त स्योपरिष्ठाद् यावद् द्वादश हस्तकम् ॥ ७६ ॥
प्रासाद स्यार्धमानेन् त्रिभागेन ततः परम् ।
चतुर्विंशति हस्तान्तं कारयेत्तद्विचक्षण ॥ ७७ ॥

ચાર હસ્તના પ્રાસાદને અઢી હસ્ત અને ચાર હસ્તથી બાર હસ્ત સુધી અર્ધ ભાગે ઉંચાઈ કરવી, બાર હસ્તથી ચોવીશ હસ્ત સુધી ત્રી ભાગે ઉંચી જગતી કરવી

"Aho Shrutgyanam"

पादे नैवोच्छयं तावद् यावत्थश्चाशब्दस्तकम् ।
एव मन्यश्च कर्तव्यो जगतीनां समुच्छ्रयः ॥ ७८ ॥

ચોવીશ હસ્તથી પચાસ હસ્ત સુધી, ચોથે ભાગે ઊંચી કરવી. જગતી આ માન પ્રમાણે કરવી તે શુભકારક છે.



"Aho Shrutgyanam"

જગતી સ્વરૂપ વિભાગ

જાડ્યકુંભ	૩	ભાગ
કર્ણિકા	૨	,,
શિર્ષપત્રિકા	૩	,,
ક્ષુરક	૨	,,
કુંભક	૭	,,
કલશ	૩	,,
અંતઃપત્ર	૧	,,
કપોતાલી	૩	,,
પુષ્પક	૪	,,

કુલ ૨૮ વિભાગ

जगती स्वरूप विभाग

तथोच्छयं भजेत्प्राज्ञ अष्टाविंशपदैरधः ।
जाडय कुम्भं च त्रिपदं कर्णकं द्विपद तथा ॥ ७९ ॥
पद्मपत्र समायुक्ता त्रिपदा शीर्ष पत्रिका ।
क्षुरकं द्विपदं प्रोक्तं कुम्भकं सप्तभिः पदैः ॥ ८० ॥
त्रिपदं कलशः प्रोक्तः पदं चान्तरपत्रिकम् ।
कपोताली च त्रिपदा पुष्पकं युगसङ्ख्यया ॥ ८१ ॥
पुष्पकण्ठ सुत्राऽम्भं निर्गतं चाष्टभि पदै ।
कर्णेषु च दिशापालाः प्राच्यादिषु प्रदक्षिणाः ॥ ८२ ॥

જગતીની ઊંચાઈના પ્રાજ્ઞ શિલ્પીએ અટ્ઠાવીશ (૨૮) વિભાગ કરવા. તેમાં ત્રણ ભાગનો જાડ્ય(ઓ), બે ભાગની કર્ણિકા, ત્રણ ભાગનું પદ્મપત્ર યુક્તસર પટ્ટિકા, બે ભાગનો ક્ષુરક (ઝરો), સાત ભાગનો કુંભક (કુંભો) ત્રણ ભાગનો કળશ, એક ભાગ અંતર પટ્ટી, ત્રણ ભાગની કપોતાલી અને ચાર ભાગનો પુષ્પકંઠ (દાશો) કરવો. પુષ્પકંઠ અને જાડ્યકુંભ નિર્ગમે (નીકળે) ચાર ભાગ રાખવા. કુલ આઠ ભાગ જાણવાં અને કર્ણોમાં પૂર્વાદિ દિશાથી દિક્પાલોની મૂર્તિઓ કરવી.

"Aho Shrutgyanam"

श्रीकर्णी आदि अष्ट जगत्यां अथ-जिनेन्द्रस्य शुभा—

विश्वकर्मोवाच—

चतुर्विंशति विस्तारे चत्वारिंशन्मुखायते ।
दौ दौ भागौ त्यजेत्कर्णे पुरतोऽग्रो भयस्तदा ॥ ८३ ॥
अपरस्यर्जु सूत्रेण प्रासादस्तु कलांशकैः ।
शुकनासो भवेद् भागो मण्डपः षट प्रविस्तृतः ॥ ८४ ॥
भद्रं तु भागनिष्कास उभयोर्वामदक्षयोः ।
चतुष्किका चेत स्याग्रे द्विभागायां विस्तरे ॥ ८५ ॥
द्विक्षणं त्रिकमाख्यातं चतुर्भिस्तु चतुष्किका ।
आयामश्चाष्ट भागः स्यात् पृथुत्वं चैवचाष्टतः ॥ ८६ ॥
अष्टांशैरुत्तमं ख्यातं मण्डपं नृत्यकं विदुः ।
द्विभागा क्षणचतुष्का द्विभागा पट्ट शालिका ॥ ८७ ॥
कुर्याच्छालां द्विभागां बाह्यष्टो च देवसन्मुखाः ।
सप्त सप्तो भयेपक्षे द्वाविंशतिर्जिनालया ॥ ८८ ॥
त्रिकौ त्रिकस्यो भयतः सङ्ख्या चतुर्विंशतिः ।
चतुर्भिः पृथुनिष्कासोऽग्रे स्यादेवं बलाणकम् ॥ ८९ ॥
श्रीदा शान्तिकरा नित्यं पुरमध्ये सुखावहाः ।
जिनेन्द्रस्य भवनस्या सावै श्रीकर्णिकामिधा ॥ ९० ॥

વિસ્તારે ચોવીશ ભાગ અને ચાલીશ ભાગ મુખાયતે, બે બે ભાગ પ્રાસાદ રેખાએ આગળ અને બંન્ને બાજુ ઉપરના ભાગ સહિત પ્રાસાદ સોળ ભાગનો જાણવો.

શુકનાશ એક ભાગ, મંડપ છ ભાગ વિસ્તારે ભદ્રનો નીકાળો એક ભાગ તે પ્રમાણે બંન્ને બાજુ વામ દક્ષિણ જાણવું. ચતુષ્ટિકા આગળ બે ભાગ, આયામ અને વિસ્તારે બે પદનો ત્રીક મંડપ ચાર ભાગનો જાણવો, નૃત્ય મંડપ આયામ અને વિસ્તારે આઠ ભાગ કરવો. બે ભાગ એક પદ ચતુષ્ટિકા, બે ભાગ ખુલ્લો પટ્ટશાલ, પાછળ બે ભાગ પ્રદક્ષિણા, આગળ આઠ ભાગ દેવસન્મુખ. સાત સાત ભાગ બન્ને પક્ષે અને બાવીશ ભાગનું જિનાલય ત્રિક ચોકી બંન્ને મળી ચોવીશ સંખ્યા થઇ ચાર ભાગનું આગળ જે દેવ હોય તેનું બલાણક કરવું લક્ષ્મીદાયક નિત્ય શાંતિકારક, નગર મધ્યે જિનેન્દ્ર-પ્રાસાદને શ્રીકર્ણી નામની જગતી કરવી સુખદાયક છે.

"Aho Shrutgyanam"

नायिका

मण्डपाद् गर्भसूत्रेण त्वष्टापदं याम्योत्तरे ।
नायिकेतिचतन्नाम जिनेन्द्रे सर्वदायिका ॥ ९१ ॥

મંડપના ગર્ભસૂત્રે ડાબી જમણી બાજુ અષ્ટાપદ કરવા તો **નાયિકા** નામની જગતી સર્વફળ દેવાવાળી થાય.

रत्नचूडा

अष्टापदं परित्यज्य तत्र कुर्याद् बलाणकम् ।
रत्नचूडेति तन्नाम कर्तव्या शान्ति मिच्छता ॥ ९२ ॥

અષ્ટાપદ તજી અને બલાણક કરવા તો **રત્નચૂડા** નામની જગતી થાય, તે શાંતિ આપનાર છે.

गोमावती

यथा पूर्वे तथापरे शालाः स्युश्चतुर्विंशतिः ।
गोमावती तदा नाम कर्तव्या सर्वकामदा ॥ ९३ ॥

પૂર્વ તથા પશ્ચિમે ચોવીશ ભાગની શાલા કરવાથી **ગોમાવતી** નામની જગતી સર્વ કામદાયિક થાય.

अर्धनारीश्वरी

याम्योत्तर बलाणका न परे पट्टशालिका ।
अर्धनारीश्वरी नाम वीतरागे तु शान्तिदा ॥ ९४ ॥

ઉત્તર દક્ષિણ બલાણક ઉપર પટ્ટશાલ કરવાથી વીતરાગને શાન્તિકારક **અર્ધનારીશ્વરી** નામની જગતી થાય.

भैरवी

अपरे रथशाला स्यान्मठो याम्ये प्रतिष्ठिता ।
उत्तरे रथरन्ध्रं च नाम्ना सा शान्ति भैरवी ॥ ९५ ॥

પશ્ચિમે રથશાલા, દક્ષિણે મેઠક, ઉત્તરે રથ જવાનો રસ્તો, તો શાન્તિ આપનાર **ભૈરવી** નામની જગતી થાય.

प्रधाना

याम्योत्तरे च द्वाराग्रे कुर्यादष्टापदं तथा ।
प्रधानेति च तन्नाम सिद्ध किन्नर सेविता ॥ ९६ ॥

"Aho Shrutgyanam"

ઉત્તર દક્ષિણ દ્વાર પાસે અષ્ટાપદ કરે તો સિદ્ધકિન્નર સદા સેવે છે તે **પ્રધાના** નામની જગતી થાય.

सर्वकूटा

अष्टापदस्य संस्थाने शालात्रिकं तु कारयेत् ।
सर्व कूटेति तन्नाम कर्तव्या तु जिनेश्वरे ॥ ९७ ॥

અષ્ટાપદના સ્થાને ત્રિશાલા કરે તો **સર્વકૂટા** નામની જગતી જિનેશ્વરને કરવી.

यादशो मूलप्रासादौ जगती चैव तादृशी ।
भिन्नच्छन्दा न कर्तव्या जगती प्रासादस्थिति ॥ ९८ ॥

જે જાતનો પ્રાસાદ હોય તે જાતની જગતી કરવી જુદા છંદની કરવી નહીં. જગતી પ્રાસાદ મુજબ કરવી.

चतुरश्रा तथा यता वृत्ता वृत्तायता तथा ।
अष्टाश्रा च तथा कार्या छन्दाः पञ्च प्रकीर्तिता ॥ ९९ ॥

ચોરસ, લંબચોરસ, ગોળ, લંબગોળ, તથા અષ્ટાંશ એ પાંચ છંદની જગતી પ્રખ્યાત છે.

चतुस्था वीरभद्रा सुपताकातथायता ।
वृत्ता च पूर्णभद्रा च वृत्तायता भद्राङ्किका ॥ १०० ॥

વીરભદ્રા ચોરસ, સુપતાકા લંબચોરસ, પૂર્ણભદ્રા ગોળ અને ભદ્રાંકિકા લંબગોળ કરવી.

अष्टाश्रा च जया प्रोक्ता विजयाचैव स्वस्तिका ।
अजिता षोडशाश्रा च द्वात्रिंशाश्रा पराजिता ॥ १०१ ॥


જયા અષ્ટાંશ, વિજયા સ્વસ્તિકા, અજિતા ષોડશાસ્રા, અપરાજિતા બત્રીશાસ્રા.

जिनेंद्रायतन क्रम

जिनालयं प्रवक्ष्यामि जिनेन्द्र भवनं तथा ।
आश्रयन्ति ततोदिव्या जिनशासनपारगाः ॥ १०२ ॥
जिनेन्द्रस्य तथा यक्षा देव्यश्च जिनमातृकाः ।
तीर्थंकराणां सर्वेषामतीता नाम वर्तिनाम् ॥ १०३ ॥
केवलऋषभदेवाद्याः पद्मनामादितः क्रमात् ।
पृथक् चतुर्विंशतिर्वैजिनानां वा द्वासप्ततिः ॥ १०४ ॥


"Aho Shrutgyanam"

જિનેશ્વર પ્રભુના જિનાલયમાં આશ્રિત જિનશાસનના પારંગ દેવો જિનેન્દ્ર તથા યક્ષ યક્ષિણી સર્વ તીર્થંકરોના નામ પ્રમાણે સ્થાપવા, ઋષભદેવ અને પદ્મપ્રભ જિન ક્રમાંક પ્રથક, ચોવીશ તથા બોતેર જિનાલયમાં સ્થાપવા.



અગિયાર જિનાલય

"Aho Shrutgyanam"



ચોવીશ જિનાલય

बलाणक लक्षणं

विश्वकर्मोवाच—

अथातः सम्प्रवक्ष्यामि बलानक सुलक्षणम् ।
विस्तीर्णं जगतीपादे पदपाद विवर्जितम् ॥ १०५ ॥
प्रासाद व्यास मानेन गर्भ मानेन चाऽथवा ।
शालालिन्द प्रमाणेन त्रिविधं मान लक्षणम् ॥ १०६ ॥

"Aho Shrutgyanam"

બલાણુકના સુલક્ષણ કહું છું. જગતી એક પાદ વધારવી અને પ્રાસાદથી એક પદ છોડવું. ૧ પ્રાસાદની પહોળાઈ પ્રમાણે, ૨ ગર્ભગૃહ પ્રમાણે અથવા ૩ આગળની ચોકી પ્રમાણે એ ત્રિવિધમાન લક્ષણ બલાણુકના જાણવા.

कनिष्ठे चोत्तमं कार्य मुत्तमे च कनिष्ठकम् ।
मध्यमे मध्यमं कार्य मेतन्मानं च शोभनम् ॥ १०७ ॥

કનિષ્ઠે ઉત્તમ માન લેવું. ઉત્તમે કનિષ્ઠમાન લેવું અને મધ્યે મધ્યમાન લેવાથી શોભાયમાન થશે.

अन्यच्च युक्ति भेदैश्च पुरतः पृष्ठतोऽपिवा ।
अनकैरर्थ भेदेश्च कथयाम्यपराजिता ॥ १०८ ॥

હે અપરાજિત—અન્યત્ર યુક્તિ ભેદ કરીને આગળ પાછળ અનેક ભેદથી સમજવું.

वामनश्च विमानश्च हर्मशालाश्च पुष्करं ।
तथा चोतुंग नामा च पञ्चैते च बलानकाः ॥ १०९ ॥

૧ વામન, ૨ વિમાન, ૩ હર્મ્યશાલા, ૪ પુષ્કર, ૫ ઉત્તંગ એ પાંચ નામ બલાણુકના જાણવા.

जिनेन्द्रस्य तथा यक्षा देवाश्च जिन मातृकाः ।
आश्रयन्ति जिनं सर्वे ये चोक्ताजिनशासने ॥ ११० ॥

જિનેંદ્ર તથા યક્ષદેવ અને જિનમાતૃકા જિનશાસનના આશ્રિત સર્વે જિનેન્દ્ર પ્રાસાદમાં પધરાવવા.

वर्जयेदर्हतः पृष्ठमग्रं तु शिव सूर्ययोः ।
पार्श्वे तु ब्रह्मविष्णोश्च बहिर्वास्तुक वर्जितम् ॥ १११ ॥

અર્હંતની પીઠ પૃષ્ટ ભાગ, શિવ સૂર્યની આગળ, બ્રહ્મા વિષ્ણુની પડખે ગૃહાદ્રિ વાસ્તુકર્મ ન કરવું.

प्रसिद्ध राजमार्गाश्च प्राकारान्तरतोऽपि वा ।
स्थापयेच्चान्य देवांश्च बहिर्वास्तुक वर्जितम् ॥ ११२ ॥

પ્રસિદ્ધ રાજ્યમાર્ગ હોય, પ્રાકાર કિલ્લો કરેલ હોય તો પણ અન્ય દેવ સ્થાપવા નહિ અને વાસ્તુકર્મ વર્જિત છે.

જૈન દર્શન

जैने च ह्याग्र संस्थाने स्तोत्र मन्त्रादिनार्चनम् ।
न देयं वर्तने पृष्टं सन्मुखे द्वारलङ्घनम् ॥ ११३ ॥

"Aho Shrutgyanam"

જિનેશ્વરના અગ્રભાગે સ્તોત્ર મંત્ર અર્ચન કરી વળતા પૂંઠ ફેરવી દ્વાર ઉલ્લંઘન કરવું નહિ. પ્રભુ સન્મુખ મુખ રાખી દ્વારનું ઉલ્લંઘન કરવું.

जिन-प्रणाल निर्णय

अर्चानां मुख पूर्वाणां प्रणाल वामतः शुभम् ।
उतरा स्यान विज्ञेया अर्चा रुपेण देवताः ॥ ११४ ॥
जैन मुक्ताः समास्ताश्च यामोत्तर क्रमै स्थिताः ।
वाम दक्षिण योगेन कर्तव्यं सर्वकामदम् ॥ ११५ ॥
वामे वामं प्रकुर्वीत दक्षिणे दक्षिणं शुभम् ।
मण्डपादिषु प्रतिमा येषु युक्ता विधीयते ॥ ११६ ॥

દેવ (પ્રાસાદ)નું મુખ પૂર્વ હોય તો પ્રણાલ વામ ભાગે કરવી-ઉત્તર દિશાએ કરવી. દેવ મૂર્તિના રૂપે સમસ્ત વીતરાગ દક્ષિણ ઉત્તર સ્થિત હોય તો દક્ષિણ દિશાને વામે એટલે પૂર્વે અને ઉત્તર દિશાને દક્ષિણે એટલે જમણા અંગે એટલે પૂર્વે પ્રણાલ કરવી. મંડપમાં સ્થાપિત પ્રતિમાને ડાબી જમણી જે રીતે બેઠેલ હોય તે રીતે યુક્તિએ કરી પ્રણાલ કરવી.

देवतादि भाग

विश्वकर्मोवाच—

यतो मुखश्च यो देवो यथा वै यत्र पश्यति ।
तदहं कथयिष्यामि दृष्ट्वा शास्त्रार्थ निश्चयम् ॥ ११७ ॥

જે મુખના જે દેવો હોય તે અત્રે જાણવા. શાસ્ત્રનો નિર્ણય જણાવું છું તે જુઓ.

दक्षिणोत्तरमुखेन प्राच्यां वै वरुणे तथा ।
वीतरागस्य प्रासादः पुरमध्ये सुखावहः ॥ ११८ ॥


દક્ષિણ, ઉત્તર, પૂર્વ અને પશ્ચિમ મુખના વીતરાગના પ્રાસાદ કરવા. પુર મધ્યે સુખ આપનાર છે.

जिनप्रासाद चतुर्दिक्षु देवकुलिका विधान—

द्वि सप्तत्या द्वि बाणैर्वा चतुर्विंशतितोऽथवा ।
जिनालयैश्चतुर्दिक्षु सहितं जिनमंदिरम् ॥ ११९ ॥

જિનાલયની ચારે દિશાઓમાં બોતેર (૭૨) બાવન (૫૨) અથવા ચોવીશ (૨૪) જિનાલય સહિત જિન મંદિર કરવું.

"Aho Shrutgyanam"



ભાવન જિનાલય

"Aho Shrutgyanam"

बावन जिनालय क्रम–

वामदक्षे चतुस्त्रिंशदष्टौऽग्रे नव पृष्ठतः ।
मूल प्रासाद संयुक्त वर्ण संख्या जिनालये ॥ १२० ॥

મૂળ પ્રાસાદની ડાબી જમણી બાજુએ સત્તર સત્તર મળી ચોત્રીસ આઠ અગ્રે તથા નવ પૃષ્ઠે મૂળ પ્રાસાદ સહિત બાવન જિનાલય જાણવાં.

बोंतेर जिनालय

वामदक्षे च पञ्चाशत् पृष्ठे रुद्रोऽग्रतो दश ।
मूल प्रासाद संयुक्ते द्वा सप्ततिर्जिनालये ॥ १२१ ॥

મૂળ પ્રાસાદની ડાબી તથા જમણી બાજુ પચીસ પચીસ દેવકુલિકા, પાછળ અગીયાર અને અગ્રે દશ મૂળ પ્રાસાદ સહિત કુલ બોંતેર (૭૨) જિનાલય જાણવાં.

प्रासाद स्तंभ कर्णाना वेधं द्वारेषु वर्जयेत् ।
प्रासाद मण्डपानान्तु गर्भे कृत्वा सुखं बहेत् ॥ १२२ ॥

ચારે તરફની દેરીઓના દ્વારોમાં મુખ્યપ્રાસાદના સ્તંભો તથા કર્ણોનો વેધ તજવો, જિનાલયની દેવકુલિકા પ્રાસાદ તથા મંડપના ગર્ભે કરવાથી અનંત સુખ પ્રાપ્ત થાય છે.

प्रासाद चतुर्दिशु रथशालादि विधान

अपरे रथशाला च मठः सव्ये प्रतिष्ठितः ।
उत्तरे सूदशाला च प्रोक्ता श्री विश्वकर्मणा ॥ १२३ ॥

कोष्ठागारञ्च वायव्ये वह्नि भागे महानसम् ।
पुष्पगेहं तथेशाने नैऋत्ये पात्र शालिका ॥ १२४ ॥

शस्त्रागारञ्च पुरतो वारुणे च जलाश्रयम् ।
मठस्यो परितः कुर्याद् विद्यावाचन मण्डपम् ॥ १२५ ॥

પ્રાસાદની પશ્ચિમે રથશાલા, દક્ષિણે મઠ, ઉત્તરે સૂદશાળા (રસોયાની શાળા) તેમ વિશ્વકર્માએ કહેલું છે.

વાયુકોણમાં કોષ્ઠાગાર (કોઠાર), અગ્નિકોણમાં મહાનસ (પાકશાળા), ઈશાન કોણમાં પુષ્પગૃહ, નૈઋત્યકોણમાં પાત્રશાલા (વાસણ મૂકવાની શાળા), પ્રાસાદના અગ્ર ભાગે શસ્ત્રાગાર (આયુધશાળા), પશ્ચિમે જલાશય, (કુંડ, શંકુ) અને મઠની ઉપરની ભૂમિમાં વિદ્યા વાંચનનો મંડપ કરવો.

"Aho Shrutgyanam"

पौषधशाला विधान

प्रासाद स्योत्तरे याम्यां तथाग्रे पश्चिमेऽपि च ।
यतीनामाश्रयं कुर्यात् मठं तद् द्वित्रि भूमिकम् ॥ १२६ ॥
द्विशाल मध्ये षड्दारुः पटशालाग्र शोभिता ।
मत्त वारणमग्रे च तदूर्ध्वं पट भूमिषु ॥ १२७ ॥

પ્રાસાદની ઉત્તરે, દક્ષિણે, પૂર્વે અથવા પશ્ચિમે યતિઓના નિવાસાર્થે મઠ કરવો, અને તે બે કે ત્રણ ભૂમિવાળો કરવો. મઠમાં બે શાલાઓ, મધ્યે ષટ્દારુ (બે દ્વિશાલમાં સ્તંભ ચાર અને બે પાટડીઓ મળી નંગ ૬ તે ષટ્દારૂ) મૂકવાં, આગળના ભાગે સુશોભિત પટશાળા કરવી અને તેના અગ્રભાગે પટશાળાની અગ્ર ભૂમિકામાં મત્તવારણ (કઠેડા) કરવાં.

सान्धार प्रासाद विधान

दश हस्ताधिकेभ्यः स्यात् प्रासादो भ्रमसंयुतः ।
नवाष्टदश भागैश्च भ्रमभित्ति र्विधीयते ॥ १२८ ॥

દશ (૧૦) હસ્તથી ઉપરાંતના પ્રાસાદો ભ્રમવાળા કરવા. પ્રાસાદની પહોળાઇના આઠમા, નવમા અથવા દશમા ભાગે ભ્રમ ભિત્તિ કરવી.

भ्रम युक्त प्रासाद

सभ्रमे सभ्रमं कुर्यान्निर्भ्रमेनिर्भ्रम तथा ।
अन्यथा कारयेद्यस्तु सदोषं भ्रमहीनकम् ॥ १२९ ॥

જે પ્રાસાદ ભ્રમ યુક્ત કરવાનો કહ્યો છે તે પ્રાસાદ ભ્રમ યુક્ત કરવો. અને નિર્ભ્રમ પ્રાસાદ ભ્રમ વગરનો કરવો, અન્યથા કરે તો ભ્રમહીન થાય અને તે સદોષ, દોષયુક્ત ગણાય.

प्रासादो भ्रमसंयुक्तो ह्यदोषः सिध्यति तदा ।
सदोषो भ्रम हीनश्च कर्ता तस्य विनश्यति ॥ १३० ॥

ભ્રમવાળો પ્રાસાદ નિર્દોષ કહેવાય અને તે ફળ સિદ્ધિ આપે છે, પરંતુ ભ્રમહીન પ્રાસાદ સદોષ દોષ યુક્ત થાય છે, અને તેથી તેનો કર્તા નાશ પામે છે.

भ्रम भित्ति प्रमाण

सभ्रमादशमांशेन भित्ति युग्मे भ्रमन्निका ।
मध्य कोष्ठोद्भवा रेखा भ्रमभित्तिभिः क्रमोद्गता ॥ १३१ ॥

"Aho Shrutgyanam"

पञ्चमांशेन पृथत्वं दशहस्तान्न मण्डुरम् ।
तृतीयांशेन विश्रान्तं हीनं कुर्यात्समुच्छ्रयम् ॥ १३२ ॥

ભ્રમવાળા પ્રાસાદને બે દિવાલની વચ્ચમાં પ્રાસાદની પહોળાઈના દશમા ભાગે ભ્રમણી કરવી અને ભ્રમણીના મધ્ય ભાગમાંથી ઉત્પન્ન થતી રેખાઓ (ખાંચાઓ) ક્રમ પ્રમાણે સીધી ઉપર લઇ જવી.

ભ્રમની દિવાલ પ્રાસાદના પ્રમાણથી પાંચમા ભાગે જાડી કરવી અને ભ્રમણીનો મંડોવર દશ હસ્તથી વધારે ઊંચો કરવો નહિ, પરંતુ ત્રીજા ભાગે વિશ્રાંત કરવો અર્થાત્ ઢાંકી મજલા પાડવા, અનુક્રમે નીચેના મજલાથી ઉપરના મજલા થોડા અંશે નાના કરવા.

विंशोर्ध्वन्तु शताधन्ति भद्रोदय प्रमाणतः ।
एवं युक्तिर्विधातव्या प्रासादे परमोदये ॥ १३३ ॥

વીશ ગજથી પચાસ ગજ સુધીના પ્રાસાદને ભદ્રની ઊંચાઈના પ્રમાણે ભ્રમણીની ઊંચાઇ કરવી, આ યુક્તિ મોટા પ્રમાણના પ્રાસાદોની ભ્રમણીના ઉદયમાં કરવી.

भ्रमयुक्तमंडप विधान

प्रासादं मण्डपञ्चैव सभ्रमं स्तंभ संयुगम् ।
पुत्र पौत्रादि वृद्धिश्च राज्यं तस्य भवेत्तदा ॥ १३४ ॥

ભ્રમજાતિના પ્રાસાદોને પ્રાસાદ તથા મંડપ ભ્રમયુક્ત કરવા અને મંડપનો ભ્રમ થાંભલાઓ વડે કરવો. ઉપર પ્રમાણે ભ્રમ યુક્ત પ્રાસાદ તથા મંડપ કરવાથી પુત્ર પૌત્રાદિની વૃદ્ધિ તથા રાજ્ય પ્રાપ્તિ થાય.

विशाल प्रासादो भ्रमयुक्त करवा

तस्य वास्तोर्भवेद्वृद्धिर्वृद्धि हीनं न कारयेत् ।
वृद्धिस्तु शुभदा ज्ञेया हीने हानिर्न संशयः ॥ १३५ ॥

ભ્રમયુક્ત પ્રાસાદો કરવા હોય તો વિશાલ પ્રમાણના કરવા, પરંતુ વૃદ્ધિહિન કરવા નહિ. ભ્રમયુક્ત પ્રાસાદો પ્રમાણમાં જેમ વિશાલ કરવામાં આવે તેમ શુભ જાણવું. કારણ કે ભ્રમ યુક્ત પ્રાસાદો પ્રમાણમાં નાના કરવામાં આવે તો હાનિકર્તા થાય, એમાં સંશય કરવો નહિ.

सर्व संकलितो वायुः पथ्या संकीर्ण मुद्धरेत् ।
वेध संघटिते वास्तौ परस्पर विरोधकाः ॥ १३६ ॥

"Aho Shrutgyanam"

ભ્રમયુક્ત પ્રાસાદની ભ્રમણી સાંકડી થાય તો સર્વ માણસોના શ્વાસોશ્વાસનો વાયુ ભેગો થાય, માટે પથ્યાસંકીર્ણતાનો ઉદ્ધાર કરવો. અર્થાત્ ભ્રમણી સાંકડી કરવી નહિ. (એટલા માટે ભ્રમયુક્ત પ્રાસાદો મોટા માનના કરવા કહેલ છે.) વેદયુક્ત વાસ્તુ (પ્રાસાદ) થાય તો તે પરસ્પર વિરોધ કર્તા જાણવો.

निरंधार प्रासाद–

पट्त्रिंशत्करावस्ताद् यावद्धहस्त चतुष्टयम् ।
निरंधारा विना भ्रामैः कर्तव्याः शान्तिमिच्छता ॥ १३७ ॥

શાન્તિ ઇચ્છતા પુરુષે છત્રીશ હસ્તથી ચાર હસ્ત સુધીના પ્રાસાદો નિરંધાર ભ્રમ વગરના કરવા.

वेध वास्तु

वेध संघातकं वास्तु विध्यन्ति तत्र देवताः ।
देववेधे हतः शिल्पी स्वामिनः कुलनाशनम् ॥ १३८ ॥

વેધ ઘાત કર્તા જો વાસ્તુ થાય તો વાસ્તુમાં રહેલા દેવતાઓ વિંધાય અને દેવતાનો વેધ થતા શિલ્પી હણાય તથા વાસ્તુના માલીકના કુલનો નાશ થાય.

विना शास्त्र प्रासाद मण्डप

प्रासादो मण्डपश्चैव विनाशास्त्रेणयः कृतः ।
विपरीतं विभागेषु योऽन्यथा विनिवेशयेत् ॥ १३९ ॥
विपरीतं फलं तस्य अरिष्ठ तु प्रजायते ।
आयुर्नाशो मनस्तापः पुत्रनाशः कुलक्षयः ॥ १४० ॥

શાસ્ત્રપ્રમાણ વગર પ્રાસાદ અને મંડપ તથા તલના વિભાગો પણ વિપરીતપણે સ્વરૂપના ભાગોનો નિવેશ કરવામાં આવે તો તેવા પ્રાસાદનું ફળ વિપરીત આવે અને તેથી અનિષ્ટ (અશુભ) થાય તથા આયુષ્યનો નાશ, મનનાં સંતાપ, પુત્ર નાશ અને કુલનો ક્ષય થાય.

दीप स्थान

दीपालयं प्रकर्तव्यं गृहस्य दक्षिणाङ्गके ।
वामाङ्गे तु न कर्तव्यं स्वामियशः सुखावहम् ॥ १४१ ॥

પ્રાસાદ અથવા ગૃહના જમણા અંગે દીપાલય કરવો. પરંતુ ડાબા અંગે કરવો નહિ. કારણ કે ગૃહસ્વામીના યશ તથા સુખને હર્તા છે.

"Aho Shrutgyanam"

पूर्वे च दीपः पशुवृद्धिकश्च ।
वामे च दीपः पशुनाशनश्च ॥ १४२ ॥

पश्चाच्च दीपो धनराजलक्ष्मीं ।
रुद्रे च दीपो धनपुत्रलाभः ॥ १४३ ॥

પૂર્વ ભાગે દીપ પશુની વૃદ્ધિકર્તા, વામ ભાગમાં પશુઓનો નાશ કર્તા, પાછળના ભાગમાં ધન અને રાજ લક્ષ્મી આપનાર તથા ઈશાન કોણમાં મૂકેલો દીપ ધન અને પુત્રનો લાભ કર્તા છે.

प्रासादाग्रे कोलि विधान

दशभक्ते द्वित्रि वेदै भागैश्चैवतथार्धतः ।
तृतीये पादके कोलिस्तद्ऊर्ध्वे शुकनाशकः ॥ १४४ ॥

પ્રાસાદના વ્યાસ (પહોળાઈ)ના દશ ભાગ કરી તેમાંના બે, ત્રણ અથવા ચાર ભાગની કોલી કરવી અથવા પ્રાસાદના વ્યાસના અર્ધા ભાગે, ત્રીજા ભાગે અગર ચોથે ભાગે કોલી કરવી અને તેના ઉપર શુકનાશ કરવો.

अञ्चिता कुञ्चिता शस्या त्रिधोदित क्रमागता ।
मध्यस्था भ्रमा सभ्रमा षट्कोल्य परिकीर्तिता ॥ १४५ ॥

प्रासादे दशधा भक्ते भूमि सीमा विचक्षणः ।
अञ्चिता च द्वि भागा स्यात् त्रिभागा कुञ्चितातथा ॥ १४६ ॥

शस्या चैव चतुभागा त्रिधा चोक्त क्रमागता ।
प्रासादपद मध्यस्था भ्रमा सभ्र त्रि भागत ॥ १४७ ॥
अर्धे तु सभ्रमा कार्या प्रासादस्य प्रमाण तः ॥ १४८ ॥

૧ અંચિતા, ૨ કુંચિતા, ૩ શસ્યા. આ ત્રણ કોલી અનુક્રમે કહી છે. બીજી ત્રણ કોલીઓ ૧ મધ્યસ્થા, ૨ ભ્રમા, ૨ સંભ્રમા નામની પણ છે. પ્રાસાદ કોણ સીમા વિસ્તારના દશ ભાગ કરવા. ૨ ભાગની અંચિતા, ૩ ભાગની કુંચિતા ૪ ભાગની શસ્યા નામની કોલી જાણવી, પ્રાસાદ વિસ્તારના ચોથા ભાગની ૧ મધ્યસ્થા, ત્રીજા ભાગની ૨ ભ્રમા અને પ્રાસાદના વિસ્તારથી અર્ધ ભાગની ૩ સંભ્રમા નામની કોલી કરવી.

"Aho Shrutgyanam"

खरशिला मान

प्रासादच्छन्दमस्योर्ध्वे दृढखर शिलोत्तमा ।
एक हस्ते पाद हस्ता पञ्चान्तेऽङ्गुल वृद्धितः ॥ १४९ ॥
अर्द्धाङ्गुलं तदूर्ध्वे तु नवान्तं सुद्रढोत्तमा ।
पादवृद्धि पुनर्दद्याद् हस्ते हस्ते तथा पुनः ॥ १५० ॥
हस्तानां त्रिंशतिर्यापवदर्धपादा तदूर्ध्वतः ।
विंशयङ्गुलपिण्ड च शतार्धे तु खरा शिला ॥ १५१ ॥

પ્રાસાદ છંદની ઉપર ઘણી મજબૂત અને સારી ખર શિલા (ખરશલ) બનાવવી. એક હસ્તના પ્રાસાદને છ અંગુલ જાડી બનાવવી, બે થી પાંચ હસ્તના પ્રાસાદને હસ્તે હસ્તે એકેક અંગુલ વૃદ્ધિ કરવી, છ થી નવ હસ્તના પ્રાસાદને પ્રત્યેક હસ્તે અર્ધા અર્ધા અંગુલ વૃદ્ધિ કરવી, દશથી ત્રીશ હસ્ત પ્રાસાદને પ્રત્યેક હસ્તે પા પા અંગુલ વૃદ્ધિ કરવી. એકત્રીશથી પચાસ હસ્તના પ્રાસાદને પ્રત્યેક હસ્તે એકેક સુત વધારવું. આ પ્રમાણે પચાસ હસ્તના પ્રાસાદને વીશ અંગુલ જાડી શિલા બનાવવી.

प्रासाद धारिणी शिला खरशिला

अति स्थूला सुविस्तीर्णा प्रासाद धारिणी शिला ।
अतीव सुदृढा कार्या इष्टिका चूर्ण वारिभि ॥ १५२ ॥

પ્રાસાદને ધારણ કરવાવાળી ખર નામની શિલા અતિ સ્થૂલ અને સારી વિસ્તારવાળી બનાવવી, તે ઈંટ ચુના અને પાણીથી મજબુત કરવી.

शिलास्ताश्चैव तीक्ष्णाग्राः स्पर्शयेत प्रयत्नतः ।
सुदृढाः समतान्याश्च सूत्रपात्रं तदुर्ध्वतः ॥ १५३ ॥

શિલા પ્રયત્ને કરીને તીક્ષ્ણ લેવી સારી મજબુત સરખી લેવી. તેના ઉપર પ્રાસાદના છંદનો સૂત્રપાત કરવાનો છે.

प्रथम भिट्ट स्याधस्तात् पिण्डो कूर्म शिलोत्तमा ।
तस्य पिण्डस्य चार्धेन खर शिला पिण्डमेव च ॥ १५४ ॥

પહેલા ભિટ્ટની નીચે કૂર્મશિલાની જાડાઈથી અર્ધામાનની ખરશિલાની જાડાઈ કરવી.

"Aho Shrutgyanam"

ખર શિલા માન

હસ્ત	અંગુલ	હસ્ત	અંગુલ	હસ્ત	અંગુલ
૧	૬	૧૮	૧૪।	૩૫	૧૭।।-૧
૨	૭	૧૯	૧૪।।	૩૬	૧૮
૩	૮	૨૦	૧૪।।।	૩૭	૧૮-૧
૪	૯	૨૧	૧૫	૩૮	૧૮।
૫	૧૦।।	૨૨	૧૫।	૩૯	૧૮।-૧
૬	૧૦	૨૩	૧૫।।	૪૦	૧૮।।
૭	૧૧	૨૪	૧૫।।।	૪૧	૧૮।।-૧
૮	૧૧।।	૨૫	૧૬	૪૨	૧૮।।।
૯	૧૨	૨૬	૧૬।	૪૩	૧૮।।।-૧
૧૦	૧૨।	૨૭	૧૬।।	૪૪	૧૯
૧૧	૧૨।।	૨૮	૧૬।।।	૪૫	૧૯-૧
૧૨	૧૨।।।	૨૯	૧૭	૪૬	૧૯।
૧૩	૧૩	૩૦	૧૭।	૪૭	૧૯-૧
૧૪	૧૩।	૩૧	૧૭।-૧	૪૮	૧૯।।
૧૫	૧૩।।	૩૨	૧૭।।	૪૯	૧૯।।-૧
૧૬	૧૩।।।	૩૩	૧૭।।-૧	૫૦	૧૯।।।
૧૭	૧૪	૩૪	૧૭।।।		

"Aho Shrutgyanam"

भिट्ट निर्माण मान

एक हस्ते तु प्रासादे भिट्टं वेदाङ्गुलं स्मृतम् ।
एकत पञ्च हस्तानां चैकैकमङ्गुलम् ॥ १५५ ॥
पञ्चोर्ध्वं दशपर्यन्तं हस्त पादोनमङ्गुलम् ।
विंशत्यन्तं दशोर्ध्वं च वृद्धि रर्धाङ्गुलाकरे ॥ १५६ ॥
शतार्धान्त ततो हस्त चतुष्के चेक मङ्गुलम् ।
अनेनैव प्रकारेण भिट्टोच्छ्रायं प्रकल्पयेत् ॥ १५७ ॥

એક હસ્તના પ્રાસાદને ભિટ્ટ ચાર અંગુલનું કરવું. એકથી પાંચ હસ્ત સુધી અકેક અંગુલ વૃદ્ધિ કરવી. પાંચથી દસ હસ્ત સુધી પોણો પોણો અંગુલ વૃદ્ધિ, દશથી વીશ હસ્ત સુધી અર્ધા અંગુલ વૃદ્ધિ, વીશથી પચાસ હસ્ત પા પા અંગુલ વૃદ્ધિ કરવી, આ પ્રકારે ભિટ્ટનો ઉદય કલ્પવો.

अपराजितपृच्छा

शिलोपरि भवेद् भिट्ट–मेकहस्ते युगाङ्गुलम् ।
अर्धाङ्गुला भवेद् वृद्धि–र्यावद्धस्त शतार्धकम् ॥ १५८ ॥

ખરશિલા ઉપર ભિટ્ટ કરવું તે એક હસ્તના પ્રાસાદને ચાર અંગુલ ભિટ્ટનો ઉદય કરવો, પછી પ્રત્યેક હસ્તે અર્ધા અર્ધા અંગુલની વૃદ્ધિ પચાસ હસ્ત સુધી કરવી.

क्षीरार्णव

एक भिट्टं द्वि भिट्टं वा भिट्ट त्रयमयोच्यते ।
एवं त्रिपुष्पकं चैव हर्षो धर्मो यशोऽपि च ॥ १५९ ॥
तृतीये च तदर्धेन पुष्कान्वित चिप्पिता ।
उच्छ्रयात् पाद निष्काशं कुर्यादि स्व स्व मानत ॥ १६० ॥
कर्णभद्रोप भद्राश्च रथोपरथ कर्णिकाः ।
इदं मानं तु भिट्टस्य पीठं चैव तदुर्ध्वतः ॥ १६१ ॥

એક ભિટ્ટ, બે ભિટ્ટ અને ત્રણ ભિટ્ટ ઉપરા ઉપર કરવા. એ ત્રણે પુષ્પયુક્ત કરવા. ૧ હર્ષ, ૨ ધર્મ, ૩ યશ. નામ જાણવા. ત્રીજા ભિટ્ટ ઉપર પુષ્પયુક્ત ચિપ્પિકા કરવી, દરેક ભિટ્ટ પોતાના ઉદયથી સ્વ સ્વ માનથી ચોથે ભાગે નિકાળાવાળા કરવા. રેખા, ભદ્ર, ઉપભદ્ર, રથ, ઉપરથ, કર્ણિકા એ માનથી ભિટ્ટ કરવું અને તે ઉપર પીઠ કરવું.

"Aho Shrutgyanam"

ભીટ્ટ માન–૧

હસ્ત	અંગુલ	હસ્ત	અંગુલ	હસ્ત	અંગુલ
૧	૪	૧૮	૧૫।।।	૩૫	૨૦।।
૨	૫	૧૯	૧૬।	૩૬	૨૦।।।
૩	૬	૨૦	૧૬।।।	૩૭	૨૧
૪	૭	૨૧	૧૭	૩૮	૨૧।
૫	૮	૨૨	૧૭।	૩૯	૨૧।।
૬	૮।।।	૨૩	૧૭।।	૪૦	૨૧।।।
૭	૯।।	૨૪	૧૭।।।	૪૧	૨૨
૮	૧૦।	૨૫	૧૮	૪૨	૨૨।
૯	૧૧	૨૬	૧૮।	૪૩	૨૨।।
૧૦	૧૧।।।	૨૭	૧૮।।	૪૪	૨૨।।।
૧૧	૧૨।	૨૮	૧૮।।।	૪૫	૨૩
૧૨	૧૨।।।	૨૯	૧૯	૪૬	૨૩।
૧૩	૧૩।	૩૦	૧૯।	૪૭	૨૩।।
૧૪	૧૩।।।	૩૧	૧૯।।	૪૮	૨૩।।।
૧૫	૧૪।	૩૨	૧૯।।।	૪૯	૨૪
૧૬	૧૪।।।	૩૩	૨૦	૫૦	૨૪।
૧૭	૧૫।	૩૪	૨૦।		

"Aho Shrutgyanam"

ભીટ્ટ માન–૨

હસ્ત	અંગુલ	હસ્ત	અંગુલ	હસ્ત	અંગુલ
૧	૪	૧૮	૧૨॥	૩૫	૨૧
૨	૪॥	૧૯	૧૩	૩૬	૨૧॥
૩	૫	૨૦	૧૩॥	૩૭	૨૨
૪	૫॥	૨૧	૧૪	૩૮	૨૨॥
૫	૬	૨૨	૧૪॥	૩૯	૨૩
૬	૬॥	૨૩	૧૫	૪૦	૨૩॥
૭	૭	૨૪	૧૫॥	૪૧	૨૪
૮	૭॥	૨૫	૧૬	૪૨	૨૪॥
૯	૮	૨૬	૧૬॥	૪૩	૨૫
૧૦	૮॥	૨૭	૧૭	૪૪	૨૫॥
૧૧	૯	૨૮	૧૭॥	૪૫	૨૬
૧૨	૯॥	૨૯	૧૮	૪૬	૨૬॥
૧૩	૧૦	૩૦	૧૮॥	૪૭	૨૭
૧૪	૧૦॥	૩૧	૧૯	૪૮	૨૭॥
૧૫	૧૧	૩૨	૧૯॥	૪૯	૨૮
૧૬	૧૧॥	૩૩	૨૦	૫૦	૨૮॥
૧૭	૧૨	૩૪	૨૦॥		

"Aho Shrutgyanam"

पीठ उदयमान—१

एक हस्ते तु प्रासादे पीठं वै द्वादशाङ्गुलम् ।
द्वयष्टाङ्गुलं द्वि हस्ते च त्रि हस्तेऽष्टादशाङ्गुलम् ॥ १६२ ॥
अर्धं पादं त्रिभागं वात्रिविधं परिकल्पयेत् ।
त्र्यशेनार्धेन पादेन चतुर्हस्ते सुरालये ॥ १६३ ॥
पादं पीठोच्छ्रयं कार्यं प्रासादे पञ्च हस्तके ।
पञ्चोर्ध्वं दशपर्यन्तं रसांशं हस्त वृद्धये ॥ १६४ ॥
ततो हस्ते चाष्टमांशा वृद्धि स्याद् द्वादशावधि ।
षटत्रिंशदन्त हृद्धिस्तु–हस्ते वै द्वादशांशिका ॥ १६५ ॥
चतुर्विंशत्यंशिका तदूर्द्धं यावच्छताधैकम् ।
मध्येन्युनेऽधिके पञ्चमांशे ज्येष्ठं कनिष्ठकम् ॥ १६६ ॥

એક હસ્તના વિસ્તૃત પ્રાસાદને પીઠનો ઉદય બાર અંગુલ, બે હસ્તના પ્રાસાદને સોલ અંગુલ અને ત્રણ હસ્તના પ્રાસાદને પીઠનો ઉદય અઢાર અંગુલ કરવો. અર્થાત્ એક હસ્તના પ્રાસાદને અર્ધા ભાગે, બે હસ્તના પ્રાસાદને ત્રીજે ભાગે અને ત્રણ હસ્તના પ્રાસાદને ચોથે ભાગે પીઠનો ઉદય કરવો, ચાર હસ્તના પ્રાસાદને અર્ધે, ત્રીજે અને ચોથે ભાગે પીઠનો ઉદય કરવો, પાંચ હસ્તના પ્રાસાદને ચોથે ભાગે, છ થી દશ હસ્તના પ્રાસાદને પ્રત્યેક હસ્તે છઠ્ઠો ભાગ, ચાર અંગુલ, અગિયારથી વીશ હસ્ત સુધી પ્રત્યેક હસ્તે આઠમો ભાગ, ત્રણ અંગુલ, એકવીશથી છત્રીશ હસ્તના પ્રાસાદને પ્રત્યેક હસ્તે બારમો ભાગ બે અંગુલ, અને સાડત્રીસથી પચાસ હસ્ત પ્રત્યેક હસ્તે ચોવીશમો ભાગ, એક અંગુલ. આ પ્રમાણે પીઠનો ઉદય કરવો, પાંચમો ભાગ વધારવાથી જેષ્ઠ અને હિન કરવાથી કનિષ્ઠ માન જાણવું. (અપરાજિતપૃચ્છા)

पीठोदय मान—२

प्रासाद विस्तारार्धेन स्वोच्छितं पीठमुत्तमम् ।
मध्यमं पादहीनं स्यादुत्तमार्धेन कन्यसम् ॥ १६७ ॥

પ્રાસાદના વિસ્તારથી અર્ધા ભાગે પીઠનો ઉદય કરવો. તે ઉત્તમ પીઠ છે. આ પીઠના ચાર ભાગ કરી ત્રણ ભાગનો ઉદય તે મધ્યમ અને બે ભાગનો ઉદય તે કનિષ્ઠ પીઠ માન જાણવું. (વસુનંદિકૃત પ્રતિષ્ઠાસારોદ્ધાર)

"Aho Shrutgyanam"

પીઠ માન–૧

હસ્ત	અંગુલ	હસ્ત	અંગુલ	હસ્ત	અંગુલ
૧	૧૨	૧૮	૭૪	૩૫	૧૧૦
૨	૧૬	૧૯	૭૭	૩૬	૧૧૨
૩	૧૮	૨૦	૮૦	૩૭	૧૧૩
૪	૨૪	૨૧	૮૨	૩૮	૧૧૪
૫	૩૦	૨૨	૮૪	૩૯	૧૧૫
૬	૩૪	૨૩	૮૬	૪૦	૧૧૬
૭	૩૮	૨૪	૮૮	૪૧	૧૧૭
૮	૪૨	૨૫	૯૦	૪૨	૧૧૮
૯	૪૬	૨૬	૯૨	૪૩	૧૧૯
૧૦	૫૦	૨૭	૯૪	૪૪	૧૨૦
૧૧	૫૩	૨૮	૯૬	૪૫	૧૨૧
૧૨	૫૬	૨૯	૯૮	૪૬	૧૨૨
૧૩	૫૯	૩૦	૧૦૦	૪૭	૧૨૩
૧૪	૬૨	૩૧	૧૦૨	૪૮	૧૨૪
૧૫	૬૫	૩૨	૧૦૪	૪૯	૧૨૫
૧૬	૬૮	૩૩	૧૦૬	૫૦	૧૨૬
૧૭	૭૧	૩૪	૧૦૮	૫૦ હસ્તે પા હસ્ત —અપરાજિત	

"Aho Shrutgyanam"

પીઠ માન–૨

હસ્ત	અંગુલ	હસ્ત	અંગુલ	હસ્ત	અંગુલ
૧	૧૨	૧૮	૨૧૬	૩૫	૪૨૦
૨	૨૪	૧૯	૨૨૮	૩૬	૪૩૨
૩	૩૬	૨૦	૨૪૦	૩૭	૪૪૪
૪	૪૮	૨૧	૨૫૨	૩૮	૪૫૬
૫	૬૦	૨૨	૨૬૪	૩૯	૪૬૮
૬	૭૨	૨૩	૨૭૬	૪૦	૪૮૦
૭	૮૪	૨૪	૨૮૮	૪૧	૪૯૨
૮	૯૬	૨૫	૩૦૦	૪૨	૫૦૪
૯	૧૦૮	૨૬	૩૧૨	૪૩	૫૧૬
૧૦	૧૨૦	૨૭	૩૨૪	૪૪	૫૨૮
૧૧	૧૩૨	૨૮	૩૩૬	૪૫	૫૪૦
૧૨	૧૪૪	૨૯	૩૪૮	૪૬	૫૫૨
૧૩	૧૫૬	૩૦	૩૬૦	૪૭	૫૬૪
૧૪	૧૬૮	૩૧	૩૭૨	૪૮	૫૭૬
૧૫	૧૮૦	૩૨	૩૮૪	૪૯	૫૮૮
૧૬	૧૯૨	૩૩	૩૯૬	૫૦	૬૦૦
૧૭	૨૦૪	૩૪	૪૦૮		

—વસુનંદિકૃત પ્રતિષ્ઠાસારોદ્ધાર

"Aho Shrutgyanam"

पीठोदय थरमान

त्रिपञ्चाशत समुत्सेधे द्वाविंशत्यंश निर्गमे ।
नवांशो जाड्य कुम्भश्च सप्तांशा कर्णिका भवेत् ॥ १६८ ॥
सान्तरालं कपोतालिः सप्तांशा ग्रासपट्टिका ।
सूर्य दिग् वसु भागैश्च गजवाजिनराः क्रमात् ॥ १६९ ॥
वाजि स्थानेऽथवा कार्य स्व स्व देवस्य वाहनम् ॥ १७० ॥

જે માનથી પીઠ બનાવ્યું હોય તેના ઉદયના ત્રેપન ભાગ કરવા, તેમાં બત્રીશ ભાગ નિર્ગમ (નીકળો) કરવો. ઉદયના ત્રેપન ભાગમાં નવ ભાગનો જાડંભો અંતરાલ સાથે, સાત ભાગની કર્ણિકા, સાત ભાગની કપોતાલી (છાજલી) સાથે ગ્રાસપટ્ટી તેની ઉપર બાર ભાગનો ગજથર, દશ ભાગનો અશ્વથર અને આઠ ભાગનો નરથર કરવો, અશ્વથરના બદલે જે દેવનો પ્રાસાદ હોય તે દેવના વાહનનો પણ થર કરી શકાય.

(પ્રાસાદમંડન)

क्षोरार्णव पीठोदय मान—३

विश्वकर्मोवाच—

एक हस्ते तु प्रासादे पीठं च द्वादशांगुलम् ।
हस्तादि पंच पर्यंतं हस्ते हस्ते पंचाङ्गुलम् ॥ १७१ ॥
पंचोर्ध्वं दशयावत् वृद्धि वेदाङ्गुलं भवेत् ।
दशोर्ध्वं विशपर्यंतं हस्ते चैवाङ्गुलं त्रयं ॥ १७२ ॥
विशोर्ध्वं षटत्रिंशति कर वृध्याद्वयांगुलम् ।
अत उर्ध्वं शतार्धेन हस्ते हस्तैकमंगुलम् ॥ १७३ ॥

શ્રી વિશ્વકર્મા કહે છે :—એક હસ્તના પ્રાસાદને બાર અંગુલનું ઉદય માને પીઠ કરવું, બે થી પાંચ હસ્તના પ્રાસાદને પ્રત્યેક હસ્તે પાંચ પાંચ અંગુલ વૃદ્ધિ કરવી, છ થી દશ હસ્તે પ્રત્યેક હસ્તે, ચાર-ચાર અંગુલ વૃદ્ધિ કરવી. અગિયારથી વીશ હસ્તના પ્રાસાદને પ્રત્યેક હસ્તે ત્રણ-ત્રણ અંગુલ વૃદ્ધિ, એકવીશથી છત્રીશહસ્તે બબ્બે અંગુલ વૃદ્ધિ, સાડત્રીશથી પચાસ હસ્તના પ્રાસાદને પ્રત્યેક હસ્તે અકેક અંગુલ વૃદ્ધિ કરવી.

पंचमांशे ततोहीनं कन्यसंशुभ लक्षणम् ।
पंचमांशाधिकं चैव ज्येष्ठं तद्वविचक्षते ॥ १७४ ॥

આવેલ પીઠના માનમાંથી પાંચમો ભાગ હીન કરે તો શુભ લક્ષણવાળું કનિષ્ઠ માન અને પાંચમો ભાગ વૃદ્ધિ કરે તો જેષ્ઠમાન બુદ્ધિમાન શિલ્પીએ જાણવું.

"Aho Shrutgyanam"


પીઠ માન–૩

હસ્ત	અંગુલ	હસ્ત	અંગુલ	હસ્ત	અંગુલ
૧	૧૨	૧૮	૭૬	૩૫	૧૧૨
૨	૧૭	૧૯	૭૯	૩૬	૧૧૪
૩	૨૨	૨૦	૮૨	૩૭	૧૧૫
૪	૨૭	૨૧	૮૪	૩૮	૧૧૬
૫	૩૨	૨૨	૮૬	૩૯	૧૧૭
૬	૩૬	૨૩	૮૮	૪૦	૧૧૮
૭	૪૦	૨૪	૯૦	૪૧	૧૧૯
૮	૪૪	૨૫	૯૨	૪૨	૧૨૦
૯	૪૮	૨૬	૯૪	૪૩	૧૨૧
૧૦	૫૨	૨૭	૯૬	૪૪	૧૨૨
૧૧	૫૫	૨૮	૯૮	૪૫	૧૨૩
૧૨	૫૮	૨૯	૧૦૦	૪૬	૧૨૪
૧૩	૬૧	૩૦	૧૦૨	૪૭	૧૨૫
૧૪	૬૪	૩૧	૧૦૪	૪૮	૧૨૬
૧૫	૬૭	૩૨	૧૦૬	૪૯	૧૨૮
૧૬	૭૦	૩૩	૧૦૮	૫૦	૧૩૦
૧૭	૭૩	૩૪	૧૧૦	પચાસ હસ્તે ૫–૧૦ —ક્ષીરાર્ણવ	

"Aho Shrutgyanam"

પીઠના થરમાન ૫૩ વિભાગ

થર	ભાગ
જાડંલો	૯
કર્ણિકા	૭
કપોતાલીગ્રાસપટ્ટી	૭
ગજથર	૧૨
અશ્વથર	૧૦
નરથર	૮
કુલ ભાગ	૫૩



"Aho Shrutgyanam"

क्षीरार्णव पीठमान

दिव्य व्यापी महा मुक्तं प्रमाण द्वयमेव च ।
भिट्ट त्रयेण संयुक्तं महापीठ विमानकं ॥ १७५ ॥
मिश्रक पीठ कर्तव्यं द्विभिट्टं चोर्ध्वयो भवेत् ।
भिट्टैक त्रि महायुक्ता प्रमाणं द्वय मेव च ॥ १७६ ॥
एवमादि मुने कार्या पीठ भेद मुनीश्वरम् ।
उदयं कथितं पूर्व मतो विभागं निगद्यते ॥ १७७ ॥

હે દિવ્ય બ્રહ્મમાં વ્યાપી રહેલ મહામુનિ ! પીઠના બે પ્રમાણ છે, ત્રણ ભિટ્ટ-વાળું ઉંચુ મહાપીઠ વિમાનાદિ જાતિને કરવું. બે ભિટ્ટ ઉપર પીઠ મિશ્રકાદિ જાતિને કરવું. વળી નાગરાદિમાં એક, બે ત્રણ ભિટ્ટ યુક્ત એમ બે પ્રમાણો કહ્યા છે. આ રીતે મહામુનિ મેં પીઠના ભેદ કહ્યા, પીઠનું ઉદય પ્રમાણ માન કહ્યું. હવે પીઠના વિભાગો આગળ કહીશ.

द्राविडं प्रासादो मानं वैराटं च अतःशृणु ।
मंडोवरं विंशभाग षड भागं पीठमेव च ॥ १७८ ॥

દ્રાવિડાદિ અને વૈરાટાદિ પ્રાસાદનો પીઠમાન હવે કહું છું. મંડોવરની ઊંચાઇના વીશ ભાગ કરી છ ભાગનો પીઠનો ઉદય કરવો.

अर्ध भागे त्रिभागे वा पीठचैव नियोजयेत् ।
स्थानमानाश्रयं ज्ञात्वा तत्र दोषो न विद्यते ॥ १७९ ॥

પીઠની ઊંચાઇના કહેલા માનથી અર્ધા કે ત્રીજા ભાગે પીઠની યોજના સ્થાન માનનો આશ્રય જાણીને કરવી, આ રીતે ઓછું કરવામાં દોષ ન જાણવો.

क्षीरार्णव

शुभद्रं सर्वतो भद्रं पद्मकञ्च वसुंधरम् ।
सिंहपीठं ततो व्योम गरुड हंसमेव च ॥ १८० ॥
वृषभं यद् भवेत्पीठं मेरुमाधार कारणम् ।
पीठमान मितिख्यातं प्रासादे आदि सीमया ॥ १८१ ॥

અનુક્રમે હસ્ત માન પ્રમાણે ૧ સુભદ્ર, ૨ સર્વતોભદ્ર, ૩ પદ્મક, ૪ વસુંધર, ૫ સિંહ, ૬ વ્યોમ, ૭ ગરૂડ, ૮ હંસ, ૯ વૃષભ. આ નવ પીઠના નામ જાણવા. વૃષભ પીઠ મેરૂ પ્રાસાદને આધારભૂત છે. તેવી રીતે તે દરેક પીઠ પોતપોતાના પ્રમાણ અનુ-સાર પ્રાસાદને આધારભૂત છે. આ પ્રમાણે પ્રાસાદના વિસ્તારથી પીઠમાન કહ્યું છે.

"Aho Shrutgyanam"

पीठ थरनिर्गम

पञ्चाशा कर्णिकाग्रे तु निर्गमो जाड्यकुम्भकः ।
त्रिसार्द्धा कर्णिका सार्द्धा चतुर्भिर्ग्रास पट्टिका ॥ १८२ ॥
कुञ्जराक्षनरा वेदा रामयुग्मांश निर्गमाः ।
अन्तराल मधस्तेषा–मूर्ध्वाधः कर्णयुग्मकम् ॥ १८३ ॥

કર્ણિકાના અગ્રભાગથી પાંચ ભાગ નીકાળો જાડ્ય કુંભ, ગ્રાસ પટ્ટીથી આગળ નીકળતી કર્ણિકા સાડા ત્રણ ભાગ, ગજથરથી આગળ નીકળતી ગ્રાસ પટ્ટીકા સાડા ચારભાગ, અશ્વથરથી ગજથરનો નિર્ગમ ચાર ભાગ, નરથરથી અશ્વથરનો નિર્ગમ ત્રણ ભાગ અને ખુરાથી નરથરનો નિર્ગમ બે ભાગ રાખવો. આ પ્રમાણે પીઠના નિર્ગમના બાવીશ ભાગ થાય છે. આ ગજથર આદિ થરોની વચ્ચે અંતરાલ રાખવો અને તે અંતરાલ ઉપર અને નીચે બે બે કર્ણિકાઓ કરવી.

स्वल्प द्रव्ये साधारण पीठमान

गजपीठं विना स्वल्प–द्रव्ये पुण्यं महत्तरम् ।
जाड्यकुम्भश्च कर्णाली ग्रासपट्टी तदा भवेत् ॥ १८४ ॥
कामदं कणपीठं च जाड्यकुम्भ कर्णिका ।
लतिने निर्गमं हीनं सान्धारे निर्गमाधिक ॥ १८५ ॥

(યથાશક્તિ પ્રાસાદ કરવાનું વિધાન હોવાથી) અલ્પ દ્રવ્યથી પણ મોટું પુણ્ય પ્રાપ્ત કરી શકાય છે, તે માટે ગજ, અશ્વ આદિ થરો વિનાના જાડ્યકુંભ, કર્ણી અને છાજલી સહિત ગ્રાસપટ્ટી કરવી, આ પીઠને કામદપીઠ કહે છે, અને જાડ્યકુંભ તથા કર્ણી કરવામાં આવે તો 'કર્ણપીઠ' કહેવાય છે, લતિનાદિ જાતિને કર્ણપીઠનો નિર્ગમ ઓછો અને સાંધારાદિ જાતિના પ્રાસાદને પીઠનો નિર્ગમ અધિક હોય છે.

सर्वेषां पीठ माधारः पीठहीनं निराश्रयम् ।
पीठहीनं विनाशाय प्रासाद भवनादिकम् ॥ १८६ ॥

સર્વ પ્રકારના પ્રાસાદોનો આધાર પીઠ છે, પીઠ રહિત દેવાલયો નિરાશ્રય–નિરાધાર થાય છે. નિરાધાર દેવાલયો તથા ભવનાદિનો નાશ થાય છે.

समस्त प्रासादोदयमानो–१

विश्वकर्मोवाच—

एक हस्ते चौदयस्तु स्यात्रय स्त्रिंशदङ्गुलः ।
प्रासादे च द्विहस्ते तु पञ्चपञ्चा शदङ्गुलैः ॥ १८७ ॥

"Aho Shrutgyanam"

सप्त सप्तायङ्गुलानि प्रासादे तु त्रिहस्तके ।
एकोन शताङ्गुलैश्च वेद हस्ते सुरालये ॥ १८८ ॥

प्रासादे पञ्चहस्ते चैकविंशत्युत्तरं शतम् ।
हास वृद्धी पञ्चयावत् हस्वं कुर्यात्तदूर्ध्वतः ॥ १८९ ॥

पञ्चोर्ध्वं नवपर्यन्त वृद्धिर्मन्वङ्गुलैर्भवेत् ।
अष्ट हस्तोदयश्चैव प्रासादे दशहस्तके ॥ १९० ॥

विंशत्यन्तं दशोर्ध्वं च वृद्धि सूर्याङ्गुलैर्भवेत् ।
त्रयोदशकराः सप्ताङ्गुलं विंशति हस्तके ॥ १९१ ॥

अत ऊर्ध्वं पुनर्वृद्धिर्हस्ते हस्ते करार्धतः ।
त्रिंशद्धहस्ते सप्ताङ्गुलं हस्ता अष्टादशैव च ॥ १९२ ॥

ऊर्ध्वं पञ्चाशदन्तं च हस्ते हस्ते नवाङ्गुला ।
कराणां वै सार्धपञ्च विंशश्चि शतार्धके ॥ १९३ ॥

एकोन विंशत्यङ्गुला कामदा च तदग्रतः ।
एषा युक्ति विंधातव्या प्रासादस्योत्तमोदये ॥ १९४ ॥

नागरे लतिने चैव सान्धारे चैव मिश्रके ।
बिमान नागरच्छन्दे कुर्याद्विमान पुष्पके ॥ १९५ ॥

कुम्भकादि प्रहारान्त प्रयुक्तं वास्तुवेदिभिः ।
तद घ स्तातु पीठं च उर्ध्वं स्याच्छिखरोदय ॥ १९६ ॥

એક હસ્તના પ્રાસાદને તેત્રીશ (૩૩) અંગુલ, બે હસ્તના પ્રાસાદને પંચાવન (૫૫) અંગુલ, ત્રણ હસ્તે સત્યોતેર (૭૭) અંગુલ, ચાર હસ્તે નવ્વાણું (૯૯) અંગુલ ઉદય જાણવો, પાંચ હસ્તે એકસો એકવીશ (૧૨૧) અંગુલ, આમ પાંચ હસ્ત સુધી હ્રાસ કરવા છતાં ઉદય કંઇક અધિક હોય પણ તે પછી હસ્તમાં હ્રાસ થતો જાય, પાંચ પછી છ થી નવ પર્યંત પ્રતિ હસ્તે ચૌદ ચૌદ અંગુલ વૃદ્ધિ કરવી. દશ હસ્તના પ્રાસાદનો ઉદય આઠ હસ્ત કરવો. દશથી વીશ હસ્ત સુધી બાર બાર અંગુલ વૃદ્ધિ કરવી, વીશ હસ્તના પ્રાસાદને તેર હસ્ત અને સાત અંગુલ ઉદય કરવો. એ પછી પુનઃ વૃદ્ધિ ત્રીશ હસ્ત પર્યંત બાર બાર અંગુલ કરવી, ત્રીશ હસ્તના પ્રાસાદનો ઉદય અઢાર હસ્ત સાત અંગુલ કરવો, ત્રીશથી પચાસ હસ્ત સુધી નવ નવ અંગુલ વૃદ્ધિ કરવી,

"Aho Shrutgyanam"

પચાસ હસ્તના પ્રાસાદનો ઉદય પચીશ હસ્ત થશે, ઉક્ત ઉદય માનમાં ઓગણીશ અંગુલની વૃદ્ધિ કરવાથી પચીશ હસ્ત ઓગણીશ અંગુલ થાય એમ યુક્તિએ કરી વૃદ્ધિ કરવાથી ઉત્તમોદય થશે નાગર, લતિન, સાન્ધાર, મિશ્રક, વિમાનનાગર, વિમાનપુષ્પક આદિ જાતિના પ્રાસાદને ઉપર પ્રમાણે ઉદય કરવો.

વાસ્તુશાસ્ત્રના જાણનારાએ ઉદય કુંભકથરના પ્રારંભથી પ્રહારથર એટલે છજાના થર સુધી કરવાનું કહ્યું છે કુંભક નીચે પીઠ અને પ્રહાર છજા ઉપર શિખરનો ઉદય થાય છે. (અપરાજિતપૃચ્છા)

मण्डोवरमान

अथातः संप्रवक्ष्यामि मण्डोवरस्य लक्षणम् ।
प्रासादस्य प्रमाणञ्च ज्ञातव्यं मूलनासिकम् ॥ १९७ ॥

रथोपरथ नंदी च भद्रोपभद्र मेव च ।
एते तु ब्राह्मतः ज्ञेया निर्गमाः पीठकादिकम् ॥ १९८ ॥

હવે આગળ મંડોવરનું લક્ષણ કહીશ, પ્રાસાદની મૂલ નાસિકાથી-કર્ણરેખાથી તેનું પ્રમાણ જાણવું. રથ, ઉપરથ, નંદી, ભદ્ર, ઉપભદ્ર, તેમજ પીઠાદિના નિર્ગમો પ્રમાણથી બહાર સમજવા.

प्रासादोदयमान–२

हस्तादि पञ्च पर्यन्तं विस्तारेणादयः समः ।
सुरेशमनु सप्तेषुराम चन्दाङ्गुलाधिकः ॥ १९९ ॥

पञ्चादि दश पर्यन्तं त्रिंशद्या वत्शतार्धकम् ।
हस्ते हस्ते क्रमाद् वृद्धिर्मनुसूर्य नवाङ्गुला ॥ २०० ॥

એક હસ્તથી પાંચ હસ્ત સુધી ઉભણી પ્રાસાદના વિસ્તારે કરવી, અથવા હસ્તના પ્રાસાદને એક હસ્ત ચૌદ અંગુલ. બે હસ્તના પ્રાસાદને બે હસ્ત ચૌદ અંગુલ. ત્રણ હસ્તના પ્રાસાદને ત્રણ હસ્ત સાત અંગુલ. ચાર હસ્તના પ્રાસાદને ચાર હસ્ત પાંચ અંગુલ અને પાંચ હસ્તના પ્રાસાદને પાંચ હસ્ત ત્રણ અંગુલ. પાંચ હસ્તથી દશ હસ્ત સુધી હસ્તે હસ્તે ચૌદ અંગુલ વૃદ્ધિ. દશથી ત્રીશ સુધી બાર અંગુલ ને ત્રીશથી પચાસ સુધી દરેક હસ્તે નવ અંગુલ વૃદ્ધિ કરવી.

"Aho Shrutgyanam"

પ્રાસાદ ઉદયમાન–૧

હસ્ત	હ. અં.	હસ્ત	હ. અં.	હસ્ત	હ. અં.
૧	૧ – ૯	૧૮	૧૨ – ૦	૩૫	૨૦ – ૪
૨	૨ – ૭	૧૯	૧૨ – ૧૨	૩૬	૨૦ – ૧૩
૩	૩ – ૫	૨૦	૧૩ – ૭	૩૭	૨૦ – ૨૨
૪	૪ – ૩	૨૧	૧૩ – ૧૯	૩૮	૨૧ – ૭
૫	૫ – ૧	૨૨	૧૪ – ૭	૩૯	૨૧ – ૧૬
૬	૫ – ૧૫	૨૩	૧૪ – ૧૯	૪૦	૨૨ – ૧
૭	૬ – ૫	૨૪	૧૫ – ૭	૪૧	૨૨ – ૧૦
૮	૬ – ૧૯	૨૫	૧૫ – ૧૯	૪૨	૨૨ – ૧૯
૯	૭ – ૯	૨૬	૧૬ – ૭	૪૩	૨૩ – ૪
૧૦	૮ – ૦	૨૭	૧૬ – ૧૯	૪૪	૨૩ – ૧૩
૧૧	૮ – ૧૨	૨૮	૧૭ – ૭	૪૫	૨૩ – ૨૨
૧૨	૯ – ૦	૨૯	૧૭ – ૧૯	૪૬	૨૪ – ૭
૧૩	૯ – ૧૨	૩૦	૧૮ – ૭	૪૭	૨૪ – ૧૬
૧૪	૧૦ – ૦	૩૧	૧૮ – ૧૬	૪૮	૨૫ – ૧
૧૫	૧૦ – ૧૨	૩૨	૧૯ – ૧	૪૯	૨૫ – ૧૦
૧૬	૧૧ – ૦	૩૩	૧૯ – ૧૦	૫૦	૨૫ – ૧૯
૧૭	૧૧ – ૧૨	૩૪	૧૯ – ૧૯		

"Aho Shrutgyanam"

પ્રાસાદ ઉદયમાન—૨

હસ્ત	હ. અં.	હસ્ત	હ. અં.	હસ્ત	હ. અં.
૧	૧ – ૧૪	૧૮	૧૨ – ૧	૩૫	૧૯ – ૨૨
૨	૨ – ૧૪	૧૯	૧૨ – ૧૩	૩૬	૨૦ – ૭
૩	૩ – ૭	૨૦	૧૩ – ૧	૩૭	૨૦ – ૧૬
૪	૪ – ૫	૨૧	૧૩ – ૧૩	૩૮	૨૧ – ૧
૫	૫ – ૩	૨૨	૧૪ – ૧	૩૯	૨૧ – ૧૦
૬	૫ – ૧૭	૨૩	૧૪ – ૧૩	૪૦	૨૧ – ૧૯
૭	૬ – ૭	૨૪	૧૫ – ૧	૪૧	૨૨ – ૪
૮	૬ – ૨૧	૨૫	૧૫ – ૧૩	૪૨	૨૨ – ૧૩
૯	૭ – ૧૧	૨૬	૧૬ – ૧	૪૩	૨૨ – ૨૨
૧૦	૮ – ૧	૨૭	૧૬ – ૧૩	૪૪	૨૩ – ૭
૧૧	૮ – ૧૩	૨૮	૧૭ – ૧	૪૫	૨૩ – ૧૬
૧૨	૯ – ૧	૨૯	૧૭ – ૧૩	૪૬	૨૪ – ૧
૧૩	૯ – ૧૩	૩૦	૧૮ – ૧	૪૭	૨૪ – ૧૦
૧૪	૧૦ – ૧	૩૧	૧૮ – ૧૦	૪૮	૨૪ – ૧૯
૧૫	૧૦ – ૧૩	૩૨	૧૮ – ૧૯	૪૯	૨૫ – ૪
૧૬	૧૧ – ૧	૩૩	૧૯ – ૪	૫૦	૨૫ – ૧૩
૧૭	૧૧ – ૧૩	૩૪	૧૯ – ૧૩		
૧૮					

"Aho Shrutgyanam"

પ્રાસાદ ઉદયમાન–૩

હસ્ત	હ.	અં.	હસ્ત	હ.	અં.	હસ્ત	હ.	અં.
૧	૧	– ૬	૧૮	૧૧	– ૧૨	૩૫	૧૯	– ૬
૨	૨	– ૦	૧૯	૧૨	– ૦	૩૬	૧૯	– ૧૮
૩	૩	– ૦	૨૦	૧૨	– ૧૨	૩૭	૨૦	– ૩
૪	૪	– ૦	૨૧	૧૩	– ૦	૩૮	૨૦	– ૧૨
૫	૫	– ૦	૨૨	૧૩	– ૧૨	૩૯	૨૦	– ૨૧
૬	૫	– ૧૨	૨૩	૧૪	– ૦	૪૦	૨૧	– ૬
૭	૬	– ૦	૨૪	૧૪	– ૧૨	૪૧	૨૧	– ૧૫
૮	૬	– ૧૨	૨૫	૧૫	– ૦	૪૨	૨૨	– ૦
૯	૭	– ૦	૨૬	૧૫	– ૧૨	૪૩	૨૨	– ૯
૧૦	૭	– ૧૨	૨૭	૧૬	– ૦	૪૪	૨૨	– ૧૮
૧૧	૮	– ૦	૨૮	૧૬	– ૧૨	૪૫	૨૩	– ૩
૧૨	૮	– ૧૨	૨૯	૧૭	– ૦	૪૬	૨૩	– ૧૨
૧૩	૯	– ૦	૩૦	૧૭	– ૧૨	૪૭	૨૩	– ૨૧
૧૪	૯	– ૧૨	૩૧	૧૭	– ૨૧	૪૮	૨૪	– ૬
૧૫	૧૦	– ૦	૩૨	૧૮	– ૬	૪૯	૨૪	– ૧૫
૧૬	૧૦	– ૧૨	૩૩	૧૮	– ૧૫	૫૦	૨૫	– ૦
૧૭	૧૧	– ૦	૩૪	૧૯	– ૦			

"Aho Shrutgyanam"

પ્રાસાદ ઉદયમાન–૪

હસ્ત	હ. અં.	હસ્ત	હ. અં.	હસ્ત	હ. અં.
૧	૧ – ૦	૧૮	૧૧ – ૭	૩૫	૧૮ – ૧૨
૨	૨ – ૦	૧૯	૧૧ – ૧૮	૩૬	૧૮ – ૨૨
૩	૩ – ૦	૨૦	૧૨ – ૫	૩૭	૧૯ – ૮
૪	૪ – ૦	૨૧	૧૨ – ૧૬	૩૮	૧૯ – ૧૮
૫	૫ – ૦	૨૨	૧૩ – ૨	૩૯	૨૦ – ૪
૬	૫ – ૧૨	૨૩	૧૩ – ૧૨	૪૦	૨૦ – ૧૪
૭	૬ – ૦	૨૪	૧૩ – ૨૨	૪૧	૨૧ – ૦
૮	૬ – ૧૨	૨૫	૧૪ – ૮	૪૨	૨૧ – ૧૦
૯	૭ – ૦	૨૬	૧૪ – ૧૮	૪૩	૨૧ – ૨૦
૧૦	૭ – ૧૨	૨૭	૧૫ – ૪	૪૪	૨૨ – ૬
૧૧	૮ – ૦	૨૮	૧૫ – ૧૪	૪૫	૨૨ – ૧૬
૧૨	૮ – ૧૨	૨૯	૧૬ – ૦	૪૬	૨૩ – ૨
૧૩	૯ – ૦	૩૦	૧૬ – ૧૦	૪૭	૨૩ – ૧૨
૧૪	૯ – ૧૧	૩૧	૧૬ – ૨૦	૪૮	૨૩ – ૨૨
૧૫	૯ – ૨૨	૩૨	૧૭ – ૬	૪૯	૨૪ – ૮
૧૬	૧૦ – ૯	૩૩	૧૭ – ૧૬	૫૦	૨૫ – ૬
૧૭	૧૦ – ૨૦	૩૪	૧૮ – ૨		

"Aho Shrutgyanam"

प्रासादोदयमान–३

एक हस्तादि पञ्चातं पृथ्वुत्वें नोदय समः ।
हस्ते सूर्याङ्गुला वृद्धिर्यावद त्रिंशत्करावधि ॥ २०१ ॥
नवाङ्गुल करे वृद्धिर्यावद हस्त शतार्धकम् ।
पीठोर्ध्वें तूदयश्चैव छाद्यान्तो नागरादिषु ॥ २०२ ॥

એક હસ્તથી પાંચ હસ્ત સુધી વિસ્તાર જેટલેા ઉદય કરવેા. પાંચથી ત્રીશ હસ્ત સુધી હસ્તે હસ્તે બાર અંગુલ વૃદ્ધિ કરવી. ત્રીશથી પચાસ હસ્ત સુધી પ્રત્યેક હસ્તે નવ અંગુલ વૃદ્ધિ કરવી. નાગરાદિ જાતિના પ્રાસાદેામાં પીઠ ઉપરથી છજ્જના મથાળા સુધી ઉદય જાણવેા.

प्रासादोदयमान–४

हस्तादि पञ्चपर्यन्तं विस्तारेण समुच्छ्रयः ।
द्वादशाङ्गुल वृद्धिः स्याद यावदहस्तत्रयोदश ॥ २०३ ॥
एकादशाङ्गुला वृद्धिर्पर्यन्त मेकविंशतिः ।
दशाङ्गुलैक विंशोर्ध्वं यावत्पञ्चाश हस्तकम् ॥ २०४ ॥

એક હસ્તથી પાંચ હસ્ત સુધી વિસ્તારમાને ઉભણી ઉદય કરવેા. પાંચ હસ્તથી તેર હસ્ત સુધી પ્રત્યેક હસ્તે બાર અંગુલ વૃદ્ધિ, તેરથી એકવીશ હસ્ત પર્યંત અગિયાર અંગુલ અને એકવીશથી પચાસ હસ્ત સુધી દશ અંગુલ ઉદયના માનમાં વૃદ્ધિ કરવી.

उदयमानमां होनाधिक

अङ्गुलंद्वित्रिकं वापि कुर्यात हीनाधिकं तथा ।
आय दोष विशुद्धयर्थं ह्रस्व वृद्धी न दूषयेत् ॥ २०४ ॥

ઉપરના માનમાં બે ત્રણ અંગુલ ઓછું વધતું કરવું ઘટે તેા કરવું કારણ કે આય-દોષની વિશુદ્ધિ માટે કરવામાં આવેલ વધ ઘટ દોષરૂપ થતી નથી.

मंडोवर अंगनुं पुनर्विधान

अशोदये च कर्तव्यं प्रथमं षट् च छाद्यकम् ।
यावत्समोदयश्चैव तावन्मण्डोवरं कृतम् ॥ २०५ ॥
तथाद्यछाद्य संस्थाने द्वे जंघे च प्रकीर्तिते ।
दशजंघा स्तथा शेषे शतार्धस्यो दयान्तिमम् ॥ २०६ ॥

"Aho Shrutgyanam"

षड्विधं खेट छाद्यञ्चद्वि भूम्योरन्तरे मुने ।
भरणीकोर्ध्वे मन्वेन्मंचि छाद्योर्ध्वेऽपि मंचिका ॥ २०७ ॥
न च जंघाप्रदातव्यां यावद् द्वादश संख्यया ।
किञ्चित्किञ्चद्धवेम्युनं कर्तव्यम् भूमिकोच्छ्रये ॥ २०८ ॥
शतार्धे च महामानं महामेरौ तथाधिकम् ।
विस्तारञ्च तथा वक्ष्मि शृणु त्वं ऋषिसत्तम् ॥ २०९ ॥

મંડોવરની ઊંચાઈના પ્રમાણમાં એકથી છ સુધી છજા કરવા અને પ્રાસાદ જેટલો પહોળો હોય તેટલી જો તેની ઊંચાઈ હોય તો તેવા સમઉદય વિસ્તારવાળા પ્રાસાદને મંડોવર કરવો અર્થાત્ એકથી પાંચ હસ્ત સુધીના પ્રાસાદને ફક્ત મંડોવર જ કરવો. આથી મોટા માનના પ્રાસાદને પડેલા છજાના સ્થાનમાં બે જંઘાઓ કરવી. તથા પચાસ હસ્ત પહોળા પ્રાસાદના ઉદયમાં ઉપરા ઉપરી દશ જંઘાઓ કરવી, અને ઉપર નીચેની ભૂમિકાના અંતરમાં છ પ્રકારના ખેટ છાદ્ય અર્થાત્ કૂટ લામસીઓ તથા મઢળો યુક્ત છાદ્ય કરવા, ભરણીના થર ઉપર તેમજ છજા ઉપર મંચિકાઓનો થર કરવો અને પ્રાસાદને એક સાથે ઉપરા ઉપરી બાર જંઘાઓથી વધારે કરવી નહિ, તથા પ્રાસાદની ભૂમિકાઓ એક બીજાથી થોડા થોડા અંશે ક્રમે ક્રમે ઉપરની ઓછી કરવી. આ મહામાન પચાસ હાથ પહોળા તથા મહા મેરૂદિ પ્રાસાદોનું છે. હવે મંડોવરના અંગોનો વિસ્તાર કહું છું.


૧૪૪ વિભાગ મણ્ડોવર થરમાન

वेदवेदेन्द भकन्तु छाद्यान्तं पीठमस्तकात् ।
खुरकः पञ्चभागः स्याद्विंशतिः कुंभकस्तथा ॥ २१० ॥
कलशोऽष्टो द्वि सार्धन्तु कर्तव्य मन्तरालकम् ।
कपोतिकाष्ठ मञ्चिच कर्तव्या नव भागिका ॥ २११ ॥
पञ्चत्रिंशद्यदा जंघा तिर्य्यंशैरुद्गमो भवेत् ।
वसुभिर्भरणिः कार्या शिरावट्टिर्दिगशका ॥ २१२ ॥
अष्टांशा च कपोतालिर्द्विसार्धमन्तरालकम् ।
छाद्यं त्रयोदशांश च दश भागो विनिर्गमः ॥ २१३ ॥

પીઠના મથાળેથી છજાના મથાળા સુધી એકસો ચુંમાલીશ (૧૪૪) ભાગ કરવા. તેમાં ૫ ભાગ ખરો, ૨૦ ભાગ કુંભો, ૮ ભાગ કલશો, ૨॥ ભાગ અંતરાલ, ૮ ભાગ કપોતાલી, ૯ ભાગ મંચિકા, ૩૫ ભાગ જંઘા, ૧૫ ભાગ ઉદ્ગમ, ૮ ભાગ ભરણી, ૧૦ ભાગ શિરાવટ્ટી, ૮ ભાગ કપોતાલી, ૨॥ ભાગ અંતરાલ, ૧૩ ભાગ છજ્જુ કરવું. ૧૦ ભાગ નીકાળે કરવો.

"Aho Shrutgyanam"

૧૪૪ ભાગ મંડોવર સ્તંભ સાથે.



૧ खुरक

१४४ विभाग मण्डोवर विभक्तिस्तर प्रमाण

उच्छ्रयां कथिताः पूर्वं प्रासादे नागराभिधे ॥
विभक्ति भाग सङ्ख्यां च कथयामि च साम्प्रतम् ॥ २१४ ॥
चतुश्चत्वारीशदुक्तान् स्थापयेदग्रतः क्रमात् ।
एक हस्तादितो यावत् पंचाशद्धस्तकं भवेत् ॥ २१५ ॥

"Aho Shrutgyanam"

खुरोन्नति पंचभागा दिभागः खुर निर्गमः ।
अन्तपत्रं च भागार्धं द्वि भाग कर्ण ऊर्ध्वतः ॥ २१६ ॥
चिप्पिका सार्धभागा स्यात् सार्धांश कर्णकं भवेत् ।
तीक्ष्णाग्रं तत्प्रकर्तव्यं पट्टिका द्वय भूषितम् ॥ २१७ ॥
पट्टिका पादनिष्कासा सपादांश च कर्णकम् ।
स्कम्नः कुम्भो मुखाली च कर्णान्ते नद्विनिर्गम् ॥ २१८ ॥

નાગરાદિ જાતિનું ઉદયમાન પૂર્વે-આગળ કહેલ છે, હવે વિભક્તિ અને વિભાગ સંખ્યા કહું છું-એક સો ચુંમાલીશ ભાગ કમે કરવા એક હસ્તના પ્રાસાદથી પચાસ હસ્તના પ્રાસાદ સુધી ખુરો પાંચ ભાગ કરવો, બે ભાગ નીકાળો કરવો, અર્ધા ભાગનું અંતરપત્ર, બે ભાગનો કર્ણ, દોઢ ભાગની ચિપ્પિકા કરવી, દોઢ ભાગ કણુક કરવું; કણુકનો અગ્રભાગ બે પટ્ટીઓથી સુશોભિત કરવો અને પટ્ટીકાઓ નીકાળે એક ભાગ રાખવી. કણુક નીકાળે સવા ભાગ કરવું તથા કુંભકની મુખાલી કણુકથી બે ભાગે નીકાળે કરવી.

२ कुम्भक

विंशति भाग मुत्सेधं तदुर्ध्वं कुम्भकं न्यसेत् ।
भागार्धस्कन्ध पट्टी च चिप्पिका चैक भागिका ॥ २१९ ॥
वृत्ताकारं सुललितं स्कन्ध कुर्यात्तु कुम्भके ।
विचित्र पल्लवाकीर्ण चिप्पी पत्रादि राजितम् ॥ २२० ॥
प्रातर्मध्याह्नपरासु ब्रह्मा विष्णु महेश्वराः ।
त्रिसन्ध्यं भद्रशोभार्थं चित्रे, परिकरैर्वृत्तम् ॥ २२१ ॥
नासायां रूप संघाटा रथिका दल गर्भतः ।
मृणालपत्र शोभार्थं स्तम्भेषु तोरणंन्यसेत् ॥ २२२ ॥
सर्वे रूपोपमाः कार्या विचित्रकार रूपिणः ।
खुरमानं यथा चादौ कुम्भमानं तथा भवेत् ॥ २२३ ॥

ખુરા ઉપર વીશ ભાગના ઉદયવાળો કુંભાનો થર કરવો, અર્ધા ભાગ સ્કંધ પટ્ટ તથા એક ભાગની ચિપ્પિકા કરવી, કુંભાનું સ્કંધપટ્ટ સુંદર ગોળાકાર અને વિચિત્ર પલ્લવોથી યુક્ત કરવું, ચિપ્પિકા કમલ પાંખડીઓ યુક્ત કરવી, પહેલી વચલી અને છેલ્લી એમ કુંભામાં ત્રણે બાજુમાં અનુકમે બ્રહ્મા, વિષ્ણુ અને રૂદ્રની મૂર્તિઓ કરવી. ત્રિ

"Aho Shrutgyanam"

સંધ્યાનાં સ્વરૂપો વડે ભદ્ર શોભા સંપન્ન તેમજ વિચિત્ર પરિકરોથી યુક્ત કરવું, નાસિકાઓ એટલે કર્ણો પ્રતિરથના ખુણાઓના મધ્ય ગર્ભે રૂપ સંઘાટા એટલે મૂર્તિ યુક્ત કરવા, સ્તંભિકાઓ તોરણ કમળપત્ર તથા કમલદંડથી શોભા યુક્ત કરી ઉપર પ્રમાણે સમગ્ર કુંભો સ્વરૂપમય તથા વિચિત્રકાર સ્વરૂપનો કરવો આદિ ખુરાના માનમાંથી નીકળેલું કુંભાનું પ્રમાણ જાણવું.

૩–૪ कलश–अंतरपट्ट

कलशं चाष्टभागैः स्यादेकाशा मध्य चिप्पिका ।
वृत्त च षड्भाग मुक्तं भागावै ऊर्ध्वचिप्किा ॥ २२४ ॥
पट्टिका बन्धशोभाढ्यां नैकरत्नैः समाकुला ।
अन्तःपट्ट सार्धद्वयं पुष्पकादि विभूषितम् ॥ २२५ ॥

કુંભા ઉપર આઠ ભાગનો કલશ કરવો તેનો છ ભાગનો મધ્ય ભાગ ચિપ્પિકાઓથી ગોળ કરવો, તેના ઉપર એક ભાગની ચિપ્પિકા કરવી, તથા તેના ઉપર એક ભાગની ચિપ્પિકા કરવી. નાના પ્રકારના રત્નયુક્ત અને શોભા સંપન્ન પટ્ટબંધ કરવો ને પુષ્પના આકારોથી દિવ્ય શોભાવાળું અઢી ભાગનું અંતરપટ્ટ કરવું.

૫ कपोताली

कपोतालीचाष्ट भागा भागार्धं स्कंधपट्टिका ।
स्कन्धः सपाद द्वयंश स्त्वेकपादा मुखपट्टिका ॥ २२६ ॥
कार्यकर्णो द्वि भागश्च स्कन्धः सार्धद्वयोन्नतः ।
भागार्धं स्कन्धपट्टी च कर्तव्या मध्यव्यक्तय ॥ २२७ ॥
मुखापट्टादधोऽग्रे तु कर्तव्याश्च गगारकाः ।
समताग्र विधातव्या स्तराङ्गुल विदांशकैः ॥ २२८ ॥
उर्ध्वं स्कंधो विधातव्यो दलानां गर्भ भद्रतः ।
ठकारा मुख लूमोर्ध्वं कपोतालीत्वितारिता ॥ २२९ ॥

કપોતાલી આઠ ભાગની કરવી, તેમાં અર્ધા ભાગની સ્કંધપટ્ટીકા, સવા બે ભાગનો સ્કંધ, પા ભાગની મુખપટ્ટીકા, બે ભાગનો કર્ણ (વચલી પટ્ટી) અને સ્કંધ બહાર નીકળતો અઢી ભાગનો કરવો, અર્ધા ભાગનો સ્કંધ પટ્ટ મધ્યે અવ્યક્ત કરવો મુખપટ્ટી કરવી, તેમાં નીચેના અગ્રભાગે ગગારક કરવા અને તે બધા આગળના ભાગે ચાર ચાર ભાગે સરખા કરવા. દલના ગર્ભમાંથી નીકળતો ઉર્ધ્વ સ્કંધ કરવો તથા કપોતાલીના દરેક અંગના મધ્ય ગર્ભે ઉપર ઠગારિકા કરવી.

"Aho Shrutgyanam"

૬ मञ्चिका

मञ्चिकाश्च प्रवक्ष्यामि व्यक्तिस्तु नव भागतः ।
अन्तःपट्टं सपादं वा पादोनं कामरूपकम् ॥ २३० ॥
पट्टिकाभागपादेन स्कन्धश्चैव द्वि भागिकः ।
मुखपट्टी भवेत्पादा सपादः कर्ण एव च ॥ २३१ ॥
सपादश्च भवेत्स्कन्धः पादाचान्तरपट्टिका ।
कर्णिकसार्ध भागं च पादा निर्वाणपट्टिका ॥ २३२ ॥
कपोताली युक्ति सूत्रे कारयेत गगारकान् ।
जङ्घास्तमैनिर्गमाढ्या भरणी लम्बनाकृतिः ॥ २३३ ॥

હવે મંચિકામાં કરવાના ઘાટો કહું છું. મંચિકા નવ ભાગ ઊંચી કરવી, તેમાં સવા ભાગનું અંતરપત્ર, પોણા ભાગનું કામરૂપ, પા ભાગની પટ્ટીકા, બે ભાગનો સ્કંધ, પા ભાગની મુખપટ્ટી, સવા ભાગનો સ્કંધ, સવા ભાગની અંતરપટ્ટી, અર્ધા ભાગનું કર્ણક અને પા ભાગની નિર્વાણપટ્ટીકા કરવી, કપોતાલી સૂત્રે ગગારકો કરવા, જંઘાના થાંભલા નીકળતા રાખવા અને તેની નીચે લુંબો ગોળાકાર લટકતી કરવી.

७ जङ्घा

कार्या तदुर्ध्वे जङ्घा च पञ्चत्रिंशत्समुच्छ्रिता ।
भ्रम निर्माणतः स्तमैर्नासिकोपाङ्गकालना ॥ २३४ ॥
मूलनासासु सर्वासु स्तम्भैः स्युश्चतुरश्रिकाः ।
गजश्च सिंहव्यालेश्च मकरैः समलंकृताः ॥ २३५ ॥
कर्णेष्वष्टो च दिक्पालाः प्राच्यादिषु प्रदक्षिणम् ।
नरेश पश्चिमे भद्रे ह्यन्धकैः सह दक्षिणे ॥ २३६ ॥
चण्डस्य चोतरे देवी दंष्ट्रानन सुशोभिताः ।
वीतरागे च शासनदेव्यश्चैव दिशा प्रति ॥ २३७ ॥
वारिमार्गे मुनींद्रास्तु प्रलीनांश्च तपः सुच ।
गवाक्षाकारभद्रे तु कूर्यान्निर्गम भूषितान् ॥ २३८ ॥
नानाभरणकैः स्तमैस्तिलकच्छाद्य भूषिताः ।
ब्रह्माविष्णु महेशाद्या इल्लिका वलणैर्युताः ॥ २३९ ॥

"Aho Shrutgyanam"

મંચિકા ઉપર પાંત્રીશ ભાગના ઉદયમાને જંઘા કરવી, ગોળાકાર થાંભલીઓ સહિત નાસિકાઓના ફાલનાઓ કરવાં, બધી મૂલ નાસિકાઓમાં થાંભલીઓની ચોકીઓ કરવી, અને તે હસ્તિ, સિંહ અને વ્યાલ (ગ્રાસ) તથા મકરોથી અલંકૃત કરવી, જંઘાના કર્ણોમાં પૂર્વાદિ ક્રમથી અષ્ટદિક્પાલો કરવા, પશ્ચિમ બાજુના ભદ્રમાં નટેશ (નૃત્ય કરતા શિવ), દક્ષિણુમાં અંધકાસૂરની સાથે લડતા શિવ અને ઉત્તરે ચંડદૈત્યનો નાશ કરતી તથા દંષ્ટ્રાઓથી શોભિત મુખવાળી દેવી કરવી. વીતરાગ પ્રાસાદે ભદ્રે શાસનદેવ કરવા. પ્રતિરથમાં સૂત્રદેવો તથા દિશાધિપો કરવા, વારિમાર્ગોમાં તપમાં ધ્યાનાવસ્થિત થયેલા મુનિઓ કરવા, ભદ્રમાં ગવાક્ષો કરવા અને તે નિકાળે સુશોભિત તથા નાનાભરણ યુક્ત સ્તંભો, તિલક, તોરણ છાદ્યો, અર્ધ ગોળાકાર તોરણો, બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ આદિ દેવોને કરવા.

૮ उद्गम

पञ्चदशोन्नतः कार्य उद्गमः सर्व कामदः ।
छाद्यं भागं तथार्धा च कपोताली तदुर्ध्वतः ॥ २४० ॥
पादश्चान्तरपत्रं च सार्धं पंचोद्गमोदयः ।
द्वितीयश्चोद्गमः कार्यः सार्धाष्टांशः समुच्छ्रितः ॥ २४१ ॥
अन्तःपत्री च भागार्धं तत्प्रमाणाध्नकारिका ।
ग्रासस्य पट्टीका कार्या त्रिभिर्भागैः समुच्छ्रिता ॥ २४२ ॥
चित्राणी कपि रूपाणि निर्गमोद्गमकर्णिके ।
दलरूपाश्चोत्पतन्ति वीक्षन्ते भाव रूपका ॥ २४३ ॥

ઉદ્ગમ ભાગ પંદરનો ઊંચો કરવો, અર્ધા ભાગનું છજ્જુ, પા ભાગની કપોતાલી પા ભાગનું અંતરપત્ર અને સાડાપાંચ ભાગનો પહેલો ઉદ્ગમ ઊંચો કરવો, બીજો ઉદ્ગમ સાડા આઠ ભાગનો ઊંચો કરવો, અર્ધા ભાગનું અંતરપત્ર અને અર્ધા ભાગની અંધારિકા કરવી, ગ્રાસપટ્ટી ઊંચી ત્રણ ભાગની કરવી, ઉદ્ગમના નીકાળે કર્ણિકાઓ કરવી. વિચિત્ર રૂપોના કપિઓ (વાંદરાઓ) કુદાકુદ કરતા કરવા તથા નાનાપ્રકારના ભાવો બતાવતા માલુમ પડે તેવા સ્વરૂપો સમૂહરૂપે કરવા.

૯ भरणी

भरण्यष्टांशकोत्सेधी अधश्छन्दं तु वृत्तकम् ।
उद्गमे ग्रासपट्टी च भरणी स्कन्ध पट्टिका ॥ २४४ ॥
वृत्ताकाराः प्रकर्तव्याः समपत्रा च निर्गमे ।
पादोनाशं कामरूपं पादं स्यात् स्कंधपट्टीका ॥ २४५ ॥

"Aho Shrutgyanam"

चिप्पिका चार्धभागा स्यात् सपादा कर्णपालिका ।
पट्टीकान्तर पट्टी च पादपादं प्रकल्पयेत् ॥ २४६ ॥

स्कन्धः कार्यो द्विभागश्च भागार्धं कर्णपालिका ।
पट्टीकान्तरपट्टी च पादपादं प्रकल्पयेत् ॥ २४७ ॥

भागार्धं च भवेत्स्कन्धः कर्णपादोनभागिकः ।
अन्तपत्रं चार्धभागं कर्तव्यं सर्वकामदम् ॥ २४८ ॥

नासोपाङ्गेषु सर्वेषु पल्लवाः कामरूपिणं ।
अशोकपल्लवाकाराः कर्तव्यं सर्वकामदम् ॥ २४९ ॥

तमालपत्रका काराः कर्णक स्कन्धबन्धकाः ।
तदालीनाकार पत्रैर्वक कस्योर्ध्वं समार्गकैः ॥ २५० ॥

ભરણી આઠ ભાગની કરવી અને ભરણીનો નીચેનો છંદ ગોળાકાર કરવો, નીકળતી ગ્રાસપટ્ટી તેમજ ભરણીની સ્કંધાવટી ગોળ કરવી, સમગ્ર ભરણી ગોળાકાર કરવી નહિ, નીકાળે સમદલ કરવી, પોણા ભાગનું કામરૂપ, પા ભાગની સ્કંધપટ્ટીકા, અર્ધા ભાગની ચિપ્પિકા, સવા ભાગનું કર્ણક તથા પા પા ભાગની પટ્ટીકા, અને અંતરાલ કરવું. બે ભાગનો સ્કંધ, અર્ધા ભાગનું કર્ણોત્પલ અને પટ્ટીકાની અંતરાલ પા પા ભાગની કરવી, અર્ધા ભાગનો સ્કંધ, પોણા ભાગનું કર્ણ કરવું, અર્ધા ભાગનું અંતરપત્ર કરવું, તે સર્વ કામનાને આપનાર છે. નાસિકાઓના સર્વ ઉપાંગોમાં કામ રૂપ પલ્લવો કરવા તે આસોપાલવના પત્રના જેવા આકૃતિ યુક્ત કરવા તે સર્વ કામનાને આપવાવાળા છે, કર્ણકમાં તમાલપત્રના આકારના ભરણીના ઉપરના ગોળ ભાગે કર્ણકમાં લીન થતા પત્રોથી સ્કંધના બંધકો–બંધો કરવા.

१० पट्टयुक्ता शिरोवटी

शिरोवटी दिग्भागो समुच्छ्राये प्रकीर्तिता ।
भारपुतलिका युक्तां त्रिभागैस्तां च कारयेत् ॥ २५१ ॥

पादोनस्तु भवेत्स्कन्धः कर्णः पादो न भागिकः ।
अन्तःपत्रं चार्धभागं कर्तव्य सर्वकामदम् ॥ २५२ ॥

तदूर्ध्वं च भवेत्पट्टं भागैः पंचभिराच्छ्रितम् ।
तन्त्रकेन च संयुक्तं युक्तालङ्कार भूषितम् ॥ २५३ ॥

"Aho Shrutgyanam"

શીરોવટીનો ઉદય દશ ભાગનો કરવો, તેમાં ત્રણ ભાગની ભાર પુત્તલિકાઓ યુક્ત કરવી, પોણા ભાગનો સ્કંધ, પોણા ભાગનો કર્ણ અને અર્ધા ભાગનું અંતરપત્ર કરવું તે સર્વકામનાઓને આપનાર છે, તેના ઉપરના ભાગે પટ્ટ કરવો, ગોળાઈમાં શિરોવટી ભાગ પાંચની કરવી, અને તેને તંત્ર યુક્ત પ્રયુક્ત મોતીના અલંકારોથી વિભૂષિત કરવી.

૧૧–૧૨ कपोताल्या माला

तदूर्ध्वं तु कपोताली पूर्वमान प्रकल्पिता ।
सार्धं द्वयं च तत्पट्टं कर्तव्यं सर्वकामदम् ॥ २५४ ॥

શિરોવટીના ઉપર કપોતાલી પૂર્વમાન પ્રમાણે કરવી. અંતરપત્ર અઢી ભાગનું કરવું તે સર્વ કામનાઓને આપનાર છે.

१३ छाद्य

कूटच्छाद्योत्सेधमानं स्यात्रयोदश भागतः ।
भागार्धं स्कन्धपट्टी च स्कन्धश्चैव त्रिभागिकः ॥ २५५ ॥
भागार्धं मुखपट्टी च छाद्योत्सेधो युगांशकः ।
एक भागा दण्डिका च अर्धं चान्तर पत्रिका ॥ २५६ ॥
कर्ण सपाद भागश्च स्कन्धश्चैव द्विभागिकः ।
स्कंधपट्टी भागपादा कर्तव्या सर्वकामदा ॥ २५७ ॥
कपोताल्य ग्रनिष्कासं कुर्यात्तु दश भागिकम् ।
चतुर्भाग मधः स्कन्ध सार्धं च मणि बन्धकम् ॥ २५८ ॥
ततूल्याग्रे चिप्पिका तु कर्तव्या सर्व कामदा ।
उच्छयं कथविष्यामि शृणु चैकाग्रमानसः ॥ २५९ ॥
कामरूपं भवेद् भागं पदिका स्कन्धपट्टिका ।
भागार्धं चिप्पिकां कुर्यात् पादं च मुख पट्टिकाम् ॥ २६० ॥
कर्णो द्वि भाग इत्युक्तो भागार्धं दण्डकं मतम् ।
मणिबन्धस्थ संस्थाने त्रिभागं सारिलम्बनम् ॥ २६१ ॥
षड्भि भागैः प्रवेशः स्यात् षोडशांशैश्च निर्गमः ।
वार्यन्तरं च षड्भागैः प्रवेशः षड्भिरेव च ॥ २६२ ॥
स्वके स्वके च स्थाने च बृहल्लघु क्रमै स्तथा ।
भक्तिपाद षोडशांशे पृथुत्व ह्रद कान्तरे ॥ २६३ ॥

"Aho Shrutgyanam"

કૂટછાદ્યની ઊંચાઈ તેર ભાગ કરવી, તેમાં અર્ધા ભાગની સ્કંધપટ્ટી, ત્રણ ભાગનો સ્કંધ, અર્ધા ભાગની મુખપટ્ટી, ચાર ભાગનો છાદ્યનો ઉદય, એક ભાગ દંડિકા, ચાર ભાગ અંતરપત્રિકા, સવા ભાગનો કર્ણ, બે ભાગનો સ્કંધ, અને પા ભાગની સ્કંધપટ્ટી કરવી, તે સર્વ કામનાઓને આપનાર છે, કપોતાલીથી છાદ્યનો નિર્ગમ દશ ભાગ કરવો, છાદ્ય નીચેનો સ્કંધ ચાર ભાગનો કરવો અને મણિબંધ દોઢ ભાગનો કરવો, મણિબંધના અગ્ર ભાગે તેના બરાબર ચિપ્પિકા કરવી. તે સર્વ કામદા જાણવી, હવે છાદ્યના ઉપરના ભાગનું પ્રમાણ કહું છું તે એકાગ્ર ચિત્તથી શ્રવણ કરઃ-

કામરૂપ ભાગ એક પા ભાગની સ્કંધપટ્ટી, અર્ધા ભાગની ચિપ્પિકા, પા ભાગની મુખપટ્ટીકા, બે ભાગનો કર્ણ અને અર્ધા ભાગનો દંડક કરવો, તથા મણિબંધના સ્થાને ત્રણ ભાગનું સારિલંબન કરવું, છ ભાગનો છાદ્યનો પ્રવેશ કરવો અને નિર્ગમ દશ ભાગ કરવો, વારિમાર્ગ છ ભાગનો અને પ્રવેશ પણ છ ભાગનો કરવો, પોતપોતાના સ્થાનમાં સ્થિત થયેલ સમગ્ર સ્વરૂપ ક્રમપણે બલ આપનાર છે અર્થાત્ પ્રાસાદને મજબૂત કરનાર છે, ભાગના સોળમા ભાગે પાણિતારની પહોળાઇ કરવી.

चतुः प्रकार जङ्घा


नागरी च तथा लाटी वैराटी द्राविडी तथा ।
शुद्धा तु नागरीख्यात परिकर्म विवर्जित ॥ २६४ ॥
स्त्रीयुग्म संयुता लाटी वैराटी पत्र सङ्कुला ।
मञ्जरी बहुलाकार्या जंघा च द्राविडी सदा ॥ २६५ ॥
नागरी मध्यदेशेषु लाटी लाटे प्रकीर्तिता ।
द्राविडी दक्षिणे देश वैराटी सर्व देशजा ॥ २६६ ॥

નાગરી, લાટી, વૈરાટી અને દ્રાવિડી એ ચાર પ્રકારની જંઘા છે. તેમાં નાગરી-જંઘા રૂપ વગરની અને શુદ્ધ છે, લાટીજંઘા સ્ત્રી યુગલવાળી, વૈરાટીજંઘા પત્રોથી વ્યાપ્ત બનાવેલી અર્થાત્ પત્રોના જુથવાળી, અને દ્રાવિડીજંઘા ઘણી મંજરીઓવાળી કરવી, મધ્યપ્રદેશમાં નાગરી, લાટદેશમાં લાટી, દક્ષિણ દેશમાં દ્રાવિડી અને સર્વદેશોમાં વૈરાટીજંઘા કરવી.

मेरु मण्डोवर मान

मेरु मण्डोवरे मंची भरण्युर्ध्वेऽष्टभागिका ।
पञ्चविंशतिका जङ्घा उद्गमश्च त्रयोदश ॥ २६७ ॥

"Aho Shrutgyanam"



अष्टांशा भरणी शेषं पूर्ववत् कल्पयेत् सुधीः ।
सप्त भागा भवेन्मञ्ची कुट छाद्यस्य मस्तके ॥ २६८ ॥
षोडशांशा पुनर्जङ्घा भरणी सप्त भागिका ।
शिरावटी चतुर्भागा पट्टः स्यात् पञ्च भागिका ॥ २६९ ॥
सूर्यांशैः कूटछाद्यं च सर्वकामफलप्रदम् ।
कुम्भकस्य युगांशेन स्थावराणां प्रवेशकः ॥ २७० ॥

પ્રથમ એકસો ચુંમાલીશ ભાગના મંડોવરની ભરણીની ઉપર આઠ ભાગ મંચ, પચ્ચિશ ભાગ જંધા, તેર ભાગ ઉદ્ગમ અને આઠ ભાગની ભરણી કરવી, ભરણીની

"Aho Shrutgyanam"

ઉપર શિરાવટી કેવાલ અંતરાલ અને છાદ્ય એકસો ચુંમાલીશ ભાગના મંડોવર માને કરવું. છાદ્ય ઉપર ફરી સાત ભાગની મંચી, સોલ ભાગની જંઘા, સાત ભાગની ભરણી, ચાર ભાગની શિરાવટી, પાંચ ભાગનો કેવાલ અને બાર ભાગનું છાદ્ય કરવું, આ મેરૂ મંડોવર બધા ઇચ્છિત ફલ આપનાર છે. ઉપર થરોનો પ્રવેશ કુંભાના ચોથે ભાગે કરવો, અર્થાત્ કુંભાના ઉદયના ચાર ભાગ કરી તેમાંનો એક ભાગનો દરેક થરોનો નિર્ગમ કરવો.

મેરૂ મંડોવરમાં બે ત્રણ જંઘા હોય છે, મેરૂ મંડોવરમાં ઉપર મુજબ મંડોવર કર્યા પછી મંચીથી ઉપરના થરો શરૂ થાય છે. મેરૂ મંડોવરમાં ઉપર થરોમાં ખુરો, કુંભો, કલશ, અંતરાલ અને કેવાલ એ પાંચ થર બનતા નથી. તેનું પ્રમાણ ઉપર મુજબ છે.

सामान्य मण्डोवर

शिरावट्युद्गमो मञ्ची जङ्घा रूपाणि वर्जयेत् ।
अल्पद्रव्ये महत्पुण्यं कथितं विश्वकर्मणा ॥ २७१ ॥

શિરાવટી, ઉદ્ગમ (ડોઢીઓ) મંચી અને જંઘામાં રૂપો નહિ બનાવવા, તો અલ્પ દ્રવ્યે મહાન પૂણ્ય થાય છે. તેમ વિશ્વકર્માએ કહેલ છે.

मण्डोवर थर समसूत्रे

कुंभादि स्थावराणां च निर्गमः समसूत्रतः ।
पीठस्य निर्गमो बाह्ये तथैवाच्छादकस्य च ॥ २७२ ॥

કુંભાદિ થરો નિર્ગમે ઓલંઓ એક સૂત્રે કરવા અને પીઠ તથા છજાનો નિર્ગમ કુંભાદિથી બહારના ભાગે નીકળતો કરવો.

१०८ विभाग मण्डोवर

खुरश्च चतुर्भागं कुंभकं दशपञ्चकम् ।
प्रवेशश्च चतुर्भागं स्कन्धं च पत्र संयुतम् ॥ २७३ ॥
कलशश्च षड्भागं त्रिभागान्तर पत्रकम् ।
कपोताली च षड्भागा मञ्चिकापि तथैव च ॥ २७४ ॥
द्वात्रिंश त्यादिकोच्छ्राया कार्या जंघा विचक्षणैः ।
उद्गमं चैव षड्भागा कपोताली षडेव तु ॥ २७५ ॥
त्रि भागान्तर पत्रं च कर्तव्यं च विचक्षणैः ।
खूट छाद्यश्च दिग्भागं सप्त भागादि निर्गमः ॥ २७६ ॥

"Aho Shrutgyanam"

એકસો આઠ ભાગના મંડોવરમાં ચાર ભાગનો ખુરો, અને પંદર ભાગનો કુંભો કરવો. કુંભાના ઘાટ ચાર ભાગ અંદર પેસતો કરવો તથા સ્કંધ પદ્મના પાંદડાથી અલંકૃત કરવો, છ ભાગનો કલશ, ત્રણ ભાગની અંતરાલ, છ ભાગની કપોતાલી, છ ભાગની મંચી કરવી, બુદ્ધિમાનોએ બત્રીશ ભાગની જંઘા કરવી, અગિયાર ભાગનો દોઢીઓ કરવો. વાંદરા અને ગ્રાસ મુખોથી સુશોભિત કરવો, છ ભાગની ભરણી, છ ભાગની કપોતાલી અને ત્રણ ભાગની અંતરાલ કરવી, છજ્જુ દશ ભાગનું કરવું અને સાત ભાગથી વધારે નીકળતું કરવું.

२७ विभाग मण्डोवरमान

पीठता छाद्य पर्यन्तं सप्तविंशति भाजिते ।
द्वादश खुरकादीनां भाग संख्या क्रमेण च ॥ २७७ ॥
स्यादक वेद सार्धार्ध सार्ध सार्धाष्टमि स्त्रिभिः ।
सार्ध सार्धा र्ध भागद्वि द्वयं शैर्वि निर्गमः ॥ २७८ ॥

પીઠથી છાદ્ય સુધીના સત્યાવીશ ભાગ કરવા, તેમાં ખુરાદ્વિ બાર થરોની ભાગ સંખ્યા નીચે મુજબ જાણવી. ૧ ખુરો, ૪ કુંભો, ૧॥ કલશ, ૦॥ અંતરાલ, ૧॥ કેવાલ ૧॥ મંચી, ૮ જંઘા, ૩ ઉદ્ગમ, ૧॥ ભરણી, ૧॥ કેવાલ, ૦॥ અંતરાલ, ૨॥ છાદ્ય તથા નિર્ગમ બે ભાગ કરવું.

१६९ विभाग मण्डोवर

पुनरेव च प्रवक्ष्यामि क्षुरक ऋतु भागतः ।
त्रयो विंशत्कंभकश्च कलशो दश सार्द्धकः ॥ २७९ ॥
अन्तःपत्र चतुर्भागं नवसार्द्धा कपोतिका ।
मञ्चिका दश सार्द्धा च वेद वेदा च जंघिका ॥ २८० ॥
सार्द्धैकोन विंशतिश्च कर्तव्यो व्युद्गमो बुधैः ।
भरणी द्वादश भागा दश भागा मथोतिका ॥ २८१ ॥
अंतःपत्रं चतुर्भागा षोडशांश तु छाद्यकम् ।
निर्गमो दश भागेन एवं ज्ञातसु शिल्पिभिः ॥ २८२ ॥

એકસો ઓગણ સીતેર ભાગનો મંડોવર કહું છું :–છ ભાગનો ખુરો, ત્રેવીશ ભાગનો કુંભો, સાડાદસ ભાગનો કલશ, ચાર ભાગ અંતરાલ, સાડા નવ ભાગનો કેવાળ, સાડા દશ ભાગ મંચિકા, ચુમ્માલીશ ભાગની જંઘા, સાડી ઓગણીશ ભાગનો ઉદ્ગમ, બાર ભાગની ભરણી, દશ ભાગનો મહાકેવાલ, ચાર ભાગનો અંતરાલ અને સોળ ભાગનું છાદ્ય, દશ ભાગ નીકળતું જ્ઞાનવાન ઉત્તમ શિલ્પીએ કરવું.

"Aho Shrutgyanam"

चतुर्मुख प्रासाद ५७ विभाग मण्डोवर

चतुर्मुखे तु प्रासादे मण्डोवर मतः शृणु ।
खुरकश्च द्वि भि भागैः कुम्भकः सप्त एव च ॥ २८३ ॥
कलशश्च त्रिभागोच्छो भागैकान्तर पत्रकम् ।
कपोताली त्रि भागेन चार्धं वै त्वंतरालंकम् ॥ २८४ ॥
मञ्चिकाया स्त्रि भागाश्च जंघा पञ्चदशोत्तमा ।
उद्गमः पञ्च भागाश्च त्रि भागा भरणी भवेत् ॥ २८५ ॥
अर्धमन्तर पत्रं वै चतुर्भिश्च शिरावटी ।
तेषां चतुर्मुखानां च प्रासाद छादनं शुभम् ॥ २८६ ॥
कपोताली त्रिभागा च माला च त्रयमेव च ।
चर्तुभिः कूटछाद्यं च प्रहारो वेदसंज्ञकः ॥ २८७ ॥

હવે ચતુર્મુખ પ્રાસાદને કરવાનાં મંડોવરનું પ્રમાણ સાંભળો. ૨ ભાગ ખુરો, ૭ ભાગ કુંભો, ૩ કલશ, ૧ અંતરાલ, ૩ કપોતાલી, ૦॥ અંતરાલ, ૩ મંચિકા, ૧૫ જંઘા, ૫ દોઢીયો, ૩ ભરણી, ૦॥ અંતરપત્ર, ૪ શિરાવટી, ચતુર્મુખ પ્રાસાદને શિરાવટીના મથાળે ઢાંકી દેવો શુભ છે. છાદન કર્યા પછી ૩ કપોતાલી, ૩ માલા કેવાલ, ૪ છાદ્ય કરવું. પ્રહાર (નીકાળે) ૪ ભાગ કરવું.

गर्भगृहोच्छ्रयमानम्

विश्वकर्मोवाच—

गर्भगृह प्रमाणं च विश्वकर्मवचोयथा ।
तथाते सम्प्रवक्ष्यामि शृणुत्वमपराजित ॥ २८८ ॥
कुम्भीतु कुम्भके ज्ञेया स्तम्भो ज्ञेयस्तथोद्गमः ।
भरणं भरणी ज्ञेया कपोताली तथा शिरः ॥ २८९ ॥
अधस्तात् कूटछाद्यस्य कुर्यात्पट्टस्य पेटकम् ।
अर्धोदये करोटं च कर्तव्यं विधिपूर्वकम् ॥ २९० ॥

વિશ્વકર્મા ગર્ભગૃહ પ્રમાણ કહે છે, હવે તું અપરાજિત સાંભળ. કુંભિ કુંભા બરાબર, સ્તંભો ઉદ્ગમ બરાબર, ભરણી બરાબર ભરણી, કપોતાલી બરાબર શિર્ષક (સરૂ) અને કૂટ છાદ્ય પટ્ટ સાથે કરવું, અને અર્ધ ભાગે વિધિપૂર્વક વિતાન કરવો.

"Aho Shrutgyanam"

उदम्बरं तथा वक्ष्ये कुम्भिकान्तं तदुच्छ्रयः ।
तस्यार्धेन त्रि भागेन पादो न रहितं तथा ॥ २९१ ॥
उक्तंचतुर्विध शस्तं कुर्याच्चैवमुदुम्बरम् ।
अत्युक्तमाश्च चत्वारो न्युनादुष्या तथाधिका ॥ २९२ ॥

ઉદંબર કુંભા બરાબર કરવો, અર્ધ ભાગે, ત્રીજા ભાગે, ચોથા ભાગે એ ચાર પ્રમાણો ઉદંબરના જાણવા, તે મુજબ નીચો કરવો, અત્યુત્તમ એ ચાર પ્રમાણ છે. તેથી ન્યુન અધિક દોષિત છે.

खुरकार्ध्वर्धऽचन्द्र स्यात् तदुर्ध्वं स्यादुदुम्बरः ।
उदुम्बरार्धेत्र्यंशे वा पादेवा गर्भ भूमिका ॥ २९३ ॥
मण्डपेषु च सर्वेषु पीठान्ते रङ्ग भूमिका ।
एषा युक्तिर्विधातव्या सर्व काम फलोदया ॥ २९४ ॥

ખુરા બરાબર અર્ધચંદ્ર તેને ઉપર ઉદંબર, ઉદંબરથી અર્ધ, ત્રી ભાગે અથવા ચોથા ભાગે નીચી ગર્ભગૃહની ભૂમિ રાખવી. સર્વ મંડપની ભૂમિ પીઠ બરાબર અને રંગ મંડપની ભૂમિ પીઠના અંતે કરવી, એ રીતે યુક્તિ અને વિધિથી કરવું. જેથી સર્વ કામ ફલ આપે.

देवोना पदस्थान अन्य ग्रन्थ

पट्टाधो यक्षभूताद्याः पट्टाग्रे सर्व देवताः ।
तदग्रे वैष्णवं ब्रह्मा मध्येलिङ्गं शिवस्य च ॥ २९५ ॥

ગર્ભગૃહની પાછળ દીવાલે સ્તંભ ઉપર પાટ નાખવામાં આવે છે, તે પાટ નીચે યક્ષ ભૂતાદિ સ્થાપવા. પાટના આગળના ભાગમાં સર્વદેવતા, તેની આગળ વિષ્ણુ બ્રહ્મા અને મધ્યે શિવલિંગ સ્થાપવું.

प्रासादगर्भस्यदले विधेये, द्वाराग्र खण्ड परिवर्जनियम् ।
अन्यदले पञ्चविभाग भक्ते, तस्मिन्विधेयानि निजासनानि ॥ २९६ ॥
यक्षादयश्च प्रथमे विभागे, द्वितीयभागेऽखिलदेवताश्च ।
ब्रह्मा च विष्णुश्च जिन स्तृतीये, चतुर्थ भागादधिकेहरश्च ॥ २९७ ॥

ગર્ભગૃહના બે ભાગ કરી દ્વાર સરકૂનો એક ભાગ તજવો. બીજા ભાગના પાંચ ભાગ કરવા. પહેલા ભાગમાં યક્ષ (ભિતિ તરકૂના), બીજા ભાગમાં સકલ દેવતાઓ, ત્રીજા ભાગમાં બ્રહ્મા, વિષ્ણુ અને જિન અને ચોથા ભાગમાં મધ્યે શિવ, (અધિક ભાગમાં) સ્થાપવા. (આચારદિનકર)

"Aho Shrutgyanam"

भक्ते प्रासाद गर्भार्धे, दशधा पृष्ट भागतः ।
पिशाच-रक्षो-दनुजाः स्थाप्या गन्धर्व-गुह्यकाः ॥ २९८ ॥
आदित्य-चण्डिका-विष्णु-ब्रह्मेशानाः पद क्रमात् ॥ २९९ ॥

પછીત તરફના અર્ધ ગર્ભગૃહના દશ ભાગ કરવા, ભીત તરફ ક્રમશઃ ૧ પિશાચો, ૨ રાક્ષસો, ૩ દૈત્યો, ૪ ગંધર્વો, ૫ યક્ષો, ૬ સૂર્ય, ૭ ચંડિકા, ૮ વિષ્ણુ, ૯ બ્રહ્મા, ૧૦ શિવ સ્થાપવા. (સમરાંગણસૂત્રધાર)

गर्भं षड्भाग भक्ते वा, त्यक्त्वैकं पृष्टता अंऽशकम् ।
स्थापनं सर्वदेवानां, पञ्चमेऽअं प्रशस्यते ॥ ३०० ॥

અર્ધ ગર્ભગૃહનાં છ ભાગ કરવા, પછીતથી એક ભાગ છોડી પાંચ ભાગમાં સર્વ દેવોની સ્થાપના કરવી પ્રશંસનીય છે. (દ્વિતીયમત સમરાંગણસૂત્રધાર)

षडभिर्विभाजिते गर्भे त्यक्त्वा भागं च पृष्टतः ।
स्थापनं पञ्चमांशे च यदि वा वसुभाजिते ॥
स्थापनं सप्तमे भागे प्रतिमा सु सुखावहम् ॥ ३०१ ॥

અર્ધ ગર્ભગૃહના છ ભાગ કરવા. તેમાં પછીત તરફનો એક ભાગ છોડીને તેની આગળનાં પાંચ ભાગમાં સર્વ દેવોને સ્થાપવા, અથવા ગર્ભગૃહના આઠ ભાગ કરી પછીતનો એક ભાગ છોડી તેની આગળના ભાગમાં સર્વ દેવોને સ્થાપવા સુખકારક છે. (અગ્નિપુરાણ)

मृदिष्टका कर्मयुक्तां भिति पादां प्रकल्पयेत् ।
पञ्चमांशेऽथवा सा तु षष्टांशे शैलजे भवेत् ॥ ३०२ ॥
दारुजे सप्तमांशे च सान्धारे चाष्टमांशके ।
धातुजे रत्नजे भित्तिः प्रासादे दशमांशतः ॥ ३०३ ॥
प्रमाणं तद्यत्पृथुत्वं कुम्भके मूल नासिके ।
त्रिपञ्च सप्तनन्दान्तं फालनो पाङ्ग बाह्यतः ॥ ३०४ ॥
रथे प्रतिरथे कर्णे कर्णिकायां च नन्दिका ।
कर्णिका भद्रनिष्कास मुखभद्रं शुकाग्रकम् ॥ ३०५ ॥
एतत्सर्वं प्रयोक्तव्यं कर्णोपाङ्गादिनासिकम् ।
मूलसीमान्ततो बाह्ये नैतद वास्तु परिग्रह ॥ ३०६ ॥

"Aho Shrutgyanam"

માટી અને ઈંટના પ્રાસાદની ભિતિ ચોથા ભાગે, શૈલના પ્રાસાદને પાંચમે અથવા છટ્ઠે ભાગે ભિતિ કરવી, લાકડાના પ્રાસાદને સાતમે ભાગે, સાન્ધારાદિ પ્રાસાદને આઠમે ભાગે ભિતિ કરવી, ધાતુરત્નના પ્રાસાદને દશમા ભાગે ભિતિ કરવી, પ્રાસાદ કુંભે મૂલ-નાસિકા એટલે રેખાએ પ્રમાણ જાણવું.

ત્રણ, પાંચ, સાત, નવ ફાલના ઉપાંગો બહાર કાઢવા. રથ, પ્રતિરથ, કર્ણ, કર્ણિકા, નંદિ, કર્ણિકા, ભદ્ર નિકાળે કરવાં. મુખભદ્ર આગળ શુકનાશ કરવો, એ સર્વ પ્રયુક્તિ પૂર્વક કર્ણથી બહાર ઉપાંગો કરવા મૂલ સીમાથી, રેખાથી બહાર વાસ્તુ કર્મ મુજબ ફાલના કરવાં.

गर्भगृह फालना

चतुरश्रं भद्रकं च सुभद्रं प्रतिभद्रकम् ।
गर्भगृहं फालनीयं मर्म तत्र न पीडयेत् ॥ ३०७ ॥

ગર્ભગૃહના ફાલના ચોરસ, ભદ્રક, સુભદ્ર, પ્રતિભદ્રક અને મર્મદોષ ન થાય તે રીતે કરવાં.

यमचुल्ली दोष

एकद्वित्रि मात्रामि गर्भगेहं यदायतम् ।
यमचुल्ली तदानाम भर्तुर्गृह विनाशिका ॥ ३०८ ॥

એક, બે અને ત્રણ માત્રા પણ ગર્ભગૃહ આયતન ઊંડો થાય તો યમચુલ્લી નામનો દોષ ઉત્પન્ન થાય તે ગૃહસ્વામીનો નાશ કરે.

दारुजे वलभीनां तु आयतं च न दूषयेत् ।
प्रशस्तं सर्व कृत्येषु चतुरश्रं शुभप्रदम् ॥ ३०९ ॥

દારૂજાદિ તથા વલભીજાતિના પ્રાસાદને આયતન દોષ નથી, પણ વધારે પ્રશંસ-નીય અને શુભકારક ચોરસ ગર્ભગૃહ છે માટે સર્વકર્મમાં કરવો.



इति श्री विश्वकर्मा वास्तु कला चिंतन हरविद्या गुण कीर्ति प्रकाश
जिनप्रासाद मार्तण्ड शिल्पाचार्य नंदलाल चुनीलाल सोमपुरा
संग्रहिते प्रासाद निरूपण नाम्नो चतुर्थोऽध्याय संपूर्णः

"Aho Shrutgyanam"

द्वारलक्षण नाम्नो पंचमोऽध्याय


प्रासाद द्वार दिक

एक द्वारं भवेत् पूर्वे द्वितीयञ्चैव पश्चिमे ।
तृतीयं मध्य द्वारञ्च दक्षिणायां विवर्जयेत् ॥ १ ॥

પ્રથમ દ્વાર પૂર્વદિશે, બીજું પશ્ચિમમાં અને ત્રીજું પૂર્વ પશ્ચિમ મધ્યે, ઉત્તરમાં કદિપણ દક્ષિણદિશે દ્વાર કરવું નહિ.

चतुद्वारं चतुर्दिक्षु शिव ब्रह्म जिनालये ।
होमशाला चतुर्द्वारा किंचिद्राजगृहे तथा ॥ २ ॥

શિવ, બ્રહ્મા અને જિનેશ્વરને ચારે દિશાઓમાં ચાર દ્વાર કરવા, તથા હોમ-શાલા ચાર દ્વાર યુક્ત કરવી. તેમજ કોઇક પ્રસંગે રાજ્ય પ્રાસાદ અથવા મહેલને ચાર દ્વાર કરવા.



"Aho Shrutgyanam"

અપરાજિત મત

નાગર દ્વારમાન

હસ્ત	અંગુલ	હસ્ત	અંગુલ
૧	૧૬	૨૬	૧૧૩
૨	૩૨	૨૭	૧૧૫
૩	૪૮	૨૮	૧૧૭
૪	૬૪	૨૯	૧૧૯
૫	૬૭	૩૦	૧૨૧
૬	૭૦	૩૧	૧૨૩
૭	૭૩	૩૨	૧૨૫
૮	૭૬	૩૩	૧૨૭
૯	૭૯	૩૪	૧૨૯
૧૦	૮૩	૩૫	૧૩૧
૧૧	૮૩	૩૬	૧૩૩

શિલ્પરત્નાકર મત

નાગર દ્વારમાન

હસ્ત	અંગુલ	હસ્ત	અંગુલ
૧	૧૬	૨૬	૧૩૦
૨	૩૨	૨૭	૧૩૨
૩	૪૮	૨૮	૧૩૪
૪	૬૪	૨૯	૧૩૬
૫	૬૮	૩૦	૧૩૮
૬	૭૨	૩૧	૧૩૯
૭	૭૬	૩૨	૧૪૦
૮	૮૦	૩૩	૧૪૧
૯	૮૪	૩૪	૧૪૨
૧૦	૮૮	૩૫	૧૪૩
૧૧	૯૧	૩૬	૧૪૪

"Aho Shrutgyanam"

હસ્ત	અંગુલ	હસ્ત	અંગુલ	હસ્ત	અંગુલ	હસ્ત	અંગુલ
૧૨	૮૫	૩૭	૧૩૫	૧૨	૯૪	૩૭	૧૪૫
૧૩	૮૭	૩૮	૧૩૭	૧૩	૯૭	૩૮	૧૪૬
૧૪	૮૯	૩૯	૧૩૯	૧૪	૧૦૦	૩૯	૧૪૭
૧૫	૯૧	૪૦	૧૪૧	૧૫	૧૦૩	૪૦	૧૪૮
૧૬	૯૩	૪૧	૧૪૩	૧૬	૧૦૬	૪૧	૧૪૯
૧૭	૯૫	૪૨	૧૪૫	૧૭	૧૦૯	૪૨	૧૫૦
૧૮	૯૭	૪૩	૧૪૭	૧૮	૧૧૨	૪૩	૧૫૧
૧૯	૯૯	૪૪	૧૪૯	૧૯	૧૧૫	૪૪	૧૫૨
૨૦	૧૦૧	૪૫	૧૫૧	૨૦	૧૧૮	૪૫	૧૫૩
૨૧	૧૦૩	૪૬	૧૫૩	૨૧	૧૨૦	૪૬	૧૫૪
૨૨	૧૦૫	૪૭	૧૫૫	૨૨	૧૨૨	૪૭	૧૫૫
૨૩	૧૦૭	૪૮	૧૫૭	૨૩	૧૨૪	૪૮	૧૫૬
૨૪	૧૦૯	૪૯	૧૫૯	૨૪	૧૨૬	૪૯	૧૫૭
૨૫	૧૧૧	૫૦	૧૬૧	૨૫	૧૨૮	૫૦	૧૫૮

"Aho Shrutgyanam"

नागर प्रासाद द्वारमान

एक हस्ते तु प्रासादे द्वारं स्यात् षोडशाङ्गुलम् ।
कार्या षोडशतो वृद्धि पर्यन्ते च चतुष्करम् ॥ ३ ॥
गुणाङ्गुलाऽगृहस्तान्तं तत्परं द्वयङ्गुलाकरे ।
पञ्चाशद्धस्त पर्यन्तं प्रयुक्ता वास्तु वेदिभिः ॥ ४ ॥

એક હસ્તના પ્રાસાદને દ્વાર સોળ અંગુલ કરવું, ચાર હસ્ત પર્યન્ત સોળ અંગુલની વૃદ્ધિ કરવી. પાંચથી નવ હસ્ત સુધી ત્રણ અંગુલ વૃદ્ધિ કરવી. તે ઉપર પચાસ હસ્ત સુધી બબ્બે અંગુલ પ્રત્યેક હસ્તે વૃદ્ધિ કરવી, પ્રાસાદ (વાસ્તુ)ની રેખાથી યુક્તિએ કરીને પ્રમાણ જાણવું. (અપરાજિતપૃચ્છા)

एक हस्ते तु प्रासादे च द्वारञ्च षोडशाङ्गुलम् ।
इयं वृद्धिः प्रकर्तव्या यावद्धस्त चतुष्टयम् ॥ ५ ॥
वेदाङ्गुला भवेद् वृद्धियावत दश हस्तकम् ।
हस्तेर्विंशतिमाने हस्ते हस्ते त्रयाङ्गुला ॥ ६ ॥
द्वयाङ्गुला च भवेद्यावत प्रासादेत्रिंशहस्तके ।
अङ्गुलैकाततो वृद्धिर्यावत पंचाशहस्तकम् ॥ ७ ॥

એક હસ્તના પ્રાસાદને દ્વાર સોલ અંગુલ ઊંચાઇનું કરવું, અને ચાર હસ્ત સુધી સોલ સોલ અંગુલ વૃદ્ધિ કરવી, પાંચથી દશ હસ્ત સુધી ચાર અંગુલ વૃદ્ધિ, અગિયારથી વીશ હસ્ત સુધી ત્રણ અંગુલ વૃદ્ધિ, એકવીશથી ત્રીશ હસ્ત સુધી બે અંગુલ અને એકત્રીશથી પચાસ હસ્ત પર્યંત એક અંગુલ વૃદ્ધિ દ્વારમાનમાં કરવી. (શિલ્પરત્ના૧૨)

क्षीरार्णव मतः—

नागरं द्विविधं द्वार मुक्त क्षीरार्णव तथा ।
दशमांशेन वै हीनं द्वारं स्वर्गे मनोरमम् ॥ ८ ॥
अधिकं दशमांशेन प्रासादे पर्वताश्रये ।
तावत्क्षेत्रान्तरे ज्ञातुमर्हस्यादि मुनीश्वर ॥ ९ ॥

વિશ્વકર્મા કહે છે કે હે નારદ નાગરાદિ જાતિના પ્રાસાદનું દ્વારમાન બે પ્રકારનું થાય છે. આવેલા માનમાંથી દશમા અંશે હીન કરવામાં આવે તો સ્વર્ગના દ્વાર જેવું મનોરમ દ્વાર થાય, પર્વતના આશ્રયે આવેલ પ્રાસાદને દશમાં અંશે વૃદ્ધિ કરવામાં આવે તો શુભ છે, હે નારદ આદિ મુનીશ્વર આ પ્રમાણે ક્ષેત્રાન્તરોમાં દ્વાર માન જાણવાને તમે યોગ્ય છો.

"Aho Shrutgyanam"

शिवद्वारं भवेज्जेष्ठं कनिष्ठश्च जिनालये ।
मध्यमं सर्व रेखानां सर्व कल्याणकारकम् ॥ १० ॥

उत्तममुदयार्धेन मध्यं पादाधिकं तथा ।
कनिष्ठं चाधिकं तत्र विस्तारे द्वार मेव च ॥ ११ ॥

શિવાલયને જ્યેષ્ઠ. જિનાલયને કનિષ્ઠ અને બીજા સર્વ દેવોને મધ્યમ દ્વારમાન કરવું તે સર્વે કલ્યાણકારી છે. દ્વારની ઊંચાઇના અર્ધા ભાગે દ્વાર પહોળું કરવાથી જ્યેષ્ઠ, પહોળાઇના માનમાં ચોથા ભાગે અધિક કરવાથી મધ્યમ અને તેમાં પણ કંઇક અધિક કરવાથી કનિષ્ઠ દ્વારમાન જાણવું.

द्वारं प्रासादसदमादौ यानसम्पानतल्पके ।
पृथुत्वमर्धमर्धं च शुभं स्यात्तु कलाधिके ॥ १२ ॥

પાલખી અને પલંગ એ સર્વ લંબાઇના અર્ધ ભાગે પહોળા કરવા, પ્રાસાદ ગૃહ આદિના દ્વારો લંબાઇના અર્ધ ભાગે પહોળા કરવા અને ઊંચાઇના સોળમાં ભાગે પહોળાઇમાં વૃદ્ધિ કરવાથી શોભાયમાન થાય છે. –અપરાજિત.

भूमिजप्रासाद द्वारमानम्

एक हस्ते तु प्रासादे द्वारं सूर्याङ्गुलोदयम् ।
हस्ते हस्ते सूर्यवृद्धिः यावत्स्यात् पञ्चहस्तकम् ॥ १३ ॥

पञ्चाङ्गुला च सप्तान्ता नवान्ता वेद वृद्धिका ।
तदुर्ध्वं शतार्धान्त च वर्धयेद् द्वयङ्गुलैः पुनः ॥ १४ ॥

उच्छ्रयार्धेन विस्तारं शुभं स्यातु फलाधिकम् ।
भूमिजे द्वारमानं च प्रयुक्तं वास्तुवेदिभि ॥ १५ ॥

એક હસ્તના પ્રાસાદને બાર અંગુલ દ્વાર કરવું, પાંચ હસ્ત પર્યંત બાર અંગુલ વૃદ્ધિ કરવી. છ થી સાત હસ્ત પર્યંત પાંચ અંગુલ વૃદ્ધિ કરવી, આઠથી નવ હસ્ત સુધી ચાર અંગુલ વૃદ્ધિ કરવી, દશથી પચાસ હસ્ત પર્યંત બબ્બે અંગુલ વૃદ્ધિ કરવી.

દ્વારની ઊંચાઇના અર્ધ ભાગે દ્વાર પહોળું કરવું, ઊંચાઇનો સોળમો ભાગ પહોળાઇમાં વૃદ્ધિ કરે તો શુભકર્તા છે દ્વારમાન વાસ્તુશાસ્ત્રના જાણકાર વિદ્વાનોએ ભૂમિજાદિ પ્રાસાદોમાં કરવું.

"Aho Shrutgyanam"

ભૂમિજ પ્રાસાદ દ્વારમાન

હસ્ત	અંગુલ	હસ્ત	અંગુલ
૧	૧૨	૨૬	૧૧૨
૨	૨૪	૨૭	૧૧૪
૩	૩૬	૨૮	૧૧૬
૪	૪૮	૨૯	૧૧૮
૫	૬૦	૩૦	૧૨૦
૬	૬૫	૩૧	૧૨૨
૭	૭૦	૩૨	૧૨૪
૮	૭૪	૩૩	૧૨૬
૯	૭૮	૩૪	૧૨૮
૧૦	૮૦	૩૫	૧૩૦
૧૧	૮૨	૩૬	૧૩૨

દ્રાવિડ પ્રાસાદ દ્વારમાન

હસ્ત	અંગુલ	હસ્ત	અંગુલ
૧	૧૦	૨૬	૧૧૨
૨	૨૦	૨૭	૧૧૪
૩	૩૦	૨૮	૧૧૬
૪	૪૦	૨૯	૧૧૮
૫	૫૦	૩૦	૧૨૦
૬	૬૦	૩૧	૧૨૨
૭	૬૫	૩૨	૧૨૪
૮	૭૦	૩૩	૧૨૬
૯	૭૫	૩૪	૧૨૮
૧૦	૮૦	૩૫	૧૩૦
૧૧	૮૨	૩૬	૧૩૨

"Aho Shrutgyanam"

હસ્ત	અંગુલ	હસ્ત	અંગુલ
૧૨	૮૪	૩૭	૧૩૪
૧૩	૮૬	૩૮	૧૩૬
૧૪	૮૮	૩૯	૧૩૮
૧૫	૯૦	૪૦	૧૪૦
૧૬	૯૨	૪૧	૧૪૨
૧૭	૯૪	૪૨	૧૪૪
૧૮	૯૬	૪૩	૧૪૬
૧૯	૯૮	૪૪	૧૪૮
૨૦	૧૦૦	૪૫	૧૫૦
૨૧	૧૦૨	૪૬	૧૫૨
૨૨	૧૦૪	૪૭	૧૫૪
૨૩	૧૦૬	૪૮	૧૫૬
૨૪	૧૦૮	૪૯	૧૫૮
૨૫	૧૧૦	૫૦	૧૬૦

હસ્ત	અંગુલ	હસ્ત	અંગુલ
૧૨	૮૪	૩૭	૧૩૪
૧૩	૮૬	૩૮	૧૩૬
૧૪	૮૮	૩૯	૧૩૮
૧૫	૯૦	૪૦	૧૪૦
૧૬	૯૨	૪૧	૧૪૨
૧૭	૯૪	૪૨	૧૪૪
૧૮	૯૬	૪૩	૧૪૬
૧૯	૯૮	૪૪	૧૪૮
૨૦	૧૦૦	૪૫	૧૫૦
૨૧	૧૦૨	૪૬	૧૫૨
૨૨	૧૦૪	૪૭	૧૫૪
૨૩	૧૦૬	૪૮	૧૫૬
૨૪	૧૦૮	૪૯	૧૫૮
૨૫	૧૧૦	૫૦	૧૬૦

"Aho Shrutgyanam"

द्राविडप्रासाद द्वारमान

एक हस्ते तु प्रासादे द्वारं विद्याद्दशाङ्गुलम् ।
दशाङ्गुलं प्रतिकरं यावत् षडहस्तकं भवेत् ॥ १६ ॥
अतउर्ध्वं दिक्करान्तं वृद्धिः पञ्चाङ्गुला भवेत् ।
द्वयङ्गुलाचततो वृद्धिः पञ्चाशद्धस्तकावधि ॥ १७ ॥
पृथुत्वं च तदर्धेन शुभं स्यात्तु फलाधिकम् ।
द्राविडे द्वारविस्तारः प्रयुक्तो वास्तुवेदिभि ॥ १८ ॥

એક હસ્તે દ્વારનો ઉદય દશ અંગુલ કરવો. દશ અંગુલ વૃદ્ધિ પ્રત્યેક હસ્તે છ હસ્ત સુધી કરવી, તે ઉપરાંત સાત હસ્તથી દશ હસ્ત સુધી પાંચ અંગુલ વૃદ્ધિ કરવી, અગ્યારથી પચાસ હસ્ત સુધી બબ્બે અંગુલ વૃદ્ધિ કરવી, ઉદયથી અર્ધ ભાગે વિસ્તાર કરવો, વિસ્તારમાં સોળ અંશે વૃદ્ધિ કરે તો શુભદ્વાર થાય, આ દ્રાવિડ પ્રાસાદનો દ્વાર વિસ્તાર પ્રાસાદ રેખા માને યુક્તિએ કરી જાણવો.


अन्यजातो प्रासाद द्वारमान

विमाने भूमिजेमानं वराटेषु तथैव च ।
मिश्रके लतिने चैव मानं शस्तं च नागरम् ॥ १९ ॥
दशहस्तात्परम चैव सान्धारे कामदं तथा ।
विमान नागरच्छन्दे कुर्याद्विमान पुष्पके ॥ २० ॥
नागरं शोभनं द्वारं तथा सिंहावलोकने ।
वलभ्यां भूमिजंमानं द्राविडं फासनाकृतौ ॥ २१ ॥
धातुजे रत्नजेचैव दारुजे च रथारुहे ।
यश्छन्दश्चैव प्रासादे द्वारं तन्मानकं भवेत् ॥ २२ ॥

વિમાન તથા વૈરાટ જાતિના પ્રાસાદને ભૂમિજ જાતીના પ્રાસાદ મુજબ દ્વારમાન કરવું, મિશ્રક તથા લતિનાદિ પ્રાસાદને નાગરાદિ જાતિના પ્રાસાદમાને દ્વાર કરવું, દશ હસ્તાદિ સાન્ધારાદિ પ્રાસાદને, વિમાન, નાગર તથા વિમાન પુષ્પક તથા સિંહાવલોકન પ્રાસાદને નાગરજાતિના પ્રાસાદમાને શોભિત દ્વાર કરવું, વલ્લી જાતિના પ્રાસાદને ભૂમિજ જાતિ પ્રાસાદ દ્વારમાને કરવું, ફાંસનાદિ તથા સુવર્ણાદિ ધાતુ અને મણિ માણેક આદિ રત્નોના પ્રાસાદોને તેમજ દારૂજાદિ અને રથારૂહાદિ જાતિના પ્રાસાદોને દ્રાવિડ જાતિના પ્રાસાદમાન પ્રમાણે દ્વાર કરવું.

દરેકને પોતાના છંદ મુજબ પ્રાસાદને દ્વારમાન કરવા.

"Aho Shrutgyanam"



प्रासादविभक्ति द्वार निर्णयो

तदनन्तरमुदिष्ट द्वाराणां लक्षणं शुभम् ।
ज्येष्ठ मध्यं कनिष्ठं च प्रत्येकं त्रिविध तथा ॥ २३ ॥
पद्मिनी नवशाखं च सप्तशाखं तु हस्तिनी ।
नन्दिनी पञ्चशाखं तु त्रिविधं चोत्तमं भवेत् ॥ २४ ॥

"Aho Shrutgyanam"

मुकुली मालिनी ज्येष्ठा गान्धारी सुभगा तथा ।
मध्यमेति द्विधा प्रोक्ता कनिष्ठा सुप्रभास्मृता ॥ २५ ॥
मुकुलीचाष्टशाखं च षटशाखं चैव मालिनी ।
गान्धारी च चतुःशाखं त्रिशाखं सुभगा स्मृता ॥ २६ ॥
सुप्रभा तुद्विशाखं चैकशाखं स्मरकीर्तितम् ।
नवान्तमेकशाखादि लक्षणं कथ्यतेऽधुना ॥ २७ ॥

દ્વારના શુભ લક્ષણ જુઓ જેષ્ઠ, મધ્યમ અને કનિષ્ઠ પ્રત્યેક ત્રિવિધ પ્રમાણ છે. નવશાખા પદ્મની, સપ્ત શાખ હસ્તિની પંચશાખ નન્દિની, એ ત્રણે પ્રકારની શાખ ઉત્તમ છે.

મુકુલી, માલિની-જેષ્ઠા, ગાંધારી અને સુભગા એ બે મધ્યમા, સુપ્રભા કનિષ્ઠા જાણવી.

અષ્ટશાખ મુકુલી, છ શાખ માલિની, ચારશાખ ગાંધારી, ત્રિશાખ સુભગા, દ્વિશાખ સુપ્રભા, એક શાખ કીર્તિ. નવ શાખથી એક શાખ સુધીના લક્ષણ હમણાં કહ્યાં.

द्वारशाखे आयादिनिर्णय

नवशाखे ध्वजश्चैको वृषभ पञ्चशाखिके ।
त्रिशाखे च तथा सिंहः सप्तशाखे गज स्मृतः ॥ २८ ॥
द्विशाखे धूम्र इत्युक्तमग्नि कर्म गृहं भवेत् ।
चतुः शाखे तु कर्तव्यः श्वानः कारुत्वजीविनाम् ॥ २९ ॥
षटशाखे चैव कर्तव्यः रजकादेः खर स्मृतः ।
ध्वाङ्क्षश्चैवाऽष्टशाखे तु विहङ्गादे स्तथा स्मृतः ॥ ३० ॥

નવશાખે ધ્વજાય દેવો, પંચશાખે વૃષાય, ત્રિશાખે સિંહાય, સપ્તશાખે ગજાય, દ્વિશાખે ધૂમ્રાય અગ્નિ કર્માદિ ગૃહમાં કરવી, ચતુઃશાખે શ્વાનાય તે ઉપર જીવનારને ગૃહે કરવી, ષટશાખે ખરાય ધોબી આદિના ગૃહે કરવી, અષ્ટશાખે ધ્વાંક્ષાય દેવો દૃષ્ટિ સૂત્રનું કામ કરનારને ત્યાં કરવી.

द्वारशाख निर्णय

नवशाख महेशस्य देवानां सप्तशाखिकम् ।
पंचशाख सर्वभौमे त्रिशाखं मण्डलेश्वरे ॥ ३१ ॥
एक शाखं भवेद् द्वारं शुद्रे वैश्ये द्विजे सदा ।
समशाखं च धूम्रायेश्वाने रासभ वायसे ॥ ३२ ॥

"Aho Shrutgyanam"

નવશાખ મહેશના દેવાલયે કરવી, બીજા સમસ્ત દેવોના પ્રાસાદને સપ્તશાખા, સમ્રાટો (ચક્રવર્તિ રાજા) ના રાજ્ય પ્રાસાદને પંચશાખાવાળા દ્વાર કરવા, માંડલિક રાજાઓને ત્રિ શાખા દ્વાર કરવા, બ્રાહ્મણ, વૈશ્ય અને ક્ષુદ્રના ગૃહોને એક શાખ કરવી, સમશાખ બે, ચાર, છ અને આઠ શાખ ધૂમ્ર, શ્વાન, ખર અને ધ્વાંક્ષ એ ઉપર આજીવિકા કરનારના ગૃહોમાં કરવી.

प्रासाद जातिरूपं यत् तद्वद् द्वारं च सूत्रतः ।
तलच्छन्दानु सारेण द्वारशाखा विभाजयेत् ।। ३३ ।।

જાતિને અનુરૂપ પ્રાસાદો અને પ્રાસાદોને અનુરૂપ સમસૂત્રે દ્વારો અને તલ છંદ અનુસાર દ્વારશાખાના વિભાગ કરવા.

शाखनुं न्युनाधिकमान

अङ्गुलं सार्धमर्धं वा कुर्याद्धिनं तथाधिकम् ।
आय दोष विशुद्धर्थं ह्रस्व वृद्धी न दुषयेत् ।। ३४ ।।

એક અંગુલ, દોઢ અંગુલ અથવા અર્ધા અંગુલ માનમાં આયાદિ મેળવવા પ્રમાણથી વધઘટ કરવામાં દોષરૂપ નથી.

द्वारशाख विस्तार मान

द्वारोच्छ्य प्रमाणेन शाखां विस्तरयेत्सुधीः ।
षडंशेन त्रिशाखा वै पञ्चशाखा च पञ्चभिः ।। ३५ ।।
सप्त शाखा युगांशेन नवशाखा त्रिभिस्ततथा ।
इदं मानञ्च ज्ञातव्यं शाखानां विस्तरे शुभम् ।। ३६ ।।

શિલ્પના જ્ઞાતાએ દ્વારની ઊંચાઇના માને શાખાઓની પહોળાઈ કરવી, છઠ્ઠા ભાગે ત્રિશાખા, પાંચમા ભાગે પંચશાખ, ચોથા ભાગે સપ્તશાખ અને ત્રીજા ભાગે નવશાખ કરવી. આ માન શાખાના વિસ્તારમાં શુભ જાણવું.

द्वारशाख विभक्ति निर्णय

त्रिशाख लक्षण

विश्वकर्मोवाच—

चतुर्भागांकितं कृत्वा त्रिशाखं वत्तयेत्ततः ।
मध्येद्विभागिकं कुर्यात् स्तम्भं पुरुष संज्ञकम् ।। ३७ ।।

"Aho Shrutgyanam"

स्त्रीसंज्ञा च भवेच्छाखा पार्श्वयोः पृथुभागिका ।
निर्गमश्चैकभागेन रूपस्तम्भे प्रशस्यते ॥ ३८ ॥
पट्टके विस्तारः कार्यः प्रवेशश्चतुरंशतः ।
कोणिका स्तम्भ मध्ये तु भूषणार्थाय पार्श्वतः ॥ ३९ ॥
शाखोत्सेधे चतुर्थांशे द्वारपालौ निवेशयेत् ।
कालिन्दी वामशाखायां दक्षिणे चैव जाह्नवी ॥ ४० ॥
गङ्गाऽर्कतमया युग्ममुभयोर्वाम दक्षिणे ।
गन्धर्वा निर्गमे कार्या एकभागा विचक्षणैं ॥ ४१ ॥
तत्सूत्रे खल्वशाखा च सिंहशाखा च भागिका ।
नन्दी च वामशाखायां कालो दक्ष लताश्रितः ॥ ४२ ॥
यक्षास्युरन्त शाखायां निधिहस्ताः शुभोदयाः ।
इति त्रिशाखं सम्प्रोक्तं पञ्चशाखमतः श्रृणु ॥ ४३ ॥

દ્વાર શાખના ચાર ભાગ કરી ત્રિશાખ કરવી, મધ્યમાં પુરુષસંજ્ઞક સ્તંભ બે ભાગનો કરવો, સ્ત્રી સંજ્ઞક શાખ બન્ને બાજુ કરવી અકેક ભાગની રૂપ સ્તંભનો નિકાળો એક ભાગનો કરવો, પટ્ટક એટલે શાખાનો આગળનો બહાર નીકળતો ભાગ અર્થાત્ દ્વારપાલવાળો ઠેકીનો ભાગ પ્રવેશથી ચોથા અંશે બહાર રાખવો, શાખા અને રૂપ-સ્તંભ મધ્યે બન્ને બાજુ શોભા માટે કર્ણિકાઓ કરવી.

શાખની ઊંચાઇના ચોથે અંશે દ્વારપાલો કરવા, વામશાખામાં યમુના અને જમણી શાખમાં ગંગાદેવી કરવા, બન્ને શાખોમાં ગંગા યમુના બન્નેનું જોડું વામ–દક્ષિણ કરવું તથા બુદ્ધિમાન શિલ્પીએ ગંધર્વ શાખા એક ભાગ નીકાળે કરવી, તે જ સૂત્રમાં ખલ્વ-શાખા અને એક ભાગની સિંહશાખ કરવી, વામશાખમાં નંદી નામના ગણની મૂર્તિ કરવી અને દક્ષિણુશાખમાં મહાકાલની મૂર્તિ કરવી, અંતની શાખમાં નિધિકુંભો યુક્ત સુશોભિત યક્ષ કરવા, આ રીતે ત્રિશાખ કરવી. હવે પંચશાખ માન સુણો.

पञ्चशाख लक्षण

शाखा विस्तारमानं च षड्भिर्भागैर्विभाजयेत् ।
एक भागा भवेच्छाखा रूप स्तम्भो द्वि भागिक ॥ ४४ ॥
निर्गमश्चैक भागेन रूप स्तम्भे प्रशस्यते ।
कोणिका स्तम्भ मध्ये च उभयो वाम दक्षिणे ॥ ४५ ॥

"Aho Shrutgyanam"

गन्धर्वा निर्गमे कार्या एक भागा विचक्षणैः ।
तत्सूत्रे खल्वशाखा च सिंह शाखा च भागिका ॥ ४६ ॥

सपादः सार्धभागो वा रुपस्तम्भः प्रशस्यते ।
उत्सेधे चाऽष्टमांशेन शस्तं शाखोदरंमतम् ॥ ४७ ॥

पत्र शाखा च गन्धर्वा रुपस्तम्भस्तुतीयकः ।
चतुर्थी खल्वशाखा च सिंह शाखाततः परम् ॥ ४८ ॥

पंञ्चशाख मिति ख्यातं संक्षेपात् कथितं मया ।
सप्तशाखं प्रवक्ष्यामि शृणु त्वम पराजिता ॥ ४९ ॥

શાખ વિસ્તારના છ ભાગ કરી પંચશાખાના વિભાગ કરવા. દરેક શાખ એકેક ભાગની કરવી, રૂપસ્તંભ બે ભાગ કરવો, રૂપસ્તંભ નીકાળે એક ભાગ કરવો પ્રશસંનીય છે. બંને બાજુ વામ દક્ષિણભાગે સ્તંભ તથા શાખાઓના મધ્યભાગમાં કોણિકાઓ કરવી, બુદ્ધિમાન શિલ્પીઓએ ગંધર્વશાખા નીકાળે એક ભાગની કરવી. તેમજ તેના તે જ સૂત્રમાં ખલ્વશાખા તથા સિંહશાખા એક ભાગની કરવી, રૂપસ્તંભ નીકાળે સવાચો તથા દોઢો કરવો પ્રશંસનીય છે. તથા ઊંચાઇના આઠમા ભાગે શાખાનું ઉદર કરવું પ્રશંસનીય છે, પહેલી પત્રશાખા, બીજી ગંધર્વશાખા, ત્રીજો રૂપસ્તંભ, ચોથી ખલ્વશાખા, પાંચમી સિંહશાખા, આ પંચશાખ પ્રસિદ્ધ છે તે મેં સંક્ષેપમાં કહી, હવે સપ્તશાખા લક્ષણ કહીશ, હે અપરાજિત સાંભળ.

सप्तशाख लक्षण

शाखा विस्तरयेन्मानं वसुभाग विभाजितम् ।
भाग भागाश्च शाखाः स्युर्मध्य स्तम्भो द्वि भागिके ॥ ५० ॥

कोणिका भाग पादेन विस्तारे निर्गमे तथा ।
निर्गमः सार्ध भागेन रुप स्तम्भः प्रशस्यते ॥ ५१ ॥


गंधर्वा सिंह शाखा च निर्गमो भाग एव च ।
निर्गमश्च तदर्धेन शेषं शाखा प्रशस्यते ॥ ५२ ॥

पत्रशाखा च गंधर्वा रूप शाखा तृतीयका ।
स्तंभशाखा भवेन्मध्ये रूप शाखा तुपञ्चमी ॥ ५३ ॥


"Aho Shrutgyanam"

षष्ठी स्यात् खल्वशाखा च सिंह शाखा च सप्तमी ।
प्रासाद कर्ण सहितं सिंह शाखाग्रसूत्रतः ॥ ५४ ॥

શાખ વિસ્તારના આઠ ભાગ કરી વિભાગ કરવા, દરેક શાખા એકેક ભાગની અને વચ્ચેનો રૂપસ્તંભ બે ભાગનો કરવો, વિસ્તારમાં તથા નીકાળે પા ભાગની કોણિકા કરવી, અને રૂપસ્તંભનો નીકાળો દોઢ ભાગ કરવો તે પ્રશંસનીય છે. ગંધર્વા અને સિંહશાખા નીકાળે અકેક તથા શેષ શાખાઓ નીકાળે અર્ધાભાગે કરવી પ્રશંસનીય છે. પહેલી પત્રશાખા, બીજી ગંધર્વશાખા, ત્રીજી રૂપશાખા, ચોથી રૂપસ્તંભ, પાંચમી રૂપશાખા, છઠ્ઠી ખલ્વશાખા અને સાતમી સિંહશાખા, આ સપ્તશાખા જાણવી, સિંહશાખા પ્રાસાદના કર્ણસૂત્રે રાખવી.



સપ્તશાખા તલ દર્શન



ઉત્તરંગ મૂર્તિ દર્શન

"Aho Shrutgyanam"

શંખુદ્વાર, ઉદમ્બર, ગર્ભગૃહ મણ્ડપ તલમાન

खुरकोर्ध्वेऽर्धचन्द्रस्स्यात् तदुर्ध्वं स्यादुदुम्बरः ।
उदुवारार्धत्र्यंशे वापादे वा गर्भ भूमिका ॥ ५५ ॥

मण्डपेषु च सर्वेषु पीठान्ते रङ्गभूमिका ।
एषा युक्तिर्विधातव्या सर्वकाम फलोदया ॥ ५६ ॥

उदुम्बरं तथा वक्ष्ये कुम्भिकान्तं तदुच्छयः ।
तस्यार्धेन त्रिभागेन पादोनरहितं तथा ॥ ५७ ॥

उक्तं चतुर्विध शस्तं कुर्याच्चैवमुदुम्बरम् ।
अत्युत्तमाश्च चत्वारो न्युना दुष्यास्तथाधिकाः ॥ ५८ ॥

ખુરકના ઉપર અર્ધચંદ્ર સ્થાપવો, તેના ઉપર ઉદમ્બર. ઉદમ્બરના અર્ધ ત્રિભાગે અથવા ચતુઃભાગે ગર્ભગૃહની ભૂમિ કરવી. સર્વ મંડપની ભૂમિપીઠ બરાબર કરવી. રંગ મંડપની ભૂમિ પીઠના અંતે કરવી, એ પ્રમાણે યુક્તિએ કાર્ય કરવાથી સર્વ કામ ફલદાયક થાય છે, ઉદમ્બર કુંભાની બરાબર ઊંચો કરવો અથવા તેના અર્ધભાગે ત્રિભાગે તથા ચોથે ભાગે હીન કરવા. એ ચતુર્વિધમાન પ્રમાણે ઉદમ્બર કરવો. અતિ-ઉત્તમ એ ચાર માન છે, ન્યૂન અધિક દોષકર્તા છે.

अर्ध चन्द्र

अर्धचन्द्रं प्रवक्ष्यामि यथोक्तं लक्षणान्वितम् ।
द्वारस्य विस्तरार्धेन कर्तव्य स्तस्य निर्गमः ॥ ५९ ॥

निर्गमस्य प्रमाणेन द्विगणं दैर्घ्यतस्तः ।
त्रिभागं चोत्सृजेत भागं वृत्तं तु भ्रामयेत्तत ॥ ६० ॥

अर्धचन्द्रा कृतिं कुर्याच्छाखाग्रे गर्भ कान्वितम् ।
गगारक याम्योत्तरे तस्यान्ते चैव पादूकाः ॥ ६१ ॥

पत्र शाखा समायुक्ताः पद्माकारैरलङ्कृताः ।
गगारकौ च द्वा मध्ये वृतस्य वामदक्षिणे ॥ ६२ ॥

नाम्युद् भवलता मध्ये गगारोदर निर्गमः ।
एव मुक्तश्चार्धचन्द्रः सर्व काम फलप्रदः ॥ ६३ ॥

"Aho Shrutgyanam"

અર્ધચંદ્રના યથાવૃત્ત લક્ષણ કહું છું. દ્વારના વિસ્તારથી અર્ધ ભાગે નિર્ગમ કરવો. નિર્ગમથી બેગણો લાંબો કરવો. તેના ત્રણ ભાગ કરવા. એક ભાગનું વૃત્ત ફેરવવું, એટલે બે ભાગ અર્ધચંદ્ર થયો. બન્ને શાખાના ગર્ભે અર્ધ ચંદ્રાકૃતિ કરવી. બન્ને બાજુ ડાબી જમણી બાજુ અર્ધ અર્ધ ભાગના કરવા, પત્રશાખાની બરાબર કમલાકૃતિ અલંકૃત કરવી, બે ગગારકની મધ્યે વૃત્ત કરવું. ડાબી જમણી બાજુ ગગારક કરવા. શંખ અને લત્તા બરાબર ગગારકનો નિકાળો કરવો, એ પ્રમાણે વિભક્ત અર્ધચંદ્ર સર્વ પ્રકારના કાર્યમાં ફલદાયક છે.

अर्ध चन्द्र

खुरकेन समं कुर्यादर्धचन्द्रस्य चोछ्रितिः ।
द्वार व्यास समं दैर्ध्यं निर्गमं च तदर्धतः ॥ ६४ ॥
द्वि भागमर्ध चन्द्रश्च भागेन दौ गगारकौ ।
शङ्ख पत्र समायुक्तं पद्मा कारैरलङ्कृतम् ॥ ६५ ॥

ખુરાના મથાળા બરાબર અર્ધચંદ્ર કરવો, દ્વારની પહોળાઇ જેટલો લાંબો અને તેનાથી અર્ધભાગે પહોળો કરવો, અર્ધચંદ્રભાગ–૨ અને અર્ધા અર્ધા ભાગના બે ગગારક કરવા, અર્ધચંદ્ર અને ગગારકની વચ્ચે શંખ પત્રયુક્ત કરવો અને અર્ધચંદ્ર પદ્મ યુક્ત અલંકૃત કરવો.

उदम्बरमान

मूल कर्णस्य सूत्रेण कुंभेनोदुम्बरं समम् ।
तदधः पञ्चरत्नानि स्थापयेत् शिल्प पूजनात् ॥ ६६ ॥
द्वारव्यासत्रि भागेन मध्ये मंदारिको भवेत् ।
वृत्तं मंदारिकं कुर्यात् मृणाल पत्र संयुतम् ॥ ६७ ॥
जाड्य कुंभः कणाली च कीर्तिर्वक्त्रद्वयं तथा ।
उदुम्बरस्य पार्श्वे च शाखायास्तल रूपकम् ॥ ६८ ॥

મૂલકર્ણ (પ્રાસાદની રેખા) ના એક સૂત્રમાં કુંભાની બરાબર ઉદમ્બર રાખવો. ઉદમ્બર તથા શિલ્પીની પૂજા કરી પંચરત્ન મૂકી ઉદમ્બર સ્થાપવો, દ્વારની પહોળાઇના ત્રીજા ભાગે મધ્યમાં મંદારિકા કરવો અને તે અર્ધ ચંદ્રાકારે ગોળ કરવો, તથા તેને કમળપત્ર સંયુક્ત કરવો, અર્ધ ચંદ્રાકાર માણાની નીચે જાડંબો કર્ણી યુક્ત કરવો તથા મંદારિકાની બન્ને બાજુ કોણિકા તથા (કીર્તિવક્ત્ર) ગ્રાસના મુખ કરવા, ઉદમ્બરની બન્ને બાજુ જે જાતની શાખાઓ હોય તેના તલ મુજબ તલરૂપ કરવાં.

"Aho Shrutgyanam"

उदम्बर ततो वक्ष्ये कुंभतस्योदयं भवेत् ।
तस्यार्धेन त्रिभागेन पादोन हृतोत्तमं ॥ ६९ ॥

चतुर्विध तथा स्वस्थं कुर्याश्चैवमुदुम्बरम् ।
उत्तमोत्तम चत्वारो न्यूनाधिकाश्च दोषदा ॥ ७० ॥

उदम्बरांते हृते कुंभी स्तम्भ च पूर्ववत् ।
सांधारेस्य निरन्धारे कुंभि कृत्वा मुदम्बरम् ॥ ७१ ॥

ઉદમ્બરની ઊંચાઈ કુંભા બરાબર કરવી. તેનાથી અર્ધ ભાગે ત્રીજા ભાગે, તથા ચોથા ભાગે ઉદમ્બર નીચો ગાળવો (ઊતારવો). આ રીતે ચારમાન ઉત્તમોત્તમ કહેલ છે, તેનાથી અધિક ન્યૂન દોષકર્તા છે, કુંભીથી ઉદમ્બર (હૃત કરવો) ગાળવો. પરંતુ કુંભીસ્તંભ પૂર્વમાન મુજબ રાખવા, સાન્ધાર તથા નિરન્ધાર પ્રાસાદને કુંભીથી ઉદમ્બર માપવો.

उत्तरंगमान

उदुम्बर सपादेन उत्तरङ्ग विनिर्दिशेत् ।
विभज्यते तदुच्छ्रायः भागा अथैक विंशतिः ॥ ७२ ॥

पत्र शाखा विशाखा च द्वि सार्ध तु प्रकारयेत् ।
मालाधरं त्रिभागं च कर्त्तव्यं वामदक्षिणे ॥ ७३ ॥

पादोना छज्जीका पट्टी पादोना चोर्ध्व फालना ।
रथिका सप्त भागाश्च भागैकं कंठ मेव च ॥ ७४ ॥

षड भागमुत्सेधं कार्य—मुद्गम च प्रशस्यते ।
इदशं कारयेत्प्राज्ञः सर्व यज्ञ फलं भवेत् ॥ ७५ ॥

यस्य देवस्य या मूर्तिः सैव कार्योन्तरङ्गके ।
परिवारश्च शाखायां गणेश श्चौतरङ्गके ॥ ७६ ॥

ઉત્તરંગનું માન તથા ઘાટ વિભાગ ઉદમ્બરથી સવાયો જાડો ઉત્તરંગ કરવો, તેના ઊંચાઇના એકવીશ ભાગ કરવા. નીચેથી પત્રશાખા, વિશાખા અઢીભાગમાં, માલાધર ત્રણભાગ, ડાબી જમણી બન્ને બાજુ કરવાં. તેના ઉપર પોણા ભાગની પટ્ટી, ઉભા ફાલનાના ખાંચાઓ પોણા પોણાભાગના, છજા ઉપર સાત ભાગની રથિકા, તેના ઉપર એક ભાગનો કંઠ (છાજલી જેવો) તે ઉપર છ ભાગ ઊંચાઇના દોઢીયા ગાળામાં ગ્રાસ-

"Aho Shrutgyanam"

મુખ આ રીતે ઉત્તરંગની ઊંચાઇના ભાગ વિદ્વાન શિલ્પીએ કરવા તેથી સર્વ યજ્ઞનું ફલ મળે છે, જે દેવ પ્રાસાદમાં પધરાવ્યા હોય તેની મૂર્તિ ઉત્તરંગમાં કરવી, અથવા શાખામાં પરિવાર કરવા અને ઉત્તરંગે ગણેશ મૂર્તિ કરવી.

जिनेन्द्रस्य प्रतिहारौ

इन्द्र इन्द्रजयश्चैव महेन्द्रो विजयेन्द्रकः ।
धरणेन्द्रः पद्मकश्च सुनाभ सुरदुन्दुभिः ॥ ७७ ॥
इत्येष्टौ च प्रतिहाराः वीतरागा दिशान्तिदाः ।
पृथमे कैकशश्चैव कथयिष्याम्यनुक्रमम् ॥ ७८ ॥

ઇંદ્ર, ઇંદ્રજય, મહેન્દ્ર, વિજય, ધરણેંદ્ર, પદ્મક, સુનાભ, સુરદુંદુભિ એ આઠ જિન પ્રતિહારો જાણવા, તેને પૂર્વાદિ દિશાથી અનુક્રમે યુગ્મ (બબ્બે) સ્થાપવા. હવે અનુક્રમે પૃથક-પૃથક કહું છું.

पूर्वदिक् प्रतिहारौ

फलं वज्राङ्कुशो दण्ड इन्द्रोऽसव्ये इन्द्रजयः ॥ ७९ ॥

ઇંદ્રઃ–ફલ, વજ્ર, અંકુશ અને દંડને ધારણ કરનાર પૂર્વદિશાના ડાબા અંગના પ્રતિહાર જાણવા.

ઇંદ્રજયઃ–શસ્ત્ર સવ્ય અપસવ્યે પૂર્વદિશાના જમણા અંગના પ્રતિહાર ઇંદ્રજય જાણવા. આયુધો ઉપર મુજબ સમજવા.

दक्षिणदिक् प्रतिहारौ

दौ वज्रो फल दण्डौ च महेन्द्रोऽसव्ये विजयः ॥ ८० ॥

મહેન્દ્રઃ–બે વજ્ર, ફલ અને દંડ ધારણ કરનાર દક્ષિણદિશાના ડાબા અંગના પ્રતિહાર મહેન્દ્ર જાણવા.

વિજયઃ–શસ્ત્ર, સવ્યાપસવ્યે દક્ષિણદિશાના ડાબી બાજુના પ્રતિહાર વિજય જાણવા.

पश्चिमदिक् प्रतिहारौ

वज्रा भय फणीदण्डै धरणेन्द्रश्च पद्मकः ॥ ८१ ॥

ધરણેન્દ્રઃ–વજ્ર, અભય, સર્પ અને દંડને ધારણ કરનાર પશ્ચિમદિશાના વામ અંગના પ્રતિહાર ધરણેન્દ્ર જાણવા.

પદ્મકઃ–સવ્યાપસવ્ય શસ્ત્રોથી પશ્ચિમદિશાના જમણા અંગના પ્રતિહાર પદ્મક જાણવા.

"Aho Shrutgyanam"

उत्तरदिक् प्रतिहारो

फल वंशी द्वयं दण्डः सुनाभः सुरदुन्दुभिः ॥ ८२ ॥

સુનાભઃ–ફલ, બન્ને હસ્તમાં વાંસળી (निधिहस्ता) અને દંડ ધારણ કરેલ ઉત્તરદિશાના ડાબા અંગના પ્રતિહાર જાણવા.

સુરદુંદુભિઃ–સવ્યાપસવ્ય આયુધોથી ઉત્તરદિશાના જમણા અંગના પ્રતિહાર સુરદુંદુભિ જાણવા.

દરેક પ્રતિહારોને હસ્તિ વાહન કરવું.

इत्यष्टौ च जिनेन्द्रस्य प्रतिहाराश्च शान्तिदाः ।
नगरादौ पुरे ग्रामे सर्व विघ्न प्रणाशनाः ॥ ८३ ॥

આ આઠે જિનેશ્વર પ્રભુના પ્રતિહારો शान्तिदायક જાણવા. નગર, પુર, ગામમાં સ્થાપવાથી સર્વ વિઘ્નનો નાશ કરે.

॥ इति जिनेन्द्रस्य अष्ट प्रतिहाराः ॥

विषमस्था शुभाचैवं विषमेचा शुभोद्गमः ।
दृष्टि दोष विपाकेन स्थान नाशो धनक्षयम् ॥ ८४ ॥

नगरे च पुरे ग्रामे राष्ट्रेतीर्थे तपोवने ।
वाह दृष्टिहतं यच्च न पुनस्तत्प्ररोहति ॥ ८५ ॥

વિષમ સ્થાનમાં દૃષ્ટિ શુભ છે, અને વિલોમ સ્થાનમાં રહેલ દૃષ્ટિ અશુભની ઉત્પત્તિ કરે છે. દૃષ્ટિ દોષના પરિણામે સ્થાનનો નાશ તથા ધનનો ક્ષય થાય છે. નગર, ગ્રામ, પુર, રાષ્ટ્ર, તીર્થ, તપોવન અને આશ્રમ. આ સ્થાનોમાં જો વિલોમ સ્થાનમાં રહેલી દેવોની દૃષ્ટિથી હણાય તો તે ફરી સજીવન થતા નથી, અર્થાત્ સમૂલ નષ્ટ થાય છે.

उर्ध्व दृष्टिर्द्रव्यनाशो भोगहानिरधस्तथा ।
सुखदा सर्वकाले च समदृष्टि न संशयः ॥ ८६ ॥

ચોગ સ્થાનથી ઊંચી દૃષ્ટિ હોય તો દ્રવ્યનો નાશ થાય, અને નીચી દૃષ્ટિ હોય તો ભોગની હાનિ કરે, સમદૃષ્ટિ સર્વકાળ સુખ આપનારી છે, એમાં કોઇ વાતનો સંશય રાખવો નહિ.

द्वारोच्छ्रोयोऽष्ट धाभक्तं उर्ध्व भागं परित्यजेत् ।
सप्तमा सप्तमे भागे तस्मिन् दृष्टिस्तु शोभना ॥ ८७ ॥

द्वीपार्णव–क्षीरार्णव

"Aho Shrutgyanam"

દ્વારની ઊંચાઈના આઠ ભાગ કરી, ઉપરનો આઠમો ભાગ તજી અને સાતમા ભાગના આઠ ભાગ કરી તેના સાતમા ભાગે દેવોની દૃષ્ટિ રાખવી તે શોભાયમાન જાણવું. ક્ષીરાર્ણવ

आयभागे भजेद द्वार–मष्टममुर्ध्वं तस्यजेत् ।
सप्तम सप्तमे दृष्टि–र्वृष सिंह ध्वजे शुभा ॥ ८८ ॥

પ્રાસાદમંડન

દ્વારના ઉદમ્બર અને ઉત્તરંગ વચ્ચેના આઠ ભાગ કરવા, તેમાં ઉપરનો આઠમો ભાગ તજવો, સાતમા ભાગના આઠ ભાગ કરી ઉપરનો એક ભાગ તજવો. સાતમા ભાગના સાતમે ભાગે દૃષ્ટિ રાખવી. દૃષ્ટિ, વૃષ, સિંહ અને ધ્વજાયે શુભ જાણવી. પ્રાસાદમંડન

ठक्कुर फेरूनुं दृष्टि विधान (वास्तुसार)

दस भागकय दुवारं, उदुम्बर–उत्तरंगमज्झेणं ।
पढमंसि सिव दिट्ठी, बीए सिवसत्तिजाणेह ॥ ८९ ॥

सयणा सण सुर तइए, लच्छी नारायणं चउत्थेय ।
वाराहं पंचमए, छट्ठंसे लेव चित्तस्स ॥ ९० ॥

सासणसुर सत्तमंए, सत्तमसत्तंसि वीयरागस्स ।
चंडिय भरुरव अडमे, नवमिंदा चमर छत्तधरा ॥ ९१ ॥

दसमे भाए सुन्नं, अहवा गंधव्वर रक्खसा चेव ।
दिढाउ कमि ढविज्जइ, सयल सुराणं च दिठी अ ॥ ९२ ॥

इति वास्तुसार दृष्टि विधान ॥

ઉદમ્બરથી ઉત્તરંગ વચ્ચેના દ્વારોદયના દશ (૧૦) ભાગ કરીને દૃષ્ટિ સ્થાન નક્કી કરવું, (૧) પ્રથમ ભાગે શિવદૃષ્ટિ. (૨) બીજા ભાગે શિવ શક્તિ, (૩) ત્રીજા ભાગે શેષશાયી, (૪) ચોથા ભાગે લક્ષ્મીનારાયણ, (૫) પાંચમા ભાગે વરાહ, (૬) છઠ્ઠાભાગે લેપચિત્રની મૂર્તિ, (૭) સાતમા ભાગે શાસન દેવોની, (૭) સાતના સાતમાં ભાગમાં (સાતમાં ભાગના દશ ભાગ કરી સાતમા) વીતરાગ દેવની, (૮) આઠમા ચંડિકા ભૈરવ, (૯) નવમામાં ચમરધર, છત્રધર દેવોની દૃષ્ટિ, (૧૦) દશમો ભાગ દૃષ્ટિ રહિત રાખવો, અથવા ગંધર્વ રાક્ષસની દૃષ્ટિ રાખવી. વાસ્તુસાર

ठक्कुर फेरा विशेष दृष्टि विधान

भागट्ठ भणंतेगे सत्तम्–सत्तंसि वियरागस्स ।
गिह देवालि पुणेवं, कीरइ जह होइ वुड्ढिकरं ॥ ९३ ॥

"Aho Shrutgyanam"

કોઈ દ્વારના (૮) આઠ ભાગ કરીને સાતમાના સાતમા ભાગમાં વીતરાગની દૃષ્ટિ સ્થાપવાનું કહે છે. પણ આમ ઘર દેરાસરમાં કરવું જોઈએ કે જેથી વૃદ્ધિકારક થાય. વાસ્તુસાર

आचार्य वसुनन्दि

विभज्य नवधा द्वारं, तत्षड्ढ भागान धस्त्यजेत् ।
उर्ध्वं द्वौ सप्तमं तद्वद् विभज्य स्थापयेद् दृशम् ॥ ९४ ॥

प्रतिष्ठा सारोद्धार ॥

દ્વારના (૯) નવ ભાગ કરી (૬) છ નીચે અને (૨) બે ઉપર છોડવા પછી સાતમા ભાગના નવ ભાગ કરી સાતમા ભાગમાં દૃષ્ટિ સ્થાપન કરવી.

द्वारप्रतिष्ठा

द्वारस्य चोच्छ्रयः कार्यः शुभचन्द्र बल स्थितौ ।
खातं कृत्वोदुम्बरस्य पञ्चरत्नानि निक्षिपेत् ॥ ९५ ॥
शाखाश्चोदुम्बरश्चैव हीनाश्चवोत्तरङ्गत् ।
वस्त्रेणाच्छादितं कृत्वा वास्तुदेव समर्चयेत् ॥ ९६ ॥
आदौ दक्षिण शाखायां स्थापनं कुरुते ध्रुवम् ।
शाखोत्सेध चतुर्थांशे द्वारपालो प्रपूजयेत् ॥ ९७ ॥

अपराजित पृच्छा-सूत्र संतान-दृष्टि प्रमाण

દ્વારના ૬૪ ભાગ કરી દરેક દેવોના દ્રષ્ટિ સ્થાન નક્કી કરેલ હોય છે. અપરાજિતપૃચ્છા પ૭મા ભાગમા રુદ્ર છે. સૂત્રસંતાનમાં શુક્રાચાર્યનું દ્રષ્ટિસ્થાન જણાવેલ છે. આ સિવાય બીજો મતભેદ નથી.

દરેક દ્રષ્ટિસ્થાનો એકી, વિષમ શુભ કહેલ છે, ૬૪ માંથી ૩૨ દ્રષ્ટિસ્થાનો છે.

ક્ષીરાર્ણવ અને દ્વીપાર્ણવમાં ૩૨ ભાગ કહેલ છે. અને નીચેના આઠ ભાગથી અઢાર ભાગ સુધી બેકી (સમ) ભાગ લીધેલ પછી બન્ને સમ વિષમ ભાગમાં દ્રષ્ટિસ્થાન આપેલ છે.

क्षीरार्णव-द्वीपार्णव विशेष देव द्रष्टस्थान

દ્વારના ૮ ભાગ કરી ઉપરનો એક ભાગ તજી સાતમા ભાગમાં આઠ ભાગ કરી એક ઉપરનો ભાગ તજી સાતના સાતમાં ભાગમાં દ્રષ્ટિસ્થાન રાખવું.

પ્રાસાદમંડન—ઉપર મુજબ આઠ ભાગ કરી સાતમા ભાગમાં આઠ ભાગ કરી સાતમા ભાગે દ્રષ્ટિ રાખવી, તેમ કહે છે પણ દ્રષ્ટિ **वृषेसिंह ध्वजे शुभाः** એટલે સાતમા ભાગમાં સાત ભાગમાં ૧-૩-૫ ભાગમાં વિશેષ દ્રષ્ટિસ્થાન જણાવેલ છે, ૭ મો ભાગ જે ગજસ્થાન છે. તે પહેલા દ્રષ્ટિસ્થાનમાં જણાવેલ છે, આ સિવાય બીજા કોઈ શાસ્ત્રમાં આયાદિ મેળવી દ્રષ્ટિસ્થાન નક્કી કરવું. તેમ જણાવેલ નથી; ઉપર મુજબ સિવાય તેનો કોઇ વિકલ્પ નથી. બીજી વખત આઠ ભાગ કરવાનું કહેલ નથી કે સાતના સાતમાં ભાગમા આઠ ભાગ કરી આયાદિ મેળવવા.

"Aho Shrutgyanam"

सहिरण्यैः सुफल शैर्वस्त्रैराच्छादितैः क्रमात् ।
उदुम्बरस्माऽभिषेक स्तथा शाखोत्तरङ्गयो ॥ ९८ ॥
उदुम्बरे च शाखायां प्रतिष्ठा च यथोच्यते ।
कार्या तथा चोत्तरङ्गे प्रतिष्ठा सर्व कामदा ॥ ९९ ॥
शिल्पिनं पूजयेत्तत्र वस्त्रालङ्कार भूषणैः ।
अन्ये च पूजनीयास्ते तत्रये कर्मचारिणः ॥ १०० ॥
विश्रामस्तदिने वास्तुः सर्व विघ्न प्रशान्तिकृत् ।
तदग्रे कथितव्यं च द्वारसूत्र प्रमाणकम् ॥ १०१ ॥

દ્વાર પ્રતિષ્ઠા કાર્ય શુભચંદ્ર બલ જોઈ કરવી, ઉદમ્બર નીચે ખોદી પંચરત્ન પધરાવવા, શાખા ઉદમ્બર અને પછી ઓત્તરંગ વસ્ત્રથી, આચ્છાદિત કરી વાસ્તુદેવનું પૂજન કરવું, પહેલી જમણી શાખ નિશ્ચિત સ્થાપવી. શાખના ચોથે ભાગે રહેલ દ્વારપાલોનું પૂજન કરવું. હિરણ્ય દક્ષિણા, વસ્ત્ર આચ્છાદિત કરવાં. ઉદમ્બર, શાખો તથા ઉત્તરંગને અભિષેક કરવો. ઉદમ્બર શાખાઓની પ્રતિષ્ઠા કરવી, અને ઉત્તરંગની પ્રતિષ્ઠા સર્વ કામને આપવાવાળી છે, શિલ્પીનું વસ્ત્રાલંકાર આપી પૂજન કરવું, અને બીજા કર્મચારીનું પૂજન કરી સન્માન કરવું, અને વાસ્તુકર્મ શુભદિને કરવાથી સર્વ વિઘ્નનો નાશ થાય. હવે દ્વારસૂત્રના પ્રમાણો આગળ કહું છું.

वत्सदिक्

कन्या दित्रिषु पूर्वतो यमदिशि त्याज्यं चचापादितो ।
द्वारं पश्चिम तस्त्रिके जलचरात्सौम्ये रवौ युग्मतः ॥ १०२ ॥
तस्माद्व्ययस्त दिशामुखं तु भवन द्वारादिक् हानिकृत् ।
सिंहेचाऽथ वृषे च वृश्चिक घटं याते हितं सर्वतः ॥ १०३ ॥

પ્રાસાદમંડન :—સાતમો આખો ભાગ દ્રષ્ટિસ્થાન માટે લીધેલ છે. સમ ભાગ છોડી વિષમ ભાગ આયાદિ મેળવવા લીધેલ છે.

વાસ્તુસાર :—ઠક્કુર ફેરૂના દ્રષ્ટિસ્થાન જુદા આવે છે. તેણે અષ્ટ ભાગના દ્રષ્ટિસ્થાનને ગૃહપ્રાસાદ માટે શુભ કહેલ છે.

વસુનંદિ કૃત પ્રતિષ્ઠાસારોદ્ધાર


દ્વારના ૯ ભાગ કરી સાતમા ભાગમાં ૯ ભાગ કરી સાતમા ભાગે દ્રષ્ટિસ્થાન કહેલ છે, અપરાજિત-સૂત્રસંતાન જિન દ્રષ્ટિસ્થાન (૬૪) ચોસઠ ભાગના (૫૫) પંચાવન ભાગે જણાવેલ છે જે આઠ ભાગના સાતમા ભાગના સાતમા ભાગ સાથે જ આવે છે.

વિશેષે કરીને સર્વ દ્રષ્ટિ માનો અપરાજિત તથા સૂત્રસંતાનના વિષમ સ્થાન એટલે આયાદિ મુજબ છે. આય વિષમ શુભ છે. સમ નિષેદ્ધ છે, માટે વિષમ સ્થાનમાં દ્રષ્ટિસ્થાન રાખવું શુભ છે.

"Aho Shrutgyanam"

વત્સદિક્ :—કન્યા, તુલા અને વૃશ્ચિક રાશિના સૂર્યમાં વત્સ પૂર્વ દિશામાં રહે. ધન, મકર અને કુંભરાશિના સૂર્યમાં દક્ષિણ દિશામાં. મીન, મેષ અને વૃષ રાશિના સૂર્યમાં વત્સ પશ્ચિમ દિશામાં. મિથુન, કર્ક અને સિંહ રાશિના સૂર્યમાં વત્સ ઉત્તર દિશામાં રહે છે. વત્સ જે દિશામાં હોય તે દિશામાં દ્વાર મૂકવું નહિ, હાનિકર્તા છે, પણ સિંહ, વૃષ અને કુંભ રાશિમાં ચારે દિશાના દ્વાર મૂકવામાં દોષ નથી, હિતકારક છે.

वत्सचक्र



द्वारचक्र

सूर्यर्क्षाद्युगमैः शिरस्थ फलं लक्ष्मीस्ततः कोण मै ।
र्नागैरुद्वसनं ततो गजमितैः शाखासु सौख्यं भवेत् ॥ १०४ ॥
देहल्यां गुण भैर्भृतिर्गृहपतेर्मध्य स्थितैर्वेदभैः ।
सौख्यं चक्र मिदं विलोक्य सुधिया द्वारं विधेयं शुभम् ॥ १०५ ॥

द्वारचक्र ॥

"Aho Shrutgyanam"

સૂર્યનક્ષત્રથી ૪ નક્ષત્રો ઉત્તરંગે તેનું ફળ લક્ષ્મી પ્રાપ્તિ, તે પછીના આઠ અનુક્રમ કોણે ફલ ઉદાસ. તે પછીના આઠ નક્ષત્રો શાખામાં ફલ સુખ પ્રાપ્તિ, ૩ નક્ષત્ર ઉમરામાં ગૃહપતિનું મરણ, ૪ દ્વાર મધ્યે ફલ સુખ લાભ. આ પ્રમાણે બુદ્ધિમાને ચક્ર જોઈ દ્વાર સ્થાપન કરવું શુભ છે.

દ્વારચક્ર

૨ નેષ્ટ	૪ શુભ	૨ નેષ્ટ
શુભ ૪	શુભ ૪	શુભ ૪
નેષ્ટ ૨	નેષ્ટ ૩	નેષ્ટ ૨

દ્વાર સ્થાપન યોગ

भवेत्पूषणी मैत्र पुष्ये च शक्रे ।
करे दस्रचित्राऽनिलेचारितौ च ॥ १०६ ॥

"Aho Shrutgyanam"

गुरुश्चन्द्र शुक्रार्क सौम्ये च वारे ।
तिथौ नन्दपूर्णाजया द्वारशाखा ॥ १०७ ॥

દ્વારસ્થાપન નક્ષત્રો દ્વાર

રેવતી, અનુરાધા, પુષ્ય, જ્યેષ્ઠા, હસ્ત, અશ્વિની, ચિત્રા, સ્વાતી, પુનર્વસુ, એ નવ નક્ષત્રો અને ગુરુ, સોમ, શુક્ર, રવિ, બુધ, નંદા, જયા, પૂર્ણા તિથિ દ્વાર સ્થાપન કરવું શુભ છે. વાસ્તુમુક્તાવલિ

अन्ययोग

चरे स्थिरे च नक्षत्रे बुध शुक्र दिन तिथौ ।
शुभे कपाटयोगः स्याद् द्विस्वभावोदये गृहे ॥ १०८ ॥

સ્વાતિ પુનર્વસુ, શ્રવણ, ધનિષ્ઠા, સતભિષા, રોહિણી અને ત્રણ ઉત્તરા એ નવ નક્ષત્ર, બુધ, શુક્ર ૧-૨-૩-૫-૭-૧૦-૧૧-૧૩-૧૫ એ તિથિઓ દ્વિસ્વભાવ રાશિ દ્વાર સ્થાપન કરવાથી શુભ ફળ આપે છે. વાસ્તુરત્નાકર

द्वार स्थापन विधि

यस्योन्दुरुर्विघ्नचयं विनाशते विकाशते बुद्धिमनूप शुद्धिः ।
हेरम्बमादौ हृदि सन्निधाय, तनोम्यहं द्वारन्यासनीतिम् ॥ १०९ ॥

યજમાન સપત્ની સહિત સ્નાન કરી, નૂતન વસ્ત્રો ઉપવસ્ત્રો પહેરી, પૂર્વ સન્મુખ બેસી, દીપ પ્રગટાવે, પવિત્રી પહેરી આચમન પ્રાણાયામ કરવો. કુશ (દર્ભ) ત્રણ લઈ પાણીથી માર્જન કરવું.

अपवित्रोः पवित्रोवाः सर्वास्थांगतोपिवा એ મંત્રથી માર્જન કરવું.

प्रासाद द्वार प्रतिष्ठा विधि

चैत्यद्वार समारोपो, विधेयो विधिपूर्वकम् ।
यस्माद् द्वारमुखं चैत्यं शस्तद्वारं शुभावहम् ॥

ચૈત્યનો દ્વારરોપ વિધિપૂર્વક કરવો જોઇએ, કારણકે દ્વાર ચૈત્યનું મુખ છે. શુભ દ્વારવાળું ચૈત્ય જ શુભ ફલદાયક થાય છે.

પ્રાસાદનું દ્વાર ઉભું કરતાં પહેલાં તેના અંગોનો અભિષેક કરી અધિવાસના કરવા સાથે તેના અંગોમાં દેવતાઓનો ન્યાસ કરવો, એનું નામ દ્વાર પ્રતિષ્ઠા છે. દ્વાર પ્રતિષ્ઠાનું મુહૂર્ત નક્કી કરી. પ્રતિષ્ઠોપયોગી અભિષેકની ઔષધિઓ વિગેરે દ્રવ્યો પ્રથમ તૈયાર કરી રાખવાં, મુહૂર્તના દિવસે પ્રથમ પ્રાસાદના દ્વારપાલોનું નામ મંત્રોચ્ચારપૂર્વક સુગન્ધી

"Aho Shrutgyanam"

દ્રવ્યોવડે પૂજન કરવું. પ્રત્યેક દિશાના દ્વારપાલો ભિન્ન ભિન્ન હોય છે. માટે જે દિશાનો પ્રાસાદ હોય તે દિશાના દ્વારપાલોની પૂજા કરવી. પૂર્વાદિદિશામુખ. જૈન પ્રાસાદના દ્વારપાલોની અનુક્રમે પૂર્વદિશા :–૧ ઇન્દ્ર, ૨ ઇન્દ્રજય. દક્ષિણ દિશા :–૧ મહેન્દ્ર, ૨ વિજય. પશ્ચિમદિશા :–૧ ધરણેન્દ્રાય, ૨ પદ્માય. ઉત્તરદિશા :–૧ સુનાભ, ૨ સુરદુંદુભિ એ નામના બબ્બે જાણવા. માટે જે દિશામુખનું દ્વાર હોય તે દિશા મુખના દ્વારપાલોનું નીચે પ્રમાણે મંત્ર ભણી વાસક્ષેપે પૂજા કરવી.

૧. પૂર્વમુખદ્વારે ॐ ઇન્દ્રાય નમઃ ॐ ઇન્દ્રજયાય નમઃ ।

૨. દક્ષિણમુખદ્વારે ॐ માહેન્દ્રાય નમઃ ॐ વિજયાય નમઃ ।

૩. પશ્ચિમમુખદ્વારે ॐ ધરણેન્દ્રાય નમઃ ॐ પદ્માય નમઃ ।

૪. ઉત્તરમુખદ્વારે ॐ સુનાભાય નમઃ ॐ સુરદુન્દુભ્યે નમઃ ।

પ્રથમ નામ મંત્રથી પોતાના જમણા હાથ તરફની બાર શાખના સ્થાને અને બીજા નામ મંત્રથી ડાબા હાથ તરફની બાર શાખના સ્થાને વાસક્ષેપ કરી દ્વારપાલોનું પૂજન કરવું. પછી દ્વારના અંગો, બે શાખાઓ. ઉંબરો અને ઉત્તરંગનું પૂજન કરવું. ૧ સપ્તધાન્ય, ૨ પંચરત્ન, ૩ મંગલમાટી, ૪ કષાયછાલ, ૫ મૂલિકાચૂર્ણ, ૬ અષ્ટવર્ગ, ૭ પંચગવ્ય ૮ સુવર્ણરજ, ૯ તીર્થજળ આ નવ દ્રવ્યો જળમાં નાખીને તે જળવડે અભિષેક કરવો, દ્વારાંગોને ધોઈ લૂછીને વસ્ત્ર સમર્પણ કરવું. કેસર, કુમકુમ અક્ષત પુષ્પ ચડાવવા. દિક્પાલને આવાહ્ન કરી બલી દેવા, વાસ્તુપૂજન કરવું.

ઉત્તરંગમાં લીલું વસ્ત્ર વીંટવું અને ગજકર્ણમાં સરસવ ત્રણ શેરીનીધૂળની, પોટલી બાંધી ઉત્તરંગમાં બાંધવી. મીંઢળ, મરડાશીંગી, લોખંડની કડી, દાંતની કડી નાડાછડીમાં પરોવી ઉત્તરંગમાં બાંધવી. ઉત્તરંગ ઉપર વસ્ત્ર પાઘડી અથવા ધોતીયું મૂકવું. ઉંબરા ઉપર નૈવેદ્ય ફળફૂલ મીઠાઈ તથા, પાદમાં થાળી વાટકો લોટો મૂકવો. થાળીમાં ચોખા, વાટકામાં મગ, લોટામાં ઘૃત ભરવું.

आगच्छ सर्व कल्याणि वसुधे लोक धारिणी ।
उद्धृतासि वराहेण शरौलवन कानेन ॥

इति मन्त्रेण भूमि प्रार्थना कृत्वां गर्तमध्ये पारदं पञ्चरत्न विनस्य गर्ते द्वार स्थापयेत् ॥

ઉપર આપેલ મંત્રથી ભૂમિ પ્રાર્થના કરી, ભૂમિમાં પારદ તથા પંચરત્ન સ્થાપી દ્વાર સ્થાપવું.

"Aho Shrutgyanam"

द्वारन्यास

स्थापितासि मया शाखे सुखदा ऋद्धिदा भव ।
पूजितासि मया भक्त्या स्थापिता च स्थिराभव ॥
धारयत्वं महाभागे निर्मिता बिश्वकर्मणा ।
स्थापिता शुभदा नित्यं मम प्रासाद शुभ कुरु ।

हस्तना चर्तुर्विंशति देवो–

अत ऊर्ध्वं प्रवक्ष्यामि जिनाना तीर्थङ्करोमिधान ।
चतुर्विंशति मख्यांश्च ऋषभोऽजित सम्भवो ॥
अभिनन्दन नामा च सुमति पद्मप्रभु स्तथा ।
सुपार्श्वश्चन्द्र प्रभुश्च सुविधि, स्यादय शीतलः ॥
श्रेयांसो वासुपूज्यश्च विमलोऽनन्त तीर्थकृत ।
धर्मः शान्तिश्च कुन्थुश्चाऽरो मल्लिर्मुनि सुव्रतः ॥
नमि नेमिश्च पार्श्वश्च महावीर स्तथा स्मृतः ।
चतुर्विंशतिऽर्हन्त लोके पूज्यतमाः स्मृताः ॥

દરેક અંગુલ ઉપર સુવર્ણ કે રૌપ્ય મુદ્રા મૂકી તીર્થંકરના નામાભિષેકથી હસ્ત-પૂજન કરવું.

द्वारन्यास

स्थापितासि मया शाखे सुखदा ऋद्धिदा भव ।
पूजितासि मया भक्त्या स्थापिता च स्थिराभव ॥ ११० ॥

નોટ :–જે દેવ હોય તે દેવના જે દિશાનું દ્વાર હોય તે દિશાના પ્રતિહારનું પૂજન કરવું. જમણી શાખામાં ગંગા તથા વામ શાખામાં જમનાનું પૂજન કરવું. મધ્યે જે દેવ હોય તેનું પૂજન કરવું. પ્રાસાદના દેવ અથવા ગણપતિનું પૂજન ઉત્તરંગે મધ્યે ભાગે કરવું.

૧. પૂર્વદ્વાર—દક્ષિણ શાખાયાં ॐ विधाये नमः वामशाखाधात्रे नमः मध्यमे श्रिये नमः औत्तरंगे श्री गणेशाय नमः

૨. દક્ષિણદ્વાર—દક્ષિણ શાખાયાં ॐ सबलाय नमः वामशाखायां बलाय नमः मध्ये श्रिये नमः औत्तरंगे श्री गणेशाय नमः

૩. પશ્ચિમદ્વાર—દક્ષિણ શાખાયાં ॐ विजयाय नमः वामशाखायां जयाय नमः मध्यमे श्रिये नमः औत्तरंगे श्री गणेशाय नमः

૪. उत्तरद्वार—દક્ષિણ શાખાયાં ॐ प्रचण्डाया नमः वामशाखायां चण्डाय नमः मध्यमे श्रिये नमः औत्तरंगे श्री गणेशाय नमः

"Aho Shrutgyanam"

धारयत्वं महाभागे निर्मिता विश्वकर्मणा ।
स्थापिता शुभदा नित्यं मम गेहं शुभ कुरु ॥
इति मन्त्राभ्यां सम्प्राथ्यं ब्राह्मण पूजनं आचार्याय ।
पुरोधसे च दक्षिणादेया भूयसी दक्षिणा देया च ।
यस्य स्मृत्ये तीखरार्पणम् । ततो विसर्जनं विष्णावेनमः ॥

प्रतिमा प्रमाणं

विश्वकर्मोवाच—

प्रासादमानोद्भवार्चा प्रमाणै स्त्रि विधोदिता ।
सीमा गर्भ द्वारमान तुर्यो हस्ताङ्गुलैर्विधि ॥ १११ ॥
आदौ सीमा पुनर्गर्भ द्वारमान तृतीयकम् ।
हस्ताङ्गुक्रमोकं च अचामानं चतुर्थेकम् ॥ ११२ ॥

વિશ્વકર્મા કહે છે—પ્રાસાદમાને ઉત્પન્ન થયેલ પ્રતિમાના ત્રણ પ્રકારના માન છે. ૧ પ્રાસાદ રેખા માન, ૨ ગર્ભ માન, ૩ દ્વાર માન અને ૪ હસ્તાંગુલ માન જાણવું. પ્રથમ રેખામાન, બીજું ગર્ભમાન, ત્રીજું દ્વારમાન અને ચોથું હસ્તાંગુલ માન જાણવું.

प्रासाद रेखामान प्रतिमा

प्रासाद तुर्य भागस्य समाना प्रतिमा मता ।
उत्तमायकृते सातु, कार्यैकोनाऽधिकांगुला ॥ ११३ ॥
अथवा स्वदशांशेन, हीनस्याप्यधिकस्यवा ।
कार्या प्रासाद पादस्य, शिल्पिभिः प्रतिमा समा ॥ ११४ ॥
अतिहीना तुयाऽर्चा स्यात्, प्रासाद पंचमांशके ।
सर्वेषामपि धातुनां, रत्न स्फटिकयोरपि ।
प्रवालस्य च बिम्बेषु चैत्यमानं यदच्छया ॥ ११५ ॥

પ્રાસાદ સીમા (રેખા) માને ચોથા ભાગના ઊંચા પ્રતિમા કરવા તે ઉત્તમ છે. તેને ઉત્તમ આય લાવવા અકેક અધિક ઓછા કરવા, પ્રાસાદમાને આવેલા પ્રતિમાને દશાંશ અધિક તથા હીન કરવા (ઉત્તમ, મધ્યમ, કનિષ્ઠ) માનના પ્રતિમા શિલ્પીએ પ્રાસાદમાં સ્થાપવા. પ્રાસાદના પંચમાંશ પ્રતિમા અતિ હીન ગણાય. સર્વ ધાતુઓની, રત્નની, સ્ફટિકની અને પ્રવાલની પ્રતિમાને પ્રાસાદમાનનો નિયમ હોતો નથી.

"Aho Shrutgyanam"

गर्भमान

चतुरश्री कृते क्षेत्रे दशधा प्रविभाजिते ।
चतुर्भागैश्च द्वे भित्ती शेषे गर्भगृहं मतम् ॥ ११६ ॥
गर्भे गृह त्रिभागैश्च ह्यर्चा कार्या सुशोभना ।
दशांशोना मध्यमा पञ्चाशोना कनीयसी ॥ ११७ ॥

ચોરસક્ષેત્રના દશ ભાગ કરવા, ચાર ભાગની બે ભિતી, શેષ છ ભાગ ગર્ભગૃહ જાણવો, ગર્ભગૃહના ત્રીજે ભાગે પ્રતિમા (અર્ચા) કરવાથી સુશોભિત થાય, દશ ભાગ હીન કરવાથી મધ્યમાન અને પાંચ ભાગ હીન કરવાથી કનિષ્ઠમાન જાણવું.

द्वारमाने मूर्ति आसनानि

द्वारोच्छयश्च नवधा भागमेकं परित्यजेत् ।
द्वात्रिंशद्भिर्भजेद् द्वारं चतुर्भागान् परित्यजेत् ॥ ११८ ॥

દ્વારની ઊંચાઇના નવ (૯) ભાગ કરી ઉપરનો એક ભાગ તજવો અને બાકીના આઠ ભાગમાં ચાર ભાગ મૂર્તિ અને ચાર ભાગનું આસન કરવું, તે જ પ્રમાણે દ્વારની ઊંચાઇના બત્રીશ (૩૨) ભાગ કરી તેમાંથી ઉપરના ચાર ભાગો છોડવા, બાકી (૨૮) અઠ્ઠાવીશ ભાગોમાં નીચે મુજબ મૂર્તિ આસન પ્રમાણ જાણવું.

द्वारमान प्रतिमा

द्वारदैर्घ्ये तथा विश्व तिथि शक्र फलांशकैः ।
उर्ध्वे चैवासन स्थानं मनुशक्र तिथीनकै ॥ ११९ ॥

દ્વારની ઊંચાઇના ચૌદ (૧૪), પંદર (૧૫), તેર (૧૩) અને સોળ (૧૬) ભાગે પ્રતિમા તથા, ક્રમે, ચૌદ (૧૪) તેર (૧૩) પંદર (૧૫) અને બાર (૧૨) ભાગે આસન કરવું.

प्रासादमाने उभो मूर्ति विधान

एक हस्ते तु प्रासादे मूर्तिमेका दशाङ्गुला ।
दशाङ्गुला ततो वृद्धिर्यावद्धस्त चतुष्टयम् ॥ १२० ॥
द्वयङ्गुला दशहस्तान्तं शतार्धमङ्गुलस्य च ।
अति वृद्धिर्दशांशोना मध्यमा च कनीयसी ॥ १२१ ॥

"Aho Shrutgyanam"

એક હસ્ત પ્રાસાદને મૂર્તિ અગિયાર (૧૧) અંગુલ ઊંચી કરવી, ચાર હસ્ત સુધી હસ્તે દશ (૧૦) અંગુલ વૃદ્ધિ અને દશ હસ્ત સુધી બબ્બે અંગુલ અને દશથી પચાસ હસ્ત સુધી અકેક અંગુલ વૃદ્ધિ કરવી. આ પ્રમાણે જેષ્ઠમાનમાંથી દશમો ભાગ હીન કરવાથી મધ્યમ અને તેમાંથી દશમો ભાગ હીન કરવાથી કનિષ્ઠ માન થાય.

मूर्तिमान

प्रासादमाने स्यादर्चा द्वारमाने विशेषतः ।
प्रमाणं द्वारमानेन ह्यन्था निष्फलं भवेत् ॥ १२२ ॥

પ્રાસાદમાને મૂર્તિ કરવી, પરંતુ વિશેષતઃ દ્વારમાને કરવી શુભ છે. કારણકે મૂર્તિનું માન દ્વારમાને લેવું સારું, અન્યથા નિષ્ફળ થાય છે.

जिन प्रतिमामान

अर्चोत्पन्नमानेन द्वाराधिपाज्जिनोदयः ।
प्रासादो वीतरागस्यनो शाखोदर मध्यम ॥ १२३ ॥

देवलोक त्रिलोकेषु नवै शस्या तथार्चिता ।
जयः स्यादधमेमाने शाखोदरं न लंघयेत् ॥ १२४ ॥

ઉત્પન્ન થયેલા માને કરેલી જિનપ્રતિમા દ્વારપાલથી ઊંચે સ્થાપવી, તથા વીતરાગનો પ્રાસાદ, જેની શાખાઓનું ઉદર મધ્યમાનનું છે તેવો કરવો નહિ. અર્થાત્ વીતરાગના પ્રાસાદની પહોળાઈ મધ્ય માનની કરવી નહિ, મધ્યમાન દ્વારના માને કરેલી પ્રતિમાની પૂજા સ્વર્ગલોક તથા ત્રિલોકમાં પ્રશંસનીય થતી નથી. કનિષ્ઠ માનનું દ્વાર કરવાથી જય થાય છે, માટે તે સિવાયના માને કરી શાખોદરનું ઉલ્લંઘન કરવું નહિ.

स्थितऽर्चा चतुर्विध मान

आद्यं द्वारश्च पादोनं प्रान्ते शाखोदरी तथा ।
त्रिधा भक्तश्च कर्तव्यं प्रमाणश्च चतुर्विधम् ॥ १२५ ॥

દ્વારમાને પ્રતિમા કરવાનું ચાર પ્રકારનું પ્રમાણ નીચે મુજબ જાણવું, પ્રથમ દ્વારની પહોળાઇમાં ચાર ભાગ કરી તેમાંથી એક છોડી ત્રણ ભાગની. બીજું માન શાખાઓના અંત ભાગ સુધીની, ત્રીજું શાખાઓના ઉદરમાં પ્રવેશતી અને ચોથું ત્રણ ભાગ કરી બે ભાગની પ્રતિમા કરવી.

"Aho Shrutgyanam"

त्रिविधमान

पञ्चमात्रं प्रान्तद्वारं विस्तरार्धमलङ्कृतम् ।
त्रिधामानञ्च कर्तव्यमर्चा चतुर्मुखायदा ॥ १२६ ॥

ચૌમુખ પ્રાસાદમાં ચારે દિશામાં પ્રતિમા સ્થાપન કરવા ને દ્વાર માને નીચે મુજબ પ્રમાણ ત્રિવિધ માન લેવું. પાંચ ભાગ કરી ચાર ભાગે દ્વારના પ્રાન્ત ભાગે તથા વિસ્તારના અર્ધ ભાગે શોભાયમાન પ્રતિમામાન કરવું.

अन्य देवप्रनाल

अर्चानांतु मुखंपूर्व प्रणाल वामत शुभम् ।
जैन युक्त समस्ताश्च, याम्योत्तरक्रमे स्थिताः ॥ १२७ ॥

वाम-दक्षिण-योगेन कर्तव्यं सर्वकामदम् ।
मण्डपादि प्रतिमानां तथा युक्ता विधायते ॥ १२८ ॥

मण्डपे ये स्थितादेवा स्तेषा वामे च दक्षिणे ।
प्रणालं कारयेद्विमान, जगत्यां वै चतुर्दिशम् ॥ १२९ ॥

પૂર્વ મુખ પ્રતિમાના પ્રાસાદને પ્રનાલ વામ એટલે ઉત્તરદિક્ કરવી, જૈન આદિ સમસ્ત દેવ પ્રતિમા દક્ષિણ ઉત્તર મુખ હોય તેને ડાબી તથા જમણીબાજુ પ્રનાલ રાખવી. દક્ષિણ બાજુને ડાબી બાજુ એટલે પૂર્વ ઉત્તર દિશાને જમણીબાજુ એટલે પૂર્વ મંડપાદિમાં પ્રતિમા બેઠેલ હોય તેને યુક્તિપૂર્વક વિધિવત્ પ્રનાલ કરવી. મંડપના દેવોને વામ દક્ષિણ પ્રનાલ કરવી, જગતીને ચારે બાજુ પ્રનાલ કરવી.

अन्य प्रनाल विधान

पूर्वापरस्य प्रासादे प्रणालशुभमुत्तरे ।
दक्षोत्तर शुभं पूर्व चतुर्जगती मण्डपे ॥ १३० ॥

પૂર્વ પશ્ચિમના પ્રાસાદને પ્રનાલ ઉત્તરદિક્ શુભ જાણવી, દક્ષિણ ઉત્તર પ્રાસાદને પૂર્વ શુભ, જગતી અને મંડપને ચારે દિશાએ પ્રનાલ કરવી.

इति श्री विश्वकर्मा वास्तु कला चिंतन हरविद्या गुणकीर्ति प्रकाश
जिनप्रासाद मार्तण्ड शिल्पाचार्य नंदलाल चुनीलाल सोमपुरा
संग्रहिते द्वार लक्षण नाम्नो पञ्चमोऽध्याय संपूर्ण ॥

"Aho Shrutgyanam"

मण्डपाधिकार नाम्नो षष्ठमोऽध्याय

विश्वकर्मोवाच—

अथातः सम्प्रवक्ष्यामि मण्डपानां तु लक्षणम् ।
प्रासादस्य प्रमाणेन मण्डपं कारयेद् बुधः ॥ १ ॥

समं सपादं सार्धं च पादोन द्वय मेव च ।
द्विगुणं चाऽषि कर्तव्यं सपाद द्वय मेव च ॥ २ ॥

सार्धं द्वयं तु कर्तव्यमत ऊर्ध्वं न कारयेत् ।
सप्तधा प्रमाण सूत्रं वास्तु विद्भि रुदाहृतम् ॥ ३ ॥

વિશ્વકર્મા કહે છેઃ— હવે પ્રાસાદોને કરવાના મંડપોના લક્ષણ કહું છું, વિદ્વાન શિલ્પીએ પ્રાસાદના પ્રમાણ અનુરૂપ મંડપ કરવા. (૧) પ્રાસાદ પ્રમાણે, (૨) સવાયો, (૩) દોઢો, (૪) પોણા બે ગણો, (૫) બમણો, દ્વિગુણો, (૬) સવા બે ગણો, (૭) અઢીગણો કરવો. તેથી મોટો નહિ કરવો. આ સાત મંડપના પ્રમાણ સૂત્ર જાણવા. તે મુજબ વાસ્તુ હિતકર્તા છે.

प्रासादेषु च सर्वेषु दशहस्ताधिकेषु च ।
उक्तं समं सपादं च मण्डपं वास्तु वेदिभिः ॥ ४ ॥

पञ्चहस्तात्परं चैव यावत्स्याद् दशहस्तकम् ।
सार्धायाम मण्डपं च सृष्टं वै विश्वकर्मणा ॥ ५ ॥

चतुर्हस्ते च प्रासादे पादोन द्वयंश विस्तरः ।
त्रिहस्ते द्विगुणश्चैव तद्विशिष्टा चतुष्किका ॥ ६ ॥

चतुष्कं वाऽपि चाष्टांशं शुकस्तम्भानु सारतः ।
वितान वै संवरणा चोर्ध्वमानेन मण्डपे ॥ ७ ॥

દશ હસ્તથી અધિક પ્રાસાદને મંડપ સરખો અથવા સવાયો કરવો, પાંચ હસ્તથી દશ હસ્તના પ્રાસાદને મંડપ દોઢો કરવો, તેમ વિશ્વકર્મા કહે છે. ચાર હસ્તના પ્રાસાદને મંડપ પોણાબે ગણો કરવો, ત્રણહસ્તના પ્રાસાદને મંડપ બમણો કરવો, બે અને એક હસ્ત પ્રાસાદને ચતુષ્કિકા (ચૉકી) કરવી, શુકસ્તંભના માને મંડપની અષ્ટાંશ મુજબ રચના કરવી. મંડપની ઉપર વિતાન તથા સંવરણા કરવી.

"Aho Shrutgyanam"

अलिन्दौ द्विगुणेश्चाऽत्र द्विगुणं च प्रकल्पयेत् ।
द्वौ त्रयश्चत्वारोऽलिन्दा द्विगुणात्पर मण्डपे ॥ ८ ॥

મંડપની બન્ને બાજુ અલિંદ (પદ) કરવાથી બમણુ મંડપની કલ્પના થાય, બે ત્રણ અથવા ચાર અલિંદ (પદ) કરવાથી બે ગણાથી પણ મોટો મંડપ થાય.

भित्ति प्रासाद मानेन पीठान्तोत्तानपट्टका ।
एक वा त्रीणि वा कुर्यात द्वाराणि तत्र सर्वदा ॥ ९ ॥

મંડપની ભિતિ પ્રાસાદના માન પ્રમાણે કરવી, પીઠ ઉપરથી પાટ સુધી મંડપને દ્વાર એક અથવા ત્રણ કરવા.

वातायनाश्च कर्तव्या सहचन्द्रावलोकौ ।
प्रासाद द्वारवद् द्वार विस्तारो मण्डपे भवेत् ॥ १० ॥

હવા માટે જાળીઆ તથા બારી ચંદ્રાવલોકન કરવી. પ્રાસાદના દ્વાર પ્રમાણે મંડપને દ્વારનો વિસ્તાર કરવો.

प्रासाद गर्भ मानत कुर्यात मुख मण्डप ।
मूल स्तम्भे यथासूत्र स्तम्भो देवस्तु मण्डपे ॥ ११ ॥

પ્રાસાદ ગર્ભ માનથી મુખ મંડપની રચના કરવી. ગર્ભગૃહના મૂલ સ્તંભના સૂત્રે મંડપના સ્તંભો કરવા.

मूल कर्णेन सूत्रेण सलिलश्च चतुष्किका ।
मण्डपस्तद्विनिष्क्रान्तः प्रासादशिखरं ततः ॥ १२ ॥

कर्ण गूढो विलोकास्य एक त्रिद्वारं संयुतः ।
प्रासादाग्रे प्रकर्तव्याः सर्व देवस्य मण्डपाः ॥ १३ ॥

પ્રાસાદની મૂળ રેખાના એક સૂત્રમાં જોડી કોલી (સલિલ) તેમજ ચૉકી કરવી, અને તેનાથી નીકળતો મંડપ કરવો, પ્રાસાદના ઉપર શિખર કરવું, ગૂઢ મંડપ તથા વિલોકાસ્ય (ખુલ્લો) મંડપ એક દ્વાર તથા ત્રણ દ્વારવાળો કરવો, આ પ્રમાણે સર્વ દેવોના પ્રાસાદને અગ્ર ભાગે મંડપો કરવાં.

शुकस्तम्भानु सूत्रेण चाष्टांशं भितिमाचरेत् ।
मध्य पीठोच्छयोत्सेधा मण्डपाद्याः समस्तकाः ॥ १४ ॥

શુક (સલીલ, કોલી)ના સ્તંભના સૂત્રે ભિતિની અંદર અષ્ટાંશે મંડપની રચના કરવી, મધ્ય ભાગ પીઠની બરાબર ઊંચો બધા મંડપોને કરવો.

"Aho Shrutgyanam"

गूढष्किकास्तथानन्ताः क्रमेण मण्डपास्तथा ।
जिनस्याग्रे प्रकर्तव्याः सर्वेषां तु बलाणकम् ॥ १५ ॥

જિન દેવાલયોના અગ્રભાગે ક્રમે ગૂઢ મંડપો અને તેના અગ્રભાગે ચોકીઓ તથા ચોકીના અગ્રે રંગ મંડપો (નૃત્યમંડપો) કરવા અને બલાણક તો સર્વ દેવોને કરવાં.

मण्डपना पद विभाग

पञ्चभागे द्वयं मध्ये सप्तभागे त्रयं तथा ।
चत्वारि नवभागे शाला मध्ये प्रमाणकम् ॥ १६ ॥
चतुष्कश्च तथाष्टांशं शुभं स्तमानु सारतः ।
संवरणं वितानञ्च ह्यर्धमानेन मण्डपे ॥ १७ ॥
प्राकारैर्मण्डिताः कार्याश्चतुर्द्वाराणि मण्डपे ।
मकरैर्जल निष्कासाः सोपान तोरणादिभिः ॥ १८ ॥

મંડપના પાંચ ભાગ કરી મધ્યપદ બે ભાગ (બાજુના ૧॥-૧॥), સાત ભાગમાં ત્રણ મધ્યે (૨-૨ બાજુના પદ), નવ ભાગમાં મધ્યપદ ચાર ભાગ (બાજુના ૨॥-૨॥ ભાગના પદ જાણવા), સ્તંભોને અનુસરી ચોરસ તથા અષ્ટાંશ મંડપ કરવા શુભ છે, તેમજ મંડપ ઉપર સંવરણા તથા ઘુમ્મટ કરવો. તેની ઊંચાઇ પહોળાઈના અર્ધ ભાગે કરવી, મંડપો ભિત્તિઓથી યુક્ત કરવાં, તથા મંડપમાં ચારે દિશાઓમાં દ્વારો મૂકવાં, મકરના મુખવાળી પાણી નીકળવાની પ્રનાલો કરવી, તેમજ મંડપને પગથીયા તથા તોરણ વગેરેથી સુશોભિત કરવો.

मण्डप स्तम्भ उर्ध्व प्रमाण


भजेदष्टा भिरेकांशा कुंभिः स्तम्भश्च पञ्चभिः ।
अर्धेन भरणं शीर्षमर्धेनैकेन पट्टकः ॥ १९ ॥

ઊંચાઈના આઠ ભાગ કરી તેમાં એક ભાગ કુંભી, પાંચ ભાગ સ્તંભ, અર્ધા ભાગનું ભરણું, અર્ધા ભાગનું શીર્ષ (શરૂ) અને એક ભાગનો પાટ ઊંચો કરવો.

विशेष प्रमाण

नवभक्ते समुच्छे तु भागैका कुंभिका स्मृता ।
षड्भागश्च भवेत्स्तंभो भागार्धं भरणं तथा ॥ २० ॥
भागार्धं च भवेतशिर्षं भागैकेन च पट्टकः ।
उच्छ्रयेन समः कार्यः सपादो विस्तरोऽथवा ॥ २१ ॥

"Aho Shrutgyanam"



કલાકૃતિ

ઉભણીની ઊંચાઈના નવ ભાગ કરી તેમાં એક ભાગની કુંભી, છ ભાગનો સ્તંભ, અર્ધા ભાગનું ભરણું, અર્ધા ભાગનું શરૂ તથા એક ભાગનો પાટ કરવો, ઊંચાઈથી સરખો અથવા સવાયો પહોળો કરવો.

पट्टस्तथा स्तंभ सम विषम

मुख्य मण्डप संधाते यदा भित्त्यन्तरं भवेत् ।
न दोषा स्तंभपट्टादौ समेऽपि विषमेतले ॥ २२ ॥

મુખ્ય મંડપ સાથે બીજો મંડપ કરવામાં જો ભિત્તિનું અંતર આવતું હોય તો સ્તંભ અને પાટ વગેરે સમ અથવા વિષમ તલ કરવામાં આવે તો પણ દોષ લાગતો નથી.

समसूत्र प्रमाण

कूंभकेन समा कुभिः स्तंभश्चैव तथोद्गमे ।
भरणी भरणं ज्ञात्वा कपोताली तथा शिरम् ॥ २३ ॥

कूटछाद्य मध्यसूत्रे कुर्यात्पट्टस्य पेटकम् ।
अर्धोदये करोटश्च कर्तव्यं विधि पूर्वकम् ॥ २४ ॥

કુંભાના એક સૂત્રમાં કુંભી, દોઢીયાના મથાળે એક સૂત્રમાં સ્તંભ, ભરણી સાથે એક સૂત્રમાં ભરણું તથા કપોતાલી અને શરૂ એક સૂત્રમાં કરવું, નીચે એક સૂત્રમાં કૂટછાદ્ય અને પાટનો તળાંચો (પેટક) એક સૂત્રમાં કરવાં, પહોળાઈથી અર્ધો ઊંચાઈમાં વિધિપૂર્વક ઘુમ્મટ કરવો.

"Aho Shrutgyanam"

स्तंभ विस्तार पञ्चसूत्र

प्रासादस्य दशांशेन स्तंभानां पृथुविस्तरः ।
कार्य एकादशांशेन द्वादशांशेन वै तथा ॥ २५ ॥
त्रयोदशांशमानेन शक्रांशेन तथोच्यते ।
एतन्मानं यथोदिष्टं स्तंभानां पृथु विस्तरेः ॥ २६ ॥

સ્તંભોના પૃથુ (જાડાઇનો) વિસ્તાર પ્રાસાદની પહોળાઇના પ્રમાણના દશમે ભાગે, અગિયારમે ભાગે, બારમા, તેરમા તથા ચૌદમા ભાગે કરવો, સ્તંભોની જાડાઇનું આ પાંચ પ્રકારે માન યથાશાસ્ત્ર કહેલ છે, એટલે પાષાણની મજબૂતીના આધારે યોગ્યમાન લેવું.

स्तम्भ विस्तार विशेष प्रमाण

प्रासाद एकहस्ते तु स्तंभो वा चतुरङ्गुल ।
द्विहस्ते चाङ्गुलाः सप्त त्रिहस्ते नवएव च ॥ २७ ॥
ततो द्वादशहस्तान्तं हस्ते हस्ते द्वयाङ्गुला ।
सपादाङ्गुल वृद्धिः स्यात्यावत्षोडशहस्तकम् ॥ २८ ॥
अङ्गुलिका ततो वृद्धिश्च त्वारिंशत्करावधि ।
तदुर्ध्वं च शतार्धान्तं पादोनाङ्गुलिका भवेत् ॥ २९ ॥


એક હસ્તના પ્રાસાદને ચાર અંગુલ સ્તંભ, બે હસ્તના પ્રાસાદને સાત અંગુલ સ્તંભ, ત્રણ હસ્તના પ્રાસાદને નવ અંગુલ વિસ્તારે સ્તંભ કરવો, ત્રણ હસ્તથી બાર હસ્ત સુધી હસ્તે હસ્તે બે અંગુલ વૃદ્ધિ કરવી, બારથી સોળ હસ્ત સુધી સવા અંગુલ, સોળથી ચાલીશ હસ્તે એકેક અંગુલ વૃદ્ધિ કરવી, અને ચાલીશથી પચાસ હસ્ત પર્યન્ત હસ્તે હસ્તે પોણો અંગુલ વૃદ્ધિ કરવી.

स्तम्भ स्वरूप लक्षण


रुचका भद्रकाश्चैव वर्धमाना स्तृतीयकाः ।
अष्टास्रा स्वस्तिकाश्चैव स्तंभाः प्रासाद रूपतः ॥ ३० ॥
रुचकाश्चतुरस्राः स्युर्भद्रका भद्र संयुताः ।
वर्धमानोप भद्राः स्युरष्टास्राश्चाष्टका मताः ॥ ३१ ॥
आसनोर्ध्वं भवेद् भद्रं स्वस्तिकाश्चाष्टक कर्णकैः ।
पञ्चविधाश्च कर्तव्याः स्तंभाः प्रासाद रूपिणः ॥ ३२ ॥

"Aho Shrutgyanam"

પ્રાસાદને અનુરૂપ સ્તંભો પાંચ પ્રકારના થાય છે, તે અનુક્રમે નીચે મુજબ જાણવા, ૧ રૂચક, ૨ ભદ્રક, ૩ વર્ધમાન, ૪ અષ્ટાંશ અને ૫ સ્વસ્તિક. આ પાંચ પ્રકારના સ્તંભોના નામ જાણવા. રૂચક સ્તંભો ચોરસ, ભદ્રક સ્તંભો ભદ્ર સંયુક્ત, વર્ધમાન સ્તંભો ઉપભદ્રયુક્ત, અષ્ટાંશ સ્તંભો અષ્ટકોણ, તથા સ્વસ્તિક સ્તંભો મથાળે ભદ્ર સંયુક્ત અને અષ્ટકોણ જાણવા, આ પાંચ પ્રકારના સ્તંભો પ્રાસાદોને અનુરૂપ જાણવા.



"Aho Shrutgyanam"



स्तम्भो अलंकृत

स्तंभाऽष्टास्रवृत्त भद्र सहितो रूपेण चालङ्कृत ।
युक्तः पल्लव कै स्तथा भरणकं यत्पल्लवेना वृत्तम् ॥ ३३ ॥
कुम्भी भद्रयुक्ता कुमार सहितं शीर्षं तथा किन्नराः ।
पत्रे चेति गृहे न शोभन मिदं प्रासादके शस्यते ॥ ३४ ॥

સ્તંભ અષ્ટકોણ, સુંદર ગોળાકાર, ભદ્ર સહિત, મૂર્તિઓના રૂપોથી અલંકૃત અને પલ્લવો સહિત કોતરેલો કરવો, ભરણું વેલોથી અલંકૃત અને કોતરકામ કરેલ કરવું, તેમજ કુંભી પણ ભદ્રયુક્ત તથા શરાઓમાં કીચક અને કિન્નરોનાં સ્વરૂપો કોતરેલા કરવા, આવા સ્તંભો ગૃહોની અંદર કરવા સારા નહિ પરંતુ પ્રાસાદોમાં કરવામાં આવે તો ઉત્તમ જાણવા.

"Aho Shrutgyanam"

वीतराग प्रासादे मंडप विधान

जिनाग्रे समोसर्णं च शुक्राग्रे गूढमण्डपः ।
गूढस्याग्रे चतुष्का वै तदग्रे नृत्य मण्डपः ॥ ३५ ॥

જિનપ્રાસાદને અગ્રભાગે સમોસર્ણ શુક, કોલીના અગ્રે ગૂઢમંડપ, અને ગૂઢમંડપના અગ્રે ચૉકી અને આગળ નૃત્ય મંડપ કરવો.

चतुर्मुख प्रासादे मेघनादादि मण्डप विधान

प्रासाद छन्द–उक्ताश्च मण्डपाः सर्व कामदाः ।
सिंहद्वारे विशेषण मेघश्च श्री मनोरमः ॥ ३६ ॥

तदग्रे मेघनादश्च कोष्टानि पञ्चविंशतिः ।
नाली मण्डप आख्यातो विस्तारे मेघ उत्तम ॥ ३७ ॥

मण्डपं मेघनादश्च कुर्याच्च द्विषणान्तरे ।
तथा सणान्तरे नाल्यं बलाणश्च तु मुर्धनि ॥ ३८ ॥

પ્રાસાદના છંદાનુસાર કહેલા મંડપો સર્વ કામનાઓને આપનાર છે. ચૌમુખ અને ભ્રમવાળા પ્રાસાદોના સિંહદ્વારે વિશેષ કરીને મેઘ મંડપની માફક સુંદર મેઘ મંડપ અને તેના અગ્ર ભાગે મેઘનાદ મંડપ કરવો, અને તે પચ્ચીશ પદનો કરવો. તેની આગળ નાલિમંડપ કરવો, એટલે કે પગથીયાં ચઢવાના નીચે આવે તેવા મંડપને નાલી મંડપ કહે છે. મેઘ મંડપથી એક પદ છોડી મેઘનાદ મંડપ કરવો અને મેઘનાદથી એક પદ છોડી નાલિ મંડપ કરવો અને તેના ઉપર બલાણક કરવું.

वीतराग प्रासाद चतुर्दिक्षु प्रासाद विधान

द्विसातत्या द्विवाणैर्वा चतुर्विंशतितोऽथवा ।
जिनालयै श्चतुर्दिक्षु सहितं जिन मंदिरम् ॥ ३९ ॥


જિનાલયની ચારે દિશાઓમાં બોંતેર, બાવન અથવા ચોવીશ જિનાલય સહિત જિન મંદિર કરવું.

द्वीपञ्चाश जिनालय विधान

वामदक्षे चतुस्त्रिंशदष्टौऽग्रे नव पृष्ठतः ।
मूल प्रासाद संयुक्ते वर्ण संख्या जिनालये ॥ ४० ॥

"Aho Shrutgyanam"

મૂળ પ્રાસાદની ડાબી જમણી બાજુએ સત્તર સત્તર દેવ કુલિકાઓ કરવી. વામદક્ષ સહિત કુલ ચોત્રીશ જાણવી, આઠ અગ્રભાગે અને નવ પૃષ્ઠ ભાગે તથા મૂલ પ્રાસાદ મળી બાવન જિનાલય જાણવા.



ચોવીશ જિનાલય ૫. [એન. સી. સોમપુરા]

द्वासप्तति जिनालय विधान

वामदक्षे च पञ्चाशत् पृष्ठे रुद्रोऽग्रतो दश ।
मूल प्रासाद संयुक्ते द्वासप्ततिर्जिनालये ॥ ४१ ॥

મુખ્ય પ્રાસાદની ડાબી જમણી બાજુ પચ્ચીશ પચ્ચીશ કુલ પચાશ, પૃષ્ઠભાગે અગિયાર, અગ્રભાગે દશ અને મુખ્ય પ્રાસાદ મળી કુલ બોતેર જિનાલય જાણવા.

"Aho Shrutgyanam"

बलाणक लक्षण

विश्वकर्मोवाच—

अथातः सम्प्रवक्ष्यामि बलानक सुलक्षणम् ।
विस्तीर्णं जगतीपादे पदपाद विवर्जितम् ॥ ४२ ॥

प्रासाद व्यासमानेन गर्भमानेन चाऽथवा ।
शालालिन्द् प्रमाणेन त्रिविधमान लक्षणम् ॥ ४३ ॥

कनिष्ठे चोत्तमं कार्यं मुत्तमे च कनिष्ठकम् ।
मध्यमे मध्यमं कार्यं मेतन्मानं च शोभनम् ॥ ४४ ॥

वामनश्च विमानश्च हर्म्यशालश्च पुष्करः ।
तथा चोत्तुङ्गनामा च पञ्चैते च बलानका ॥ ४५ ॥

वर्तनं कथयिष्यामि पदसंस्थान मानत ।
प्रासादाग्रे च प्राकारे मन्दिरे वारि मध्यत ॥ ४६ ॥

वामनं जगती ग्रस्तं विमानं तु तदाश्रितम् ।
हर्म्यशालं गृहे वाऽपि प्रासादे नगराननें ॥ ४७ ॥

पुष्करं वारि मध्य स्यमग्रत चैव भूषितम् ।
सप्तभूमं नव भूममत ऊर्ध्वं न कारयेत् ॥ ४८ ॥

प्रासादाग्रे-जं कुर्याज्जगती मुख मण्डपम् ।
लक्षणं तस्य वक्ष्यामि स्थानमानं च भूमिकाम् ॥ ४९ ॥

एक द्वि त्रिचतुः पञ्चषट सप्ताष्ट मिरेव च ।
स्थानं तस्य-सेवोक्तं कर्तव्यं तदनन्तरम् ॥ ५० ॥

प्रासादादि क्रमद्वारं मण्डपान्ते निवेशयेत् ।
तत्क्रमेण प्रकर्तव्यं द्वार तस्य बलानके ॥ ५१ ॥

हस्तेङ्गुला भवेद वृद्धिरङ्गुल हस्तमानत ।
कर्तव्यं पूर्वमानेन हीने हीनं समे समम् ॥ ५२ ॥

तत्समं तु प्रकर्तव्य मुत्तमाङ्ग सपट्टकम् ।
उदयोन्नत मानेन सोपानं तूलमध्यतः ॥ ५३ ॥

"Aho Shrutgyanam"

तत्रैव तेन मारेन तत्समं च तुलोदयम् ।
कुम्भी स्तम्भशिरः पट्ट पृथक सूत्रातुलादिकम् ॥ ५४ ॥
युक्ता न्यस्ताः समा कुम्भी स्तम्भोदम्बरशिर्षिकाः ।
भूमि तु भूमि मानेन सम सूत्रै र्विचक्षणाः ॥ ५५ ॥
मूलपीठ समसूत्रे आदि भूमेस्तु मस्तकम् ।
उर्ध्व पट्टानुक्रमेण कर्तव्यो भूमिकाक्रमः ॥ ५६ ॥
शिवसूर्यौ ब्रह्मविष्णू चण्डिका जिनएव च ।
एतेशां च सुराणां च कुर्यादग्रे बलानकम् ॥ ५७ ॥
विमानस्तुङ्गनामा च राजवेरमाग्रतः शुभः ।
हर्मशालो गृहे वापि कर्तव्यो गोपुराकृतिः ॥ ५८ ॥
पुष्करो वारि मध्यस्थो वामनो देवताग्रतः ।
इषुभेदा वामनाद्याः कर्तव्यास्तु बलानकाः ॥ ५९ ॥

વિશ્વકર્મા કહે છે :–હવે હું બલાણુકના શુભ લક્ષણ કહું છું :–જગતીના વિસ્તારે પદ તજીને પ્રાસાદના રેખામાને ગર્ભમાને અથવા (શાલા અલિન્દ) પદ માને એ માન અને લક્ષણ જાણવા; કનિષ્ઠ માનને ઉત્તમ, ઉત્તમ માનને કનિષ્ઠ અને મધ્યમાનને મધ્ય માનનું બલાણુક કરવું, એ શોભનીય છે, ૧ વામન, ૨ વિમાન, ૩ હર્મશાલા, ૪ પુષ્કર એ ચાર નામના બલાણુક જાણવા.

હવે સ્થાન કહું છું :–પદના માને પ્રાસાદના આગળ તથા પ્રાસાદને ચારે બાજુ પાણીતાર કરવા, મધ્યે વામન જગતી આગળ, વિમાન રાજ્યાશ્રીત, હર્મશાલ ગૃહે પુષ્કર વાવ આદિ જલાશયે ભૂષણરૂપ જાણવા.

બલાણુક સાત અને નવ ભૂમિ સુધી ઊંચું કરવું. તેથી વિશેષ ઊંચું કરવું નહિ. પ્રાસાદના અગ્ર ભાગે જગતી ઉપર મંડપના મુખ પાસે કરવું. હવે હું સ્થાન માનના લક્ષણ કહું છું. એક, બે, ત્રણ, ચાર, પાંચ, છ, સાત અને આઠ પદના પ્રાસાદથી અંતરે કરવું, પ્રાસાદના ક્રમે દ્વાર અથવા મંડપની બરાબર, તે મુજબ બલાણુકે દ્વાર કરવું, હસ્તાંગુલ વૃદ્ધિ કે હીન ન કરવી, જે પૂર્વમાન હોય તે મુજબ હીને હીન, સમે સમ તે મુજબ કરવું. ઉત્તરંગ તથા પટ્ટ બરાબર કરવા. ઉભણી પ્રાસાદમાને કરવી. પદમધ્યે (સોપાન) પગથીયાં કરવા. તે મુજબ તેજ માને બધું કરવું. કુંભી, સ્તંભ, શરૂ અને પાટ તુલા, છત, સમસૂત્રમાં કરવાં, યુક્તિએ કરીને કુંભી, સ્તંભ, ઉદમ્બર, ઉત્તરંગ, શરૂ, દરેક માને માન સમસૂત્રમાં વિચક્ષણ રીતે કરવું.

"Aho Shrutgyanam"

મૂલપીઠ માને પીઠ સમસૂત્રમાં, પ્રથમ ભૂમિ અને મસ્તક ઉપર પાટ દરેક ક્રમે કરવું, શિવ, સૂર્ય, બ્રહ્મા, વિષ્ણુ, ચંડિકા અને જિનેશ્વરપ્રભુને આટલા દેવોના પ્રાસાદાગ્રે બલાણક કરવું. વિમાન બલાણક રાજ્ય પ્રાસાદે કરવું શુભ છે.

હર્મશાલા ગૃહે ગોપુરા કૃતિ કરવું, પુષ્કર જલાશયે અને વામન દેવ પ્રાસાદ અગ્રત કરવું, આ વામનાદિ બલાણુકના ભેદ છે આ પ્રમાણે બલાણુક કરવાં.

वीतराग प्रासाद विधान

मण्डपाद्गर्भ सूत्रेण वामद दक्षिणयोर्दिशोः ।
अष्टापदं प्रकर्तव्यं त्रिशालाया बलाणकम् ॥ ६० ॥

મડપ ગર્ભ સૂત્રે ડાબી તથા જમણી બાજુમાં અષ્ટાપદ કરવા અને ત્રિશાલા ત્રણ પદની ચોકી વચ્ચે બલાણુક કરવું.

प्रासाद चतुर्दिक्षु रथशालादि विधान

अपरे रथशाला च मठः सव्ये प्रतिष्ठितः ।
उत्तरे सूदशाला च प्रोक्ता श्री विश्वकर्मणा ॥ ६१ ॥
कोष्ठागारश्च वायव्ये वह्नि भागे महानसम् ।
पुष्पगेहं तथेशाने नैऋत्ये पात्र शालिका ॥ ६२ ॥
शस्त्रगारश्च पुरतो वारुणे च जलाश्रयम् ।
मठस्योपरितः कुर्याद् विद्यावांचन मण्डपम् ॥ ६३ ॥

પ્રાસાદની પશ્ચિમે રથશાળા, દક્ષિણે મઠ અને ઉત્તરે સૂદશાળા (રસોઇઆઓની શાળા) કરવી. એમ વિશ્વકર્માએ કહેલ છે. વાયુકોણમાં કોષ્ઠાગાર (કોઠાર), અગ્નિકોણમાં મહાનસ (પાકશાળા), ઇશાનકોણમાં પુષ્પગૃહ, નૈઋત્યકોણમાં પાત્રશાલા (વાસણો મૂકવાની શાળા), પ્રાસાદના અગ્રભાગે શસ્ત્રાગાર (આયુધશાળા એટલે શસ્ત્ર મૂકવાનું સ્થાન) પશ્ચિમદિશામાં જલાશય (કુંડ, ટાંકુ, કુવો,) અને મઠની ઉપરની ભૂમિમાં વિદ્યાવાચનનો મંડપ કરવો. અર્થાત્ વ્યાખ્યાન આદિ ઉપદેશ કરવાનો મંડપ કરવો.

यतिनाश्रय विधान

प्रासादस्यो–तरेयाम्यां तथाग्रे पश्चिमेऽपि च ।
यतीनामाश्रयं कुर्यान् मठं तद् द्वित्रि भूमिकम् ॥ ६४ ॥
द्विशाल मध्ये षटशालाग्र शोभिता ।
मत्तवारणमग्रे च तदुर्ध्वं षट भूमिषु ॥ ६५ ॥

"Aho Shrutgyanam"

પ્રાસાદની ઉત્તરે, દક્ષિણે, પૂર્વે અથવા પશ્ચિમે યતિઓના નિવાસાર્થે ઉપાશ્રય કરવો અને તે બે કે ત્રણ ભૂમિવાળો કરવો, મઠ અથવા ઉપાશ્રયમાં બે શાલાઓ, મધ્યે ષટ્દારૂ (બે દીવાલમાં ચાર સ્તંભ અને બે પાટડીઓ તેને ષટદારૂ કહે છે) મૂકવાં, આગળના ભાગે સુશોભિત પટશાળા કરવી અને તેના અગ્રભાગે પટશાળાની ઉપરની ભૂમિકાઓમાં મત્તવારણ (કઠેડા) કરવાં.

गवाक्ष प्रमाण

द्वारोर्ध्वे च त्रिभागेन द्वारं जाल गवाक्षके ।
दैर्ध्ये हीनं प्रकर्तव्यं समसूत्रश्च भूर्धनि ॥ ६६ ॥

દ્વારની ઊંચાઈના ત્રણ ભાગ કરી બે ભાગની જાળી તથા ગોખ કરવો, જાળી અને ગોખ લંબાઈમાં નાના હોય તો દોષ નથી પરંતુ દ્વાર, જાળી અને ગોખના ઉપરના વાઢ સમસૂત્રમાં કરવા.

स्तम्भ प्रतिष्ठा

सूर्याधिष्टितं भात्रयं प्रथमतो मध्ये तथा विंशतिः ।
स्तम्भाग्रे शर संख्यया मुनिवरै रुक्तानि चिष्ण्यामि च ॥ ६७ ॥

स्तम्भाग्रे मरणं भवेद् गृहपतेर्मूले धनार्थक्षयः ।
मध्ये चैव सुखार्थ कीर्तिमतुलां प्राप्नोति कर्त्तासदा- ॥ ६८ ॥

સૂર્યના મહા નક્ષત્રથી ચંદ્રનક્ષત્ર સુધી ગણત્રી કરી પ્રથમના ત્રણ (૩) સ્તંભના અગ્ર ભાગમાં વીશ નક્ષત્રો મધ્ય ભાગમાં અભિજિત સહિત, ૫ નક્ષત્રો સ્તંભના મૂળમાં એમ મુનિવરો કહે છે, સ્તંભના અગ્રભાગે આવેલ નક્ષત્રથી સ્વામી મરણ, મૂળમાં આવ્યું હોય તો ધન અને મનોરથનો નાશ, મધ્ય ભાગના નક્ષત્રો સુખ, અતુલ ધન અને કીર્તિ પ્રાપ્ત કરાવનાર છે.

स्तम्भस्या रोपणश्चैव प्रातर्मध्याह्नके तथा ।
अन्यथा निधनं याति कर्ता दूषणमाप्नुयात ॥ ६९ ॥

સ્તંભનું આરોપણ પ્રાતઃ કાળમાં કે મધ્યાહ્ન કાળમાં કરવું, અને આથી વિપરીત સમયે કરે તો ગૃહપતિનો નાશ થાય અને કર્તા દોષભાગી થાય.

गृहारंभे वृषभचक्र स्तम्भे कुर्म

आरंभे वृषभचक्र स्तम्भे ज्ञेयं तु कूर्मकम् ।
प्रवेशे कलशंचक्र वास्तुचक्र बुधै स्मृतम् ॥ ७० ॥

"Aho Shrutgyanam"

ગૃહારંભે વૃષભ ચક્ર, સ્તંભ આરોપણ કરતાં કૂર્મ ચક્ર અને પ્રવેશે કલશ ચક્ર જોવું. એમ ત્રણ પ્રકારે વાસ્તુ ચક્ર જોવાનું વિદ્વાનોએ કહેલ છે. -મુહૂર્તમાર્તણ્ડ

कूर्मचक्र

तिथिस्तु पञ्चगुणिता कृतकाद्यृक्ष संयुता ।
तथा द्वादश मिश्रा च नव भागेन भाजिता ॥ ७१ ॥

जले वेदा मुनिश्चन्द्र स्थले पञ्चद्वयं वसुः ।
त्रिषट्कनव चाकाशे त्रिविध कूर्मलक्षणम् ॥ ७२ ॥

नले लाभ स्तथा प्रोक्तः स्थले हानि स्तथैव च ।
आकाशे मरणं प्रोक्तमिदं कूर्मस्य चक्रकम् ॥ ७३ ॥

જે તિથિ મુહૂર્ત વખતે હોય તે તિથિને પાંચથી ગુણવી. તેમાં કૃતકા આદિ નક્ષત્ર મુહૂર્તના નક્ષત્ર સુધી ગણી અંદર ભેળવવા તેમાં બીજા બાર ભેળવવા, રકમ આવે તેને નવે ભાગવા, શેષમાં ૧-૪-૭ રહે તો જલસ્થાને, ૫, ૨ અને ૮ શેષ રહે તો પૃથ્વી ઉપર. ૩, ૬ અને ૯ શેષ રહે તો આકાશમાં કૂર્મ જાણવો, જલસ્થાને કૂર્મ હોય તો લાભ, પૃથ્વી ઉપર હોય તો હાનિ અને આકાશમાં હોય તો મૃત્યુ આ પ્રમાણે કૂર્મ-ચક્રનું ફલ છે. સ્તંભ સ્થાપતા અવશ્ય જોવું.

स्तंभोच्छ्राय मुहूर्त

सूत्र मित्ति शिलान्यासं, स्तंभस्यारोपणंसदा ।
पूर्व दक्षिणयोर्मध्ये, कुर्यादित्याह कश्यपः ॥ ७४ ॥

સૂત્રપાત, ભિતિમયન, શિલાન્યાસ, અને સ્તંભોચ્છાય. આ સર્વ કાર્યો હંમેશાં આગ્નેયકોણથી શરૂ કરવાં આમ કશ્યપ ઋષિ કહે છે.

शार्ङ्गधर मत

प्रासादेषु च हर्म्येषु गेहेष्वन्येषु सर्वदा ।
आग्नेयां प्रथम स्तम्भं-स्थापयेद् विधिनाततः ॥ ७५ ॥

પ્રાસાદો હવેલીઓ અને બીજા ગૃહોમાં હંમેશાં પ્રથમ સ્તંભ આગ્નેયી દિશામાં સ્થાપન કરવો. સ્તંભારોપણ સામાન્ય દિન શુદ્ધિ અને સ્તંભચક્ર જોઇને કરવું જોઇએ.

"Aho Shrutgyanam"

पट्टकारोपण मुहूर्त

પ્રાસાદ અથવા ગૃહમાં પાટ અથવા મોભ સ્થાપવાનું મુહૂર્ત પંચાંગ શુદ્ધિ જોઈને આપવું. કર્તાને ચંદ્રબલ જોવું અને મોભ પાટમાં મોભ ચક્ર જોવું, દિન નક્ષત્ર શુભ સ્થાને આવતું હોય તે દિવસે શુભ ચોઘડીયે પટ્ટકારોપણ કરવું.

पद्मशिला–शुकनाश प्रासाद पुरुष निवेशन मुहूर्तो

પદ્મશિલા શુકનાશ અને પ્રાસાદપુરૂષ સ્થાપન મુહૂર્તો સૂત્રપાતાદિ મુહૂર્તોમાં જણાવેલ દોષો તજી પંચાંગ શુદ્ધિમાં કરવાં, લગ્ન જો સારૂ મલી શકતું હોય તો લગ્નમાં અન્યથા શુભ ચોઘડીયામાં અથવા વિજય મુહૂર્તમાં પણ એ મુહૂર્તો કરી શકાય છે.

કૂર્મચક્ર તથા સ્તંભચક્ર જોઇ શુભ મુહૂર્તે, ચંદ્ર તારાબલ જોઇ. શુભદિને, ગણેશ, ચંડી, દિક્પાલ, વાસ્તુ આદિ પૂજન કરી સ્તમ્ભ સ્થાપિત કરવો.




જંઘા સ્વરૂપ લક્ષણ

"Aho Shrutgyanam"

પાટ ચક્ર

૩	૫	૮	૮	૩
નેષ્ટ	શ્રેષ્ટ	શ્રેષ્ટ	નેષ્ટ	શ્રેષ્ટ

સ્તંભ ચક્ર



પાટ મોભ ચક્ર

મૂલે મોભે ત્રિઋક્ષે ગૃહપતિ મરણં પઞ્ચગર્ભે સુખં સ્યાત્ ।
મધ્યેચૈવાષ્ટ ઋક્ષ ધનસુત સુખદં પુચ્છકેચાષ્ટ હાનિઃ ॥ ૭૬ ॥

પશ્ચાદગ્રે ત્રિભાનિ ગૃહપતિ સુખદં ભાગ્ય પુત્રાર્વદં સ્યાત્ ।
સૂર્યાદિર્યં ચ ઋક્ષં યદિ વિદ્યુદિનં ભં મોભચક્રં વિલોક્યમ્ ॥ ૭૭ ॥

સૂર્યના મહાનક્ષત્રથી ચંદ્રના નક્ષત્ર સુધી ગણત્રી કરી. ત્રણ નક્ષત્રો મોભના મૂલમાં અશુભ અને તે ગૃહપતિનું મૃત્યુ કરે, ગર્ભમાં પાંચ મૂકવા તે સુખ, મધ્યમાં આઠ મૂકવા તે ધન–પુત્ર આદિ સુખ આપનાર, પૂછડે આઠ નક્ષત્રો હાનિકર, પાછળ ત્રણ નક્ષત્રો સુખ આપનાર અને ભાગ્ય તથા પુત્રની વૃદ્ધિ કરનાર જાણવા, આ પ્રમાણે પાટ મોભચક્ર એક જ છે. તેમ વિદ્વાનોએ જાણવું.

ઇતિ શ્રી વિશ્વકર્મા વાસ્તુ કલા ચિન્તન હરવિદ્યા ગુણ કીર્તિ પ્રકાશ
જિનપ્રાસાદ માર્તણ્ડ શિલ્પાચાર્ય નંદલાલ ચુનીલાલ સંગ્રહીતે
મણ્ડપાધિકાર નામ્નો ષષ્ઠમોઽધ્યાયઃ સમ્પૂર્ણ ॥

"Aho Shrutgyanam"

दोष परिहार नाम्नो सप्तमोऽध्याय

नमामि विश्वकर्माणं सर्वसूत्र प्रवर्त्तकम् ।
प्रासादादि प्रसिद्धर्थं समृद्धिदम् ॥ १ ॥

सृष्टियाद्य सूत्रधारस्य प्रासादादि द्रविश्वकर्मणः ।
श्री कृष्णस्य प्रियंकर्तुं द्वारामति विनिर्मिता ॥ २ ॥

સર્વ સૂત્ર પ્રવર્ત્તક એવા વિશ્વકર્માને હું નમસ્કાર કરૂં છું. પ્રાસાદાદિ સર્વ સિદ્ધ સમૃદ્ધ પ્રસિદ્ધ કરનાર, સૃષ્ટિના આદ્ય સૂત્રધાર વિશ્વકર્માના પ્રસાદથી કૃષ્ણપ્રભુને પ્રિય જેણે દ્વારામતિનું નિર્માણ કર્યું છે.

वास्तुशास्त्र प्रशंसा

वास्तुवेत्ता यथा ब्रह्मा वास्तुवेत्ता यथा हरिः ।
वास्तुवेत्ता यथा रुद्रो वास्तुवेत्ता च देवता ॥ ३ ॥

वास्तुवेत्ता समो बंधुर्वास्तुवेत्ता सम सुहृद् ।
वास्तुवेत्ता समो योद्धा न भूतो न भविष्यति ॥ ४ ॥

वास्तुवेत्ता भवद्राजा वास्तुवेत्ता धनाधिपः ।
वास्तुवेत्ता सखाराज्ञो वास्तुविदं प्रपूजयेत् ॥ ५ ॥

कथं रुष्येत राजानः कथं रूष्यात्प्रजापतिः ।
कथं रुष्या दतुनाथो यस्य तुष्टो ग्रहसखाः ॥ ६ ॥

अप्रदीपा यथा शत्रिरनादित्यो यथा नमः ।
तथा शास्त्रार्थ संपन्नौ वास्तुशास्त्रं विना द्विजः ॥ ७ ॥

न वास्तु वर्जितलोके वस्तव्यं मूतिमिच्छताः ।
चक्षुर्भूत्तो हि वास्तुज्ञस्तत्र धर्मः सनातनः ॥ ८ ॥

વાસ્તુશાસ્ત્રનો જાણકાર બ્રહ્મા, હરિ અને રૂદ્ર સમાન તેમજ દેવતા રૂપ છે. વાસ્તુ-વેત્તા બંધુ સુહૃદ અને યોદ્ધા સમાન છે એના જેવો હિતૈષી બીજો કોઈ થયો નથી અને થશે નહિ. વાસ્તુવેત્તા રાજા અને કુબેર સમાન છે, તથા રાજાનો મિત્ર છે. માટે વાસ્તુવેત્તાની પૂજા કરવી. વાસ્તુવેત્તાની પ્રસન્નતામાં જેના બધા ગ્રહો મિત્ર બને છે, તેના

"Aho Shrutgyanam"

ઉપર રાજા, પ્રજા, પ્રજાપતિ અને સૂર્ય કેવી રીતે કોપાયમાન થઈ શકે? જેમ દીવા વગરની રાત અને સૂર્ય વિનાનું આકાશ છે. તેમ વાસ્તુશાસ્ત્રને નહિ જાણનારો શાસ્ત્ર-સંપન્ન વિદ્વાન શોભાહિન જાણવો. પોતાનું કલ્યાણ ચાહનારે વાસ્તુવર્જિત દેશમાં વાસ કરવો નહિ, કેમકે વાસ્તુશાસ્ત્રને જાણનાર નેત્રરૂપ છે, અને ત્યાં સનાતન ધર્મ રહેલો છે.

वास्तुशास्त्रावतार

नकोपी कस्य चित्कर्ता कल्पे कल्पान्तरान्तरे ।
वेदवच्च सयुद्धर्ता विश्वकर्मा युगे युगे ॥ ९ ॥

ऋषिभि र्वास्तुशास्त्रञ्च मन्वादिभिः प्रकाशितम् ।
सृष्टयादौ ब्रह्मणा सार्द्धं माकाशात्कथितं पुरा ॥ १० ॥

ब्रह्मणस्तु मुनयः सर्वे प्राप्ता वै विश्वकर्मणः ।
पुनश्च तपसां कृत्वा आत्मज्ञा ऋषि सत्तमाः ॥ ११ ॥

આ કલ્પ તથા કલ્પાન્તરમાં વાસ્તુશાસ્ત્રનો કર્તા બીજો કોઇ નથી, પરંતુ વેદની માફક પ્રત્યેક યુગે વિશ્વકર્મા જ વાસ્તુશાસ્ત્રના ઉદ્ધાર કર્તા છે. મનુ વગેરે ઋષિઓ દ્વારા વાસ્તુશાસ્ત્ર પ્રકાશમાં આવ્યું. પહેલા સૃષ્ટિના પ્રારંભમાં બ્રહ્મા સાથે આકાશમાંથી આ શાસ્ત્રનો ઉપદેશ થયેલો અને બ્રહ્મા તથા વિશ્વકર્મા પાસેથી આત્મજ્ઞ ઋષિમુનિઓએ તપ કરી પ્રાપ્ત કરેલ છે.

वास्तु शास्त्रना प्रवर्तकः–

सुर ज्येष्ठो विश्वकर्मा कुमारो नारदो भृगुः ।
इश्वरो नन्दिकेशश्च च्यवनश्च महामुनिः ॥ १२ ॥

मयश्चात्रिर्वास्तुदेवो वशिष्ठो मकरध्वजः ।
बृहस्पतिश्चानिरुद्धो ध्रुवनो गर्ग एव च ॥ १३ ॥

श्रीमत्स्यश्चः महातेजा एते चाष्टादशैव हि ।
शौनकोक्काः सुरा एते वास्तुशास्त्र प्रवर्तकाः ॥ १४ ॥

૧. ઇન્દ્ર, ૨. વિશ્વકર્મા, ૩. કુમાર, ૪. નારદ, ૫. ભૃગુમુનિ, ૬. ઇશ્વર, ૭. નન્દિકેશ, ૮. મહામુનિચ્યવન, ૯. મય, ૧૦. અત્રિ, ૧૧. વાસ્તુદેવ, ૧૨. વશિષ્ઠ, ૧૩. મકરધ્વજ, ૧૪. બૃહસ્પતિ, ૧૫. અનિરૂદ્ધ, ૧૬. ધ્રુવન, ૧૭. ગર્ગ, ૧૮. શ્રીમત્સ્ય, આ અઢાર શૌનકે કહેલ વાસ્તુશાસ્ત્રના પ્રચાર કર્તા જાણવા.

"Aho Shrutgyanam"

वास्तुशास्त्रना ज्ञाता:-

शौनको रावणो रामो रेणुकानन्दन हरिः ।
रामांशो गालवो विप्रो गौतमो गोमिलस्तथा ॥ १५ ॥

जयश्च विजयश्चैव सिद्धार्थश्चापराजितः ।
विख्याचार्यो मुनिश्रेष्ठः त्रिदशैः पूजितस्तथा ॥ १६ ॥

गच्छवीक्षमयपुत्रा कार्तिकेयो महामतिः ।
च्यवनश्च वनत्सुनु वास्तुशास्त्रस्य वेदिनः ॥ १७ ॥

૧. શૌનકો, ૨. રાવણ, ૩. પરશુરામ, ૪. હરિ, ૫. ગાલવ, ૬. ગૌતમ, ૭. ગોમિલ, ૮. જય, ૯, વિજય, ૧૦. સિદ્ધાર્થ, ૧૧. અપરાજિત, ૧૨. વિખ્યાચર્યા, ૧૩. ગચ્છ, ૧૪. વીક્ષ, ૧૫. મયપુત્ર, ૧૬. કાર્તિકેય. આ વાસ્તુશાસ્ત્રના જ્ઞાતાઓ જાણવા.

वास्तु वित्नी प्रशंसा

वास्तु वेदसमं ज्ञानं वास्तु वेद समक्रियम् ।
वास्तु वेदसमं शास्त्रं वास्तुशास्त्रञ्च मानयेत् ॥ १८ ॥

वास्तुज्ञानं स्तवः सिद्धं सृष्टि काम पुराकृतम् ।
तेनैव वास्तुशास्त्रेण लोको भवति पूजितः ॥ १९ ॥

વાસ્તુશાસ્ત્ર વેદની જેમ જ્ઞાન અને ક્રિયાવાળું છે. તેથી વાસ્તુ, વેદ જેવું શાસ્ત્ર છે, તેથી તેનું સન્માન કરવું. વાસ્તુજ્ઞાન સ્વયં સિદ્ધ સૃષ્ટિ અર્થે પહેલાં રચાયેલું શાસ્ત્રજ્ઞાન છે. એવા વાસ્તુશાસ્ત્ર વડે લોકો સુખી થાય છે.

सूत्रधार पूजन विधानः-

अथै वानन्तरं वक्ष्ये पूजनं सूत्रधारकम् ।
यज्ञ मण्डपयोर्मध्ये मण्डलं कारयेत्शुभम् ॥ २० ॥

पट्टैरान्छादनं कृत्वा स्वस्तिकञ्च समालिखेत् ।
सूत्रधारं सूत्रासने पादौ प्रक्षाल्य सादरम् ॥ २१ ॥

कुकुमालपनं कृत्वा दिव्यवस्त्रमावर्णयेत् ।
मुकुटं कुण्डलं सूत्रं कंकणं मुद्रिकातमा ॥ २२ ॥

"Aho Shrutgyanam"

हारकेयुर संयुक्तं पादा भरण संयुतम् ।
युग्म स्त्री पुरुषाणां च पुत्र पौत्रेश्च संकुलम् ॥ २३ ॥
गृहोपस्कर समस्तं गो महिष्यश्वादियुतम् ।
दासी-कर्म कराणां च यान सुखासनादिकम् ॥ २४ ॥
ग्रामाणि च ततो दद्यादधवा भूमिरुत्तमा ।
तेन तुष्टेन तुष्टाहि ब्रह्मा विष्णुहरादयः ॥ २५ ॥
कर्मकराणां सर्वेषां धनं दद्याच्च सर्वतः ।
वस्त्र प्रावरणैः कृत्वा पुण्यं दानं सुसर्वतः ॥ २६ ॥
योजनीयास्तथा सर्वे मिष्टान्नैः खण्डपक्कैः ।
ताम्बुलं विलेपनं च यावत्संतुष्ठ चेतसः ॥ २७ ॥
तुष्ठेन च जगत्तुष्टं त्रैलोक्यं सचराचरम् ।
सर्व तीर्थोद् भवं पुण्यं सर्व देवानुपूजकम् ॥ २८ ॥

હવે હું ઉત્તમ સૂત્રધારની પૂજનવિધિ કહું છું :—યજ્ઞમંડપ વચ્ચે શુભ મંડલ કરવું. વસ્ત્રોથી આચ્છાદિત કરી સ્વસ્તિક મંડલ રચવું. સૂત્રધારને પાદ્યપક્ષાલન કરી સૂત્રાસને બેસાડવા. કુંકુમનું આલેપન કરી દિવ્ય વસ્ત્રો ઓઢાડવાં. મુકુટ પહેરાવવો. કુંડલ, સૂત્ર, કડાં, ઉત્તમવીંટી, હાર, બાજુબંધ, પગનું આભરણ આ અલંકારો સ્ત્રી પુરુષ બન્ને તેમના પુત્ર-પૌત્રાદિક પરિવાર સહિત આપવા. તેમજ દરેક જાતની ગૃહ સામગ્રી, ગાય, ભેંસ, ઘોડો, દાસી કામ કરવા માટે ચાકર વર્ગ, વાહન, સુખપાલ, કોચ, પલંગ વગેરે આપવા, ગામ અથવા સારી ભૂમિનું દાન કરવું. સૂત્રધાર પ્રસન્ન થવાથી બ્રહ્મા; વિષ્ણુ, શંકર આદિ દેવો સંતુષ્ટ થયેલા જાણવા. તથા બીજા બધા કર્મકારને ધનાદિની બક્ષિસ આપવી અને યોગ્ય વસ્ત્ર ઓઢાડવા તથા દાન આપવું, વળી દરેકને મિષ્ટાન્ન ભોજન કરાવવું, અને પાન-બીડા આપવા, ચંદન અર્ચવું અને દરેક રીતે તેમને પ્રસન્ન ચિત્તવાળા બનાવવા. એમના સંતુષ્ટ થવાથી સચરાચર ત્રિલોક સંતુષ્ટ થાય છે અને સર્વતીર્થોથી મળનારું તથા સર્વ દેવોનું પૂજન કરવાથી થનારું પુણ્ય પ્રાપ્ત થાય છે.

वास्तुकर्मनो अधिकारः—

वास्तु कर्म सोमपुरा शिल्पाचार्येण कारयेत् ।
अन्यजात्यान कर्तव्यं कर्ता भर्ता विनश्यति ॥ २९ ॥

"Aho Shrutgyanam"

વાસ્તુકર્મ સોમપુરા જાતિના શિલ્પાચાર્ય પાસે કરાવવું, બીજી જાતિના શિલ્પી પાસે કરાવવું નહિ. કરાવે તો કર્તા અને ગૃહધણી બંનેનો વિનાશ થાય.

वास्तु पीठ सामग्री अधिकारः-

वास्तु पीठस्य भोक्तारः सूत्रधारश्च शिल्पकः ।
अत स्तस्मै प्रदातव्यं वास्तुपीठं शुभच्छुना ॥ ३० ॥

વાસ્તુપીઠની સામગ્રીના અધિકારી સૂત્રધાર અને શિલ્પીઓ છે. એટલા માટે કલ્યાણ ઇચ્છનારે વાસ્તુપીઠની સામગ્રી સૂત્રધારને આપવી.

देवपूजा सामग्री अधिकारः-

यदेवा भरणं पूजा वस्त्रालङ्कार भूषणम् ।
स्नान मण्डपोपस्करं स्थाल पात्रं तुशिल्पिने ॥ ३१ ॥

शलाका मधुपात्रं च छत्रिकाद्यं च शिल्पिने ।
स्नान शय्या महाध्वजा दातव्या चैव शिल्पिने ॥ ३२ ॥

દેવતા સંબંધીનું જે આભરણ, પૂજા સામગ્રી, વસ્ત્ર, અલંકાર અને આભૂષણ હોય સ્નાન તેમજ મંડપ સંબંધી જે સામગ્રી હોય, થાળી, જલપાત્ર, શલાકા, મધુપાત્ર, છત્ર વગેરે તથા શય્યા અને મહાપતાકા વગેરે સામગ્રી શિલ્પીને આપવી.

सोमपुरा विषे प्रभासखण्डाधिकारः-

सोराष्ट्रे सोमपूर्या वै सोमेशस्य समीपतः ।
सोमेन च कृतोयज्ञः स्वपापस्य विशुद्धये ॥ ३३ ॥

तत्र यज्ञे वृता ये च ब्राह्मणाः परमोज्ज्वलाः ।
तेभ्यः सोमपुरं सर्वं निवासार्थं ददौ मुदा ।

दक्षिणास्वर्णं रत्नाढ्यं दानानि विविधानि च ।
सोमेन सोमपुर्यां वै स्थापिता ये द्विजोत्तमाः ॥ ३४ ॥

ते वै सोमपुरा विप्रा विज्ञेया नात्र संशयः ।
नाडी मार्गा समस्तास्ताः पार्वती वचनातदा ॥ ३५ ॥

"Aho Shrutgyanam"

સોમપુરાના કુળમાં ઉત્પન્ન થયેલો, ગણિત શાસ્ત્રનો વિદ્વાન, પુરાણોનો જ્ઞાતા, આનંદી સ્વભાવવાળો, લોભ વૃત્તિથી રહિત, ચિત્રકળાનો વિજ્ઞાતા, સર્વ દેશોનું જ્ઞાન ધરાવવાવાળો, સાચું બોલનાર, જિતેન્દ્રિય, નિરોગી, અપ્રમાદી, સાત મહાવ્યસનોથી મુક્ત, સુંદર નામવાળો, ઘણા બંધુ વર્ગવાળો અને વાસ્તુવિદ્યામાં પારંગત હોવો જોઇએ, ઉપર જણાવેલ સ્થપતિ–મુખ્ય શિલ્પી ઉપરાંત બીજા ત્રણ શિલ્પકારોનું વર્ણન પણ ગ્રંથોમાં મળે છે, મનુષ્યાલય ચંદ્રિકા નામના ગ્રંથમાં પહેલા અધ્યાયમાં ચાર શિલ્પકારો બતાવ્યા છે.

स्थपतिः सूत्रग्राही तक्षक संज्ञश्च वर्धकिः क्रमशः ।
स्योचित कर्मणि दक्षा ग्राह्यास्ते कारवश्चतुर्धेति ॥ ३६ ॥

સ્થપતિ, સૂત્રગ્રાહી, તક્ષક અને વર્ધકિ ક્રમે ચાર શિલ્પકારો પોતપોતાના કાર્યમાં દક્ષ હોવા જોઇએ.

शिल्पीना १४ दोषोः–

हीनांगो ह्यधिकांगश्च प्रलंबो वामन स्तथा ।
कुष्टांगोह्यन्धकश्चैव मुखवक्रः कृशस्तथा ॥ ३७ ॥

अस्वरः शब्दहीनश्च कृष्णागस्तस्करस्तथा ।
विकलश्चैव वैरूपः शिल्पिदोषाश्चतुर्दश ॥ ३८ ॥

ઓછાં અંગવાળો, અધિક અંગવાળો, પ્રમાણથી ઊંચો, ઠીંગણો, કોઢવાળો, આંધળો, વાંકા મોઢાવાળો, પાતળો, સ્વરહીન, રંગ કાળો, ચોરવૃત્તિવાળો, વિકલાંગ એટલે અપંગ અથવા અર્ધાંગ વાયુ વિગેરેથી દુઃખી તેમજ બેડોળ આ ચૌદ શિલ્પીનાં દોષો છે. સૂત્રધાર આ ચૌદ દોષોથી રહિત હોવો જોઈએ.

कार्य एक हस्ते करवा विधान

एक हस्ते तु कल्याणं द्विहस्त मृत्युरेव च ।
गृहे देवैक शिल्पिनां भाषितं विश्वकर्मणा ॥ ३९ ॥

એક હસ્તે કરેલ કાર્ય કલ્યાણકારી થાય છે અને બે હસ્તે થયેલ કાર્યમાં મૃત્યુનો સંભવ છે, માટે ગૃહ તથા દેવ કાર્ય એટલે દેવમંદિર વગેરે કાર્યો એક જ શિલ્પીના હસ્તે કરાવવાં એવું શ્રી વિશ્વકર્માએ કહેલું છે.

"Aho Shrutgyanam"

काष्ठे मृदिष्टके चैव पाषाणेद्धातु रत्नजे ।
उत्तरोत्तर दृढं लोहकर्म विवर्जयेत् ॥ ४० ॥

લાકડું, ઈંટો, પથ્થર, ધાતુ, રત્ન. આ દ્રવ્યો એક બીજાથી વધારે દ્રઢ (મજબૂત) છે. અર્થાત્ લાકડાથી ઈંટ, ઈંટથી પાષાણ, પાષાણથી સોનું વગેરે ધાતુઓ અને ધાતુઓથી રત્નો મજબૂત છે. લોહકર્મ તજવું–લોખંડ વાપરવું નહિ.

उत्तमोत्तम धात्वारि पाषाणेष्टिककाष्टकम् ।
श्रेष्टं मध्याधमं द्रव्यं लोहं चैवाधमाधमम् ॥ ४१ ॥

ધાતુ અને રત્નઃ– આ દ્રવ્યો ઉત્તમોત્તમ છે. પાષાણ, ઈંટ અને લાકડું આ ત્રણ દ્રવ્યો અનુક્રમે શ્રેષ્ઠ, મધ્યમ અને કનિષ્ઠ છે પરંતુ લોઢું આ દ્રવ્ય તો અધમાધમ છે. એટલે અત્યંત હિન દ્રવ્ય છે.

गृहेषु यो विधिः प्रोक्तो विनिवेशप्रवेशने ।
स एव विदुषा कार्यो देवतायत नेष्वमि ॥ ४२ ॥

ગૃહ બનાવવાની તથા તેમાં પ્રવેશ કરવાની જે વિધિ વાસ્તુશાસ્ત્રમાં વિદ્વાનોએ બતાવી છે, તે જ વિધિ પ્રમાણે પ્રાસાદોમાં પણ કાર્ય કરવું.

शास्त्र प्रशंसा

एकेन शास्त्रेण गुणाधिकेन,
विना द्वितीयेन पदार्थसिद्धिः ।
तस्मात् प्राकारान्तरतो विलोक्य,
मणिर्गुणाढ्योऽपि सहायकाङ्क्षी ॥ ४३ ॥

અનેક શિલ્પશાસ્ત્ર રચનાર મણ્ડન સૂત્રધાર કહે છે કે– શિલ્પશાસ્ત્ર અનેક છે. તેમાં આ અધિક ગુણવાળા શિલ્પશાસ્ત્ર હોવા છતાં પણ બીજા શિલ્પશાસ્ત્ર જાણ્યા વિના વાસ્તવિક પદાર્થની સિદ્ધિ થતી નથી. તે માટે પ્રાકારાન્તરે બીજા શિલ્પશાસ્ત્ર પણ જોવા જોઈએ, જેમકે મણિ અધિક ગુણવાળો હોવા છતાં પણ એકલો શોભા આપતો નથી, પણ સોના આદિ પદાર્થની સાથે અધિક શોભાયમાન થાય છે, તેવી રીતે શિલ્પના અનેક ગ્રંથો જોવાથી શિલ્પી શિલ્પશાસ્ત્રના વિદ્વાન થાય છે.

शिवलिङ्ग न्यूनाधिक मानः–

मान न्यूनाधिकं वापि स्वयम्भु बाणरत्नजे ।
घटितेषु विधातव्य––मर्चालिङ्गेषु शास्त्रतः ॥ ४४ ॥

"Aho Shrutgyanam"

સ્વયંભૂલિંગ, બાણલિંગ અને રત્નલિંગ એ માનમાં ઓછા વધતા હોય તો દોષ નથી, પણ ઘડેલું શિવલિંગ અને ઘડેલી મૂર્તિ, એ શાસ્ત્રાનુસાર માન પ્રમાણે જ કરવા જોઇએ.

वास्तु दोष

बहुलेपाल्पलेपं च समसन्धि शिरोगुरुः ।
सशल्यं पादहीनं तु तच्च वास्तु विनश्यति ॥ ४५ ॥

અધિક લેપવાળું, ઓછાં લેપલાળું, સાંધાની ઉપર સાંધાવાળું, ઉપર ભારું, નીચે પાતળું, શલ્યવાળું અને ઓછા પાયાવાળું એવા પ્રકારનું વાસ્તુ જલ્દી નાશ પામે છે.

अशुभ वास्तु द्रव्य

अन्य वास्तु च्युतं द्रव्य—मन्यवास्तुनियोजयेत् ।
प्रासादे न भवेत पूजा गृहेतु नवसेद् गृही ॥ ४६ ॥

કોઇપણ ગૃહ આદિના પડી ગયેલ ઇંટ, ચુનો, પાષાણ અને લાકડાં આદિ વાસ્તુ–દ્રવ્ય બીજા ગૃહ અથવા પ્રાસાદમાં લગાડવા નહિ, પ્રાસાદમાં લગાડે તો દેવ અપૂજિત રહે અને ગૃહમાં લગાડે તો માલિકનો વાસ થાય નહિ શૂન્ય રહે.

दिङ्मूढ परिहार

पूर्वोत्तर दिशामूढं मूढं पश्चिम दक्षिणे ।
तत्र मूढममूढं वा यत्र तीर्थसमाहितम् ॥ ४७ ॥

પૂર્વોત્તરદિશે (ઇશાનકોણ) અથવા પશ્ચિમ દક્ષિણ દિશા (નૈઋત્ય) પ્રાસાદ વાંકો હોય તો દિઙ્મૂઢ દોષ માનવામાં આવતો નથી. જેમ તીર્થસ્થાનમાં પ્રાસાદ મૂઢ અમૂઢનો દોષ માનવામાં આવતો નથી.

सिद्धायतन तीर्थेषु नदीनां सङ्गमेषु च ।
स्वयम्भू बाणलिङ्गेषु तत्र दोषो न विद्यते ॥ ४८ ॥

સિદ્ધાયતન' એટલે સિદ્ધ પુરુષોના આશ્રયે, તીર્થસ્થાને, નદીના સંગમે ઇત્યાદિ સ્થાન પર પ્રાસાદ દિગ્મૂઢ હોય, તથા સ્વયંભૂ અને બાણલિંગના પ્રાસાદ દિગ્મૂઢ હોય તો તેનો દોષ માનવામાં આવતો નથી.

"Aho Shrutgyanam"

शिल्पीकृत महादोष

दिङ्मूढो नष्टच्छन्दश्च आयहीन शिरोगुरुः ।
ज्ञेना दोषास्तु चत्वारः प्रासाद कर्मदारुणा ॥ ४९ ॥

પ્રાસાદ દિર્જમૂઢ (વાંકો) થાય, નષ્ટછન્દ એટલે પ્રાસાદના અંગોપાંગ ન હોય, આયાદિ બરાબર ન હોય અને ઉપરનો ભાગ જાડો અને નીચે પાતળો હોય, એ ચાર મહાદોષો શિલ્પીએ કરેલા હોય છે.

विशेष दोष फलः-

द्वारहीने हनेच्चक्षु—र्नालीहीने धनक्षयम् ।
अपदे स्थापिते स्तम्भे महारोगं विनिर्दिशेत् ॥ ५० ॥

માનથી નાનું દ્વાર હોય તો નેત્રની હાનિ કરે, નાલી હીન હોય તો ધનનો ક્ષય થાય, અને સ્તંભ એ પદે સ્થાપ્યા હોય તો મહા રોગ ઉત્પન્ન થાય.

स्तंभव्यासोदयहीने कर्त्ता तत्र विनश्यति ।
दे पीठहीनेतु नश्यन्तिगजवाजिनः ॥ ५१ ॥

સ્તંભનું માન વિસ્તારમાં અથવા ઉદયમાં હીન થાય તો કર્તાનો નાશ થાય. પ્રાસાદની પીઠ માનમાં ઓછું કરે તો હસ્તિ. ઘોડા આદિ વાહનોની હાનિ થાય.

रथोपरथहीने तु प्रजापीडां विनिर्दिशेत् ।
कर्णहीने सुरागारे फलं कदापि न लभ्यते ॥ ५२ ॥

પ્રાસાદના રથ, ઉપરથ આદિ અંગો ઓછા હોય તો પ્રજાને પીડા થાય, જો કોણ માનમાં હીન હોય તો પૂજાનું ફલ કદાપિ મળે નહિ.

जङ्घाहीने हरेद बन्धु कर्तृकान् कारकादिकान् ।
शिखर हीनमाने तु पुत्रपौत्र धनक्षयः ॥ ५३ ॥

પ્રાસાદની જંઘા પ્રમાણમાં ઓછી હોય તો બંધુ તથા કરનાર, કરાવનાર અને બીજાઓની હાનિ થાય. શિખર પ્રમાણમાં ઓછું હોય તો પુત્ર, પૌત્ર અને ધનનો ક્ષય થાય.

अतिदीर्घे कुलच्छन्दोह्रस्वे व्याधिविनिर्दिशत् ।
तस्माच्छास्त्रोक्त मानेन् सुखदं सर्वकामदम् ॥ ५४ ॥

"Aho Shrutgyanam"

શિખર માનમાં અધિક લાંબુ હોય તો કુળની હાનિ થાય અને માનમાં ઓછું હોય તો રોગ ઉત્પન્ન થાય તે માટે શાસ્ત્રમાં કહેલ માનથી બનાવે તો સર્વ ઇચ્છિત ફલ આપે.

जगत्यां लोपयेच्छालां शालायां चैव मण्डपम् ।
मण्डपेन च प्रासादो ग्रस्तो वै दोषकारक ॥ ५५ ॥

જગતીમાં શાલા, શાલામાં મંડપ અને મંડપમાં પ્રાસાદ ગ્રસ્ત ગળતો હોય તો દોષકારક છે.

प्रासादोच्छाय विस्तारा-ज्जगती वाम दक्षिणे ।
छाया भेदा न कर्तव्या यथा लिङ्गस्य पीठीका ॥ ५६ ॥

પ્રાસાદના ઊદય અને વિસ્તારના માન પ્રમાણે ડાબી અને જમણી બાજુ જગતી શાસ્ત્રમાં કહેલ માન પ્રમાણે કરવી. એમ ન કરે તો છાયા ભેદ થાય છે, જેમ શિવ-લિંગને પીઠિકા રૂપ જગતી છે, તેમ પ્રાસાદને જગતી રૂપ પીઠિકા છે.

छन्दो भेदा न कर्तव्या जाति भेदा स्तथा पुनः ।
हीन शाखा न कर्तव्या लतिने चन्द्रलोकनम् ॥ ५७ ॥

છન્દ ભેદ તથા જાતિ ભેદ કરવો નહિ, શાખા હીન કરવી, નહિ લતિનાદિ પ્રાસાદને ચંદ્રવિલોકન-બારી કરવી.

तलछन्दानुसारेण हीनाङ्ग शिखरं भवेत् ॥ ५८ ॥

તલછન્દથી હીન શિખર કરવું નહિ.

शुकनासं च तस्याग्रे कारयेद् विधिपूर्वकम् ।
शुकाग्रे मण्डपं कुर्यात् सुरूपं लक्षणान्वितम् ॥ ५९ ॥

શુકનાશ આગળ વિધિપૂર્વક મંડપ કરવો, તે પ્રમાણ અને લક્ષણ યુક્ત કરવો.

यद्यत्साद वाचिकं सम्यकर्म विद्याभि संज्ञकम् ।
शक्तोमुकोपि यत्कतृं कला संज्ञतु तस्मृतम् ॥ ६० ॥

જે કાર્ય વાણીથી થઈ શકે તેને વિદ્યા કહે છે અને મુંગા પણ કરી શકે તેને 'કળા' શિલ્પ, ચિત્ર, નૃત્ય આદિ મૂકભાવે થઈ શકે છે. તેથી તે દરેકને કળા કહી છે.

गर्भगृह रेखागल निर्णयः–

निरंधारेषु सर्वेषु नागरे मिश्रकेऽपि वा ।
विमाननागरे छन्दे कुर्याद् विमानपुष्पके ॥ ६१ ॥

"Aho Shrutgyanam"

भित्तिपृथुत्वमानं यत् तत्संख्या च क्रमोद्गता ।
गर्भ मध्ये यथा रेखा महामर्मक्षयोद्भवा ॥ ६२ ॥
एक द्वि त्रि क्रमाच्चैव रेखा गर्भ समुद्भवा ।
संकीर्णा दोषदा ज्ञेया विपुला च सुखावहा ॥ ६३ ॥

સર્વ પ્રકારના નિરંધારાદિ, નાગરાદિ, મિશ્રકાદિ, વિમાનનાગર છન્દ અને વિમાન-પુષ્પકાદિ પ્રાસાદોને ગભારાની ભિતિ હોય તેના માને ક્રમ અર્થાત્ શૃંગની સંખ્યા ચઢાવવી, પરંતુ જો ગર્ભગૃહ અંદર પાયાની રેખા ગળે તો મહામર્મ ક્ષય કરનારી છે. એક, બે અને ત્રણ ક્રમ શિખરો ચઢાવવાં ને તે શિખરના પાયચાની રેખા ગભારાની ફરક સુધી ચઢાવી શકાય છે. પરંતુ જો શિખરના પાયચાની રેખા ગર્ભગૃહ કરતાં નાની થાય તો દોષ લાગે, વિપુલા એટલે વિસ્તારવાળી થાય તો સુખ આપે.

निश्चिन्हं शिखरं दृष्ट्वा ध्वजहीनं सुरालयम् ।
असुरा वासमिच्छन्ति ध्वजाहीनं न कारयेत् ॥ ६४ ॥

ચિહ્ન રહિત શિખર તથા ધ્વજા રહિત દેવાલય જોઈ અસુરો વાસ કરવાને ઇચ્છે છે, માટે ધ્વજા વગર પ્રાસાદો રાખવા નહિ.

मान प्रमाण

अतिदीर्घ कुलच्छेदो ह्रस्वे व्याधि समुद्भवः ।
तस्माच्छास्त्रकृते माने सुखदं सर्वकामदम् ॥ ६५ ॥
मान प्रमाण संयुक्ता शास्त्रदृष्टिश्च कारयेत् ।
आयुःपूर्णञ्च सौभाग्यं लभते पुत्रपौत्रकम् ॥ ६६ ॥

પ્રાસાદ પ્રમાણથી ઘણો ઊંચો કરવામાં આવે તો કુલનો નાશ થાય અને પ્રમાણથી નીચો કરવામાં આવે તો વ્યાધિની ઉત્પત્તિ થાય. તેથી શાસ્ત્રમાં કહેલ પ્રમાણથી પ્રાસાદનું માન કરવું તે સર્વ પ્રકારના સુખ તથા કામનાઓને આપનાર છે. માન અને પ્રમાણ સંયુક્ત શાસ્ત્ર દૃષ્ટિથી ગૃહ તથા પ્રાસાદ કરવાથી પૂર્ણ આયુષ્યની સાથે સૌભાગ્ય વૃદ્ધિ અને પુત્ર પૌત્રાદિકનું પૂર્ણ સુખ પ્રાપ્ત થાય છે.

छन्द भेदो न कर्तव्यः प्रासादमठमन्दिरे ।
स्त्री मृत्यु शोक सन्ताप पुत्रपति धनक्षयः ॥ ६७ ॥

પ્રાસાદ, મઠ તથા મંદિરમાં છંદભેદ કરવો નહિ. કેમકે છંદભેદ કરવાથી સ્ત્રીનું મૃત્યુ, શોક, સંતાપ તથા પુત્ર, પતિ અને ધનનો નાશ થાય.

"Aho Shrutgyanam"

राजमार्गान्तरे वेधो न प्रकारान्तरेऽपि च ।
स्तंभ पदादि वेधस्तुनभित्यन्तरतो भवेत् ॥ ६८ ॥

રાજમાર્ગ અથવા પ્રાકાર (કોટ–કિલ્લો) વચમાં આવતો હોય તો સામસામા દેવાલયો કરવામાં વેધદોષ લાગતો નથી. તેમજ સ્તંભોના પદોનો વેધ પણ જો વચમાં ભિતિનું અંતર પડતું હોય તો લાગતો નથી.

पदहीनं न कर्तव्यं प्रासादमठमंदिरम् ।
एकस्तंभे कृते द्वारे पुत्रपति धनक्षयः ॥ ६९ ॥

પ્રાસાદ, મઠ તથા મંદિર પદહીન કરવાં નહિ; દ્વારની વચ્ચે એક સ્તંભ આવે તો પુત્ર, પતિ અને ધનનો ક્ષય થાય છે.

स्तंभिका कुम्भिका सर्वतलमान न लोपयेत् ।
उदुम्बर शिरं सर्व समसूत्रञ्च कारयेत् ॥ ७० ॥

સ્તંભો અને કુંભિઓ એ સર્વનું તલમાન લોપવું નહિ અને તે સર્વ ઉદુમ્બરના મથાળે સમસૂત્રમાં કરવાં.

वापी मण्डप गेहानां तृतीयस्तंभ वर्जनम् ।
शिल्पिनो नरकं यान्ति स्वामि सर्व धनक्षयं ॥ ७१ ॥

વાવ, મંડપ અને ગૃહોમાં ત્રણ સ્તંભો મૂકવા નહિ, અર્થાત્ બે, ચાર, છ એમ બેકીમાં મૂકવા અને જો એકી સ્તંભ મૂકવામાં આવે તો શિલ્પી નર્કમાં પડે અને ગૃહ-પતિના સર્વ ધનનો નાશ થાય.

पदलोपं दिशालोपं गर्भलोपं तथैव च ।
उभौतो नरकं यातः स्थापकः स्थपक सदा ॥ ७२ ॥

પ્રાસાદમાં પદલોપ, દિશાલોપ તથા ગર્ભલોપ થાય તો પ્રાસાદ કરાવનાર તથા કરનાર બન્ને સદા માટે નરકે જાય.

थरभङ्गोयदायस्य कोपितास्तत्र देवताः ।
शिल्पिनश्च क्षयं यान्ति तद्भवेत स्वामिमृत्युदम् ॥ ७३ ॥

જો પ્રાસાદમાં ઈંટ કે પાષાણના થરોનો ભંગ કરવામાં આવે તો તેમાં રહેલા દેવતાઓ કોપાયમાન થાય છે. અને તેથી શિલ્પીઓનો ક્ષય થાય છે, તથા તેવો પ્રાસાદ સ્વામીનું મૃત્યુકર્તા નીવડે છે.

"Aho Shrutgyanam"

शूचि मुखं भवेच्छिद्रं पृष्ठे यदा करोति च ।
प्रासादे न भवेत्पूजा गृहे क्रीडन्ति राक्षसा ॥ ७४ ॥

પ્રાસાદ અથવા ઘરની પછીતમાં સોયના મુખ જેટલું છિદ્ર રહે તો તેવા પ્રાસાદમાં દેવપૂજા થતી નથી. અને ગૃહમાં રાક્ષસો નિવાસ કરે છે.

भित्ति प्रासाद मानेन पीठान्तोत्तान पट्टका ।
एकवा त्रीणि वा कुर्यात द्वाराणि तत्र सर्वदा ॥ ७५ ॥

મંડપની ભિતિ પ્રાસાદના માન પ્રમાણે કરવી. પીઠ ઉપરથી પાટ સુધી મંડપને દ્વાર એક તથા ત્રણ કરવાં.

प्रासाद गर्भ मानत कुर्यात् मुख मण्डप ।
मूल स्तम्भे यथा सूत्र स्तम्भोदेयस्तु मण्डपे ॥ ७६ ॥

પ્રાસાદના ગર્ભમાનથી મુખમંડપની રચના કરવી, ગર્ભગૃહના મૂલ સ્તંભના સૂત્રે મંડપના સ્તંભો કરવા.

शास्त्रविधि प्रासाद मंडपविधान

प्रासादो मण्डपश्चैव विना शास्त्रेण यः कृतः ।
विपरितं विभागेषु योऽन्यथा विनिवेशयेत् ॥ ७७ ॥
विपरितं फलं तस्य करिष्टं तु प्रजापते ।
आयुर्नाशो मनस्तापः पुत्रनाश कुलक्षयः ॥ ७८ ॥

શાસ્ત્રપ્રમાણ વગર પ્રાસાદ અને મંડપ તથા તલના વિભાગોમાં પણ વિપરિતપણે સ્વરૂપના ભાગોનો નિવેશ કરવામાં આવે તો તેવા પ્રાસાદનું ફળ વિપરિત આવે અને તેથી અનિષ્ટ (દુઃખ–અશુભ) ઉત્પન્ન થાય છે. તથા આયુષ્યનો નાશ, મન સંતાપ, પુત્રનાશ અને કુલનો ક્ષય થાય છે.

शास्त्रमार्गं परित्यज्य आत्म बुद्धिर्यदा भवेत् ।
तत्फलं सर्वतो नास्ति प्रासादमठ मंदिरम् ॥ ७९ ॥

શાસ્ત્રની મર્યાદા અને વિધિનો ત્યાગ કરીને જે કર્તા કેવળ પોતાની બુદ્ધિનો ઉપયોગ કરી પ્રાસાદ, મઠ કે મંદિર કરે છે, તે સર્વથા નિષ્ફળ જાય છે, અર્થાત્ કેવળ બુદ્ધિના આધારે કરેલા પ્રાસાદ, મઠ અને મંદિરનું સમગ્ર ફળ નાશ પામે છે. માટે શાસ્ત્રમાર્ગ છોડીને અહં બુદ્ધિથી કદાપિ કાર્ય કરવું નહિ.

"Aho Shrutgyanam"

चतुः प्रवेश द्वारः

उत्सङ्गः पूर्णबाहुश्च हीनबाहु स्तथा परः ।
प्रतिकार्य इति प्रोक्तं प्रवेशानां चतुष्टयम् ॥ ८० ॥
उतसङ्ग श्चोत्तरमुखे पूर्णबाहुश्च पूर्वतः ।
हीनबाहुस्तथा याम्ये प्रतिकायः सवारुणे ॥ ८१ ॥

૧ ઉત્સંગ, ૨ પૂર્ણબાહુ, ૩ હીનબાહુ, ૪ પ્રતિકાર્ય આ પ્રમાણે ચાર પ્રકારના દ્વારના પ્રવેશ કહ્યાં છે. ઉત્તરાભિમુખ દ્વારનો પ્રવેશ હોય તો તે ઉત્સંગ, પૂર્વાભિમુખ હોય તો પૂર્ણબાહુ, દક્ષિણાભિમુખ હોય તો હીનબાહુ અને પશ્ચિમાભિમુખ દ્વારનો પ્રવેશ હોય તો પ્રતિકાર્ય જાણવો.

अशास्त्रं मंदिरं कृत्वा प्रजाराजगृहतथा ।
तद्ग्रहमशुभं ज्ञेयं श्रेय स्तत्र न विद्यते ॥ ८२ ॥

શાસ્ત્ર વિધિ રહિત દેવમંદિર તેમજ પ્રજા અને રાજાના ગૃહો કરવામાં આવે તો તે અશુભ જાણવું, તેવા ગૃહમાં નિવાસ કરવો શ્રેયસ્કર નથી.

गृह पर वृक्ष अने प्रासाद छाया तजवोः–

यामयोर्वेशमनी छायां वृक्ष प्रासादजांत्यजेत् ।
सौम्यादितः शुभा प्लक्षवटौदुम्भर पिपलाः ॥ ९३ ॥

દિવસના બીજા અને ત્રીજા પ્રહરની વૃક્ષ તથા પ્રાસાદની છાયા ગૃહ ઉપર તજવી, કારણકે દોષકર્ત્તા છે. પરંતુ પહેલા અને ચોથા પ્રહરની છાયા દોષકારક નથી. ગૃહની ઉત્તરે પીપળો, પૂર્વે વડ, દક્ષિણે ઉમરડો, તથા પશ્ચિમે પીપર એ વૃક્ષો રોપવા શુભ છે.

प्रासाद मानहिन प्रमाणः–

दीर्घे मानाधिके ह्रस्वे वक्रेचापि सुरालये ।
छन्दभेदे जातिभेदे हीनमाने महद्भयम् ॥ ८४ ॥

પ્રાસાદ ઊંચાઇના પ્રમાણથી લાંબો, નાનો, વાંકો અથવા છંદભેદ અને જાતિભેદ-વાળું હોય તથા માનહીન કરેલું હોય તો મોટો ભય કરે છે.

"Aho Shrutgyanam"

सुर्पक गृहः-

सुर्पकं व्यधिकं पृष्ठे विकर्णञ्चैव कारयेत् ।
शिल्पिनो नरकं यान्ति स्वामी निर्धनो भवेत् ॥ ८५ ॥

સુપડાના આકારવાળું, પાછળના ભાગે પહોળું અથવા વાંકાચુકા ખૂણાવાળું ગૃહ કરવામાં આવે તો શિલ્પી નર્કમાં પડે અને ગૃહપતિ નિર્ધન થાય.

सुर्पाकारं गृहं कार्यं विकर्णं नैव कारयेत् ।
अग्रतश्च भवेच्छ्रेष्ठं पृष्ठिनं परिवर्जयेत् ॥ ८६ ॥

સુપડાના આકારનું ગૃહ કરવું. પરંતુ વાંકાચુકા ખૂણાવાળું કરવું નહિ. આગળના ભાગે પહોળું હોય તો સારૂ, પરંતુ પાછળના ભાગે પહોળું કરવું તે સારૂ નહિ.

द्विकोणं गोमुखश्चैव धननाशः पतिव्रजः ।
त्रिकोणं मृत्युदं ज्ञेयं षडश धर्म नाशनम् ॥ ८७ ॥

બે ખૂણાવાળું અને ગાયના મુખ જેવું ગૃહ કરે તો કમે ધનનો નાશ થાય અને ગૃહપતિને પરદેશ ગમન થાય, ત્રિકોણ ગૃહ મૃત્યુ આપનાર અને છ હાંશનું ગૃહ ધર્મનો નાશ કરનાર જાણવું.

समूल गृहः-

कर्णाधिश्च हीनास्यं यद गृहं तादशं भवेत् ।
समूलं तद्विजानीयात् हन्यते बन्धु बान्धव ॥ ८८ ॥

જે ગૃહનો કરો લાંબો હોય અને પછીત ટુંકી હોય તે ગૃહ સમૂલ કહેવાય, તેવા ગૃહમાં રહેનારના પરિવારનો નાશ થાય, માટે ઓરડો જરા પહોળો રાખવો અને લંબાઇ ટુંકી કરવી.

प्रतिकार गृह

पृष्ट बाहुसमे मृत्युद्वार वास्तु यदा भवेत् ।
प्रतिकार्यंच तद् विद्याद न वासं तत्र कारयेत् ॥ ८९ ॥

જે ગૃહમાં પછીતે અથવા બાજુના કરે બારણું હોય તે ગૃહ પ્રતિકાર કહેવાય તેવા ગૃહમાં વાસ નહિ કરવો.

अंतक गृह

वामे ज्येष्ठ भवे तत्र दक्षिणे च कनिष्ठकम् ।
अन्तकारव्यं भवेद वेश्म हन्यते कुलसंपदा ॥ ९० ॥

"Aho Shrutgyanam"

એક ગૃહના બે ગૃહ કરેલ હોય, તેમાં ડાબી બાજુનું મોટું અને જમણી બાજુનું નાનું તે ગૃહ અંતક કહેવાય અને તે કુલની સંપત્તિનો નાશ કરે, (માટે બન્ને ગૃહ સરખાં કરવા અથવા જમણી તરફ મોટું કરવું અને મોટાભાઈને રહેવા આપવું તે દોષ નથી.)

गृह कोणवेधः–

त्रिकोणं पञ्चकोणं वा रथाकारं तथैव च ।
वेधश्च नाडि रेखाणां तारायां वंश नाशकः ॥ ९१ ॥

ગૃહના ત્રણ કોણ પડે, પાંચ કોણ પડે તેવું ગૃહ કરવામાં આવે તો તથા રથાકાર (પાછળ પહોળું અને આગળ સાંકડું) તેમ નાડીરેખા અને તારાના વેધ જેમાં હોય તેવું ગૃહ વંશનો નાશકર્તા છે.

प्लव भूमिः–

अत्यन्त वृद्धिदं नृणा ईशान प्रागदक् प्लवम् ।
पुरुषाधः स्थितं शल्यं न गृहे दोषदं भवेत् ॥ ९२ ॥

ઇશાન અને પૂર્વ તરફના ઢાળવાળી જમીન સર્વને અત્યંત વૃદ્ધિ કરનારી જાણવી. ગૃહની ભૂમિમાં શલ્ય દોષકારક છે, પરંતુ જમીન મથાળેથી એક મનુષ્ય પ્રમાણ શલ્ય દોષકર્તા નથી.

स्मशाने पर्वताग्रे च क्षारभूमि तथैव च ।
उदकाश्रिता चैत्यास्थि उरे जाजित युद्धभूमि ॥ ९३ ॥
म्लेच्छ चांडाल कुग्रामन त्यक्ता भूमिवसेन्नरः ।
पूर्वाऽपर सोम श्रेष्ठा भू यमि दिगू विवर्जिता ॥ ९४ ॥

સ્મશાન તથા પર્વતની નજીક, ક્ષારવાળી, પાણીના ધોધવાળી (પ્રવાહવાળી), ભેજ-વાળી, જ્યાં પૂર્વે, (પહેલા) દેવમંદિર કે સ્થાનક હોય, સર્પના રાફડાવાળી, જ્યાં પૂર્વે યુદ્ધ થયું હોય તેવી તથા મ્લેચ્છો, ચંડાળો અને શુદ્ર વર્ણ વસતા હોય તેવી જમીન જ્યાં કુગ્રામ-દુર્જનો વસતા હોય આવા નેષ્ટ સ્થાનોની ભૂમિ ઉપર મનુષ્યે ગૃહ કે પ્રાસાદ બાંધવા નહિ, પૂર્વ પશ્ચિમ અને ઉત્તર મુખ ગૃહપ્રાસાદ ભૂમિ શ્રેષ્ઠ જાણવી, પરંતુ દક્ષિણ મુખ તજવું.

शीतकाले उष्णदा च उष्णकाले शितप्रदा ।
प्रशस्ता सर्वोत्तमा भूमिर्भाषित विश्वकर्मणा ॥ ९५ ॥

જે ભૂમિ ઠંડીના કાળમાં ગરમ હૂંફવાળી જણાય અને ગરમીના સમયમાં ઠંડક આપનારી તેવી ભૂમિ સર્વોત્તમ જાણવી, તેવી ભૂમિ વસવાટ યોગ્ય વિશ્વકર્માએ કહી છે.

"Aho Shrutgyanam"

"ચિત્રમાલાકાર માર્ગદર્શક" (ચિત્રકર્મ ગ્રંથ ભાગ) : ચિત્રકાર્યોપયોગી : ૬૬ રંગીન . ફોટો . ગ્રંથ પ્રમાણે ઉપલબ્ધ [ચિત્રમાલા માર્ગદર્શક]

"Aho Shrutgyanam"

પૂર્વોત્તરે ચ દિગ્મૂઢં મૂઢં પશ્ચિમદક્ષિણે ।
તયં મૂઢં અમૂઢં વા તત્તુ તીર્થં સમં હિતમ્ ॥ ૯૬ ॥

પૂર્વ અને ઉત્તર દિશા વચ્ચે એટલે ઇશાનકોણ તરફ અથવા પશ્ચિમ દક્ષિણ એટલે નૈઋત્યકોણ તરફ દિગ્મૂઢ હોય તો તે દિગ્મૂઢ ન જાણવું તે તીર્થ સમાન જાણવું.

સિદ્ધાયતન તીર્થેષુ નદીનાસંગમેષુ ચ ।
સ્વયંભુર્વાણ લિઙ્ગેષુ તત્ર દોષો ન વિદ્યતે ।
જિનેંદ્રાણાં સમવસરણે દિગ્દોષો ન વિદ્યતે ॥ ૯૭ ॥

સિદ્ધ પુરૂષોના આશ્રમે, તીર્થસ્થાને, નદીના સંગમે, સ્વયંભૂલિંગના મંદિરે અને જૈન તીર્થંકરના સમવસરણની રચના યુક્ત પ્રાસાદે દિગ્મૂઢ દોષ લાગતો નથી.

शल्य शुद्धि

જલાન્તિકં સ્થિતં શલ્યં પ્રાસાદે દોષદં નૃણામ્ ।
તસ્માત્પ્રાસાદાદિ ભૂમિ ખનેત્ શિલા જલાન્વિતામ્ ॥ ૯૮ ॥

પ્રાસાદની ભૂમિ, પાણી તથા પાષાણ સુધી ખોદવી, પ્રાસાદમાં શલ્યશુદ્ધિ જલ-પાષાણ સુધી કરવી.

પાષાણં તં જલાન્ત વા વાલુકાન્ત ખનેન ભૂમિમ્ ।
કેશાં ગારા કાષ્ઠ લોહા સ્થિકાન્તા શોધયેતુ ભૂમિ ॥ ૯૯ ॥

પાષાણ જલ અથવા રેતી આવે ત્યાં સુધી જમીન ખોદી ભૂમિ શુદ્ધ કરી શિલા સ્થાપન કરવી. કેશ, કોલસા, લાકડું, લોઢું, હાડકા, રાખ આદિ શલ્ય શોધન કરવું.

अथ गणितः–

આયઋક્ષ ગણ ચન્દ્ર ચતુરઙ્ગ પ્રયોજયેત્ ।
આયવ્યયોરંશ શુદ્ધિર્ન જીર્ણોંચિતયેત્ગૃહે ॥ ૧૦૦ ॥

આય, નક્ષત્ર, ગણ અને ચંદ્ર એ ચાર અંગો ગણિતના મેળવવા, પરંતુ જિર્ણોદ્ધાર પ્રાસાદમાં આય, વ્યય કે અંશકની શુદ્ધિ જોવાની જરૂર નથી.

देव प्रासाद दिक गृहनिषेध

વર્જયેદર્હતઃ પૃષ્ઠમગ્રતુ શિવ સૂર્યયોઃ ।
બ્રહ્મા વિષ્ણુશ્ચ પાર્શ્વન્તુ ચન્ડી સર્વત્ર વર્જયેત્ ॥ ૧૦૧ ॥

જિન તીર્થંકરના પ્રાસાદ પૃષ્ઠે, શિવ સૂર્યની અગ્રે, બ્રહ્મા વિષ્ણુના વામદક્ષિણ અને ચંડીદેવીના ચારે બાજુમાં ગૃહ કરવું નહિ.

"Aho Shrutgyanam"

नाभि वेध

अग्रतः पृष्टतश्चैव वाम दक्षिणतोऽपिवा ।
प्रासादं कारयेदन्य नाभिवेधं विवर्जयेत् ॥ १०२ ॥

કોઈ પણ પ્રાસાદની આજુબાજુ પ્રાસાદ કરવાનો હોય તો ગર્ભવેધ થવા ન દેવો, મૂળ પ્રાસાદના ગર્ભે અન્ય પ્રાસાદ કરવો તો ગર્ભવેધ થાય તો નાભિવેધનો દોષ જાણવો અને તે તજવો.

शिवस्याग्रे शिवं कुर्यात् ब्रह्माणं ब्रह्मणोऽग्रतः ।
विष्णुरग्रे भवेद्विष्णु जिनोजिने रवो रविः ॥ १०३ ॥
ब्रह्मा विष्णोरेक नाभौ द्वयों दोंषो न विद्यते ।
शिवस्याग्रेऽन्य देवस्य दृष्टिवेध महाभयम् ॥ १०४ ॥

શિવના મંદિર સામે શિવનું, બ્રહ્માના સામે બ્રહ્માનું, વિષ્ણુની સામે વિષ્ણુનું, જિન સામે જિનનું, સૂર્ય સામે સૂર્યનું મંદિર બાંધવું તે નાભિવેદ તજીને બાંધવું, બ્રહ્મા અને વિષ્ણુના પ્રાસાદ સામસામા એક નાભિએ બાંધવામાં આવે તો દોષ નથી, પરંતુ શિવાલય સામે અન્ય કોઈપણ દેવ સ્થાપન ન કરવાં, કારણ કે દૃષ્ટિવેધથી મહાભય ઉપજે છે.

प्रसिद्ध राजमार्गे च प्राकारस्यान्तरेऽपि वा ।
त्यक्त्वा द्वि गुणीतां भूमि तत्रदोषो न विद्यते ॥ १०५ ॥

નાભિવેધમાં પ્રસિદ્ધ રાજમાર્ગ હોય અથવા કિલ્લો હોય અથવા બમણું અન્તર હોય તો કોઈપણ દોષ લાગતો નથી.

उच्छायाद् भूमिद्विगुणा त्यक्तया चैत्येचतुर्गुणाम् ।
वेधादि दोषो नैवस्यादेवं त्वष्ट मतं तथा ॥ १०६ ॥

આચારદિનકરમાં કહ્યું છે કે—ગૃહની ઊંચાઈથી બમણી ભૂમિ તજીને જિન ચૈત્યની ઊંચાઈથી ચારગણી ભૂમિ તજીને વેધાદિદોષ લાગતો નથી એવું વિશ્વકર્માનું કથન છે.

वास्तु पूजनः–

कुर्मे कुम्भे पट्टेद्वारे पद्माख्यां यांतु पौरुषे ।
घटध्वयोः प्रतिष्ठा यामेव पुण्याये सप्तके ॥ १०७ ॥

પ્રાસાદ બનાવતા ચૌદ વખત મુહૂર્તોમાં વાસ્તુશાન્તિ કરવાનું કહ્યું છે, પરંતુ તેમાંયે ૧ શિલાસ્થાપન, ૨ કુંભસ્તંભ, ૩ પાટ, ૪ દ્વારસ્થાપન, ૫ પદ્મશિલા, ૬ પ્રાસાદ પુરૂષ સ્થાપના, ૭ ધ્વજ પ્રતિષ્ઠા સમયે એમ સાત વખત પુણ્યાહ પ્રસંગે અદૃશ્ય વાસ્તુપૂજન કરવું.

"Aho Shrutgyanam"

अथ प्रासाद छन्द दोषः-

विभक्ति तलच्छन्दाय शिखरोर्ध्वहि कारयेत् ।
उर्ध्वाभिधानकं ख्याते तलच्छन्द तथाभिधम् ॥ १०८ ॥

પ્રાસાદના તલચ્છન્દની વિભક્તિ પ્રમાણે જ શિખર કરવું, ઉપરનું શિખર જે નામથી ઓળખાતું હોય તે જ તલછન્દ રાખવું. તેમાં ફેરફાર કદી કરવો નહિ.

न्युनाधिक मानदोषः-

हीनमाने कृते दोषाः कथ्यते तान् समासतः ।
आयुर्हानि द्वारहीने कौलिहीने धनक्षयः ॥ १०९ ॥
अपद स्थापितैः स्तंभैर्महारोगो विनिर्दिशेत् ।
स्तंभ व्यासोदये हीने कान्तातत्र विनश्यति ॥ ११० ॥

દ્વારમાનથી હીન કરવાથી આયુષ્ય ઘટે, કૌલી હીન કરવાથી લક્ષ્મી નાશ થાય, અપદે સ્તંભ સ્થાપવાથી મહારોગની ઉત્પત્તિ થાય. સ્તંભની જાડાઈ તથા ઊંચાઈ ઓછી કરવાથી સ્ત્રીનો નાશ થાય.

प्रासादे पीठ हीने तु नश्यति गजवाजिनः ।
रथोपरथ हीने तु प्रजापीडा विनिर्दिशत् ॥ १११ ॥
जंघाहीने भवेत् बन्धोर्नाशः कर्तुकारैदिको स्तथा ।
शिखरे हीनमाने तु नश्यति पुत्र पौत्रकाः ॥ ११२ ॥

પ્રાસાદ પીઠ હીન કરવાથી હાથી, ઘોડા આદિ વાહનોની સમૃદ્ધિનો નાશ થાય, પ્રાસાદના રથ ઉપરના ઉપાંગો માનથી ઓછાં કરવાથી પ્રજાને પીડા થાય, જંઘા ઓછી કરવાથી બન્ધુવર્ગ તથા કરનાર કરાવનારનો નાશ થાય, શિખર હીન કરવાથી પુત્ર પૌત્રાદિકનો નાશ થાય.

यमचुल्लि वेधः-

एक द्वि त्रिकं मात्रामि गर्भगेहं यदायतम् ।
यमचुल्लि स्तदा नाम कर्तृ भर्तृ विनाशिकः ॥ ११३ ॥

પ્રાસાદનો ગર્ભગૃહ પહોળાઈથી એક, બે, ત્રણ માત્રા ઊંડાઈમાં વધારે હોય તો તે બાંધનાર બંધાવનારનો વિનાશ કરનારો યમચુલ્લિ નામનો વેધ જાણવો.

"Aho Shrutgyanam"

जगत्यां लोपयेद्च्छाला शालायां मण्डपं तथा ।
मण्डपे नैव प्रासादो ग्रस्त श्चैद् दोषकारकः ॥ ११४ ॥

જગતીની શાલા (ચોકી) ચોકીથી મંડપ, મંડપથી પ્રાસાદનો ગર્ભગૃહ એમ ઉત્તરોત્તર ભૂમિતલ ઊંચા ઊંચા કરવાં, તેમ ન કરવાથી દોષકારક થાય છે, તેથી ઉત્તરોત્તર ભૂમિ ઊંચી કરતાં જવું.

अथ भिन्नदोषः–

भिन्नदोषकरं यत्स्यात् प्रासाद मठ मन्दिरम् ।
मुषकेर्जालके द्वारा रश्मिभिश्च प्रमेदितम् ॥ ११५ ॥
ब्रह्मा विष्णु शिवर्काणां भिन्न दोषान्न दृश्यते ।
जिन गौरि गणेशानां गृहे भिन्नं विवर्जयेत् ॥ ११६ ॥

પ્રાસાદ, મઠ કે મંદિરને ભિન્નદોષ કહ્યો છે, ઉંદર કે કરોળીયાના જાળા હોય, અગર ભીંતો ફાટીને સૂર્યના કિરણો ગર્ભગૃહમાં પ્રવેશતા હોય તો તે ભિન્નદોષ જાણવો બ્રહ્મા, વિષ્ણુ, શિવ અને સૂર્યને ભિન્નદોષ લાગતો નથી, પરંતુ જિન, પાર્વતી અને ગણેશના મંદિરોમાં ભિન્નદોષ લાગે છે.

मण्डलं जालकं चैव कीलकं सुषिरं तथा ।
छिद्रं संधिश्चकाराश्च महादोषा इति स्मृता ॥ ११७ ॥

પ્રાસાદમાં ભમરા મંડળ કરે, કરોળીયા જાળાં કરે, જીવડાં ખાડા પાડે, ભમરા દર કરે–છિદ્ર પાડે, ચુનામાં તડો પડે એ સાત મહાદોષો છે.

ब्रह्माविष्णुरवीनां च शम्भोः कार्यायदच्छया ।
गिरिजाया जिनादीनां मन्वन्तर भुवां तथा ॥ ११८ ॥
एतेषां च सुराणां च प्रासादामिन्न वर्जिताः ।
प्रासाद मठ वेश्मान्य भिन्नानि शुभदानि हि ॥ ११९ ॥

બ્રહ્મા, વિષ્ણુ, સૂર્ય અને શીવ આ દેવોના પ્રાસાદ ભિન્ન અથવા અભિન્ન પોતાની ઇચ્છાનુસાર બનાવી શકાય છે. પણ ગૌરીદેવી, જિનદેવ અને મન્વંતરમાં ઉત્પન્ન થનારા દેવોના પ્રાસાદો તો ભિન્નદોષ રહિત કરવાં. પ્રાસાદ, મઠ અને ગૃહ એ ભિન્નદોષ રહિત હોય તો શુભકારક છે.

व्यक्ताव्यक्त प्रासादः–

व्यक्ताव्यक्तं गृहं कुर्याद् भिन्नभिन्न मूर्तिकम् ।
यथा स्वामि शरीरंस्यात प्रासादमपि तादृशम् ॥ १२० ॥

"Aho Shrutgyanam"

ઉપર કહેલ અભિન્ન અને દોષવાળી દેવમૂર્તિઓ માટે વ્યક્ત અને અવ્યક્ત પ્રાસાદ બનાવે ભિન્નદોષ રહિત બ્રહ્મા આદિ દેવમૂર્તિઓ માટે પ્રકાશવાળા અને ભિન્નદોષવાળા ગૌરી આદિ દેવમૂર્તિઓ માટે અંધકારમય પ્રાસાદ બનાવવા. જેમ સ્વામી પોતાના શરીરને અનુકુલ ગૃહ બનાવે છે. તેમ દેવોને અનુકુલ પ્રાસાદ બનાવવા.

महामर्म दोषः-

भिन्न चतुर्विधं ज्ञेय-मष्टधामिश्रक मतम् ।
मिश्रकं पूजितं तत्र भिन्न वै दोषकारकम् ॥ १२१ ॥

छन्दभेदो न कर्तव्यो जातिभेदोऽपि वा पुनः ।
उत्पद्यते महामर्म जातिभेद कृते सति ॥ १२२ ॥

ભિન્નદોષ ચાર પ્રકારના છે અને મિશ્રદોષ આઠ પ્રકારના છે, તેમાં મિશ્રદોષ પૂજીત શુભ છે. અને ભિન્ન દોષ દોષકારક છે, છંદભેદ જેમ છંદોમાં ગુરૂ લઘુ યથા-સ્થાન ન હોવાથી છંદ દોષિત થાય છે. જાતિ ભેદ પ્રાસાદની અનેક જાતિઓમાંથી પીઠમંડોવર આદિ એક જાતિની અને શિખર બીજી જાતિનું બનાવાય તો જાતિભેદ થાય છે, આમ જાતિભેદ કરવાથી મહામર્મ દોષ ઉત્પન્ન થાય છે.

समतलं च विषम संघाटो मुखमण्डपे ।
भित्यंन्तरे यदा स्तंम्भः पट्टादि नैव दुष्यते ॥ १२३ ॥

પ્રાસાદ પાસે મુખ મંડપ જોડતાં જો બે ખંડ ઊંચા નીચા વચ્ચે ભિતિનું અંતર હોય તો સ્તંભ પાટ આદિ સમ વિષમ આઘા પાછા કે ઊંચા નીચા હોય તો તેમાં દોષ લાગતો નથી.

भूत प्रेत पिशाचादि राक्षसाश्च वसन्तिकैः ।
तस्मत्प्रासाद निष्पन्ने सर्वथा प्रेक्षणं चरेत् ॥ १२४ ॥

પ્રાસાદ દેવપ્રતિષ્ઠા વગરનો શૂન્ય રાખવાથી તેમાં ભૂત, પ્રેત, પિશાચ અને રાક્ષસ વાસ કરે છે. માટે પ્રાસાદ મૂર્તિ વગર રાખવો નહિ.

शुकनास घण्टा समसूत्रः-

शुकनासा समा घण्टान्युना श्रेष्ठा न चाधिका ।
एतमाने न वारांगनारव्ये मण्डपे च बलाणके ॥ १२५ ॥

"Aho Shrutgyanam"

શિખરના શુકનાશ બરાબર મંડપના સંવરણાનો આમલસારો સમસૂત્રમાં રાખવો. શુકનાશથી ઘંટા નીચી હોય તો શ્રેષ્ઠ જાણવી પણ ઊંચી નહિ રાખવી એ જ માન પ્રમાણે મંડપ અને બલાણુકના આમલસારા સમસૂત્રમાં કરવાં, શુકનાશથી સમ અથવા નીચા રાખવા.

गृहमंदिर ध्वजदंड विधानः-

न कदापि ध्वजदण्डो स्थाप्यो वै गृहमन्दिरे ।
कलशामलसारौ च शुभदौ परिकिर्तितौ ॥ १२६ ॥

ગૃહસ્થના ગૃહમાં ગૃહમંદિર હોય તો તે પર કદાપિ ધ્વજદંડ ન ચઢાવવો. આમલસારા અને કલશ ચઢાવવાથી શુભ કીર્તિદાયક છે.

गृहमन्दिर प्रतिमा प्रमाणः-

अंगुष्ठ पर्वदारभ्य वितस्तिर्यावं देवतु ।
गृहेषु प्रतिमा पूज्या नाधिकाशस्यते बुधै ॥ १२७ ॥

અંગુઠાના પર્વથી વિતસ્તિ (નવ અંગુલ પ્રમાણ) સુધીની પ્રતિમા ગૃહમાં પૂજવી. તેથી મોટા પ્રતિમા ગૃહપૂજામાં બુદ્ધિમાને ન રાખવાં.

निर्दोष वास्तु प्रमाणः-બ્રાહ્મણને ૧૨ અંગુલ મૂર્તિપ્રમાણ, ક્ષત્રિયને નવ અંગુલ, વૈશ્યને સાત અંગુલ અને શુદ્રને પાંચ અંગુલ પ્રમાણની મૂર્તિગૃહે પૂજવી.

गृहे लिङ्गादयं नाच्यं गणेशं त्रयमेव च ।
शक्ति त्रयं तथा शङ्ख मत्स्यादि दशकांकिम् ॥ १२८ ॥

द्वे चक्रे द्वारकायास्तु शालिग्राम द्वयं तथा ।
दौ शङ्खो नाचयेत् तत्र सूर्ययुग्मं तथैव च ।
तेषां च पूजने नैव उद्वेगं प्राप्तुयां दृही ॥ १२९ ॥

ગૃહસ્થના ગૃહે પૂજામાં બે લિંગ, ત્રણ ગણપતિ, ત્રણ દેવીમૂર્તિ, ત્રણ શંખ, મત્સ્યાદિ દશ અવતારો, દ્વારકાના બે શાલિગ્રામ, દ્વારકાના બે શંખ અને બે સૂર્યમૂર્તિ આ સર્વ એક પૂજામાં રાખવા નહિ, તેથી ઉદ્વેગની પ્રાપ્તિ થાય.

नैकहस्तादि तोऽन्युने प्रासादे स्थिरता नयेत् ।
स्थिरं न स्थापयेद्देहे गृहीणां दुःख कृद्भयेत् ॥ १३० ॥

"Aho Shrutgyanam"

એક હસ્તથી નાની ઢેરીમાં સ્થિર લિંગ, અથવા પ્રતિમાનું સ્થાપન ન કરવું ગૃહસ્થે પોતાના ગૃહમાં મૂર્તિ કે લિંગની સ્થિર પ્રતિષ્ઠા કરવી નહિ, સ્થિર પ્રતિષ્ઠા કરવાથી દુઃખદાયક થાય છે.

प्रतिमा काष्ट लेपाश्म दंत चित्रायसां गृहे ।
मानाधिका परिवार रहित नैव पूजयेत् ॥ १३१ ॥

પ્રતિમા, કાષ્ઠ, લેપ, પાષાણ, હસ્તિદંત, ચિત્ર, લોહપંચધાતુ જો માનથી ન્યુનાધિક હોય કે પરિવાર રહિત હોય તો તે ગૃહસ્થના ગૃહે પૂજવી નહિ.

नेमिनाथो वीर मल्लीनाथौ वैराग्यकारकाः ।
त्रयो वै मन्दिर स्थाप्या न गृहे शुभदायका ॥ १३२ ॥

વીતરાગ પ્રભુમાં નેમનાથ, મહાવીરસ્વામી અને મલ્લિનાથજી એ ત્રણ મહા-વૈરાગ્યવાન છે, તેથી એ ત્રણ પ્રતિમાઓનું પ્રાસાદને વિષે સ્થાપન કરી પૂજન કરવું, પરંતુ ગૃહમંદિરમાં એ ત્રણે પ્રતિમાઓ સ્થાપન કરવી શુભદાયક નથી.

प्रतिमा दोषाः—

किलिका छिद्र सुषिर—त्रस जालक संघयः ।
मण्डलानि च गारश्च महादूषण हेतवे ॥ १३३ ॥

પ્રતિમાના દ્રવ્ય પાષાણ કે કાષ્ઠમાં ખીલા, છિદ્ર, પોલાણ, જીવના જાળાં, સાંધા, મંડલાકાર રેખા કે ગાર ગાંઠા હોય તેવા દૂષણવાળું દ્રવ્ય દોષકારક છે.

रक्षितव्ये परिवारं दोषदा वर्णसंकराः ।
न समांगुल संख्येष्टा प्रतिमा मानकर्णिके ॥ १३४ ॥

પ્રતિમાના પરિવારમાં કે પરિકરમાં પાષાણની વર્ણસંકરતા (બે રંગ) હોય તો તે દોષકારક છે. પ્રતિમાનું ઊંચાઈ પ્રમાણ એકી અંગુલ રાખવું ઇષ્ટ છે.

पाणीपाद विहिनांजातु धनक्षय विनाशिनि ।
चिरंपर्युषिता यातु नादर्तव्या यतस्ततः ॥ १३५ ॥

ટુંકા હાથપગ, અંગ વગરની પ્રતિમા ધનક્ષય કરનાર છે, અવાવરૂ પ્રતિમાઓ જ્યાં ત્યાંથી ગ્રહણ ન કરવી.

नासाहीनाश्रियं हन्ति दुःखदैन्ये कपोलयोः ।
अग्रदक् प्रतिमा शीघ्र निहनष्यति नायकम् ॥ १३६ ॥

નાસિકાહીન પ્રતિમા લક્ષ્મીનો નાશ કરે છે, બેઠેલા ગાલવાળા પ્રતિમા દુઃખ આપનાર છે, ભયંકર દેખાવની પ્રતિમા કરાવનારનો શીઘ્ર નાશ કરે છે.

"Aho Shrutgyanam"

उर्ध्वदृष्टिश्च रौद्री राष्ट्र राज्ञो क्षयंकरी ।
अधोदृष्टिश्च रौद्री अर्चके निहनिष्यति ॥ १३७ ॥
यदि नासाग्र दृष्टिस्यात् शिल्पाचार्यो विनश्यति ।
पार्श्वदृक् बन्धुनाशाय समदृष्टि तु कारयेत् ॥ १३८ ॥

પ્રતિમાની ઊંચી કે વિકરાળ દૃષ્ટિ હોય તો રાજા અને રાજ્યનો નાશ કરે; નીચી કે ક્રોધાયમાન દૃષ્ટિ પૂજનારનો નાશ કરે, નાસિકા તરફ દૃષ્ટિવાળી પ્રતિમા શિલ્પી અને આચાર્યનો નાશ કરે, પડખે દૃષ્ટિવાળી ભાઈઓનો નાશ કરે. માટે સમદૃષ્ટિવાળી પ્રતિમા કરાવવી.

जंघा हीना भवेत् भक्षा कटि हीना च घातिनी ।
अधो हीनानि दुःखाय शिल्पिनो भोग वर्जिता ॥ १३९ ॥
माले नखे मुखे चैव क्षीणोऽधिके कुलक्षयः ।
कृशा द्रव्या विनाशाय दुर्भिक्षाय कृशोदरी ॥ १४० ॥

પાતળી જંઘાવાળી પ્રતિમા ભક્ષણ કરે, કેડથી પાતળી કર્તાનો નાશ કરે, નીચેથી પાતળી પ્રતિમા દુઃખ આપે અને શિલ્પીની સમૃદ્ધિનો નાશ કરે, કપાળ, નખ, મુખ વગેરે પાતળા હોય તો તેવી પ્રતિમાથી દુષ્કાળ પડે.

रुदन्ती च हसन्ती चाधिकाङ्ग च शिल्पिना ।
अति दीर्घा च दृष्टा वेद गो ब्राह्मण विनाशिनी ॥ १४१ ॥

રૂદન કરતી, હસતી કે અધિક અંગવાળી પ્રતિમા શિલ્પીએ કરી હોય કે પ્રમાણથી ઘણી લાંબી દેખાતી હોય તેવી પ્રતિમા ગાય બ્રાહ્મણનો નાશ કરે છે.

अन्याय द्रव्य निष्पन्ना वास्तुदलोद्भवा ।
हीनाधिकाङ्गो प्रतिमा स्व परोन्नति नाशिनी ॥ १४२ ॥

અન્યાયથી પેદા કરેલ દ્રવ્યની પ્રતિમા કરાવી હોય અથવા બીજા કાર્ય માટે લાવેલ દ્રવ્યમાંથી પ્રતિમા કરાવી હોય કે હીન અંગવાળી અથવા અધિક અંગવાળી પ્રતિમા પોતાનો અને પારકાનો નાશ કરે છે.

नर्तनं रोदनं हास्य मुन्मीलन निमीलने ।
देवायत्न प्रकुर्वन्ति तत्र विद्यान्महद्भयम् ॥ १४३ ॥

જે સ્થાને દેવ પ્રતિમા શબ્દ કરે, રૂદન કરે, હાસ્ય કરે અથવા નીચી, ઊંચી તીરછી દૃષ્ટિ કરે કે સ્વયં ચલાયમાન થાય તે સ્થળે મહાભય ઉપજે.

"Aho Shrutgyanam"

संस्कृते तुलिते चैव दुष्ट स्पर्श परीक्षते ।
चाण्डाल पतितया द्रष्या सूकादि निरीक्षिता ॥
एते बिम्बे च लिङ्गे च प्रतिष्ठा पुनरेव च ॥ १४४ ॥

કારણવશાત્ તોલ કરેલી, દુષ્ટ મનુષ્યનો સ્પર્શ કરેલી, ચોરાયેલી અગર પરીક્ષા કરવી પડેલ મૂર્તિ, પતિત કે ચાંડાલનો સ્પર્શ થયો હોા કે રજસ્વલા કે સુવાવડી સ્ત્રીની દૃષ્ટિ પડેલી હોાય તેવી પ્રતિમા કે લિંગની ફરીથી પૂર્વવત્ પ્રતિષ્ઠા કરવી.

अतिताब्द शतास्यान्मूर्तिः स्थापिताया महत्तमै ।
खण्डिता स्फुटिताप्यार्चाऽ अन्यथा दुःखदायिका ॥ १४५ ॥

જે મૂર્તિ સો વર્ષથી પૂજાતી હોાય કે મહાપુરુષે સ્થાપિત કરેલી હોાય તેવી મૂર્તિ કદાચ ખંડિત કે ફાટેલી હોાય તો પણ પૂજવી, પરંતુ બીજી એવી ખંડિત મૂર્તિ પૂજવાથી દોષ લાગે છે.

तत्तत् स्थानेषु ये देवा स्थापिताश्च महत्तरै ।
तत्सान्निध्यं सर्वकाले व्यङ्गिता न विनत्यजेत् ॥ १४६ ॥

ઉત્તમ સ્થાનમાં મહાપુરુષોએ સ્થાપન કરેલ કે તેમના સાન્નિધ્યમાં સ્થાપન થયેલ હોાય તેવી મૂર્તિ કે લિંગ વ્યંગ હોાય તો પણ કોઈ કાળે તે મૂર્તિ તજવી નહિ.

खण्डितं स्फुटितं मान चलितं चालितं तथा ।
पतितं पातितं जीर्ण मग्नि लिङ्गो समुद्धरेत् ॥ १४७ ॥

ખંડિત થયેલું કે ફાટેલું, ભાંગેલું, ચલિત થયેલ કે ચલાયમાન કરેલ લિંગ હોાય, પાપીઓથી અપવિત્ર થયું હોાય, અગ્નિથી બળેલ હોાય તો પણ તેવા શિવલિંગને ન તજવો. લેપાદિથી સમુદ્ધાર કરવો.

नवीनापि जीर्णोह्यर्चाया चातिव शोभना ।
परिष्कृताऽपरिष्कृता वा तत्र दोषो न विद्यते ॥ १४८ ॥

નવીન કે જીર્ણ-પ્રાચીન પ્રતિમા હોાય તે મૂર્તિ રમ્ય અને અતિ મનોહર-આકર્ષક હોાય તો તે ગમે તેવી અવસ્થામાં પરિષ્કાર કે અપરિષ્કાર (ખંડિત કે તૂટેલી) હોાય તો પણ તેવી મૂર્તિ દોષિત ગણાતી નથી.

नख केशा भूषणादि शस्त्र वस्त्राद्यलंकृतिः ।
विषमा व्यंगिता नैव दूषयेन्मूर्ति रंगकम् ॥ १४९ ॥

"Aho Shrutgyanam"

જે મૂર્તિ નખ, કેશ આભૂષણ અસ્ત્ર, શસ્ત્ર કે આભૂષણો વિષમ અયોગ્ય, વાકાં કે ખંડિત થયા હોય તો પણ તે મૂર્તિના અંગને દૂષિત કરતા નથી. તેથી તેવી મૂર્તિ ત્યાગ કે ખંડિત ગણાતી નથી.

शान्ति पुष्टादि कृत्यैश्च पुनः सा च समीकृता ।
पुनरथोत्सवं कृत्वा प्रतिमाऽर्च्य ते सदा ॥ १५० ॥

ઉપર કહી તેવી ખંડિત મૂર્તિનાં આભૂષણો અસ્ત્ર, શસ્ત્ર વગેરેને ફરીથી યોગ્ય બનાવી શાન્તિ પુષ્ટાદિ કાર્યો વડે તેમજ ફરીથી રથોત્સવ (વરઘોડો) કાઢીને મંગલ પ્રતિમા સ્થાપન કરી પૂજન-અર્ચન કરવું.

स्थापिता चैव या मूर्तिर्व्यङ्गिता चेद्विसर्जयेत् ।
तन्मूर्तिः प्रकर्तव्या नान्यमूर्त्ति प्रवेशयेत् ॥ १५१ ॥
नख केशाधंगकैश्चहारैः कण्ठ विभूषणैः ।
कंकणै कटिसूत्रश्च किरीट कुण्डलादिभिः ॥ १५२ ॥
वनमाल्ला तुरंगा द्या नूपुरैः पाद कंकणैः ।
शस्त्राद्यायुध भेदेश्च व्यङ्गितामपिन तां त्यजेत् ॥ १५३ ॥

સ્થાપિત મૂર્તિ વ્યંગ ખંડિત થઈ હોય તો વિસર્જન કરી અન્ય મૂર્તિનો પ્રવેશ કરાવી સ્થાપિત કરવી. પરંતુ જો પ્રતિમાના નખ, કેશ, અંગહાર, કંઠાભરણ, કટિસૂત્ર, કિરીટ, કુંડલ, વનમાલા, વાહન, ઘોડો નૂપુર ઝાંઝર કે શસ્ત્રાદિ આયુધો ખંડિત થયા હોય તો તેને સુધરાવીને પુનઃક્રિયા વિધિવત્ સ્થાપન કરવી. પણ તેનો ત્યાગ કરવો નહિ.


धातु रत्न विलेपोत्या व्यङ्ग संस्कार योग्यक ।
काष्ठ पाषाण जामग्रा संस्कारर्हीनदेवता ॥ १५४ ॥

ધાતુ કે રત્નની મૂર્તિ ખંડિત કે વાંકી ચૂકી થઈ ગઇ હોય તો તે પણ સંસ્કાર યોગ્ય પૂજનિક જાણવી પરંતુ પાષાણ કે કાષ્ઠની પ્રતિમા ખંડિત થઈ હોય તો તે સંસ્કાર યોગ્ય ન જાણવી.

दोषो लघुत्तरे बिम्बे नैवत्याज्यं कदाचने ।
बाहुच्छेदे करच्छेदे पावच्छेदे तथैव च ॥ १५५ ॥
तथैव स्फुटिते भिन्ने यस्मिन्नवयवे गते ।
वैरुरूप्यं जायते यस्य त् त्याज्यं प्रायशो भवेत् ॥ १५६ ॥

"Aho Shrutgyanam"

જે મૂર્તિ બહુદોષ કે વિશેષ ખંડિત ન હોય, તેવી મૂર્તિનો ત્યાગ ન કરવો, પરંતુ જેમાં હાથ-કાંડા, પગ તૂટેલા હોય કે ફાટેલા હોય. અવયવ ખંડિત થયા હોય તેવી કદરૂપી મૂર્તિ હોય તો તેનો ત્યાગ કરવો.



अङ्गो पाङ्गेश्च प्रत्याङ्गौ कथंचिद् व्यंग दुषिताम् ।
विसर्जयेत तां प्रतिमामन्य मूर्तिं प्रवेशयेत् ॥ १५७ ॥


या खंडिताश्च दग्धाश्च विशीर्णा स्फुटितास्तथा ।
नता सां मन्य संस्कारो गताश्च तत्र देवता ॥ १५८ ॥

પ્રતિમાના અંગ ઉપાંગ, પ્રત્યાંગ ખંડિત થયા હોય તો તેનું વિસર્જન કરી બીજી પ્રતિમાનો વિધિથી પ્રવેશ કરાવવો. ખંડિત, બળેલી, ફાટેલી કે તડકેલી પ્રતિમામાં મંત્રસંસ્કાર રહેતા નથી તેમજ તેમાં દેવપણું પણ રહેતું નથી.

बाहुपाद शिरोहीना कर्णनासास्य हीनकम् ।
तादृशां परिवाराणां प्रतिमा परिवर्जयेत् ॥ १५९ ॥

જેના હાથ, પગ, માથું, કાન, નાક અને મુખ ખંડિત થયાં હોય તેવી પ્રતિમા તેમજ તેવા પરિવાર (પરિકર)નો ત્યાગ કરવો.

"Aho Shrutgyanam"



શ્રી આકોલા જૈન દેરાસર તલ દર્શન. (એન. સી. સોમપુરા.)

कथितु बाल सदृशं सदैव तरुणा वपुः ।
मूर्तिना कल्पयेच्छिल्पी न वृद्ध सदृशं क्वचित ॥ १६० ॥

"Aho Shrutgyanam"

શિલ્પીએ મૂર્તિનું સ્વરૂપ હંમેશાં તરૂણ-યુવાન બનાવવું. કદાચ કોઈ વેળા બાળક જેવું બનાવવું પડે પરંતુ કોઈપણ વેળા મૂર્તિનું વૃદ્ધ સ્વરૂપ બનાવવું નહિ.

देवो भ्रष्टास्तथा भग्नो विषमे च तटे स्थितः ।
यथा प्रतिष्ठितश्चार्यैस्तत्र दोषो न विद्यते ॥ १६१ ॥

દેવમૂર્તિને અસુરોએ ભ્રષ્ટ કરી હોય, ખંડિત કરી હોય તેવું વિષમ જંગલ સ્થાન કે નદીના તટ પર વિષમ સ્થિતિમાં હોય તો તેને આર્યલોકોએ જેવી રીતે પ્રતિષ્ઠા કરેલી હોય તે રીતે જીર્ણોદ્ધાર કરી ફરી પ્રતિષ્ઠા કરવી, તેમાં દોષ નથી.

भिति संलग्न बिम्ब च पुरुषः सर्वथाऽशुभः ।
चित्रमयाश्च नागाद्य भितौ चैव शुभावहाः ॥ १६२ ॥

ગર્ભગૃહમાં પાછળ ભિત્તિએ અડીને પ્રમુખ દેવ પ્રતિમા કે શ્રેષ્ઠ પુરુષની મૂર્તિ બેસાડવાથી હંમેશાં અશુભ ફળ દે છે, પરંતુ ચિત્રમય, દેવ, દેવી, નાગ આદિ ભિત્તિને અડીને હોય તો તે શુભ જાણવા.

आयुध जिन देवानां केशांतदधिकं नहि ।
कृते कारयित्वा स्वामी गृहकर्ता विनश्यति ॥ १६३ ॥

જિનશાસનમાં યક્ષ યક્ષિણી આદિ દેવોનાં આયુધ કેશાન્તથી અધિક ઊંચા કરવા નહિ. જો અધિક કરે તો કરાવનાર સ્વામીનો વિનાશ થાય.

प्रतिमा उत्थापन विधान

प्रासाद प्रतिमोत्थानश्चरे लग्ने शुभेदिने ।
लच्छनं चालयेद् देवं दोष विवर्जिते ॥ १६४ ॥

लंच्छनं च गजाश्वस्य रुपकं वज्रकंस्तथा ।
शिल्पिना ह्रियते दोषा सर्वकाम फलप्रदम् ॥ १६५ ॥

દોષરહિત શુભદિને ચલલગ્નમાં પ્રાસાદમાંથી પ્રતિમાનું ઉત્થાપન કરવું, પ્રથમ લંછન વડે દેવને ચલિત કરવા. ચાંદીના હસ્તિ, અશ્વ કે વજ્ર લંછન સર્વ કામનાઓને ફલ દેનારું છે, આ રીતે લંછનથી પ્રતિમાજી ઉત્થાપન કરવાં. પ્રતિમા ઉત્થાપન સારા શિલ્પી દ્વારા કરાવવાથી દોષ લાગતો નથી.

सोमपुरा स्व हस्तेन संचरे देवशुद्धये ।
शिल्पि हस्ते कृते सौख्य शुद्रवर्ण विवर्जयेत् ॥ १६६ ॥

"Aho Shrutgyanam"

સોમપુરા જ્ઞાતિના હસ્તથી દેવશુદ્ધિ કરવી, સોમપુરા શિલ્પીના હસ્તે શુદ્ધિ સુખકારક થાય, દેવશુદ્ધિના કાર્યમાં શુદ્રવર્ણ તજવો.

जीर्णोद्धार विधान

वापीकूप तडागादि प्रासाद भवनादि च ।
जीर्णा न्युद्धारयेद्यस्तु पुण्यमष्टगणं लभेत् ॥ १६७ ॥

જીર્ણ થયેલાં જળાશયો, વાવ, કુવા તળાવ તથા પ્રાસાદ અને ગૃહાદિનો જીર્ણોદ્ધાર કરવાથી જે પુણ્ય નૂતન કરવાથી થાય તેનાથી આઠ ગણું પ્રાપ્ત થાય.

अचाल्य चालये द्वास्तु विप्रवास्तु शिवालयम् ।
न चालयेत् सर्वदा तं हि चलिते राष्ट्र विभ्रम् ॥ १६८ ॥

જે વાસ્તુ જીર્ણ ન હોય તેવું બ્રહ્મા અને શિવના પ્રાસાદો ચલાવવા નહિ. જો તે ચલાવે તો સર્વદેશ-રાષ્ટ્રનો નાશ થાય છે.

अथ चेत् चालयेत्तत्त जीर्ण व्यङ्ग च दूषितम् ।
आचार्यै शिल्पिभिः प्राज्ञो शास्त्रदृष्टा समुद्धरेत् ॥ १६९ ॥

કદાચ જો જીર્ણ થયેલ પ્રાસાદ દૂષિત કે વાંકું થયેલ હોય તો બુદ્ધિમાન પુરુષોએ સારા આચાર્ય અને વિદ્વાન શિલ્પીની સલાહ લઈને તેનો શાસ્ત્રોક્ત વિધિથી જીર્ણોદ્ધાર કરવો.

स्वर्णजं रूप्यजं चापि कुर्यान्नाग वृषदिकम् ।
तस्य शृङ्गेन दन्तेन पतितं पातयेत्सुधीः ॥ १७० ॥

શુભ મુહૂર્તમાં જીર્ણોદ્ધારનો પ્રારંભ કરવો વાસ્તુદેવનું પૂજન અને શિલ્પીને સંતુષ્ટ કરીને સોના કે ચાંદીના હસ્તિદંતુશાળ કે નંદીના શીંગડાંથી પડેલાં પાડવાનો પ્રારંભ કરવો.

तद्रु तत्प्रमाणं च पूर्वसूत्र न चालयेत् ।
हीने तु जायते हानिरधिके स्वजनं क्षयः ॥ १७१ ॥

જીર્ણોદ્ધાર કરતાં જે માપનું હોય તેટલા જ માપનું કરવું. તેનું પૂર્વસૂત્ર ચલાયમાન કરવું નહિ. જો પડેલાના માપથી ઓછું કરે તો હાની અને અધિક કરે તો પોતાના કુટુંબનો નાશ થાય.

वास्तु द्रव्याधिकं कुर्यात् भृत्काष्टे शैलजंहिवा ।
शैलजे धातुजे चैव धातुजे रत्नजं तथा ॥ १७२ ॥

"Aho Shrutgyanam"

પ્રાસાદાદિ વાસ્તુકર્મના જીર્ણોદ્ધાર કાર્યમાં જે દ્રવ્ય પહેલા વાપરેલ હોય તેનાથી અધિક દ્રવ્યનું કરવું એટલે માટીનું હોય તો ઈંટ–લાકડાનું, લાકડાનું હોય તો પાષાણનું કરવું, પાષાણનું હોય તો ધાતુનું અને ધાતુનું હોય તો રત્નનું કરવું તેમ દ્રવ્યાધિક લેવું.

अन्यवास्तु च्युतंद्रव्य मन्य वास्तौ न योजयेत् ।
प्रासादे न भवेत पूजा गृहे च न वसेन्नरः ॥ १७३ ॥

બીજા વાસ્તુકર્મમાંથી નીકળેલ દ્રવ્ય પાષાણ, લાકડું, ઈંટો, વગેરે તે નૂતન પ્રાસાદ કે ગૃહોમાં વાપરવા નહિ, જો બીજા વાસ્તુનું પુરાતન દ્રવ્ય વાપરે તો પ્રાસાદમાં દેવ-પૂજા થાય નહિ અને ગૃહમાં વસનાર ન રહે.

अशास्त्र मन्दिर कृत्वा प्रजाराज्यं गृहाणि च ।
तद गृहाण्य शुभान्वह श्रियस्तत्र न विद्यते ॥ १७४ ॥

શિલ્પવિદ્યાથી રહિત મંદિર, પ્રજાના ગૃહ કે રાજભવન કરવાથી તે અશુભ જાણવાં, ત્યાં કદી લક્ષ્મી વાસ કરતી નથી.

गुण दोषौ च विज्ञाय शिल्पि कुर्यात बुद्धिमान ।
अन्यथा यदि कुर्यान्तु कर्त्ता भर्त्ता विनश्यति ॥ १७५ ॥

શિલ્પીએ ગુણદોષ વિચારીને જ કાર્ય કરવું, એથી ઉલટું કરે તો વાસ્તુ કરનાર અને કરાવનાર બન્નેનો નાશ થાય છે.

अल्प दोषो गुणाधिक्यं दोषायन भवेद् गृहम् ।
दोषाधिक्यं गुणाल्पत्वं गृहमन्ते विवर्जयेत् ॥ १७६ ॥

જે ગૃહકાર્ય થોડા દોષવાળું અને અધિક ગુણોવાળું હોય તે વાસ્તુ દોષિત ગણાતું નથી. પરંતુ દોષ ઘણા હોય અને ગુણો ઓછા હોય તે દોષિત છે તેને પ્રયત્ને કરી તજવું.

देव प्रदक्षिणा

एक चण्डया रवे सप्त त्रिस्त्रीदधाद्विनायके ।
चतुरस्त्रो विष्णु देवस्य शिवस्याद् प्रदक्षिणा ॥ १७७ ॥

દેવ પ્રદક્ષિણા :–ચંડીને એક, સૂર્યને સાત, ગણપતિને ત્રણ, વિષ્ણુને ચાર અને શિવને અર્ધી પ્રદક્ષિણા કરવી. (શિવપ્રનાલ ઓળંગવી નહિ.)

"Aho Shrutgyanam"

शुक्राचार्य

शास्त्रमान विहिनं यद् रम्यं तद्विपि पंश्चिताम् ।
एकेषामेव तदम्यं लग्न यत्र च यस्य हृत् ॥ १७८ ॥


શાસ્ત્રમાર્ગથી રહિત હોય તે વિદ્વાનોને રમ્ય લાગતું નથી, પરંતુ કેટલાકનો એવો મત છે કે જ્યાં જેનું મન લાગ્યું–રુચ્યું હોય તે તેને પ્રિય લાગે છે. (તેમાં દોષ ન જાણવો.) [ઇતિ શુક્રનીતિઃ]

मनसश्चक्षयोर्यत्र सन्तापो जायते हृदि ।
तथा कार्य गृहं सैवरिति गगस्य भाषित् ॥ १७९ ॥

મન અને ચક્ષુને કાર્ય જોઇને જ સંતોષ થાય તેવા કાર્યો હંમેશાં નિર્દોષ જાણવા એમ ગર્ગઋષિ કહે છે. [ઇતિ ગર્ગતંત્રે બૃહદ્ સંહિતાઃ]

वास्तुलक्षण हीनेपि यत्र वैराच्यते मनः ।
तत्र दोषो न विन्द्याच्च धर्मकामार्थ मोक्षदे ॥ १८० ॥

જે વાસ્તુ લક્ષણહીન હોય પરંતુ જ્યાં મનની રુચિ વધે તેવું સારૂં લાગે તો દોષ ન જાણવો તેવા વાસ્તુ ધર્મ, અર્થ, કામ અને મોક્ષને દેનારા જાણવા.



શ્રી સિદ્ધાચલ શણગાર ચતુર્વિંશતિ જિનેન્દ્ર પ્રાસાદ દર્શન

"Aho Shrutgyanam"

विसर्जन विधि

ખંડિત મૂર્તિનું વિસર્જન નૃસિંહમંત્ર ભણીને કરવું.

ॐ तत्सद ब्रह्मणेनमः ॐ विष्णवेनमः ॐ क्ष्रौं ॐ नमोः
भगवते नृसिंहाय नमः ॐ भूर्नमो भगवते वराहाय नमः ॥ १८१ ॥

अग्निपुराण अ. २५ श्लोक, ३

ॐ ह्रूं हः फट हुं गंधतन्मात्रं संहरामि नमः


ॐ ह्रूं हः फट हुं रस तन्मात्रं संहरामि नमः

ॐ ह्रूं हः फट हुं रूप तन्मात्रं संहरामि नमः

ॐ ह्रूं हः फट हुं स्पर्शतन्मात्रं संहरामि नमः

ॐ ह्रूं हः फट हुं शब्द तन्मात्रं संहरामि नमः

આ મંત્ર એકસો આઠ વખત બોલી વિસર્જન વિધિ કરવી.



इति श्री विश्वकर्मा वास्तु कला चिंतन हरविद्या गुणकीर्ति प्रकाश
जिनप्रासाद मार्तण्डे दोषपरिहार नाम्नो सप्तमोऽध्याय
शिल्पाचार्य नंदलाल चुनीलाल सोमपुरा संग्रहिते संपूर्ण ॥

"Aho Shrutgyanam"

शिखरलक्षण नाम्नो अष्टमोऽध्याय

शिखरोदय प्रमाणः-

रेखा विस्तारमानेन सपादेन तदुच्छ्रयः ।
त्रिभाग सहितश्चैव सार्धवातु विचक्षणः ॥ १ ॥

શિખર, રેખાએ જેટલું હોય તેનાથી સવાયુ ઊંચુ કરવું અથવા ૧½ કે દોઢું ઉંચુ શિખર બુદ્ધિમાન શિલ્પીએ કરવું.

वालंजर प्रमाण :-

दशांशः शिखरे मूले चाग्रे तत्र नवांशका ।
सार्धांशको रथो कर्णौ द्वौ शेष भद्र मिषयते ॥ २ ॥

શિખરની મૂલ રેખાના પાયચામાં ૧૦ (દશ) ભાગ કરવાં, ઉપર મથાળે ૯ (નવ) ભાગ કરવાં, તેમાં બબ્બે ભાગ બે કર્ણ, દોઢ દોઢ ભાગે બે પઢરા, ત્રણ ભાગ ભદ્રમણી, ૧૦ ભાગ તળાંચે જાણુવા. બાંધણે બબ્બે ભાગ બે કર્ણો, દોઢ દોઢ બે પઢરા, બે ભાગ ભદ્દર.

वालंजरः-

रेखामानं मयाख्यातं वालंजरमत शृणु ।
रेखा विस्तरस्यमानं द्वाविंशपदभाजितम् ॥ ३ ॥

कोणस्तु भागचत्वारः प्रतिरथ त्रिभागकः ।
उपरथो द्विभागस्तु भद्रार्ध हि द्वि भागकम् ॥ ४ ॥

स्कंधे त्रयोदश भागा त्रिधा कर्णे द्वयरथे ।
उपरथे चैक भागः शेषं भद्रं प्रकीर्तितम् ॥ ५ ॥

શિખરની રેખાનું માન મેં કહ્યું, હવે વાલંજર-શિખરના નાસિકાના વિભાગ સાંભળો, શિખર પાયચે જેટલું હોય તેના ૨૨ (બાવીશ) ભાગ કરવાં. તેમાં રેખા ભાગ-૪ (ચાર), પ્રતિરથ ૩ (ત્રણ), ઉપરથ ૨ (બે) ભાગનો અને અર્ધું ભદ્ર ૨ (બે) ભાગનું કરવું, હવે શિખરનું સ્કંધ જેટલું હોય તેના ૧૩ (તેર) ભાગ કરવા. તેમાં રેખા ભાગ-૩ (ત્રણ) પ્રતિરથ ૨ (બે) ભાગ, ઉપરથ ૧ (એક) ભાગ અને ભદ્ર ભાગ ૦॥ (અર્ધો), આ રીતે વાલંજર વિભાગ જાણુવા.

"Aho Shrutgyanam"

स्कन्ध वेधः—

स्कंधहीनं न कर्तव्यं नाधिकं किं च कारयेत् ।
स्कंधहीने कुलोच्छेदो मृत्युरोग भयावहम् ॥ ६ ॥

तस्मात सर्वप्रयत्नेन स्कंधेऽधिकं न कारयेत् ।
मान प्रमाणं संयुक्तं शास्त्रदृष्या च कारयेत् ॥ ७ ॥

आयुराशम्य सौभाग्यं लभते नात्र संशयः ।
मूलकन्दे प्रविष्टे तु स्कंध वेध इति स्मृतः ॥

शिल्पी स्वामिनौ हन्ये ते स्कंध वेध न संशयः ।
निर्गमो हस्त संख्यैर्वा अंगलैरूपपादितः ॥ ८ ॥

શિખરને હીન સ્કંધ કરવો નહિ, અને અધિક માન પણ નહિ કરવું, સ્કંધ માનથી ઓછો થાય તો કુલનો નાશ થાય, તેમજ મૃત્યુ તથા રોગનો ભય થાય, તેથી સ્કંધ અધિક માનનો પણ નહિ કરવો. સર્વ ઉપાયોથી શાસ્ત્રમાં કહેલ માન યુક્ત કરવો, જેથી આયુષ્ય, આરોગ્ય અને સૌભાગ્યની પ્રાપ્તિ થાય છે, તેમાં લેશ માત્ર સંશય નહિ.

શિખરના પાયચામાં માનમાં ઓછું વધતું કરી વેધ કરવો નહિ, સ્કંધ વેધથી સ્વામી અને શિલ્પીનો નાશ થાય, તેમાં શંકા ન જાણવી, વાલંજરના નીકાળા દર હસ્તે ૦।–૦। અંગુલ કરવા.

क्षोभयेदंशपादोन पादोनश्चापि विस्तृतः ।
इति रेखोच्छ्रयं कुर्याद वालंजर इति स्मृता ॥ ९ ॥

વાલંજરના નાસિકાના મૂળમાં પાણીતાર પોણા ભાગનો ઊંડો, પોણો ભાગ પહોળો રાખવો, આ રીતે વાલંજરના ભાગ જાણવા.

शिखर भद्र गवाक्ष विधान :–

त्रि मूर्तिर्यस्तु भद्रान्ते रथिका सर्वकामदा ।
शुकनाशस्तथा सिंहो भद्रे त्वे कैक संयुतः ॥ १० ॥

શિખરના ત્રણે બાજુના ભદ્રમાં ગવાક્ષ કરવા, તેમાં દેવમૂર્તિઓ કરવી, આવી દરેક રથિકા (ભદ્ર) સર્વ કામનાને આપે છે, શિખરના અગ્રભાગે શુકનાશ કરવો અને ત્રણે બાજુમાં ભદ્રના ગવાક્ષ ઉપર એકેક સિંહ બેસાડવો.

"Aho Shrutgyanam"

शुकनाश स्वरूप विधान :-

अग्रे कोली कपोलस्तु शुकनासस्तु नासिका ।
सान्धारे स्तम्भ रेखा कर्तव्या मध्य कोष्टके ॥ ११ ।
प्रासादस्ये पुरो भागे निर्वाणमूल श्रृंगकम् ।
तदग्रे शुकनासं च एकादि सप्तसमुद्रमम् ॥ १२ ॥
तस्योपरि सिंहः स्थाप्यो मण्डप मकलशसमः ।
द्वि स्तंभः शुकनासाग्र विज्ञेयः पाद मण्डपः ॥ १३ ॥

પ્રાસાદની આગળ શિખરમાં કોલી એ કપોલરૂપ કલ્પી છે અને તેમાં શુકનાશ એ નાસિકા રૂપ છે. સાન્ધાર પ્રાસાદોમાં મધ્યકોષ્ઠ (સ્તૂપ)ની આગળ કોલીના સ્તંભો પર શિખરની રેખા આવે છે, પ્રાસાદના શિખરના અગ્ર ભાગમાં નીકળતા ઉરૂશ્રૃંગની આગળ શુકનાશ એકથી સાત દોઢીયા ચડાવી કરવો અને તેના ઉપર સિંહ સ્થાપન કરવો, તે મંડપના કલશ લગભગ સમસૂત્ર કરવો, શિખરમાં શુકનાશ આગળ બે સ્તંભો કરવા તે "પાદ મંડપ" નામથી જાણવા.

शुकनाश उदयमान :-

छाद्योर्ध्व स्कन्धपर्यन्त-मेकविंशतिभाजितम् ।
अंकदिग् रूद्र सूर्यांश त्रयोदशांशमुत्सृजते ॥ १४ ॥
शुकनासस्य संस्थानं छाद्योर्ध्वं पञ्चधोन्नतम् ।
तेनमानेन पादांतं मण्डपोर्ध्वं समुत्सृजेत् ॥ १५ ॥
मण्डपोर्ध्वं शुकघण्टा समान्युनानचाधिका ॥ १६ ॥

પ્રાસાદના છજા ઉપરથી શિખરના સ્કંધ સુધીના ઉદયના એકવીશ ભાગ કરવા તેમાં છજા ઉપરથી નવ, દશ, અગિયાર, બાર અને તેર ભાગ સુધીમાં શુકનાશનું સ્થાન જાણવું. એ રીતે છજા ઉપરથી શુકનાસના ઉદયના પંચવિધ પ્રમાણ કહ્યા છે, તે શુકનાસના ઉદય માનના વિભાગના અંત સુધી મંડપની ઉપરના સંવરણાના ઘંટાની રચના કરવી. એટલે મંડપ ઉપર ઘંટા શુકનાસ બરાબર રાખવો, ઘંટા નીચે રહે પણ શુકનાસથી ઘંટા ઊંચી કરવી નહીં.

कोकिला प्रासादपुत्र लक्षण :-

अथातः संप्रवक्ष्यामि कोकिला लक्षण परम् ।
स्थानं प्रमाणमे तेषां शुभं वा यदिवाऽशुभम् ॥ १७ ॥

"Aho Shrutgyanam"

कर्ण गर्भान्तरे ज्ञात्वा कर्तव्या यत्र तत्र च ।
कोण विस्तार विस्तीर्णा कोकिला शुभ लक्षणा ॥ १८ ॥
अनेनैव प्रकारेण कर्तव्या शिल्पिभिः सदा ।
उभयोः पार्श्वयौ रेव एकैका च प्रशस्यते ॥ १९ ॥
कोली प्रासाद राजस्य वाम दक्षिणतः स्थिता ।
कोणार्धे कोकिला यत्र श्री नाशाद्वेजनं कलिः ॥ २० ॥
तस्मात सर्व प्रयत्नेन कोणार्द्धं न व्यतिक्रमेत् ।
यमदंष्ट्र तु विज्ञेया भितिश्चैव शुभप्रदा ॥ २१ ॥
सर्व लक्षण संयुक्ता कोकिला सुफलप्रदा ॥ २२ ॥

હવે હું કોકિલાના લક્ષણ કહું છું, તેના સ્થાન પ્રમાણે શુભ અને અશુભ કહું છું, રેખાનો ગર્ભ બરાબર જાળવી આઘું પાછું કરવું, કર્ણ રેખાની પહોળાઈ પ્રમાણે કોકિલાનો વિસ્તાર રાખવો તે શુભ જાણવું, આ કહેલ પ્રમાણે કોકિલા શિલ્પીઓએ કરવી જોઇએ, કોલી એ પ્રાસાદરાજની ડાબી જમણી તરફ બેઉ પડખે અકેક કોકિલા કરવી, (કોકિલા પ્રાસાદ પુત્ર) હવે તેના દોષ કહું છું, કોણ (રેખા)થી કોકિલા અર્ધ કરે તોલક્ષ્મીનો નાશ, ઉદ્વેગ અને ક્લેશ ઉત્પન્ન થાય, માટે પ્રયત્ને કરીને રેખાથી અર્ધ ભાગની કોકિલા ન કરવી, કરે તો તે યમદંષ્ટ્ર રૂપ જાણવી. પણ ભિતિના માન પ્રમાણે કરવાથી શુભ ફલ દેનાર જાણવી.

आमलसारा लक्षण विधान :–

विश्वकर्मोवाच—

प्रतिरथा वुभौ मध्ये वृत्ते आमलसारके ।
तत्तद्वि भक्ति भागं च कथये यस्य यादृशम् ॥ २३ ॥
उदये तु तदुर्ध्वे च विभक्ते चतुरंशतः ।
ग्रीवा पादोन भागा स्यात्सषादं च तथाण्डकम् ॥ २४ ॥
चन्द्रिका चैक भागेन भागा आमलसारिका ।

॥ अपराजितपृच्छा ॥

બન્ને પ્રતિરથના મધ્યમાને ગોળ આમલસારો કરવો, તેના બે ભાગ કરવા. એટલે લંબાઇથી અર્ધ ઉદયપ્રમાન કરવું. તેના ચાર ભાગ કરવા, ગ્રીવા ૦॥ ભાગ, ૧। ભાગ આમલસારાનું અંડક, ૧ ભાગ ચંદ્રિકા અને ૧ ભાગ આમલસારિકા.

"Aho Shrutgyanam"

द्वयोः प्रस्थयोर्मध्ये, वृत्तमामलसारकम् ।
उदये च तदर्धेनु विभक्ते चतुर्भागिके ॥ २५ ॥
ग्रीवा पादोन भागास्यात् सपादं च तथाडण्डकम् ।
चन्द्रिका चैक भागेन, भागाचामलसारिका ॥ २६ ॥

॥ कल्याणकलिका ॥

બે પ્રતિરથ વચ્ચેના પ્રમાણે ગોળ આમલસારો કરવો, અર્ધ ભાગે ઉદય કરવો, ગ્રીવા ०॥। ભાગ, १। ભાગ અંડક અને એક ભાગ ચંદ્રિકા અને ૧ ભાગ આમલસારિકા કરવી. (કલ્યાણકલિકા)

रथयोरुभयोर्मध्ये वृत्तमामलसारकम् ।
उत्सेधो विस्तारार्धेन चतुर्भागविभाजितम् ॥ २७ ॥
ग्रीवा चामलसारय पादोनाथ सपादकः ।
चन्द्रिका भागमेकेन भूमिरामल सारिका ॥ २८ ॥

॥ शिल्परत्नाकर ॥

પ્રાસાદના સ્કંધે બે પ્રતિરથની વચમાં પ્રતિરથ બરાબર ગોળ આમલસારો કરવો, અને પહોળાઇથી અર્ધ ભાગે ઊંચો કરવો ઊંચાઇમાં ચાર ભાગ કરવા, ०॥। ભાગનું ગળું, ૧। ભાગ આમલસારો, ચંદ્રિકા ભાગ ૧, અને આમલસારી (ઝાંઝરી) ભાગ એકની કરવી.

स्कंधः षडभागको ज्ञेयः सप्तांशामसारकः ।
क्षेत्रमष्टाविंशभागै – रुच्छ्रये च तदर्धत ॥ २९ ॥
ग्रीवा भागत्रयंकार्या अंडक पञ्चभागकः ।
त्रिभागा चन्द्रिका चैव तथैवामलसारिका ॥ ३० ॥
निर्गमे षट सार्ध भागोभवेदामलसारिका ।
चन्द्रिका द्वि सार्धभागा अण्डकः पञ्च एव च ॥ ३१ ॥

સ્કંધના વિસ્તાર છ ભાગ અને આમલસાર સાત ભાગ કરવો, આમલસારાના વિસ્તારમાં અઠ્ઠાવીશ ભાગ કરવા, અને ચૌદ ભાગ આમલસારનો ઉદય કરવો, ગ્રીવા ત્રણ ભાગ, અંડક પાંચ ભાગ, ચંદ્રસ ત્રણ ભાગ અને ત્રણભાગ આમલસારી, એમ ચૌદ ભાગ ઉદયમાન જાણવું. હવે વિસ્તાર ભાગ, ગર્ભથી સાડા છ ભાગ આમલસારી નીકળતી, અઢીભાગ ચંદ્રસ અને પાંચ ભાગ અંડકનો નીકાળો કરવો. (જ્ઞાનપ્રકાશદીપાર્ણવ)

"Aho Shrutgyanam"



आमलसारा देवस्वरूप विधानः-

शिवेचश्वररूपं तु ध्यानमग्नं विचक्षणः ।
शिखर कर्णे दातव्यं जिने कुर्याज्जिनेश्वर ॥ ३२ ॥


શિખરના આમલસારાના કોણે શિવના પ્રાસાદને ઇશ્વર (શિવ) ધ્યાનમગ્ન વિચક્ષણ સ્વરૂપ શિલ્પીએ કરવું અને જિનપ્રાસાદમાં જિનેશ્વરની મૂર્તિ કરવી.

कण्ठे मायां स रुद्रां च विद्याश्चामलसारके ॥ ३३ ॥

अग्निपुराण अ० १०२-२३

આમલસારાના ગળામાં માયા અને રૂદ્રના રૂપ કરવાં.

"Aho Shrutgyanam"



આયુધં વાહન ચિહ્નં યસ્ય દેવસ્ય યદ્‌ભવેત્ ।
તસ્માદેકતમં ચિહ્નં કાર્યા ચામલસારકે ॥ ૩૪ ॥

"Aho Shrutgyanam"

चिह्न विष्णुगृहे तत्र गरुड वापि कारयेत् ।
दुर्गागृहे तथा सिंह त्रिशूलं हरवेश्मनि ॥ ३५ ॥

पद्मं लक्ष्मीगृहे चिह्न हंसस्या ब्रह्मणोगृहे ।
मकरं कामदेवस्य तालं सङ्कर्षणस्य तु ॥ ३६ ॥

अर्धचन्द्र स्थितं सिंह मादित्यस्य गृहे भवेत् ।
वृत्त मण्डल मध्यस्थं मृगं चन्द्रसमो भवेत् ॥ ३७ ॥

वज्रं शक्रस्य कुर्वीत दण्डं वैवस्वतस्य च ।
वरुणस्य तथा पाशं गदां च धनदस्य च ॥ ३८ ॥

स्कन्दस्य शक्तिः कर्तव्या गणाध्यक्षस्यपार्थिव ।
कर्तव्यं परशोश्चिह्नं वन्हेर्ज्वाला विधियते ॥ ३९ ॥

वायोस्त्वध्वर भङ्ग तु उष्ट्रं निर्ऋतये तथा ।
अन्येषामपि देवानां चिह्न स्यादायुधं स्वकम् ॥ ४० ॥

દેવોના પ્રાસાદે આમલસારમાં આયુધ અને વાહનના ચિહ્ન કરવા. વિષ્ણુપ્રાસાદે ગરુડ, દુર્ગા પ્રાસાદે સિંહ, શિવ પ્રાસાદે ત્રિશુલ, લક્ષ્મી પ્રાસાદે કમલ, બ્રહ્માના પ્રાસાદે હંસ, કામદેવના પ્રાસાદે મકર, સંકર્ષણના પ્રાસાદે તાલ [હથેલી], અર્ધ ચંદ્રમાં બેઠેલ સિંહ સૂર્ય પ્રાસાદે કરવો, વૃત્તમંડળ વચ્ચે હરણ ચંદ્ર પ્રાસાદે કરવો, ઇંદ્ર-પ્રાસાદે વજ્ર, યમરાજના પ્રાસાદે દંડ; વરૂણ પ્રાસાદે પાશ, કુબેર પ્રાસાદે ગદા, કાર્તિકસ્વામી પ્રાસાદે શક્તિ, ગણાધ્યયક્ષ પ્રાસાદે ફરશી, વહ્નિ (અગ્નિ) પ્રાસાદે જ્વાળા, વાયુદેવને ધ્વજદંડ, નૈઋતિને ઊંટ આ પ્રમાણે અન્ય દેવોને વાહન અથવા આયુધનું ચિહ્ન કરવું.

नागरे लतिने कुर्यात् सान्धारे चैव मिश्रके ।
विमाननागरच्छन्दे विमान-पुष्पके तथा ॥ ४१ ॥

विमानभूमिजे चैव वृत्तं च कर्णिकान्तकम् ।
द्राविडे तु तथा चैव तं तु रेखा न रूपकम् ॥ ४२ ॥

वराटे तु भवेद् घण्टा यादग् मन्दारपुष्पकम् ।
वल्लभीषु च सर्वासु गजपृष्ठा कृतिस्तथा ॥ ४३ ॥

नागरे घण्टा कृतिकां कुर्यात सिंहावलोकने ।
घण्टा चैव मुपाख्याता प्रयुक्ता वास्तु वेदिभिः ॥ ४४ ॥

"Aho Shrutgyanam"

નાગર, લતિન, સાન્ધાર, મિશ્રક, વિમાનનાગર, વિમાનપુષ્પક, વિમાન અને ભૂમિજ આ બધા પ્રાસાદોને આમલસારો ગોળ કરવો, અને કરતી કણીઓ યુક્ત કરવો, દ્રાવિડ પ્રાસાદનો આમલસારો તેની રેખાને અનુરૂપ કરવો, વરાટ પ્રાસાદનો આમલસારો મન્દાર વૃક્ષને પુષ્પ આકારે, સર્વતોભદ્રભી પ્રાસાદોમાં આમલસારો હસ્તિની પીઠના આકારે લંબ-ગોળ, તથા નાગર અને સિંહાવલોકન પ્રાસાદોનો આમલસારો ઘંટના આકારનો બનાવવો, આ પ્રમાણે વાસ્તુવેત્તાઓએ આમલસારાનું નિરૂપણ કર્યું છે.

कलश प्रमाण लक्षणं

विश्वकर्मोवाच—

अथातः संप्रवक्ष्यामि कलशोत्पत्ति लक्षणम् ।
भद्रंतु सर्वकल्याणं कलशं स्थापयेद्यया ॥ ४५ ॥

क्षीरोदार्णवके पूर्वं मध्यमाने सुरासुरैः ।
तत्रोत्पन्नं सुतिलकं कलशं कामरुपिणम् ॥ ४६ ॥

प्रतिष्ठादिषु सर्वेषु सर्व पुण्य महोत्सवे ।
संस्थाप्य पुण्यकलशं सर्वविघ्नोपशामकम् ॥ ४७ ॥

अभिषेको दिव्यघण्टैः फल पल्लव संयुतैः ।
सर्व पापविनिर्मुक्तः श्रियं प्राप्नोति मानव ॥ ४८ ॥

क्षीरार्णवे समुत्पन्नं प्रासादस्याग्र जातकम् ।
प्रासादो देवतानां च नरेन्द्राणां च हर्म्यकम् ॥ ४९ ॥

देवागारेषु सर्वेषु नृपाणां भवने तथा ।
संस्थाप्यं दिव्यकलशं विश्वकर्मावचोयथा ॥ ५० ॥

उत्पत्तिः कथिता चैवं लक्षणं शृणु साम्प्रतम् ।
विभक्ति भाग सखायानां प्रमाण सूत्र मानतः ॥ ५१ ।

शैलजे शैलजं कुर्याद् दारुजे दारुजं तथा ।
धातुजे धातुजं चैव ऐष्टिके चैष्टिकं शुभम् ॥ ५२ ॥

चित्रे चित्रं विधातव्यं हेमजं सर्व कामदम् ।
श्रेष्ठ सर्वत्र श्रेष्टानो सुवर्ण कलशध्वजम् ॥ ५३ ॥

"Aho Shrutgyanam"

વિશ્વકર્મા કહે છે—હવે હું કલશ ઉત્પત્તિ અને લક્ષણ કહું છું. કલશ સ્થાપવાથી સર્વ ભદ્ર કલ્યાણ થાય છે, પૂર્વે દેવ અને દૈત્યો સમુદ્ર મંથન કરતા હતા. તેમાંથી કામનાને પૂર્ણ કરનાર એવો સુતિલક કલશ ઉત્પન્ન થયો. શુભ પુણ્યમહોત્સવે પ્રતિષ્ઠા દિને કલશ સ્થાપવાથી સર્વ વિઘ્નોનો નાશ કરે છે. ફલ પલ્લવ સહિત દિવ્ય કલશનો અભિષેક કરવો, સર્વ પાપનો નાશ કરે છે અને મનુષ્યને લક્ષ્મી પ્રાપ્તિ થાય છે. ક્ષીર-સાગરમાં ઉત્પન્ન થયેલ કલશ પ્રાસાદની જાતિ પ્રમાણે કરવો, દેવોના પ્રાસાદે તથા રાજાના મહાલયમાં અને ગૃહ મંદિરે નૃપાણ ગૃહે દિવ્ય કલશ સ્થાપવો તેમ વિશ્વકર્માનું વચન છે. ઉત્પત્તિ તમને કહી હવે લક્ષણ કહું છું. ભાગ સંખ્યાની સૂત્રમાને વિભક્તિ કરવી.

પાષાણના પ્રાસાદને પાષાણનો, લાકડાના પ્રાસાદને લાકડાનો, ધાતુના પ્રાસાદને ધાતુનો અને ઈંટના પ્રાસાદને ઈંટનો કલશ કરવો. ચિત્રમાં ચિત્રનો હેમ પ્રાસાદ સર્વ કામનાને આપનાર છે, શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ સુવર્ણ કલશ તથા ધ્વજદંડ જાણવો.

प्रासाद स्याष्टमांशेन, पृथुत्वं कलशाण्डक ।
षोडशंशैर्युतं श्रेष्ठ मध्यद्वात्रिंश दशत ॥ ५४ ॥
मूलरेखा पञ्चमांशे, पृथुत्वं तस्य कारयेत् ।
घण्टाऽविस्तार पादेन तत्पादेन युतं पुनः ॥ ५५ ॥
इत्यं कलश विस्तार उच्छ्रय स्तस्य सार्धतः ।
नागरे लतिने शस्त सान्धारे मिश्रके तथा ॥ ५६ ॥
विमान नागरच्छन्दे, विमान पुष्पके तथा ।
धातुजे रत्नजे चैव रथारोहे च दारुजे ॥ ५७ ॥
शैलजे स चतुर्थांश, एष्टिकादो समस्तके ।
इत्युक्तः कलशश्चैव, सर्वकाम फलप्रदः ॥ ५८ ॥

પ્રાસાદમાનના આઠ ભાગ કરવા તે પ્રમાણે કલશના પટ્ટાનો વિસ્તાર કરવો એ કલશનું કનિષ્ઠમાન, એ માનમાં સોળમો (૧૬) ભાગ ઉમેરવાથી જેષ્ઠમાન, અને બત્રી-શમો ભાગ વધારવાથી મધ્યમાન જાણવું, શિખર રેખામાનના પાંચમા ભાગે પણ કલશ કરી શકાય, ઘંટા (આમલસાર) ને સવાયા કરી ચોથા અંશે પણ કલશ કરી શકાય આ કલશનો વિસ્તાર કહ્યો એનો ઉદય વિસ્તારથી દોઢો કરવો, નાગર લતિન, સાન્ધાર, મિશ્રક, વિમાનનાગર, વિમાનપુષ્પક આ બધા પ્રાસાદોનો કલશ ઉપર મુજબ કરવો. ધાતુજ, રત્નજ, રથારોહ, દારૂજ (સિંહાવલોકન), શૈલજ, અને સર્વ પ્રકારના ઐષ્ટિક

"Aho Shrutgyanam"

આ બધી જાતના પ્રાસાદોમાં કલશ ઉક્તમાનથી સવાયા (ચતુર્યાંશાધિક) માનના બનાવવા, આ પ્રમાણે ઇષ્ટ ફલ આપનારો કલશ કરવો. આ પ્રમાણે માનાનુસાર બનાવેલ કલશ ઇચ્છિત ફલ આપે છે.

वराटादि प्रासाद कलश मान—

वराटे द्राविडे चैव, भूमिजे विमानोद्भवे ।
वल्लभीषु समस्तासु प्रासादस्य षडंशके ॥ ५९ ॥
तत्षडंशयुतः श्रेष्ठः कनिष्ठस्त द्विहीनकः ।
इत्थंमानं समुदिष्टे कर्तव्यं सर्वकामदम् ॥ ६० ॥

વરાટ, દ્રાવિડ, ભૂમિજ, વિમાન અને સર્વપ્રકારની વલ્લભીઓમાં પ્રાસાદના ષષ્ઠાંશ જેટલો કલશનો વિસ્તાર કરવો, કલશનું આ મધ્યમમાન જાણવું, આમાં છઠ્ઠો ભાગ ઉમેરતા જેષ્ઠમાન તથા છઠ્ઠો ભાગ હીન કરતાં કનિષ્ઠમાન જાણવું. આ પ્રકારનું કલશનું માન સર્વ શુભ ફલદાયક છે.

कलश अंगविभक्ति विधान

उच्छ्रयो नवभागः स्यात् षड्भागा विस्तृतिस्तथा ।
अण्डकं तु त्रिपदं च, पादं च पद्मपत्रिका ॥ ६१ ॥
ग्रीवापादोनभागा च, सपाद द्वे च कर्णिका ।
मातुलिङ्ग त्रिभिर्भागैः कर्तव्यं सर्वकामदम् ॥ ६२ ॥
उच्छ्रयः कथितश्चैवं, विस्तार शृणु सांप्रतम् ।
पद्मपत्रं त्रिभिर्भागै स्तत्कन्दं द्वि विभागकम् ॥ ६३ ॥
अण्डकं च घटाकारं कुर्यात षडभाग विस्तृतम् ।
ग्रीवा मध्ये द्वि भागा स्यात् चर्तुभिः कर्णिकान्तरे ॥ ६४ ॥
सार्धद्वयश बीजपुर-मग्रे निम्नं सुलक्षणम् ।
प्रमाण सूत्रमाख्यातं कलशे सर्व कामदे ॥ ६५ ॥

કલશની ઊંચાઇના ૯ (નવ) અને વિસ્તારના ૬ (છ) ભાગ કરવા, તે નવ ભાગમાંથી ૩ (ત્રણ) ભાગ અંડક, ૧ (એક) ભાગની પદ્મપત્રી, ૦।। (પોણા) ભાગની ગ્રીવા (ગળુ), ૧। (સવા) ભાગની બે કર્ણિકા અને ૩ (ત્રણ) ભાગનો બીજોરૂ (ટોડલો) કરવો એ શુભદાયક છે, એ કલશની ઊંચાઇના અંગ વિભાગો કહ્યા,

"Aho Shrutgyanam"

હવે વિસ્તારના વિભાગો સાંભળો. પદ્મપત્ર વિસ્તાર ૩ (ત્રણ) ભાગ, સ્કંધનો વિસ્તાર ૨ (બે)ભાગ અને અંડક ૬ (છ) ભાગ વિસ્તૃત કરવું. તે ઘડાના આકારનું કરવું. ગ્રીવા મધ્યમાં બે ભાગ વિસ્તારે અને કર્ણિકાએ ૪ ભાગ વિસ્તારમાં કરવી, બીજોરૂ નીચે બે ભાગ અને ઉપર ૧।। ભાગ કરવું. આ પ્રમાણે સર્વ અંગો પોતપોતાના માને ઊંચા અને વિસ્તૃત ઉત્તમ લક્ષણ યુક્ત કરવા. આ પ્રમાણે સ્વેચ્છાપૂર્વક કલશનું પ્રમાણસૂત્ર કહ્યું, આ લક્ષણ નાગર પ્રાસાદના કલશનું છે.

मतान्तरे कलश अंग विभक्ति प्रमाणः–

अत उर्ध्वं पुनश्चान्यं, प्रवक्ष्येऽहमनुक्रमम् ।
पूर्ववच्च समुत्सेधो, विस्तरः पूर्वकल्पितः ॥ ६६ ॥

पद्मपत्रनिभाकारा, त्रिपदा पद्मपत्रिका ।
कर्णिका पदमेकं तु, सपादः पद्म संभव ॥ ६७ ॥

द्विभागं चाण्डकं कुर्याद्, वृत्ताकारं सुलक्षणम् ।
ग्रीवा पादोन भागा स्याद् भागार्धं चार्कपट्टिका ॥ ६८ ॥

लतिने चैव कर्तव्याः अर्धांशे पद्म पत्रिका ।
त्रिभागं बीजपुर स्याद् विकसित पद्माकृति ॥ ६९ ॥

उल्लूयः कथित श्चैत्थं, विस्तरं शृणु सांप्रतम् ॥ ७० ॥

આ પછી કલશના અંગોનો બીજો ક્રમ કહું છું. કલશની ઊંચાઇ અને વિસ્તારના ૯ અને ૬ ભાગ કલ્પવા, ઊંચાઇના ૯ ભાગોમાંથી નીચે ૩ ભાગ પદ્મપત્રિકા કમલપત્રના આકારની કરવી. ૧ ભાગ કર્ણિકા, ૧। ભાગ કમલસંભવ (પત્ર) કરવો. તે પછી ૨ ભાગનું ગોલ આકારનું સુલક્ષણ અંડક કરવું, ૦।।। ભાગ ગ્રીવા અને ૦।। ભાગ અર્કપટ્ટી કરવી. લતીનપ્રાસાદના કલશમાં પદ્મપત્રિકા અર્ધાભાગની કરવી, ૩ ભાગનું બીજોરૂં કરવું, બીજ પુરકનો આકાર વિકાસી કમલના ડોડલા જેવો કરવો, આમ ઊંચાઇના ભાગો કહ્યા છે. હવે પદ્મપત્રના વિસ્તાર વિષે આગળ કહું છું.

पद्मपत्रं त्रिभिर्भागे द्विभागा कर्णिका वृत्ता ।
पद्माग्रे पत्रि(द्वि)काचैव चतुर्भागा च विस्तरे ॥ ७१ ॥

षड्भाग मण्डकं चैव, ग्रीवा मध्ये द्वि भागिका ।
अर्कपट्टी चतुर्भागा सार्धत्र्यंशा च पट्टिका ॥ ७२ ॥

"Aho Shrutgyanam"

सार्धद्वयं बीजपुरं निम्नाग्रे पद्मकाकृति ।
पद्मनिबन्ध तिलकं मुक्तरत्नां सुवृत्तकम् ॥ ७३ ॥
अर्केऽर्क पट्टिकां कुर्यात् पद्मपत्राऽग्र ऊन्नताम् ॥ ७४ ॥

પદ્મપત્રનો વિસ્તાર ૩ ભાગનો, કર્ણિકાનો ૨ ભાગનો, પદ્મપત્ર પછી પટ્ટિકાનો વિસ્તાર ૪ ભાગનો, અંડકવિસ્તાર ૬ ભાગનો, ગ્રીવા મધ્યમાં બે ભાગની, અર્કપટ્ટી ૪ ભાગની, ૩॥ ભાગની પટ્ટિકા અને ૨॥ ભાગ બીજોરાનો વિસ્તાર કરવો. બીજ પુરકનો આકાર કમળના ડોડા જેવો કરવો.

સૂર્યના મંદિરે પદ્મપત્રની આગળ ઊંચી અર્કપટ્ટિ ગોલ પદ્મના તિલક જેવી રત્નજડિત કરવી.

प्रासादपुरुष विधान :–

विश्वकर्मोवाच :—

अथातः संप्रवक्ष्यामि पुरुषस्य निवेशनम् ।
न्यसेदेवालयेष्वेवं जीवस्थाने फलं लभेत् ॥ ७५ ॥
छादनोप प्रवेशेषु श्रृंगमध्येऽथवोपरि ।
शुकनासावसानेषु वेधूर्ध्वे भूमिकान्तरे ॥ ७६ ॥
गर्भमध्ये विधातव्ये हृदये वर्णको विधिः ।
हंसतुलींत्ततः कुर्यात् ताम्रपर्यंक संस्थिताम् ॥ ७७ ॥
शयनं चापी निर्दिष्टं पद्म च दक्षिणे करे ।
त्रिपताकं करं वामं कारयेद हृदि संस्थितम् ॥ ७८ ॥
प्रमाणं तस्य वक्ष्यामि प्रासादादौ समस्तके ।
हस्तादि शतार्धं यावत् प्रकल्पयेदनुक्रमम् ॥ ७९ ॥
वृद्धिमर्धांगुलां हस्ते यावन्मेसं प्रकल्पयेत् ।
एवविधः प्रकर्तव्यः सर्वकाम फलपदः ॥ ८० ॥
हेमजे तारजे वापि ताम्रजे वापि भागशः ।
कलशे आन्यपूर्णे तु सौवर्णपुरुषं न्यसेत् ॥ ८१ ॥
पर्यंकचतुष्पादेषु कुम्भोश्चतुर एव च ।
हिरण्यनिधि संयुक्तान् आत्म मुद्रामि मुद्रितान् ॥ ८२ ॥

"Aho Shrutgyanam"

एवं च रोपयेद् जीवं यथोक्त वास्तु शासने ।
तस्य न संभवेद् दौस्थ्यं यावदा भूत संप्लवम् ॥ ८३ ॥

વિશ્વકર્મા અપરાજિતને કહે છે—હવે હું પુરુષ પ્રવેશની વિધિ કહું છું. સર્વ પ્રાસાદોમાં જીવ સ્થાને પુરુષનો પ્રવેશ કરાવવો કે જેથી ફલ મળે.

શિખરના સ્કંધે, શિખરના મધ્ય ભાગે અથવા તેના ઉપલા ભાગમાં શુકનાશના અંતે અને વેદિની ઉપર ભૂમિમાં ગર્ભના મધ્ય ભાગે હૃદય પ્રતિષ્ઠાની વિધિ કરવી. પ્રથમ ત્રાંબાનો પલંગ કરી તે ઉપર રેશમી ગાદી બિછાવવી અને તે ઉપર પ્રાસાદ-પુરુષને સુવરાવવો. પુરુષના જમણા હસ્તમાં કમલ અને વામ હસ્તમાં ત્રણ પતાકાવાળી ધ્વજા દંડ સહિત આપવી અને ડાબો હાથ પોતાની છાતીએ અડકેલો રાખવો.

હવે હું પુરુષ પ્રમાણ કહું છું. ૧ હસ્તથી ૫૦ હસ્ત પર્યંતના તમામ પ્રાસાદોનું પ્રમાણ એક હસ્તે અર્ધા અંગુલ વૃદ્ધિ કરતાં જવું, એકથી પચાસ હસ્ત પર્યન્ત પ્રતિ હસ્તે અર્ધા અંગુલ વૃદ્ધિ કરવી. આ પ્રમાણેમાનપ્રમાણથી પુરુષ કરવો જેથી ઇષ્ટ ફળ દેનારો થાય, સુવર્ણપુરુષને સોનાના, રૂપાના, ત્રાંબાના અથવા ત્રણે ધાતુઓના બનાવવા અને ઘૃતથી ભરેલ કળશ ઉપર સ્થાપિત કરવો, પલંગના ચાર પાયાઓ નીચે ઉપર પોત પોતાના લખેલ નામોવાળાં ઢાંકણાં વડે મુદ્રિત કરીને સુવર્ણાદિ રત્ન ગર્ભિત ચાર નિધિ કુંભો સ્થાપવા, આ પ્રમાણે વાસ્તુશાસ્ત્રમાં કહેલ છે. વિધિથી પ્રાસાદના જીવસ્થાનમાં જે જીવ (પુરુષ)ની સ્થાપના કરે છે; તેને સૃષ્ટિના અંત પર્યન્ત દુઃખ દૌર્ભાગ્ય પ્રાપ્ત થતુ નથી.

ધ્વજદણ્ડ સ્થાપન વિધાન :–

पूर्वमुखे च प्रासादे ध्वजा नैऋत्यकोणके ।
दक्षिणाभिमुखे कार्या वायुकोणे न संशयः ॥ ८४ ॥
वारुणमुखे प्रासादे ध्वजाचेशानकोणके ।
उत्तराभिमुखे चैव अग्निकोणे च स्थापयेत् ॥ ८५ ॥

પૂર્વમુખના પ્રાસાદને નૈઋત્ય કોણમાં ધ્વજદંડ સ્થાપવી, દક્ષિણાભિમુખ પ્રાસાદને વાયવ્ય કોણમાં, પશ્ચિમાભિમુખ પ્રાસાદને ઇશાન કોણમાં અને ઉત્તરાભિમુખ પ્રાસાદને અગ્નિકોણમાં ધ્વજદંડ રોપવો.

ધ્વજધાર સ્તંભ વિધાન :–

षष्ठभागे हि रेखाया–स्तदंशः पादवर्जितः ।
ध्वजाधारस्तु कर्त्तव्यं प्रतिरथे च दक्षिणे ॥ ८६ ॥

"Aho Shrutgyanam"

પ્રાસાદના શિખરની મૂળરેખાએ ઉદયના છ ભાગ કરી ઉપરના છઠ્ઠા ભાગમાં ચોથો ભાગ તજી ત્યાંથી ધ્વજધાર સ્તંભ કરવો. ધ્વજધાર શિખરની પાછળ જમણા અંગે પ્રતિરથમાં કરવો.

ધ્વજદણ્ડ વિધાન :–

ધ્વજાધરસ્તંભિકા ચ કલશૈશ્ચ વિભૂષિતા ।
વંશાધારા વજ્રબન્ધા વંશાનાં વેષ્ટનાદિકૈઃ ॥ ૮૭ ॥

ધ્વજધાર સ્તંભિકા (દંડ) કલશો વડે શોભિત કરવી, દંડને ગ્રંથી વજ્રબંધથી બાંધી સજ્જડ કરવી.

વંશમયસ્તુ કર્તવ્યં સારદારુ સમન્વિતઃ ।
નિર્વ્રણઃ સુદૃઢઃ કાર્યાઃ પાઙ્ક્તો દોષવર્જિતઃ ।
સમગ્રંથિ વિંધાતવ્યો વિષમેઃ પર્વભિર્યુતઃ ॥ ૮૮ ॥

દંડ વાંસનો કરવો અથવા શ્રેષ્ઠ જાતિના લાકડાનો કરવો, દંડ ઘા વાગેલો, નરમ કે વાંકો ન હોય એવો નિર્દોષ સમગ્રંથિવાલો અને વિષમ પર્વવાળો બનાવવો.

दण्डमान लक्षण :–

आदि शिलोद्भवं मानं उर्ध्वं च कलशान्तिकम् ।
तृतीयांशे प्रकर्तव्यो ध्वजदण्डः प्रमाणतः ॥ ૮૯ ॥
अष्टमांशेन हीनोऽसौ मध्यमः शुभलक्षणं ।
कनिष्ठः स भवेद् दण्डो ज्येष्ठतः पादवर्जित ॥ ૯૦ ॥

ખર શિલાથી કલશના મથાળા સુધી પ્રાસાદની ઊંચાઈના ત્રીજા ભાગ જેટલો લાંબો દંડ જ્યેષ્ઠ માનનો ગણાય, એમાંથી આઠમો ભાગ હીન કરતાં મધ્યમાન અને ચોથો ભાગ હીન કરતાં કનિષ્ઠ માનનો દંડ થાય.

प्रासाद व्यास मानेन दण्डमानं प्रकीर्तितम् ।
मध्यं हीनं दशांशेन पञ्चमांशेन चावरम् ॥ ૯૧ ॥

પ્રાસાદના રેખામાને ધ્વજદંડ કરવો તે જ્યેષ્ઠમાન, તેમાંથી દશમો ભાગ હીન કરવાથી મધ્યમાન અને પાંચમો ભાગ હીન કરવાથી કનિષ્ઠમાનનો ધ્વજદંડ જાણવો.

विशेष प्रमाण :–

मूलरेखा प्रमाणेन कनिष्ठं दण्ड संभवम् ।
मध्यमं द्वादशांशेन षडंशेन तथोत्तमम् ॥ ૯૨ ॥

"Aho Shrutgyanam"

મૂલરેખા (શિખરના પાયચા)ના પ્રમાણે કરવાથી કનિષ્ઠમાન, તેમાં બારમો ભાગ વૃદ્ધિ કરવાથી મધ્યમાન અને છઠો ભાગ વૃદ્ધિ કરવાથી જ્યેષ્ઠમાનનો ધ્વજદંડ જાણવો.

अन्य प्रमाण :


पिडश्च कथितं वत्स उदयश्च क्वयतः श्रृणु ।
प्रासादकोण मर्यादां सप्त हस्तान्तकं मतम् ॥ ९३ ॥
गर्भमाने च कर्त्तव्यं हस्ताः स्युः पञ्चविंशतिः ।
रेखामानश्च कर्तव्यं यावत्पञ्चाश हस्तकम् ॥ ९४ ॥


ધ્વજદંડનું માન કહ્યું. હવે કયુ માન કયાંથી કયાં સુધી લેવું તે કહું છું તે સાંભળ; એક હસ્તથી સાત હસ્ત સુધી રેખામાને, પચ્ચીશ હસ્ત સુધી ગર્ભગૃહમાને અને પચાસ હસ્ત સુધી શિખર રેખામાને ધ્વજદંડની લંબાઈ જાણવી.

ध्वजदण्ड विस्तृत प्रमाणः-

एकहस्ते तु प्रासादे दण्डः पादोन आङ्गुलः ।
अर्धाङ्गुला भवेद् वृद्धिर्यावत्पञ्चाशहस्तकम् ॥ ९५ ॥

એક હસ્તના પ્રાસાદને દંડ ०।।। (પોણો) અંગુલ જાડો કરવો અને પચાસ હસ્ત સુધી પ્રતિ હસ્તે ०।। (અર્ધો) અંગુલ વૃદ્ધિ કરવી.





ધ્વજદંડ સ્વરૂપ દર્શન

"Aho Shrutgyanam"

वंशमयोऽथ कर्तव्यं आञ्जनो मधुकस्तथा ।
सीसपः खादिरश्चैव पिंडश्चैव तु कारयेत् ॥ ९६ ॥

सुवृतः सारदारुश्च ग्रन्थिकोटर वर्जितः ।
पर्वभिर्विषमः कार्यः समग्रन्थिः सुखावहः ॥ ९७ ॥

ધ્વજદંડ વાંસનો, અંજન વૃક્ષનો, મધુક (મહુડા)નો, સીસમનો તથા ખેરનો કરવો અને તે ગોળ કરવો.

સુંદર ગોળાકાર, સારા, પાકા અને કઠણ લાકડાનો ગ્રંથી (ગાંઠ), કોટર (કાંણા)થી રહિત વિષમપર્વ અને સમગ્રંથિવાળો ધ્વજદંડ કરવો તે સુખકારી છે.

पर्वअंके ध्वजदण्ड १३ नामो विधान

जयन्तस्त्वेत पर्वश्च त्रिपर्वः शत्रुमर्दनः ।
पिङ्गलः पञ्चपर्वैश्च सप्त भिर्भानु संभव ॥ ९८ ॥

श्रीमुखो नवपर्वैश्च त्वेकादशे तु नन्दनः ।
त्रयोदशे त्रि दिव्यश्च तिथिषु दिव्य शेखरः ॥ ९९ ॥

सप्तदशे च कालो वै उत्कट अनविंशकः ।
सूर्याक्षस्त्वेक विंशश्च द्वधिके कमलोद्भव ॥ १०० ॥

द्वयधिके विश्वकर्मश्च नामानि पर्वसंख्यया ।
त्रयोदश विजानीयात् शिल्पशास्त्र विशारदः ॥ १०१ ॥

(૧) એક પર્વનો-જયન્ત (૨) ત્રણ પર્વનો-શત્રુમર્દન (૩) પાંચપર્વનો પિંગલ (૪) સાતપર્વનો-ભાનુસંભવ (૫) નવ પર્વનો-શ્રીમુખ (૬) અગિયાર પર્વનો નન્દન (૭) તેર પર્વનો-ત્રિદિવ્ય (૮) પંદર પર્વનો-દિવ્યશિખર (૯) સત્તર પર્વનો-કાલદંડ (૧૦) ઓગણીસ પર્વનો-ઉત્કટ (૧૧) એકવીશ પર્વનો-સૂર્યાક્ષ (૧૨) ત્રેવીશ પર્વનો કમલોદ્ભવ (૧૩) પચીશ પર્વનો-વિશ્વકર્મ. આ તેર ધ્વજદંડના નામો છે, અને તે પર્વોથી સંખ્યાના માને નામ થાય છે, એ રહસ્ય શિલ્પશાસ્ત્રના વિશારદ પુરુષે જાણી લેવું.

देवी ध्वजदण्ड विधान

समपर्वे यदा दण्डस्तत्र शक्तिमयं बहु ।
समे च विषमे प्रोक्तं शुभं तद्भवने द्वयम् ॥ १०२ ॥

"Aho Shrutgyanam"

સમપર્વ એટલે બેકી પર્વવાળો દંડ શક્તિમય ગણાય છે, એટલે દેવીના પ્રાસાદોમાં સમ અને વિષમ પર્વ બન્ને પ્રકારના ધ્વજદંડ શુભ કહેલ છે.

ધ્વજદણ્ડ મર્કટી વિધાન

तदूर्ध्वे संप्रक्ष्यामि मर्कटीश्च सुशोभनाम् ।
दण्डदीर्घ षडंशेन मर्कटीचार्ध विस्तरा ॥ १०३ ॥
समुच्छ्रिता त्रिभागैश्च किंकिणी मण्डिता शुभा ।
कलशं कारयेत्तस्याः पञ्चमांशेन दीर्घतः ॥ १०४ ॥
अर्धचन्द्रा कृतिर्मध्ये पक्षे कुर्याद् गगारम् ।
वंशोर्ध्वे कलशश्चैव पक्षे घण्टा प्रलम्बनम् ॥ १०५ ॥

હવે હું ધ્વજદંડની ઉપરના ભાગે કરવાની સુશોભિત મર્કટીનું પ્રમાણ કહું છું. દંડની લંબાઇના છઠ્ઠાભાગે મર્કટી લાંબી કરવી, તથા લંબાઇના અર્ધભાગે પહોળી કરવી અને પહોળાઇના ત્રીજા ભાગે જાડી કરવી તેમજ કાંગરીના ઘાટોથી સુશોભિત કરવી તે શુભકર્તા જાણવી.

મર્કટીની લંબાઇના પાંચમા ભાગે કલશ ઊંચો કરવો, મર્કટીના નીચેના ભાગે અર્ધ ચંદ્રાકાર કરવો અને તેની બન્ને બાજુએ ગગારક કરવો, દંડની ઉપર કલશ મૂકવો અને મર્કટી (પાટલી)ની ચારે બાજુએ ફરતી લટકતી ઘંટડીઓ કરવી.

ધ્વજદણ્ડ પતાકા પ્રમાણ

ध्वजादण्ड प्रमाणेन दैर्ध्यांष्टांशेन विस्तरे ।
नाना वस्त्र विचित्राढ्या, त्रिपञ्चाग्रमुखा क्रमात् ॥ १०६ ॥

ધ્વજદંડના પ્રમાણે લાંબી અને આઠમા ભાગે પહોળી કરવી, ધ્વજા પતાકા નાના પ્રકારના રંગબેરંગી વસ્ત્રોથી શોભાયમાન કરવી અને ત્રણ અથવા પાંચ પટવાળી કરવી.

ધ્વજદણ્ડ સ્થાપન સ્તંભિકા

प्रासादे पृष्ठि भागे तु, दक्षिणे चैव चाङ्गुल ।
स्तंभ वेधस्तु कर्तव्यो भिति षष्ठ समांशके ॥ १०७ ॥
घण्टोदय प्रमाणेन स्तंभिका–उदयो भवेत् ।
हस्तस्याङ्गुलि विस्तारं तस्याधः कलशो भवेत् ॥ १०८ ॥

પ્રાસાદના પાછલા ભાગે જમણે પડખે ધ્વજદંડનો કલાબો કરવો અને તેની પહોળાઇ ભીંતીના છઠ્ઠા ભાગે રાખવી, આમલસારાની ઊંચાઈ બરાબર કલાબો કરવો અને

"Aho Shrutgyanam"

ધ્વજદંડની બેઠક જેટલા હસ્તનો પ્રાસાદ હોય તેટલા આંગલ પહોળી કરવી, તથા નીચે લાંમસી આકારે કલશ કરવો, તેમાં ધ્વજદંડનું સાલ નાખવાનો છેદ પાડવો.

प्रासादे मेरुशृंगे तु भद्रे कोणे च चानुगा ।
मूलप्रासाद मानेन द्रष्टव्यं ध्वज लक्षणम् ॥ १०९ ॥

મેરૂશૃંગ પ્રાસાદમાં ભદ્રે કર્ણે અથવા પઢરે મૂલપ્રાસાદના માને ધ્વજદંડ રોપવાનું લક્ષણ જાણવું.

तोरणे तु तथा चैव शुकनाशे बलाणके ।
मूलप्रासाद मानेन ध्वजादण्ड निवेशयेत् ॥ ११० ॥

તોરણ, શુકનાશ તથા બલાણકે મૂલપ્રાસાદના માને ધ્વજદંડ રોપવો.

चतुर्मुख प्रासादे ध्वजदण्ड विधान :-

चतुर्मुखे ततो वक्ष्य प्रासाद सर्व कामदो ।
इशानी दिशामाश्रित्य ध्वजदण्ड निवेशनम् ॥ १११ ॥

હવે ચતુર્મુખ પ્રાસાદના ધ્વજદંડ રોપવાનું પ્રમાણ કહું છું :-ચતુર્મુખ પ્રાસાદ એ સર્વે કામનાઓને આપનારો છે. તેમાં ઈશાન કોણનો આશ્રય કરી ધ્વજદંડનો નિર્વેશ કરવો.

ध्वजदण्ड मर्कटी विधान :-

इशान्यां कुरुते किञ्चित स्थपकः स्थापकः सदा ।
राज्यवृद्धिः स्थले वृद्धिः प्रजा सौख्येन नन्दति ॥ ११२ ॥

સ્થપતિ તથા પ્રતિષ્ઠા કરાવનાર માલિક ઈશાન કોણનો કિંચિત્ આશ્રય કરેલી ધ્વજદંડની મર્કટી (પાટલી) રાખે તો તેના રાજ્યની તેમજ સ્થાનની વૃદ્ધિ થાય અને પ્રજા સદા સર્વદા સુખથી આનંદ પામે.

ध्वजा फडकवा विधान :-

वाताहत पताकानां फुफ्फारो यत्र दृश्यते ।
तत्कृतं निष्फलं याति पुण्यं तस्य न विद्यते ॥ ११३ ॥

પ્રતિષ્ઠા વખતે ધ્વજા ચઢાવતાં પવનને લીધે જોરથી ફડફડાટ કરતી પતાકા દેખાય તો કરેલું કાર્ય નિષ્ફલ જાય, અને તેનું પુણ્ય મળતું નથી.

पुरे च नगरे कोटेरथे राजगृहे तथा ।
वापि कूप तडागेषु ध्वजा कार्या सुशोभना ॥ ११४ ॥

"Aho Shrutgyanam"

मण्डपे दिव्य माख्यातं जन्म जन्मनि कुलवासनम् ।
पताका पापहारी च शत्रुपक्ष क्षयंकारी ॥ ११५ ॥
ध्वजारोपे कृतं पूज्यं दशाश्वमेधिकं भवेत् ।
ध्वजोदये तु तुष्यन्ति देवाश्च पितरास्तथा ॥ ११६ ॥
शिल्पाचार्य यजमाना विष्णुलोकगतास्तथा ।
आत्मवंशं भूमितले तारयन्ति भवार्णवात् ॥ ११७ ॥

પુરે, નગરે, ગઢે, રથે, રાજગૃહે, વાવ, કુવા અને તળાવે સુશોભિત ધ્વજા ચડાવવી. મંડપે દિવ્ય ધ્વજા ચડાવવાથી જન્મોજન્મ કુળ વૃદ્ધિ થાય, પતાકા પાપહારી છે અને શત્રુપક્ષનો ક્ષય કરનારી છે. ધ્વજા રોપવાથી, દશ અશ્વમેધ યજ્ઞનું ફલ મળે છે, ઉપર ધ્વજા ચડાવવાથી પિતૃદેવો અને દેવતાઓ પ્રસન્ન થાય છે, શિલ્પી, આચાર્ય અને યજમાન વિષ્ણુલોકમાં જાય છે અને પોતાના વંશને ભૂમિતલે ભવોભવ તારે છે.

ધ્વજ વિનાના પ્રાસાદ વિધાનઃ–

निश्चिह्नं शिखरं दृष्ट्वा ध्वजाहिनं सुरालयम् ।
असुरावास मिच्छन्ति ध्वजाहीन न कारयेत् ॥ ११८ ॥

ચિહ્ન રહિત શિખર તથા ધ્વજા રહિત પ્રાસાદને જોઈ અસુરો વાસ કરવાને ઇચ્છે છે, માટે ધ્વજા સિવાય પ્રાસાદો રાખવા નહિ.

શિખર ધ્વજારોપણ પૂણ્ય :–

ध्वजोच्छ्रायेन तुष्यन्ति देवताः पितरस्तथा ।
दशाश्वमेधिकं पुण्यं सर्वतीर्थं धरादिकम् ॥ ११९ ॥
पञ्चाशत्पूर्व पञ्चाज्ञानात्मानञ्च तथाधिकम् ।
शतमेकोत्तरं सोऽपि तारयेन्नर कार्णवात् ॥ १२० ॥

ધ્વજા ચઢાવવાથી, દેવતાઓ તથા પિતૃલોકો પ્રસન્ન થાય છે અને દશ અશ્વમેધ યજ્ઞનું સમગ્ર તીર્થમાં સ્નાન તથા સમસ્ત પૃથ્વી પ્રદક્ષિણાનું પુણ્ય પ્રાપ્ત થાય છે. જે પુરુષ ધ્વજા ચઢાવે છે તે પચાસ થઈ ગયેલા પૂર્વજો અને પચાસ પછીના વંશજોનો અને અધિકમાં પોતાનો એમ કુલ એકસો એક (૧૦૧) પુરુષોનો નરકરૂપી સમુદ્રમાંથી ઉદ્ધાર કરે છે.

"Aho Shrutgyanam"

सप्त प्रतिष्ठा

विश्वकर्मोवाच—

अथातः संप्रवक्ष्यामि प्रतिष्ठाविधिसप्तकम् ।
तेषां मन्त्रक्रियाश्चैव कथयामि समासतः ॥ १२१ ॥

आदौपाद प्रतिष्ठा स्यात्रय कूर्म च स्थापयेत् ।
शिला प्रतिष्ठा द्वितीया पीठान्ते भित्तिमध्यतः ॥ १२२ ॥

उदुम्बरस्तृतीया च द्वार स्थापन नामतः ।
पद्माकारा पद्मशिला प्रतिष्ठा सा चतुर्थिका ॥ १२३ ॥

प्रासादे पञ्चमी चैवं पुरुषस्य निवेशनम् ।
षष्टी च कलशारोपः प्रासादाग्रेचया भवेत् ॥ १२४ ॥

महायशो महोत्साहो ध्वजानां तु समुच्छ्रयः ।
सा सप्तमी प्रतिष्ठा च प्रयुक्ता वास्तु वेदिभि ॥ १२५ ॥

इति पुण्याह सप्तकम् ॥

વિશ્વકર્મા કહે છે કેઆ સમયે હું સપ્ત પ્રતિષ્ઠા વિધિ કહું છું. (૧) પાદ્ય પ્રતિષ્ઠા કૂર્મ સ્થાપન, (૨) શિલાન્યાસ, (૩) દ્વારઉદમ્બર સ્થાપન. (૪) પદ્માકાર પદ્મશિલા પ્રતિષ્ઠા, (૫) પ્રાસાદ પુરુષ સ્થાપન, (૬) પ્રાસાદ ઉપર કલશ રોપણ, (૭) વાસ્તુ પ્રભુ પ્રતિષ્ઠા પ્રાસાદ અગ્રે મહાયજ્ઞ મહોત્સવ ધ્વજદંડ આરોપણ, આ સપ્ત પુણ્ય પ્રતિષ્ઠા જાણવી.

चतुर्दश शान्तिकर्म :–

भूम्या रम्भपदे कूर्मे शिलायां सूत्रपातने ।
खुरे द्वारोदये स्तम्भे पट्टे पद्मशिलासु च ॥ १२६ ॥

शुकाग्रे पुरुषे चैव घण्टायां कलशोच्छ्रये ।
आख्यातानि ध्वजारोपे शान्तिकानि चतुर्दश ॥ १२७ ॥

૧ ભૂમિખનને, ૨ કૂર્મ સ્થાપતા, ૩ શિલાન્યાસ, ૪ સૂત્રપાત, ૫ ખૂરશિલા સ્થાપતા, ૬ દ્વાર સ્થાપન, ૭ સ્તંભ મુહૂર્ત, ૮ પટ્ટ સ્થાપન, ૯ પદ્મશિલા, ૧૦ શુકનાસ સ્થાપન, ૧૧ પ્રાસાદ પુરુષ સ્થાપન, ૧૨ ઘંટારોપણ, ૧૩ કલશરોપણ, ૧૪ દેવપ્રતિષ્ઠા ધ્વજરોપણ. આ ચૌદ શાંતિ કર્મ છે. તેમાં વાસ્તુ પૂજન કરી સ્થાપન વિધિ કરવી.

"Aho Shrutgyanam"

प्रासाद देवता न्यासो

विश्वकर्मोवाच—

प्रासादे देवतान्यासं स्थापये च समस्ततः ।
तदनुक्रमतो वक्ष्ये शृणुचैकाग्र मानसः ॥ १२८ ॥

पादे पराक्रमं देवं प्रतिष्ठाय भूमध्यतः ।
प्राग्भारोद्भवं देवं शिलायां च तदूर्ध्वतः ॥ १२९ ॥

शिलोद्भवोद्भता चादौ दंष्ट्राभूः समस्तिका ।
वराहरूपेण खरशिलायां धरणीधरः ॥ १३० ॥

सूत्रपातं समासार्य स्थाप्यश्चिन्तामणिस्तथा ।
आद्यस्तरोर्ध्वदेशे च तत्र नागकुलानि च ॥ १३१ ॥

प्रतिष्ठाप्याः पन्नगाश्च स्थाने पोल्यभिधानके ।
तदूर्ध्वे कुम्भकाख्ये च संस्थाप्या जल देवता ॥ १३२ ॥

पुष्पकं च तदूर्ध्वे तु चिप्पिका पुष्पकान्विता ।
संस्थायाः किन्नरास्तत्र चिप्पिका पुष्पकाकुलाः ॥ १३३ ॥

जाड्यकुम्भे स्थितो नन्दी कर्णाभ्यां च ततो हरिः ।
गजपीठे गणेशश्च अश्वपीठे तथाऽश्विनौ ॥ १३४ ॥

नरपीठे नरांश्चैव स्थापयेत् क्रमयोगतः ।
क्षमा देवी च खुरके स्रष्टारं कुम्भके तथा ॥ १३५ ॥

निर्गमोद्गम सीमायां ततः सृष्टिर्विनिर्गता ।
सन्ध्यात्रयं प्रतिष्ठाप्यं क्रमतो भद्रकत्रये ॥ १३६ ॥

कलशे च स्थिता देवी पार्वती तु हरप्रिया ।
धनदोऽन्तरपत्रे च प्रतिष्ठाप्यं यथाक्रमम् ॥ १३७ ॥

कपोताल्यां गन्धर्वा अन्तःपत्र च किन्नरा ।
शारदा मञ्चिकायां च जंघायां मेरुरेव च ॥ १३८ ॥

लोकपालाश्च दिक्पालाः सुराश्चाथां गणेश्वरा ।
उदीच्या मिन्द देवश्च सावित्री भरणे स्थिता ॥ १३९ ॥

"Aho Shrutgyanam"

भाराधारः शिरावट्यां पट्टे देव्यश्च संस्थिताः ।
विद्याधराः कपोताल्यामन्तःपत्रे सुरा स्तथाः ॥ १४० ॥

पर्जन्यः कुट्टच्छाद्ये तुः छाद्या निर्गम संयुत ।
तदनन्तरतो देवान् स्थापयेद् गर्भमध्यतः ॥ १४१ ॥

शाखयोश्चन्द्र सूर्यौ तु त्रिमूर्तिश्चोत्तरङ्गके ।
उदुम्बरे स्थिता यक्षा अश्विनावर्धचन्द्रके ॥ १४२ ॥

कोणिकायां धराधरः क्षितिश्चोत्तान पट्टके ।
स्तम्भेषु पर्वताः प्रोक्ता आकाशं च करोटके ॥ १४३ ॥

जालके ऋषि सङ्घाश्च सुरा मध्ये प्रतिष्ठिताः ।
मकर जाह्नवी गङ्गा चण्डेशे गोमती तथा ॥ १४४ ॥

ब्रह्मा विष्णुस्तथा सूर्य ईश्वरीय सदाशिवः ।
उरःशृङ्गे तथा पञ्च भद्रभद्रेष्वयं विधिः ॥ १४५ ॥

शिखरे चेश्वरं विद्याच्छिखायां तु सुराधिपम् ।
ग्रीवायां त्वम्बरं देव मण्डके च निशाकरम् ॥ १४६ ॥

पद्माक्षं पद्मपत्रे चाऽमलमामलसारके ।
कलशे च स्थितो रुद्रो व्योमव्यापी सदाशिवः ॥ १४७ ॥

सद्यो वाम स्तथा घोर स्तत्पुरुष ईशएव च ।
कर्णे प्रतिरथे चैव रथे पञ्जर भद्रयोः ॥ १४८ ॥

पञ्चक्रमाणि पञ्चाङ्गसङ्ख्या भद्रान्तगा भवेत् ।
इत्यते च समाख्याताः प्रासादे त्रिदशाः खलु ॥ १४९ ॥

न्युनाधिकं स्थिता यत्र देवास्तत्रैव ते पुनः ।
हीनेहीनाः प्रतिष्ठाप्या अधिकेचाधिकाः शुभाः ॥ १५० ॥

વિશ્વકર્મા કહે છે પ્રાસાદે સમસ્ત દેવની સ્થાપના કરી ન્યાસ કરવો. હું ક્રમવાર કહું છું તે એકાગ્ર ચિત્તથી સાંભળ :-

પાદમાં પરાક્રમ દેવની ભૂમધ્યે પ્રતિષ્ઠા કરવી, પાયામાં તથા સમસ્ત શિલામાં વરાહ દેવ, ખુરશિલામાં ધરણીધર-શેષનાગ, સુત્રપાતમાં ચિન્તામણી પહેલા થરે તથા અર્ધભાગે નાગ કુલ સ્થાપવા, સમસ્ત પન્નગાદિની પ્રતિષ્ઠા કરવી, તેની ઉપર જગતીના

"Aho Shrutgyanam"

કુંભામાં જલ દેવતા, પુષ્પકંઠે ચિપ્પિકા કિન્નર, જાડ્ય કુંભે નંદી, કર્ણમાં હરિ, ગજપીઠે ગણેશ, અશ્વપીઠે અશ્વિનીકુમાર, નરપીઠે નરભગવાન, તેમ ક્રમયોગે સ્થાપવા. ખુરશિલાએ ક્ષમાદેવી, જલદેવ કુંભકે, નિર્ગમ નિકાળામાં સૃષ્ટિદેવી, ત્રણભદ્રે ત્રિસંધ્યાદેવી, કલશાના થરમાં પાર્વતી દેવી, શંકરને પ્રિય એવા અંતરાલમાં કુબેરની અનુક્રમે પ્રતિષ્ઠા કરવી. કપોતાલીમાં ગંધર્વ, અંતરાલમાં કિન્નર, મંચિકામાં શારદાદેવી, જંઘામાં મેરૂની સ્થાપના કરવી, અને લોકપાલ, દિક્પાલ અને ગણેશ વગેરે દેવો સ્થાપવા, ભરણીમાં સાવિત્રી ભારાધર શરાવટી અને પાટે વિદ્યાધર, કપોતાલી તથા અંતરપટ્ટીએ અસુર દેવને સ્થાપવા, છાદ્યમાં પર્જન્ય દેવ, છજ્જના નિકાળા વગેરેમાં સ્થાપવા.

હવે અંદરના દેવો સ્થાપવાનું કહું છું, શાખામાં ચંદ્ર, ઓતરંગમાં સૂર્ય, ત્રિમૂર્તિ કોણિકામાં શેષનાગ (ધરાધર) ક્ષિતિદેવ વિતાન અને સ્તંભે પર્વતદેવ, ઘુમ્મટમાં આકાશ, જાલકે સપ્તર્ષિ દેવો મધ્યે પ્રતિષ્ઠિત કરવા, મકર, ગંગા જમના, ચંડી ગોમતી અને ઉરૂશૃંગમાં બ્રહ્મા, વિષ્ણુ, સૂર્ય, ઈશ્વર અને સદાશિવ, ભદ્રે વિધિએ કરીને પંચદેવ સ્થાપવા.

શિખરમાં ઇશ્વર અને સુરાધીપ ઇંદ્ર, ગ્રીવામાં અમ્બર, માણામાં ચન્દ્રદેવ, પદ્મશિલાએ પદ્માક્ષ, આમલસારા તથા કલશે રૂદ્ર, વ્યોમવાપી સદાશિવ, સદ્યોત, વામ ઘોર, તથા તત્પુરુષ, ઇશ કર્ણે, પ્રતિરથે, રથે, ભદ્રે, પંચવક્ર પંચ સંખ્યા આ પ્રમાણે પ્રાસાદના દરેક અંગમાં દેવોની પ્રતિષ્ઠા કરવી. હીને હીન પણ અધિક દેવોને પુનઃપુનઃ સ્થાપવા તે શુભ છે.

આમલસારા સ્થાપન મુહૂર્ત

આમલસારો ચઢાવવામાં પંચાંગ શુદ્ધિ ચંદ્રબલ જોવું. અને ઘંટા ચક્ર જોઈ દિન નક્ષત્ર શુભ સ્થાનમાં આવતું હોય તો શુભ ચોઘડીયામાં આમલસારો સ્થાપિત કરવો.

आमलसार मुहूर्त

घण्टाचक्रं विधायैवं मध्ये पूर्व दिशाक्रमात् ।
त्रीणि त्रीणि प्रदेयानि सृष्टिमार्गेण क्रमांके ॥ १५१ ॥
मध्ये चैव स्मृतोलाभो पूर्वभागे जयो रणे ।
आग्नेयाञ्चैव हानिः स्याद् दक्षिणे पतिनाशनम् ॥ १५२ ॥

"Aho Shrutgyanam"

नैऋत्ये पारणालाभः पश्चिमे सर्वदा सुखम् ।
वायव्यामश्वलाभः स्यादुत्तरे व्याधि संभवः ॥ १५३ ॥

इशाने वस्त्रलाभश्च घण्टाचक्रफलं स्मृतम् ॥ १५४ ॥

આમલસારાના મુહૂર્તમાં ઘંટાચક્ર જોવું, ઘંટાચક્રના મધ્ય ભાગે ત્રણ નક્ષત્ર મૂકવા અને પછી, પૂર્વ દિશાના ક્રમે ત્રણ–ત્રણ નક્ષત્રો ચક્રમાં મૂકવા. મધ્યમાં ૩ લાભ, પૂર્વમા ૩ રણસંગ્રામમાં વિજય, અગ્નિમાં ૩ હાનિ, દક્ષિણમાં ૩ ગૃહપતિનો નાશ, નૈઋત્યમા ૩ પુત્ર લાભ, પશ્ચિમમાં ૩ સર્વદા સુખ, વાયુકોણમાં ૩ અશ્વલાભ, ઉત્તરમાં ૩ વ્યાધિ અને ઇશાનકોણમાં ૩ વસ્ત્રલાભ, આ ઘંટાચક્રનું ફળ જાણવું.



इति श्रीविश्वकर्मा वास्तु कला चिन्तन हरविद्या गुणकीर्ति प्रकाश
जिन प्रासाद मार्तण्डे शिल्पाचार्य नंदलाल चुनीलाल संग्रहिते
शिखरलक्षणाधिकार नाम्नो अष्टमोऽध्याय संपूर्ण ॥

"Aho Shrutgyanam"

श्री ऋषभादिद्विसप्त प्रासाद लक्षणाधिकारः नाम्नो नवमोऽध्याय :-



क्षीरार्णवे ऋषभादि प्रासादनां विषये जयविश्वकर्मणोः संवाद :-

मेरुपृष्ठे समासीनं विश्वकर्ममहाप्रभुम् ।
वेद वेदाङ्ग संपन्नमप्सरा गणसेवितम् ॥ १ ॥

देवदानव गन्धर्वसिद्ध विद्याधरैर्नरैः ।
ऋषिसंघ समाकीर्णं सेवितं विविधैर्गणैः ॥ २ ॥

विश्वकर्मणि संयुक्तं समागम्य जयोऽब्रवीत् ।
प्रणमामि प्रभोत्वाञ्च सर्वज्ञ विश्वकारक ॥ ३ ॥

મેરૂના શિખર ઉપર બીરાજેલા, વેદવેદાંગને જાણનારા, અપ્સરાઓના ગણોથી સેવાયેલા, દેવ, દાનવ, ગંધર્વ, સિદ્ધ અને વિદ્યાધરોથી પૂજિત થયેલા. ઋષિઓના સમુદાયથી ઘેરાયેલા તથા બીજા નાના પ્રકારના દેવોના ગણોથી સેવાતા અને વિશ્વનાં કાર્યો કરવામાં યોજાયેલા એવા મહાપ્રભુ વિશ્વકર્મા પાસે આવી તેમનો પુત્ર જય કહેવા લાગ્યો કે :- " હે સમર્થ વિશ્વની રચના કરનાર સર્વજ્ઞ પ્રભુ ! આપને હું પ્રણામ કરૂં છું.

जयोवाच—

प्रासादास्तु त्वया प्रोक्ता वैराज्यकुल संभवाः ।
विभक्ति तलमेतेषां त्वया प्रोक्तं सुविस्तरम् ॥ ४ ॥

જય ઉવાચ-હે પ્રભો ! આપે વૈરાજ્ય કુલમાં ઉત્પન્ન થયેલા પ્રાસાદોનો વિધિ કહ્યો છે. તેમજ તેના વિભાગો અને તલોનાં લક્ષણો પણ ઘણા વિસ્તારપૂર્વક કહ્યાં છે.

जिनेन्द्रा वीतरागश्च केवलिज्ञान संभवाः ।
त्रिलोकेशाश्च सर्वज्ञाः सर्वदेवेषु पूजिताः ॥ ५ ॥

"Aho Shrutgyanam"

प्रासादा जिननामानो विभक्त्या ऋषभादयः ।
रचनाविधिमेतेषां कथयस्व मम प्रभो ॥ ६ ॥

जगत्याः पीठमाकारं मण्डोरं शिखरोत्तमम् ।
द्वारमानं जगत्यङ्ग मण्डपं परमोत्तमम् ॥ ७ ॥

कलशमामलसारं पताकां दण्डमर्कटीम् ।
रूपं वैलक्षणं तात कथयस्य मम प्रभो ॥ ८ ॥

હે પ્રભો ! હવે કૃપા કરી મને મોહ વિગેરેથી રહિત, કેવલજ્ઞાનની પ્રાપ્તિવાળા, ત્રિલોકના ઇશ તથા સર્વજ્ઞ અને સર્વ દેવતાઓમાં પૂજાયેલા એવા શ્રી જિનેન્દ્ર પ્રભુ ઋષભાદિ તીર્થંકરોના પોત પોતાના નામવાળા પ્રાસાદોની રચના વિધિ કહો. જગતી તથા તેની પીઠોના સ્વરૂપો, મંડોવર, તેના ઉપર રચવાનાં ઉત્તમ પ્રકારનાં શિખરો, દ્વારમાન, જગતીના અંગો, શ્રેષ્ઠ મંડપો, કલશ અને આમલસાર, પતાકા, ધ્વજદંડ અને મર્કટી એમના સ્વરૂપો તથા લક્ષણો કૃપા કરી હે પ્રભુ મને કહો.

विश्वकर्मोवाच :—

शृणु वत्स महाप्राज्ञ यश्च त्वं परिपृच्छसि ।
प्रासादांश्च जिनेन्द्राणा कथयामि समासतः ॥ ९ ॥

मध्यप्रासाद मेरूश्च भद्रप्रासाद नागरः ।
अन्तको द्राविडश्चैव लतिनश्च महीधर ॥ १० ॥

एवमादि विचारेण ऋषभादिः प्रजायते ।
जिनेन्द्राणां प्रियाश्चैव धर्मार्थ काममोक्षदा ॥ ११ ॥

વિશ્વકર્માએ કહ્યું "હે પુત્ર ! તું જે પૂછે છે, તે શ્રી જિનેન્દ્ર મહાપ્રભુઓના પ્રાસાદોની જે વિધિ છે તે સર્વ સંક્ષેપમાં હું તને કહું છું તે તું સાંભળ."

મધ્ય મેરૂ, કલ્યાણકારી નાગરાદિ, અંતકાદિ, દ્રાવિડાદિ, લતિનાદિ અને મહીધરાદિ વિગેરે જાતિના પ્રાસાદોમાંથી ઋષભાદિ પ્રાસાદ ઉત્પન્ન થયા છે. અર્થાત્ ઉપર્યુક્ત પ્રાસાદોનાં અંગો, તલો અને શિખરાદિ વિચાર કરી ઋષભાદિ પ્રાસાદો કરવામાં આવે છે. આ પ્રાસાદો શ્રી જિનેન્દ્ર પ્રભુઓને વિશેષ કરીને પ્રિય છે. અને તે ધર્મ, અર્થ કામ તથા મોક્ષ એ ચારે પુરુષાર્થોને આપનાર છે.

"Aho Shrutgyanam"

ऋषभादि ७२ प्रासादोनां नाम


ऋषभश्चैव कैलासः सुरेन्द्रो ह्यजित स्तथा ।
गजेन्द्रोऽथ विशालश्च स्वयंभूश्चैव सप्तम् ॥ १२ ॥
क्षीराक्षश्चैव संतोषो ह्यभिनन्दन संज्ञकः ।
अविघ्नश्च प्रमोदश्च सुरवल्लभ नामकः ॥ १३ ॥
सुमतिश्च सुबुद्धिश्च सुप्रियश्चैव षोडशः ।
पद्मप्रभुश्च विज्ञेयः पद्मरागोऽथपुष्टिदः ॥ १४ ॥
सुपार्श्वश्चैव विज्ञेयः प्रासादस्तुसुनंदनः ।
श्री वल्लभ स्तथा प्रोक्तश्चन्द्रप्रभसुनामकः ॥ १५ ॥
चन्द्रशेखर संज्ञश्च विमानो सुविधिस्तथा ।
सुश्रियो वसुपुष्पश्च शीतलोऽथश्रियेन्दुकः ॥ १६ ॥
दनुराजश्रियांशौ च श्रीवत्सः पुत्रदस्तथा ।
शीतलो नाम विज्ञेयः प्रासादः कीर्तिदायकः ॥ १७ ॥
मनोहर स्तथा प्रोक्तः स्वकुलः कुलनन्दनः ।
वासुपूज्योऽथ संख्यातो रत्नसंभव संज्ञक ॥ १८ ॥
विमलो मुक्ति संघट्टो ह्यनन्तश्च सुरेन्द्रक ।
वृक्षराजश्च विज्ञेयो धर्मदो धर्मवृक्षकः ॥ १९ ॥
शान्तश्चैव प्रसंख्यातः कामदायककुन्थुदो ।
शक्तिदो हर्षणश्चैव नाम्ना कमल कन्दकः ॥ २० ॥
केवली च तथार्हन्तो महेन्द्रः पापनाशनः ।
मान संतुष्टि संज्ञश्च गौरवश्च सुनामकः ॥ २१ ॥
सुमति कीर्तिनामश्च जिनेन्द्रायतन स्तथा ।
राजेन्द्रश्चैव नेमीन्द्रो यति भूषण नामकः ॥ २२ ॥
सुपुष्पश्चैव विज्ञेयः पार्श्ववल्लभ संज्ञकः ।
पद्मावृत्तो यरूपश्च वीर विक्रम नामकः ॥ २३ ॥
मष्टादयश्च विज्ञेयः तुष्टि पुष्टि र्जिनप्रियः ।
नाम्नैवं कथितं सर्व द्वासप्ततिजिनालयम् ॥
अत ऊर्ध्वं प्रवक्ष्यामि स्वरूपं लक्षणान्वितम् ॥ २४ ॥

"Aho Shrutgyanam"

૧ ઋષભ, ૨ કૈલાસ, ૩ સુરેન્દ્ર, ૪ અજિત, ૫ ગજેન્દ્ર, ૬ વિશાલ, ૭ સ્વયંભુ, ૮ ક્ષીરાક્ષ, ૯ સંતોષ, ૧૦ અભિનંદન, ૧૧ અવિઘ્ન, ૧૨ પ્રમોદ, ૧૩ સુરવલ્લભ, ૧૪ સુમતિ, ૧૫ સુબુદ્ધિ, ૧૬ સુપ્રિય, ૧૭ પદ્મપ્રભ, ૧૮ પદ્મનાભ ૧૯ પુષ્ટિદ, ૨૦ સુપાર્શ્વ, ૨૧ સુનંદન, ૨૨ શ્રી વલ્લભ, ૨૩ ચંદ્રપ્રભ, ૨૪ ચન્દ્રશેખર, ૨૫ વિમાન, ૨૬ સુવિધિ, ૨૭ સુશ્રિય, ૨૮ વસુપુષ્પ, ૨૯ શીતલ. ૩૦ શ્રિયેન્દુ, ૩૧ ઇનુરાજ, ૩૨ શ્રિયાંશ, ૩૩ શ્રીવત્સ, ૩૪ પુત્રદ, ૩૫ શીતલ, ૩૬ કીર્તિદાયક, ૩૭ મનોહર, ૩૮ સ્વકુલ, ૩૯ કુલનંદન, ૪૦ વાસુપૂજ્ય, ૪૧ રત્નસંભવ, ૪૨ વિમલ, ૪૩ મુક્તિસંઘટ્ટ, ૪૪ અનન્ત, ૪૫ સુરેન્દ્ર, ૪૬ વૃક્ષરાજ, ૪૭ ધર્મદ, ૪૮ ધર્મવૃક્ષ, ૪૯ શાન્ત, ૫૦ કામદાયક, ૫૧ કુન્થુદ, ૫૨ શક્તિદ, ૫૩ હર્ષણ, ૫૪ કમલકન્દ, ૫૫ કેવલી, ૫૬ અર્હન્ત, ૫૭ મહેન્દ્ર, ૫૮ પાપનાશન, ૫૯ મનઃસંતુષ્ટિ, ૬૦ ગૌરવ. ૬૧ સુમતિકીર્તિ, ૬૨ જિનેન્દ્રાયતન, ૬૩ રાજેન્દ્ર, ૬૪ નેમીન્દ્ર, ૬૫ યતિભૂષણ, ૬૬ સુપુષ્પ, ૬૭ પાર્શ્વ વલ્લભ, ૬૮ પદ્માવૃત્ત, ૬૯ ચરૂપ, ૭૦ વીરવિક્રમ, ૭૧ મષ્ટાદય, ૭૨ તુષ્ટિપુષ્ટિ પ્રાસાદ જાણવો. આ પ્રમાણે બોંતેર પ્રાસાદ જે જિનદેવોને પ્રિય છે. તે સર્વ જિનાલયોના નામો કહ્યા, હવે તેના લક્ષણ સહિત સ્વરૂપ કહું છું.



"Aho Shrutgyanam"



૧ શ્રી ઋષભપ્રાસાદ

૧–વિભક્તિ

चतुरस्त्री कृते क्षेत्रे द्वात्रिंशत्पद भाजिते ।
कर्ण भाग त्रयं कार्यं प्रतिकर्ण तथैव च ॥ २५ ॥
उपरथं त्रिभागश्च भद्रार्ध वेद भागिकम् ।
नन्दिका कर्णिका चैव ह्येक भागा व्यवस्थिता ॥२६॥
कर्णे च कर्मचत्वारि प्रतिकर्णे क्रमत्रयम् ।
उपरथे द्वयं ज्ञेयं कर्णिका द्वयमेव च ॥ २७ ॥
विंशति र्ह्युरुशृङ्गाणि प्रत्यङ्ग षोडशंभवेत् ।
कर्णे च केशरी दद्यान्नंदनो नंदशालिकः ॥ २८ ॥
नंदीशः प्रथमं कर्म ह्युर्ध्वे तिलक शोभनम् ।
आदि जिनाय कर्त्तव्यः प्रासादो नाम ऋषभः ॥२९॥

ચોરસ ક્ષેત્રના બત્રીશ (૩૨) ભાગ કરવા, તેમાં ત્રણ (૩) ભાગ કર્ણ કરવો તેમજ પ્રતિકર્ણ પણ ત્રણ (૩) ભાગનો કરવો, ઉપરથ ભાગ ત્રણ (૩) અને અર્ધ ભદ્ર ભાગ ચાર (૪)નું કરવું, કર્ણ અને પ્રતિકર્ણ તેમજ ઉપરથ અને ભદ્રની વચ્ચે એક એક ભાગની નંદિકા અને કર્ણિકા કરવી, કર્ણ ઉપર ચાર કર્મ, પ્રતિકર્ણ ઉપર ત્રણ કર્મ, ઉપરથ ઉપર બે, અને કર્ણિકા તથા નંદિકા ઉપર બે બે કર્મ કરવા. ચારે દિશાના મળી ઉરૂશૃંગ વીશ (૨૦) અને પ્રત્યંગો સોળ (૧૬) કરવા, કર્ણના કર્મમાં પહેલું નંદીશ, બીજુ નંદશાલિક, ત્રીજું નંદન, ચોથું કેશરી ચઢાવવું, તેના ઉપર સુશોભિત તિલક કરવું. આ પ્રાસાદનું નામ ઋષભ-પ્રાસાદ છે. અને તે પહેલા તીર્થંકર શ્રી ઋષભદેવને કરવો.

"Aho Shrutgyanam"

તલ ભાગ ૩૨ ઋષભ પ્રાસાદ શૃંગ સંખ્યા.

	કે.	નં.	નંદ	નંદિશ	
શૃંગ રેખા	– ૫ + ૧૩ + ૧૭ + ૨૧				૫૬×૪ – કુલ ૨૨૪.
શૃંગ પ્રતિકર્ણ	– ૫ + ૧૩ + ૧૭				૩૫×૮ – કુલ ૨૮૦.
શૃંગ ઉપરથ	– ૫ + ૧૩				૧૮×૮ – કુલ ૧૪૪.
શૃંગ કર્ણિકા	– ૫ + ૧૩				૧૮×૨૪ – કુલ ૪૩૨.
શૃંગ પ્રત્યંગ					૪×૪ – કુલ ૧૬.
ઉરૂશૃંગ					૫×૪ – કુલ ૨૦.
મૂલપ્રાસાદ					૧.

ઋષભ પ્રાસાદના કુલ શૃંગ–૧૧૧૭ તિલક–૪

॥ ૧ ઇતિશ્રી ઋષભપ્રાસાદ ॥

૨ કૈલાસ પ્રાસાદ

દ્વિતીય ભેદ

तद्रूपं तत्प्रमाणश्च, रथोर्ध्वे तिलकं न्यसेत् ।
कैलासोनाम विज्ञेयः स्वरूपो लक्षणान्वितः ॥ ३० ॥

ઉપર પ્રમાણે સ્વરૂપ ઉપર ઉપરથે તિલક ચઢાવવા તેથી કૈલાસ નામનો પ્રાસાદ થાય.

કુલ શૃંગ	૧૧૧૭.
તિલક	૧૨.

॥ ૨ ઇતિશ્રી કૈલાસપ્રાસાદ ॥

૩ સુરેન્દ્ર પ્રાસાદ

તૃતીય ભેદ, —

कैलासस्य तु संस्थाने, ह्युपरथोर्ध्वे मंजरी ।
सुरेन्द्रश्च तदा नाम, पुरे वै धर्मवर्धनः ॥ ३१ ॥


કૈલાસ પ્રાસાદના તલ તથા સ્વરૂપ ઉપર વધારામાં ઉપરથે અકેક મંજરી કરવી, સુરેન્દ્ર નામનો પ્રાસાદ થાય.

કુલ શૃંગ ૧૧૧૭, તિલક ૧૨, મંજરી ૮,

॥ ઇતિશ્રી સુરેન્દ્રપ્રાસાદ ॥

"Aho Shrutgyanam"

४ अजित प्रासाद



२. विभक्ति.

चतुरस्त्री कृते क्षेत्रे, द्वादश पद भाजिते ।
कर्ण भाग द्वयं कार्यं, प्रतिकर्ण तथैव च ॥ ३२ ॥
भद्रार्धं सार्ध भागेन, नंदी तु चार्ध भागतः ।
कर्ण कर्म त्रयं कार्यं प्रतिकर्णे क्रम द्वयम् ॥३३॥
अष्टौ च उरुशृंगाणि प्रत्यंगमष्टकं भवेत् ।
कर्णे च केशरी दाप्यः सर्वतोभद्रमेव च ॥३४॥
नन्दनश्च प्रदातव्य श्चतुष्कर्णेषु शोभितः ।
अजितो नाम प्रासादो विज्ञेय सुरवल्लभः ॥३५॥

સમ ચોરસ ક્ષેત્રના બાર (૧૨) ભાગ કરવા, તેમાં કર્ણ ભાગ બે, નંદી ભાગ અર્ધો, અને અર્ધભદ્ર દોઢ ભાગનું કરવું. આ પ્રમાણે ચારે દિશાએ વ્યવસ્થા કરવી. કર્ણે ત્રણ કર્મ અને પ્રતિકર્ણે બે કર્મ ચઢાવવા. ચારે દિશાએ મળી આઠ ઉરૂશૃંગ અને આઠ પ્રત્યંગ કરવા, કર્ણે પહેલું કર્મ નંદન, બીજું સર્વતોભદ્ર અને ત્રીજું કેશરી ચઢાવવું. પ્રતિકર્ણે સર્વતોભદ્ર અને કેસરી આ પ્રાસાદનું નામ અજિત છે તે દેવોને ઘણો જ પ્રિય છે. આ પ્રાસાદ બીજા તીર્થંકર શ્રી અજિતનાથને કરવો.

"Aho Shrutgyanam"

તલમાન ૧૨	અજિતપ્રાસાદ	શૃંગ સંખ્યા
	નં. સ. કે.	
શૃંગ રેખા	૧૭ + ૧૩ + ૫	૩૫×૪ – ૧૪૦
શૃંગ પ્રતિકર્ણે	૧૩ + ૫	૧૮×૮ – ૧૪૪
શૃંગ પ્રત્યંગ		૨×૪ – ૮
શૃંગ ઉરૂશૃંગ		૨×૪ – ૮
શૃંગ મૂલપ્રાસાદ		૧
		૩૦૧

॥ ૪ ઇતિશ્રી અજિતપ્રાસાદ ॥

૫ ગજેન્દ્ર પ્રાસાદ

દ્વિતીય ભેદ, —

अजितस्य च संस्थाने भद्रे त्रयोरुशृङ्गकम् ।
गजेन्द्रो नाम विख्यातः सर्व देवेषु वल्लभः ॥ ३६ ॥

અજિત પ્રાસાદના તલ અને સ્વરૂપમાં ભદ્રે ત્રણ ઉરૂશૃંગ ચઢાવવાં તેથી ગજેન્દ્ર નામનો પ્રાસાદ સર્વ દેવોને વલ્લભ જાણવો.

અજિત પ્રાસાદ	શૃંગ	૩૦૧
ઉરૂશૃંગ ૪	શૃંગ	૩૦૫

॥ ૫ ઇતિશ્રી અજિતપ્રાસાદ ॥

૬ વિશાલ પ્રાસાદ

તૃતીય ભેદ, —

तिलकं नंदिकायाश्च विशालो नाम नामतः ।
सर्वदेवेषु कर्तव्यः प्रासादो जिनवल्लभः ॥ ३७ ॥


ગજેન્દ્ર પ્રાસાદના તલ અને સ્વરૂપ ઉપર વધારામાં નંદિકાએ એક તિલક ચડાવવું. આ વિશાલ નામનો પ્રાસાદ જાણવો અને તે સર્વ જિનદેવોને વલ્લભ છે. અને સર્વ દેવોને કરવો.

શૃંગ	૩૦૫	તિલક	૮

॥ ૬ ઇતિશ્રી વિશાલપ્રાસાદ ॥

"Aho Shrutgyanam"

૭. स्वयंभू प्रासाद



३ विभक्ति

चतुरस्त्री कृते क्षेत्रे त्वष्टादश विभाजिते ।
कर्णभागद्वय कार्यं कर्णिका भागिका तथा ॥३८॥
प्रतिरथं कर्ण मानेन नंदिका पदविश्रुता ।
भद्रार्धं त्रय भागेन चतुर्दिक्षु व्यवस्थितम् ॥३९॥
कर्णे कर्म द्वयं कार्यं केशरी च श्री वत्सकम् ।
प्रतिकर्णे कर्णमानेन कर्णिनंद्योश्चशृङ्गकम् ॥ ४० ॥
भद्रे चैवो रुचचत्वारि, प्रत्यङ्गमष्टकं भवेत् ।
स्वयंभूश्चैव नामोऽयं जिनेन्द्रो संभवप्रियः ॥४१॥

ચોરસ ક્ષેત્રના અઢાર (૧૮) ભાગ કરવા, બે ભાગનો કર્ણ, એક ભાગની કર્ણિકા, બે ભાગનો પ્રતિરથ, એક ભાગની નંદિકા અને અર્ધું ભદ્ર ત્રણ ભાગનું કરવું. આ પ્રમાણે ચારે બાજુ રચના કરવી.

કર્ણે બે કર્મ, કેશરી અને શ્રીવત્સ, પ્રતિકર્ણે પણ કેશરી અને શ્રીવત્સ, બે કર્મ કરવા, કર્ણિકા અને નંદીએ અકેક શૃંગ ચઢાવવું. ભદ્રે ચાર ઉરૂશૃંગ કરવા, અને આઠ પ્રત્યંગો ચઢાવવાં. સ્વયંભૂ નામનો પ્રાસાદ શ્રી સંભવનાથ પ્રભુને પ્રિય છે. તલભાગ ૧૮ સ્વયંભૂ પ્રાસાદ.

		કે. શ્રીવત્સ		શૃંગ
શૃંગ	રેખા	૫ + ૧	૬×૪	૨૪
શૃંગ	પ્રતિકર્ણ	૫ + ૧	૬×૮	૪૮
શૃંગ	કર્ણિકાનંદિ	૧	૪×૪	૧૬
શૃંગ	પ્રત્યંગ		૨×૪	૮
	ઉરૂશૃંગ		૪×૪	૧૬
	મૂલશિખર			૧
			કુલ શૃંગ	૧૧૩

॥ ૭ इतिश्री स्वयंभू प्रासाद ॥

"Aho Shrutgyanam"

૮. क्षीराक्ष प्रासाद

द्वितीय भेद,

तद्रूप तत्प्रमाणञ्च कर्णोर्ध्वे तिलकं न्यसेत् ।
क्षीराक्षश्चैव नामोऽयं, प्रासादस्तु मनोहरः ॥ ४२ ॥

સંભવ પ્રાસાદના તલ અને સ્વરૂપમાં કર્ણ ઉપર તિલક કરવાથી ક્ષીરાક્ષ નામનો પ્રાસાદ થાય.

શૃંગ	૧૧૩.
તિલક	૪.

॥ ૮ इतिश्री क्षीराक्ष प्रासाद ॥

૯. संतोष प्रासाद

तृतीय भेद—


तत्तुल्यश्च तदूर्ध्वेन कर्णौ नंदी च शृंगिका ।
संतोषश्चैव प्रासादः कर्तव्यश्च सुखावहाः ॥ ४३ ॥

ઉપર પ્રમાણેના તલ અને સ્વરૂપમાં કર્ણોએ તેમજ નંદિકાએ શૃંગ ચઢાવવાથી સંતોષ નામનો પ્રાસાદ થાય.

શૃંગ		૧૧૩
કર્ણો નંદી	૪×૪	૧૬
કુલ શૃંગ		૧૨૯
તિલક		૪

॥ ૯. इतिश्री संतोष प्रासादः ॥

"Aho Shrutgyanam"



૧૦. अभिनंदन प्रासाद

૪ વિભક્તિ

चतुरस्त्री कृते क्षेत्रे त्वष्टादशविभाजिते ।
त्रयस्त्रयस्त्रिषु स्थाने हस्तांगुल निर्गमम् ॥ ४४ ॥

कर्णे कर्मद्वयं कार्यं प्रतिकर्णे क्रमद्वयम् ।
भद्रं व ह्युरुवाहुभ्यां कर्तव्यं च चतुर्दिशम् ॥४५॥

अभिनंदननमोऽयं तिलकैश्च सुखावहा ।
प्रासादं कुरुते यस्तु स्वर्गलोके स मोदते ॥४६॥

ચેારસ ક્ષેત્રના અઢાર (૧૮) ભાગ કરવા, અધું ભદ્ર, કર્ણ અને પ્રતિકર્ણ, એ ત્રણેય ત્રણ-ત્રણ ભાગના કરવા, નીકાળે હસ્તાંગુલ એટલે એક હસ્તે એક અંગુલ ઉપાંગેા નીકળતા કરવા. કર્ણે કેશરી અને સર્વતેાભદ્ર એ બે કર્મ કરવા, પ્રતિકર્ણે પણ બે કર્મ, ભદ્રે બે ઉરૂશૃંગ ચઢાવવા, કર્ણ, પ્રતિકર્ણ અને ભદ્રે તિલક કરવા, આ અભિનંદન નામનેા પ્રાસાદ જાણવેા તે સુખ આપનાર છે, આ પ્રાસાદ જે કરે તે સ્વર્ગલેાકમાં સુખ પામે.

અભિનંદન પ્રાસાદ તલ ભાગ. ૧૮

	સ. કે.	શૃંગ
શૃંગ કર્ણ	૯ + ૫	૧૪×૪ = ૫૬
પ્રતિકર્ણ	૯ + ૫	૧૪×૮ = ૧૧૨
ઉરૂશૃંગ		૨×૪ = ૮
મૂલ પ્રાસાદ		૧
		કુલ શૃંગ ૧૧૭

તિલક ૩×૪=૧૨

॥ ૧૦ ઇતિશ્રી અભિનંદન પ્રાસાદ ॥

"Aho Shrutgyanam"

११. अविघ्न प्रासाद

द्वितीय भेद—

तद्रुपश्च प्रकर्तव्यं रथोर्ध्वे तिलकं न्यसेत् ।
अविघ्नो नाम विज्ञेयः प्रासादो विपुलः श्रिया ॥ ४७ ॥

અભિનંદન પ્રાસાદના તલ અને સ્વરૂપમાં વધારવામાં રથે તિલક કરવું, અવિઘ્ન નામનો પ્રાસાદ જાણવો. અને તે પુષ્કળ લક્ષ્મી આપનાર છે.

શૃંગ ૧૭૭
તિલક ૨૦

॥ ११ इतिश्री अविघ्न प्रासादः ॥

१२. प्रमोद प्रासाद

तृतीय भेद

अविघ्नस्य च संस्थाने ह्युरुशृङ्ग तृतीयकम् ।
प्रमोदो नाम प्रासादो विज्ञेयः सुरभूषणः ॥ ४८ ॥

અવિઘ્ન પ્રાસાદના તલ અને સ્વરૂપ ઉપર ભદ્ર વધારામાં ત્રીજું ઉરૂશૃંગ ચઢાવવું, આ દેવોને ભૂષણરૂપ પ્રમોદ નામનો પ્રાસાદ જાણવો.

શૃંગ		૧૭૭
ઉરૂશૃંગ	૧×૪	૪
કુલશૃંગ		૧૮૧
તિલક		૨૦

॥ १२ इतिश्री प्रमोद प्रासाद ॥

१३. सुरवल्लभ प्रासाद

चतुर्थ भेद—


कर्णे श्री वत्सकं कार्यं प्रासाद सुरवल्लभः ।
सर्व देवेषु कर्तव्यो देवानाञ्च सदा प्रियः ॥ ४९ ॥

અવિઘ્ન પ્રાસાદના તલ અને સ્વરૂપ ઉપર વધારામાં કર્ણે એક શૃંગ શ્રીવત્સ ચઢાવવાથી સુરવલ્લભ નામનો પ્રાસાદ થાય તે સર્વ દેવોને હંમેશાં પ્રિય છે.

શૃંગ		૧૮૧
કર્ણ	૧×૪	૪
કુલ		૧૮૫
તિલક		૨૦

॥ १६ इतिश्री सुरवल्लभ प्रासाद

"Aho Shrutgyanam"



१४. सुमतिनाथ प्रासाद

५ विभक्ति :–

चतुरस्त्री कृते क्षेत्रे चतुर्दश विभाजिते ।
कर्णौ द्विभाग विस्तीर्णौ प्रतिकर्ण स्तथैव च ॥५०॥
निर्गम स्तत्समो ज्ञेयो नंदिका भाग विश्रुता ।
भद्रार्धश्च द्विभागेन कर्तव्यश्च चतुर्दिशम् ॥५१॥
कर्णे शृंग द्वयं कार्यं प्रतिकर्णे तथैव च ।
भद्रे चैवोरुचत्वारि प्रत्यङ्गञ्च ततोऽष्टमि ॥ ५२ ॥
नंदिकायां शृङ्गकूटं सुमतिर्नाम नामतः ।
तस्य संदर्शनादेव मुक्ति भागूनात्र संशयः ॥५३॥

ચોરસ ક્ષેત્રના ચૌદ (૧૪) ભાગ કરવા. બે ભાગનો કર્ણ તથા બે ભાગનો પ્રતિકર્ણ કરવો, નીકાળે સમદલ કરવા અને એક ભાગની નંદિકા કરવી, બે ભાગનું અર્ધું ભદ્ર કરવું. આ પ્રમાણે ચારે દિશામાં યોજના કરવી. કર્ણ ઉપર બે શૃંગ કરવા, અને પ્રતિકર્ણે પણ બે શૃંગ ભદ્રે ચાર ઉરૂશૃંગો કરવા. અને આઠ પ્રત્યાંગ કરવા, નંદીએ એક શૃંગ અને એક કૂટ કરવું. આ સુમતિનામનો પ્રાસાદ દર્શન માત્રથી મુક્તિ આપનાર છે. સુમતિ પ્રાસાદના તલ ભાગ ૧૪.

શૃંગ રેખા	૧ + ૧ –	૨×૪=૮
,, પ્રતિકર્ણ	૧ + ૧ –	૨×૮=૧૬
,, નંદિ	૧	૨×૪=૮
,, પ્રત્યંગ		૨×૪=૮
,, ઉરૂશૃંગ		૪×૪=૧૬
,, મૂલ પ્રાસાદ		૧
કુટ ૨×૪=૮		કુલ શૃંગ ૫૭

॥ १४ इतिश्री सुमतिनाथ प्रासाद ॥

"Aho Shrutgyanam"

१५. सुबुद्धि प्रासाद

द्वितीय भेद :-

सुमतेश्चैव संस्थाने कर्णे पञ्चाण्डकं तथा ।
सुबुद्धिश्च तदानाम कर्तव्यो बुद्धिवर्धनः ॥ ५४ ॥

સુમતિ પ્રાસાદના તલ અને સ્વરૂપમાં વધારામાં કર્ણે પંચાંગી કેશરી કર્મ કરવું. આ સુબુદ્ધિ નામનો પ્રાસાદ જાણવો અને તે બુદ્ધિને વધારનારો છે.

શૃંગ	७३	કૂટ	८

॥ १५ इतिश्री सुबुद्धिप्रासाद ॥

१६. सुप्रिय प्रासाद


तृतीय भेद—

तद्रूपञ्च प्रकर्तव्यं रथोर्ध्वे तिलकं न्यसेत् ।
सुप्रियो नाम विज्ञेयः पुरे वै प्रीतिवर्धनः ॥ ५५ ॥

સુબુદ્ધિ પ્રાસાદના તલ અને સ્વરૂપમાં વધારામાં રથે તિલક અકેક ચઢાવવું. સુપ્રિય નામનો પ્રાસાદ જાણવો, અને તે નગરમાં પ્રીતિ વધારનાર છે.


શૃંગ	७३	તિલક	८	કૂટ	८

॥ १६ इतिश्री सुप्रिय प्रासाद ॥



ભુવનેશ્વરી દેવી.

"Aho Shrutgyanam"



૧૭. પદ્મવલ્લભ પ્રાસાદ–

૬ વિભક્તિ :–

चतुरस्त्री कृते क्षेत्रे, विंशद्या प्रति भाजिते ।
कर्णं द्वि भागिकं ज्ञेयं, कर्णिका भागविश्रुता ॥५६॥

प्रतिकर्णं द्वि भागेन, नन्दिका पद्विश्रुता ।
भद्रार्द्धश्च चतुर्भागं स्थापयेच्च चतुर्दिशम् ॥५७॥

ચોરસ ક્ષેત્રના વીસ (૨૦) ભાગ કરવા. કર્ણ બે ભાગ અને કર્ણિકા એક ભાગની કરવી. પ્રતિકર્ણ બે ભાગનો અને નંદિકા એક ભાગની તથા અર્ધ ભદ્ર ચાર ભાગનું કરવું. આ પ્રમાણે ચારે દિશાએ રચના કરવી.

केशरी सर्वतो भद्रं, रथे कर्णे च दापयेत् ।
कर्णिकायां शृंगकूटं, नंदिकायां तथैव च ॥५८॥

भद्रेचैवोरुचत्वारि, प्रत्यङ्गश्च तत्तोऽष्टभिः ।
पद्मवल्लभ नामोऽयं, जिनेन्द्रो पद्मवल्लभ ॥५९॥

રથ અને કર્ણ ઉપર કેશરી અને સર્વતોભદ્ર કર્મ ચઢાવવા, કોણિકાએ શૃંગ અને કૂટ કરવા, અને નંદિકાએ પણ શૃંગ અને કૂટ ચઢાવવા. ભદ્રે ચાર ઉરૂશૃંગ અને આઠ (૮) પ્રત્યંગ કરવા, આ પદ્મવલ્લભ નામનો પ્રાસાદ જાણવો. અને તે પદ્મપ્રભુને પ્રિય છે.

તલમાન ૨૦ પદ્મવલ્લભ પ્રાસાદ

શૃંગ–રેખા	૯+૫	૧૪×૪ = ૫૬
,, ઉપરથે	૯+૫	૧૪×૮ =૧૧૨
,, કર્ણિકા	૧	૧×૮ = ૮

"Aho Shrutgyanam"

નંદિ	૧	૧ × ૮ =	૮
ઉરૂશૃંગ	૪	૪ × ૪ =	૧૬
પ્રત્યંગ	૨	૨ × ૪ =	૮
મૂલ પ્રાસાદ			૧
		કુલ	૨૦૯

કૂટ કર્ણિકા નંદી ૪×૪=૧૬

॥ ૧૭ ઇતિશ્રી પદ્મવલ્લભપ્રાસાદ ॥

૧૮. પદ્મરાગ પ્રાસાદ

દ્વિતીય ભેદ

पद्मवल्लभ संस्थाने कर्त्तव्यं पद्मरागकः ।
कर्णोर्ध्वे तिलकं दधात् स्वरुपोलक्षणान्वितः ॥ ६० ॥

પદ્મવલ્લભ પ્રાસાદના તલ અને સ્વરૂપમાં વધારામાં કર્ણે તિલક કરવું. આ સ્વરૂપ લક્ષણ યુક્ત પદ્મરાગ નામનો પ્રાસાદ જાણવો.

શૃંગ ૨૦૯, કૂટ ૧૬ તિલક ૪

॥ ૧૮ ઇતિશ્રી પદ્મરાગ પ્રાસાદ ॥

૧૯. પુષ્ટિવિવર્ધન પ્રાસાદ

તૃતીય ભેદ—


तद्रुपञ्च प्रकर्तव्यं रथोर्ध्वे तिलकं न्यसेत् ।
पुष्टि विवर्धनो नाम तुष्टि पुष्टियोश्च वर्धनः ॥ ६१ ॥

પદ્મરાગના તલ અને સ્વરૂપમાં વધારે રથ ઉપર તિલક કરવું, આ પુષ્ટિવિવર્ધન નામનો પ્રાસાદ જાણવો અને તે તુષ્ટિ પુષ્ટિનો વધારનારો છે.

શૃંગ ૨૦૯, કૂટ ૧૬, તિલક ૨૦

॥ ૧૯ ઇતિશ્રી પુષ્ટિવિવર્ધન પ્રાસાદ ॥

"Aho Shrutgyanam"



૨૦. સુપાર્શ્વનાથ પ્રાસાદ–

૭ મી વિભક્તિઃ–

दिग्भागे च कृते क्षेत्रे कर्णं चैव द्वि भागिकम् ।
प्रतिरथं सार्धभागं निर्गमे तत्समं भवेत् ॥६२॥

भद्रे चैव त्रिभागेन कपिला भद्र मानयोः ।
निर्गमं पदमानेन चतुर्दिक्षु नियोजयेत ॥ ६३ ॥

कर्णे कर्म द्वयं कार्यं रथे भद्रे तथोद्गमः ।
सुपार्श्वो नाम विज्ञेयो गृहराजः सुखावहः ॥६४॥

ચોરસ ક્ષેત્રના દશ (૧૦) ભાગ કરવા, તેમાં કર્ણ ભાગ બે (૨) અને પ્રતિકર્ણ ભાગ દોઢ (૧॥) નો કરવો, નીકાળે સમચોરસ કરવો, આખુ ભદ્ર ભાગ ત્રણ (૩) નું કરવું, તેમજ ભદ્રના માનમાં કપિલાભદ્ર કરવું, અને તે એક ભાગ નિકળતું રાખવું. આ પ્રમાણે ચારે દિશાએ યોજના કરવી.

કર્ણ ઉપર બે (૨) કર્મ ચઢાવવા અને પ્રતિરથે તથા ભદ્રે દોઢિયા કરવા. આ પ્રાસાદનું નામ સુપાર્શ્વ પ્રાસાદ છે. અને તે સાતમા શ્રી સુપાર્શ્વનાથ પ્રભુને કરવો. આ પ્રાસાદ કરનાર તથા રાજાને સુખ આપનાર છે.

શૃંગ રેખા–૯+૫	૧૪×૪=૫૬
મૂલ પ્રાસાદ	૧

કુલ શૃંગ ૫૭

॥ ૨૦ ઇતિશ્રી સુપાર્શ્વવલ્લભ પ્રાસાદ ॥

"Aho Shrutgyanam"

२१. सुनन्दन प्रासाद

द्वितीय भेद,

प्रासाद बहवा सन्ति, चतुर्विंशतिमूर्तिषु ।
तत्र प्राज्ञेय संदेहः कर्तव्यः पुनरागते ॥ ६५ ॥

रथे वै शृङ्गमेकं स्याद्, भद्रेचैवचतुर्दिशम् ।
सुनन्दनः स विज्ञेयः, कृते च विपुलां श्रियम् ॥ ६६ ॥

ચોવીશ તીર્થંકરોને બહુ પ્રકારના પ્રાસાદો કરવામાં આવે છે. તેથી ફરીથી પણ તેજ તીર્થંકરોને બીજા પ્રાસાદો કરવાનું કહેવામાં આવે છે, બુદ્ધિમાન પુરુષોએ તેમાં શંકા કરવી નહિ.

સુપાર્શ્વનાથ પ્રમાણે તલ તથા સ્વરૂપ કરવું. અને પ્રતિરથે એક શૃંગ ચઢાવવું તથા ભદ્રે એક ઉરૂશૃંગ કરવું, આ પ્રમાણે ચારે દિશાએ કરવું. આ પ્રાસાદનું નામ સુનંદન પ્રાસાદ છે. પ્રાસાદ કરવાથી પુષ્કળ લક્ષ્મી પ્રાપ્ત થાય છે.

શૃંગ રેખા	૧૪ × ૪	=૫૬
,, પ્રતિરથ	૧ × ૮	=૮
,, ઉરૂશૃંગ	૧ × ૪	=૪
,, મૂલ પ્રાસાદ		૧
		૬૯

॥ २१ इतिश्री सुनन्दन प्रासाद ॥

२२. श्री वल्लभ प्रासाद

तृतीय भेद.

रथोर्ध्वे तिलकं दधात् भद्रंचैव चतुर्दिशम् ।
श्री वल्लभ स्तदा नाम प्रासादो जिन वल्लभ ॥ ६७ ॥

પ્રતિરથ ઉપર તિલક ચઢાવવું અને ભદ્રે પણ ચારે દિશાએ ભદ્રના ખૂણે તિલક કરવા, શ્રી વલ્લભ નામનો પ્રાસાદ જાણવો, અને તે સર્વ તીર્થંકરોને પ્રિય છે.

શૃંગ	૬૯	તિલક	૧૬

॥ २२ इतिश्री वल्लभ प्रासाद ॥

"Aho Shrutgyanam"

૨૩ चन्द्रप्रभ प्रासाद

चतुर्थ भेद–

उरुशृङ्ग पुनर्दधात् चन्द्रप्रभश्च नामतः ।
सर्वदेवेषु कर्त्तव्यो जिनानां तु विशेषतः ॥ ६८ ॥

શ્રી વલ્લભ પ્રાસાદના તલ અને સ્વરૂપમાં ભદ્રે એક ઉરૂશૃંગ ચઢાવવું એટલે ચંદ્રપ્રભ નામનો પ્રાસાદ થાય. તે બધા દેવોને કરવો, પણ વિશેષે તીર્થંકરોને કરવો.

શૃંગ ૭૩ તિલક ૧૬

॥ ૨૩ ઇતિશ્રી चन्द्रप्रभ प्रासाद ॥

૨૪ चन्द्रशेखर प्रासाद

पञ्चम भेद

रथोर्ध्वे केशरी कर्म तस्य शृङ्ग विवर्जयेत् ।
चन्द्रशेखर नामोऽयं प्रासादो वीतरागकः ॥ ६९ ॥

પ્રતિરથ ઉપરનું શૃંગ કાઢી તે સ્થળે કેશરી કર્મ ચઢાવવું. આ પ્રાસાદ ચંદ્રશેખર નામનો જાણવો અને તે વીતરાગને કરવો.

રેખા		૭૩
પ્રતિરથ	૫ × ૮ = ૪૦	૩૨
	૬—	—
	૮	શૃંગ ૧૦૫
	———	
	૩૨	તિલક ૧૬

॥ ૨૪ ઇતિશ્રી चन्द्रशेखर प्रासाद ॥

૨૫. विमान प्रासाद

षष्ठ भेद

कर्णे च तिलकं दधात् प्रासादस्यविमानकः ।
सर्व देवेषु कर्तव्यः स्वरुपो लक्षणान्वितः ॥ ७० ॥

ઉપર પ્રમાણે તલ અને સ્વરૂપ કરી કર્ણે તિલક કરવા. આ સ્વરૂપ લક્ષણ યુક્ત વિમાન પ્રાસાદ જાણવો.

શૃંગ ૧૦૫, તિલક ૨૦

॥ ૨૫ ઇતિશ્રી विमान प्रासाद ॥

"Aho Shrutgyanam"

૨૬. સુવિધિ પ્રાસાદ

સપ્તમ ભેદ

प्रतिरथे द्वयं कर्म सुविधिर्नाम नामतः ।
सर्व देवेषु कर्तव्यः स्वरूपो लक्षणान्वितः ॥ ७१ ॥

ઉપર પ્રમાણે તલ અને સ્વરૂપ ઉપર પ્રતિરથે બે કર્મ સર્વતોભદ્ર અને કેશરી કરવા, આ સ્વરૂપ અને લક્ષણ યુક્ત પ્રાસાદ સુવિધિ નામનો જાણવો. તે સર્વ દેવને કરવો. ૭૧

શૃંગ	૧૭૭
તિલક	૧૨

॥ ૨૬ इतिश्री सुविधि प्रासाद ॥

૨૭. સુશ્રિય પ્રાસાદ

અષ્ટમ ભેદ

तद्रुपे तत्प्रमाणेच रथे तिलकञ्च दापयेत् ।
सुश्रियो नाम विज्ञेयः प्रासाद सुर भूषणः ॥ ७२ ॥

ઉપર કહેલા સ્વરૂપમાં પ્રતિરથે એક તિલક ચઢાવવાથી દેવોના ભૂષણરૂપ સુશ્રિય નામનો પ્રાસાદ થાય.

શૃંગ	૧૭૭
તિલક	૨૦

॥ ૨૭ इतिश्री सुश्रिय प्रासाद ॥

૨૮. વસુ પુષ્પક પ્રાસાદ

નવમ્ ભેદ


सुश्रियस्य च संस्थाने भद्रे शृङ्ग विवर्धनम् ।
वसु पुष्पक नामोऽयं प्रासादोजिन वल्लभ ॥ ७३ ॥

સુશ્રિય પ્રાસાદના તલ અને સ્વરૂપમાં ભદ્રે એક ઉરૂશૃંગ વધારવાથી જિન તીર્થંકરોને વલ્લભ એવો વસુપુષ્પક નામનો પ્રાસાદ થાય. ૭૩

શૃંગ	૧૮૧
તિલક	૨૦

॥ ૨૮ इतिश्री वसुपुष्पक प्रासाद ।

"Aho Shrutgyanam"



૨૯. શીતલ પ્રાસાદ

૮ મી વિભક્તિ

चतुरस्त्री कृते क्षेत्रे द्वात्रिंशत्पद भाजिते ।
पञ्चभागो भवेत्कर्णः प्रतिकर्णस्तथैव च ॥७४॥

कर्ण प्रतिकर्णयोर्मध्ये कोणिका भागविश्रुता ।
भद्रं चैव चतुर्भागं नन्दिका पद विश्रुता ॥७५॥

समदलञ्च कर्तव्यं चतुर्दिक्षु व्यवस्थितम् ।
प्रासादस्य स्वरूपञ्च कर्तव्यं विधि मानतः ॥७६॥

श्री वत्स केशरी चैव सर्वतोभद्रमेव च ।
कर्णेचैव प्रदातव्यं, रथे चैव तु तत्समम् ॥७७॥

नन्दिका कर्णिकायाञ्च, द्वि शृंग तिलकं न्यसेत् ।
भद्रे चैवोरुचत्वारि, शीतलोनाम विश्रुतः ॥७८॥

प्रत्यक्ष जिन रूपश्च, सुश्रियस्यविवर्द्धनः ।
सुखदोऽयं प्रकर्तव्यं–श्चन्द्रप्रभु जिनाय च ॥७९॥

ચોરસ ક્ષેત્રના બત્રીશ ભાગ કરવા, તેમાં કર્ણ ભાગ પાંચ તેમજ પ્રતિકર્ણ પણ ભાગ પાંચનો કરવો, કર્ણ અને પ્રતિકર્ણ વચ્ચે કોણી ભાગ એકની કરવી. અર્ધું ભદ્ર ભાગ ચાર, નંદિકા ભાગ એકની કરવી, નીકાળે સમદલ કરવું. આ પ્રમાણે ચારે દિશાએ વ્યવસ્થા કરવી.

કર્ણ ઉપર સર્વતોભદ્ર, કેશરી, શ્રીવત્સ ચઢાવવું. પ્રતિરથે પણ તે જ પ્રમાણે કર્મ ચઢાવવા, નંદિકા તથા કોણિકાએ બે બે શૃંગ ચઢાવવા, અને એકેક તિલક ચઢાવવું, ભદ્રે ચાર ઉરૂશૃંગો કરવા. આ પ્રાસાદનું નામ શીતલ પ્રાસાદ જાણવું અને ધ લક્ષ્મીની વૃદ્ધિ કરનારો તથા સર્વસુખોને આપનારો છે. પ્રત્યક્ષ જિનસ્વરૂપ એવો આ પ્રાસાદ ચંદ્રપ્રભુ ભગવાનને કરવો.

"Aho Shrutgyanam"

શૃંગ રેખા	૯ + ૫ + ૧ = ૧૫ × ૪ = ૬૦
,, પ્રતિરથ	૯ + ૫ + ૧ = ૧૫ × ૮ = ૧૨૦
,, કર્ણિકાનંદિ	૨ + ૨ = ૪ × ૮ = ૩૨
,, ભદ્ર	૪ = ૪ × ૪ = ૧૬
મૂળપ્રાસાદ	૧
	શૃંગ ૨૨૯
તિલક	૮

॥ ૨૯ ઇતિશ્રી શીતલ પ્રાસાદ ॥

૩૦ શ્રિયેન્દુ પ્રાસાદ

દ્વિતીય ભેદ

तद्रुपञ्च प्रकर्तव्यं रथोर्ध्वे तिलकं न्यसेत् ।
श्रियेन्दुर्नाम विज्ञेयः सुराजश्रियावहः ॥ ८० ॥

શીતલ પ્રાસાદ પ્રમાણે તલ તથા સ્વરૂપ કરી રથે એક તિલક ચઢાવવું. આ શ્રિયેન્દુ પ્રાસાદ જાણવો અને તે ઇંદ્રના વૈભવને આપનારો છે.

શૃંગ	૨૨૯
તિલક	૧૬

॥ ૩૦ ઇતિશ્રી શ્રિયેન્દુ પ્રાસાદ ॥

૩૧ દનુરાજ પ્રાસાદ

તૃતીય ભેદ

नन्दिका कर्णिकायाञ्च तिलकं तु सुशोभनम् ।
दनुराज स्तदा नाम कर्तव्यश्च गृहोत्तम् ॥ ८१ ॥


ઉપર પ્રમાણે તલ તથા સ્વરૂપ ઉપર નંદિકા અને કર્ણિકા ઉપર એકેક સુશોભિત તિલક ચઢાવવું . આ પ્રાસાદનું નામ દનુરાજ છે, અને તે પ્રાસાદોમાં ઉત્તમ જાણવો.

શૃંગ ૨૨૯, તિલક ૩૨.

॥ ૩૧ ઇતિશ્રી દનુરાજ પ્રાસાદ ॥

"Aho Shrutgyanam"

૩૨ શ્રિયાંશ પ્રાસાદ



૯ મી વિભક્તિ

चतुरस्त्री कृते क्षेत्रे चतुर्विंशति भाजिते ।
भद्रार्धं त्रिपदं वत्स द्वौ रथो कर्ण तत्समः ॥८२॥

निर्गतं तत्प्रमाणेन सर्व शोभा समन्वितम् ।
कर्णे रथे भद्रे द्वे शृङ्गे तिलकं न्यसेत् ॥८३॥

श्रियांशो नाम विज्ञातो विपुल श्री विवर्धनः ।
कार्यः सुविधिनाथाय धर्मार्थ मोक्ष साधन ॥८४॥

ચોરસ ક્ષેત્રના ચોવીશ ભાગ કરવા, તેમાં કર્ણ, પ્રતિરથ, ઉપરથ અને ભદ્રાર્ધ એ સર્વે અંગો ત્રણ-ત્રણ ભાગનાં કરવા, તથા નીકળે સમદલ તલ પ્રમાણે કરવા. કર્ણ પ્રતિરથે બે બે શૃંગો અને તિલક ચઢાવવા. તથા ભદ્રે બે ઉરૂશૃંગ કરવા. પુષ્કળ લક્ષ્મીની વૃદ્ધિ કરનાર તથા ધર્મ-અર્થ-મોક્ષને આપનારો આ શ્રિયાંસ નામનો પ્રાસાદ જાણવો અને તે સુવિધિનાથ પ્રભુને કરવો.

શૃંગ રેખા	૧ + ૧ = ૨ × ૪ =	૮
,, પ્રતિરથ	૧ + ૧ = ૨ × ૮ =	૧૬
,, ભદ્રે	૨ ૨ × ૪ =	૮
,, મૂળપ્રાસાદ		૧
	કુલ શૃંગ	૩૩
તિલક		૧૨

॥ ઇતિશ્રી શ્રિયાંશ પ્રાસાદ ॥

"Aho Shrutgyanam"

૩૩ શ્રીવત્સ પ્રાસાદ

દ્વિતીય ભેદ

तद्रूपश्च प्रकर्तव्यं, तिलकं चोपरथके ।
श्रीवत्सो नाम विज्ञेयः श्रीपतेश्च सुखावहा ॥ ८५ ॥

ઉપર પ્રમાણે તલ તથા સ્વરૂપ ઉપર વિશેષમાં ઉપરથે તિલક ચઢાવવું. આ પ્રાસાદનું નામ શ્રી વત્સ પ્રાસાદ જાણવું અને તે લક્ષ્મીપતિના સુખને આપનારો છે.

શૃંગ	૩૩	તિલક	૨૦

॥ ૩૩ ઇતિ શ્રીવત્સ પ્રાસાદ ॥

૩૪ પુત્રદ પ્રાસાદ


તૃતીય ભેદ

तत्र स्थाने च कर्तव्यः, कर्णोर्ध्वे तिलकं न्यसेत् ।
पुत्रदो नाम विज्ञेयः पुत्रपौत्रादि वर्धन ॥ ८६ ॥


શ્રીવત્સ પ્રાસાદના તલ અને સ્વરૂપમાં વધારે કર્ણ ઉપર તિલક ચઢાવવું તો પુત્રદ નામનો પ્રાસાદ થાય, તે પુત્ર પૌત્રાદિક પરિવારની વૃદ્ધિ કરનારો છે.

શૃંગ	૩૩	તિલક	૨૪

॥ ૩૪ ઇતિશ્રી પુત્રદ પ્રાસાદ ॥



"Aho Shrutgyanam"



૨૫. શીતલ પ્રાસાદ

૧૦ મી વિભક્તિ

चतुर श्री कृते क्षेत्रे, चतुर्विंशति भाजिते ।
कर्णञ्चैव समाख्यातं चतुर्भागं च विश्रुतम् ॥८७॥

प्रतिरथं त्रयं ज्ञेयं, भद्रार्धं भूत भागिकम् ।
रथे कर्णे च शृङ्गैकं तदूर्ध्वे तिलक द्वयम् ॥८८॥

द्वादशैवोरुशृङ्गाणि, प्रत्यंगानि ततोऽष्टभिः ।
शीतलश्च तदा नाम, प्रासादोजिन वल्लभः ॥८९॥

ચોરસ ક્ષેત્રના ચોવિશ ભાગ કરવા, કર્ણ ભાગ ચાર, પ્રતિરથ ભાગ ત્રણ અને અર્ધ ભદ્ર ભાગ પાંચનું કરવું. કર્ણ તથા પ્રતિરથ ઉપર અકેક શૃંગ કરવું, અને તેના ઉપર બબ્બે તિલકો ચઢાવવા; ભદ્રે બાર ઉરૂશૃંગો ચઢાવવા, અને આઠ પ્રત્યાંગો કરવા, આ પ્રાસાદનું નામ શીતલ પ્રાસાદ છે, અને દશમા તીર્થંકર શીતલનાથને કરવો.

શૃંગ રેખા	૧ = ૧ × ૪	= ૪
,, પ્રતિરથ	૧ = ૧ × ૮	= ૮
,, ભદ્ર	૩ = ૩ × ૪	= ૧૨
,, પ્રત્યાંગ	૨ = ૨ × ૪	= ૮
,, મૂલપ્રાસાદ		૧
	કુલ શૃંગ	૩૩
તિલક		૨૪

॥ ૨૫ ઇતિશ્રી શીતલનાથ પ્રાસાદ ॥

"Aho Shrutgyanam"

३६. कीर्तिदायक प्रासाद

द्वितीय भेद—

तद्रूपं तत्प्रमाणश्च, कर्तव्यं पूर्वमानतः ।
कर्णोर्ध्वे च द्वयं शृङ्ग, प्रासादः कीर्तिदायकः ।। ९० ॥

शीतलनाथ प्रासाद प्रमाणे तल अने स्वरूप उपर विशेषमां कर्णे बे शृंगो करवां, आ प्रासाद कीर्तिदायक नामनो जाणवो.

तलमान	२४
शृंग	३७
तिलक	२०

॥ ३६ इतिश्री कीर्तिदायक प्रासाद ॥

३७. मनोहर प्रासाद

तृतीय भेद

कर्णे न सदृशं कार्यं प्रतिकर्णे तथैव च ।
तद्रूपं तत्प्रमाणश्च भद्रोर्ध्वे तत्समं तथा ॥ ९१ ॥


मनोहरश्च विज्ञेयः प्रासादोजिनमार्गतः ।
धर्मलाभश्च वृद्धिश्च संगतिर्महतां भवेत् ॥ ९२ ॥

उपरना प्रमाणे तल तथा स्वरूप करवुं. अने कर्णे समान प्रतिरथे बे शृंग चढावा, तथा भद्रे उरुशृंग छे ते ज मुजब करवा, आ मनोहर नामनो प्रासाद जाणवो, अने ते धर्म अने लाभनी वृद्धि करनार छे, अने महात्माओनी संगति आपनार छे.

तलभाग	२४
शृंग	४५
तिलक	१२

॥ ३७ इतिश्री मनोहर प्रासाद ॥

"Aho Shrutgyanam"



૩૮ સ્વકુલ પ્રાસાદ

૧૧ મી વિમક્તિ

चतुरस्री कृते क्षेत्रे ह्यष्टादश विभाजिते ।
कर्ण भाग त्रयं कार्यं रथभाग त्रयं तथा ॥९३॥
भद्रार्द्धं त्रिपदं वत्स चतुर्दिक्षु नियोजयेत् ।
निर्गमं पदमानेन हस्ताङ्गुल प्रमाणतः ॥९४॥
शृङ्गञ्च तिलकं कर्णे रथे भद्रे तु शृङ्गकम् ।
स्वकुलो नाम विज्ञेयः श्रेयांशजिनवल्लभः ॥९५॥

સમચોરસ ક્ષેત્રના અઢાર ભાગ કરવા, હે વત્સ ! તેમાં કર્ણ, પ્રતિરથ અને અર્ધ ભદ્ર ત્રણ–ત્રણ ભાગનું કરવું. આ પ્રમાણે ચારે દિશાએ યોજના કરવી. નીકાળે, પદમાને અથવા હસ્તાંગુલ પ્રમાણે એટલે જેટલા હસ્ત રેખામાન હોય તેટલા અંગુલ નીકાળો રાખવો. કર્ણ અને રથ ઉપર અકેક શૃંગ અને અકેક તિલક ચઢાવવું, ભદ્રે એક ઉરૂશૃંગ કરવું, સ્વકુલ નામનો પ્રાસાદ ૧૧ મા શ્રેયાંશનાથ પ્રભુને કરવો.

તલમાન	૧૮
શૃંગ રેખા	૧ = ૧ × ૪ = ૪
,, ઉપરથે	૧ = ૧ × ૮ = ૮
,, ભદ્ર	૧ = ૧ × ૪ = ૪
,, મૂલ પ્રાસાદ	૧
કુલ શૃંગ	૧૭
તિલક	૧૨

॥ ૩૮ ઇતિશ્રી સ્વકુલ પ્રાસાદ ॥

"Aho Shrutgyanam"

३९ कुलनंदन प्रासाद


द्वितीय भेद

तद्रूपं तत्प्रमाणश्च कर्तव्यं पूर्वमानतः ।
उरुशृङ्गाष्टकं कुर्यात्प्रासादे कुलनंदने ॥ ९६ ॥


ઉપર પ્રમાણે તલ સ્વરૂપ કરી ભદ્રે ચારે દિશાએ મળી આઠ ઉરૂશૃંગો કરવાં. આ પ્રાસાદ કુલનંદન નામનો જાણવો.

तलभाग	१८
शृंग	२१
तिलक	१२

॥ ३९ इतिश्री कुलनंदन प्रासाद ॥



"Aho Shrutgyanam"



૪૦ વાસુપૂજ્ય પ્રાસાદ

૧૨ મી વિભક્તિ,

चतुरस्री कृत क्षेत्रे, द्वाविंशपद भाजिते ।
पदानां तु चतुर्भागं, कर्णे चैव तु कारयेत् ॥९७॥
कोणिका पदमानेन, प्रतिरथं त्रिभागकम् ।
नंदिका भाग मेकेन, भद्राधश्च द्वि भागिकम् ॥९८॥
कर्णे कर्म त्रयं कार्यं, प्रतिकर्णे क्रम द्वयम् ।
नंदिकर्ण्योः शृङ्गकूट-मूर्ध्वे तिलक शोभनम् ॥९९॥
भद्रे चोरुत्रय कार्यं प्रत्यंगाष्टक लक्षितम् ।
वासुपूज्य स्तदानाम वासुपूज्य सुवल्लभः ॥१००॥

ચોરસ ક્ષેત્રના બાવીશ ભાગ કરવા, તેમાં કર્ણ ભાગ ચાર, કોણિકા ભાગ એક, પ્રતિરથ ભાગ ત્રણ તથા નંદિકા ભાગ એક અને અર્ધ ભદ્ર ભાગ બેનું કરવું. કર્ણે ત્રણ કર્મ કરવા. પ્રતિરથે બે કર્મ કરવા. નંદિકા અને કર્ણિકાએ અકેક શૃંગ-કૂટ કરવું, અને તેના ઉપર શોભાયમાન તિલક ચઢાવવા. ભદ્રે ત્રણ ઉરૂશૃંગો અને આઠ પ્રત્યાંગો કરવા.

વાસુપૂજ્ય નામનો પ્રાસાદ બારમા શ્રી વાસુપૂજ્ય પ્રભુને પ્રિય છે, આ પ્રાસાદ તેમને કરવો.

શૃંગ રેખા	૧૩ + ૯ + ૫ = ૨૭ × ૪	=૧૦૮
	૯ + ૫ = ૧૪ × ૮	=૧૧૨
,, નંદિ	૧ = ૧ × ૮	= ૮
,, કર્ણિકા	૧ = ૧ × ૮	= ૮
,, ભદ્ર	૩ = ૩ × ૪	= ૧૨
,, પ્રત્યંગ	૨ = ૨ × ૪	= ૮
,, મૂલ પ્રાસાદ		૧

તલભાગ ૨૨ તિલક ૧૬, કુલ ૨૫૭

॥ ૪૦ ઇતિશ્રી વાસુપૂજ્ય પ્રાસાદ ॥

"Aho Shrutgyanam"

४१ रत्नसंभव प्रासाद

द्वितीय भेद

तद्रूपञ्च प्रकर्तव्यं, कर्णोर्ध्वे तिलकंन्यसेत् ।
रत्न संभव नामोऽयं, गृहराजः सुखावहः ॥ १०१ ॥

धर्मदाः कीर्तिदश्चैव, पुरे धर्मविवर्धनः ।
धर्मरुपाश्च कर्तारः कारोपि धर्मनायकः ॥ १०२ ॥

ઉપર પ્રમાણે, તલ અને સ્વરૂપ ઉપર વધારામાં કર્ણ ઉપર એક તિલક ચઢાવવું. આ પ્રાસાદનું નામ રત્નસંભવ જાણવું. આ પ્રાસાદ બધા પ્રાસાદોમાં સર્વોત્તમ છે, તથા સર્વ પ્રકારનું સુખ-ધર્મ અને કીર્તિને આપનારો છે, નગરમાં ધર્મની વૃદ્ધિ કરનારો છે, આ પ્રાસાદ કરનાર ધાર્મિક અને કરાવનાર ઉત્તમ ધાર્મિક જાણવો.

तलभाग	२२
शृंग	२५७
तिलक	२०


॥ ४१ इतिश्री रत्नसंभव प्रासाद ॥





"Aho Shrutgyanam"

૪૨. विमलवल्लभ प्रासाद



૧૩ મી વિભક્તિ

चतुरस्री कृते क्षेत्रे चतुर्विंशति भाजिते ।
पादोन पञ्चभागेन कर्णस्तत्र विधीयते ॥१०३॥
तत्समः प्रतिकर्णश्च पादैका कोणिनंदिका ।
भद्रार्धं सार्धपंचार्धं निर्गमं भागमेव च ॥१०४॥
समानञ्च रथं ज्ञेयं कर्तव्यञ्च चतुर्दिशम् ।
प्रासादस्य स्वरूपञ्च कर्तव्यं लक्षणान्वितम् ॥१०५॥
कर्णे शृङ्गत्रयं कार्यं प्रतिकर्णे तथैव च ।
नंदिका कोणिका कायाश्च शृङ्गकूटं सुशोभनम्॥१०६॥
भद्रे चैवोरुचत्वारि प्रत्यंगानि ततोऽष्टभिः ।
विमलवल्लभ नामोऽयं प्रासादो विमल प्रियः ॥१०७॥
प्रासादेऽस्मिन्कृते चैव धर्म मोक्षं च विंदति ।
इहलोके लभेत्कीर्तिं स्वर्गे चैव महीयते ॥१०८॥

ચોરસ ક્ષેત્રના ચોવિશ ભાગ કરવા, તેમાં કર્ણ ભાગ ત્રણ, પ્રતિકર્ણ પણ તે જ પ્રમાણે ત્રણ ભાગ, કોણિ, નંદિકા એકેક ભાગની કરવી, અર્ધ-ભદ્ર ભાગ ચારનું કરવું, નીકાળે એક ભાગ રાખવું. પ્રતિરથ નીકાળે સમચોરસ કરવું. આ પ્રમાણે ચારે દિશાએ યોજના કરવી.

કર્ણે અને પ્રતિરથે ત્રણ ત્રણ શૃંગ કરવાં, નંદિકા અને કોણિકાએ સુશોભિત એકેક શૃંગ કરવા તથા કૂટ કરવા. ભદ્રે ચાર ઉરૂશૃંગો કરવા. અને આઠ પ્રત્યંગો કરવાં, આ પ્રાસાદનું નામ વિમલવલ્લભ અને તે ૧૩ મા વિમલનાથ પ્રભુને પ્રિય છે.

"Aho Shrutgyanam"

આ પ્રાસાદ કરવાથી ધર્મ અને મોક્ષ મળે છે, તથા કરાવનાર આ લોકમાં કીર્તિ અને સ્વર્ગમાં પ્રતિષ્ઠા પામે છે.

શૃંગ રેખા	૧ + ૧ + ૧ = ૩ × ૪ =	૧૨
,, પ્રતિરથ	૧ + ૧ + ૧ = ૩ × ૮ =	૨૪
,, કોણિકા	૧ = ૧ × ૮ =	૮
,, નંદિ	૧ = ૧ × ૮ =	૮
,, ભદ્ર	૪ = ૪ × ૪ =	૧૬
,, પ્રત્યંગ	૨ = ૨ × ૪ =	૮
,,મૂલપ્રાસાદ		૧
	કુલ શૃંગ	૭૭

તલભાગ ૨૪

॥ ૪૨ ઇતિશ્રી વિમલવલ્લભ પ્રાસાદઃ ॥

૪૩. મુક્તિસંઘટ્ટ પ્રાસાદ

દ્વિતીય ભેદ,

તદ્રૂપશ્ચ પ્રકર્તવ્યં દાપયેત્તિલક રથે ।
કર્ણિકા યાં દ્વિશૃઙ્ગ હિ પ્રાસાદો જિન વલ્લભઃ ॥ ૧૦૯ ॥

મુક્તિ સંઘટ્ટનામોઽયં મુક્તિભુક્તિપ્રદાયકઃ ।
સર્વજિનેષુ કર્તવ્યો યથેચ્છં કામદાયકઃ ॥ ૧૧૦ ॥

ઉપર પ્રમાણે તલ તથા સ્વરૂપ ઉપર વિશેષમાં રથે એક તિલક ચઢાવવું. કોણિકાએ બે બે શૃંગ ચઢાવવા. આ પ્રાસાદ જિનદેવોને બહુ જ પ્રિય છે. "મુક્તિસંઘટ્ટ" નામનો પ્રાસાદ વૈભવ અને મોક્ષ આપનાર છે અને ઇચ્છિત સર્વ કામનાઓની સિદ્ધિ કરનાર છે આ સર્વ જિનદેવતાઓ માટે કરવો શુભકારક છે.


તલભાગ	૨૪
શૃંગ	૮૫
તિલક	૮

॥ ૪૩ ઇતિશ્રી મુક્તિસંઘટ્ટ પ્રાસાદ ॥

"Aho Shrutgyanam"

૪૪. अनंत प्रासाद

૧૪ મી વિભક્તિ



चतुरस्री कृते क्षेत्रे, विंशतिपद भाजिते ।
त्रीणि त्रीणि पदनंद्यां, पुनस्त्रीणिच भद्रके ॥१११॥

निर्गमं पद मानेन, त्रिषुस्थानेषु भद्रके ।
कर्णे कर्म त्रयं कार्यं, रथोर्ध्वेचैव तत्समम् ॥११२॥

भद्रे चैवोरुचत्वारि, नंदिकायां क्रमद्वयम् ।
अनंतो नाम विज्ञेय श्चानन्तश्रियमालभेत् ॥११३॥

સમચોરસ ક્ષેત્રના વીશ (૨૦) ભાગ કરવાં, તેમાં કર્ણ, પ્રતિરથ અને અર્ધ ભદ્ર ત્રણ ત્રણ ભાગનું કરવું. તેમજ નંદિકા ભાગ એક ભદ્રની પાસે કરવી. નીકાળે સર્વ અંગો અકેક ભાગના રાખવા.

કર્ણ અને રથ ઉપર ત્રણ ત્રણ કર્મ ચઢાવવાં. ઉરૂશૃગ ચાર કરવાં અને નંદિકાએ શૃંગ બે ચઢાવવાં. આ અનંત નામનો પ્રાસાદ જાણવો. અને તે ચૌદમા શ્રી અનંતનાથ પ્રભુને કરવો. આ પ્રાસાદ કરવાથી અનંત લક્ષ્મી મળે છે.

તલભાગ ૨૦

શૃંગ રેખા	૧૩+૯+૫ = ૨૭×૪ =	૧૦૮
,, ઉપરથ	૧૩+૯+૫ = ૨૭×૮ =	૨૧૬
,, નંદિકા	૨ = ૨×૮ =	૧૬
,, ભદ્ર	૪ = ૪×૪ =	૧૬
,, મૂલ પ્રાસાદ	૧ =	૧

કુલ શૃંગ ૩૫૭

॥ ૪૪ इतिश्री अनंतप्रासादः ॥

"Aho Shrutgyanam"

४५. सुरेन्द्र प्रासाद

द्वितीय भेद,

अनंत स्यैव संस्थाने, रथोर्ध्वे तिलकं न्यसेत् ।
सुरेन्द्रो नाम विज्ञेयः सर्वदेवेषु वल्लभः ॥ ११४ ॥

અનંત પ્રાસાદ પ્રમાણે તલ અને સ્વરૂપ ઉપર ફક્ત વિશેષમાં રથ ઉપર એક તિલક ચઢાવવું, આ પ્રાસાદનું નામ 'સુરેન્દ્ર પ્રાસાદ' જાણવું અને તે સર્વ દેવોને પ્રિય છે.

તલભાગ	૨૦
શૃંગ	૩૫૭
તિલક	૮

॥ ४५ इतिश्री सुरेन्द्र प्रासादः ॥

४६. वृक्षराज प्रासाद

तृतीय मेद


नंदिकायां प्रदातव्यं, वृक्षराजेति नामतः ।
कृतेनानेन देवानां, सुख भवेति शाश्वतम् ॥ ११५ ॥

ઉપર પ્રમાણે તલ તથા સ્વરૂપ ઉપર નંદિકાએ એક તિલક ચઢાવવું, પ્રાસાદનું નામ વૃક્ષરાજ જાણવું. આ પ્રાસાદ કરવાથી દેવોને નિત્ય સુખની પ્રાપ્તિ થાય છે.

તલ ભાગ	૨૦
શૃંગ	૩૫૭
તિલક	૧૨

॥ ४६ इतिश्री वृक्षराज प्रासादः ॥

"Aho Shrutgyanam"



૪૭. ધર્મદ પ્રાસાદ

૧૫ મી વિભક્તિ

चतुरस्त्री कृते क्षेत्रे त्वष्टाविंशति भाजिते ।
कर्णरथं च भद्रार्धं युग भागं विधीयते ॥११६॥

निर्गमं तत्प्रमाणेन नंदिकोणी द्वि भागिका ।
केशरी सर्वतोभद्रं रथे कर्णे च दापयेत् ॥११७॥

तदुर्ध्वे तिलकं ज्ञेयं सर्व शोभा समन्वितम् ।
नंदिका कोणिकायाश्च शृंगोर्ध्वे शृंगमुत्तमम् ॥११८॥

भद्रे चैवोरुत्वारि प्रत्यङ्गामि चतुर्दिशम् ।
धर्मदो नामविख्यातः पुरे धर्मविवर्धनः ॥११९॥

ચોરસ ક્ષેત્રના અઠ્યાવીશ (૨૮) ભાગ કરવા, તેમાં કર્ણ, પ્રતિરથ અને અર્ધ ભદ્ર ચાર ચાર ભાગનું કરવું. નિકાળે પણ તે જ પ્રમાણે કરવું નંદિકા અને કોણિકા અકેક ભાગની સમદલ કરવી. કર્ણે અને રથે પહેલું શૃંગ સર્વતોભદ્ર, બીજું શૃંગ કેસરી કરવું, તથા તેના ઉપર શોભાયમાન અકેક તિલક ચઢાવવું, નંદિકા અને કોણિકાએ બે બે શૃંગ કરવા. ભદ્રે ચાર ઉરુશૃંગો કરવા, ચારે દિશાએ મળી પ્રત્યંગો આઠ કરવા.

આ પ્રાસાદનું નામ ધર્મદ પ્રાસાદ છે. નગરમાં કરવાથી લક્ષ્મીની વૃદ્ધિ થાય છે અને ૧૫મા શ્રી ધર્મનાથ પ્રભુને કરવો.

"Aho Shrutgyanam"

શૃંગ રેખા	૯ + ૫	=	૧૪ × ૪	=	૫૬
,, ઉપરથ	૯ + ૫	=	૧૪ × ૮	=	૧૧૨
,, નંદિ	૧ + ૧	=	૨ × ૮	=	૧૬
,, કોણિકા	૧ + ૧	=	૨ × ૮	=	૧૬
,, ભદ્ર	૪	=	૪ × ૪	=	૧૬
,, પ્રત્યંગો	૨	=	૨ × ૪	=	૮
,, મૂલ પ્રાસાદ					૧
				કુલ શૃંગ	૨૨૫
	તિલક				૧૨
	તલ				૨૮

॥ ૪૭ ઇતિશ્રી ધર્મદ પ્રાસાદઃ ॥

૪૮. ધર્મવૃક્ષ પ્રાસાદ

દ્વિતીય ભેદ,

રથોર્ધ્વે ચ કૃતશૃઙ્ગે ધર્મવૃક્ષશ્ચનામતઃ ।
ધર્મ વૃદ્ધિશ્ચ ઋદ્ધિશ્ચ જિનાનાં તુ વિશેષતઃ ॥ ૧૨૦ ॥


ઉપર પ્રમાણે તલ તથા સ્વરૂપ ઉપર વિશેષમાં રથ ઉપર તિલકના બદલે એક શૃંગ ચઢાવવું તો ધર્મવૃક્ષ નામનો પ્રાસાદ થાય અને તે ધર્મની વૃદ્ધિ કરનારો, રિદ્ધિને આપનારો છે અને તે જિનેંદ્રોને વિશેષ પ્રિય છે.

તલ ભાગ	૨૮
શૃંગ	૨૩૩
તિલક	૮

॥ ૪૮ ઇતિશ્રી ધર્મવૃક્ષ પ્રાસાદઃ

"Aho Shrutgyanam"

૪૯. શાન્ત પ્રાસાદ



૧૬ મી વિભક્તિ

चतुरस्री कृते क्षेत्रे, द्वादशांश विभाजिते ।
कर्ण भाग द्वयंकार्यं, प्रतिकर्ण तथैव च ॥१२१॥

भद्रार्धं सार्धं भागेन नंदिका चार्ध भागतः ।
कर्णे कर्म द्वयं कार्यं प्रतिकर्णे तथैव च ॥१२२॥

नंदिकायां श्रृंगकूटे ह्युरुङ्गाणि द्वादश ।
शान्तो नाम च विज्ञेयः कर्तव्यं सर्वदेवना ॥१२२॥

ચોરસ ક્ષેત્રના બાર ભાગ કરવા, કર્ણ અને પ્રતિરથ બે બે ભાગ કરવા, ભદ્ર અર્ધું દોઢ ભાગ તથા નંદિકા અર્ધા ભાગની કરવી. કર્ણે અને પ્રતિકર્ણે બે બે કર્મો ચઢાવવા, નંદિકાએ એક શૃંગ અને એક કૂટ કરવું અને ભદ્રે ચારે દિશાએ મળી બાર ઉરૂશૃંગો કરવા. શાન્ત નામનો પ્રાસાદ સર્વજિન દેવોને કરવો, વિશેષે કરી ૧૬ મા શ્રી શાન્તિનાથ પ્રભુને કરવો, આ પ્રાસાદને શ્રીલિંગ પ્રાસાદ પણ કહે છે.

તલ		૧૨
શૃંગ રેખા	૯ + ૫ = ૧૪ × ૪ =	૫૬
,, પ્રતિકર્ણ	૯ + ૫ = ૧૪ × ૮ =	૧૧૨
,, નંદિ	૧ = ૧ × ૮ =	૮
,, ભદ્ર	૩ = ૩ × ૪ =	૧૨
,, મૂળ પ્રાસાદ		૧
	કુલ શૃંગ	૧૮૯
	કૂટ	૮

॥ इतिश्री शान्तप्रासादः ॥

"Aho Shrutgyanam"

૫૦. कामदायक प्रासाद


द्वितीय भेद

तद्रूपं तत्प्रमाणञ्च कर्तव्यं पूर्वमानतः ।
उरुशृङ्गं पुनर्दद्यात् प्रासाद कामदायकः ॥ १२४ ॥

પૂર્વમાન પ્રમાણે તલ તથા સ્વરૂપ કરવું, પણ ભદ્રે એક ઉરુશૃંગ વિશેષ કરવું. આ પ્રાસાદનું નામ કામદાયક છે.

તલ ભાગ	૧૨
શૃંગ	૧૯૩
કૂટ	૮


॥ ૫૦ इतिश्री कामदायक प्रासाद ॥



• નન્દિની નામ સંવર્ણી (૨) ભાગ ૩૨. ઘણ્ટિકા ૬. કૂટ ૬૮, સિંહ ૩૨. •
પ્રભાશંકર. ઓ. સ્થપતિ.

"Aho Shrutgyanam"

૫૧. શ્રી કુંથુનાથ પ્રાસાદ



૧૭ મી વિભક્તિ

चतुरस्त्री कृते क्षेत्रे, चाष्ट भागविभाजिते ।
कर्णस्यादेक भागश्च, प्रतिकर्ण स्तथैव च ॥१२५॥

नन्दिका चैव भागार्धं, त्रिपदं भद्र विस्तरम् ।
निर्गमं पदमानेन स्थापये च दिशासु वै ॥१२६॥

कर्णे च केशरी दद्यात्, तदूर्ध्वे तिलकं न्यसेत् ।
प्रतिकर्णे च तद्रूपं, नंद्यां तु तिलक न्यसेत् ॥१२७॥

भद्रे शृङ्गद्वयं कार्यं, कुथुनामेति नामतः ।
देवानां वल्लभः श्रेष्ठो, जिनेन्द्रः कुन्थुवल्लभ ॥१२८॥

ચોરસ ક્ષેત્રના આઠ ભાગ કરવા. કર્ણ અને પ્રતિકર્ણ એકેક (૧) ભાગના કરવા. ભદ્ર પડખે અર્ધા ભાગની નંદિકા કરવી અને આખું ભદ્ર ત્રણ ભાગનું કરવું અને નીકાળે એક ભાગ કરવું. આ પ્રમાણે ચારે દિશાએ સ્થાપના કરવી.

કર્ણે કેશરી શૃંગ કરવું અને તે ઉપર તિલક કરવું, પ્રતિકર્ણે પણ કર્ણ સમાન કરવું. નંદિકાએ એક તિલક કરવું. ભદ્રે બે ઉરૂશૃંગો કરવા, આ કુંથુનાથ પ્રાસાદ જાણવો. અને તે દેવોને પ્રિય છે પણ ૧૭ મા શ્રી કુન્થુનાથ જિનેન્દ્રને કરવો સર્વ શ્રેષ્ઠ છે.

"Aho Shrutgyanam"

તલ			૮.	
શૃંગ રેખા	૫	=	૫ × ૪ =	૨૦
,, ઉપકર્ણ	૫	=	૫ × ૮ =	૪૦
,, ભદ્રે	૨	=	૨ × ૪ =	૮
,, મૂલ પ્રાસાદ				૧
			કુલ	૬૯
તિલક	૨૦			

॥ ૫૧ ઇતિશ્રી કુન્થુનાથ પ્રાસાદ ॥

૫૨. શક્તિદ્ પ્રાસાદ

દ્વિતીય મેદ

તદ્રૂપશ્ચ પ્રકર્તવ્યં, રથોર્ધ્વે તિલકં ન્યસેત્ ।
શક્તિદો નામ વિજ્ઞેયઃ શ્રીદશ્ચૈવ સુખાવહા ॥ ૧૨૯ ॥

ઉપર પ્રમાણે તલ તથા સ્વરૂપ કરવું. તિલક એક જાણવું. આ શક્તિદ નામનો પ્રાસાદ જાણવો અને તે લક્ષ્મી તથા સુખને આપનાર છે.

તલ	૮
શૃંગ	૬૯
તિલક	૨૮

॥ ૫૨ ઇતિશ્રી શક્તિદ્ પ્રાસાદ ॥

૫૩. હર્ષણ પ્રાસાદ

તૃતીય મેદ


કર્ણોર્ધ્વે તુ પ્રદાતવ્યં, શૃઙ્ગ શૃઙ્ગ તથૈવ ચ ।
પ્રાસાદો હર્ષણો નામ, જિનાનાં હર્ષદાયક ॥ ૧૩૦ ॥

પૂર્વ પ્રમાણે તલ તથા સ્વરૂપ કરવા, વિશેષે કરીને કર્ણ ઉપર અકેક શૃંગ ચારે તરફ ચઢાવવું. આ પ્રાસાદનું નામ હર્ષણપ્રાસાદ જાણવું અને તે જિનેંદ્રોને હર્ષ આપનાર છે.

તલ	૮
શૃંગ	૭૩
તિલક	૨૮

॥ ૫૩ ઇતિશ્રી હર્ષણ પ્રાસાદ ।

"Aho Shrutgyanam"



૫૪. कमलकंद श्री अरनाथवल्लभ प्रासाद

૧૮ મી વિભક્તિ

चतुरस्री कृते क्षेत्रे, चाष्ट भाग विभाजिते ।
कर्ण द्वि भागिकं ज्ञेयं, भद्रार्धञ्च द्विभागिकम् ।१३१।

कर्णे च शृङ्गमेकर्तु, केशरी च विधियते ।
भद्रे चैवोद्गमः कार्यो, जिनेन्द्रश्चारनाथकः ।१३२।

जिनेन्द्र इति त्वं विद्धि भोवत्स, प्रासादोजिनवल्लभः ।
कमलकंद नामोऽयं, जिनशासन मार्गतः ।१३३।

ચોરસ ક્ષેત્રના આઠ (૮) ભાગ કરી કર્ણ બે (૨) ભાગનો કરવો અને અર્ધું ભદ્ર પણ બે (૨) ભાગનું કરવું, કર્ણ ઉપર કેશરી નામનું એક શૃંગ ચઢાવવું અને ભદ્રે દોઢિઓ કરવો.

હે વત્સ ! આ પ્રાસાદની રચના વિધિ આ પ્રકારે છે, અને તે ૧૮ મા શ્રી અરનાથ પ્રભુને કરવો. જિનશાસનાનુસાર આ પ્રાસાદનું નામ 'કમલકંદ' જાણવું.

તલ	૮		
શૃંગ રેખા	૫ = ૫ × ૪	=	૨૦
,, મૂલ પ્રાસાદ			૧
		કુલ	૨૧

।। ૫૪ इतिश्री कमलकंद श्री अरनाथवल्लभ प्रासाद ।।

"Aho Shrutgyanam"

૫૫. केवलीनाम प्रासाद

द्वितीय भेद—

कर्णे च तिलकं ज्ञेयं श्री शैलेश्वर वल्लभः ।
केवली नाम प्रासादः सर्व जिनेषु पूजित ॥ १३४ ॥

ઉપર પ્રમાણે તલ અને સ્વરૂપ કરવા, વિશેષમાં કર્ણે એક તિલક વધારવું, શ્રી શૈલેશ્વર વલ્લભ એવો આ "કેવલી" નામનો પ્રાસાદ જાણવો અને તે સર્વ જિનોમાં પૂજાયેલ છે.

તલ	૮
શૃંગ	૨૧
તિલક	૪

॥ ૫૫ इतिश्री केवली प्रासादः ॥

૫૬. अर्हन्त प्रासाद

तृतीय भेद


भद्रे चैवोरुचत्वादि प्रासादे त्वरि नाशने ।
दापितोऽसौ जिनेन्द्रेण चार्हन्तेन महात्मना ॥ १३५ ॥

પૂર્વ પ્રમાણે તલ તથા સ્વરૂપ કરવી, વિશેષમાં ભદ્રે ચારે બાજુ ચાર ઉરૂશૃંગો ચઢાવવાં. આ પ્રાસાદનું નામ "અર્હન્ત" છે. અને તે મહાત્મા શ્રી જિનેન્દ્ર અર્હંત પ્રભુએ આપેલો છે.

તલ	૮
શૃંગ	૨૫
તિલક	૪

॥ ૫૬ इतिश्री अर्हन्त प्रासाद ॥

"Aho Shrutgyanam"



૫૭. महेन्द्रनाम प्रासाद

૧૯ મી વિભક્તિ

चतुरस्री कृते क्षेत्रे द्वादशपद भाजिते ।
कर्ण भाग द्वय कार्यं प्रतिरथश्च सार्धकम् ।१३६।

भद्रार्धश्च द्वि सार्धन्तु चतुर्दिक्षु व्यवस्थितम् ।
कर्णे कर्म द्वयं कार्यं प्रतिरथे तथैव च ।१३७।

द्वादशैवोरुशृङ्गाणि स्थापयेच्च चतुर्दिशम् ।
महेन्द्रश्चेति नामोऽयं जिनेन्द्रो मल्लिवल्लभ ।१३८।

ચોરસ ક્ષેત્રના બાર (૧૨) ભાગ કરવા, તેમાં કર્ણ ભાગ બે (૨) પ્રતિરથ ભાગ દોઢ (૧॥) અને અર્ધ ભદ્ર ભાગ અઢી (૨॥)નું કરવું. આ પ્રમાણે ચારે દિશાએ વ્યવસ્થિત કરવું, કર્ણ અને પ્રતિરથ ઉપર બે બે કર્મ કરવાં. ભદ્ર ચારે દિશાએ મળી. બાર ઉરૂશૃંગો કરવાં, આ પ્રાસાદનું નામ મહેન્દ્ર પ્રાસાદ છે, અને તે ઓગણીશમાં જિનેન્દ્ર શ્રી મલ્લિનાથ પ્રભુને કરવો. ૧૩૬ થી ૧૩૮.

	તલ ૧૨
શૃંગ રેખા	૯ + ૫ = ૧૪ × ૪ = ૫૬
,, પ્રતિરથ	૯ + ૫ = ૧૪ × ૮ = ૧૧૨
,, ભદ્ર	૩ = ૩ × ૪ = ૧૨
,, મૂલ પ્રાસાદ	૧
કુલ શૃંગ	૧૮૧

॥ ૫૭ ઇતિશ્રી મહેન્દ્ર પ્રાસાદ ॥

"Aho Shrutgyanam"

૫૮. पापनाशन प्रासाद


द्वितीय भेद

रथोर्ध्वे तिलकं दद्यात् प्रासादो पापनाशनः ।
ज्ञान मोक्ष प्रदाता वै, जिनेन्द्राश्च विश्रुता ॥ १३९ ॥


પૂર્વ પ્રમાણે તલ તથા સ્વરૂપ ઉપર વિશેષ રથે એક તિલક ચઢાવવાથી પાપનાશન નામનો પ્રાસાદ થાય. અને તે સર્વ જિનોમાં પ્રસિદ્ધિ પામેલો તથા જ્ઞાન અને મોક્ષનો દાતા છે.

તલ	૧૨
શૃંગ	૧૮૧
તિલક	૮

॥ ૫૮ इतिश्री पापनाशन प्रासाद ॥



"Aho Shrutgyanam"



૫૯ मान संतुष्टि प्रासाद

૨૦ મી વિભક્તિ

चतुरस्त्री कृते क्षेत्रे, चतुर्दश विभाजिते ।
बाहुद्वयं रथं कर्णं, भद्रार्धञ्च त्रिभागिकम् ।१४०।

श्री वत्सः केशरीचैव कर्णे रथे क्रमद्वयम् ।
द्वादशैवोरुशृङ्गाणि स्थापयेच्च चतुर्दिशम् ।१४१।

मान संतुष्टिनामोऽयं जिनेन्द्रो मुनिसुव्रतः ।
व्रतादि नियमं पूर्ण दर्शनादेव सिध्यति ।१४२।

ચોરસ ક્ષેત્રના ચૌદ (૧૪) ભાગ કરવા, તેમાં કર્ણ અને પ્રતિરથ બે બે ભાગના કરવા, અર્ધુ ભદ્ર ભાગ ત્રણનું કરવું. કર્ણ અને પ્રતિરથ ઉપર બે બે ક્રમ કરવા; તેમાં પહેલું કેશરી અને બીજુ શ્રીવત્સ ચઢાવવું, ચારે દિશાએ મળી ભદ્રે બાર (૧૨) ઉરૂશૃંગો કરવા, આ પ્રાસાદનું નામ 'માન સંતુષ્ટિ' છે, અને તે ૨૦ મા જિનેન્દ્ર શ્રી મુનિ-સુવ્રતસ્વામીને કરવો, તેમજ આ પ્રાસાદના દર્શનથી જ સર્વ પ્રકારના વ્રત નિયમાદિ પૂર્ણ થાય છે.

તલ		૧૪
શૃંગ રેખા	૫ + ૧ = ૬ × ૪ =	૨૪
,, પ્રતિકર્ણ	૫ + ૧ = ૬ × ૮ =	૪૮
,, ભદ્ર	૩ = ૩ × ૪ =	૧૨
,, મૂલ પ્રાસાદ		૧
કુલ		૮૫
તિલક		૮

॥ ૫૯ ઇતિશ્રી માનસંતુષ્ટિ પ્રાસાદ ॥

"Aho Shrutgyanam"

૬૦ ગૌરવ પ્રાસાદ


દ્વિતીય ભેદ

मानसंतुष्टि संस्थाने कर्णे द्वि केशरी न्यसेत् ।
गौरवो नाम विज्ञेयः कर्तव्यः त्रिषु मूर्तिषु ॥ १४३ ॥

માન સંતુષ્ટિ પ્રાસાદ પ્રમાણે તલ અને સ્વરૂપમાં વિશેષ કર્ણ ઉપર બે કેશરી કર્મ ચઢાવવાં, આ પ્રાસાદનું નામ ગૌરવ છે અને તે ત્રિમૂર્તિ માટે કરવો.


તલ	૧૪
શૃંગ	૧૦૧
તિલક	૮

॥ ૬૦ ઇતિશ્રી ગૌરવ પ્રાસાદ ॥



"Aho Shrutgyanam"

૬૧ सुमतिकीर्ति प्रासाद



૨૧ મી વિભક્તિ

चतुरस्त्री कृते क्षेत्रे षड्विंशपद भाजिते ।
कर्णे भागास्तु चत्वारः प्रतिकर्णे तथैव च ॥१४४॥
भद्रं द्विभागिका कुर्या चतुर्दिक्षु व्यवस्थितम् ।
कर्णे कर्मत्रयं कार्यं प्रतिकर्णे क्रमद्वयम् ॥१४५॥
द्वादशैवोरुशृङ्गाणि प्रत्यंगानि द्वात्रिंशतिः ।
मंदिरं प्रथमं कर्मे सर्वतोभद्र मेव च ॥१४६॥
केशरी तृतीये कर्मे मंजरीतिलकैर्युतम् ।
सुमतिकीर्ति नामोऽयं नमिनाथस्य वल्लभ ॥१४७॥

ચોરસક્ષેત્રના છવ્વીશ (૨૬) ભાગ કરવાં, કર્ણ અને પ્રતિકર્ણ બન્ને ચાર ચાર ભાગના કરવા. આખું ભદ્ર દશ ભાગનું કરવું. આ પ્રમાણે ચારે તરફ વ્યવસ્થા કરવી. કર્ણે મંદિર, સર્વતોભદ્ર અને કેશરી નામે ત્રણ કર્મ, પ્રતિકર્ણે મંદિર અને સર્વતોભદ્ર નામે બે કર્મ તથા તેના ઉપર સુશોભિત મંજરીઓ કરવી. બાર ઉરૂશૃંગો તથા બત્રીશ પ્રત્યંગો કરવાં. આ પ્રાસાદનું નામ સુમતિકીર્તિ છે અને એકવીશમા નમિનાથ પ્રભુને માટે કરવો.

		તલ	૨૬
શૃંગ રેખા	૨૫+૬+૫	= ૩૬×૪	= ૧૫૬
,, પ્રતિકર્ણ	૨૫+૬	= ૩૪×૮	= ૨૭૨
,, ભદ્ર	૩	= ૩×૪	= ૧૨
,, પ્રત્યંગો	૮	= ૮×૪	= ૩૨
,, મૂલ પ્રાસાદ			૧
		કુલ	૪૭૩
તિલક			૧૬

॥ ૬૧ ઇતિશ્રી સુમતિકીર્તિ પ્રાસાદ ॥

"Aho Shrutgyanam"

૬૨ जिनेन्द्रायतन प्रासाद

द्वितीय भेद

तद्रूपश्च प्रकर्तव्यं रथे शृङ्ग च दापयेत् ।
जिनेन्द्रायतनो नाम प्रासादः सुरसुप्रियः ॥ १४८ ॥

ઉપર પ્રમાણે તલ તથા સ્વરૂપ ઉપર વિશેષમાં રથે એક શૃંગ ચઢાવવું. આ પ્રાસાદનું નામ જિનેન્દ્રાયતન છે અને તે સર્વદેવોને ઘણો પ્રિય છે.

તલ	૨૬
શૃંગ	૪૮૧
તિલક	૮

॥ ૬૨ इतिश्री जिनेन्द्रायतन प्रासाद ॥

૬૩ राजेन्द्र प्रासाद

तृतीय भेद

तद्रूपञ्च प्रकर्तव्यं मुरुशृङ्गाणि षोडश ।
पूजिते लभते राज्यं स्वर्गे च पृथिवीतले ॥ १४९ ॥


પૂર્વ પ્રમાણે તલ તથા સ્વરૂપ ઉપર મુજબ જાણવું. વિશેષમાં ભદ્રે સોલ ઉરૂ-શૃંગો કરવાં, આ રાજેન્દ્ર નામનો પ્રાસાદ જાણવો. આ પ્રાસાદ કરી પૂજવાથી સ્વર્ગ અને પૃથ્વીનું રાજ મળે.

તલ	૨૬
શૃંગ	૪૮૫
તિલક	૮

॥ ૬૩ इतिश्री राजेन्द्र प्रासाद ॥

"Aho Shrutgyanam"

૬૪ નેમીન્દ્ર પ્રાસાદ



૨૨ મી વિભક્તિ

चतुरस्त्री कृते क्षेत्रे द्वाविंशपद भाजिते ।
बाहेन्दु युग्म रूपेन्दु-द्वयेन्दुभिः क्रमेण वै ॥१५०॥

भद्रार्धञ्च द्वयं कार्यं स्थापयेत्तु चतुर्दिशम् ।
केशरी सर्वतोभद्रं कर्णे चैव क्रमद्वयम् ॥१५१॥

केशरी तिलकञ्चैव रथोर्ध्वे तु प्रकीर्तितम् ।
कर्णिका नंदिका चैव शृंङ्गतिलक भूषिता ॥१५२॥

भद्रे चैवोरुचत्वारि प्रत्यङ्ग षोडशं भवेत् ।
नेमीन्द्र समनामोऽयं प्रासादो नेमिवल्लभ ॥१५३॥

સમચોરસ ક્ષેત્રના બાવીશ ભાગ કરવા. તેમાં કર્ણ ભાગ બે, કર્ણિકા ભાગ એક, પ્રતિકર્ણ ભાગ બે, કોણિકા ભાગ એક, ઉપરથ ભાગ બે, નંદિકા ભાગ એક અને ભદ્રાર્ધ ભાગ બે કરવું. આ પ્રમાણે ચારે દિશાએ યોજના કરવી. કર્ણ ઉપર સર્વતોભદ્ર અને કેશરી એમ બે ક્રમ કરવા. પ્રતિરથ અને ઉપરથ ઉપર કેશરી શૃંગ અને એક તિલક કરવું, કોણિકા અને નંદિકાએ અકેક શૃંગ અને અકેક તિલકથી વિભૂષિત કરવી. ભદ્રે ચાર ઉરૂશૃંગો ચઢાવવાં અને સોળ પ્રત્યંગો કરવાં. આ અતિ સુંદર પ્રાસાદનું નામ નેમીન્દ્ર છે, અને તે ૨૨ મા શ્રી નેમિનાથ પ્રભુને પ્રિય છે.

"Aho Shrutgyanam"

તલ	૨૨					
શૃંગ રેખા	૯ + ૫	=	૧૪ × ૪	=	૫૬
,, ઉપરથ	૫	=	૫ × ૮	=	૪૦
,, પ્રતિરથ	૫	=	૫ × ૮	=	૪૦
,, કોણિકા નંદિકા	૧	=	૧ ×૨૪	=	૨૪
,, ભદ્ર	૪	=	૪ × ૪	=	૧૬
,, પ્રત્યંગ	૪	=	૪ × ૪	=	૧૬
,, મૂલ પ્રાસાદ					૧
			કુલ		૧૯૩
તિલક			૪૦		

॥ ૬૪ ઇતિશ્રી નેમીન્દ્ર પ્રાસાદ ॥

૬૫ યતિભૂષણ પ્રાસાદ

દ્વિતીય ભેદ

તત્તુલ્યં તત્પ્રમાણશ્ચ રથેશૃઙ્ગશ્ચ દાપયેત્ ।
વલ્લભઃ સર્વદેવાનાં કર્તવ્યઃ સુરવલ્લભ ॥ ૧૫૪ ॥

ઉપર પ્રમાણે તલ સ્વરૂપ ઉપર વિશેષ રથે તિલક કાઢી શૃંગ ચઢાવવું તો 'યતિભૂષણ,' નામનો પ્રાસાદ થાય, તે દેવતાઓને પ્રિય છે. અને સર્વદેવોને વલ્લભ છે.

તલ	૨૨
શૃંગ	૨૦૧
તિલક	૩૨

॥ ૬૫ ઇતિશ્રી યતિભૂષણ પ્રાસાદ ॥

૬૬ સુપુષ્પ પ્રાસાદ

તૃતીય ભેદ

તદરૂપં તત્પ્રમાણશ્ચ, રથે દદ્યાચ્ચ કેશરી ।
સુપુષ્પો નામ વિજ્ઞેયઃ પ્રાસાદ સુરવલ્લભઃ ॥ ૧૫૫ ॥


પૂર્વ પ્રમાણે તલ તથા સ્વરૂપ ઉપર રથે શૃંગના બદલે કેશરી કર્મ કરવું, આ પ્રાસાદનું નામ 'સુપુષ્પ' છે. અને તે દેવોને ઘણો પ્રિય છે.

તલ	૨૨
શૃંગ	૨૩૩
તિલક	૩૨

॥ ૬૬ ઇતિશ્રી સુપુષ્પ પ્રાસાદ ॥

"Aho Shrutgyanam"

૬૭ પાર્શ્વવલ્લભ પ્રાસાદ



૨૩ મી વિભક્તિ

चतुरस्त्री कृते क्षेत्रे षड्विंशति विभाजिते ।
कर्णादि गर्भपर्यन्तं विभागानां तु लक्षणम् ॥१५३॥
वेदरूप गुणेन्दुभि-र्भद्रार्धन्तु चतुष्पदम् ।
श्रीवत्सः केशरीचैव रथे कर्णे च दापयेत् ॥१५७॥
कर्णिकायां ततः शृङ्ग प्रत्यंगानि ततोऽष्टभिः ।
भद्रे चैवरुचत्वारि, प्रासादः पार्श्ववल्लभः ॥१५८॥

ચોરસ ક્ષેત્રના છવ્વીશ ભાગ કરવા, કર્ણથી ગર્ભ સુધી કરવાના વિભાગોનું લક્ષણ આ પ્રમાણે જાણવું. કર્ણ ભાગ વેદ એટલે ચાર, કોણિકા રૂપ એટલે એક, પ્રતિકર્ણ ગુણ એટલે ત્રણ અને નંદિકા ઇન્દુ એટલે એક તથા ભદ્રાર્ધ ચાર ભાગનું કરવું, કર્ણ અને રથ ઉપર પહેલું શૃંગ કેશરી, બીજું શ્રીવત્સ ચઢાવવું. કોણિકાએ અકેક શૃંગ કરવું અને આઠ પ્રત્યંગો કરવાં તથા ભદ્રે ચાર ઉરૂશૃંગો કરવાં, આ પ્રાસાદનું નામ પાર્શ્વવલ્લભ, છે અને તે ૨૩ મા શ્રી પાર્શ્વનાથ પ્રભુને કરવો.

શૃંગ	રેખા	૫ + ૧ = ૬ × ૪ = ૨૪
,,	ઉપરથ	૫ + ૧ = ૬ × ૮ = ૪૮
,,	કોણિકા	૧ = ૧ × ૧૬= ૧૬
,,	પ્રત્યંગ	૨ = ૨ × ૪ = ૮
,,	ભદ્ર	૪ = ૪ × ૪ = ૧૬
,,	મૂલપ્રાસાદ	૧
	કુલ શૃંગ	૧૧૩
તિલક		૮
તલ ભાગ		૨૬

॥ ૬૭ ઇતિશ્રી પાર્શ્વવલ્લભ પ્રાસાદ ॥

"Aho Shrutgyanam"

૬૮ પદ્માવૃત્ત પ્રાસાદ

દ્વિતીય ભેદ

तद्रूपं तत्प्रमाणश्च कर्णोर्ध्वे तिलकं न्यसेत् ।
पद्मावृत्तश्च विज्ञेयः कर्तव्यः सर्वदेवताः ॥ १५९ ॥

પૂર્વ પ્રાસાદ માને તલ સ્વરૂપ કરવા. વિશેષમાં કર્ણ ઉપર એક તિલક કરવું. આ પ્રાસાદનું નામ પદ્માવૃત્ત પ્રાસાદ અને તે સર્વદેવોને કરવો.

તલ	૨૬
શૃંગ	૧૧૩
તિલક	૧૨

॥ ૬૮ ઇતિશ્રી પદ્માવૃત્ત પ્રાસાદ ॥

૬૯ યરૂપ પ્રાસાદ

તૃતીય ભેદ

तद्रूपश्च प्रकर्तव्यं प्रतिकर्णे तथैव च ।
यरूपो नाम विज्ञेयः प्रासाद सुरवल्लभ ॥ १६० ॥


ઉપર પ્રમાણે તલ તથા સ્વરૂપ કરવા વિશેષમાં પ્રતિકર્ણે કર્ણ સમાન શૃંગ તિલક ચઢાવવાં. દેવતાઓને પ્રિય એવા આ પ્રાસાદનું નામ યરૂપ પ્રાસાદ જાણવું.

તલ	૨૬
શૃંગ	૧૧૩
તિલક	૨૦

॥ ૬૯ ઇતિશ્રી યરૂપ પ્રાસાદ ॥

"Aho Shrutgyanam"

૭૦ વીર વિક્રમ પ્રાસાદ



૨૪ મી વિભક્તિ

चतुरस्त्री कृते क्षेत्रे चतुर्विंशति भाजिते ।
कर्ण त्रिभागिकं ज्ञेयं प्रतिकर्णश्च तत्समम् ॥१६१॥

कर्णिका नंदिका भागा भद्रार्धश्च चतुष्पदम् ।
श्रीवत्सः केशरी चैव सर्वतोभद्र मेव च ॥१६२॥

रथे कर्णे प्रदातव्यं प्रत्यङ्गानि ततोऽष्टभिः ।
भद्रे चैवोरुचत्वारि कर्णिकाशृङ्गमुत्तमम् ॥१६३॥

वीरविक्रम नामोऽयं प्रासादो जिन वल्लभः ।
कथितो हि मया तुभ्यं जिनार्थं लोकविश्रुतः ॥१६४॥

સમચોરસ ક્ષેત્ર કરી તેના ચોવીશ ભાગ કરવા, તેમાં કર્ણ ભાગ ત્રણ, પ્રતિકર્ણ ભાગ ત્રણ કરવો અને કોણિકા નંદિકા ભાગ અકેકની કરવી. અર્ધું ભદ્ર ભાગ ચારનું કરવું, કર્ણે અને રથે પહેલું શૃંગ સર્વતોભદ્ર, બીજું કેશરી, ત્રીજું શ્રીવત્સ ચઢાવવું, આઠ પ્રત્યંગો કરવા, ભદ્રે ચાર ઉરૂશૃંગો કરવા. નંદિકા તથા કોણિકાએ ઉત્તમ અકેક શૃંગ ચઢાવવું.

શ્રી વિશ્વકર્મા પોતાના પુત્ર જયને સંબોધી કહે છે કે, હે પુત્ર! મેં તને જિનેન્દ્રોને અત્યંત પ્રિય વીરવિક્રમ નામનો ચોવીશમી વિભક્તિનો સીત્તેરમો પ્રાસાદ કહ્યો, કે જે ત્રિલોકમાં પ્રખ્યાત છે અને તે ચોવીશમાં તીર્થંકર શ્રી મહાવીર પ્રભુને કરવામાં આવે છે.

"Aho Shrutgyanam"

		તલ ૨૪
શૃંગ	રેખા	૬ + ૫ + ૧ = ૧૫ × ૪ = ૬૦
,,	ઉપરથ	૬ + ૫ + ૧ = ૧૫ × ૮ = ૧૨૦
,,	નંદિકોણિકા	૧ = ૪ × ૪ = ૧૬
,,	પ્રત્યંગ	૧ = ૨ × ૪ = ૮
,,	ભદ્ર	૪ = ૪ × ૪ = ૧૬
,,	મૂલપ્રાસાદ	૧ = ૧
		કુલ શૃંગ ૨૨૧

॥ ૭૦ इतिश्री वीरविक्रम प्रासादः ॥

૭૧ मष्टादय प्रासाद

द्वितीय भेद

तद्रूपश्च प्रकर्तव्यं कर्णोर्ध्वे तिलकं न्यसेत् ।
मष्टादयश्च विज्ञेयं प्रासादो जिन वल्लभ ॥ १६५ ॥

ઉપર પ્રમાણે તલ તથા સ્વરૂપ કરવા. વિશેષમાં કર્ણે તિલક ચઢાવવું. આનું નામ 'મષ્ટાદય પ્રાસાદ' જાણવું અને તે જિનેન્દ્રોને અતિપ્રિય છે.

શૃંગ	૨૨૧
તિલક	૪
તલ	૨૪

॥ ૭૧ इतिश्री मष्टादय प्रासाद ॥

૭૨ तुष्टिपुष्टि नाम प्रासाद

तृतीय भेद

तद्रूपश्च प्रकर्तव्यं मुरुशृङ्गाणि पञ्च वै ।
तुष्टिपुष्टिश्च नामा वै प्रासादो जिन वल्लभः ॥ १६६ ॥

પૂર્વ પ્રમાણે તલ તથા સ્વરૂપ ઉપર મુજબ. વિશેષમાં ભદ્રે પાંચ ઉરૂશૃંગો ચઢાવવા. આનું નામ 'તુષ્ટિપુષ્ટિ' પ્રાસાદ જાણવું. આ સર્વ તીર્થંકરોને પ્રિય છે.

તલ	૨૪
શૃંગ	૨૨૫
તિલક	૪

॥ ૭૨ इतिश्री तुष्टिपुष्टि प्रासादः

"Aho Shrutgyanam"

जिनेन्द्र प्रासाद महिमा

चतुर्विंशविभक्तानि जिनेन्द्राणां विशेषतः ।
चतुर्दिशं चतुद्वारं पुर मध्ये सुखावहम् ॥ १६७ ॥

વિશેષ કરીને જિનેન્દ્રોના પ્રાસાદના તલો ચોવીશ પ્રકારનાં છે. જિનેન્દ્ર પ્રાસાદો નગરમાં ચારે દિશાના દ્વારવાળા અથવા ચતુર્મુખ પ્રાસાદ કરવા. જે સુખ આપનાર છે.


शान्तिदाः पुष्टिदाश्चैव प्रजाराज्य सुखावहाः ।
अश्वगज बलीर्वेदेर्महीषे नंदिकैस्तथा ॥ १६८ ॥

सर्वाश्रियमवाप्नोति स्थापिते च महीतले ।
नगरे ग्रामे पुरमध्ये प्रासादा ऋषभादयः ॥ १६९ ॥

जगत्या मण्डपैर्युक्ताः क्रियन्ते वसुधातले ।
शिल्पायत्तश्च राज्यं वै स्वर्गे चैव महीतले ॥ १७० ॥

दक्षिणोत्तर मुखाश्च प्राची पश्चिमदिङ्मुखाः ।
वीतरागस्य प्रासादाः पुरमध्ये सुखावहाः ॥ १७१ ॥

આ પ્રાસાદો શાંતિ અને પુષ્ટિને આપનાર છે, રાજા, પ્રજા અને રાજ્યને સુખ આપનાર છે, આ પ્રાસાદો પૃથ્વીતલમાં સ્થાપન કરવાથી ઘોડા, હાથી, બળદ અને મહિષાદિ પશુ ધન તથા માંગલિક વસ્તુ સંપન્ન થાય છે તથા સર્વ પ્રકારની લક્ષ્મી પ્રાપ્ત થાય છે. નગર, ગામ અથવા પુરના મધ્ય ભાગે જગતી અને મંડપો સંયુક્ત ઋષભાદિ પ્રાસાદો પૃથ્વીતલમાં કરવામાં આવે તો રાજલક્ષ્મી સ્વર્ગમાં તેમજ પૃથ્વીમાં શિલ્પને આધિન છે. પુરના મધ્યભાગે, દક્ષિણોત્તર અથવા પૂર્વ-પશ્ચિમ મુખના વીતરાગ જિનેન્દ્રોના પ્રાસાદો કરવા સુખાવહ છે.



"Aho Shrutgyanam"

ઋષભાદિ દ્વિસપ્ત પ્રાસાદ લક્ષણ

ક્રમ	પ્રાસાદ નામ	તલભાગ	શૃંગ સંખ્યા	તિલક	કૂટ
૧	ઋષભ પ્રાસાદ	૩૨	૧૧૧૭	૪	
૨	કૈલાસ પ્રાસાદ	૩૨	૧૧૧૭	૧૨	
૩	સુરેન્દ્ર પ્રાસાદ	૩૨	૧૧૧૭	૧૨	૮
૪	અજિત પ્રાસાદ	૧૨	૩૦૧	૦	૦
૫	ગજેન્દ્ર પ્રાસાદ	૧૨	૩૦૫	૦	૦
૬	વિશાલ પ્રાસાદ	૧૨	૩૦૫	૮	
૭	સ્વયંભૂ પ્રાસાદ	૧૮	૧૧૩	૦	
૮	ક્ષીરાક્ષ પ્રાસાદ	૧૮	૧૧૩	૪	
૯	સંતોષ પ્રાસાદ	૧૮	૧૨૯	૪	
૧૦	અભિનંદન પ્રાસાદ	૧૮	૧૭૭	૧૨	
૧૧	અવિઘ્ન પ્રાસાદ	૧૮	૧૭૭	૨૦	
૧૨	પ્રમોદ પ્રાસાદ	૧૮	૧૮૧	૨૦	
૧૩	સુરવલ્લભ પ્રાસાદ	૧૮	૧૮૫	૨૦	
૧૪	સુમતિ પ્રાસાદ	૧૪	૫૭	૦	૮
૧૫	સુબુદ્ધિ પ્રાસાદ	૧૪	૭૭	૦	૮
૧૬	સુપ્રિય પ્રાસાદ	૧૪	૭૭	૮	૮
૧૭	પદ્મવલ્લભ પ્રાસાદ	૨૦	૨૦૯	૦	૧૬
૧૮	પદ્મરાગ પ્રાસાદ	૨૦	૨૦૯	૪	૧૬
૧૯	પુષ્ટિવર્ધન પ્રાસાદ	૨૦	૨૦૯	૨૦	૧૬
૨૦	સુપાર્શ્વ પ્રાસાદ	૧૦	૫૭	૦	૦
૨૧	સુનંદન પ્રાસાદ	૧૦	૬૯	૦	૦

"Aho Shrutgyanam"

ક્રમ	પ્રાસાદ નામ	તલ	શૃંગ	તિલક	કૂટ
૨૨	શ્રી વલ્લભ પ્રાસાદ	૧૦	૬૯	૧૬	૦
૨૩	ચંદ્રપ્રભ પ્રાસાદ	૧૦	૭૩	૧૬	૦
૨૪	ચંદ્રશેખર પ્રાસાદ	૧૦	૧૦૫	૧૬	૦
૨૫	વિમાન પ્રાસાદ	૧૦	૧૦૫	૨૦	૦
૨૬	સુવિધિ પ્રાસાદ	૧૦	૧૫૭	૧૨	૦
૨૭	સુશ્રિય પ્રાસાદ	૧૦	૧૫૭	૨૦	૦
૨૮	વસુપુષ્પક પ્રાસાદ	૧૦	૧૬૧	૨૦	૦
૨૯	શીતલ પ્રાસાદ	૩૨	૨૨૯	૮	૦
૩૦	શ્રિયેન્દુ પ્રાસાદ	૩૨	૨૨૯	૧૬	૦
૩૧	દનુરાજ પ્રાસાદ	૩૨	૨૨૯	૩૨	
૩૨	શ્રિયાંશ પ્રાસાદ	૨૪	૩૩	૧૨	
૩૩	શ્રીવત્સ પ્રાસાદ	૨૪	૩૩	૨૦	
૩૪	પુત્રદ પ્રાસાદ	૨૪	૩૩	૨૪	
૩૫	શીતલ પ્રાસાદ	૨૪	૩૩	૨૪	
૩૬	કીર્તિદાયક પ્રાસાદ	૨૪	૩૭	૨૦	
૩૭	મનોહર પ્રાસાદ	૨૪	૪૫	૧૨	
૩૮	સ્વકુલ પ્રાસાદ	૧૮	૧૭	૧૨	
૩૯	કુલનંદન પ્રાસાદ	૧૮	૨૧	૧૨	
૪૦	વાસુપૂજ્ય પ્રાસાદ	૨૨	૨૫૭	૧૬	
૪૧	રત્નસંભવ પ્રાસાદ	૨૨	૨૫૭	૨૦	
૪૨	વિમલ પ્રાસાદ	૨૪	૭૭	૦	
૪૩	મુક્તિસંઘટ્ટ પ્રાસાદ	૨૪	૮૫	૮	

"Aho Shrutgyanam"

ક્રમ	નામ	તલ	શૃંગ	તિલક	કૂટ
૪૪	અનંત પ્રાસાદ	૨૦	૩૫૭	૦	
૪૫	સુરેન્દ્ર પ્રાસાદ	૨૦	૩૫૭	૮	
૪૬	વૃક્ષરાજ પ્રાસાદ	૨૦	૩૫૭	૧૬	
૪૭	ધર્મદ પ્રાસાદ	૨૮	૨૨૫	૧૨	
૪૮	ધર્મવૃક્ષ પ્રાસાદ	૨૮	૨૩૩	૮	
૪૯	શાન્ત પ્રાસાદ	૧૨	૧૮૯	૦	
૫૦	કામદાયક પ્રાસાદ	૧૨	૧૯૩	૮	
૫૧	કુંથુનાથ પ્રાસાદ	૮	૬૯	૨૦	
૫૨	શક્તિ પ્રાસાદ	૮	૬૯	૨૮	
૫૩	હર્ષણ પ્રાસાદ	૮	૭૩	૨૮	
૫૪	કમલકંદ પ્રાસાદ	૮	૨૧	૦	
૫૫	કેવલી પ્રાસાદ	૮	૨૧	૪	
૫૬	અર્હન્ત પ્રાસાદ	૮	૨૫	૪	
૫૭	મહેન્દ્ર પ્રાસાદ	૧૨	૧૮૧	૦	
૫૮	પાપનાશન પ્રાસાદ	૧૨	૧૮૧	૮	
૫૯	માનસંતુષ્ટિ પ્રાસાદ	૧૪	૮૫	૮	
૬૦	ગૌરવ પ્રાસાદ	૧૪	૧૦૧	૮	
૬૧	સુમતિકીર્તિ પ્રાસાદ	૨૬	૪૭૩	૧૬	
૬૨	જિનેન્દ્રાયતન પ્રાસાદ	૨૬	૪૮૧	૮	
૬૩	રાજેન્દ્ર પ્રાસાદ	૨૬	૪૮૫	૮	
૬૪	નેમીન્દ્ર પ્રાસાદ	૨૨	૧૯૩	૪૦	
૬૫	યતિભૂષણ પ્રાસાદ	૨૨	૨૦૧	૩૨	
૬૬	સુપુષ્પ પ્રાસાદ	૨૨	૨૩૩	૩૨	
૬૭	પાર્શ્વવલ્લભ પ્રાસાદ	૨૬	૧૧૩	૮	
૬૮	પદ્માવૃત પ્રાસાદ	૨૬	૧૧૩	૧૨	
૬૯	યજ્ઞ પ્રાસાદ	૨૬	૧૧૩	૨૦	
૭૦	વીરવિક્રમ પ્રાસાદ	૨૪	૨૨૧	૦	
૭૧	મષ્ટાદય પ્રાસાદ	૨૪	૨૨૧	૪	
૭૨	તુષ્ટિપુષ્ટિ પ્રાસાદ	૨૪	૨૨૫	૪	

इतिश्री विश्वकर्मा वास्तु कला चिन्तन हरविद्या गुण कीर्ति प्रकाश
जिनप्रासाद मार्तण्ड शिल्पाचार्य नंदलाल चुनीलाल संग्रहीते
श्री ऋषभादिद्विसप्त प्रासाद लक्षणाधिकार
नाम्नो नवमोऽध्याय सम्पूर्ण ॥

"Aho Shrutgyanam"

श्री जिनकल्पद्रुम नाम्नो दशमोऽध्याय

श्री समवसरणाध्यायः

समवसरणु :-જે સ્થળે તીર્થંકર પ્રભુને કેવળજ્ઞાન પ્રાપ્ત થાય તે જ સ્થળે દેવતાઓ સમવસરણની રચના કરે. એક યોજન ભૂમિ સાફ કરી જળવૃષ્ટિ કરી સુવર્ણ માણિક્ય રત્નથી પીઠ બાંધે છે, ભૂમિતલ ઉપર ત્રણ વર્તુલાકાર ગઢો બનાવે છે, સૌથી નીચેનો બહારનો પહેલો ગઢ ચાંદીનો. તેના ઉપર સુવર્ણના કાંગરા બનાવે છે.

જમીનથી પીઠબંધ (પહેલા ગઢના મથાળે) ભૂમિતલ ઉપર આવવાને દશહજાર પગથીયાં (દસ હજાર હસ્ત=૨૫૦૦ ધનુષ્ય ઊંચા) ચઢવાના હોય છે. ત્યારબાદ પચાસ ધનુષ જેટલું સમતલ-સપાટ જમીન આવે છે. આ ગઢમાં વાહનો રહે છે. વાહનમાં હાથી, ઘોડા, ઊંટ, પાલખી, વિમાન વિગેરે.

આ ગઢથી બીજા (વચલા) ગઢ પર જવાને પાંચ હજાર પગથીયા (પાંચ હજાર હસ્ત=૧૨૫૦ ધનુષ ઊંચા) ચઢવાના હોય છે. ત્યાં પણ ૫૦ ધનુષ પ્રમાણ અન્તર સપાટ જમીનનું તળ આવે છે. બીજો ગઢ સુવર્ણનો હોય છે અને તેના કાંગરા રત્નના હોય છે.

આ ગઢના ઈશાન કોણમાં દેવચ્છન્દ (પ્રભુને બેસવાનો ઓટલો) રચવો કે જ્યાં તીર્થંકર પ્રથમ દેશના આપ્યા બાદ વિશ્રામ લે છે. આ વચલા ગઢમાં તિર્યંચ જીવો બેસે છે. પરસ્પર વિરોધી જીવો સહોદરની જેમ રહે છે.

છેલ્લો ત્રીજો ઉપલો અંદરનો ગઢ રત્નમય મણિના કાંગરાવાળો હોય છે. ત્યાં ઉપર જવાને પાંચ હજાર પગથીયા (પાંચ હજાર હસ્ત=૧૨૫૦ ધનુષ ઊંચા) ચઢવાના હોય છે. પછી પચાસ ધનુષ જેટલું સમભૂતલ ચોરસ ભૂમિ હોય છે.

આ ગોળ સમવસરણના મધ્યબિન્દુથી આ ગઢની અંદરની દિવાલનું અંતર ૧૩૦૦ ધનુષ પ્રમાણ છે. દરેક ગઢ અકેકથી ઊંચો એટલે એકંદરે ત્રીજાગઢની અંદરની ભૂમિની ઊંચાઈ મૂળ જમીનથી ૧૦,૦૦૦+૫૦૦૦+૫૦૦૦=૨૦,૦૦૦ (વીશ હજાર) હસ્ત પ્રમાણ એટલે ૫૦૦૦ ધનુષ અગર અઢીકોશ થાય. અભ્યન્તર (વચલા) ગઢના મધ્યમાં સિંહાસન કરવું, દરેક પગથીયું અકેક હસ્ત પહોળું અને એક હસ્ત ઊંચુ કરવું.

પ્રમાણ :- ૨૪ અંગુલ = ૧ હસ્ત, ૪ હસ્ત = ૧ ધનુષ,

૨૦૦૦ ધનુષ=૧ કોશ, ૧ ગાઉ=૪ કોશ, ૪ કોશ=૧ યોજન.

"Aho Shrutgyanam"

બીજા પ્રકારનો વર્તુલાકાર સમવસરણનો વિષ્કુંભ (વિસ્તાર પહોળાઈ) એક યોજન છે, કેમકે ગઢની અંદરની દિવાલ સમવસરણના મધ્યબિન્દુથી ૧, ૩૦૦ ધનુષ્ય જેટલી દૂર છે, આ દિવાલ ૩૪ ધનુષ અને ૩૨ અંગુલ એટલે $33\frac{1}{3}$ ધનુષ્ય જેટલી જાડી છે. આ દિવાલથી બીજા ગઢની અંદરની દિવાલ વચ્ચે ૧૩૦૦ ધનુષ્યનું અંતર છે.

વળી આ ગઢની દિવાલ પણ $33\frac{1}{3}$ ધનુષ્ય જેટલી જાડી છે. આ દિવાલ અને સૌથી બહારના ગઢની દિવાલ પણ $33\frac{1}{3}$ ધનુષ્ય જાડી છે એટલે સમવસરણ મધ્ય બિન્દુથી સૌથી બહાર ગઢની બહારની દિવાલનુ અંતર $૧,૩૦૦+33\frac{1}{3}+૧૩૦૦+33\frac{1}{3}+$ $૧૩૦૦+33\frac{1}{3}$ કુલ ૪૦૦૦ ધનુષ્ય જેટલું છે. એટલે ગોળ સમવસરણની ત્રિજ્યા અર્ધા યોજનની અર્ધ હોય છે. તેનો વિષ્કુંભ એક યોજનનો આખો કુલ વિસ્તાર હોય છે.

चतुष्कोणाकार–समवसरण

વર્તુલાકાર સમવસરણની જેમ ચતુષ્કોણાકાર પણ હોય છે. આવા સમવસરણના દરેક ગઢની દિવાલ ૧૦૦ ધનુષ્ય પ્રમાણ જાડી હોય છે, સૌથી બહારના ગઢની અંદરની દિવાલ અને મધ્ય ગઢની બહારની દિવાલ વચ્ચે ૧૦૦૦ ધનુષ્યનું અંતર છે. જ્યારે મધ્યમ ગઢની અંદરની દિવાલ અને અભ્યન્તર (વચલા=ઉપલા) ગઢની બહારની દિવાલ વચ્ચે ૧૫૦૦ ધનુષ્યનું અંતર હોય છે.

અંદરના ગઢની ચારે દિવાલો સમવસરણના મધ્યબિન્દુથી ૧, ૩૦૦ ધનુષ્યને અંતરે છે. આથી કરીને સમવસરણ એક યોજન લાંબુ અને પહોળું થાય છે, સૌથી બહારની દિવાલની જાડાઈ કહી નથી.

૧,૦૦૦+૧૦૦૧,૫૦૦+૧૦૦=૧,૩૦૦ અર્ધથી એટલે ૪,૦૦૦+૪૦૦૦ કુલ આઠ હજાર ધનુષ્ય એટલે એક યોજન સમચોરસ વિસ્તાર થયો, ચતુષ્કોણ સમવસરણમાં દરેક ખૂણે બબ્બે વાવડીઓ કરવી. જ્યારે વર્તુલાકારમાં અકેક વાવડી કરવાની કહી છે.

ગઢના દ્વારો :–દરેક ગઢને અકેક દિશામાં એક એમ ચાર દ્વારો હોય છે તે દરેક દ્વારે ચાર ચાર મુખવાળી વાવડીઓ હોય છે દ્વારે તોરણ અષ્ટમંગલ કોતરવા દરેક દ્વાર ઉપર સુવર્ણના કમલના ધર્મચક્ર સ્ફટિક મણિમય હોય છે. દ્વારે દ્વારપાલ હોય છે.

અશોકવૃક્ષ :–૨૦૦ ધનુષ્ય જેટલી લંબાઈ પહોળાઇવાળું અને તીર્થંકરના દેહ પ્રમાણની ઊંચાઈવાળાં એવા ત્રણ ત્રણ પગથીયાવાળા ચાર દ્વારવાળા તેમજ સમવસરણની બરાબર મધ્યમાં અંતરીએ રચેલા મણિપીઠના ઉપર અશોકવૃક્ષ રચેલું છે. અશોક વૃક્ષ તીર્થંકર દેહ પ્રમાણથી બારગણું મોટું હોય છે તેનો ઉપરનો ઘેરાવો એક યોજનથી કંઈક અધિક હોય છે અશોકવૃક્ષ ઉપર ચૈત્યવૃક્ષ હોય છે. જે વૃક્ષ નીચે તીર્થંકરને કેવળજ્ઞાન પ્રાપ્ત થાય તે ચૈત્યવૃક્ષની બહાર ચારે દ્વારે અકેક ધ્વજદંડ એક હજાર યોજન હોય છે.

"Aho Shrutgyanam"

શ્રી સમવસરણ :-

શ્રી વિશ્વકર્મોવાચ :—

समवसरणं वक्ष्ये आद्य कैलाससंभवम् ।
सुरासुरगुरुश्चैव निर्मितं च सुरासुरैः ॥ १ ॥

शिवात्परतरं शिव सिद्धस्यानुक्रमस्तथा ।
कैलासे समोसरणं सिद्धमूर्तिः सदाशिवः ॥ २ ॥

શ્રી વિશ્વકર્મા કહે છે :-કૈલાસ પર્વતની જેવું સમવસરણનું સ્વરૂપ હું કહું છું. તે દેવ અને દૈત્યો આદિએ બનાવેલું છે. શિવથી પરમ શિવ સિદ્ધનો અનુક્રમ છે, કૈલાસ-રૂપ સમવસરણમાં સિદ્ધ મૂર્તિ સદાશિવ સદા કલ્યાણકારી છે. વિશ્વદેવ વીતરાગ પદ્માસન વાળીને બેઠેલ છે, તે આદિ એવા ઈશ્વર ચારે દિશામાં બેઠેલ છે.

पद्मासन स्थितो देवो वीतरागो विश्वैश्वरः ।
एवमेकैक देवैश्च आदीशंश्चतुरो दिशः ॥ ३ ॥

प्रासादः पूर्वमानं च कर्तव्यः चतुराननः ।
पीठबन्धं प्रकर्तव्यं भिट्टत्रय समन्वितम् ॥ ४ ॥

महापीठं प्रकर्तव्यं गजाश्वं च नरादिकम् ।
प्राकारश्च प्रकर्तव्यः स्वरूपो लक्षणान्वितः ॥ ५ ॥

सार्द्धं भागयत्परिघौ (?) तत्रन्ययतमानतः ।
तेन पद प्रमाणेन कर्तव्यं च सच्छिल्पिभिः ॥ ६ ॥

श्री मेरोश्च विधानेन कथ्यते मान मुत्तमम् ।
पदमानं दीर्घमानं विभक्तिः भाग संख्यया ॥ ७ ॥

સમવસરણની રચના કરવામાં તેના આગળના પ્રાસાદમાનથી, ચતુર્મુખ પ્રાસાદ કરવો, તેને પીઠબંધ ત્રણ ત્રણ ભિટ્ટવાળુ મહાપીઠ ગજથર, અશ્વથર અને નરથરાદિનું કરવું. તેને પ્રાકાર-ગઢ લક્ષણ સ્વરૂપ પ્રમાણે કરવા દોઢ ભાગ પરિધ, બીજામાન તેના પદ પ્રમાણે શિલ્પીએ કરવા. શ્રી મેરૂનામે ઉત્તમ માનનો પ્રાસાદ પદમાનથી લાંબો અને તેના અંગોપાંગ વિભક્તિની સંખ્યાએ કરવા.

નારદઉવાચ—

विश्वकर्म स्वयंदेवः सर्वदेवेषु पूजितः ।
किंचिदहं श्रोतुमिच्छामि श्री मेरुशिखरोत्तमम् ॥ ८ ॥

"Aho Shrutgyanam"

जगत्याः पीठमानं च प्राकारैः परिवेष्टितम् ।
मंडोवरं मण्डपं च स्याग्र वृत्तकोत्तमः ॥ ९ ॥
समोसरणां यतनं किं शोभित चतुर्दिशि ।
एकपीठं समारूढं जिनेन्द्रश्च चतुर्दिशि ॥ १० ॥
इलिका तोरणैयुक्तं परिकरं सिंहासनं ।
एतत्सर्वं प्रसादेन कथ्यतां कमलासन ॥ ११ ॥

નારદજી કહે છે, હે વિશ્વકર્મા! આપ પોતે દેવ સર્વદેવોમાં પૂજ્ય છો, ઉત્તમ એવું સમવસરણ મેરૂશિખર જેવું થાય તે મને સંભળાવો, તેની જગતી પીઠ અને ફરતા પ્રાકારો (ગઢો) કેવા પ્રકારના કરવા? તેનો મંડોવર અને આગળ મંડપ ફરતા કેમ કરવા? સમવસરણ-આયતન ચારે બાજુથી શોભતું કેમ કરવું એક પીઠ ઉપર જિનેન્દ્રપ્રભુને ચારે દિશાએ ઇલિકા તોરણવાળા અને પરિકર સિંહાસન એ સર્વ હે કમલાસન બ્રહ્મારૂપ આપ મને પ્રસાદે કરીને કહો.

मेरुश्च मेरुमाकारं प्राकारैः परिवेष्टितम् ।
तदूर्ध्वं प्रासाद छन्दं शिखरं शृंग संयुतं ॥ १२ ॥
घंटाकलश सुराढ्य-मुरूशृंगं च कामदं ।
प्रासाद कारयेत्प्राज्ञः स्वरूपो लक्षणान्वितः ॥ १३ ॥
अष्टभागै द्विरष्टैर्वा नखार्द्धं द्वादशोपि वा ।
पदमानं समाख्यातं उर्ध्वमानं तदेव हि ॥ १४ ॥
छन्द भेदो न कर्तव्यः कृते दोष महद्भयम् ।
त्रयः प्राकाराः कर्तव्याः तोरणैर्हेमरत्नमयैः ॥ १५ ॥
चतुर्द्वारैः समोपेतैर्द्वारपालेश्च संयुतः ।
ज्ञाति शुद्धं च कर्तव्यं कपिशिर्षं घनाकुलम् ॥ १६ ॥
प्रासादस्य प्रमाणेन जगती शुभ लक्षणा ।
अतोर्ध्वं पदमानेन प्राकारान् कारयेदबुधः ॥ १७ ॥

શ્રી વિશ્વકર્મા કહે છે-મેરૂ મેરૂના આકારનો અને ફરતા-પ્રાકાર ગઢો કરવા તેન પર પ્રાસાદ છંદના શિખર શૃંગ સહીત આમલસાર કલશ અને ઉરુશૃંગોથી શોભતા એવા કામનાને દેનાર કરવાં. તે પ્રાસાદ બુદ્ધિમાન શિલ્પીએ લક્ષણ યુક્ત સ્વરૂપોવાળ

"Aho Shrutgyanam"

કરવા. તેના અંગ વિભક્તિ આઠ ભાગ, સોળ ભાગ, દશ કે બાર ભાગના કરવા, તેના ઉપર શિખરનું માન જે કહ્યું હોય તે કરવું, તેમાં છન્દ ભેદ ન કરવો, કરે તો મહા-ભય ઉત્પન્ન કરનાર દોષ થાય. સમવસરણને ત્રણ ગઢ કરવા, ચારે દ્વારો દ્વારપાલ સહિત કરવા. તે પર સોનાના રત્નજડીત તોરણો કરવા. પ્રાસાદ શુદ્ધ છંદ જાતીના કરવા, તેના ઉપર કાંગરા-મજબુત કરવા. પ્રાસાદ પ્રમાણે શુદ્ધ લક્ષણવાળી જગતી કરવી. હે બુદ્ધ, તે ઉપર પદમાને પ્રાકાર ગઢ કરવા.

त्रिगुणां द्विगुणां चैव सपादंवा तृत्तीयकम् ।
पंचमांश प्रकर्तव्यां कपिशीर्षस्तु संस्थिता ॥ १८ ॥
सार्द्धभाग परिघौ युक्ता द्विभागं वापि दीयते ।
तदार्द्धं मध्य पर्यन्तं खातं वै प्रभूजयेत् ॥ १९ ॥

તે ઉપર બુદ્ધિમાન શિલ્પીએ પદ (ભાગ) માનથી પ્રાકાર કિલ્લા કરવા, ત્રણ-ગણા, બમણા કે સવાત્રણ ગણા કરવા, ગઢની ઊંચાઈના પાંચમા ભાગે કાંગરા કરવા, દોઢ ભાગ પરિઘ કે બે ભાગ પરિઘની વાવડીયો (દ્વારની બે બાજુ) કરવી. તેમાં અર્ધથી મધ્ય સુધીમાં ખાડો રાખવો.

पीठबद्धं प्रकर्त्तव्यं स्वकैः स्वकैश्च मानतः ।
जिनेन्द्रोक्ष मात्र-चैव प्राकारेश्च परिभ्रमेत् ॥ २० ॥
रम्यं श्रीमेरुप्रासादं पंच सुरेभ्यः कर्तव्यम् ।
ब्रह्मा विष्णु जिनेभ्यश्च आदित्याय शिवाय च ॥ २१ ॥
भ्राति शुद्धं प्रकर्तव्यं सभ्रमं भ्रमवर्जितम् ।
पदं च पदमानेन पदमात्करनेकधा ॥ २२ ॥

પ્રાકાર-કિલ્લા ગઢને પોત પોતાના માને પીઠ કરવું. જિનેન્દ્ર પ્રભુને જાણવાવાળા એવા જીવો પ્રાકાર ફરતા ફરી શકે તેવું કરવું. શ્રી રમ્ય એવો શ્રી મેરૂ પ્રાસાદ બ્રહ્મા; વિષ્ણુ, શિવ, જિન અને સૂર્યને કરવો, શુદ્ધ જાતિનો ભ્રમવાળો અગર ભ્રમ વગરનો મેરૂ પ્રાસાદ કરવો, પદના માને પદ રાખવા. પ્રાસાદની શિખરની પદવિભક્તિના વિભાગ તો અનેક કહ્યા છે.

प्रासादस्य प्रमाणेन मण्डपं चतुरोदिशि ।
तस्यांगे वेदिका कार्या श्री मेरोः पदमानतः ॥ २३ ॥
शालायाश्च प्रमाणेन द्वारंचैवं प्रकल्पयेत् ।
द्वारस्य च विभागे न प्रतिमा विविधाः स्मृताः ॥ २४ ॥

"Aho Shrutgyanam"

पीठं पीठमिवाकारं तस्योर्ध्वे सिंहमासनम् ।
चतुर्दिक्षु जिनेन्द्राश्च परिकरैर्विभूषिताः ॥ २५ ॥
पदमानं दृष्टिमानं कर्तव्यं च सुशिल्पिभिः ।
दृष्टिवेध न कर्तव्यं कृते दोषमहद्भयम् ॥ २६ ॥

પ્રાસાદના પ્રમાણથી ચારે તરફ મંડપો કરવા તેના અંગ પ્રમાણે, વેદિકા (કક્ષાસન) શ્રી મેરૂ પદમાનથી કરવા, મૂળ ગર્ભગૃહની પહોળાઈ પ્રમાણથી દ્વારની કલ્પના કરવી, અને દ્વારના વિભાગથી પ્રતિમાજીના માનના અનેક જુદા જુદા પ્રમાણો કહ્યા છે. પીઠના આકારનું પીઠ પબાસણ સિંહાસન તે પર સિંહ આદિની ગાદી કરી ચારે તરફ ચોમુખ જિનેંદ્રપ્રભુ પરિકર સહિત શોભતા પધરાવવા. દ્વારની ઊંચાઇના પદ વિભાગના માનથી સુશિલ્પીએ પ્રભુનું દૃષ્ટિમાન રાખવું. દૃષ્ટિવેધ ન થવા દેવો અને દૃષ્ટિવેધ થાય તો મહાભય ઉપજે.

अग्रतः पृष्ठतश्चैव वामदक्षिणतोऽपिवा ।
जिनेन्द्रायतनं श्चैव पदवेध विवर्जितम् ॥ २७ ॥
प्रथमं पदमानं च शताग्र चाष्ट संयुतं ।
द्विसप्तति स्तथा कार्या शतार्द्धं च द्वयाधिकम् ॥ २८ ॥
चतुर्विंशति जिनेन्द्राश्च भाषितं विश्वकर्मणा ।
ज्येष्ठ मध्यं कनिष्ठं च त्रिविध मानमुत्तमम् ॥ २९ ॥
जगती पीठमानं च मण्डपं च तथैव च ।
मेरु छन्दे समुत्पन्नो ज्ञातव्यश्च सुशिल्पिभिः ॥ ३० ॥

પ્રાસાદના આગળ પાછળ અને ડાબી જમણી તરફ જિનેંદ્રના આયતન (દેવકુલિકાઓ) પદવેધ ન આવે તેમ કરવું. પહેલા એકસો આઠ દેવકુલિકા સહિતનું જિનાયતન, બીજું બહોતેર જિનાયતન, ત્રીજું બાવન જિનાયતન, ચોથું ચોવીશ જિનાયતનવાળા આયતનો જિનેન્દ્ર પ્રભુને ફરતા કરવાનું શ્રી વિશ્વકર્માએ કહ્યું છે. તે જ્યેષ્ઠ, મધ્યમ અને કનિષ્ઠ એમ ત્રણ માનના થાય. તેને જગતી પીઠ મંડપો કરવા. આવો મેરુછન્દ જાતિમાં ઉત્પન્ન થયેલો એવો પ્રાસાદ ચતુર શિલ્પીએ કરવો.

प्रासाद पृथुमाने च त्रिगुणं मानमुत्तमम् ।
तस्यान्ते प्राकारं कार्यं तन्मध्ये च सुरालयम् ॥ ३१ ॥
शालायाः सममानेन मण्डपस्य भ्रमस्य च ।
भ्रमदीनं न कर्तव्यं सार्द्धं द्विगुणमुत्तमम् ॥ ३२ ॥

"Aho Shrutgyanam"

तत्परे च रहारम्याः प्राकारस्त्रयो वेष्टिताः ।
मेरुर्मेरु रिवाकारं वृषाकारं तथैव च ॥ ३३ ॥
एक त्रि पंचशाखाश्च प्रतिशाखाश्चानेकधा ।
पूर्व शाखा च माहेन्द्री दक्षिणेजाह्नवी तथा ॥ ३४ ॥
कालिन्द्री चोतरेशाखा तपती पश्चिमा स्मृता ।
मेरुश्च पंचशाखोऽयं देवतानामनुक्रमम् ॥ ३५ ॥

પ્રાસાદ રેખાએ હોય તેનાથી ત્રણ ગણો મંડપ ઉત્તમ માનનો જાણવો, તેની અંદર ગઢો કરવા અને તેની વચ્ચે સુરાલય કરવા, શાલા ગર્ભગૃહના પદના બરાબર મંડપના ફરતું પદ ભ્રમનું રાખવું. મંડપ ભ્રમ વગર ન કરવો, તે ભ્રમ દોઢ કે બે વિભાગનો ઉત્તમ જાણવો, તેના પર મહારમ્ય એવા ત્રણ પ્રાકાર-ગઢ ફરતા કરવા. મેરુ એ મેરુ આકારનો શિવરૂપ, અને મંડપ નંદી આકારનો જાણવો. એક, ત્રણ, પાંચ, સાત, નવ એમ શાખાઓ દ્વારને કરવી. પૂર્વ શાખા માહેન્દ્રી, દક્ષિણ જાહ્નવી, ઉત્તર કાલિન્દ્રી અને પશ્ચિમ તપતી નામની શાખાઓ મેરુ પ્રાસાદને પંચશાખા દેવતાઓના અનુક્રમે કરવી.

पूजयेत्सर्वदेवान् , श्रीमेरु शिखरोपमे ।
यत्कांचनमये मेरो कृताः प्रदक्षिणा स्त्रयः ॥ ३६ ॥
तदेवं शैलमेरौ च कृते पुण्य समाहितम् ।
छन्द भेदो न कर्तव्यो जाति भेद स्तथैव च ॥ ३७ ॥
छन्द भेदे भवेन्मृत्युर्जातिभेदेकुलक्षयः ।
तस्मात्सर्व प्रयत्नेन शास्त्र दृष्या च कारयेत् ॥ ३८ ॥

મેરુ શિખર સર્વ દેવોને પૂજવા યોગ્ય છે, પહેલા સોનાનો મેરુ થતો ત્રણ પ્રદક્ષિણાવાળો થતો, હવે પાષાણનો મેરુ દેવોને કહ્યો છે, તો પણ તેનાથી પુણ્યની પ્રાપ્તિ થાય છે, પ્રાસાદમાં છંદભેદ કે જાતિભેદ ન થવા દેવો, છંદભંગથી મૃત્યુ અને જાતિભંગથી કુલનો ક્ષય થાય છે, તે માટે સર્વ પ્રયત્ને કરી શાસ્ત્રોક્ત વિધિથી કામ કરવું.

अज्ञानात् कुरुते यस्तु शास्त्र नैव . . . ।
शिल्पिनं च कुलं हंति स्वामिनस्तु क्षयं भवेत् ॥ ३८ ॥
प्रतिमादोषवहा स्यादा चार्यो नरकं प्रजेत् ।
पदवेधविहिनं च दृष्टिवेध विवर्जितम् ॥ ४० ॥

"Aho Shrutgyanam"

तत्कृतं च शुभं ज्ञेयं प्रजाराज्ञाय शुभावहम् ।
पुरे शान्ति शुभं ज्ञेयं मेरु प्रासाद कृते सति ॥
तत्रदेशे च कल्याणं गीत वाद्यौ सुरैर्नृपैः ॥ ४१ ॥

શાસ્ત્રમાર્ગ તજીને કોઈ અજ્ઞાનથી કાર્ય કરે તો શિલ્પીના કુલનો ક્ષય થાય અને સ્વામીની લક્ષ્મીનો નાશ થાય ! પ્રતિમાના દોષથી આચાર્ય નર્કમાં જાય, પ્રાસાદને મંડપમાં પદવેધ કે પદવિહીન ન કરવું દૃષ્ટિવેધ પણ ન થવા દેવો. તેમ કરવાથી રાજા અને પ્રજાનું શુભ શ્રેય થાય છે, આવા નિર્દોષ મેરુ પ્રાસાદ કરાવવાથી શહેર માટે શાન્તિ અને શુભકારક કહેલ છે, તેવા દેશમાં રાજા પ્રજાનું કલ્યાણ થાય અને દેવો પ્રસન્ન રહી ગીત વાદ્યાદિ થયા કરે છે.

॥ अथ समवसरण स्वरूपम् ॥

प्राप्ते केवलज्ञाने च देवकृत्समवसरणम् ।
चतुरस्रं वृत्ताकारं द्विविधं समवसरण ॥ ४२ ॥
अधः पीठं तलं कार्यं तस्यो परि वप्रत्रयम् ।
प्रतिवप्रे चतुर्द्वारे चतुर्दिक्षु च वापिकाम् ॥ ४३ ॥

સમવસરણનું સ્વરૂપ કહે છે–જ્યારે તીર્થંકર પ્રભુને કેવલજ્ઞાન પ્રાપ્ત થાય છે, ત્યારે દેવો સમવસરણની રચના કરે છે, ચોરસ અને ગોળ એમ બે પ્રકારે સમવસરણની રચના થાય છે, નીચે ભૂમિતલ પર પીઠ (કર્ણપીઠ) કરવું તે પર ત્રણ ગઢો કિલ્લા–પ્રાકાર કરવા. પ્રત્યેક ગઢની ફરતી ચારે દિશામાં ચાર દ્વાર વાપિકા વાવડી સહિત કરવા.

रौप्यश्च प्रथमो वप्र स्तस्य सौवर्णं कपिशीर्षम् ।
विमानादि वाहनानि तस्मिन् सर्वाणिनिवेशयेत् ॥ ४४ ॥

નીચેનો પહેલો ગઢ ચાંદીનો કહ્યો છે, તેને સુવર્ણના કાંગરા છે. તે ગઢમાં દેવોના વાહનો–પાલખી, વિમાન–હાથી ઘોડા રહે છે.

द्वितीयं सुवर्णं दुर्गं रत्नं च कपिशीर्षकम् ।
प्राकारे च द्वितीये च तिर्यंचस्तु परस्परम् ॥ ४५ ॥
विरोधंत्यक्त्वा तिष्ठंति सस्नेहं सहोदरा इव ।
तृतीय रत्न दुर्गं च कपिशीर्षं मणिमयम् ॥ ४६ ॥

"Aho Shrutgyanam"

देवमनुजादीनां सुपर्षदा द्वादश स्थिताः ।
मध्येऽशोक वृक्षश्च योजनमेकं विस्तृतः ॥ ४७ ॥

वप्रोर्ध्वे च चतुर्दिक्षु सिंहासन छत्र त्रयम् ।
चतुर्दिक्षु पीठोपरि अर्हजिन प्रतिष्ठितम् ॥ ४८ ॥

उभयपक्षे यक्षं च मणिमय चामरधारकः ।
प्रति वप्रे प्रतिद्वारं वाप्योऽष्ट मंगलांकितम् ॥ ४९ ॥

બીજો (વચલો) ગઢ સોનાનો છે, તેને રત્નના કાંગરા છે, આ બીજા ગઢમાં પરસ્પર વિરોધી જીવો જાણે સ્નેહવાળા સહોદર હોય તેમ પ્રભુ પાસે સર્વે તિર્યંચ જીવો હર્ષ સહિત બેઠા છે (બિલાડી–મૂષક, સર્પ–નોળિયો, મૃગ અને વ્યાઘ્ર) ઉપરનો ત્રીજો ગઢ રત્નનો છે, તેના કાંગરા મણિના છે, ત્રીજા ગઢમાં દેવો મનુષ્યો સાધુ–સાધ્વી આદિ બાર પર્ષદા બેસે છે. ઉપરના ગઢની મધ્યમાં અશોકવૃક્ષ એક યોજન વિસ્તારનું છે. તેની નીચે પીઠિકારૂપ સિંહાસનો ચારે તરફ છે અને ત્રણ છત્રો ચારે તરફ પ્રભુ પર છે, ચારે તરફના સિંહાસન પર અર્હંત પ્રભુ બિરાજે છે, પ્રભુની બેઉ તરફ યક્ષ યક્ષિણી મણિજડિત ચામર ઢોળી રહ્યા છે, ત્રણે ગઢના પ્રત્યેક દ્વાર આગળ જળપૂર્ણ વાવડીઓ અકેક ગઢે આઠ આઠ છે. દ્વારો પર રત્નજડિત અષ્ટ મંગલ અંકિત છે.


द्वारेषु रौप्यवप्रस्य प्रतिहारास्तुंबरुः ।
तृमुंडमाली-खटवांगी-जटा मुकुट भूषिताः ॥ ५० ॥

द्वितीय वप्र द्वारेषु प्राक् क्रमेण चतुर्ष्वपि ।
जया च बिजया चैवाजिता चापराजिताः ॥ ५१ ॥

सर्वाः स्युरभय पाशांकुश मुद्गर पाणवः ।
तस्युश्चंद्राश्म शोणाश्म स्वर्णनीलात्विषः क्रमात् ॥ ५२ ॥

પ્રથમ નીચલા રૂપાના ગઢના ચારે દ્વારના પ્રતિહારો ૧ તુંબરૂ, ૨ કપાલી, ૩ ખટવાંગ, ૪ જટામુકુટધારી એમ ચાર છે. બીજા ગઢમાં પૂર્વાદિ ચારે દ્વારની દેવી પ્રતિહારી ૧ જયા, ૨ વિજયા, ૩ અજિતા, ૪ અપરાજિતા એ ચારે દેવીઓ છે તેની ચારે ભુજામાં અભય, પાશ, અંકુશ અને મુદ્ગર ધારણ કરેલ છે, તેનો વર્ણ અનુક્રમે સફેદ, લાલ, સોનાવર્ણ અને નીલ છે.

"Aho Shrutgyanam"



સમવસરણ મંદિર.

"Aho Shrutgyanam"

रत्नत्रयस्य द्वारेषु द्वौ द्वौ प्रातिहारकौ ।
इन्द्र इन्द्रजयश्चैव माहेन्द्रो विजयस्तथा ॥ ५३ ॥

धरणेन्द्रः पद्मकश्चैव सुनाभः सुर दुन्दुभिः ।
इत्युक्तं समोवसरणं प्रयुक्तं सुशिल्पिभिः ॥ ५४ ॥

ઉપરના ત્રીજા ગઢના ચારે દ્વારે બબ્બે પ્રતિહારો અનુક્રમે પૂર્વે ઇન્દ્ર અને ઇન્દ્રજય, દક્ષિણે માહેન્દ્ર ને વિજય, પશ્ચિમે ધરણેન્દ્ર ને પદ્મક અને ઉત્તરના દ્વારે સુનાભ અને સુરદુંદુભિ ઉભેલા છે, આ આઠે પ્રતિહારો વીતરાગના છે તેના ચચ્ચાર હાથમાં આયુધો છે આ રીતે સમવસરણ કરવાનું શાસ્ત્રકારોએ બુદ્ધિમાન શિલ્પીને કહ્યું છે.

॥ इतिश्री विश्वकर्माकृते ज्ञानप्रकाश द्वीपार्णवे वास्तुविद्यायां समवसरण लक्षणाधिकारः ॥

अष्टापद स्वरूप–
अष्टापदोर्ध्वे सिंहनिषद्याप्रासाद–वर्णन

પ્રથમ તીર્થંકર ઋષભદેવસ્વામીના દેહનો અગ્નિ સંસ્કાર અષ્ટાપદ પર્વત ઉપર કર્યો. ત્યાં ભરત ચક્રવર્તી મહારાજે સિંહનિષદ્યા નામે પ્રાસાદની રચના વર્ધકીરત્ન (શિલ્પી–સ્થપતિ) પાસે કરાવી.


भरतस्तत्र च स्वामि संस्कारासन्नभूतले ।
प्रासादं योजयामास त्रिगव्युति समुच्छ्रयः ॥ ५५ ॥

नामतः सिंहनिषद्या पद्मा निर्वाणवेश्मनः ।
उच्चैर्वार्द्धकीरत्नेन रत्नास्माभिकारयेत ॥ ५६ ॥

ભરત ચક્રવર્તીએ શ્રી ઋષભદેવના અગ્નિસંસ્કારના સમીપે ભૂમિ પર ત્રણ કોશ ઊંચો અને જાણે મોક્ષ મંદિરની વેદિકા હોય તેવો "સિંહનિષદ્યા" નામનો પ્રાસાદ રત્નમય પાષાણોથી વર્ધકી (સ્થપતિ) પાસે કરાવ્યો.

તેની ચારે તરફ પ્રભુના સમવસરણની જેમ સ્ફટિક રત્નના ચાર રમણીય દ્વારો કરાવ્યા, તે દ્વારોની બંન્ને તરફ શિવલક્ષ્મીના ભંડારની જેવા રત્ન ચંદનના સોળ કલશો રચાવ્યા. દરેક દ્વારની જાણે સાક્ષાત્ પુણ્યવલ્લી હોય તેવા સોળ રત્નમય તોરણો રચાવ્યા. ફરતા મંડપના પ્રશસ્તિ લિપિના જેવા અષ્ટમંગલની સોળ સોળ પંક્તિઓ રચી. જાણે ચાર દિક્પાલોની સભા ત્યાં લાવ્યા હોય તેવા વિશાળ મુખ મંડપો રચ્યા, તે ચાર મુખ મંડપોની આગળ ચાલતાં શ્રીવલ્લી મંડપની અંદર ચાર પેક્ષાસદન

"Aho Shrutgyanam"



શ્રી અષ્ટાપદ

"Aho Shrutgyanam"

મંડપો (રસિકમંડપ જેવા કક્ષાસનવાળા) કરાવ્યા, તે પેક્ષામંડપોની મધ્યમાં સૂર્યબિંબને ઉપહાસ કરનારા વજ્રમય અક્ષવાટ રચ્યા અને દરેક અક્ષવાટની મધ્યમાં કમલમાં કર્ણિકાની જેમ એક-એક મનોહર સિંહાસન રચ્યું, પેક્ષામંડપની આગળ એકેક મણિપીઠીકા રચી. તેની પર રત્નના મનોહર ચૈત્ય સ્તૂપ રચ્યા, તે દરેક ચૈત્ય સ્તૂપમાં આકાશને પ્રકાશિત કરનારી દરેક દિશાએ મોટી મણિપીઠિકા રચી. તેની પર રત્નના મનોહર ચૈત્યસ્તૂપ રચ્યા. તે દરેક ચૈત્યસ્તૂપમાં આકાશને પ્રકાશિત કરનારી દરેક દિશાએ મોટી મણિપીઠીકા રચી.

मणिपीठिकोपरिस्थाः पंचशत धनुमिताः ।
शाश्वत प्रतिमाः स्थिता ऋषभ चन्द्राननयोः ॥ ५७ ॥
वारिषेण वर्धमान पर्यंकासनस्थिताः ।
सिंह निषद्यप्रासादे नंदीश्वर द्वीपसमः ॥ ५८ ॥

તે મણિપીઠિકાની ઉપર ચૈત્ય સ્તૂપની સન્મુખ પાંચસો ધનુષ્ય પ્રમાણવાળી રત્ન નિર્મિત અંગવાળી ઋષભાનન, ચંદ્રાનન, વારિષેણ અને વર્ધમાન નામની ચારે પર્યંકાસન બેઠેલી મનોહર નેત્રરૂપી પોયણાને ચંદ્રિકા સમાન નંદીશ્વર મહાદ્વીપના ચૈત્યની અંદર છે તેવી શાશ્વત જિનપ્રતિમાઓ રચાવી સ્થાપન કરી.

તે દરેક ચૈત્ય સ્તૂપની આગળ અમૂલ્ય માણિક્યમય વિશાળ એવી સુંદર પીઠિકાઓ રચી તેના ઉપર એકેક ઇન્દ્રધ્વજ રચ્યો, જાણે દરેક દિશાએ ધર્મે પોતાના જયસ્તંભો આરોપ્યા હોય તેવા તે ઇંદ્રધ્વજ જણાતા હતા.

દરેક ઇંદ્રધ્વજ આગળ ત્રણ ત્રણ પગથિયાં અને તોરણવાળી નંદા નામે પુષ્કરિણી (વાવડીઓ) રચી. સ્વચ્છ શીતલ જલથી ભરેલી અને વિચિત્ર કમળોથી શોભતી તે પુષ્કરિણીઓ દધિમુખ પર્વતના આકારભૂત પુષ્કરિણીઓ જેવી મનોહર લાગતી હતી. તે સિંહનિષદ્યા નામના મહાચૈત્યના મધ્ય ભાગમાં મોટી મણિ પીઠિકા બનાવી અને સમવસરણની જેમ તેના મધ્યભાગમા વિચિત્ર રત્નમય એક દેવછન્દ રચ્યા. જ્યાં પ્રભુ ચડતાં વિશ્રામ લઇ દેશના દે છે. તે ચૈત્યની ભીંતોમાં વિચિત્ર મણિમય ગવાક્ષ (ઝરૂખા) રચ્યા હતા તેના પ્રભાપટલથી જાણે તેમાંથી પડદા ઉત્પન્ન થયેલા હોય તેવા જણાતા હતા.

देवच्छन्दे प्रतिष्ठिताः प्रतिमास्तत्र निर्मलाः ।
ऋषभ स्वामि मुख्यानां चतुर्विंशतिरर्हताम् ॥ ५९ ॥
प्रतिमाः स्व स्व संस्थाना मानवर्णाधरास्तु ताः ।
साक्षादिव स्वामिनो भासः शैलेषी ध्यान वर्तिनः ॥ ६० ॥

"Aho Shrutgyanam"

આગળ કહેલા દેવચ્છંદની ઉપર શૈલશી ધ્યાનમાં વર્તતી હોય તેવી દરેક પ્રભુના પોત પોતાના દેહના માન જેવડી ને પોત પોતાના દેહના વર્ણ (રંગ)ને ધારણ કરનારી. જાણે દરેક પ્રભુ પોતે જ બિરાજમાન હોય તેવી ઋષભ આદિ ચોવીશ અર્હંતોની નિર્મલ રત્નમય પ્રતિમા રચી સ્થાપન કરી.

तत्र षोडश सौवर्णा लाजवर्त समद्वये ।
द्वौ स्फटिकौ द्वे वैडूर्ये द्वे च रक्तमणिमये ।।
तासां चार्हत्प्रतिमानां सर्वासाम पिजह्विरे ।। ६१ ।।

તેમાં સોળ પ્રતિમા સુવર્ણ વર્ણની, બે રાજવર્ણ (શ્યામ) રત્નની, બે સ્ફટિકની, બે લીલા વૈડુર્યની અને બે રક્તવર્ણની (પૂર્વે બે, દક્ષિણે ચાર, પશ્ચિમે આઠ અને ઉત્તરે દશ) એમ ચોવીશ પ્રતિમાઓ બેસારી દેવચ્છન્દ ઉપર ઉજ્જવલ રત્નની ચોવીશ ઘંટાઓ સંવરણા રચી.

अष्टापदस्य शिखरे मणि माणिक्यभूषणम् ।
नंदीश्वरस्य चैत्यानां प्रतिस्पर्द्धिनं पावनम् ।। ६२ ।।

चैत्यं भरत च त्रिमात् आज्ञानुसारं कारितम् ।
तेनवार्द्धकी रत्नेन यथाविधि प्रमाणतः ।। ६३ ।।

અષ્ટાપદ પર્વતની ઉપર મસ્તકના મુકુટ-મણિ જેવા તથા નંદીશ્વરાદિના ચૈત્યની સ્પર્ધા કરે તેવું પવિત્ર એવું તે ચૈત્ય ભરત મહારાજની આજ્ઞા થતાં તત્કાલ સર્વકળાના જ્ઞાતા એવા વર્દ્ધકીરત્ને (સ્થપતિ શિલ્પીએ) વિધિપૂર્વક બનાવી આપ્યું.

चक्रिणा दंडरत्नेन शृंगाणि च छेदितानि ।
ऋजुस्तं भवत्स्थित्वात् मनुजा नैवारोहन्ति ।। ६४ ।।

पर्वतमेखला इव सोपानान्यष्टौ च कृतः ।
योजनमेक मुच्चानि तेनाष्टापदः प्रसिद्धः ।।
ततः प्रभृति शैलोऽसौ नाम्नाष्टापद इत्यभूत् ।। ६५ ।।

ભરતચક્રવર્તીએ દંડરત્ન વડે તે પર્વતના દાંતા પાડી નાખ્યા, તેથી સરળ અને ઉંચા સ્તંભની પેઠે એ પર્વત લોકોને ન ચડી શકાય તેવો થઈ ગયો. પછી મહારાજાએ પર્વતની ફરતી મેખલાઓ જેવા અને મનુષ્યોથી ઉલ્લંઘન થઈ શકે નહિ એવા એકેક યોજનને અંતરે આઠ પગથીયાં બનાવ્યા, ત્યારથી તે પર્વતનું નામ **અષ્ટાપદ** પડ્યું.

"Aho Shrutgyanam"

विश्वकर्मोवाच—

चतुर्विंशतिर्जिनचैत्यं शतार्द्धं च द्व्याधिकम् ।
द्व्यधिक सत्पतिस्तथा कार्या शतमष्टोत्तरम् ॥ ६६ ॥

जगत्यां च तथा प्रोक्ता मण्डपं च तथैव च ।
समवसरणमष्टापदं मया प्रोक्तां सुविस्तरैः ॥ ६७ ॥

શ્રી વિશ્વકર્મા કહે છે :—ચોવીશ જિનાયતન, બાવન જિનાયતન, બ્હોતેર જિનાયતન અને એકસો આઠ જિનાયતન અને તેની જગતી અને મંડપોનું વર્ણન પણ મેં કહ્યું છે હવે સમવસરણ અને અષ્ટાપદના સ્વરૂપો કહું છું.

नारदोवाच—

विश्वकर्मा स्वयं देवो विश्वकर्मा जगत्पतिः ।
जिनालयं कथंदेव ! अष्टापदस्य लक्षणम् ॥ ६८ ॥

तन्मध्ये देवता स्थानं चतुर्दिक्षुजिनास्तथा ।
तद् भ्रमैर्देवतामानं पदमानं कथं प्रभो ॥ ६९ ॥

નારદજી કહે છે હે વિશ્વકર્મા! આપ સ્વયં વિશ્વના કર્તા જગત્પત્તિ દેવ છો, જિનાલયના અને અષ્ટાપદના લક્ષણો મને કહો, તેની ચારે દિશામાં જિનદેવોનાં સ્થાન અને ફરતા દેવસ્થાનના પદના માન મને કહો.

विश्वकर्मोवाच—

जगत्योर्ध्वं च शालायां गर्भे च देवतापदम् ।
द्वारस्य द्वारमानेन स्तंभ कुंभोदुम्बरम् ॥ ७० ॥

प्रासादस्य समं ज्ञेयम् सपादं सार्द्ध मेव च ।
द्विगुणं वाय कर्त्तव्य मण्डपं समसूत्रतः ॥ ७१ ॥

प्रासादा अष्टभद्रं च वामदक्षिणतोऽपि वा ।
मण्डपगर्भ सूत्रेण कर्तव्यं शुभमीप्सितम् ॥ ७२ ॥

શ્રી વિશ્વકર્મા કહે છે :—જગતીની મધ્યપદનું ગર્ભ તે દેવતાપદ જાણવું, થાંભલા, કુંભી, ઉદુમ્બર તે સર્વ દ્વારમાને રાખવા, પ્રાસાદના જેટલો, સવાયો, દોઢો કે બમણો મંડપ કરવો તે શુભ જાણવો. મૂળ મંદિરની ડાબી જમણી તરફ અષ્ટભદ્રના પ્રાસાદો કરવા તે તેના ગર્ભસૂત્રને અનુસરીને શુભ ઇચ્છિત ફળની કામનાવાળા એ મંડપો કરવા.

"Aho Shrutgyanam"

भूमिश्च भूमिमानेन चतुर्द्वारयुतं शुभम् ।
अष्टभागैर्द्विष्टैर्वा नरवार्धं द्वादशोऽपि च ॥ ७३ ॥

प्रासादमाने प्रतिमा कर्त्तव्या शुभ मीप्सितम् ।
भद्रे भद्रे राजसेनो वेदी सुखासनं शुभम् ॥ ७४ ॥

આ પ્રાસાદના એક ભૂમિ ઉપર બીજી એમ મજલાઓ માનથી કરવા અને તેને પ્રાસાદ ચારે તરફ દ્વારવાળો કરવો, તે શુભ જાણવું. તે પ્રાસાદ આઠ ભાગ, સોળ ભાગ, દશભાગ, બારભાગ (કે ચોવીશ ભાગ) ની વિભક્તિનો કરવો. પ્રાસાદના પ્રમાણથી પ્રતિમાજી કરવા તે શુભ જાણવું. પ્રાસાદના ભદ્રે ભદ્રે રાજસેનક વેદિકા, આસનપટ્ટાદિ, સુખાસન (કક્ષાસન) કરવા.

एकवक्त्रो त्रिवक्त्रो वा चतुर्वक्त्रस्तथैव च ।
एकवक्त्रे च कर्तव्या मुखे चैव त्रिशालिका ॥ ७५ ॥

આ અષ્ટાપદ પ્રાસાદ એક મુખનો, ત્રણ મુખનો, કે ચાર મુખનો કરવો, એક મુખમાં પ્રાસાદને આગળ ત્રિશાલિકા કરવી. ચાર મુખના પ્રાસાદને ચારે દિશામાં મંડપો કરવા શુભ છે.

चतुर्दिक्षु वतुर्वक्त्रं तस्याग्रे मण्डपः शुभा ।
तदर्धं च न कर्तव्यं शालावेध प्रजायते ॥ ७६ ॥

पटशाला प्रवेशेन दृश्यते वास्तुषु ।
स्वामि सुखमाचार्यश्च पूजा न लभ्यते नरैः ॥ ७७ ॥

तस्मात्सर्वं प्रयत्नेन कर्तव्यं च पूजागमैः ।
तत्कृतं च शुभं ज्ञेयं सर्वकाम फलप्रदम् ॥ ७८ ॥

पुत्र पौत्र प्रवर्द्धन्ते प्रजाराज्ञ जयावहम् ।
राजसेन तथा वेदी आसनं मतवारणम् ॥ ७९ ॥

इलिका तौरणेर्युक्तः शालाग्रे पूरितः शुभः ।
तन्मध्ये च महामेरुश्चतुर्दिक्षु जिनेश्वरम् ॥ ८० ॥

"Aho Shrutgyanam"


प्रथमार्चा प्रमाणेन द्विचतुरष्टदिङ्मिताः ।
दृष्टिस्तु दृष्टिमानेन स्तनान्तं वा शुभं भवेत ॥ ८१ ॥

અષ્ટાપદના ચતુર્મુખ મંડપને રાજસેનક, વેદિકા, આસનપટ્ટ, કક્ષાસન કરવા. શાલા—આગલી ચોકીને ઈલિકા તોરણ યુક્ત સુશોભિત કરવું. તેવા પ્રાસાદની મધ્યમાં મહામેરૂ જેવી વેદી પર ચારે દિશાએ જિનેશ્વર પધરાવવા, પહેલા આગલા બિમ્બ પ્રમાણના પૂર્વાદિ દિશામાં ક્રમે બે, ચાર, આઠ અને દશ એમ ચોવીશ જિનબિમ્બ સ્થાપન કરવા, તે સર્વની દૃષ્ટિ સમસૂત્રમાં એક રાખવી અથવા સર્વ પ્રતિમાના સ્તન-સૂત્ર એક સૂત્રમાં રાખવા.

तेन मानेन कर्तव्य मधः स्थानेन नंदति ।
पदं च पदमानेन पदं पदानुसारत् ॥ ८२ ॥
एक भूमि द्विभूमिर्वा त्रिभूमिर्वा कृतं शुभम् ।
आदिपदानुमानेन कर्तव्यं भूमिमुदयम् ॥ ८३ ॥
तदूर्ध्वं शृंगमुत्सेधं जटायां तत्प्रकल्पयेत् ।
तदूर्ध्वं उरुशृंगाणि अंडकै कलशैर्युक्तम् ॥ ८४ ॥

આમ સમસૂત્રના માન રાખતાં નીચેની ગાદી ચઢાવવી, પદના માને પદો રાખવા, પદના અનુસારે પદો રાખવા, પદના માનથી એક ભૂમિ કે બે ભૂમિ કે ત્રણ ભૂમિનો પ્રાસાદ કરવો તે શુભ છે. મુખ્ય આદિપદના માને ઉપરની ભૂમિનો ઉદય રાખવો તેના ઉપર શૃંગો ચઢાવી જટાની કલ્પના જેવું શિખર કરવું, તેના ઉરૂશૃંગો અંડકો યુક્ત પ્રાસાદ કરવો.

॥ इतिश्री ज्ञानप्रकाशद्विपार्णव मतानुसार अष्टापद वर्णन समाप्तम् ॥



"Aho Shrutgyanam"

मेरुगिरिस्वरूपम् नंदीश्वरद्वीप लक्षण :-

।। अथ मेरुगिरिस्वरूपम्

श्री विश्वकर्मोवाच—

वृत्ताकारो मेरुगिरिः शालभद्रभूस्थितः ।
सुवर्णवर्णो मेरुश्च नीलवर्णास्य चुलिका ।। ८५ ।।

नंदनं प्रथमे कन्दे तथोपरि सोमनसम ।
शेषं च पंडकवनं चुलिका तस्योपरि ।। ८६ ।।

चुलिकोपरि कर्तव्यं शाश्वत जिन चैत्यकम् ।
पूर्वदक्षे श्वेतवर्णाऽपरोत्तरे रक्तवर्णका ।। ८७ ।।

पूर्वादि क्रमयोगेन सिद्धशिला पंडोपरि ।
शिला च धनुषाकारा जन्माभिषेक स्तत्र च ।। ८८ ।।

શ્રી વિશ્વકર્મા મેરુગિરિનું સ્વરૂપ કહે છે, મેરુગિરિ ગોળ આકારે છે. નીચે, પ્રથમ ભદ્રશાલી ભૂમિ પર તે સ્થિત છે, મેરુનો વર્ણ સુવર્ણ જેવો છે, ઉપર ચૂલિકાનો નીલવર્ણ કહ્યો છે, પ્રથમ કંદરૂપે નંદનવન છે, તે ઉપર ચઢતાં સોમનસ વન આવે છે, તેનાથી ઉપર ચઢતાં ઉપર પંડકવન આવે છે, (જ્યાં પ્રભુજીનો જન્માભિષેક થાય છે) તે ઉપર ચૂલિકા આવે છે, ચૂલિકાની ટોચ પર શાશ્વત જિનચૈત્ય આવેલું છે પંડકવનમાં પૂર્વ ને દક્ષિણ દિશાની શ્વેતવર્ણની સિદ્ધશિલા છે, પશ્ચિમ અને ઉત્તર રક્તવર્ણની સિદ્ધશિલા છે, એમ પૂર્વાદિ શિલાએ પંડકવન પર છે, તે શિલાઓનો આકાર ધનુષાકાર કલ્પ્યો છે, (તે સિંહાસન-ગાદી તરીકે જાણવી) પૂર્વ-પશ્ચિમ બે એમ બબ્બે શિલા છે, તે સિદ્ધશિલા પર પ્રભુનો જન્મ થાય ત્યારે ત્યાં ઇન્દ્રો તેમનો જન્માભિષેકનો ઉત્સવ કરે છે.

मान प्रमाण—

नन्दनीदयस्त्रयांशे विंशांशकं सोमनसम् ।
पांडुकं च कलांशेन प्रतिमा माने चूलिका ।। ८९ ।।

"Aho Shrutgyanam"

ઉર્ધ્વં વ્યાસઃ ત્રિંશાંશેન અધશ્ચ પંચત્રિંશકઃ ।
ભાવમેરૌ કલ્પિતાંશા ક્ષેત્રમાને યોજયેત્ ॥ ૯૦ ॥

હવે મેરુગિરિનું માન પ્રમાણ સ્થાપત્યની દૃષ્ટિએ કહે છે, નીચેનું નંદનવન ત્રણ ભાગનું ઊંચુ (તેમાં કણપીઠની આકૃતિ કરવી), તે ઉપર વીશ ભાગની ઊંચાઈમાં સોમનસ વન આવે, તેના ઉપર સોળ ભાગનું ઊંચુ પંડકવન આવે અને પ્રતિમાના પ્રમાણથી ચૂલિકાનું પ્રમાણ રાખવું. ઉપરનો વ્યાસ પાંડુક ત્રીશ ભાગ વિસ્તારમાં અને નીચેનો પાંત્રીશ ભાગ જાણવા, આ ભાવ મેરૂની સ્થાપત્યની કૃતિનું જાણવું, જૈન ગ્રંથોમાં કહેલા ક્ષેત્ર પ્રમાણેનું સેવન કરવું કાર્યક્ષેત્રે બહુ અશકય છે.

चतुर्दिशिजिनगेहं सोमनसवने स्थितम् ।
विदिशि शक्रप्रासादो वापी जल पूर्णका ॥ ९१ ॥

સોમનસ વનના ફરતા ચાર દિશામાં જિનભવન કરવાં, વિદિશાઓમાં ચાર ઈન્દ્રોના પ્રાસાદો જલપૂર્ણ વાવો સહિત કરવા.

वने नन्दने च कार्याश्चतुर्दिशि जिनगृहाः ।
विदिशि शक्रप्रासादो वापी च जलपूर्णिका ॥ ९२ ॥
जिनेन्द्र प्रासादान्तरे दिक्कुमारी – कूरानि च ।
तत्र कूटो परि कुक्षौ इशाने बलकूटकम् ॥ ९३ ॥

નંદનવનની ચારે દિશાઓમાં જિનમંદિરો અને વિદિશામાં ઇંદ્રના ચાર પ્રાસાદો કરવા, તેમાં ફરતી જલપૂર્ણ વાવો કરવી. જિનચૈત્યને ઇંદ્ર પ્રાસાદની વચ્ચે આંતરે અકેક દિકકુમારીના કૂટ=ટેકરીઓ આવેલી છે (એમ આઠ કૂટ છે) તે કૂટ પર્વતની ટેકરી ઉપર અકેક હેરી કરવી (દિકકુમારીને રહેવાને) આઠકૂટ ઉપરાંત ઈશાન કોણમાં એક બલકૂટ વિશેષ કરવું (ઈશાનમાં ઇંદ્રભવન, પછી બલકૂટ, પછી દિકકુમારી કૂટ અને પછી ઉત્તર દિશાનું એમ કમ જાણવો.)

मेरुश्च पर्वत्ताकारो गुहावृक्षादिभिर्वृत्तः ।
अधो भागे पशुपक्षी भव्यजीवा स्तथोपरि ॥ ९४ ॥
नन्दनस्य अधो भागे महानदी भद्रशालकम् ।
एवंविधेय मेरुगिरि कथितम् विश्वकर्मणा ॥ ९५ ॥

મેરૂગિરિ ફરતા પર્વતોના આકાર-ટેકરા, ગુફાઓ, ઝરણા, વૃક્ષો કરવાં, નીચે પશુ–પક્ષી આદિ અને તે પર ભવ્ય જીવો છે, નંદનવન જે કર્ણપીઠના રૂપનું નીચે કરવાનું તેની ફરતી નીચે ખાઈ મહાનદી સ્વરૂપ કરવી. મંદિરની જમીનને ભદ્રશાલ સ્વરૂપ જાણવી. આ રીતે મેરુરચના વિશ્વકર્માએ કહેલ છે.

"Aho Shrutgyanam"

अथ नंदीश्वर-द्वीप-रचना

विश्वकर्मोवाच—

अथ नंदीश्वरो द्वीपः द्विपंचाशच्चकूटवान् ।
कूटोपरि चतुर्मुखं चैत्यं चतुर्द्वारकम् ॥ ९६ ॥
चतुर्दिशि चतुर्गिरिरं जनः श्यामवर्णक ।
अंजनस्य चतुर्दिशि दधि मुखाख्यः पर्वतः ॥ ९७ ॥
प्रत्येकं च विदिशायां दौ दौ रतिकरौगिरि ।
एव मष्ट रतिकरा चतुर्दधिरेकांजनः ॥ ९८ ॥
त्रयोदश गिरयश्च चतुर्दिशि च पर्वताः ।
एव मंजनसमूहः स्याद द्वि पंचाशच्चतुर्दिशि ॥ ९९ ॥
प्रति कूटोपरि चैत्यं चतुद्वारं सुशोभनम् ।
समस्त बिम्ब संख्या च द्विशताधिकमष्टकम् ॥ १०० ॥

શ્રી વિશ્વકર્મા નંદીશ્વર દ્વીપની રચના કહે છે, નંદીશ્વરદ્વીપોમાં બાવન કૂટ પર્વતોના છે, પ્રત્યેક કૂટ ઉપર ચાર મુખના દ્વારવાળા ચૈત્ય છે, ચારે દિશામાં શ્યામ વર્ણના ચાર અંજનગિરિ આવેલા છે, ચારે દિશાએ આવેલ ચાર અંજનગિરિ છે, પ્રત્યેક અંજનગિરિની ચારે દિશાએ અકેક એમ ચાર દધિમુખ પર્વત આવેલ છે. પ્રત્યેક દિશામાં બબ્બે બબ્બે રતિકર પર્વતો આવેલ છે, એવા આઠ રતિકર પર્વત ચાર દધિમુખ પર્વત અને મધ્યનો અંજનગિરિ પર્વત મળી કુલ તેર પર્વતો છે, પ્રત્યેક અંજનગિરિ

ઉપરોક્ત આપેલ પાઠ સ્થાપત્ય રચનાની દૃષ્ટિએ છે. પરંતુ જૈન દર્શન શાસ્ત્રોમાં બિમ્બ સંખ્યા નીચે પ્રમાણે આપી છે.

આ નંદીશ્વર દ્વીપના મધ્ય પટ્ટોમાં જંબૂદ્વીપ=સમુદ્રાદિ દ્વીપના આઠ વલયોવાળી રચના કરવી, તેમાં મધ્યમાં જંબૂદ્વિપની વચ્ચે મેરુની રચના કરી ચાર શાશ્વત જિનમૂર્તિઓ પધરાવવી. સ્થાપત્યની દૃષ્ટિએ ઉપર કહેલા ૧૩ × ૪ = ૫૨ કૂટ + ૪ = ૨૦૮ એમ બસો આઠ બિમ્બ સ્થાપન થાય છે, પરંતુ મધ્યના મેરુના ચાર શાશ્વતા જિનબિમ્બ ગણાતાં કુલ ૨૧૨ (બસો બાર) બિમ્બની સ્થાપના થાય.

શાસ્ત્રોક્ત વર્ણનમાં એકેક ગિરિ ઉપર ચૌમુખદ્વારના ૧૨૪ બિમ્બ પધરાવેલા કહ્યા છે. તેવા બાવન ગિરિ ઉપર ૧૨૪ × ૫૨ = ૬૪૪૮ (છ હજાર ચારસો અડતાલીશ) બિમ્બ સંખ્યા બધી મળીને નંદીશ્વર દ્વીપ ઉપરની કહી છે. આ તમામ પ્રભુના નામો શાશ્વતા જિન પૈકીના જ છે. તેમાં કોઈ ચોવીશી પધરાવવાની હોતી નથી. આમ શાસ્ત્રોક્ત વર્ણનમાં આ પ્રત્યેક ગિરિ ચૈત્યને ચારે તરફ ચાર મુખ મંડપો અને તેના આગળ પેક્ષામંડપો છે, તેમ કહેલું છે, એટલે ૫૨ × ૪ = ૨૦૮ (બસો આઠ) મંડપો અને બસો આઠ પેક્ષામંડપો થયા કેટલી વિશાળ ભવ્ય રચના.

"Aho Shrutgyanam"

ચારે દિશાના તેરના સમૂહમાં મધ્યમાં આવેલ છે, એવા ચારે તરફના અંજનગિરિના સમૂહ કુલ મળીને (૧૩ × ૪ = ૫૨) બાવન કૂટ થાય, પ્રત્યેક કૂટ ઉપર ચાર દ્વારથી શોભતું અકેક ચૈત્ય છે. બધા મળીને જિનબિંબોની સંખ્યા બસો આઠ થાય. (તેર તેરના ચારે દિશાના સમૂહ વચ્ચે મેરૂપર્વત આવેલ છે.)

॥ ઇતિશ્રી નંદીશ્વરદ્વીપ રચના ॥

अथ जिनप्रासाद आयतनादि

श्री विश्वकर्मोवाच—

जिनाग्र चतुष्किका शुक्राग्रे गूढ मण्डपः ।
गूढस्याग्रे चतुष्किका तदग्रे नृत्यमण्डपः ॥ १०१ ॥

શ્રી વિશ્વકર્મા કહે છે :–જિન પ્રભુના પ્રાસાદ આગળ ચતુષ્કિકા કોલી કરવી, કોલી શુકમંડપ આગળ ગૂઢમંડપ કરવો, ગૂઢમંડપ આગળ ચતુષ્કિકા ચોકીઓ કરવી, તેના અગ્રભાગે નૃત્યમંડપ કરવો.


प्रथम प्रासाद माने शताग्रेचाष्ट संयुताः ।
चतुरशीर्तिद्विसप्तः शतार्द्धं च द्वयाधिकम् ॥ १०२ ॥
चतुर्विंशतिर्जिनेन्द्रा भाषितं विश्वकर्मणा ।
ज्येष्ठ मध्य कनिष्ठं च त्रिविधं मान मुत्तमम् ॥ १०३ ॥

મૂળ પ્રાસાદના માનથી ફરતી એક સો આઠ દેવકુલિકાઓ મૂળ મંદિર સાથે કરવી. તેમજ ચોરાશી, બહોંત્તેર, બાવન અને ચોવીશ દેવકુલિકાઓ મૂળ મંદિર સાથે કરવાનું શ્રી વિશ્વકર્માએ કહ્યું છે. તેવા જ્યેષ્ઠ, મધ્યમ અને કનિષ્ઠ એવા ત્રણે પ્રકારના માનના પ્રાસાદો ઉત્તમ જાણવા, આ રીતે પાંચ પ્રકારે જિનાયતનો કરવાનું કહ્યું છે.

पंच विंशति विस्तारं अष्टाविंशति सुखायते ।
भागैकं लोपयेत्कर्णं चतुरशीनि जिनालयः ॥ १०४ ॥
विंश विंश कृते क्षेत्रे पृष्ठे चत्वारिंश सुखायते ।
जिणमाला स्तथा नाम सर्वं कल्याण कारिका ॥ १०५ ॥

પચ્ચીશ ભાગ પહોળાઈ અને અઠ્ઠાવીશ ભાગ ઊંડાઇ લંબાઇનું ક્ષેત્ર કરવું, તેના ચાર ખૂણાના અકેક પદ લોપવા (એટલે ચારે ખૂણે ખાંચા પાડવા) વીશ વીશ આગળ પાછળ દેવકુલિકાઓ અને બાજુમાં વીશ વીશ દેવકુલિકાઓ ત્રણ મહાધર અને મુખ્ય પ્રાસાદ સહિત ચોરાશી જિનાયતને આમ સર્વ કલ્યાણ કરનાર એવું **જિણમાલ** નામ જાણવું.


"Aho Shrutgyanam"




શ્રીશાન્તિનાથ (૪૭) પ્રાસાદ

वाम दक्षे चतुस्त्रिंश दृष्टाग्रे नवपृष्टतः ।
मूल प्रासाद संयुक्ते वर्ण संख्याजिनायतम् ॥ १०६ ॥

મૂળ પ્રાસાદની ડાબી જમણી બાજુ સત્તર સત્તર, આગળ આઠ અને પાછળ નવ દેવકુલિકાઓ કરવી. મૂળ પ્રાસાદ સહિત બાવન જિનાયતનની રચના જાણવી.



"Aho Shrutgyanam"



બાવન (૫૨) જિનાલય


"Aho Shrutgyanam"

वाम दक्षे च पंचाशत पृष्ठे रुद्रोऽग्रतो दश ।
मूल प्रासाद संयुक्तं द्विसप्ततिर्जिनायतम् ॥ १०७ ॥

મુખ્ય પ્રાસાદની ડાબી જમણી બાજુએ પચ્ચીશ પચ્ચીશ, પાછળ અગિયાર અને આગળ દશ દેવકુલિકાઓ આમ મૂળપ્રાસાદ સહિત બહોંતેર જિનાયતનની રચના જાણવી.


अग्रपृष्ठ द्वयोर्विध चतुर्विंशायतं खलु ।
अष्टाष्ट सप्त कुलिका सहितं मूलमन्दिरे ॥ १०८ ॥

ચોવીશ જિનાલય બે પ્રકારે થઈ શકે. મૂલમંદિરની આગળ અથવા પાછળ દેવકુલિકાઓ થાય. તેમાં બે બાજુ આઠ આઠ, પાછળ સાત અને એક મૂલ પ્રાસાદ સહિત ચોવીશ જિનાલય જાણવા.



૪૪ ચોવીશ (૨૪) જિનાલય

"Aho Shrutgyanam"




ચોવીશ (૨૪) જિનાલય

यदिस्थान मानाश्रये न्यूनाधिक्यं देवकुले ।
पार्श्वं पृष्टाग्र संख्येन तत्र दोषो न जायते ॥ १०९ ॥


કદાચ સ્થાન-જગ્યાનો આશ્રય જાણીને બાજુની દેરીઓ આગળ પાછળ વધારવી પડે તો તેમાં ઓછા વધતું કરવું પડે તો દોષ ન જાણવો. કુલ સંખ્યા ૮૪, ૭૨, ૫૨, ૨૪ મેળવવી.

अग्रतः पृष्ठतश्चैव वाम दक्षिणतोऽपिवा ।
जिनेंद्रायतनं चैव पदवेधं विवर्जितम् ॥ ११० ॥
प्रासाद स्तंभ कर्णानां वेधद्वारेषु वर्जयेत् ।
प्रासाद मण्डपानां तु गर्भे कृत्वा सुख वहेत् ॥ १११ ॥

"Aho Shrutgyanam"




ચેમ્બુર જૈન દેરાસર કક્ષાસન અને દેવકુલિકા (એન. સી. સોમપુરા)




દેવાંગના સ્વરૂપ દર્શન–છસરા (કચ્છ) (એન. સી. સોમપુરા)

"Aho Shrutgyanam"




જંગા રૂપ દર્શન ખજુરાહ



અડાલજ વાવ શિલ્પ સ્થાપત્ય દર્શન

"Aho Shrutgyanam"

ચોરાશી, બહોંતેર, બાવન કે ચોવીશ જિનાયતનની દેવકુલિકાઓ કરવામાં પ્રાસાદના આગળ-પાછળ, પડખે કે બધી બાજુમાં પદનો વેધ ન આવે તેમ રચના કરવી. પ્રાસાદના સ્તંભો અને ખુણાઓનો વેધ દ્વારમાં ન આવે તેમ કરવું, તેમ મૂળ પ્રાસાદના દ્વારમાં પણ વેધ ન આવે તેમ કરવું. સર્વ મંડપ પ્રાસાદના ગર્ભને અનુસરીને કરવાથી સુખને આપનાર જાણવું.




लघुपदे कुलिकायां पक्षगर्भं च लोपयेत् ।
देवकुली गर्भगेहे ब्रह्म गर्भं न लोपयेत् ॥ ११२ ॥

"Aho Shrutgyanam"

ब्रह्म गर्भे यदिलुप्ते वेधदोषो महद्भयम् ।
क्वचित पार्श्वगर्भ लोपे तत्रदोषो न विद्यते ॥ ११३ ॥

જિનાલયના નાના પદ્રો પર શિખર કરવામાં પડખાનો ગર્ભ લોપાય તો દોષ નથી. પરંતુ દેવકુલિકાના ગર્ભગૃહના શિખરનો ઉભો બ્રહ્મગર્ભ ન લોપવો. જો બ્રહ્મગર્ભ લોપાય તો વેધ દોષનો ભય ઉપજે. પરંતુ કદાચ (નાના પદના કારણે) પડખાના ગર્ભ લોપાય તો તેનો દોષ ન જાણવો.



અગિયાર (૧૧) ગર્ભગૃહ પ્રાસાદ રચના

जिनायतं शुभ कार्यं सर्वज्ञैर्हि सुशिल्पिभिः ।
वास्तुज्ञाने स्वतः सिद्धः वास्तुवेत्ता देवसम् ॥ ११४ ॥

"Aho Shrutgyanam"

વાસ્તુશાસ્ત્રમાં પોતે સિદ્ધ થયેલા જ્ઞાનવાળા અને વાસ્તુના જાણુવાવાળા દેવરૂપ એવા સર્વ કળાના જાણકાર તેવા સારા કુશળ શિલ્પીએ આવું અનેક ગુંચોવાળું જિનાયતનનું કામ બુદ્ધિથી અને તર્કથી કરવું.

शास्त्र विहिनापवादेना कथ्यते मुनिपुंगवैः ।
गुण दोषौ च विज्ञाय शिल्पी कुर्वंति बुद्धिमान् ॥ ११५ ॥

કદાચ કોઈ સમય કારણુસર અપવાદરૂપ શાસ્ત્ર વિહિન માર્ગ ઋષિ મુનિઓએ કહ્યા હોય તો તેના ગુણદોષ જાણીને બુદ્ધિમાન શિલ્પીએ તેવું કાર્ય કરવું.

क्वचित् शास्त्रविहिनं तु यदि कर्मज्ञधीमताम् ।
कर्मठे कुशले तस्मिन् वेध दोषो न जायते ॥ ११६ ॥

વાસ્તુ કર્મના બુદ્ધિમાન કર્મઠના જ્ઞાતા એવા કુશલ સ્થપતિને જો કદાચ એવા સંજોગોમાં અણુછુટકે શાસ્ત્ર વિહિન માર્ગે જવું પડે તો તે વેધ દોષ ન જાણુવો.

अलिंद तलभूम्युच्चं देवकुली भुवस्तलम् ।
प्रणालं कारयेद्बिमान पूर्वतश्चाग्र भागत ॥ ११७ ॥

અલિંદ–પરસાળ–ચોકીની ભૂમિ કરતાં દેવકુલિકાના ગર્ભગૃહનું ભૂમિ તલ ઊંચુ રાખવું અને તેનો ઢાળ આગળ પૂર્વમાં બુદ્ધિમાન શિલ્પીએ રાખવો.

गुणाश्च बहवो यत्र दोष एको भवेद्यदि ।
गुणाधिकं चाल्प दोषं कर्तव्यं नात्र संशय ॥ ११८ ॥

જે સ્થાપત્ય કામમાં ઘણા ગુણો હોય અને કોઈ એકાદ દોષ હોય તો તે દોષ ગણાતો નથી. તેવા અધિક ગુણવાળા અને અલ્પ દોષવાળાં કાર્ય નિર્દોષ છે તેમ જાણુવું, તેમાં સંશય ન કરવો, અગ્નિકુંડમાં જલબિન્દુઓની સ્થિતિ જેવું તે જાણુવું.

अष्टापद समोसर्यां शिखरं मेरुमानकम् ।
कृते भावकल्पांश क्षेत्रमानं न योजयेत् ॥ ११९ ॥

અષ્ટાપદ, સમવસરણ કે મેરુશિખરને શાસ્ત્રોમાં કહેલા એમના માન પ્રમાણ પ્રમાણે કરવાનું અશકય હોય તો ન કરવા, પરંતુ તેના વ્યવહારૂ કલ્પિત ભાગથી ભાવ દેખાડવો.

નોટ :–ચોરાશી જિનાયતન બીજા પ્રકારે પાછળ એકવીશ, બાજુમાં બાવીશ બાવીશ અને આગળ અઢાર મુખ્ય પ્રાસાદ મળી ચોરાશી જિનાયતન થાય. બાજુમાં મોટી દેરીઓને મહાધર કહે છે, તે દેવકુલિકાની સંખ્યામાં ગણવી અને ચાર ગર્ભે બલાણક કરવા. તેવા ચોરાશી જિનાલયને **જિણુભાલા** નામે જાણવું. રાણકપુર ધરણીવિહારપ્રાસાદ એ આ પ્રમાણેની કૃતિ છે, એકસો આઠ જિનાયતન બુદ્ધિમાન શિલ્પીએ યુક્તિથી ગોઠવી લેવું.

"Aho Shrutgyanam"

श्री जिन प्रतिमा लक्षण

जिन स्वरूप

अरूपं रूपमापन्नं विश्वरूपं जगत्प्रभुम् ।
केवलं ज्ञान मूर्तिञ्च वीतरागं जिनेश्वरम् ॥ १२० ॥

द्वि भूजञ्चैक वक्त्रञ्च बद्ध पद्मासन स्थितम् ।
लीयमान परब्रह्म जिन मूर्ति जगद्गुरुम् ॥ १२१ ॥

નિરાકાર અને વિશ્વરૂપ, જગતના પ્રભુ તથા કેવલજ્ઞાનની મૂર્તિરૂપ વીતરાગ જિનેશ્વર સ્વરૂપાકારને પ્રાપ્ત થયેલા કરવા, બે ભુજાવાળા, એક મુખવાળા, પદ્માસન વાળીને બેઠેલા તથા પરબ્રહ્મના ધ્યાનમાં લીન થયેલી મુદ્રાવાળી જિનમૂર્તિ જગતગુરુ કરવા.

चतुर्विंशति जिनतीर्थंकरना नामो :–

अत ऊर्ध्वं प्रवक्ष्यामि जिनान् तीर्थङ्करोभिधान् ।
चतुर्विंशति संख्यांश्च ऋषभोऽजित सम्भवा ॥ १२२ ॥

अभिनन्दन नामाच सुमतिः पद्मप्रभु स्तथा ।
सुपार्श्वश्चन्द्रप्रभुश्च सुविधिः स्यादय शीतलः ॥ १२३ ॥


श्रेयांसो वासुपूज्यश्च विमलोऽनन्त तीर्थकृत् ।
धर्मः शान्तिश्च कुन्थुश्चाऽरो मल्लिर्मुनिसुव्रतः ॥ १२४ ॥

नमि नेमिश्च पार्श्वश्च महावीरस्तथा स्मृतः ।
चतुर्विंशतिरर्हन्तः लोके पूज्यतमाः स्मृताः ॥ १२५ ॥

હવે તીર્થંકર જેમની સંજ્ઞા છે એવા ચોવીશ જિનેશ્વર ભગવાનનાં નામ કહું છું :–


(૧) ઋષભદેવ, (૨) અજિતનાથ, (૩) સંભવનાથ, (૪) અભિનંદન, (૫) સુમતિનાથ, (૬) પદ્મપ્રભુ, (૭) સુપાર્શ્વનાથ, (૮) ચંદ્રપ્રભુ, (૯) સુવિધિનાથ, (૧૦) શીતલનાથ, (૧૧) શ્રેયાંસનાથ, (૧૨) વાસુપૂજ્ય, (૧૩) વિમલનાથ, (૧૪) અનંતનાથ, (૧૫) ધર્મનાથ, (૧૬) શાન્તિનાથ, (૧૭) કુંથુનાથ, (૧૮) અરનાથ, (૧૯) મલ્લિનાથ, (૨૦) મુનિસુવ્રત, (૨૧) નમિનાથ, (૨૨) નેમનાથ, (૨૩) પાર્શ્વનાથ, (૨૪) મહાવીરસ્વામી. આ પ્રમાણે ચોવીશ અર્હંતોના નામ જાણવા અને તેઓ લોકમાં પૂજ્યતમ જાણવા.

"Aho Shrutgyanam"



મંડોવર દર્શન યાને શિલ્પ ગૌરવ

"Aho Shrutgyanam"



દિગંબર જૈન ધર્મશાળા પાલિતાણા. (એન. સી. સોમપુરા)

"Aho Shrutgyanam"

वर्ण

रक्त पद्मप्रभुश्चैव पद्माभो वासुपूज्यकः ।
चन्द्र प्रभुश्च चन्द्राभो नेमिश्च नील वर्णकः ॥ १२६ ॥
मल्लिश्च पार्श्वनाथश्च नीला भौ च प्रकीर्तितौ ।
हेमत्विषो जिनाः शेषा रूपाणीति समासतः ॥ १२७ ॥

પદ્મપ્રભુ–રક્ત વર્ણના, વાસુપૂજ્ય–પદ્મવર્ણ, ચંદ્રપ્રભુ–ચંદ્રના સમાન કાંતિવાળા, નેમિનાથ–નીલવર્ણના, તેમજ મલ્લિનાથ તથા પાર્શ્વનાથ પણ નીલવર્ણવાળા કહેલા છે, અને શેષ જિન દેવતાઓ સુવર્ણ જેવી કાન્તિવાળા જાણવા આ પ્રમાણે સંક્ષેપમાં વર્ણસ્વરૂપ જાણવું.

लांछन

वृषो गजोऽश्वप्लवमौ क्रौञ्चोऽब्ज स्वस्तिकौ शशी ।
मकरः श्रीवत्सः शृङ्गी महिषः शूक स्तथा ॥ १२८ ॥
श्येनो वज्र मृगच्छागा नंद्यावर्त्तो घटोऽपि च ।
कूर्मो नीलोत्पलं शङ्खो फणी सिंहोऽर्हतां ध्वजा ॥ १२९ ॥

(१) વૃષ, (૨) હાથી, (૩) અશ્વ, (૪) વાંદરો, (૫) ક્રૌંચપક્ષી, (૬) પદ્મ, (૭) સ્વસ્તિક, (૮) ચંદ્રમા, (૯) મગર, (૧૦) શ્રીવત્સ, (૧૧) ગેંડો, (૧૨) પાડો, (૧૩) સુવર, (૧૪) બાજ, (૧૫) વજ્ર, (૧૬) મૃગ, (૧૭) બકરો, (૧૮) નંદ્યાવર્ત, (૧૯) કુંભ, (૨૦) કૂર્મ, (૨૧) નીલકમલ, (૨૨) શંખ, (૨૩) સર્પ, (૨૪) સિંહ. આ અનુક્રમે અર્હંન દેવતાઓના ધ્વજ (લાંછન) જાણવા.

जन्म नक्षत्र :–

उत्तराषाढ रोहिण्यौ मृगशिर्ष श्रवणश्च ।
मघा चित्रा विशाखा चाऽनुराधा मूलमेव च ॥ १३० ॥
पूर्वाषाढा श्रुतिश्चैव शततारोत्तरापदे ।
रेवती पुष्य भरण्यौ कृतका रेवती क्रमात् ॥ १३१ ॥
अश्विनी श्रवणाश्विन्यौ तथा चित्रा विशास्तिका ।
उत्तराफाल्गुनीश्चतुर्विंशती जिनानां जन्म भानि वै ॥ १३२ ॥

૧. ઉત્તરાષાઢા, ૨. રોહિણી, ૩. મૃગશીર્ષ, ૪. શ્રવણ, ૫. મઘા, ૬. ચિત્ર., ૭. વિશાખા, ૮. અનુરાધા, ૯. મૂલ, ૧૦. પૂર્વાષાઢા, ૧૧. શ્રવણ, ૧૨. શતભિષા,

"Aho Shrutgyanam"

૧૩. ઉત્તરાભાદ્રપદ, ૧૪. રેવતી, ૧૫. પુષ્ય, ૧૬. ભરણી, ૧૭. કૃતકા, ૧૮. રેવતી, ૧૯. અશ્વિની, ૨૦. શ્રવણ, ૨૧. અશ્વિની, ૨૨. ચિત્રા, ૨૩. વિશાખા, ૨૪. ઉત્તરા-ફાલ્ગુન; આ ચોવીશ નક્ષત્રો અનુક્રમે જિન દેવતાઓનાં જન્મ નક્ષત્ર જાણવા.

जन्म राशि :–

धनं वृषो मिथुनञ्च मकरं सिंह कन्यके ।
तुला वृश्चिक नामा च धन धने मकर स्तथा ॥ १३३ ॥

कुम्भ मीनौ च मीनश्च कर्कमेषौ तथा वृषः ।
मीन मेषौ तथा चैव मकरो मेष कन्यके ॥ १३४ ॥

तुला कन्या तथैवेति राशयश्च ह्यनुक्रमात् ।
चतुर्विंशजिनानाञ्च एता वै जन्म राशयः ॥ १३५ ॥

૧. ધન, ૨. વૃષ, ૩. મિથુન, ૪. મકર, ૫. સિંહ, ૬. કન્યા, ૭. તુલા, ૮. વૃશ્ચિક, ૯. ધન, ૧૦. ધન, ૧૧. મકર, ૧૨. કુંભ, ૧૩. મીન, ૧૪. મીન, ૧૫. કર્ક, ૧૬. મેષ, ૧૭. વૃષ, ૧૮. મીન, ૧૯. મેષ, ૨૦. મકર, ૨૧. મેષ, ૨૨. કન્યા, ૨૩. તુલા અને ૨૪. કન્યા. આ ચોવીશ રાશિઓ અનુક્રમે જિન ભગવાનની જન્મ રાશિઓ જાણવી.

चतुर्विंशति यक्ष नामाय :–

गोमुखश्च महायक्षः त्रिमुखो यक्षनायकः ।
तुम्बरुः कुसुमश्चापि मातङ्गो कितयोऽजित ॥ १३६ ॥

ब्रह्मचेश्वरश्चापि कुमारः षण्मुखस्तथा ।
पातालः किन्नरश्चैव गरुडश्च गन्धर्वकः ॥ १३७ ॥

यक्षेन्द्रश्च कुबेरश्च वरुणो भ्रकुटि स्तथा ।
गोमेध पार्श्व मातङ्गा कार्या अर्हदुपासकाः ॥ १३८ ॥

૧. ગોમુખ, ૨. મહાયક્ષ, ૩. ત્રિમુખ, ૪. યક્ષનાયક, (ઈશ્વર), ૫. તુંબરૂ, ૬. કુસુમ, ૭. માતંગ, ૮. વિજય, ૯. અજિત, ૧૦. બ્રહ્મ. ૧૧. મનુજ (ઈશ્વર), ૧૨. કુમાર, ૧૩. ષણમુખ, ૧૪. પાતાલ, ૧૫. કિન્નર, ૧૬. ગરુડ, ૧૭. ગંધર્વ, ૧૮. યક્ષેન્દ્ર, ૧૯. કુબેર, ૨૦. વરૂણ, ૨૧. ભ્રકુટિ, ૨૨. ગોમેધ, ૨૩. પાર્શ્વ, ૨૪. માતંગ આ ચોવીશ જિન દેવતાઓના ક્રમે યક્ષો જાણવા.

"Aho Shrutgyanam"

चतुर्विंशति यक्षिणी नामाय :-

चक्रेश्वर्यजिता बाला दुरितारिश्च कालिका ।
महाकाली तथा श्यामा शान्ता भृकुटितारिके ॥ १३९ ॥
अशोका मानवी चंडा विदिताचाङ्कुशी तथा ।
कंदर्पा निर्वाणी बाला धारिणी धरण प्रिया ॥ १४० ॥
नरदत्ता च गंधर्वाऽम्बिका पद्मावती तथा ।
सिद्धायिका च जैनानां क्रमाच्छासन देवताः ॥ १४१ ॥

૧. ચક્રેશ્વરી, ૨. અજિતબાલા, ૩. દુરિતારિ, ૪. કાલિકા, ૫. મહાકાલી, ૬. શ્યામા, ૭. શાન્તા, ૮. ભ્રકુટિ, ૯. સુતારિકા, ૧૦ અશોકા, ૧૧. માનવી, ૧૨. ચંડા, ૧૩. વિદિતા, ૧૪. અંકુશી, ૧૫. કંદર્પા–પન્નગા, ૧૬. નિર્વાણી, ૧૭. બાલા–બલા–અચ્યુતા, ૧૮. ધારિણી, ૧૯. ધરણપ્રિયા, ૨૦. નરદત્તા, ૨૧ ગંધર્વા–ગાંધારી, ૨૨. અંબિકા, ૨૩. પદ્માવતી, ૨૪. સિદ્ધાયિકા. આ ચોવીશ યક્ષિણીઓ તીર્થંકરોની ક્રમે શાસનદેવીઓ જાણવી.

षोडश विद्यादेवी नामाय :-

प्रथमा रोहिणी ज्ञेया प्रज्ञप्तिर्वज्रशृङ्खला ।
वज्राङ्कुशी समाख्याता चक्रेश्वरी तथैव हि ॥ १४२ ॥
नरदत्ता च काली च महाकाली च गौरिका ।
गान्धारी च महाज्वाला विज्ञातव्या च मानवी ॥ १४३ ॥
वैरोट्याच्छुप्तिकाचैव मानसी महामानसी ।
इमे षोडश संख्याका विद्यादेव्यः शुभप्रदा ॥ १४४ ॥

૧. રોહિણી, ૨. પ્રજ્ઞપ્તિ, ૩. વજ્રશૃંખલા, ૪. વજ્રાંકુશી, ૫. ચક્રેશ્વરી, ૬. નરદત્તા, ૭. કાલી, ૮. મહાકાલી, ૯. ગૌરિકા–ગૌરી, ૧૦. ગાન્ધારી, ૧૧. મહાજ્વાલા, ૧૨. માનવી, ૧૩. વૈરોટ્યા, ૧૪. અચ્છુપ્તિકા–અચ્છુપ્તા, ૧૫. માનસી, ૧૬ મહામાનસી, આ જૈનશાસનમાં માનેલી સોળ વિદ્યાદેવીઓના નામ છે. આ વિદ્યાદેવીઓ કલ્યાણકારી છે.

यक्ष–यक्षिणी स्वरूप लक्षण

१ गोमुख यक्ष

ऋषभे गोमुखो यक्षो हेमवर्णो गजासनः
वराक्षसूत्र पाशांश्च बीजपुरं करेषु च ॥ १४५ ॥

"Aho Shrutgyanam"

શ્રી ઋષભદેવ પ્રભુનો–ગોમુખ યક્ષ જાણવો. સુવર્ણના જેવા વર્ણવાળો હાથી પર બેઠેલ નીચેના જમણા હાથથી પ્રદક્ષિણક્રમે ચતુર્બાહુમાં વર, અક્ષમાલા, પાશ અને બીજોરાને ધારણ કરેલ છે.

१ अप्रतिचक्रा

चक्रेश्वरी हेमवर्णा तार्क्ष्यां रूढाष्ट बाहुका ।
वरंबाण चक्रपाशौऽङ्कुश चक्राशनी धनुः ॥ १४६ ॥

ચક્રેશ્વરી–સુવર્ણવર્ણા, ગરૂડારૂઢ, આઠ ભુજાવાળી તથા વર, બાણ, ચક્ર, પાશ, અંકુશ, ચક્ર, વજ્ર અને ધનુષ. આ આયુધો પ્રદક્ષિણ ક્રમે ધારણ કરેલી અપ્રતિચક્રા નામની યક્ષિણી જાણવી.

द्वितीय भेदे चक्रेश्वरी

द्वादशभिर्भुजैर्युक्ता ह्यष्टचक्रा च वज्रके ।
मातुलिङ्गा भये चैव पद्मस्था गरुडोपरि ॥ १४७ ॥

બાર ભુજાવાળી, પદ્મના આસનવાળી, ગરૂડ ઉપર બેઠેલી તથા આઠ ચક્રો, બે વજ્રો, માતુલિંગ અને અભયધારિણી ચક્રેશ્વરી દ્વિતીય ભેદે જાણવી.

२ महायक्ष

अजिते च महायक्षः श्यामश्च चतुराननः ।
अष्टबाहुर्गजारूढ आयुधैश्वर विभूषितः ॥ १४८ ॥
वरमुद्गराक्ष सूत्रपाशांश्च दक्षिणेष्वथ ।
बीजपुरका भयांकुश शक्तिर्वामदोष्षु च ॥ १४९ ॥

શ્રી અજિતનાથ પ્રભુનો–મહાયક્ષ જાણવો, શ્યામવર્ણનો, ચાર મુખવાળો, અષ્ટ-બાહુ સંયુક્ત, હાથીના વાહનવાળો તથા દક્ષિણ હસ્તમાં વર, મુદ્ગર, માલા, પાશ તથ વામ હાથોમાં બીજોરૂ, અભય, અંકુશ અને શક્તિ ધારણ કરેલ છે.

२ अजिता

लोहारूढाऽजिता देवी गौरवर्णा चतुर्भुजा ।
दक्षिण तो वरं पाशं बीजपुरं तथांकुशम् ॥ १५० ॥

અજિતાદેવી–બકરાના વાહનવાળી, ગૌરવર્ણા, ચાર ભુજાવાળી તથા દક્ષિણ ક્રમે વર, પાશ, બીજપુર અને અંકુશને ધારણ કરેલ છે.

"Aho Shrutgyanam"

૩ ત્રિમુખ યક્ષ

सम्भवे त्रिमुखश्चैव त्रिनेत्रः त्रिमुखाकृतिः ।
मयुरस्यासनं श्यामो षड्भुजश्च महाबलः ॥ १५१ ॥
नकुल गदा भयानि दक्षिणेष्वथ बाहुषु ।
मातुलिङ्ग नागायक्षसूत्रञ्च वामतः स्मृतम् ॥ १५२ ॥

શ્રી સંભવનાથ પ્રભુનો–ત્રિમુખ યક્ષ જાણવો, ત્રણ નેત્રવાળો, ત્રણ મુખવાળો, મયુરના વાહનવાળો, શ્યામવર્ણનો, છ બાહુવાળો, મહાબલી તથા દક્ષિણ હસ્તોમાં નોળીયો, ગદા અને અભય. વામ હસ્તોમાં બીજોરૂં, સર્પ માલાયુક્ત જાણવો.

૩ દુરાતારી

मेषारूढा चतुर्हस्ता गौराभादुरितारिका ।
मालिकां वरदञ्चैव फलञ्चा भयमेव हि ॥ १५३ ॥

દુરાતારી–ઘેટાના વાહનવાળી, ચાર ભુજાવાળી, ગૌરવર્ણની તથા માલા, વર, ફલ અને અભયયુક્ત જાણવી.

૪ ઈશ્વર યક્ષ

ईश्वरः श्यामवर्णश्च यक्षो वै गजवाहनः ।
मातुलिङ्गाक्ष सूत्रे च नकुलश्चाङ्कुशं दधत् ॥ १५४ ॥

શ્રી અભિનંદન પ્રભુનો–ઈશ્વર નામનો યક્ષ–શ્યામવર્ણનો, હાથીના વાહનવાળો તથા માતુલિંગ, અક્ષમાલા, નકુલ અને અંકુશને ધારણ કરનાર જાણવો.

૪ કાલી

श्यामाभा पद्मसंस्था च कालीदेवी चतुर्भुजा ।
दक्षिणे वरदं पाशं वामे नागाङ्कुशौ तथा ॥ १५५ ॥

કાલી–શ્યામ કાન્તિવાળી, પદ્મના ઉપર બેઠેલ, ચાર ભુજાવાળી તથા વર, પાશ, નાગ અને અંકુશ ધારિણી જાણવી.

૫ તુમ્બરૂ યક્ષ

श्वेतश्चतुर्भुजश्चैव तुम्बरू स्तार्क्ष्य वाहनः ।
वरं शक्तिं गदाश्चैव नागपाशं विभर्ति यः ॥ १५६ ॥

"Aho Shrutgyanam"

શ્રી સુમતિનાથ પ્રભુનો તુમ્બરૂ નામનો યક્ષ જાણવો. શ્વેતવર્ણ, ચાર ભુજા, ગરૂડના વાહનવાળો તથા વર, શક્તિ, ગદા અને નાગપાશને ધારણ કરનાર છે.

૫ મહાકાલી

सुवर्णा भा महाकाली पद्मारूढा चतुर्भुजा ।
दक्षिण तो वरंपाशं मातुलिङ्गाङ्कुशौ तथा ॥ १५७ ॥

મહાકાલી સુવર્ણ સમાન કાન્તિવાળી, પદ્મારૂઢ તથા વર, પાશ, માતુલિંગ અને અંકુશ યુક્ત જાણવી.

૬ કુસુમ યક્ષ

कुसुमो नीलवर्णश्च यक्षकुरङ्गवाहनः ।
मातुलिङ्गाभयेचैव नकुलश्चाक्ष मालिकाम ॥ १५८ ॥

શ્રી પદ્મ પ્રભુનો કુસુમ નામનો યક્ષ જાણવો, નીલવર્ણ, મૃગવાહન તથા માતુલિંગ, અભય, નકુલ અને અક્ષમાલાને ધારણ કરનાર છે.

૬ अच्युता

श्यामवर्णाच्युता देवी नरारूढा चतुर्भुजा ।
वरदश्च तथा बाणं धनुश्चाभयदं शुभा ॥ १५९ ॥

અચ્યુતા શ્યામવર્ણ, મનુષ્યના વાહનવાળી તથા વર, બાણ, ધનુષ્ય અને અભય યુક્ત ચાર ભુજાવાળી જાણવી.

૭ मातंग यक्ष

मातङ्गो निलवर्णश्च गजारूढश्चतुर्भुजः ।
दक्षिणे बिल्वपाशौ च वामे च नकुलाङ्कुशौ ॥ १६० ॥

શ્રી સુપાર્શ્વ પ્રભુનો માતંગ યક્ષ, નીલવર્ણનો, ગજવાહન, ચાર ભુજાવાળો તથા દક્ષિણ હસ્તમાં બિલ્વફળ, પાશ, વામ હસ્તમાં નકુલ, અંકુશ ધારણ કરેલ છે.

૭ शान्ता

शान्ता च हेमवर्णाभा गजारूढा चतुर्भुजा ।
वरदश्च तथा मालां शूलश्चाभयमेव च ॥ १६१ ॥

શાન્તા–સુવર્ણના વર્ણ સમાન કાન્તિવાળી, હસ્તિ વાહન તથા વર, માલા, શૂલ અને અભયયુક્ત હસ્તવાળી જાણવી.

"Aho Shrutgyanam"

૮ विजय यक्ष

हरिर्द्वर्णश्च विज्ञेयो विजयो हंसवाहनः ।
त्रिनेत्रो द्वि भुजश्चैव चक्र मुद्गर संयुतः ॥ १६२ ॥

શ્રી ચંદ્રપ્રભુનો વિજય યક્ષ, લીલા વર્ણનો, હંસ વાહન, ત્રણ નેત્ર અને બે ભુજા તથા ચક્ર અને મુદ્ગરધારી જાણવો.

૮ ज्वाला

ज्वाला च भ्रूकुटिः पीता हंसारूढाचतुर्भुजा ।
खड्गञ्च मुद्गरश्चैव फलकं परशु तथा ॥ १६३ ॥

જ્વાલા–હંસના વાહનવાળી, પીળાવર્ણની તથા ખડ્ગ, મુદ્ગર, ઢાલ અને પરશુ યુક્ત ચાર ભુજાવાળી જાણવી.

९ अजित जक्ष

अजितः श्वेतवर्णश्च कुर्मारूढ श्चतुर्भुजः ।
मातुलिङ्गाक्षसूत्रे च विभ्रन्नकुल कुन्तकौ ॥ १६४ ॥

શ્રી સુવિધિનાથ–અજિત યક્ષ, શ્વેતવર્ણ, કૂર્મનું વાહન અને ચાર ભુજાવાળો તથા માતુલિંગ, અક્ષમાલા, નકુલ અને કુન્તક (ભાલો) ધારણ કરેલ જાણવો.

९ सुतारिका

गौरवर्णा सुतारा च वृषारूढा चतुर्भुजा ।
वरदं त्वक्ष सूत्रञ्च कलशञ्च तथाकुङ्शम् ॥ १६५ ॥

સુતારિકા–ગૌરવર્ણ વૃષભવાહન, વર, અક્ષસૂત્ર, કલશ અને અંકુશ યુક્ત ચાર ભુજાવાળી જાણવી.

१० ब्रह्म यक्ष

ब्रह्मश्चतुर्मुखो यक्षः श्वेतश्च कमलासनः ।
त्रिनेत्रोऽष्ट भुजो ज्ञेयो मातुलिङ्गञ्च मुद्गरम् ॥ १६६ ॥

धत्ते पाशा भये चैव नकुलञ्च गदाङ्कुशौ ।
दक्षिणार्धं क्रमादक्षसूत्रञ्चैवाष्ट बाहुषु ॥ १६७ ॥

"Aho Shrutgyanam"

શ્રી શીતલનાથ પ્રભુનો બ્રહ્મ યક્ષ, ચાર મુખ, શ્વેતવર્ણ કમલના આસનવાળો, ત્રિનેત્ર, આઠ બાહુવાળો તથા માતુલિંગ મુદ્ગર, પાશ, અભય, નકુલ, ગદા, અંકુશ, અક્ષસૂત્ર આ આઠ આયુધો દક્ષિણ કરના નીચેના ક્રમથી ધારણ કરેલ છે.

૧૦ अशोका

अशोका नीलवर्णाच पद्मारूढा चतुर्भुजा ।
वरदश्च तथा पाशं फलकश्चाङ्कुशं तथा ॥ १६८ ॥

અશોકા–નીલવર્ણ, પદ્મ પર બેઠેલી, વર, પાશ, ફલક અને અંકુશ, ચારભુજાવાળી જાણવી.

११ मनुज यक्ष

मनुजो धवलो ज्ञेयः त्रिनेत्रो वृषवाहनः ।
मातुलिङ्ग गदाश्चैव नकुलाक्षे चतुष्टये ॥ १६९ ॥

શ્રી શ્રેયાંસ પ્રભુનો મનુજ (ઈશ્વર) નામનો યક્ષ સફેદ વર્ણનો, ત્રિનેત્ર, વૃષભવાહન તથા માતુલિંગ, ગદા, નકુલ અને અક્ષસૂત્ર ધારી જાણવો.

११ मानवी

श्रीवत्सा मानवी देवी चन्द्राभा सिंहवाहना ।
वरदं मुद्गरश्चैव कलशश्च तथाङ्कुशम् ॥ १७० ॥

માનવી (શ્રીવત્સા) ચંદ્રના સમાન કાન્તિવાળી સિંહવાહિની તથા વર, મુદ્ગર, કલશ અને અંકુશ યુક્ત ચાર ભુજાવાળી જાણવી.

१२ कुमारयक्ष

श्वेतवर्णः कुमारश्च हंसारूढश्चतुर्भुजः ।
बीजपुरं तथा बाणं नकुलं धारयन् धनुः ॥ १७१ ॥

શ્રી વાસુપૂજ્યસ્વામી–કુમાર નામનો યક્ષ, શ્વેતવર્ણ, હંસ વાહન, ચાર ભુજા, બીજપુર, બાણ, નકુલ અને ધનુષને ધારણ કરેલ છે.

१२ चण्डा

चण्डा च प्रवरादेवी श्यामाश्वस्थाचतुर्भुजाः ।
वरदश्च तथा शक्ति प्रसूनश्च तथा गदाम् ॥ १७२ ॥

ચંડા (પ્રવરા) શ્યામવર્ણ, અશ્વારૂઢ તથા વર, શક્તિ, પુષ્પ અને ગદા યુક્ત ચાર ભુજાવાળી જાણવી.

"Aho Shrutgyanam"

૧૩ ષણ્મુખ યક્ષ

ચણ્મુખઃ શ્વેતવર્ણશ્ચ ભુજૈર્દ્વાદશભિર્યુતા ।
ફલં ચક્રં તથા બાણં ખડ્ગં પાશાક્ષસૂત્રકે ॥ ૧૭૩ ॥
નકુલં ચક્ર ધનુષી ફલશ્ચૈવાં કુશાભયે ।
દક્ષિણાધ ક્રમાદ્ ધત્તે ષણ્મુખઃ શિખિવાહનઃ ॥ ૧૭૪ ॥

શ્રી વિમલનાથ પ્રભુનો ષણ્મુખ યક્ષ, શ્વેતવર્ણનો, છ મુખવાળો, બાર ભુજાવાળો મયુરવાહન, તથા ફલ, ચક્ર, બાણ, તલવાર, પાશ, અક્ષસૂત્ર, નકુલ, ચક્ર, ધનુષ, ઢાલ, અંકુશ અને અભય વિગેરે આયુધો દક્ષિણ ક્રમથી ધારણ કરેલ છે.

૧૩ વિદિતા

વિદિતા વિજયા દેવી પદ્મસ્થા સ્વર્ણસન્નિભા ।
શરં પાશં તથા ધત્તે ધનુર્નાગ્રં ચતુષ્કરે ॥ ૧૭૫ ॥

વિદિતા (વિજયા) પદ્મ પર બેઠેલા, સુવર્ણ સમાન વર્ણવાળી તથા બાણ, પાશ, ધનુષ્ય અને સર્પયુક્ત, ચાર ભુજાવાળી જાણવી.

૧૪ પાતાલ યક્ષ

પાતાલ ત્રિમુખો રક્તઃ ષડભુજો નક્રવાહનઃ ।
પદ્મં ખડ્ગં તથા પાશં નકુલં ફલમાલિકે ॥ ૧૭૬ ॥

શ્રી અનંતનાથ પ્રભુનો પાતાલ નામે યક્ષ જાણવો. ત્રણ મુખવાળો, રક્ત વર્ણનો, છ હસ્ત યુક્ત, મકરના વાહનવાળો તથા પદ્મ, ખડ્ગ, પાશ, નકુલ, ઢાલ અને અક્ષમાલા ધારણ કરનાર જાણવો.

૧૪ અંકુશા

ગૌરવર્ણાઙ્કુશા દેવી પદ્મારૂઢા ચતુર્ભુજા ।
દક્ષિણે ખડ્ગપાશૌ ચ વામે ચ ફલકાઙ્કુશૌ ॥ ૧૭૭ ॥

અંકુશા–ગૌરવર્ણ, પદ્મારૂઢ તથા ખડ્ગ, પાશ, ઢાલ અને અંકુશ સંયુક્ત, ચતુર્ભુજા યુક્ત જાણવી.

૧૫ કિન્નર યક્ષ

કિન્નર ત્રિમુખો રક્તઃ કૂર્મવાહનષડભુજઃ ।
બીજપુરં ગદામીતી નકુલં પદ્મ માલિકે ॥ ૧૭૮ ॥

"Aho Shrutgyanam"

શ્રી ધર્મનાથ પ્રભુનો કિન્નર નામનો યક્ષ જાણવો. ત્રણ મુખવાળો, રક્ત વર્ણનો, કૂર્મ વાહનવાળો, છ હસ્ત તથા બીજપુર, ગદા, અભય, નકુલ, પદ્મ અને અક્ષમાલા યુક્ત જાણવો.

૧૫ કંદર્પા

कन्दर्पा पन्नगा देवी गौराभा मत्स्यवाहना ।
उत्पलञ्चाङ्कुशं धत्तेऽभयं पद्मं चतुष्टये ॥ १७९ ॥

કંદર્પા (પન્નગા) યક્ષિણી :–ગૌરવર્ણવાળી, મત્સ્ય વાહન તથા કમલ, અંકુશ, અભય અને પદ્મયુક્ત ચારભુજાવાળી જાણવી.

૧૬ गरुड यक्ष

क्रोडास्यो गरुडः श्यामो वराहस्थश्चतुर्भुजः ।
बीजपुरं तथा पद्म नकुलञ्चाक्षसूत्रकम् ॥ १८० ॥

શ્રી શાન્તિનાથ પ્રભુનો ગરૂડ નામનો યક્ષ સુવરના મુખવાળો, શ્યામ વર્ણનો, વરાહ (સુવર) ઉપર આરૂઢ થયેલો, ચાર ભુજાવાળો તથા બીજપુર, પદ્મ, નકુલ અને અક્ષસૂત્રધારી જાણવો.

૧૬ निर्वाणी

कनका भा च निर्वाणी पद्मारूढा चतुर्भुजा ।
पुस्तकञ्चोत्पलं धत्ते सरोरुह कमण्डलू ॥ १८१ ॥

નિર્વાણી :–સુવર્ણના જેવા વર્ણવાળી, પદ્મના આસનવાળી તથા પુસ્તક, પોથણું, કમલ અને કમંડલ યુક્ત ચાર ભુજાવાળી જાણવી.

૧૭ गन्धर्व यक्ष

गन्धर्वः श्यामवर्णश्च हंसारूढश्चतुर्भुज ।
वरदञ्च तथा पाशं मातुलिङ्गाङ्कुशौ दधन् ॥ १८२ ॥

શ્રી કુંથુનાથ પ્રભુનો ગંધર્વ નામનો યક્ષ શ્યામવર્ણ, હંસ પર બેઠેલો, વર, પાશ, માતુલિંગ અને અંકુશ યુક્ત ચાર ભુજાવાળો જાણવો.

"Aho Shrutgyanam"

૧૭ बाला

बालाभिधाच्युता देवी स्वर्णाभा शिखिवाहना ।
बीजपुरं त्रिशूलञ्च भुशुण्डिश्चोत्पलं तथा ॥ १८३ ॥

બાલા (અચ્યુતા) યક્ષિણી :–સુવર્ણના સમાન કાન્તિવાળી, મયુરના વાહનવાળી તથા બીજપુર, ત્રિશુલ, ભુશુંડિ અને કમળયુક્ત ચાર ભુજાવાળી જાણવી.

૧૮ यक्षेन्द्र यक्ष

यक्षेन्द्रः षण्मुखः श्यामः त्रिनेत्रः शङ्ख वाहनः ।
द्वादशहस्त शोभाढ्यो यक्षश्चार जिनस्य तु ॥ १८४ ॥
बीजपुरं तथा बाणं खड्ग मुद्गर पाशकान् ।
अभय नकुलौ चापं फलं शूलाङ्कुशाक्षकान् ॥ १८५ ॥

શ્રી અરનાથ પ્રભુનો યક્ષેન્દ્ર નામનો યક્ષ જાણવો. છ મુખવાળો, શ્યામ વર્ણ, ત્રિનેત્ર, શંખના વાહનવાળો, બાર હસ્ત, બીજપુર, બાણ, ખડ્ગ, મુદ્ગર, પાશ, અભય, નકુલ, ધનુષ, ઢાલ, શૂલ, અંકુશ અને અક્ષમાલાધારી જાણવો.

૧૮ धारिणी

धारिणी नीलवर्णा च पद्मारूढा चतुर्भुजा ।
मातुलिङ्गोत्पले धत्ते पदमाक्ष सूत्रके तथा ॥ १८६ ॥

ધારિણી :–નીલવર્ણની, પદ્માસન તથા બીજોરું, કમલ, પદ્મ અને અક્ષમાલા સંયુક્ત ચાર ભુજાવાળી જાણવી.

૧૯ कुबेर यक्ष

कुबेर कुबरो ज्ञेयो गजारूढश्चतुर्मुखः ।
नीलवर्णोऽष्ट बाहुश्च वरदश्च त्रिशूलकम् ॥ १८७ ॥
परशुमभयञ्चैव बीजपूरञ्च मुद्गरम् ।
शक्ति तथाक्षसूत्रञ्च धारयनष्ट बाहुषु ॥ १८८ ॥

શ્રી મલ્લિનાથ પ્રભુનો કુબેર નામનો યક્ષ જાણવો. કુબડા આકારવાળો, હાથી પર બેઠેલો, ચારમુખવાળો, નીલ વર્ણનો, આઠ બાહુ સંયુક્ત તથા વર, ત્રિશુલ, પરશુ, અભય, બીજપુર, મુદ્ગર, શક્તિ અને અક્ષસૂત્ર ધારણ કરેલ છે.

"Aho Shrutgyanam"

૧૯ વૈરોટ્યા

વૈરોટ્યા કૃષ્ણવર્ણા ચ પદ્મારૂઢા ચતુર્ભુજા ।
મુક્તામાલાં વરઞ્ચૈવ શક્તિશ્ચ માતુલિઙ્ગકમ્ ॥ ૧૮૯ ॥

વૈરોટ્યા–કૃષ્ણવર્ણ, પદ્મના આસન પર બેઠેલ તથા મુક્તામાલા, વર, શક્તિ અને માતુલિંગને ધારણ કરેલ ચાર ભુજાવાળી જાણવી.

૨૦ વરૂણ યક્ષ

શ્વેતો વરુણોયક્ષઃ ત્રિનેત્રો વૃષવાહનઃ ।
ચતુરાનન સૂર્યાક્ષો જટા મુકુટ ભૂષિતઃ ॥ ૧૯૦ ॥
બીજપુર ગદાબાણાન શક્તિશ્ચ નકુલોત્પલે ।
કાર્મુકં પરશુઞ્ચૈવ ધારયત્યષ્ટબાહુષુ ॥ ૧૯૧ ॥

શ્રી મુનિસુવ્રતસ્વામીનો વરૂણ યક્ષ જાણવો. શ્વેતવર્ણનો, ત્રિનેત્ર, વૃષભના વાહનવાળો, ચાર મુખવાળો, પ્રત્યેક મુખે ત્રણ ત્રણ નેત્ર, જટાના મુકુટથી શોભિત તથા બીજપુર, ગદા, બાણ, શક્તિ, નકુલ, કમલ, ધનુષ અને પરશુ આઠ ભુજાઓમાં ધારણ કરેલ છે.

૨૦ નરદત્તા

નરદત્તા ચ સ્વર્ણાભા ભદ્રાસના ચતુર્ભુજા ।
વરાક્ષસૂત્ર સંયુક્તા બીજપૂરક શૂલિકા ॥ ૧૯૨ ॥

નરદત્તા :–સોનાના વર્ણ જેવી કાન્તિવાળી, ભદ્રાસન તથા વર, અક્ષસૂત્ર, બીજપુર અને શૂલ સંયુક્ત ચાર ભુજાવાળી જાણવી.

૨૧ ભૃકુટિ યક્ષ

ભૃકુટિ હેમવર્ણશ્ચ ત્રિનેત્રો વૃષવાહનઃ ।
ચતુર્મુખોઽષ્ટબાહુશ્ચ દ્વાદશાક્ષ વિભૂષિતઃ ॥ ૧૯૩ ॥
બીજપુરં તથા શક્તિં મુદ્ગરઞ્ચાભયં તથા ।
નકુલં પરશું વજ્રં ધારયત્યક્ષસૂત્રકમ્ ॥ ૧૯૪ ॥

શ્રી નમિનાથ પ્રભુનો ભ્રકુટિ નામનો યક્ષ જાણવો. સુવર્ણ જેવા વર્ણવાળો, ત્રિનેત્ર, વૃષભ વાહનવાળો, ચાર મુખવાળો; આઠ બાહુવાળો, પ્રત્યેક મુખ ત્રણ–ત્રણ નેત્રવાળો તથા બીજપુર, શક્તિ, મુદ્ગર, અભય, નકુલ, પરશુ, વજ્ર અને અક્ષમાલા ધારણ કરેલ છે.

"Aho Shrutgyanam"

૨૧ ગાન્ધારી

શ્વેતવર્ણાચ ગાન્ધારી હંસારૂઢા ચતુર્ભુજા ।
વરદ ખડ્ગ સંયુક્તા બીજપૂરકકુન્તિકા ॥ ૧૯૫ ॥

ગાન્ધારી–શ્વેતવર્ણ, હંસવાહન તથા વર, ખડ્ગ, બીજપુર અને કુન્તક (ભાલા) ધારિણી–જાણવી.

૨૨ ગોમેધ યક્ષ

ગોમેધઃ ષડભુજ શ્યામઃ ત્રિમુખો નરવાહનઃ ।
બીજપૂરં તથા પરશું ચક્રઞ્ચ નકુલ તથા ॥ ૧૯૬ ॥
ત્રિશૂલશ્ચ તથા શક્તિં ષડભુજેષુ બિભર્તિ યઃ ।
યક્ષ શ્રી નેમનાથસ્ય કર્તવ્યો લક્ષણૈર્યુતઃ ॥ ૧૯૭ ॥

શ્રી નેમનાથ પ્રભુને ગોમેધ નામનો યક્ષ છ બાહુ, ત્રિનેત્ર, શ્યામ વર્ણ અને મનુષ્યના વાહનવાળો, બીજપુર, પરશુ, ચક્ર, નકુલ, શૂલ અને શક્તિધારી, લક્ષણ સંપન્ન જાણવો.

૨૨ અમ્બિકા

અમ્બા ચ સ્વર્ણ સન્નિભા સિંહારૂઢા ચતુર્ભુજા ।
આમ્રાલીશ્ચ તથા પાશં ધત્તેચાંકુશ પુત્રકાન્ ॥ ૧૯૮ ॥

અંબિકા–સુવર્ણ સમાન કાન્તિવાળી, સિંહ ઉપર બેઠેલી તથા આમ્રાલી (આંબાની ડાળ) પાશ, અંકુશ અને ઢીંચણ ઉપર પુત્રને ધારણ કરેલી ચાર ભુજાવાળી જાણવી.

૨૩ પાર્શ્વ યક્ષ

ફણા ભૂષા શિરઃ પાર્શ્વઃ કૂર્મારુઢો ગજાનનઃ ।
બીજપૂરોરગૌ નાગં નકુલં શ્યામવર્ણકઃ ॥ ૧૯૯ ॥

શ્રી પાર્શ્વનાથ પ્રભુનો પાર્શ્વ નામે યક્ષ, સર્પની ફણા જેના મસ્તક ઉપર ભૂષણરૂપ રહેલી છે, કાચબાના વાહનવાળા, હાથીના મુખવાળા, શ્યામવર્ણ તથા બીજપુર, સર્પ, નાગ અને નકુલધારી જાણવા.

૨૩ પદ્માવતી

પદ્માવતી ચ સ્વર્ણાભા કુર્કુટ સર્પવાહના ।
પદ્મ પાશાન્વિતા સવ્વે ફલકાંકુશ સંયુતા ॥ ૨૦૦ ॥

પદ્માવતી સુવર્ણના સમાન કાન્તિવાળી, કુર્કટ નામના સર્પના વાહનવાળી તથા પદ્મ, પાશ, ફલક અને અંકુશ સંયુક્ત ચાર ભુજાવાળી જાણવી.

"Aho Shrutgyanam"

૨૪ માતંગ યક્ષ

मातङ्ग श्यामवर्णश्च द्विभुजो गजवाहनः ।
दक्षिणे नकुलं धत्ते बीजपूरञ्च वामतः ॥ २०१ ॥

શ્રી મહાવીરસ્વામીનો માતંગ નામે યક્ષ, શ્યામ વર્ણનો, બે હસ્ત અને હાથીના વાહનવાળા, દક્ષિણ હસ્તમાં નકુલ અને વામ હસ્તમાં બીજપુરધારી જાણવા.

૨૪ सिद्धायिका

सिद्धायिका हरिद्वर्णा सिंहारूढा चतुर्भुजा ।
पुस्तकञ्च भयं धत्ते वीणां वै मातुलिङ्गकम् ॥ २०२ ॥

સિદ્ધાયિકા લીલાવર્ણની, સિંહારૂઢ તથા પુસ્તક, અભય, વીણા અને માતુલિંગ યુક્ત ચાર ભુજાવાળી જાણવી.

विद्यादेवी–स्वरूप लक्षण

१ रोहिणी

सुरभि वाहनारूढा गौरवर्णा तु रोहिणी ।
अक्ष बाण धनुः खड्ग समन्वित चतुष्करा ॥ २०३ ॥

રોહિણી–સુરભિ (ગાય)ના વાહનવાળી, ગૌરવર્ણ તથા અક્ષમાલા બાણ, ધનુષ અને તલવાર યુક્ત ચાર ભુજાવાળી જાણવી.

२ प्रज्ञप्ति

प्रज्ञप्तिः श्वेतवर्णा च मयुरवरवाहना ।
वरद शक्ति संयुक्ता सशक्ति मातुलिङ्गका ॥ २०४ ॥

પ્રજ્ઞપ્તિ :–શ્વેતવર્ણની, મયુરના શ્રેષ્ઠ વાહનવાળી તથા જમણા હાથમાં વર, શક્તિ અને ડાબા હાથમાં શક્તિ અને માતુલિંગ ધારણ કરેલ છે.

३ वज्रशृङ्खला

चतुर्भुजा च शङ्खाभा पद्मस्था वज्रशृङ्खला ।
वरदशृङ्खला युक्ता शृङ्खलापद्म संयुता ॥ २०५ ॥

વજ્રશૃંખલા :–શંખના સમાન કાન્તિવાળી, પદ્મના આસનવાળી, જમણા હસ્તમાં વર શૃંખલા (સાંકળ) અને ડાબા હસ્તમાં શૃંખલા અને પદ્મ યુક્ત ચાર ભુજાવાળી જાણવી.

"Aho Shrutgyanam"

૪ વજ્રાઙ્કુશી

વજ્રાઙ્કુશી ગજારુઢા કનકાભા ચતુર્ભુજા ।
વરદં વજ્રકં ધત્તેઽઙ્કુશશ્ચ માતુલિઙ્ગકમ્ ॥ ૨૦૬ ॥

વજ્રાંકુશી :–હાથી ઉપર બેઠેલી, સુવર્ણ સમાન કાન્તિવાળી તથા વર, વજ્ર, અંકુશ અને માતુલિંગને ધારણ કરનારી ચાર ભુજાવાળી જાણવી.

૫ चक्रेश्वरी

गरुडस्था तडिद्वर्णाऽप्रतिचक्रा चतुर्भुजा ।
चक्रेश्वरीति या ख्याता चक्रयुक्त चतुष्करा ॥ २०७ ॥

ચક્રેશ્વરી, ગરૂડ વાહન, વીજળીના સમાન કાન્તિવાળી, ચક્ર યુક્ત ચાર ભુજાવાળી અપ્રતિચક્રા પણ કહેવાય.

૬ नरदत्ता

नरदत्ता च हेमाभा महिषी वाहनस्थिता ।
वरद् खड्ग संयुक्ता खेटक मातुलिङ्गिका ॥ २०८ ॥

નરદત્તા :–સુવર્ણના સમાન કાન્તિવાળી ભેંસના વાહન ઉપર બેઠેલી, જમણા હાથમાં વર, ખડ્ગ અને ડાબા હાથમાં ઢાલ, માતુલિંગ જાણવું.

૭ काली

काली तु कृष्णवर्णा स्यात्पद्मासना चतुर्भुजा ।
अक्षसूत्र गदा वज्राऽभय युक्त चतुष्करा ॥ २०९ ॥

કાલી :–શ્યામવર્ણ, પદ્મના આસન પર બેઠેલ, તથા અક્ષમાલા, ગદા, વજ્ર અને અભયયુક્ત ચાર ભુજાવાળી જાણવી.

૮ महाकाली

महाकाली तमालाभा पुरूषवाहन स्थिता ।
अक्षसूत्रं तथा वज्रं धत्तेऽभयञ्च घंटिकाम् ॥ २१० ॥

મહાકાલી :–તમાલવૃક્ષના સમાન કાન્તિવાળી, પુરુષના વાહનવાળી તથા અક્ષમાલા, વજ્ર, અભય અને ઘંટને ધારણ કરેલ ચાર ભુજાવાળી જાણવી.

૯ गौरी

गौरी कनकवर्णाभा गोधावाहन संस्थिता ।
वरद् मूसलाक्षाब्ज समन्वित चतुष्करा ॥ २११ ॥

"Aho Shrutgyanam"

ગૌરી :–સુવર્ણના જેવી કાન્તિવાળી, ઘોના વાહન ઉપર બેઠેલી તથા વર, મૂસલ અક્ષમાલા અને કમલ સહિત ચાર ભુજાવાળી જાણવી.

૧૦ गान्धारी

गान्धारी नीलवर्णा च कमलासन संस्थिता ।
वरदं मूसलं वज्रभयश्चैव बिभ्रती ॥ २१२ ॥

ગાંધારી :–નીલવર્ણા, કમલાસનવાળી તથા વર, મૂસલ, વજ્ર અને અભય ધારિણી ચતુર્ભુજાવાળી જાણવી.

११ महाज्वाला

मार्जार वाहना नित्यं ज्वालोद्भासिकद्वया ।
शशांक धवला ज्वाला देवी भद्रंददातुनः ॥ २१३ ॥

મહાજ્વાલા :–બિલાડાના વાહનવાળી, અગ્નિની જ્વાલાથી જેના બંન્ને હાથો શોભાયમાન છે, ચન્દ્રની કાન્તિ સમાન શ્વેત વર્ણવાળી હે દેવી અમારૂં કલ્યાણ કરો.

१२ मानवी

मानवी श्यामवर्णा च कमलस्था चतुर्भुजा ।
वरद् पाश शाखाक्ष सूत्रांलंकृत हस्तया ॥ २१४ ॥

માનવી :–શ્યામવર્ણ, કમલના ઉપર બેઠેલી તથા વર, પાશ, પલ્લવ યુક્ત શાખા અને અક્ષમાલા વડે અલંકૃત ચાર ભુજાવાળી જાણવી.

१३ वैरोट्या

वैरोट्या श्यामवर्णा चाजगरासन संस्थिता ।
सव्ये खड्गोरगौ धत्ते वामे खेटक पन्नगो ॥ २१५ ॥

વૈરોટ્યા :–શ્યામવર્ણવાળી અજગર પર સ્થિત તથા ખડ્ગ, સર્પ ઢાલ અને સર્પ યુક્ત ચાર ભુજાવાળી જાણવી.

१४ अच्छुप्ता

अच्छुप्ता च तडिद्वर्णा तुरगवाहन स्थिता ।
खड्ग बाण धनुःखेट विभूषित चतुर्भुजा ॥ २१६ ॥

અચ્છુપ્તા :–વિજળીના સમાન વર્ણવાળી, અશ્વના વાહનવાળી તથા ખડ્ગ, બાણ ધનુષ્ય અને ઢાલ યુક્ત ચાર ભુજાવાળી જાણવી.

"Aho Shrutgyanam"

૧૫ માનસી

માનસી ધવલાભા ચ હંસવાહન સંસ્થિતા ।
વરદ વજ્રવજ્રાક્ષ વલયાન્વિત બાહુકા ॥ ૨૧૭ ॥

માનસીઃ- ધોળી કાન્તિવાળી, હંસ ઉપર બેઠેલી તથા વર, વજ્ર અને વજ્ર, અક્ષમાલા અને કંકણયુક્ત ચાર ભુજાવાળી જાણવી.

૧૬ મહામાનસી

સિંહાસન સમાસીના ધવલા મહામાનસી ।
વરાસિ ખેટકેર્યુક્તા કુણ્ડયા ચૈવ ચતુર્ભુજા ॥ ૨૧૮ ॥

મહામાનસી (નાગદેવી)ઃ- સિંહ ઉપર બેઠેલી, ધોળાવર્ણવાળી તથા વર, તલવાર, ઢાલ અને કુંડિકાયુક્ત ચારભુજાવાળી જાણવી.

દેવીઓના આયુધ ઉર્ધ્વ પ્રમાણ

આયુધં જિનદેવીનાં કેશાન્તા દધિકં નહિ ।
કૃતે કારાપકઃ સ્વામી ગૃહકર્તા વિનશ્યતિ ॥ ૨૧૯ ॥

જિનદેવીના આયુધ કેશાન્તથી અધિક ઊંચા કરવા નહિ, જો અધિક ઊંચા કરવામાં આવે તો, કરાવનાર ગૃહસ્વામીનો વિનાશ થાય.

શ્રી જિનદેવ અષ્ટ પ્રતિહારા નામ

ઇન્દ્ર ઇન્દ્રજયશ્ચૈવ માહેન્દ્રો વિજયસ્તથા ।
ધરણેન્દ્રઃ પદ્મકશ્ચ સુનાભઃ સુરદુન્દુભિઃ ॥ ૨૨૦ ॥

ઇન્દ્ર, ઇન્દ્રજય, માહેન્દ્ર, વિજય, ધરણેન્દ્ર, પદ્મક, સુનાભ અને સુરદુન્દુભિ આ આઠ જિનદેવતાઓના પ્રતિહાર જાણવા.

ફલં વજ્રાઙ્કુશૌ દણ્ડ મિન્દ્ર ઇન્દ્રજય સ્તથા ।
દો વજ્રૌ ફલદણ્ડૌ ચ માહેન્દ્રો વિજયોદ્ભવઃ ॥ ૨૨૧ ॥

વજ્રા ભય ફણી દણ્ડૈર્ધરણેન્દ્રશ્ચ પદ્મકઃ ।
ફલં વંશી દ્વયં દણ્ડઃ સુનાભઃ સુરદુન્દુભિ ॥ ૨૨૨ ॥

ફલ, વજ્ર, અંકુશ અને દંડધારી ઇન્દ્ર તથા આ આયુધો સવ્યાપસવ્ય કરવાથી ઇન્દ્રજય પૂર્વદિશ વામદક્ષિણ ભાગે રહેલા પ્રતિહાર જાણવા.

"Aho Shrutgyanam"

વજ્ર, વજ્ર, ફલ અને દંડધારી–માહેન્દ્ર તથા આયુધો સવ્યાપસવ્ય કરવાથી વિજય નામના દક્ષિણ દિશાના વામ દક્ષિણ ભાગે રહેલા પ્રતિહાર જાણવા.

વજ્ર, અભય, સર્પ અને દંડધારી–સુનાભ તથા સવ્યાપસવ્ય યોગે પદ્મક નામ થાય. પશ્ચિમ દિશાના વામદક્ષિણ ભાગે રહેલા પ્રતિહાર જાણવા.

ફલ, વાંસળી, વાંસળી અને દંડધારી–સુનાભ તથા સવ્યાપસવ્ય યોગે સુરદુન્દુભિ નામના ઉત્તર દિશાના પ્રતિહાર જાણવા.

इत्यष्टौ च प्रतिहारा वीतरागे प्रकीर्तिताः ।
नगरादिपुर ग्रामे सर्वे विघ्न प्रणाशनाः ॥ २२३ ॥

આ પ્રમાણે વીતરાગ દેવતાના આઠ પ્રતિહારો કહ્યા છે, એ નગર વિગેરે તેમજ પુર અને ગામમાં વિઘ્નનો નાશ કરનારા જાણવા.

समवसरण सिंहासन लक्षण

श्री आदिनाथनेमी च पार्श्वो वीरश्चतुर्थकः ।
चक्रेश्वर्यम्बिका पद्मावती सिद्धायिकेति च ॥ २२४ ॥
कैलास समोवसरणं सिद्धिवर्ति सदा शिवम् ।
सिंहासनं धर्मचक्र मुपरीतात पत्रकम् ॥ २२५ ॥

શ્રી આદિનાથ, નેમિનાથ, પાર્શ્વનાથ અને ચોથા મહાવીરસ્વામી તથા ચક્રેશ્વરી, અંબિકા, પદ્માવતી અને સિદ્ધાયિકા દેવી યુક્ત કૈલાસ સમવસરણ જાણવું. તે સિદ્ધિદાયક અને સદા કલ્યાણકારી છે. સિંહાસન ધર્મચક્ર તથા છત્ર સંયુક્ત કરવું.

गृहप्रासाद वर्जीत तीर्थंकर

नेमिश्च मल्लिनाथश्च वीरो वैराग्यकारकाः ।
त्रयो वै मन्दिरे स्थाप्याः शुभदा न गृहेमताः ॥ २२६ ॥

વૈરાગ્યવાન નેમિનાથ, મલ્લિનાથ અને મહાવીરસ્વામી આ ત્રણ તીર્થંકરોને દેવાલયમાં જ સ્થાપવા. ગૃહમંદિરમાં સ્થાપવા શુભકર્તા નથી.

ऋषभादिजिन पंक्तिः स्थाप्या दक्षिणतः सदा ।
चतुर्विंश जिनालये सर्वस्मिन्सृष्टि मार्गतः ॥ २२७ ॥

શ્રી ઋષભદેવ આદિ જિનેશ્વરની પંક્તિ જમણીબાજુથી સૃષ્ટિ માર્ગે સ્થાપવી. ચોવીશ જિનાલયમાં તથા સમસ્ત જિનાલયોમાં આ રીતે સમજવું.

"Aho Shrutgyanam"

चतुर्विंशति पृथक्त्वे जिनानां च द्वासप्ततिः ।
मूलनायको भवेद्यस्तु तस्य स्थाने सरस्वती ॥ २२८ ॥
जिनालयेजिनं कुर्यादंते कुर्यात् सरस्वतीम् ।
सरस्वती जिनश्चैव ह्यन्योन्यमवरोधकम् ॥ २२९ ॥

ચોવીશ જિનાલયોમાં પૃથક્-પૃથક્ ભેદો વડે (ભૂત, ભવિષ્ય અને વર્તમાનના ભેદો વડે) બોંતેર જિનાલય થાય છે, જે મૂળનાયક હોય તેના સ્થાને સરસ્વતીદેવી કરવી અને જિનાલયમાં તો જિનદેવતા કરવા, પાછળના અંત ભાગે સરસ્વતી કરવી. સરસ્વતી અને જિનદેવતા પરસ્પર એક બીજાના અવરોધકર્તા જાણવા.

श्री जिन प्रतिमा लक्षण

नामसङ्ख्या समाख्याता प्रयुक्ता वास्तुवेदके ।
चतुर्विंशत्यषभाद्या वर्धमानान्तका स्तया ॥ २३० ॥
ऋषभादि परिवारो दुर्गमो वर्णशंकरः ।
तेन चांगुल संख्या वै प्रतिमामान कर्मणि ॥ २३१ ॥

શ્રી ઋષભાદિથી શ્રી વર્ધમાનસ્વામી સુધીના ચોવીશ તીર્થંકરોની વાસ્તુવેદમાં વર્ણવેલી નામ સંખ્યા પૂર્વે કહી છે. શ્રી ઋષભાદિ પરિવાર વર્ણની મિશ્રતાને લીધે તેમનાં સ્વરૂપ લક્ષણ જાણવાં અત્યંત કઠિન છે. તેથી પ્રતિમાના માનના કાર્યમાં અંગુલ સંખ્યાના પ્રમાણથી પ્રતિમાનું સ્વરૂપ કહ્યું છે.

प्रतिमा मान

प्रासादमाने स्यादर्चा द्वारमाने विशेषतः ।
प्रमाणं द्वारमानेन ह्यन्यथा निष्फलं भवेत् ॥ २३२ ॥

પ્રાસાદમાને પ્રતિમા કરવી પરંતુ વિશેષતઃ દ્વારમાને કરવી શુભ છે. કારણ કે પ્રતિમાનું માન દ્વારમાને લેવું સારૂં અન્યથા નિષ્ફળ થાય છે.

अर्चा चोत्पन्नमानेन द्वाराधिपाज्जिनोदयः ।
प्रासादो वीतरागस्यनो शाखोदर मध्यमः ॥ २३३ ॥

ઉત્પન્ન થયેલા માને કરેલી શ્રી જિનદેવની અર્ચા (પ્રતિમા) દ્વારપાલથી ઊંચે સ્થાપવી તથા વીતરાગનો પ્રાસાદ જેની શાખાઓનું ઉદર મધ્ય માનનું છે એવો કરવો નહિ. અર્થાત્ વીતરાગના પ્રાસાદમાં દ્વારની પહોળાઈ મધ્યમાનની કરવી નહિ.

"Aho Shrutgyanam"

देवलोक त्रिलोकेषु न वै शस्या तथार्चिता ।
जयः स्यादर्धमेमाने शाखोदरं न लंघयेत् ॥ २३४ ॥

મધ્યમમાનના દ્વારના માને કરેલી પ્રતિમાની પૂજા સ્વર્ગલોક તેમજ ત્રિલોકમાં પ્રશંસનીય થતી નથી. કનિષ્ઠમાનનું દ્વાર કરવાથી જય થાય છે. માટે તે સિવાયના માને કરી શાખોદરનું ઉલ્લંઘન કરવું નહિ.

स्थित प्रतिमा चतुर्विध प्रमाण

आद्यं द्वारञ्च पादोनं प्रान्ते शाखोदरीतथा ।
त्रिधा भक्तञ्च कर्तव्यं प्रमाणञ्च चतुर्विधम् ॥ २३५ ॥

દ્વારમાને પ્રતિમા કરવાનું ચાર પ્રકારનું પ્રમાણ નીચે પ્રમાણે જાણવું. પ્રથમ દ્વારની પહોળાઇના ચારભાગ કરી તેમાંથી એક ભાગ છોડી ત્રણ ભાગની, બીજું શાખોદરના અંતભાગ સુધીની, ત્રીજું શાખાઓના ઉદરમાં પ્રવેશતી અને ચોથું ત્રણ ભાગ કરી બે ભાગની પ્રતિમા કરવી.

त्रिविध मान

पञ्चमात्रं प्रान्तद्वारं विस्तरार्धमलंकृतम् ।
त्रिधा मानञ्च कर्तव्यमर्चा चतुर्मुखा यदा ॥ २३६ ॥

ચૌમુખ પ્રાસાદમાં ચારે દિશામાં પ્રતિમા સ્થાપન કરવાને દ્વારમાને પ્રતિમામાન નીચે પ્રમાણે ત્રિવિધ માન લેવું પાંચ ભાગ કરી ચાર ભાગે દ્વારના પ્રાન્ત ભાગે અને પહોળાઇના અર્ધભાગે શોભાયમાન પ્રતિમામાન કરવું.

चतुर्विंशति ऋषभादौ वर्धमानान्तकं तथा ।
ऋषभादि परिवारे दुःखदं वर्णसंकरम् ॥ २३७ ॥
न समांगुल संख्या च प्रतिमा मानकर्मणि ।
उपविष्टस्य देवस्य ऊर्ध्वस्य प्रतिमा भवेत् ॥ २३८ ॥
द्विविधा पादपद्मस्था पर्यंकासनमाश्रिता ।
वामो दक्षिण जंघोर्वो–रुपयङ्के करावपि ॥ २३९ ॥
दक्षिणो वाम जंघायां, तत्पर्यंकासनं शुभम् ।
देवस्यौर्द्धस्थितस्यर्त्वा, जानुलंबि भुजद्वया ॥ २४० ॥

જિન તીર્થંકરો ઋષભદેવથી વર્ધમાનસ્વામી સુધીનાં ચોવીશ છે. તે પ્રતિમાઓ અને પરિકરના પાષાણ વર્ણસંકર હોય તો દુઃખ દેનાર જાણવા. પ્રતિમાની ઊંચાઇનું

"Aho Shrutgyanam"

પ્રમાણ એકી અંગુલ રાખવું. બેકી અંગુલના પ્રતિમા નહિ કરવા. જિન પ્રતિમા બે પ્રકારના થાય છે, તેમાં એક ઉભા (કાઉસ્સગ્ગ રૂપે) અને બીજા પદ્માસને–બેઠેલા હોય છે. પર્યંકાસન કોને કહેવું ? પ્રથમ જમણી જંઘા પર ડાબો પગ અને ડાબો હાથ સ્થાપન કરવો. અને ડાબી જંઘા ઊપર જમણો પગ અને જમણો હાથ મૂકવો. તેને પર્યંકાસન કહે છે. હવે ઉભી કાયોત્સર્ગ પ્રતિમાનું સ્વરૂપ કહું છું. બે ભુજાઓ ગોઠણ સુધી લંબાવેલ હોય, છાતીમાં ઉષ્ણીક અને માથે ત્રણ છત્ર અને ફરતા ચોવીશ જિન પરિવારવાળી હોય તે ઉભી જિન પ્રતિમા જાણવી.

अन्योन्य स्कंधान्त स्तिर्यक्रसूत्र निपातनात् ।
केशान्ताञ्चलयोर्मध्ये सूत्रैक्या चतुरस्रिका ॥ २४१ ॥

(૧) એકથી બીજા ગોઠણ સુધીનું આડું સૂત્ર, (૨) જમણા ઢીંચણથી ડાબા ખંભા સુધીનું બીજું સૂત્ર, (૩) ડાબા ઢીંચણથી જમણા ખંભા સુધીનું ત્રીજું સૂત્ર અને (૪) કપાલ પરના કેશથી પાટલી–મથાળા સુધીનું ચોથું સૂત્ર. એ રીતે પ્રતિમા સમચતુરસ્ર જાણવી.

प्रतिमामान

नवतालं भवेद्रुपं तालः स्याद् द्वादशांगुलः ।
अंगुलानि कम्बायाः किंतु रुपस्य तस्य हि ॥ २४२ ॥
उर्ध्वमान मष्टोत्तरशतं तु विश्वकर्मणा ।
उर्ध्वं प्रतिमा मानं तु आसीना च अतः शृणु ॥ २४३ ॥

ઉભી જિન પ્રતિમા નવ તાલની કરવી. તે તાલ ૧૨ અંગુલનો જાણવો. પણ તે હસ્તનો અંગુલ નહિ, પણ પ્રતિમાના વિભાગનો જાણવો. એ રીતે ઉભી પ્રતિમા ૧૦૮ વિભાગની વિશ્વકર્માએ કહી છે. તેમ ઉભી પ્રતિમાનું માન કહ્યું. હવે બેઠી પ્રતિમાના વિભાગ સાંભળો.

पंचतालं समुत्सेधे चतुस्तालं तु विस्तरे ।
तालैक विभक्तादौ अंगुलानां चतुर्दश ॥ २४४ ॥
तेनां गुण प्रमाणेन षट् पञ्चाशत् समुच्छ्रितम् ।
विस्तरं तत्प्रमाणेन विभाजयेद् विचक्षणः ॥ २४५ ॥
अथैते अंगुलानां च यन्मानां यस्य कारयेत् ।
आसीन प्रतिमामानं षटपञ्चाशद् विभाजितम् ॥ २४६ ॥

"Aho Shrutgyanam"

બેઠી જિન પ્રતિમાની ઊંચાઈ પાંચ તાલ અને વિસ્તાર ચાર તાલનો જાણવો. (કાર્યની સુલભતાને માટે) અહીં એક તાલના ચૌદ વિભાગ (અંગુલ) જાણવા. તે પ્રમાણે ગણતાં ઊંચાઈ સીત્તેર અંગુલ એક તાલ ભાગ દેતા ઊંચાઈ છપ્પન આંગળની કરવી અને વિસ્તાર પણ તે પ્રમાણે વિચક્ષણ શિલ્પીએ રાખવી. છપ્પન ભાગ પર્યંકાસન પ્રતિમાની પહોળાઇ જાણવી

उर्ध्वस्थ प्रतिमा अंगविभाग

भाल नासा हनुर्ग्रीवा ह्यनूनाभीर्गुह्यमूरूकः ।
जानु जंघे तथा पादौ स्थानान्येकादशानि च ॥ २४७ ॥

चतुः पञ्च चतुर्वहिर्दिशश्चैव चतुर्दश ।
सूर्या जिन श्चतुर्जिना वेदाश्चैति ह्यनुक्रमात् ॥ २४८ ॥

લલાટ ૪ ભાગ, નાસિકા ૫ ભાગ, હડપચી ૪ ભાગ, ગ્રીવા ૩ ભાગ, હૃદય ૧૦ ભાગ, નાભિ ૧૪ ભાગ, ગુહ્ય ૧૨ ભાગ, સાથળ ૨૪ ભાગ, ગોઠણ ૪ ભાગ, પગ–જંઘા ૨૪ ભાગ, અને પગ ૪ ભાગ, કુલ ઊંચાઇના ૧૦૮ અંગુલ કેશાન્ત સુધી જાણવા. જિનેશ્વરનું કેશ સ્થાન ૫ અંગુલ તેમાં કેશ ૩ ભાગ અને ૨ અંગુલ શિખા ઉન્નત કરવી.

द्वादशाङ्गुल विस्तीर्णमायतं द्वादशाङ्गुलम् ।
मुखं कुर्यात् स्वकेशान्तं त्रिघातश्च यथाक्रमम् ॥ २४९ ॥

બાર અંગુલ લંબાઇમાં અને બાર અંગુલ વિસ્તારમાં કેશ સિવાય મુખ કરવું. તેમાં ૪ અંગુલ કપાલ, ૪ અંગુલ લાંબી નાસિકા, ૪ અંગુલ મુખ દાઢી સહિત કરવું.

मानहीन निषिद्ध

अन्यथा च न कर्तव्यं मानहीनं न कारयेत् ।
क्रियते बहुदोषाः स्युः सिद्धिस्त्र न जायते ॥ २५० ॥

શિલ્પીએ માન પ્રમાણ છોડી કાર્ય કરવું નહિ તેમજ કર્તાએ માન–પ્રમાણ રહિત કાર્ય કરાવવું નહિ, જો તેમ કરવામાં આવે તો ઘણા દોષો થાય અને કાર્યમાં લાભ મળે નહિ.

शास्त्रहीन निषिद्ध

निर्दोषा जायमाना स्यात् शिल्पिदोषे महक्षयम् ।
शास्त्रहीनं न कर्तव्यं स्वामि सर्वं धनक्षयः ॥ २५१ ॥

"Aho Shrutgyanam"

શાસ્ત્ર પ્રમાણાનુસાર નિર્દોષ પ્રતિમા કરવામાં આવે તો સિદ્ધિ પ્રાપ્ત થાય, પરંતુ શિલ્પીથી માન પ્રમાણમાં દોષ થાય તો મોટો ભય ઉત્પન્ન થાય તેમજ શાસ્ત્રના પ્રમાણ રહિત પ્રતિમા કરવામાં આવે તો કરાવનાર સ્વામીના સમસ્ત ધનનો નાશ થાય.

अंगुल माने शुभाशुभ

एकाङ्गुला भवेत् श्रेष्ठा द्वयङ्गुला धन नाशिका ।
त्र्याङ्गुला वृद्धिदा ज्ञेया वर्जयेत् चतुरङ्गुलाम् ॥ २५२ ॥

पञ्चाङ्गुला भवेद् वृद्धिरुद्वेगश्च षडङ्गुला ।
सप्ताङ्गुला नवा वृद्धिहीना चाष्टाङ्गुला सदा ॥ २५३ ॥

नवाङ्गुला सुतं दद्याद् द्रव्यहानिर्दशाङ्गुला ।
एकादशांगुल बिम्बं सद्यः कामार्थ सिद्धिदम् ॥ २५४ ॥

એક અંગુલની ઊંચી પ્રતિમા શ્રેષ્ઠ, બે અંગુલની ધનનો નાશ કરનાર, ત્રણ અંગુલ પ્રતિમા વૃદ્ધિ કરનારી, ચાર અંગુલની પ્રતિમા કરવી નહીં, પાંચ અંગુલ વૃદ્ધિ કરનાર, છ અંગુલ ઉદ્વેગ કરનારી, સાત અંગુલની નવીન ધનાદિની વૃદ્ધિ કરનાર, આઠ અંગુલની ન કરવી. નવ અંગુલની પુત્ર આપનારી, દસ અંગુલ દ્રવ્યહાનિ કરનારી, અગીયાર અંગુલની ઊંચી પ્રતિમા તરત કામ અને અર્થને સિદ્ધ કરનારી જાણવી.

प्रतिमा शुभ रेखा–

नंद्यावर्त वसुन्धराधर एय श्रीवत्स कूर्मोपमाः ।
शङ्ख स्वस्तिकहस्ति गोवृषनिभाः शक्रेन्दु सूर्योपमा ॥ २५५ ॥

छत्र स्रंग्ध्वज लिंग तोरण मृगप्रासादपद्मोपमाः ।
वज्राभा गरुडोपमाश्च शुभदा रेखाः कपर्दोपमाः ॥ २५६ ॥

પાષાણ અથવા લાકડાની મૂર્તિમાં નંદ્યાવર્ત, શેષનાગ, અશ્વ, શ્રીવત્સ, કૂર્મ, શંખ, સ્વસ્તિક, હસ્તિ, ગાય, વૃષભ, ઇન્દ્ર, ચંદ્ર, સૂર્ય, છત્ર, માલા, ધ્વજા, શિવલિંગ, તોરણ, હરણ, પ્રાસાદ, કમલ, વજ્ર, ગરૂડ અને શિવના સમાન રેખા હોય તો તે શુભ જાણવી.

प्रतिमाऽशुभ रेखा–

हृदये मस्तके भाले ह्यंशयोः कर्णयोर्मुखे ।
उदरे पृष्ठ संलग्ने हस्तयोः पादयोरपि ॥ २५७ ॥

"Aho Shrutgyanam"

एतेष्वङ्गेषु सर्वेषु रेखालाञ्छन नीलिका ।
बीम्बानां यत्र दृश्यन्ते त्यजेत्तानि विचक्षणः ॥ २५८ ॥
अन्य स्थानेषु मध्यस्था त्रास फाट विवर्जिता ।
निर्मल स्निग्ध शान्ता च वर्णसारूप्य शालिनी ॥ २५९ ॥

હૃદય, મસ્તક, કપાલ અને ખંભા, બે કાન, મુખ, પેટ, પૃષ્ઠભાગ, બે હાથ અને બન્ને પગ. આ સર્વ અંગે આસ્માની અથવા કાલી રેખાઓ અર્થાત્ લીંટા હોય તો એવી પ્રતિમાને પંડિતોએ અવશ્ય વર્જવી. ઉપર બતાવેલા અંગ સિવાય બીજે ઠેકાણે હોય તો તે પ્રતિમા મધ્યમ જાણવી. પરંતુ ખરાબ તીરાડો કે ચીરા આદિ દુષણથી રહિત સ્વચ્છ, ચિકણી, ઠંડી અને પોતાના રંગની રેખાઓવાળી હોય તો તે દોષકર્તા જાણવી નહીં.

हीनांगे दोष लक्षण

एतत्प्रमाणकं प्रोक्तमूर्ध्वं प्रासादपूजिता ।
उर्ध्वदृष्टिर्द्रव्यनाशा दुर्भिक्षाय कृशोदरी ॥ २६० ॥
जंघाहीना भवेद् भक्षा कटिहीना च घातिनी ।
अधोहीनाति दुखाय शिल्पिनो भोगवर्जिताः ॥ २६१ ॥
वक्रनासादिकश्चैव करक्षीणे न लोपना ।
भाले नखे मुखे चैव क्षीणेऽधिके कुलक्षयः ॥ २६२ ॥
विशाला क्षीणसंपत्तिर्नाभि लम्बे कुलक्षयः ।
कक्षा लम्बे वियोगश्च सौम्या सर्वार्थसिद्धिदा ॥ २६३ ॥
रोदन्ती च हसन्ती च मदिकाङ्गा च शिल्पिना ।
कृशाद्रव्यविनाशाय दुर्भिक्षाय कृशोदरी ॥ २६४ ॥
वक्रनाशाति दुःखाय ह्रस्वांगाक्षय कारिणी ।
अनेत्रा नेत्रनाशाय शिल्पी स्याद् भोगवर्जितः ॥ २६५ ॥
जायते प्रतिमाहीने कटिहासे च घातिनी ।
जङ्घाहीने भवेद् भ्रातृपुत्रमित्र विनाशिनी ॥ २६६ ॥
ग्रीवाहीनेऽत्र विज्ञेयो ग्रीवारोगो न संशयः ।
स्कंधहीने तु विज्ञेयः स्त्रीनाशो निरुपग्रहः ॥ २६७ ॥

"Aho Shrutgyanam"

हृदिहीने च निःशेषो बाहुहीनेऽपराक्रमः ।
हीनहस्ते च स्त्रीहानिः पृष्ठहीने तथाऽसुखम् ॥ २६८ ॥
पार्श्वहीने च विज्ञेयो गृहस्यापि परिक्षयः ।
उरुक्षये विजानीयात् कुटुम्बस्य विनाशिनी ॥ २६९ ॥
नाभि प्रदेशहीने तु व्याधि स्तत्र प्रकोपितः ।
अनार्हता च रिक्ता च शुक्लानां क्षयकारिणी ॥ २७० ॥
उदरं क्षपयेद्यस्तु भार्या तस्य च नश्यति ।
जानु न क्षपयेद्यस्तु पुत्रैः सह विवर्धते ॥ २७१ ॥
जङ्घा यस्य प्रहीयेत प्रवासं तस्य निर्दिशेत ।
अति दीर्घाणि दृश्यानि गो–ब्राह्मण विनाशिनी ॥ २७२ ॥

આ પ્રમાણે પ્રતિમાની ઊંચાઇનું પ્રમાણ કહ્યું. તેમાં એકી સંખ્યાએ પ્રતિમા ઊંચી કરવી શુભ છે અને આવી ઊંચી પ્રતિમા પ્રાસાદમાં પૂજવી. પ્રતિમાની દૃષ્ટિ ઊંચી રાખે તો દ્રવ્યનો નાશ કરનારી અને પેટનો ભાગ પાતળો કરે તો દુષ્કાળ પાડનારી થાય. જંઘાહીન (પ્રમાણથી પાતળી) પ્રતિમા કરે તો ભક્ષણ કરનારી, કટિહીન થાય તો કર્તા–કારયિતાનો ઘાત કરનારી અને નીચેના ભાગે હીન થાય તો અત્યંત દુઃખકર્તા તથા શિલ્પીઓના સુખને હાનિકર્તા થાય. નાસિકા, મુખ પગ આદિ વાંકા હોય તેમજ હાથ પાતળા થાય તો કુલનો નાશકર્તા તથા કપાલ, નખો અને મુખાદિ પાતળા અથવા પ્રમાણથી અધિક થાય તો કુલક્ષયકારી જાણવી.

પ્રમાણથી પ્રતિમા વિશાળ (મોટી લાંબી) કરે તો સંપત્તિનો ક્ષય કરે, નાભિનો ભાગ લાંબો હોય તો કુલનો ક્ષય કરે, કાંખનો ભાગ લાંબો હોય તો ઇષ્ટનો વિયોગ થાય અને સૌમ્ય સ્વરૂપની કરે તો સર્વ પ્રકારના અર્થોની સિદ્ધિ આપનારી જાણવી. શિલ્પીએ પ્રતિમા રડતી, હસતી અથવા મદ ભરેલી અંગોવાળી કરી હોય તો તે હાનિકર્તા જાણવી, પાતળી દ્રવ્ય નાશ કરનારી, પાતળા પેટવાળી દુર્ભિક્ષ કરનારી થાય છે.

વાંકા નાકવાળી પ્રતિમા ઘણું દુઃખ કરનારી છે, પ્રમાણથી નાના અંગોવાળી ક્ષય કરનારી છે. ચક્ષુ વગરની ચક્ષુ નાશ કરનારી અને શિલ્પીને દુઃખ દેનાર છે, પ્રમાણથી રહિત પ્રતિમા કરે તો તેમજ કમરનો ભાગ પાતળો અને જાડો કરે તો ઘાતકર્તા થાય, જંઘા હીન કરે તો ભાઇ, પુત્ર અને મિત્રાદિનો વિનાશ કર્તા થાય. ગ્રીવા–કંઠહીન પ્રતિમા કરવાથી કંઠરોગ થાય, એમાં સંશય નહિ કરવો. સ્કંધહીન પ્રતિમા કરે તો સ્ત્રીનો નાશ અને ગ્રહનો ઉપદ્રવ થાય.

"Aho Shrutgyanam"

હૃદય હીન થાય તો નિઃશેષ (નિઃસંતાન), બાહુ હીન કરે તો પરાક્રમ રહિત, હસ્ત હીન કરે તો સ્ત્રીની હાનિ અને પૃષ્ઠ ભાગે હીન થાય તો દુઃખ કર્તા થાય, પડખાના ભાગે હીન થાય તો ગૃહનો નાશ જાણવો અને છાતીના ભાગે હીન થાય તો કુટુંબનો નાશ કરનારી થાય.

નાભી ભાગે હીન પ્રતિમા વ્યાધિનો પ્રકોપ કરે તથા અયોગ્ય અંગવાળી અને યોગ્ય અંગોથી રહિત પ્રતિમા પુણ્ય કર્મોથી ક્ષયકારિણી જાણવી.

શિલ્પી પ્રતિમાનું ઉદર (પેટ) પ્રમાણથી પાતળું કરી નાખે તો તેની સ્ત્રીનો નાશ થાય અને જે પ્રતિમાના જાનુ ભાગો પ્રમાણથી પાતળા કરતો નથી તે પુત્રો સાથે વૃદ્ધિને પ્રાપ્ત થાય છે.

જે પ્રતિમા જંઘા હીન કરે તેને પ્રવાસ કરવો પડે, પ્રમાણથી મોટા નેત્રોવાળી પ્રતિમા ગો–બ્રાહ્મણોનો નાશ કરનારી જાણવી તથા વિકરાળ મુખવાળી અને નીચી દૃષ્ટિવાળી પ્રતિમા ક્ષય અને વ્યાધિઓના ભયને પેદા કરે છે.

प्रतिमा दोषादि

मानाधिकं न कर्तव्यं मानहीनं न कारयेत् ।
क्रियते बह्वो दोषाः सिद्धिस्तत्र न जायते ॥ २७३ ॥

अज्ञाने क्रियते यस्तु शास्त्रं चैव न ज्ञायते ।
न दोषो यजमानस्य शिल्पिदोषो महद् भयम् ॥ २७४ ॥

હવે પ્રતિમાના દોષો કહે છે. શાસ્ત્રમાં કહેલા માનથી વધારે કે ઓછા માનની પ્રતિમા કરવી નહીં કેમ કે તેમાં ઘણા દોષો થાય છે. તેનાથી કાર્યની સિદ્ધિ થતી નથી. જે શાસ્ત્રને ન જાણતો હોય તેવા અજ્ઞાન શિલ્પીએ કરેલા કાર્યનો દોષ યજમાન (કાર્ય કરાવનાર) ને લાગતો નથી, પરંતુ શિલ્પીને મહાભય ઉપજાવનાર દોષ લાગે છે.

प्रतिमा संस्कार

धातु लेप्पादि प्रतिमा अंगभंगं च स्करेत् ।
काष्ठ पाषाण निष्पन्नाः संस्कारार्हापुनर्नहि ॥ २७५ ॥

ધાતુ કે લેપની મૂર્તિ જો અંગ ભંગ થઈ હોય તો તેને સુધરાવી સંસ્કાર યોગ્ય થાય છે. પરંતુ કાષ્ઠ કે પાષાણની મૂર્તિ જો અંગ ખંડિત થઈ હોય તો ફરી સંસ્કારને યોગ્ય નથી.

"Aho Shrutgyanam"

नखांगुलो बाहुनासा पादभंगे ष्वनुक्रमात् ।
जनभीतिर्देश भंगो बन्धनं कुलधन क्षय ॥ २७६ ॥

જો પ્રતિમા (૧) નખે ખંડિત થઈ હોય તો લોકનિંદાનો ભય. (૨) આંગળીએ ખંડિત થઈ હોય તો દેશભંગ. (૩) હાથે ખંડિત થઇ હોય તો બંધન–કેદ. (૪) નાકે ખંડિત થઈ હોય તો કુલનાશ. (૫) પગે ખંડિત થઈ હોય તો કુલ અને લક્ષ્મીનો નાશ. આ રીતે ખંડિત પ્રતિમાના અશુભ ફળ જાણવા.

प्रतिमा काष्ठ लेपाश्मदंत–चित्रायसां गृहे ।
न्युनाधिका परिवार रहिता नैव पूजयेत् ॥ २७७ ॥

પ્રતિમા કાષ્ઠની, લેપની કે પાષાણ, દાંત અને ચિત્રની માનથી ન્યુનાધિક હોય કે પરિવાર રહિત હોય તો તે ગૃહસ્થના ગૃહે પૂજવી નહિ. ૨૭૭.

अर्थहत् प्रतिमेत्ताना चिंता हेतुरधोमुखी ।
अथापदे तिरश्चीना नीचोच्या तु विदेशदा ॥ २७८ ॥

अन्याय द्रव्य निष्पन्ना परिवारस्तु समुद्भवा ।
न्युनाधिकांगी प्रतिमा सपरिवार नाशिनी ॥ २७९ ॥

ઊંચા મુખવાળી પ્રતિમા દ્રવ્યનો નાશ કરે, નીચા મુખવાળી પ્રતિમા ચિંતા કરાવે, તીરછી નજરવાળી પ્રતિમા આપત્તિ લાવે, ઊંચી નીચી પ્રતિમા દેશવટો દેવડાવે, અન્યાયથી ઉપાર્જેલા ધનથી પ્રતિમા બનાવી હોય તો અથવા ઓછા વધતા અંગવાળી પ્રતિમા હોય તો આ સર્વ દોષવાળી પ્રતિમાના કારણે કુટુંબ પરિવારનો નાશ થાય.

नख केशा भूषणादि शस्त्रवस्त्राद्यलंकृतिः ।
विषमा व्यंगिता नैव इववेन् मूर्ति मंगलम् ॥ २८० ॥

शान्ति पुष्टयादि कृत्यैश्च पुनः साच समीकृता ।
पुनः रथोत्सवं कृत्वा प्रतिमा अर्चयेच्छुमा ॥ २८१ ॥

જો પ્રતિમાના નખ, કેશ, આભૂષણ અસ્ત્ર, શસ્ત્રો કે વસ્ત્રો અને અલંકાર આભૂષણો ખંડિત કે વાંકા હોય તો પણ તેના અંગના કારણે તે દોષિત ગણાતી નથી. તે મંગલમય જાણવી. તેવી પ્રતિમાને ફરી સમુદ્ધાર કરી શાન્તિપૌષ્ટિક કાર્યોથી ફરી રથયાત્રાદિનો મહોત્સવ ઉજવી તે પ્રતિમા પૂજવી તે શુભ છે.

"Aho Shrutgyanam"

अंगो पांगैश्च प्रत्यागैः कथञ्चित् व्यंगदूषितम् ।
विसर्जयेत् तां प्रतिमामन्यमूर्तिं प्रवेशयेत् ॥ २८२ ॥

या खंडिताश्च दग्धाश्च विशीर्णाः स्फुटितास्तथा ।
न तासां मंत्र संस्कारो गताश्च तत्र देवताः ॥ २८३ ॥

ઉપર કહ્યું તે સિવાય જો પ્રતિમાના અંગ ઉપાંગ કે પ્રત્યાંગ ખંડિત થયા હોય તો તેનું વિસર્જન કરીને બીજી પ્રતિમાનો વિધિથી પ્રવેશ કરાવવો, કારણ કે ખંડિત બળેલી, શીર્ણ–વિશીર્ણ કે તડકેલી–ફાટેલી પ્રતિમામાં મંત્ર સંસ્કાર રહેતા નથી તેમજ દેવપણ રહેતું નથી.

अतीताब्दशतं यत्स्याद्यच्च स्थापित मुत्तमैः ।
तद् व्यंगमपि पूज्यं स्याद् बिम्ब तन्निष्फल नहि ॥ २८४ ॥

જો પ્રતિમાની પ્રતિષ્ઠા સો વર્ષ પહેલાં થઈ હોય અને તે કોઈ ઉત્તમ આચાર્ય કે મહાપુરુષોએ સ્થાપિત કરેલી હોય તે બિંબ પ્રતિમા અંગવ્યંગ હોય તો પણ પૂજવાને યોગ્ય છે. તેની પૂજા નિષ્ફલ જતી નથી.

पतना द्रव्यगिता देवास्तेषां दुरितमुद्धरेत् ।
स्वप्नोत्सव यात्रासु पुनः रूपाणि अर्चयेत् ॥ २८५ ॥

જે જુની પ્રતિમા પડવાથી સામાન્ય ખંડિત થઈ હોય તો તેનો સમુદ્ધાર કરીને સ્વપ્નાદિ રથયાત્રા ઉત્સવ કરીને ફરી પૂજા શરૂ કરવી.

प्रासाद माने प्रतिमा प्रमाण–

प्रासादतुर्य भागस्य समाना प्रतिमा मता ।
उत्तमाय कृते सातु कार्यैं कोनाधिकांगुला ॥ २८६ ॥

अथवा स्वदशांशेन हीनः समधिकः स च ।
कार्या प्रासाद पादस्य शिल्पिभिः प्रतिमा सदा ॥ २८७ ॥

सर्वेषामपि धातुनां रत्नस्फटिकयोरपि ।
प्रवालस्य च बिम्बेषु शिल्पिमानं यदृच्छाया ॥ २८८ ॥

પ્રાસાદ રેખાએ હોય તેના ચોથા ભાગના ઉદયની પ્રતિમા કરવી. ઉત્તમ આય લાવવા માટે એક બે અંગુલ ઓછા વત્તુ કરવું અથવા તો ચતુર્થાંશમાં દસમો ભાગ

"Aho Shrutgyanam"

અધિક કે હીન કરી તે માનની પ્રતિમા શિલ્પીએ બનાવવી. સર્વ પ્રકારની ધાતુની રત્નની, સ્ફટિકની કે પ્રવાલની પ્રતિમા હોય તો પ્રાસાદનું પ્રમાણ ન લેતા શિલ્પીએ પોતાની ઇચ્છાનુસાર કરવી.

गर्भगृह माने प्रतिमा प्रमाण

तृतीयांशेन गर्भस्य प्रासादे प्रतिमोत्तमा ।
मध्यमा स्वदशांशेन पञ्चमांशोना कनीयसी ।। २८९ ।।

પ્રાસાદના ગર્ભગૃહના ત્રીજા ભાગે પ્રતિમા ઉત્તમ માનની જાણવી. તેનો દશમો ભાગ હીન કરતાં મધ્ય માનની અને પાંચમો ભાગ હીન કરે તો કનિષ્ઠ માનની પ્રતિમા જાણવી.

ऊर्ध्वस्थ प्रतिमा मान–

एकहस्ते तु प्रासादे मूर्ति रेकादशांगुला ।
दशांगुला ततो वृद्धिः यावद हस्तचतुष्टयम् ।। २९० ।।

द्वयांगुला दशहस्तान्ता शतार्द्धान्तां गुलस्य च ।
अतो विंशदशांशोना मध्यमार्चा कनीयसी ।। २९१ ।।

એક હસ્તના પ્રાસાદને અગિયાર અંગુલની ઉભી મૂર્તિ કરવી. આ રીતે ચાર હસ્ત સુધીના પ્રાસાદોને હસ્તે હસ્તે દશ અંગુલ વૃદ્ધિ કરવી. પાંચથી દશ હસ્ત સુધીના પ્રાસાદને હસ્તે બબ્બે અંગુલ વૃદ્ધિ કરતા જવું. દસથી પચાશ હસ્ત સુધીના પ્રાસાદને પ્રત્યેક હસ્તે એકેક અંગુલવૃદ્ધિ કરતાં જવું તે ઉત્તમ માન જાણવું. તો વિશમો ભાગ હીન કરે તો મધ્યમાન અને દશમો ભાગ હીન કરે તો કનિષ્ઠમાન પ્રતિમાનું જાણવું.

आसनस्य प्रतिमामान

हस्तादेर्वेद हस्तांते षड्वृद्धिः स्यात् षडंगुला ।
तदूर्ध्वं दशहस्तान्ता त्र्यङ्गुला वृद्धिरिष्यते ।। २९२ ।।

एकाङ्गुला भवेद् वृद्धि–र्यावत् पञ्चाशद्धहस्तकम् ।
विंशत्येकाधिका जयेष्ठा विंशत्योना कनीयसी ।। २९३ ।।
उर्ध्वस्था प्रथमा प्रोक्ता आसनस्था द्वितीयका ।। २९४ ।।

"Aho Shrutgyanam"

એક હસ્તથી ચાર હસ્ત સુધીના પ્રાસાદને પ્રત્યેક હસ્તે છ છ અંગુલનું બેઠી પ્રતિમાનું માન જાણવું, ત્યાર પછી પાંચથી દશ હસ્ત સુધીના પ્રાસાદને પ્રત્યેક હસ્તે ત્રણ ત્રણ અંગુલ વધારતા જવું, અગિયારથી પચાસ હસ્ત સુધીના પ્રાસાદને પ્રત્યેક હસ્તે અકેક અંગુલ વૃદ્ધિ કરતાં જવું, આવેલ માનથી વીશમો ભાગ વધારવાથી જેષ્ઠમાન અને વીશમો ભાગ હીન કરવાથી કનિષ્ઠ માન જાણવું, એ રીતે આગળ જે પહેલાં કહ્યું તે ઉભી પ્રતિમાનું માન અને આ બીજું બેઠી પ્રતિમાનું માન જાણવું.

प्रतिमा पद स्थापन

प्रासाद गर्भे गेहार्धभित्तितः पञ्चधाकृते ।
यक्षाद्याः प्रथमे भागे सर्वदेवा द्वितीयके ॥ २९५ ॥

जिनार्क स्कंधकृष्णानां प्रतिमाश्चतृतीयके ।
ब्रह्मा चतुर्थके भागे लीङ्गमीशस्य पञ्चमे ॥ २९६ ॥

પ્રાસાદના ગર્ભગૃહના અડધામાં પાછળની ભીતિ તરફથી પાંચ ભાગ કરવાં. ભીતિથી પહેલા ભાગમાં યક્ષાદિ, બીજા ભાગમાં સર્વદેવ, ત્રીજા ભાગમાં જિન, સૂર્ય, કાર્તિકેય, કૃષ્ણની પ્રતિમાં સ્થાપન કરવી. ચોથા ભાગમાં બ્રહ્મા અને પાંચમાં ભાગમા એટલે મધ્યમાં શિવલીંગની સ્થાપના કરવી.

दृष्टि निर्णय

द्वारशाखाष्टभिर्भागैरधः एक द्वितीयकैः ।
मुक्त्वाष्टमं च भागैकं यो भागः सप्तमः पुनः ॥ २९७ ॥

तथापि सप्तमे भागे गजायस्तत्र पातयेत् ।
प्रासादे प्रतिमादृष्टिः कर्तव्या तत्र शिल्पिभिः ॥ २९८ ॥

પ્રાસાદના દ્વારશાખના નીચેથી એક, બે, ત્રણ એ ક્રમથી આઠ ભાગ કરવાં, તેમાંથી ઉપરનો આઠમો ભાગ તજી દેવો, પછીના સાતમાં ભાગના ફરી આઠ ભાગ કરી ઉપરના સાતમા ભાગે એટલે ગજાયના ભાગે શિલ્પીએ પ્રાસાદમાં પ્રતિમાની દૃષ્ટિ રાખવી.

इत्थेवं प्रतिमा मानं संक्षेपण मयाकृतम् ।
तदनुसारं विज्ञप्य कर्तव्यं बुध शिल्पिभिः ॥ २९९ ॥

ઉપર પ્રમાણે પ્રતિમાનું માન મેં સંક્ષેપમાં કહ્યું તે અનુસાર વિચાર કરીને બુદ્ધિમાન શિલ્પીએ પ્રતિમા બનાવવી.

"Aho Shrutgyanam"

॥ प्रतिमा मान प्रमाण ॥

પ્રાસાદહસ્ત	બેઠી	ઉભી	પ્રાસાદહસ્ત	બેઠી	ઉભી
૧	૬	૧૧	૮	૩૬	૪૯
૨	૧૨	૨૧	૯	૩૯	૫૧
૩	૧૮	૩૧	૧૦	૪૨	૫૩
૪	૨૪	૪૧	૨૦	૫૨	૬૭
૫	૨૭	૪૩	૩૦	૬૨	૭૩
૬	૩૦	૪૫	૪૦	૭૨	૮૩
૭	૩૩	૪૭	૫૦	૮૨	૯૩

आसनस्थ प्रतिमा अंग लक्षण

प्रतिमो छ्रयमाने तु कर्तव्याश्चतुरंशकाः ।
तत्रांशेषु प्रकुर्वीत चाङ्गुलानां चतुर्दश ॥ ३०० ॥
तेनाङ्गुल प्रमाणेन षट् पञ्चाश त्समुछ्रयः ।
विस्तार स्तत्प्रमाणेन कर्तव्यः सर्वकामदः ॥ ३०१ ॥

પ્રતિમાની ઊંચાઇના ચારે ભાગો કરવા, અને તે ચારે ભાગોમાં ચૌદ–ચૌદ વિભાગ કરવા. ઉપરોક્ત અંગુલ પ્રમાણે છપ્પન અંગુલ યુક્ત પ્રતિમાની કેશાંત પર્યંતની ઊંચાઈ થઈ. ઊંચાઇના પ્રમાણે પહોળાય પણ પલાંઠી છપ્પન ભાગોથી યુક્ત કરવી. તે સર્વ કામનાઓને આપનાર છે.

अस्तकस्योच्छ्रयः कार्यश्चाङ्गुल प्रमाणतः ।
पादश्चाष्टाङ्गुलः प्रोक्तः दोस्तुला चतुरंगुला ॥ ३०२ ॥

પ્રતિમાના આસન (મસુર)ની ઊંચાઈ આઠ અંગુલની કરવી. આઠ અંગુલ જાડા કરવા અને કરતુલા (બન્ને હાથ જોડેલો પંજો) ચાર આંગળની કરવી.

चतुरंगुलकं गुह्य स्तन गर्भश्चतुर्दश ।
त्रयोदशतु हृच्चैव केशान्तश्च त्रयोर्दश ॥ ३०३ ॥

ગુહ્ય ભાગ ચાર અંગુલનો કરવો, ગુહ્ય ભાગથી સ્તનગર્ભ સુધીનો ભાગ ચૌદ અંગુલ, સ્તનગર્ભથી કંઠ સુધીનો હૃદય ભાગ તેર અંગુલ અને કંઠથી કેશાંત સુધીનો મુખ ભાગ પણ તેર અંગુલ કરવો.

"Aho Shrutgyanam"

ललाटश्च चतुर्भागं नासिका पञ्च कीर्तिता ।
अङ्गुल मोष्ठ मध्यश्च तूर्याङ्गुल महौष्ठकम् ॥ ३०४ ॥

મુખના તેર ભાગોમાં ચાર ભાગનું કપાલ, પાંચ ભાગની નાસિકા, એક ભાગ નાસિકા અને ઓષ્ઠનો મધ્ય ભાગ તથા ઉપરના ઓષ્ઠથી નીચે દાઢી સુધીનો ભાગ ચાર અંગુલ કરવો.

नासिकौष्ठ द्वयोर्मध्ये प्रवेशश्चाङ्गुलस्य वै ।
अर्धाङ्गुलम ध्यौष्ठं द्वायङ्गुला च हनुस्तथा ॥ ३०५ ॥

નાસિકા અને ઓષ્ઠની વચ્ચેનો પ્રવેશ ભાગ એક અંગુલનો કરવો. બન્ને ઓષ્ઠ અર્ધા અર્ધા ભાગના અને દાઢી બે અંગુલની કરવી. (કુલ ભાગ ચાર)

एवञ्च षडपञ्चाशदुच्छ्रये च विशेषतः ।
ऊर्ध्वे षडंगुलं ज्ञेयं केशान्तस्य परिस्थितिः ॥ ३०६ ॥

આ પ્રમાણે ઊંચાઇમાં વિશેષ કરી છપ્પન ભાગો કરવા, અને કેશાંતની ઉપરનો ભાગ શિખા પર્યંત છ અંગુલ કરવો. (પ્રતિમાના આસન [મસુર] આઠ ભાગ મળી ૭૦ અંગુલ અથવા ૭૦ ભાગ થયા.)

वक्त्र विस्तारमानं च ह्यङ्गुलानि चतुर्दश ।
ग्रीवा दशाङ्गुला प्रोक्ता स्तनगर्भे च द्वादश ॥ ३०७ ॥

મુખની પહોળાઈ ચૌદ અંગુલની કરવી તથા ગળું જાડું દશ અંગુલ કરવું અને બન્ને સ્તનનો મધ્યભાગ બાર અંગુલ રાખવો.

कक्ष मध्यं प्रकुर्वीत द्वाविंशति विभागकैः ।
कटि विस्तार मानञ्च ह्यङ्गुलानाञ्चा षोडश ॥ ३०८ ॥

બન્ને કાખનો મધ્ય ભાગ બાવીશ અંગુલનો તથા કટિ-કમ્મરની પહોળાઈ સોળ અંગુલ કરવી.

बाह्य कक्ष प्रमाणञ्च ह्यष्टादशाङ्गुलस्तथा ।
बाहु विस्तरतः प्राज्ञोऽष्टाङ्गुलात्मकमूर्ध्वकम् ॥ ३०९ ॥

હૃદયના મધ્યેથી કાંખ બહારનો બાહુ સુધીનો ભાગ અઢાર અંગુલનો કરવો (બન્ને બાજુએ મળી કુલ ૩૬ અંગુલ જાણવો) અને બાહુ વિસ્તારમાં ઉપરનો ભાગ આઠ અંગુલ જાડો કરવો.

"Aho Shrutgyanam"

सप्ताङ्गुलमधः स्थाने चाष्टादश कराग्रतः ।
दैर्ध्यं तत्र प्रकर्तव्यं विस्तारेऽष्टाङ्गुलाश्च वै ॥ ३१० ॥

કોણીથી નીચેના હાથનો ભાગ સાત અંગુલ જાડો કરવો, અને કોણીથી આંગળીઓ સુધીનો હાથનો ભાગ અઢાર અંગુલ લાંબો કરવો તથા પંજો આઠ અંગુલ પહોળો કરવો.

श्रेलकश्च चतुर्भागं बाह्यग्रं पञ्चभागकम् ।
मत्स्यक सप्तसार्धश्च घसीकश्चैव द्वयङ्गुलम् ॥ ३११ ॥

કાંડામાં હાથ જાડો ચાર ભાગ અને બાહુનો આગળનો ભાગ પહોળો પાંચ ભાગ કરવો તથા કોણીએ સાડાસાત ભાગ જાડો અને પેટ તથા હાથની વચ્ચે બે ભાગની ઘસી કરવી.

आसनश्चाष्टविंशत्या षोडशाङ्गुल मस्तकम् ।
कर्णनासाग्रकं कार्यं शोभनश्च दशाङ्गुलम् ॥ ३१२ ॥

આસન પલાંઠીથી પૃષ્ઠભાગ સુધી પહોળું અઠ્યાવીશ ભાગ કરવું તથા કર્ણ સહિત મસ્તક સોળ ભાગ પહોળું કરવું તથા કાનથી નાસિકાનો અગ્રભાગ દસ ભાગનો કરવો.

दैर्ध्यं दशाङ्गुल प्रोक्तः कर्णश्च द्वयङ्गुलोमतः ।
चतुरंगुलकं चक्षुर्विस्तारे द्वयङ्गुलंमतम् ॥ ३१३ ॥

કાન લાંબો દસ અંગુલ અને પહોળો બે અંગુલનો કરવો, તથા આંખ લાંબી ચાર અંગુલ અને પહોળી બે અંગુલ કરવી.

नासिका तृर्यभागा च ह्यग्रे सार्धाङ्गुलामता ।
ललाटं हर्वटी ज्ञेया क्षोभना च त्रयाङ्गुला ॥ ३१४ ॥

નાસિકા પહોળી ચાર ભાગની કરવી અને અગ્રભાગે દોઢ અંગુલ કરવી, તથા કપાલ અને દાઢી નાસિકાના અગ્ર ભાગેથી ત્રણ ભાગ અંદર પડતી કરવી.

ग्रीवां दशाङ्गुला प्रोक्ता कर्णायामं दशाङ्गुलम् ।
त्रय सार्धञ्च विस्तारो भाग भागश्च निर्गमः ॥ ३१५ ॥

ગળું દસ અંગુલ જાડુ કરવું, કર્ણની લંબાઈ દસ અંગુલ કરવી, તથા સાડા ત્રણ અંગુલની પહોળાઈ કરવી અને નિકાળે નીકળતો કાન અકેક ભાગનો કરવો.

"Aho Shrutgyanam"

श्रीवत्सः पञ्चभागः स्यात् त्रि भागो विस्तरे मतः ।
निर्गमं त्रयभागश्च स्तनगर्भे सुशोभनः ॥ ३१६ ॥

શ્રીવત્સ પાંચ ભાગ લાંબુ અને ત્રણ ભાગ પહોળું કરવું. નીકાળો ત્રણ ભાગ રાખવો, એ પ્રમાણે બે સ્તનોના મધ્ય ભાગે સુશોભિત કરવું.

उदरमष्टांगुलं स्यादुदयमेकादश तु ।
कटि बाहुषणं प्रोक्तंमङ्गुल त्रयमेव च ॥ ३१७ ॥

ઉદર આઠ ભાગ પહોળું અને અગ્યાર ભાગ ઊંચુ કરવું તથા કમરનો અને બાહુનો મધ્યભાગ (ગાળો) ત્રણ ભાગ રાખવો.

दशपञ्च भवेत्पाद्श्चांङ्गुल पिंडकद्वयम् ।
छिद्रंद्विभागिकं मूले विस्तरे द्वयमेव च ॥ ३१८ ॥

પગ પંદર ભાગ રાખવો અને પગની પિંડીઓ અકેક ભાગની કરવી તથા આસન વાળેલા પગના મૂલમાં પાણી જવાનું છિદ્ર બે ભાગ લાંબુ, બે ભાગ પહોળું કરવું.

गर्भस्था नव भागाष्टौ हस्ताग्रं द्वयमेव च ।
द्वादश च स्थिता जङ्घा चाग्र पृष्ठे तथैव च ॥ ३१९ ॥

ગાદીના મધ્યભાગે રહેલી ચોરસી નવ ભાગ લાંબી અને આઠ ભાગ પહોળી કરવી તથા હાથનો અગ્રભાગ બે આંગળ જાડો કાંણા પાસે રાખવો અને પગની આગળની તેમજ પાછળની જંઘાઓ બાર ભાગ જાડી રાખવી.

तथाग्रे पञ्च यत्नेन चतुरङ्गुलमानकम् ।
षड्भिर्भागैश्च कर्त्तव्यो वामपादश्च मध्यके ॥ ३२० ॥

તેમજ પાણી નીકળવાના કાણાં પાસે પગનું કાંડું પાંચ આંગળ જાડું કરવું. અને અંગુઠા પાસેનો પગનો પંજો ચાર ભાગ જાડો કરવો તથા પલાંઠીનાં મધ્યમાં છ ભાગ ખોદી ડાબો પગ દેખાડવો.

कर्त्तव्यं शास्त्रसंमत्या स्वरूपं लक्षणान्वितम् ।
एवं युक्ति विंधातव्या प्रतिमा मान कर्मणि ॥ ३२१ ॥

શાસ્ત્રાનુસાર સર્વ લક્ષણોથી સંયુક્ત પ્રતિમાનું સ્વરૂપ કરવું તથા પ્રતિમાના વિભાગ માનના કાર્યમાં ઉપર બતાવેલી યુક્તિ પ્રમાણે ભાગમાને પ્રતિમાનું સ્વરૂપ કરવું.

"Aho Shrutgyanam"

इत्येतत् कथितञ्चैव कर्त्तव्यं शास्त्रपारगैः ।
पूर्वमान प्रमाणञ्च कर्तव्य विधिपूर्वकम् ॥ ३२२ ॥

આ પ્રમાણે વાસ્તુશાસ્ત્રમાં પ્રતિમાના સ્વરૂપનું લક્ષણ કહ્યું છે અને વિદ્વાન શિલ્પી-ઓએ લક્ષણાનુસાર પ્રતિમા કરવી, તથા પૂર્વથી પરંપરાએ ચાલતું આવેલું માનનું પ્રમાણ પણ વિધિપૂર્વક યોજવું.

॥ इतिश्री आसनस्थ प्रतिमा लक्षण ॥

जिनपरिकर लक्षण :--

जयोवाच—

कथयतु महाप्रोक्त परिकरस्य लक्षणम् ।
आसनस्थार्चा चौर्ध्वार्चा शयनार्चा विशेषतः ॥ ३२३ ॥
तेषां युक्त्यनुक्रमेण ब्रूहि मानं परिकरम् ।
सिंहासनस्य किं मानं किं मानं बाहुयुग्मयोः ॥ ३२४ ॥
किं मानं छत्रवृत्तं च शङ्ख दुन्दुभिमानतः ।
एतत् सर्वं प्रसादेन कथय त्वं जगत्पत्ते ॥ ३२५ ॥

જય ઉવાચઃ-હે મહાપ્રભુ, મને *પરિકરના લક્ષણ કહો. બેઠેલી મૂર્તિના, ઉભી મૂર્તિના કે વિશેષે કરીને શયન પ્રતિમાના પરિકરની યુક્તિઓ અનુક્રમે કહો, સિંહાસન-માન, બાહુયુગ્મ (બન્ને હસ્ત બાજુ કાઉસ્સગ્ગ) માન ઉપરના છત્રવૃત્ત પ્રમાણ અને તેમાં શંખ તથા દેવદુન્દુભિ વગાડનારાઓ કેટલા માનના કરવા એ સર્વ આપના પ્રસાદ-રૂપ હે જગત્પતિ મને કહો.

अशोकवृक्षः सुरपुष्पवृष्टि दिव्यध्वनिश्चामरमासनं च ।
भामंडलं दुन्दुभिरातपत्रं सत्प्रातिहार्याणि जिनेश्वराणाम् ॥ ३२६ ॥

(૧) અશોક વૃક્ષ, (૨) પુષ્પવૃષ્ટિ, (૩) દિવ્યધ્વનિ, (૪) ચામર, (૫) સિંહાસન, (૬) ભામંડલ, (૭) દેવદુન્દુભિ, (૮) છત્ર. એ આઠે જિનેશ્વર પ્રભુના પ્રાતિહાર્ય છે. પરિકરમાં તેનો સમન્વય નીચે પ્રમાણે કરવામાં આવે છે :-

૧ અશોક વૃક્ષ :-એ છત્રવૃત્તની ઉપરની છેલ્લી રથિકાના ગોળવૃત્તમાં આસોપાલવનાં પત્ર કરવામાં આવે છે.

* નોટ :-જિન તિર્થંકરોની આ લોકભોગ્ય ફળરૂપ અષ્ટ પ્રાતિહાર્ય છે. તેઓ જ્યાં વિચરે છે ત્યાં એ આઠે વસ્તુઓ હાજર હોય છે. તેથી આ પરિકરમાં તે આઠે વસ્તુઓનો સમાવેશ કરેલ છે.

"Aho Shrutgyanam"

૨ દેવદુન્દુભિ :-છત્રવૃત્તમાં ગાન્ધર્વેન્દ્રો વાદ્ય વગાડતા હોય છે.

૩ દિવ્ય ધ્વનિ :-છત્રવૃત્તના ઉપર મધ્યમાં શંખધ્વનિ કરતા ઇંદ્રદેવ.

૪ ચામર :-પરિકરની બન્ને બાજુ ચામરેન્દ્ર ચામર ઢોળે છે અથવા વાહિકામાં છેડા ઉપર ચામર કલશધારી દેવો હોય છે.

૫ સિંહાસન :- સિંહ ગજયુક્ત ગાદી.

૬ ભામંડલ :-પ્રભુજીના મસ્તક પાછળ તેજપુંજના જેવા મંડળની આકૃતિ.

૭ પુષ્પવૃષ્ટિ :-છત્ર વૃત્તમાં હાથી નીચે બે માલાધરો પુષ્પવૃષ્ટિ કરે છે.

૮ છત્ર :-પ્રભુના મસ્તક ઉપર છત્રાકાર હોય છે. એમ આઠ પ્રાતિહાર્યો પરિકરમાં દર્શાવેલા હોય છે.

विश्वकर्मोवाच—

पूर्वमानं भवेत् कुर्यादर्चा सर्वत्र शोभना ।
यद्वर्णा मूलप्रतिमा परिकरस्त द्वर्णादयः ॥ ३२७ ॥

विवर्णादि महादोषाः जायमानेषु सर्वतः ।
रत्नोद्भवाद्यादेषु मरकत स्फटिकादिषु ॥ ३२८ ॥

न दोषो विवर्णताकीर्णा अर्चा परिकरादिके ।
आसनं च अतो वक्ष्ये भागात् वक्ष्यामि त्वं शृणु ॥ ३२९ ॥


શ્રી વિશ્વકર્મા કહે છે :-પૂર્વે કહેલા માન-પ્રમાણવાળી શોભનીય પ્રતિમા ભરાવી તેના જ વર્ણ (રંગ) ના પાષાણનું પરિકર કરાવવું. પ્રતિમાજી જે વર્ણના હોય તેથી બીજા વર્ણના પાષાણનું પરિકર બનાવવાથી સર્વત્ર મહાદોષનો ભય રહે છે. પરંતુ રત્ન મરકત મણિ કે સ્ફટિકાદિની પ્રતિમાના પરિકરમાં વિવર્ણતા હોય તો તેમાં દોષ નથી.

अर्चार्धोदयकं कार्यं सिंहासनं साद्धांग्रतम् ।
अधः पीठं दिग्भागं च द्वादशांगुलरूपकम् ॥ ३३० ॥

ऊर्ध्वे द्वयांगुलं छाद्यं कर्णिका च वेदांगुला ।
अधो देशे ग्रहाः सर्वे आदित्याद्याश्च कारयेत् ॥ ३३१ ॥


आचरन्ति ग्रहधर्मं सर्वदोष निवारका ।
उदयाश्चाष्ट विंशत्या दैर्ध्यं वे कथ्यतेऽधुना ॥ ३३२ ॥

"Aho Shrutgyanam"



પરિકર વિભાગ દર્શન.

"Aho Shrutgyanam"



જિન પ્રતિમાજી વિભાગ દર્શન.

"Aho Shrutgyanam"

હવે હું આસન-ગાદીના વિભાગ કહું છું તે સાંભળો :-પ્રતિમાની પહોળાઇથી અર્ધભાગે સિંહાસનની ઊંચાઈ કરવી અને પ્રતિમાની પહોળાઈથી સિંહાસનની લંબાઇ દોઢી કરવી. તેની નીચે દસ ભાગનું પીઠ ઊંચું કરવું. તે ઉપર ગજ સિંહાદિ રૂપ બાર ભાગના કરવા, ગજ સિંહાદિ રૂપ ઉપર બે ભાગની છાજલી કરવી અને તે ઉપર ચાર ભાગની કર્ણી કરવી, સિંહાસન નીચેની પાટલીમાં સૂર્ય આદિ નવ ગ્રહોના નાના રૂપો કરવાં. તે પોતાના ધર્મનું આચરણ કરે છે, અને તે સર્વદોષોનો નાશ કરનાર છે, આ પ્રમાણે સિંહાસનનો ઉદય અત્યાવીશ ભાગનો મેં કહ્યો હવે તેની લંબાઇના ભાગ કહું છું.

आदि शक्ति जिनैर्दृष्टा आसने गर्भ संस्थिता ।
सहजा कुलजा ध्याने पद्महस्ता वरप्रदा ॥ ३३३ ॥
अर्कमानं विधात्तव्यमुपांग महितं भवेत् ।
देव्याधोगर्भे मृगयुग्मं धर्मचक्रं सुशोभनम् ॥ ३३४ ॥
दौ गजौ वाम दक्षिणे दशांगुलानि विस्तरे ।
सिंहौ रौद्र महाकायौ जीवत् क्रौधौ च रक्षणे ॥ ३३५ ॥
द्वादशांगुल विस्तारौ कर्त्तव्यौ विकृत्ताननौ ।
केवल ज्ञान मूर्तिनां सर्वेषां पाद सेवकाः ॥ ३३६ ॥
अर्चा वामे यक्षिण्या यक्षो दक्षिणे चतुर्दश ।
स्तंभिका मृणाल युक्तं मकरैर्ग्रास रूपकैः ॥ ३३७ ॥
चतुरशीति विस्तारे उच्छ्रये चाष्ट विंशतिः ।
आसनं कथितं चैव चामर धारावतः शृणु ॥ ३३८ ॥

હવે સિંહાસન ગાદીના વિસ્તારનાં ભાગો કહું છું :-મધ્યમાં આદિ શક્તિ જિન દેવોએ આત્મામાં જોઈ એવી ધ્યાનમાં સ્વાભાવિક બુદ્ધિશાલી, સુલક્ષણ સંપન્ન, હસ્તમાં પદ્મ તથા વરદેવા વાળી (તેના બબ્બે ભાગના બેઉ બાજુના ઉપાંગો સહિત) દેવી બાર ભાગના વિસ્તારમાં કરવા, મધ્યમા આઠ ભાગનું રૂપ કરવું. દેવીની નીચે કર્ણપીઠમાં ગર્ભે સુશોભિત એવું ધર્મચક્ર સહિત મૃગ યુગ્મ કરવું. દેવીની બન્ને બાજુ દસ-દસ ભાગના હાથીના રૂપો કરવા.

તેના પછી રૌદ્ર-મહાકાયાવાળા વિકરાળ મુખવાળા સિંહો બાર-બાર ભાગના કરવા. તેના ક્રોધથી જીવોનું રક્ષણ કરવા પ્રભુએ પોતાની ગાદી નીચે તેને દબાવેલા છે

"Aho Shrutgyanam"

કેવળજ્ઞાન મૂર્તિ એવા પ્રભુના પાદ સેવકો પ્રભુની ડાબી તરફ યક્ષિણી અને જમણી તરફ યક્ષનાં સ્વરૂપો ગાદીના બન્ને છેડા ઉપર ચૌદ-ચૌદ ભાગ વિસ્તારના કરવા. યક્ષ યક્ષિણીની ફરતા બે બાજુ સ્તંભિકાઓ, કમલ જેવા તોરણો, મકર અને ગ્રાસમુખથી શોભતી કરવી. (જિનધર્મમાં ઉદ્યોત કરનાર એવા શાસનદેવ-દેવીઓ કે યક્ષ-યક્ષિણીઓ જે જેના હોય તેનાં સ્વરૂપો કરવા) આ રીતે ગાદીના વિસ્તારના ચોરાશી ભાગ અને ઊંચાઇના અઠ્યાવીશ ભાગના લક્ષણો કહ્યાં. હવે પ્રભુની બાજુના ચામરધારીના લક્ષણો સાંભળો.

चामरधरा (वाहिका)

चामरधरानतो वक्ष्ये चामरेन्द्रा इति स्मृताः ।
पृष्ठपदोद्भवाः कार्या वाहिको भय मध्यतः ॥ ३३९ ॥

प्रतिमा स्कंधमुत्सेधाः कर्त्तव्याश्च सुशोभनाः ।
स्तंभौ मृणाल संयुक्तौ पूर्वादि विरालैर्विदुः ॥ ३४० ॥

उच्छ्रयमेक पंचाशद्विस्तारे द्वाविंशतिः ।
उदयं स्तंभिकाभिश्च तिलक-तोरण-भूषितम् ॥ ३४१ ॥

षडंगुलानि कर्तव्यां विरालि गजचामराः ।
स्तंभिका द्वयांगुले द्वे सूर्यांशे इन्द्रौ विस्तरे ॥ ३४२ ॥

अष्ट भिपट्टि कोर्ध्व मिन्द्रमेक त्रिंशतिः ।
सूर्यांगुलं तोरणाद्यं मृणाल तिलकान्वितम् ॥ ३४३ ॥

मूल नायक स्तन गर्भे दृष्टि मिन्द्रस्य कारयेत् ।
नाना भरण शोभाढ्यं चामरेन्द्रः प्रकथ्यते ॥ ३४४ ॥

હવે ચામરેન્દ્ર નામથી પ્રસિદ્ધ એવા ચામરધરાના લક્ષણ કહું છું. મૂળનાયકની પ્રતિમાની પાછળ બાજુના ભાગમાં પ્રતિમાના બાહુઓના મધ્યે બંને બાજુ વાહિકા સ્થાપન કરવા. તે મૂળનાયકના ખભા બરાબર ઊંચા સુશોભિત કરવાં, તેના (૩૫ની બે બાજુ) સ્તંભિકા ને દંડ સહિત કમળ કરવા અને બાજુમાં વિરાલિકાઓ કરવા.

આ ચામરધરા એકાવન ભાગ ઊંચા કરવા અને બાવીશ ભાગ વિસ્તારમાં કરવા, ઇંદ્રની બે બાજુ બે થાંભલીઓ તોરણો અને તીલકથી શોભતી કરવી. તેને દંડ સહિત કમલ કરવા. તેમાં વિરાલિકાઓ સ્થંભિકાની બે બાજુ કરવી તેની પહોળાઈ પરિકરના

"Aho Shrutgyanam"

બન્ને છેડા ઉપર છ ભાગની, નાસકવાળી ઉભી પટ્ટીકામાં વિરાલિકા હસ્તી અને નાના ચામરધારીનાં રૂપો કરવા, બાર ભાગમાં ઇંદ્રનું રૂપ તેની બન્ને બાજુ બબ્બે ભાગની થાંભલીઓ કરવી.

[આ રીતે વિસ્તાર બે થાંભલી ચાર ભાગ, ઇંદ્ર બાર ભાગ અને છેડા પર ગજ વિરાલિકા છ ભાગની પહોળી નાસક=પટ્ટિકા મળી કુલ બાવીશ ભાગ કરવા.]

હવે ઊંચાઇના ભાગ કહે છે :-નીચે મૂળનાયકની પાટલી જેટલી પટ્ટિકા=આસન આઠ ભાગનું, તે પર એકત્રીસ ભાગ ઊંચો ઇંદ્ર (કેશપર્યંત) તે પર બાર ભાગમાં તોરણાદિ કમલ તિલકથી શોભતા કરવા. (આ રીતે ઊંચાઈ ૮+૧૩+૧૨=૫૧ ભાગ થયા) મૂળનાયક પ્રભુની સ્તનબિંબની બરાબર ઇંદ્રની દૃષ્ટિ સમસૂત્રમાં રાખવી. બાજુમાં ચામરેન્દ્રની પ્રતિમા અનેક આભૂષણોથી શોભતી કરવાનું કહ્યું છે.

प्रह्लादाख्यो वामनस्य चामरधारः सोच्यते ।
दक्षिणे बाहु संस्थाने उपेन्द्रो नाम नामतः ॥ ३४५ ॥
मूलनायक गर्भस्य बाहिकाष्टा दशांगुला ।
बाहु चामर धरयोर्मध्येऽन्तरं द्वयांगुलम् ॥ ३४६ ॥
मूलनायक मसुरगर्भे चामरेन्द्रो भवेत् ।
ईदशं लक्षणं वत्स चामरधारः प्रकथ्यते ॥ ३४७ ॥

પ્રભુના ડાબી બાજુના ચામરધારી ઇંદ્રને પ્રહ્લાદ નામે ઇંદ્ર કહેલ છે અને જમણી બાજુના ઇંદ્રને ઉપેન્દ્ર એવું નામ આપેલ છે.

મૂળનાયક પ્રતિમાના ગર્ભથી બાહુની બહારની કૂરક અઢાર ભાગની હોય છે. તેની અને બાજુના ચામર ધરાતી વચ્ચે બે ભાગનું અંતર રાખવું. (૧૮+૨+૨+૬=૨૮) આમ મૂળનાયકની ગાદીની પાટલીની બેઉ બાજુની કૂરક બરાબર પરિકરનો ચામરેન્દ્રનો ગર્ભ રાખવો. એ રીતે ચામરધરાના લક્ષણ કહ્યાં છે.

॥ इति चामरधरा ॥

शास्त्र भेदे

ચામરાધરાના સ્થાને કાઉસ્સગ્ગની ધ્યાનમાં ઉભેલી પ્રતિમા કરવા કહેલ છે.

अष्टादश च विस्तारे तत्र मध्येऽपि वैशृणु ।
अष्टमि रूर्ध्व संस्थानो मुनिरेकेन त्रिंशतिः ॥ ३४८ ॥
शेषश्च बलणं कार्यं मल्लिका तोरणोत्तमम् ।
विस्तारे स्तंभिकागर्भं मध्यभागे ततः शृणु ॥ ३४९ ॥

"Aho Shrutgyanam"

षडंगुलाश्च कर्त्तव्या विराली गजचामराः ।
स्तम्भिका द्वयङ्गुले द्वे च शेषश्च मुनिविस्तर ॥ ३५० ॥
निर्गमं गर्भ सूत्रेण सर्वालङ्कार संयुतम् ।
दशांगुलं तिलकपञ्च कार्यं द्विस्तम्भिकोपरि ॥ ३५१ ॥
नक्रः षडंगुलः कार्यः क्षोभनश्चतुरंगुलम् ।
माला धराः कृता मध्ये चोपरि गज उत्तमः ॥ ३५२ ॥

પરિકરની પહોળાઇ ભાગ અઢારની કરવી, તેમાં કરવાના સ્વરૂપોના વિભાગો સાંભળો, આઠ ભાગની પહોળી અને બેત્રીશ ભાગની ઊંચી ઉભી રહેલી મુનિની (અર્થાત્ કાઉસ્સગના ધ્યાનમાં ઉભેલી) પ્રતિમા કરવી.

તે પ્રતિમાના ઉપરના શેષ ભાગોમાં તોરણાદિથી સંયુક્ત મેરાપ કરવી અને તે પ્રતિમાની બાજુની બે થાંભલીઓના મધ્ય ભાગમાં કરવી.

ગ્રાસ હસ્તી અને ચામરધારી (ચામર કલશધારી) છ ભાગની પહોળાઈમાં કરવા. પ્રતિમાની બન્ને પડખે બે–બેભાગની બે થાંભલીઓ કરવી તથા બાકી રહેલી પહોળાઇમાં મુનિની પ્રતિમા કરવી.

સર્વ અલંકારો પોત પોતાના પ્રમાણથી અર્ધા ભાગે નીકાળે કરવા અને બે થાંભલીઓ ઉપર તિલકો દશ ભાગના કરવાં.

મગરનું મુખ છ ભાગનું કરવું અને તે ચાર ભાગ નીચું ઉતરતું તથા અંદરની પડખે માલાધર કરવા અને તેના ઉપર હસ્તી કરવો.

॥ इति काउस्सग्ग ॥

छत्रवृत्त—दौला—

दौलाख्यं तोरणं कार्यमनेकाकार संयुत्तम् ।
त्रिरथिकोद्भवं कार्यं छत्रत्रय समन्वितम् ॥ ३५३ ॥
अशोकपत्रादिकार्यं छत्रदण्डः सुशोभितः ।
पृष्ठस्ते कण मण्डनाख्यं मस्तकोर्ध्वं समुद्भवेत् ॥ ३५४ ॥
त्रिपञ्चफणः सुपार्श्वः पार्श्वः सप्तनव स्तथा ।
हीनफणो न कर्त्तव्योऽधिको नैव च दूषयेत् ॥ ३५५ ॥

"Aho Shrutgyanam"

छत्रत्रयं च नासाग्रोत्तारे सर्वोत्तमं भवेत् ।
नासा भालान्तयोर्मध्ये कपोल वेध कृत पुनः ॥ ३५६ ॥

હવે છત્રવૃત્ત જેને દોલાતોરણ કહે છે, તે અનેક આકારવાળું કરવાનું કહ્યું છે, તેના ઉપર ત્રણ રથિકા કરવી. (૧) ગાંધર્વરૂપ પંક્તિ (૨) હંસપંક્તિ (૩) અશોકપત્ર પંક્તિ, મધ્યમાં ઉપરા-ઉપર ત્રણ છત્ર અને અશોકપત્રાદિને કમલદંડથી શોભતું કરવું, પ્રભુનો પાછલો ભાગ મસ્તક પર ફણાથી શોભતો કરવો, સુપાર્શ્વનાથજીને ત્રણ કે પાંચ ફણા અને પાર્શ્વનાથજીને સાત કે નવ ફણાવાળા સર્પની આકૃતિ કરવી. તેનાછી ઓછી ફણા નહિ કરવી. પાર્શ્વનાથજીને અધિક ફણા થાય તો દોષ નથી.

ત્રણ છત્રોમાં નીચલા આગળ પડતા છત્ર અને પ્રભુના નાકનો અગ્ર ભાગ સમ-સૂત્રમાં (અવલંબે) રાખવા તે ઉત્તમ જાણવું, નાક અને કપાળના મધ્ય ભાગમાં આડી રેખાથી કપોલ વેધ જાણવા.

चतुरशीत्यंगुलं दीर्घमुदयैक षड्चाशदंगुलम् ।
घण्टा स्तस्योर्ध्वे कर्त्तव्या सर्वलक्षण संयुता ॥ ३५७ ॥
भामंण्डलं ततो मध्ये तिलकं वाम दक्षिणे ।
चतुर्दशाङ्गुलं प्रोक्त तिलकं विस्तृतं भवेत् ॥ ३५८ ॥
उदये षोडशं प्रोक्तं तिलके तत्र रूपकम् ।
उपरे छाद्यकी ज्ञेया घण्टा कलश भूषिता ॥ ३५९ ॥
नासिके स्तभिकाद्वौ च मयुरंवामदक्षिणे ।
बाह्ये मकराणां मुखाः गान्धर्वा रत्नशेखराः ॥ ३६० ॥
वीणा वंशधराः प्रोक्ता मध्य स्थाने इति स्मृत्ताः ।
वसंत राजमालाधर स्तिलक वामदक्षिणे ॥ ३६१ ॥
अनुगो परिजातश्च दशांगुल प्रमाणतः ।
भूर्लोको भुवर्लोकेशो चाग्रे छत्रं द्वित्तीयकम् ॥ ३६२ ॥
तृतीय लिङ्गमाकारम् ग्रहा देवाश्चतुर्थकम् ।
दोला कनकदण्डं च छत्रवृत्तं विशाङ्गुलम् ॥ ३६३ ॥
झलरी मणि मौक्तिक स्योर्ध्वे कलश शोभित्तम् ।

"Aho Shrutgyanam"

દ્વૌલા–છત્રવૃત્ત ચોરાશી ભાગ વિસ્તારમાં અને એકાવન ભાગ ઊંચાઈ કરવો. પરંતુ તે ઉપર વિશેષમાં મધ્યગર્ભે ઘંટાકલશ સર્વ લક્ષણ યુક્ત કરવા. (તે એકાવન ભાગથી વિશેષ જાણવા.) પાર્શ્વ–સુપાર્શ્વનાથજી સર્પ તથા બીજા સર્વ પ્રભુજીને પાછળ ભામંડલની આકૃતિ કરવી. તેની ડાબી જમણી તરફ ચામરેન્દ્ર મધ્ય ગર્ભ ઉપર રૂપ યુક્ત તિલક ચૌદ ભાગ પહોળા અને સોળ ભાગ ઊંચાઈમાં કરવા. (તેના ઉદયમાં મધ્ય ભાગે અકેક રૂપ કરવું) તેના ઉપર છાજલી કહી છે, તેના ઉપર ઉદ્ગમ ઘંટા કલશથી શોભતું કરવું. તેની નીચે વીણાધરના રૂપની બે બાજુ નાસિકાઓમાં બબ્બે સ્તંભિકાઓ કરવી. તે પર ડાબી જમણી તરફ મયૂર કરવા. બહારના ભાગમાં મુખ ફાડતા મકરો કરવા. ગાંધર્વ અને બીજા રત્નમુકુટધારી રૂપો કરવા. વીણા વાંસળી બજાવનારાના સ્વરૂપો દેવ–તિલકનાં મધ્યમાં ગવાક્ષમાં કરવા.

વંશીધરના તિલકથી ડાબી જમણી તરફ (પ્રભુના મુખ પાસે) વસંતરાજ એવા માલાધરાના સ્વરૂપો તેના અનુચર રૂપે વારિજાતાદિ વેલપત્રો સાથે કરવા. તે દસ ભાગ વિસ્તારમાં કરવા. પ્રભુ પરનું છત્ર બ્રહ્માંડના ભૂલોકનું પ્રથમ છત્ર તેની ઉપર ભૂવલોકેશનું બીજુ છત્ર કરવું. ત્રીજુ લિંગાકાર અને ચોથું છત્ર ગ્રહદેવરૂપ જાણવું. સુવર્ણદંડ ઉપરના છત્રની ગોળાઇ વીસ ભાગ વિસ્તારમાં રાખવી. છત્રની નીચેની ઝાલર મણિ મોતીમય જેવી કરવી. ઉપર દેદીપ્યમાન એવો કલશ કરવો (છત્રવટાની ગલતાકાર ઢંકધારાની ઊંચાઇ દસ ભાગ કહી છે.)

शास्त्र भेदे

कायस्वर्गे यदा छत्र मूर्ध्वे च प्रतिमासनम् ।
सर्व परिकर स्याग्रे निर्गमं सार्ध मङ्गुलम् ॥ ३६४ ॥

કાઉસ્સગ્ગની પ્રતિમાના મસ્તક ઉપર છત્ર કરવું તથા તેના ઉપર પ્રતિમા બેસાડવાનો ગોખલો કરવો અને તે સર્વે પરિકરથી દોઢ ભાગ નીકળતું કરવું.

ऐरावत द्वयौ श्रेष्ठो उभयौ वाम दक्षिणे ।
कलश पल्लवैर्युक्ता विच्छापत्रं च कारयेत् ॥ ३६५ ॥
हिरण्येन्द्र द्वयौ कार्यौ पुष्पांजलि कलशान्वितौ ।
छत्रवृत्त गान्धर्वेद्राः शङ्खपूर्ण महोद्भवाः ॥ ३६६ ॥
कुर्वंति मङ्गलं सर्व दुन्दुभि शंख पालिका ।
जन्मोत्सवं च कुर्वन्ति पर्वत मेरौ वासवाः ॥ ३६७ ॥
छत्रचामर शङ्खनादैर्हरिण गमिषैर्विंदुः ॥ ३६८ ॥

"Aho Shrutgyanam"

માલાધર ઉપર શ્રેષ્ઠ એવા ઐરાવત હાથીના સ્વરૂપ ડાબી જમણી બન્ને બાજુ કરવા. તેને સૂંઢમા કલશપત્રોથી આચ્છાદિત કરેલ કરવા. હાથી નીચેની પાટલી નીચે પત્રાદિ કરવા. હાથીની પીઠ ઉપર હિરણ્યેન્દ્રો હાથમાં પુષ્પાંજલી અને કલશ ધારણ કરેલ કરવા. છત્રવૃત્તમાં છત્રવટા પર પહેલી પંક્તિમાં વાજિંત્ર સાથે નૃત્ય કરતા ગાન્ધર્વાદિ સ્વરૂપો કરવા. છત્રવટા ઉપર તેના મધ્યમાં શંખ બજાવતો દેવેન્દ્ર અને તેની બન્ને બાજુ નૃત્ય કરતા ભેરી બજાવતાં રૂપો અને ડમરૂં આદિ વાજિંત્રવાળા દેવદુંદુભિ અને શંખપાલના સ્વરૂપો આનંદ મંગલ કરતા કરવા.

પ્રભુનો શુભ જન્મોત્સવ મેરૂ પર્વત પર ઉજવાય છે. તેમ અહિં છત્રવૃત્તમાં છત્ર, ચામર, શંખનાદ આદિ હરિણુગમેષિઓ પ્રભુનો ઉત્સવ કરી રહ્યા હોય તેમ કોતરવા.

मामंडलं ततः कार्यं छत्राद्यश्च द्वात्रिंशतिः ।
चतुर्विंशोद्‌यो कार्यं ततो मृणालदंडकम् ॥ ३६९ ॥
छत्र दशाङ्गुलं प्रोक्तं द्वितीयं वसु अङ्गुलम् ।
षडङ्गुलं तृतीयं च चतुर्थं च वेदाङ्गुलम् ॥ ३७० ॥
मूलनायक मस्तकोर्ध्वं वृत्तं कुर्यात् त्रयं तथा ।
वृत्तं चतुश्चत्वारिंशत् चतुःषष्ठ्यंतकं तथा ॥ ३७१ ॥
एवं रथिकात्रयं कार्यं वृत्ताकारं भवेत्त तः ।
दिव्य देहधराः सर्वे जिनेन्द्र भक्ति वत्सलाः ॥ ३७२ ॥
वादित्रैश्च समुत्पन्ना धारयन्ति च मालिकाम् ।
दौला मस्तके कलशमुमये हंस रूपकम् ॥ ३७३ ॥
गजशुंडा सुशोभाढ्या अशोक पल्लवाकृत्तिम् ।
एतद् दौल लक्षणं च प्रकर्तव्यं सुशिल्पिभिः ॥ ३७४ ॥
पक्षे चामर धारिणः स्थाने कायोत्सर्गः कृतः ।
वीणा वंशधरस्थाने आसनास्था च प्रतिमा ॥ ३७५ ॥
सहमूल नायकेन षड्‌चतीर्थं स्वरूपकम् ।
स्तने कायोत्सर्ग दृष्टिः चोर्ध्वं मूर्त्या समांशके ॥ ३७६ ॥

પ્રભુના મસ્તક પાછળ છત્રની નીચે તેજપુંજ જેવી ભામંડલીની આકૃતિ બાવીશ ભાગમાં (ગર્ભથી) પહોળી અને ચોવીશ ભાગ ઊંચી કરવી. અને માલાધરની આગળ ધારે વૃત્ત કમલદંડ કરવો, (પ્રતિમાના કાનથી આ છત્ર દંડ બે ભાગ અંતર રાખી કરવું) ત્રણ છત્રોમાં પહેલું ગર્ભથી દસ ભાગ, બીજું ગર્ભથી આઠ ભાગ, ત્રીજું ગર્ભથી છ ભાગ અને ચોથું ચાર ભાગનું કરવું, મૂળનાયકના મસ્તક ઉપરથી રથિકાના

"Aho Shrutgyanam"

ત્રણ ગોળ વૃત્ત ફેરવવા. પહેલું ચુમ્માલીશ ભાગના પરિધથી અને ત્રીજું ચોસઠ ભાગના પરિધ સુધીમાં ગાંધર્વ પંક્તિનું, હંસ પંક્તિનું અને ત્રીજુ અશોક પત્રનું એમ ત્રણ વૃત્ત ફેરવવા.

પરિકરમાં દિવ્યદેહ ધારણ કરનારા દેવો, જિનેન્દ્ર ભક્તિમાં પ્રીતિવત્સલ, દેવ-ગાંધર્વો, વીણા, શંખાદિ વાજિંત્રો બજાવનાર અને હંમેશા પુષ્પમાલાઓ સહિત શોભતા કરવા, છત્રવૃત્ત–દોલાના મથાળે મધ્યમાં કલશ અને બે બાજુ હંસ અને મોરના રૂપો કરવા.

(તે કહેલા ૫૧ ભાગ ઉપરાંત આઠ ભાગમાં કરવા) હાથીઓ સૂંઢોથી શોભતા કરવા અને ઉપર અશોક પત્રની આકૃતિ કરવી. એ રીતે દોલા છત્રવૃત્તના લક્ષણ જાણવા. અને કુશલ શિલ્પીએ તે પ્રમાણે પરિકરની રચના મેળવીને કરવી, પંચ તીર્થરૂપ પરિકર કરવાને બાજુના ચામરેન્દ્રના સ્થાને કાઉસ્સગ્ગની મૂર્તિ બનાવવી અને તે ઉપર વીણા વંશધારીના સ્થાને નાની આસનસ્થ જિન પ્રતિમા ગવાક્ષમાં કરવી. ત્યારે મૂલ-નાયક સહિત પંચતીર્થ સ્વરૂપ પરિકર બને છે. તેમાં કાઉસ્સગ્ગની દૃષ્ટિ મૂલનાયકની સ્તનબિંબી પ્રમાણે રાખવી અને ઉપરના ગવાક્ષના પ્રભુની દૃષ્ટિ મૂલનાયકની દૃષ્ટિ સાથે સમસૂત્ર રાખવી. (આ ચારે મૂર્તિ પર છત્રો કરવાં.)

प्रतिमा परिकरहीना सिद्धावस्था तदुच्यते ।
परिकर सहिता तथार्हत बिम्बे प्रपूजयेत् ॥ ३७७ ॥

પરિકર સિવાયના પ્રતિમાજી સિદ્ધ ભગવંત કહેવાય અને પરિકર સહિતના પ્રતિ-માજી અર્હંત્ પ્રભુ જાણવા. (મૂલનાયકને અવશ્ય પરિકર કરવું જ કારણ કે તેમાં અર્હંત્ પ્રભુની વિભૂતિ દર્શક અષ્ટ પ્રાતિહાર્ય દર્શાવેલા હોય છે.

ગાદી વિસ્તાર ગર્ભાર્ધ ૬ ભાગ, દેવી ૧૦ ભાગ, હાથી ૧૨ ભાગ, સિંહ ૧૪ ભાગ યક્ષ-યક્ષિણી કુલ ૪૨+૪૨ = ૮૪ કુલ વિસ્તાર ૮૪ ભાગ. પ્રતિમાજીથી દોઢી, ૫૬ ભાગ પલાંઠીએ પ્રતિમા ૫૬+ ૨૮ = ૮૪ ભાગ થયા.

ઉદય પ્રતિમાજીથી અર્ધભાગ એટલે ૨૮ ભાગ પટ્ટી સહિત કણપીઠ ભાગ ૧૦, સિંહ હસ્તી ૧૨ ભાગ, ૬ ભાગ ઉપરની છાજલી=કુલ ૨૮ ભાગ.

પરિકર વિસ્તાર	પરિકર ઉદય
૬ ગર્ભાર્ધ દેવી	૨૮ ગાદી
૧૦ હસ્તી	૭૦ પ્રતિમા
૧૨ સિંહ	૩ પ્રતિમા માથે અંતર
૧૪ યક્ષ યક્ષિણી	૧૦ છત્ર ઉદય
	૯ શંખપાલ
૪૨	૫ હંસ પંક્તિ
+૪૨	૫ અશોક પત્ર
૮૪ ભાગ કુલ વિસ્તાર	૧૩૦

"Aho Shrutgyanam"

ઉર્ધ્વસ્થિત પ્રતિમા પરિકર

छत्रत्रयं जिनस्योर्ध्वं रथिकाभिस्त्रिभिर्युतम् ।
अशोकद्रुमपत्रैश्च देवदुन्दुभि वादिभिः ॥ ३७८ ॥

मसुरी सिंहासनस्य गजसिंह विभूषितः ।
मध्ये च धर्मचक्रं च पार्श्वयोर्यक्षयक्षिणीम् ॥ ३७९ ॥

ઉભી જિન પ્રતિમાના મસ્તક ઉપર ત્રણ છત્ર અને ત્રણ રથિકા, એક અશોક પત્રો અને દેવ દુન્દુભિ વાજિંત્ર બજાવતા દેવ ગાંધર્વો (હંસપંક્તિ ત્રિરથિકા) વડે અલંકૃત કરવું, સિંહાસનની પાટલી હાથી અને સિંહોથી વિભૂષિત કરવી. મધ્ય ગર્ભે ધર્મચક્ર અને બન્ને છેડા પર યક્ષ-યક્ષિણીના સ્વરૂપો કરવાં.

॥ इति उर्ध्वस्थित प्रतिमा परिकर ॥

रथिका संयुक्त जीरण लक्षण

जीरणं पञ्चधा प्रोक्तं रथिकार्चा च देवता ।
ललितं चलिकाकारं त्रिरथवलिकोदरम् ॥ ३८० ॥

श्री पूज्यं पञ्चरथिकं सप्त वा नन्दवर्धनम् ।
रथिको भय पक्षे तु मकरा विकृताननाः ।
इति काल वर्णेयुक्तं कर्तव्यं रथिकान्तरम् ॥ ३८१ ॥

પરિકર સમાન અન્ય દેવોને પણ આજુબાજુએ અને ઉપર શોભાનું વર્તુલ વિષે :-

જીરણ એટલે શોભાનું વર્તુલ, વર્તુલ પાંચ પ્રકારનું કહેલું છે. અને તે જીરણની રથિકાઓના મધ્ય ભાગે પ્રતિમા સ્થાપવી. ત્રણ રથિકાઓથી યુક્ત અને જેનું ઉદર અર્ધ વર્તુલાકારે વળેલું હોય તેમજ છત્રના આકારવાળું હોય તે **લલિત** નામનું જીરણ કહેવાય.

પાંચ રથિકાનું જીરણ **શ્રીપૂજ્ય** નામે અને સાત રથિકાઓથી સંયુક્ત જીરણ **આનંદવર્ધન** નામે જાણવું, રથિકાઓના બન્ને પડખે વિરૂપ મોઢાના મગરો કરવા. આ પ્રમાણેના આલવણ (બાજુના સુંદર ઘેરાવાથી યુક્ત પ્રતિમાની પડખે રહેલી રથિકાઓના અન્તર ભાગ) કરવા.

रथिकायां भवेद्ब्रह्मा विष्णुरीशश्च चंडिका ।
जिनो गौरी गणेशश्च स्वे स्वे स्थाने सुखावहा ॥ ३८२ ॥

"Aho Shrutgyanam"

ઉપર પ્રમાણે બનાવેલી રથિકા (રથના સમાન દેવતાને બેસવા માટે બનાવેલો અર્ધચંદ્રાકારનો એક પ્રકારનો રથ)માં બ્રહ્મા, વિષ્ણુ, શિવ, ચંડિકા, જિન, ગૌરી અને ગણેશની સ્થાપના કરવી. એ દેવો પોતપોતાના સ્થાનમાં સ્થિત થયે સુખને આપનાર છે.

परिकर विषे शिव पार्वती संवाद –

सुमेरु शिखरं दृष्ट्वा गौरि पृच्छति शंकरम् ।
कोऽयं पर्वत इत्येषः कस्येदं मंदिरं प्रभो ॥ ३८३ ॥

कोऽयं मध्येपुनर्देवः पादान्ता काच नायिका ।
किमिदं चक्र मित्यत्र तदन्ते को मृगो मृगी ॥ ३८४ ॥

केवा सिंह गजाःकेवा के चाऽमी पुरुषानव ।
यक्षो वा यक्षिणी केयं केवा चामर धारकाः ॥ ३८५ ॥

के वा मालाधरा एते गजारूढाश्च के नराः ।
एता वपि महादेव ? कौ वीणा वंश वादकौ ॥ ३८६ ॥

दुन्दुभिर्वादिकाः को वा को वाऽयं शंख वादकः ।
छत्र त्रय मिदं किंवा किंवा भामण्डलं प्रभो ॥ ३८७ ॥

એક સમય ભગવતી પાર્વતી સુમેરૂ પર્વતનું સુંદર શિખર જોઈ શંકરને પૂછે છે. હે પ્રભો આ પર્વત કયો છે ? અને શિખર ઉપર કયા દેવનું મંદિર છે ? તેમાં કયા દેવ બિરાજે છે ? તેમની ગાદીના પગ તળે કઈ દેવી છે ? આ ચક્ર દેખાય છે તે શું છે ? અને હરણ હરણી શું છે ? ગાદીમાં સિંહ તથા હાથી અને નીચે નવ પુરુષ રૂપ કોણ છે ? આ યક્ષ યક્ષિણી અને ચામરધારક કોણ છે ? આ માલાધારણ કરેલ કોણ છે ? અને હાથી પર સ્વાર થયેલ પુરુષ કોણ છે ? તથા વિણા અને બંસરી વગાડવાવાળા બે પુરુષો કોણ વ્યક્તિ છે ? કૃપા કરી સર્વનો ભેદ મને કહો. હે સ્વામિન્ ! એ પૂર્વોક્ત દેવતા પાસે સુંદર દુંદુભિ વાજિત્ર વગાડવાવાળા તથા શંખ વગાડનાર કોણ છે ? એ ત્રણ છત્ર શું છે ? તથા પ્રકાશમાન ભામંડલ શું છે ? મને આશ્ચર્ય થાય છે કે આ મંદિર કયા દેવનું છે ?

"Aho Shrutgyanam"

ईश्वर उवाच

शृणु देवि ! महागौरि यत्वया प्रश्न मुत्तमम् ।
काऽयं पर्वतमित्येष कस्येदं मन्दिरं प्रभो ॥ ३८८ ॥
पर्वतो मेरू रित्येषः स्वर्ण रत्न विभूषितः ।
सर्वज्ञ मन्दिरं चैतद्–रत्न तोरण मण्डितम् ॥ ३८९ ॥
अयं मध्ये पुनः साक्षात् सर्वज्ञो जगदीश्वरः ।
त्रयस्त्रिंशत्कोटि संख्या यं सेवन्ते सुरा अपि ॥ ३९० ॥
इन्द्रियैर्नजितो नित्यम् केवल ज्ञान निर्मलः ।
पारंगतो भवाम्भोधेर्यो लोकान्ते वसत्यलम् ॥ ३९१ ॥
अनन्त रूपो यस्तत्र कषायैः परिवर्जितः ।
यस्य चित्ते कृतस्थाना दोषा अष्टादशाऽपिन ॥ ३९२ ॥
लिंग रूपेण यस्तत्र पुं रूपेणाऽत्र वर्तते ।
राग द्वेष व्यक्तिक्रान्तः सएषः परमेश्वरः ॥ ३९३ ॥

ભગવતી ઉમાનો આ પ્રશ્ન સાંભળી શંકર કહે છે :–

હે દેવી ! તમે ઉત્તમ પ્રશ્ન પૂછ્યો છે. હું ઉત્તર આપું છું તે એકાગ્ર ચિત્તથી સાંભળો.

હે દેવી ! આ પર્વત સુવર્ણ અને રત્નાદ્રિકથી શોભતો એવો સુમેરૂ પર્વત છે. તેના ઉપર ભગવાન સર્વજ્ઞદેવનું રત્ન રચિત તોરણ મંડિત વિશાલ અને મનોહર મંદિર છે. તે મંદિરમાં તેત્રીસ કરોડ દેવતાઓ જેનું સેવન કરે છે, સર્વ શક્તિમાન પ્રત્યક્ષ ભગવાન સર્વજ્ઞદેવની મૂર્તિ પ્રતિષ્ઠાપિત છે. જેની દેવતાઓના અધિપતિ ઇન્દ્રાદિ સેવા કરે છે. એ સર્વજ્ઞદેવ સદા ઇંદ્રિયોને જીતવાવાળા કેવળજ્ઞાન સર્વદા સંપન્ન છે. એ પોતાના અલૌકિક સામર્થ્યથી સંસાર સાગરને પાર કરી જન કલ્યાણાર્થે આ ભૂમંડલમાં મૂર્તિમાન સદેવ બિરાજમાન રહે છે. એ સર્વજ્ઞ ભગવાન અનંત રૂપવાળા છે. અનેક કષાયોથી રહિત છે. અઢાર દોષોથી રહિત જે લિંગ રૂપ છે. તે પુરુષ રાગ દ્વેષને છોડનારા આ સાક્ષાત્ પરમેશ્વર છે.

आदि शक्तिर्जिनेन्द्रस्य आसने गर्भ संस्थिता ।
सहजा कुलजा ध्याने पद्म हस्ता वरप्रदा ॥ ३९४ ॥
धर्म चक्र मिदं देवि धर्म मार्ग प्रवर्त्तकम् ।
सत्वं नाम मृगस्सोऽयं मृगी च करूणा मता ॥ ३९५ ॥

"Aho Shrutgyanam"

अष्टौ च दिग्गजाएते गज सिंह स्वरूपतः ।
आदित्याद्याः ग्रहाएते नवैव पुरुषा स्मृता ॥ ३९६ ॥
यक्षोऽयं गोमुखो नाम आदि नाथस्य सेवक ।
थक्षिणी रूचिराकारा नाम्ना चक्रेश्वरी मता ॥ ३९७ ॥
इन्द्रोपेन्द्रा स्वयं भर्त्तुर्जाताश्चामर धारकाः ।
पारिजातो वसन्तश्च मालाधर तथा स्थित ॥ ३९८ ॥

શ્રી સર્વજ્ઞદેવના આસનના મધ્યમાં અધિષ્ઠાયિક દેવની આદિ શક્તિ છે એ ધ્યાનમાં સ્વાભાવિક બુદ્ધિવાળી સુલક્ષણુસંપન્ન હાથેામાં પદ્મકમલ ધારણ કરવાવાળી ભક્તોને વરદાન દેવાવાળી શાસન અધિષ્ઠાયિકા દેવી છે, ભગવાનની નીચે ધર્મમાર્ગ પ્રવર્તક ધર્મચક્ર છે. તેની પડખે સત્વ નામનેા મૃગ અને કરૂણા નામની મૃગી છે. હાથી અને સિંહ આઠે દિશાના દિગ્ગજ છે. નીચે પાટલીમાં આદિત્યાદિ નવગ્રહેા છે. સદૈવ સેવા કરી પેાતાના જીવનને પવિત્ર બનાવે છે. આ યક્ષ ગેામુખ નામનેા શ્રી આદિનાથનેા સેવક છે તથા સુંદર સ્વરૂપવાળી ચક્રેશ્વરી શાસનની સેવીકા છે. ઇંદ્ર અને ઉપેન્દ્ર એ સ્વયં ભગવાનના સેવક બની ચામર ઢોળે છે. માલાધારક સાક્ષાત્ કલ્પવૃક્ષ અને બીજા ઋતુરાજ વસંત છે તે સર્વજ્ઞદેવને માલા અર્પણ કરી રહેલ છે. ૩૮૮ થી ૩૯૨.

अन्येऽपि ऋतुराजाये तेऽपिमाला धराः प्रभोः ।
अष्टेन्द्र गज मारूढाः कराग्रे कुंभ धारिणः ॥ ३९९ ॥
स्नात्रं कर्त्तुं समायाताः सर्व संताप नाशनम् ।
कर्प्पूर कुंकुमादोनां धारयंतो जलं बहू ॥ ४०० ॥
यथा लक्ष्मी समाक्रान्तम् याचमानौ निजंपदम् ।
तथा मुक्ति पदं कान्तमनन्त सुख कारणम् ॥ ४०१ ॥
हू हू तुंबरु नामानौ तौ वीणा वंश वादकौ ।
अनन्त गुण संघातं गायतो जगतां प्रभोः ॥ ४०२ ॥
वाद्यमेकोन पञ्चाशद् भेद भिन्न मनकधा ।
चतुर्विधा अमीदेवाः वादयंति स्व भक्तितः ॥ ४०३ ॥

બીજી અન્ય ઋતુઓ અતિરિક્ત અન્ય ઋતુઓ પણ ભગવાન સર્વજ્ઞની સેવામાં પુષ્પ માલા લઈ ખડી છે. તથા અન્ય દેવતા ઇંદ્રે ત્યાગેલ ઐરાવત હાથી પર ચઢી

"Aho Shrutgyanam"

હાથમાં જલ ભરેલ કુંભ લઈ કર્પૂર, કેસર આદિ સુવાસિત અપરિમિત જલને ધારણ કરી, ભગવાન સર્વજ્ઞની પાસે સંતાપોના નાશ કરવાવાળા સ્નાત્ર સમારંભ કરવા આવેલ છે અને સર્વજ્ઞ દેવના સ્નાત્ર કરી પોતાના કર્મ મલને ધોઈ નાખે છે, એ હૂ હૂ અને તુંબરૂ બેઉ ગંધર્વ જાતિના દેવતા લક્ષ્મી સમાધિષ્ઠિત સ્વસ્થાનની યાચના કરે છે, એ પ્રકાર અનન્ત સુખના હેતુભૂત અક્ષય મુક્તિ પદ ચાહતા વીણા, બંસરી બજાવી ત્રિજગતના માલિક સર્વજ્ઞદેવને અનન્ત ગુણોના સમૂહ સુમધુર સ્વરરે ગાય છે, ઈન્દ્રાદિ અન્ય દેવ દેવીઓ સર્વજ્ઞની ભક્તિમાં સ્થિર ચિત્ત કરી જાય છે. આ ચાર તરેહના દેવો ભક્તિથી એ પચાસ તરેહના વાજિંત્રો અનેક પ્રકારે બજાવે છે. એ પ્રકારે સર્વજ્ઞદેવની પ્રીતિ સંપાદન કરી રહેલ છે. એ ભક્તિ સો જન્મ મરણને મીટાવી અક્ષયપદ દેવાવાળી છે.

सोऽयंदेवो महादेवि दैत्यारिः शङ्ख वादकः ।
नानारूपाणि विभ्राण एकैकोऽपि सुरेश्वरः ॥ ४०४ ॥

जगत् त्रयाधिपत्यस्य हेतुच्छत्र त्रयं प्रभोः ।
अमी च द्वादशादित्याः जाताः भामण्डलं प्रभो ॥ ४०५ ॥

पृष्ठलग्ना अमी देवाः याचते मोक्ष मुत्तमम् ।
एवं सर्व गुणो पेता सर्व सिद्धि प्रदायकः ॥ ४०६ ॥

एष एव महादेवि सर्वदेव नमस्कृतः ।
गोप्पादु गोप्यतरः श्रेष्ठो व्यक्ता व्यक्त तया स्थितः ॥ ४०७ ॥

आदित्यद्याः भ्रमन्त्येत यंम्मस्कर्त्तुमुद्यताः ।
कालो दिवसरात्रिभ्यो यस्य सेवा विधायक ॥ ४०८ ॥

હે મહાદેવી! આ શંખ બજાવનાર છે, તે દૈત્યોને શિક્ષા કરનાર દેવ છે. એ એક હોવાથી પણ અનેક રૂપ ધારણ કરનાર સુરેશ્વર સદેશ છે તે અનેક પ્રકારે વૈક્રિય રૂપ બની સર્વજ્ઞ ઉપર ત્રણ છત્ર, ત્રણે જગતના પ્રભુત્વરૂપ ચિહ્ન છે, તથા બાર સૂર્યાદિ આવી ભગવાનનું ભામંડલ પ્રકાશિત કરે છે, ત્રણે જગતમાં પરમપદ દેવાવાળા એક જ સર્વજ્ઞ દેવ છે. ભગવાનની પાછળ ઉભા રહેલા દેવો ઉત્તમ મોક્ષની યાચના કરે છે. તથા એ પ્રકાર સંપૂર્ણ ગુણોથી યુક્ત સમગ્ર સિદ્ધિઓ દેવાવાળા સંપૂર્ણ દેવતાઓએ નમસ્કાર કરેલ અતિ ગોપનીય સર્વશ્રેષ્ઠ તથા વ્યક્ત (પ્રગટ) અને અવ્યક્ત (અપ્રગટ)

"Aho Shrutgyanam"

સર્વજ્ઞદેવ વિશ્વના આધારરૂપ છે. એ દેવની ઉપાસના કરવાથી મુક્તિ પ્રાપ્ત થઈ શકે છે; એ આદિત્ય આદિ નવગ્રહો પ્રભુને નમસ્કાર કરે છે. અને પ્રભુને પરિત ભ્રમણ પ્રદક્ષિણા કરે છે, તથા સ્વયં કાલ દેવો પણ દિન અને રાત આ દેવની સેવા કરે છે.

वर्षा कालोष्ण कालादि शीत कालादि वेशभृत् ।
यत् पूजार्थं कृता धात्रा आकारा मलयादयः ॥ ४०९ ॥

काश्मीरे कुङ्कुमं देवि यत्पूजार्थं विनिर्मितम् ।
रोहणे सर्व रत्नानि यद् भूषणकृते व्यधात ॥ ४१० ॥

रत्नाकरोऽपि रत्नानि यत्पूजार्थञ्च धारयेत ।
तारकाः कुसुमायंते भ्रमंतो यस्य सर्वत्रः ॥ ४११ ॥

एवं सामर्थ्य मस्यैव नाऽपरस्य प्रकीर्त्तितम् ।
अनेन सर्व कार्याणि सिध्यन्ती व्यवधारय ॥ ४१२ ॥

परात्पर मिदंरूपं ध्येयाद्धयेय मिदं परम् ।
अस्य प्रेरक्ता दृष्टा चराचर जगत्त्रये ॥ ५१३ ॥

અહીં કાલ વર્ષા, ગરમી અને શીતનું રૂપ ધારણ કરી ભગવાનની સેવા કરે છે, કુદરતે તેમની સેવા માટે મલયાચલ આદિ પર્વત બનાવ્યા, મલયાચલ આદિ પર્વતોમાંથી ઉત્તમોત્તમ પદાર્થો આદિથી પૂજા કરવા યોગ્ય સર્વજ્ઞદેવ છે.

હે દેવી ! વિધાતાએ ભગવાનની પૂજા માટે કાશ્મીર દેશમાં કેસર બનાવ્યું. ભગવાનની આભૂષણ પૂજા માટે રોહણાચલ આદિ પહાડોમાં રત્ન ઉત્પન્ન કર્યા, અર્થાત્ સર્વજ્ઞ દેવ કેસર અને રત્નોથી પૂજા કરવા યોગય છે, સર્વજ્ઞ ભગવાનની પૂજા માટે રત્નાકર રત્નોને ધારણ કરે છે, તથા રાતમાં ભ્રમણ કરતા તારાઓ આકાશમાં ચમકે છે, ચારે બાજુ ભ્રમણ કરે એટલે પુષ્પો સમાન દેખાય છે, એ પ્રકારે આ અલૌકિક સામર્થ્ય કેવલ સર્વજ્ઞદેવનું છે. એ પ્રભુ દ્વારા સર્વ કાર્ય સિદ્ધ થાય છે. એ તું નિશ્ચય માન. સર્વજ્ઞ દેવના નામ અને મૂર્તિમાં ચમત્કાર રહેલ છે, સંસારના સર્વરૂપોમાં કેવલ સર્વજ્ઞદેવનું રૂપ સર્વોત્તમ છે. અને ધ્યાન કરવા યોગ્ય પદાર્થોમાં એ પ્રભુ ધ્યાન કરવા યોગ્ય છે. મેં તો સ્થાવર જંગમાત્મક આ ત્રણે લોકમાં કેવલ સર્વજ્ઞદેવની પ્રેરકતા દેખી છે.

दिक्पालेष्वपि सर्वेषु ग्रहेषु निखिलेष्वपि ।
ख्यातस्सर्वेषु देवेषु इन्द्रोपेन्द्रेषु सर्वदा ॥ ४१४ ॥

"Aho Shrutgyanam"

इति श्रुत्वा शिवाद्गौरी पूजयामास सादरम् ।
स्मरंती लिङ्ग रूपेण लोकान्ते वासिनं जिनम् ॥ ४१५ ॥

ब्रह्मा विष्णु स्तथा शक्रो लोकपालादि देवताः ।
जिनार्चन रता एते मानुषेषु च का कथा ॥ ४१६ ॥

जानु द्वये शिरश्चैव यस्यधृष्ठे नमस्यतः ।
जिनस्य पुरतो देविः स याति परमं पदम् ॥ ४१७ ॥

હે શિવ! સંપૂર્ણ દિક્પાલોમાં અખિલ ગ્રહમંડલ સમગ્ર દેવતાઓ ઇન્દ્ર ઉપેન્દ્રો આદિ સર્વદા કેવલ એ સર્વજ્ઞદેવની પૂજા કરે છે એના બરાબર ત્રણ લોકમાં કોઇ દેવ નથી. આ પ્રમાણે ભગવાન શિવની પાસેથી સર્વજ્ઞદેવનું સ્વરૂપ સુણી શિવપ્રિયા ગૌરી સંસારમાં રહેલ જીવોના કલ્યાણ કરવાવાળા ભગવાન જિનને યાદ કરતી આદર સહિત પૂજા કરવા લાગ્યા.

બ્રહ્મા, વિષ્ણુ, ઇન્દ્ર અને લોકપાલાદિ સર્વ દેવતાઓ ભગવાન જિનની પૂજા કરે છે. તો મનુષ્યોના માટે તો શું કહેવું.? અર્થાત્ મનુષ્યોએ જિનપૂજા અવશ્ય કરવી જોઇએ.

હે કલ્યાણી! જે દેવ, દેવેન્દ્ર અને નર નરેન્દ્ર પુરુષોના મસ્તક બંન્ને ઘુંટણો સર્વજ્ઞદેવને નમસ્કાર કરી ઘસાઈ ગયા છે, એ ભક્તિના કારણે પરમ પદને પ્રાપ્ત કરે છે. અવશ્ય સર્વજ્ઞદેવને નમસ્કાર કરવા.

॥ इति श्री परिकर शिवपार्वती संवाद ॥



"Aho Shrutgyanam"

જંબુદ્વીપમાં ભરતક્ષેત્રે જૈન તીર્થંકરોની ભૂત–વર્તમાન અને ભાવિ ચોવીશીઓના નામ તથા લંછન

ક્રમ	તીર્થંકર	લંછન	ક્રમ	તીર્થંકર	લંછન
૧	ઋષભદેવ	વૃષભ	૧૩	વિમલનાથ	વરાહ
૨	અજિતનાથ	હસ્તિ	૧૪	અનંતનાથ	સીંચાણો
૩	સંભવનાથ	અશ્વ	૧૫	ધર્મનાથ	વજ્ર
૪	અભિનંદન	કપિ	૧૬	શાન્તિનાથ	હરણ
૫	સુમતિનાથ	ક્રૌંચપક્ષી	૧૭	કુંથુનાથ	બકરો
૬	પદ્મપ્રભુ	કમલ	૧૮	અરનાથ	નંદ્યાવર્ત
૭	સુપાર્શ્વનાથ	સ્વસ્તિક	૧૯	મલ્લિનાથ	કલશ
૮	ચંદ્રપ્રભુ	ચંદ્રમા	૨૦	મુનિસુવ્રત	કાચબો
૯	સુવિધિનાથ	મગર	૨૧	નમિનાથ	નીલકમલ
૧૦	શિતલનાથ	શ્રીવત્સ	૨૨	નેમનાથ	શંખ
૧૧	શ્રેયાંસનાથ	ગેંડો	૨૩	પાર્શ્વનાથ	સર્પ
૧૨	વાસુપૂજ્ય	પાડો	૨૪	મહાવીરસ્વામી	સિંહ

જંબુદ્વીપે ભરતક્ષેત્રે ભૂતચોવીશી

ક્રમ	તીર્થંકર	લંછન	ક્રમ	તીર્થંકર	લંછન
૧	શ્રી કેવળજ્ઞાની	સિંહ	૧૩	શ્રીસુમતિ	પાડો
૨	નિર્વાણી	સર્પ	૧૪	શિવગતિ	ગેંડો
૩	સાગર	શંખ	૧૫	અસ્તાગ	શ્રીવત્સ
૪	મહાયશા	નીલકમલ	૧૬	નમિશ્રેંગ	મગર
૫	વિમલ	કાચબો	૧૭	અનિલ	ચંદ્રમા
૬	સર્વાનુભૂતિ	કલશ	૧૮	યશોધર	સ્વસ્તિક
૭	શ્રીધર	નંદ્યાવર્ત	૧૯	કૃતાર્થ	કમલ
૮	શ્રીદત્ત	બકરો	૨૦	જિનેશ્વર	ક્રૌંચપક્ષી
૯	દામોદર	હરણ	૨૧	શુદ્ધમતિ	વાંદરો
૧૦	સુતેજા	વજ્ર	૨૨	શિવશંકર	અશ્વ
૧૧	સ્વામીનાથ	બાજપક્ષી	૨૩	સ્યંદન	હસ્તિ
૧૨	મુનિસુવ્રત	વરાહ	૨૪	સંપ્રતિ	વૃષભ

"Aho Shrutgyanam"

જંબુદ્વીપે ભરતક્ષેત્રે ભાવિ ચોવીશી

ક્રમ	તીર્થંકર	લંછન	ક્રમ	તીર્થંકર	લંછન
૧	પદ્મનાભ	સિંહ	૧૩	નિષ્કાય	પાડો
૨	સુરદેવ	સર્પ	૧૪	નિષ્પુલાક	ગેંડો
૩	સુપાર્શ્વ	શંખ	૧૫	નિર્મમ	શ્રીવત્સ
૪	સ્વયંપ્રભ	નીલકમલ	૧૬	ચિત્રગુપ્ત	મગર
૫	સર્વાનુભૂતિ	કાચબો	૧૭	સમાધિ	ચંદ્રમા
૬	દેવશ્રુત	કલશ	૧૮	સંવર	સ્વસ્તિક
૭	ઉદય	નંદ્યાવર્ત	૧૯	યશોધર	કમલ
૮	પેઢાલ	બકરો	૨૦	વિજય	ક્રૌંચપક્ષી
૯	પોટીલ	હરણ	૨૧	મલ્લિ	વાંદરો
૧૦	શતકીર્તિ	વજ્ર	૨૨	શ્રીદેવ	અશ્વ
૧૧	સુવ્રત	બાજપક્ષી	૨૩	અનંતવીર્ય	હસ્તિ
૧૨	અમમ	વરાહ	૨૪	ભદ્રકૃત	વૃષભ

મહાવિદેહ ક્ષેત્રમાં વર્તમાન કાલમાં વિચરતા

વીશ વિહરમાન

ક્રમ	તીર્થંકર	લંછન	ક્રમ	તીર્થંકર	લંછન
૧	સીમંધર	વૃષભ	૧૧	વજ્રધર	શંખ
૨	યુગમંધર	હસ્તિ	૧૨	ચંદ્રાનન	વૃષભ
૩	બાહુજિન	હરણ	૧૩	ચંદ્રબાહુ	કમલ
૪	સુબાહુજિન	વાંદરો	૧૪	ભુજંગજિન	કમલ
૫	સુજાતજિન	સૂર્ય	૧૫	ઈશ્વર	ચંદ્ર
૬	સ્વયંપ્રભ	ચંદ્ર	૧૬	નેમિપ્રભ	સૂર્ય
૭	ઋષભાનન	સિંહ	૧૭	વીરસેન	વૃષભ
૮	અનંતવીર્ય	હસ્તિ	૧૮	મહાભદ્ર	હસ્તિ
૯	સુરપ્રભ	ઘોડો	૧૯	ચંદ્રદેવયશા	ચંદ્ર
૧૦	વિશાલ	સૂર્ય	૨૦	અજિતવીર્ય	સ્વસ્તિક

શાશ્વત જિન

૧	ઋષભાજિન	વૃષભ	૩	વારિષેણ	સૂર્યકે પાડો
૨	ચંદ્રાનન	ચંદ્ર	૪	વર્ધમાન	સિંહ

"Aho Shrutgyanam"

વર્તમાન ચોવીશ તીર્થંકરોની ગણધર સંખ્યા–૧૪૫૨

ક્રમ	તીર્થંકર	ગણધર	ક્રમ	તીર્થંકર	ગણધર
૧	ઋષભદેવ	૮૪	૧૩	વિમલનાથ	૫૭
૨	અજિતનાથ	૯૫	૧૪	અનંતનાથ	૫૦
૩	સંભવનાથ	૧૦૧	૧૫	ધર્મનાથ	૪૩
૪	અભિનંદન	૧૧૬	૧૬	શાન્તિનાથ	૩૬
૫	સુમતિનાથ	૧૦૦	૧૭	કુંથુનાથ	૩૫
૬	પદ્મપ્રભુ	૧૦૭	૧૮	અરનાથ	૩૩
૭	સુપાર્શ્વનાથ	૯૫	૧૯	મલ્લિનાથ	૨૮
૮	ચંદ્રપ્રભ	૯૩	૨૦	મુનિસુવ્રત	૧૮
૯	સુવિધિનાથ	૮૮	૨૧	નમિનાથ	૧૭
૧૦	શીતલનાથ	૮૧	૨૨	નેમનાથ	૧૧
૧૧	શ્રેયાંસનાથ	૭૬	૨૩	પાર્શ્વનાથ	૧૧
૧૨	વાસુપૂજ્ય	૬૬	૨૪	મહાવીર	૧૧

સહસ્ર કૂટાંતગર્ત ૧૦૨૪ તીર્થંકરની રચના

૭૨ = ૨૪ + ૨૪ + ૨૪ ત્રણ ચોવીશી કુલ ૭૨ જંબુદ્વીપ ભરતખંડ ક્ષેત્રના.
૭૨ = ૨૪ + ૨૪ + ૨૪ ધાતકી ખંડ [અતિત, વર્તમાન,] અનાગત, પૂર્વ ભરતક્ષેત્ર
૭૨ = ૨૪ + ૨૪ + ૨૪ ધાતકી ખંડ પશ્ચિમ ભરતક્ષેત્ર.
૭૨ = ૨૪ + ૨૪ + ૨૪ પુષ્કરાર્ધ પૂર્વ ભરતક્ષેત્ર.
૭૨ = ૨૪ + ૨૪ + ૨૪ પુષ્કરાર્ધ દ્વિપાર્ધે પશ્ચિમ ભરતક્ષેત્ર.
૭૨ = ૨૪ + ૨૪ + ૨૪ જંબુદ્વિપે ઐરવત ક્ષેત્રે.
૭૨ = ૨૪ + ૨૪ + ૨૪ ધાતકીખંડે પૂર્વ ઐરવત ક્ષેત્રે.
૭૨ = ૨૪ + ૨૪ + ૨૪ ધાતકીખંડે પશ્ચિમ ઐરવત ક્ષેત્રે.
૭૨ = ૨૪ + ૨૪ + ૨૪ પુષ્કરાર્ધ દ્વીપે પૂર્વ ઐરવત ક્ષેત્રે.
૭૨ = ૨૪ + ૨૪ + ૨૪ પુષ્કરાર્ધ દ્વીપે પશ્ચિમ ઐરવત ક્ષેત્રે.

---

૭૨૦ આ સાતસોવીશ પ્રભુજીના નામો જૈન ગ્રંથોમાં આપેલ છે.
૧૬૦ મહાવિદેહ

"Aho Shrutgyanam"

૮૮૦ ઉત્કૃષ્ટ કાળે

જંબુદ્વિપે		ધાતકી ખંડના પૂર્વાર્ધના		ધાતકીખંડના પશ્ચિમાર્ધ
૩૨	+	૩૨	+	૩૨
પુષ્કરાર્ધ પૂર્વાર્ધ		પુષ્કરાર્ધ પશ્ચિમ		
૩૨		૩૨		૩૨ × ૫ = ૧૬૦.

૨૦ વિહરમાન તીર્થંકરો

૪ શાશ્વતા તીર્થંકરો

૧૨૦ ભરતક્ષેત્રના વર્તમાન ચોવીશીના ૨૪ તીર્થંકરોના પાંચ પાંચ કલ્યાણકો ૨૪×૫ ૧૨૦

૧૦૨૪

૧૦૨૪ કુલ એક હજાર ચોવીશ તીર્થંકરોનો ચારે બાજુ ૨૫૬, ૨૫૬ પ્રભુના ઉભા પટ્ટ આકૃતિની રચના કરવી. તેમાં પ્રત્યેક બાજુ અકેક મોટી શાશ્વત જિન પ્રતિમાની મૂર્તિ પરિકર સહિત કરવી ફરતા નીચે ઉપર ને બાજુમાં પ્રતિમા નાની નાની કરવી.

૧૭૦ પ્રતિમાનો પટ્ટ

